ત્રીજી શ્રેણી)

પુસ્તકઃ ૧૬૬

મંગળવાર તા.૧૩મી માર્ચ ૨૦૧૨
ફાલ્ગુન ૨૩, ૧૯૩૩ શાકે

થી

ગુરૂવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૨
ફાલ્ગુન ૨૫, ૧૯૩૩ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

સત્તારવાર અહેવાલ
બારમી ગુજરાત વિધાનસભા
દશમું અધિવેશન

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલયચિવાલય
ગાંધીનગર

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| તા.૧૩મી માર્ચ ૨૦૧૨ / ફાલ્ગુન ૨૩, ૧૯૩૩ શાકે | | |
| પહેલી બેઠક | | |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧ | ૯ |
| બીજી બેઠક | | |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૦ | ૧૦ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૧ | ૧૫ |
| તારાંકિત પ્રશ્નો | ૧૬ | ૩૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૨ | ૧૪૫ |
| અતારાંકિત પ્રશ્નો (પહેલી અતાંરાકિત યાદી) | ૧૪૬ | ૨૦૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૦૮ | ૨૪૩ |
| તા. ૧૪મી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૨4, ૧૯૩૩ શાકે | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૪૪ | ૨૫૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૫૮ | ૩૩૯ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૪૦ | ૩૪૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૩૪૪ | ૩૮૩ |
| તા.૧૫મી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૨૫, ૧૯૩૩ શાકે | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૮૪ | ૩૯૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૦૦ | ૪૯૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૪૯૨ | ૫૦૯ |
| બિન સરકારી વિધેયક | ૫૧૦ | ૫૧૦ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૫૧૧ | ૫૧૨ |
| બિન સરકારી વિધેયકો | ૫૧૩ | ૫૧૭ |

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા.૧૩મી માર્ચ ૨૦૧૨**
**ફાલ્ગુન ૨૩, ૧૯૩૩ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮.૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષ સ્થાને**

# અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રીઃ** ઉપરોકત વિષય પર સોમવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૨ ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે. શ્રી મોહનસિંહભાઇ રાઠવા

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે ૨૦૧૨-૧૩ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે તેના ઉપર કેટલાક મારા વિચારો અને સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો જે ટોટલ એરીયા છે તે ૧ લાખ ૯૬ હજાર ૨૪ ચોરસ કિલોમીટરનો છે. ગુજરાતમાં ૧૮૬૦૦થી વધારે ગામડાં છે. ગુજરાતમાં ખેતીવાડી, પડતર ખરાબાની જમીન, ગૌચરની જે બધી જમીનો છે તે જાળવી રાખવાનું કામ અત્યાર સુધી પાછલી સરકારોએ કર્યુ છે. બજેટમાં અનેક જોગવાઇઓ આપણે કરી છે પણ તે જોગવાઇઓ પ્રમાણે જે પૈસા વપરાવવા જોઇએ તે પૈસા વપરાતા નથી. બજેટ એટલું બધું સુંદર હોય છે કે લોકો બજેટને વાંચીને ઘણા ખુશ થાય છે. પરંતુ જે તે વિભાગોને જે રકમ ફળવાય છે તે વિભાગોને સમયસર પૈસા ચુકવાતા નથી. આમ તો લગભગ ૪૯૮૫ કરોડ રૂપિયાની રકમ આદિજાતિ વિભાગ માટે ગયા વર્ષે મંજૂર કરી હતી. પણ તે રકમ આજની તારીખે ૨૦૧૧ ડિસેમ્બરમાં લગભગ ૨૫૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા વગરના બાકી છે. આમ તો જે આશ્રમશાળાઓ, છાત્રાલયો, ઉત્તર બુનિયાદી શાળાઓ ચાલે છે તેમને ૨૦૦૭-૦૮ની નિભાવ ગ્રાન્ટ આજ સુધી ચુકવાઇ નથી. વડોદરા જિલ્લાની વાત કરું તો રૂપિયા ૮૯,૩૫,૩૦૦ જેટલી રકમ આજે પણ ચુકવવાની બાકી છે. આ જ રીતે માધ્યમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, કોલેજોની અંદર પ્રિન્સિપાલની જગ્યાઓ આજે પણ ખાલી છે. અધ્યાપકોની જગ્યાઓ પણ ખાલી છે. માધ્યમિક શાળાઓમાં કેટલીક જગ્યાઓ ખાલી છે. ધોરણ-૯, ધોરણ-૧૦, ધોરણ-૧૧, ધોરણ-૧૨ની મંજૂરી જે તે જિલ્લાની સંસ્થાઓએ તેમના ક્રમિક વર્ગની માગી છે તે આજ સુધી શિક્ષણ વિભાગ તરફથી મંજૂરી ધોરણ-૯ થી ધોરણ-૧૧ની આજે મળી નથી.એટલે પ્રાથમિક જે સર્વ શિક્ષા અભિયાન હેઠળ ભારત સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપે છે છતાં પણ છેલ્લા એક વર્ષથી૧૯૦૦ કરોડથી વધારે રકમ વાપર્યા વગરની બાકીછે. એટલે સર્વ શિક્ષા અભિયાન હેઠળ પણ કેટલીક જગ્યાએ શિક્ષકોની ખાલી જગ્યાઓ પણ ભરાતી નથી. એવી જ રીતે ગૌચર અને પડતર ખરાબાની જમીનો વર્ષોથી જે લોકો ખેડે છે, ગુજરાતના ૧૮૦૦૦ જેટલા ગામોમાં ૪૭૦૦૦ જેટલા ખેડૂતો પડતર ખરાબાની જમીનો વર્ષોથી ખેડે છે. પણ એનું મહેસૂલ છેલ્લા થોડાક વર્ષોથી લેવાતું નથી, ખેડૂતો એ જમીન છોડતા નથી, એટલે મારી તો એવી લાગણી ખરી કે જો ઉદ્યોગપતિઓ, ૪૭ જેટલા ઉદ્યોગપતિઓને જો આવી જમીનો મળતી હોય તો જે ગુજરાતના ગરીબ ખેડૂતો, જંગલોમાં રહેનારા ખેડૂતો એ ૪૭ હજાર જેટલા ખેડૂતો પડતર ખરાબાની જમીનો ખેડે છે તે લોકોને આ જમીનો આપી દેવી જોઇએ તેવી પણ મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જોબકાર્ડ જે આપવામાં આવ્યાં છે એમને સો દિવસની મજૂરી આપવાના નિયમો ભારત સરકારે કરેલા છે અને એમને ૧૨૪ રૂપિયા પ્રમાણે પર ડે રકમ આપવાની છે, જો કોઇ કામ ન મળે તો એમને બેકારી ભથ્થું આપવાની પણ જોગવાઇ છે, ગુજરાતના ૧૮૬૦૦ જેટલા ગામોમાં બેકારી ભથ્થુ આજ સુધી ગુજરાત સરકારે આપ્યું હોય તો એ જાહેરાત કરે કે આટલા તાલુકાઓમાં મજૂરો છે છતાં પણ કામ

ન મળવાના કારણે એમને બેરોજગારી ભથ્થુ ચૂકવવામાં આવ્યું છે. સાઇઠ ચાલીસનો જે રેશિયો છે એ રેશિયામાં મજૂરોને કામ ન મળતાં આંતરિક સાધનો મારફતે આ બધા ખર્ચાઓ પડી જાય છે. મનરેગાની લાખો રૂપિયાની ગ્રાન્ટ તો ગુજરાત સરકારને મળે છે પણ બોરીબંધો બાંધીને કે જે બોરીબંધોથી ખેડૂતોની કોઇ સુખાકારી થતી નથી, ખેડૂતોને પાણી મળતું નથી ૫૮૨ કરોડ રૂપિયાની રકમ બોરીબંધો પાછળ, ૧૬૨ કરોડ રૂપિયા જેવી રકમ ખાલી થેલીઓ ખરીદવા પાછળ આ ખર્ચાય છે અને જે મજૂરો કામ કરે એ મજૂરોને મનરેગા યોજના હેઠળ ૧૫ દિવસમાં મજૂરી આપવાના ધોરણો હોવા છતાં ૧૫ દિવસમાં કોઇ મજૂરોને મજૂરી મળતી નથી, ગુજરાતના ઘણા તાલુકાઓ એવા છે કે જે મજૂરોએ કામ કર્યું એ મજૂરોને એનું વેતન આજે પણ ચૂકવાયેલું નથી, આદિવાસી વિસ્તારના ઘણા તાલુકાઓ છે કે જયાં આ વેતન પણ મળતું નથી. કૃષિ દર ૩.૩ ટકા હતો તે વધીને ૧૦.૮ ટકા થયો છે એવી વાતો આપણે કરીએ છીએ પણ સાહેબ, આભાર માનો કે ગુજરાતમાં ૧૭૧ જેટલી સિંચાઇની યોજનાઓ પાછલી સરકારોએ બનાવી એના કારણે આજે સમગ્ર ગુજરાતમાં સિંચાઇ ખેતીવાડીની સુવિધાઓ વધી છે આપણે એવી પણ વાતો કરીએ છીએ કે ગાંધીનગરમાં અનેક વિકાસના કામો થયાં છે, પણ ગાંધીનગરની જમીનો જે સંપાદન થઇ એ જમીનો કયારે સંપાદન કરી? એ જમીનો સંપાદન ન કરી હોત તો ગાંધીનગરનો વિકાસ કેવી રીતે થયો હોત? જે ગરીબ ખેડૂતોની પાસેથી જમીનો લઇને આજે ગાંધીનગર એ સમગ્ર ગુજરાતનું અને ભારતનું પાટનગર બન્યું છે, આજે ગાંધી મંદિર પણ બનાવ્યું છે તો આ જમીનો હતી એટલા માટે બની, • (xxxxx) (xxxxx)

અધ્યક્ષશ્રી : આ સમગ્ર બાબત તપાસના આધીન છે એટલે આપણે એનો ઉલ્લેખ ના કરીએ અને આ બંન્ને જે વાક્ય આપ બોલ્યા છો એ પણ હું રેકર્ડ ઉપરથી દૂર કરીશ, તપાસને આધીન છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એટલું જ કહેવું છે કે, આશ્રમ શાળાઓ, ઉત્તર બુનિયાદી શાળાઓ, માધ્યમિક શાળાઓ એમાં એક હજાર જેટલા શિક્ષકોની ઘણા લાંબા વખતથી જે જગ્યાઓ ખાલી છે અંગ્રેજી મિડિયમ સ્કૂલો અગર ઉત્તર બુનિયાદી આદર્શ નિવાસી શાળાઓની અંદર જે શિક્ષકો ગામડાના ગરીબ વિદ્યાર્થીઓને ભણવા માટે સારુ શિક્ષણ મેળવીને ડોકટરો બને, વકીલો બને તે માટે અંગ્રેજીના શિક્ષકો, વિજ્ઞાનના શિક્ષકો, ગણિતના શિક્ષકો એ આજ સુધી સમાજ સુરક્ષા વિભાગ તરફથી ભરાતા નથી, એ ભરવા માટે પણ સરકારને મારી નમ્ર વિનંતી છે.

**શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી, બંદરો અને સામાન્ય વહીવટ વિભાગ ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, સાયન્સ એન્ડ ટેકનોલોજીની વાત કરીએ તો આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું છે એમના શબ્દોમાં જેઓ જીવી રહ્યા છે અને તેમજ આવી રહેલા વર્ષોમાં જેમનો ઉમેરો થવાનો છે તે તમામ ભારતવાસીઓના એક મોટા અને સતત ચાલુ રહેનારા(અંતરાય)(આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઇ સૂત્રોચ્ચાર ચાલુ કર્યો) ઉત્સાહન વિના વિકાસનો દરજ્જો પ્રાપ્ત કરવાનો કોઇ મતલબ નથી. માનનીય અધ્યક્ષશ્રી, દેશના વૈજ્ઞાનિકો એવું કહે છે કે ટેકનોલોજીના વિકાસ વગર દેશનો વિકાસ શક્ય નથી. આપણા વ્યૂહાત્મક હિતોની સુરક્ષા માટે પણ નવતર અને આધુનિક ખ્યાલો અપનાવવા ખૂબ જ જરૂરી છે. ટેકનોલોજીનો વિકાસ માનવ ઈતિહાસના કેન્દ્રમાં પડેલો છે. બિમારી સામે ઝઝુમવા માટે પણ ટેકનોલોજી ખૂબ જ જરૂરી છે. લોકાભિમુખ કાર્યો કરવા હોય તો પણ ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી છે. રાષ્ટ્રના અને રાજયોના વિકાસ માટે પણ ટેકનોલોજી વિકાસમાં મુખ્ય બળ પૂરુ પાડે છે એટલે ટેકનોલોજીનો વિકાસ આપણા માટે ખૂબ જ અનિવાર્ય છે. અમેરિકા અને ઈઝરાયલની વાત કરીએ, અમેરિકા એક વિરાટ અર્થતંત્ર છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય– સૂત્રોચ્ચાર)

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ, આપ બધા બેસી જાવ. જેનું રૂલિંગ બાકી હોય તેનો પોઇન્ટ ઓફ ઓર્ડર ન થઇ શકે. પ્લીઝ, આપ બેસી જાવ. જેનું રૂલિંગ બાકી હોય એના ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ના થઇ શકે. (અંતરાય) જ્યારે રૂલિંગ આપવાની વાત થઇ છે એના ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ન થઇ શકે. પ્લીઝ, આપનું પ્રવચન આપ ચાલુ રાખો. (અંતરાય)

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમેરિકા એક વિરાટ અર્થતંત્ર છે અને એની સાહસિક પ્રજાના કઠોર પરિશ્રમ અને બે વિશ્વયુધ્ધોના કારણે ત્યાં ટેકનોલોજીનો ખૂબ જ વિકાસ થયો છે. મારે એ યાદ દેવડાવવું છે કે, ટેકનોલોજીની શકિત વિક્સાવવાની મદદની અંદર અમેરિકાના સાહસિકોએ કઠોર પરિશ્રમ કર્યો છે એની મારે વાત કરવી છે. રિચાર્ડ બ્રાન્સન, એન્ડ્રુકાર્નેગી, જ્યોર્જ ઇસ્ટમેન, થોમસ એડીસન, હેનરી ફોર્ડ, વિલિયમ રીચર્સ, બિલગેટ્સ જેવા અનેક ટેકનોલોજીના વૈજ્ઞાનિકોએ કઠોર પરિશ્રમ કરીને અમેરિકાના અર્થતંત્રને ટેકનોલોજીમાં મહત્વનું સ્થાન અપાવ્યું છે. અમેરિકામાં સ્ટીલ અને લોખંડના સામ્રાજ્યનો પર્યાય બની ગયેલો એન્ડ્રુકાર્નેગી જે કાપડ  વણતા ગરીબ વણકરનો દિકરો હતો અને એમ કહેવાય છે કે વિધિસર રીતે એ સ્કૂલમાં પણ નહોતો ગયેલો. આવા બીજા એક હેનરીફોર્ડ જેઓ એક ખેડૂતના દિકરાએ પણ અમેરિકાને દુનિયાની અંદર કાર ઉત્પાદન ટેકનોલોજીમાં જેનું નામ છે એવી કાર ઉત્પાદન કરતી ફોર્ડ કંપની સ્થાપી અને સમગ્ર દુનિયાની અંદર જેણે નામ રોશન કર્યું છે. આવા દેશોના જ્યારે કઠોર પરિશ્રમ હોય, ઇઝરાયેલની વાત કરું તો ૧૯૪૮માં આ દેશનો જન્મ થયો છે આ દેશની અંદર ખોરાક પાણીની પણ તંગી હતી,  કુદરતી સંશાધનોના નામે મીંડુ હતું, દેશનું કદ પણ ઘણું નાનું હતું ત્યાં પણ કૃષિ સાથે સંકળાયેલી ટેકનોલોજીમાં આજે ઇઝરાયલ સરદાર બની ગયું છે. ઇઝરાયલમાં ૧૯૯૪માં સરવે થયો હતો એના એક ઢોરની વાર્ષિક દૂધ ઉપજ ૯૨૦૦ કિલોગ્રામ હતી. માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ટેકનોલોજીની અંદર ગુજરાતમાં ખૂબ જ ધ્યાન આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ટેકનોલોજીના(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ પોતાનું સ્થાન લો પ્લીઝ, નહિ પ્લીઝ આપ બેસી જાઓ, પ્લીઝ જેનું રૂલીંગ બાકી છે એનો પોઇન્ટ ઓફ ઓર્ડર વચ્ચે ના હોઇ શકે. પ્લીઝ આપ બેસી જાઓ.

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ રાજયની અંદર ટેકનોલોજીનો વિકાસ થાય તેના માટે એક સિદ્ધાંત અપનાવ્યો છે કે શ્રેષ્ઠ ચીજોને ઓળખવી અને એ શ્રેષ્ઠમાંથી શ્રેષ્ઠ મેળવી લેવું.  આ સિદ્ધાંત ઉપર રાજયની અંદર ટેકનોલોજીના વિકાસમાં સિંહ ફાળો છે. એના કારણે આજે વિપુલ પ્રમાણમાં મુડીરોકાણ આવ્યું છે  રાજયની અંદર અદ્યતન ટેકનોલોજીના ત્રણ પેટા વિભાગો છે. ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી, સાયન્સ એન્ડ ટેકનોલોજી,  બાયો ટેકનોલોજી જેના ઉપર રાજય સરકારે પૂરતું ધ્યાન આપ્યું છે. ગયા વરસે પંદરમી ડિસેમ્બરથી સત્તરમી ડિસેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય ઇ-ઇન્ડીયા ઇવેન્ટ મહાત્મા ગાંધી મંદિરમાં થઇ એ ભારતભરની સૌથી લાંબામાં લાંબી ઇવેન્ટ હતી. રાજયને ચાલુ વરસે પણ ઇ-ગવર્નન્સ ક્ષેત્રની અંદર ૧૭ જેટલા એવોર્ડો મળેલા છે.  વિજ્ઞાન અને ટેકનોલોજીની વાત કરીએ તો ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, કોમ્યુનિકેશનના હસ્તકની અગત્યની કામગીરી આ ઇ-ગવર્નન્સ ક્ષેત્રમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન અને દેખરેખ કરતું આ એરિયાનું મોટામાં મોટું ડેટા સેન્ટર છે. એને બે હિસ્સામાં પણ વહેંચેલું છે. એમાં વોઇસ વીડીયો, ડેટા સેન્ટરની સુવિધા અને એને અનેક સરકારી કચેરીઓ, માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવાસસ્થાન, માનનીય ધારાસભ્યશ્રીનું નિવાસસ્થાન, સચિવશ્રીનું નિવાસસ્થાન, કૃષિભવન, પોલીસભવન, એમ.એસ. બિલ્ડીંગ  વિગેરે બધા મકાનોને આ નેટવર્કથી સાંકળ્યા છે. ૮૬૩૪ જેટલા વોઇસ કનેકશનો પણ કાર્યરત છે અને યુનિફોર્મ કોમ્યુનિકેશન નેટવર્ક ઉપલબ્ધ કરવાનું પણ રાજય સરકારનું આયોજન છે. તાજેતરમાં રાજયમાં ઇન્ડોઇન્ફો કોરીડોર અને સચિવાલય સાથેની કનેક્ટીવિટિ, જીસ્વાનની વાત કરવા જઇએ તો તાજેતરમાં આ નેટવર્કને ભારત સરકારના નેશનલ નોલેજ નેટવર્ક સાથે સાંકળી વન જી.બી. ઇન્ટરનેટ બેન્ડવીથની સુવિધા કરનાર દેશનું  પ્રથમ રાજય બન્યું છે.  આ

દેશનું વિશાળ નેટવર્કનું માળખું છે અને તાલુકા અને જિલ્લા કક્ષામાં ૪૦૦૦ જેટલી કચેરીઓ આ જીસ્વાન નેટવર્ક સાથે સંકળાયેલી છે. રાજયમાં ચાર ઝોનમાં ડેટા સેન્ટર સ્થાપવાનું આયોજન છે. આજે રાજકોટ, વડોદરા અને મહેસાણા ખાતે મીની ડેટા સેન્ટર કાર્યરત છે સુરત ખાતે મીની ડેટા સેન્ટર કાર્યરત કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. આ સેવા માટે ૯૭ ટકાથી વધુ તાલુકાઓમાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એ કાર્યક્રમ હેઠળ દરેક તાલુકા હેઠળના ૧૦ કનેકશન એમ કુલ ૨૨૫૦ કનેકશન આપવામાં આવેલ છે. સાયન્સ સીટીની વાત કરું તો ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી એક વિજ્ઞાન નગરી છે. અમદાવાદ મુકામે આ સાયન્સ સીટીની સ્થાપના કરવામાં આવેલી છે. શાળા અને કોલેજના વિદ્યાર્થીઓની અંદર વિજ્ઞાનમાં રૂચિ વધે એના માટે અગત્યનો ભાગ આ સાયન્સ સીટી ભજવી રહેલ છે. એની આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવાઇ છે. છેલ્લાં નવ વર્ષની વાત કરું તો આ સાયન્સ સીટીની અંદર સ્પેસ, પર્યાવરણ ઽ સામાન્ય વિજ્ઞાન અને અવકાશને લગતી ૧૪ જેટલી ફિલ્મો દર્શાવાઇ રહી છે. આની પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઇ છે. રાજયની સંસ્થા બાયસેગની વાત કરું તો રાજય કક્ષાની આ નોડલ એજન્સી છે. સેટેલાઇટ કોમ્યુનિકેશન, ઇન્ફરમેટિક્સ એપ્લીકેશન એકેડેમી સંશોધનની તાલીમ પુરી પાડતી સંસ્થા છે. રાજ્યના જુદા જુદા કુદરતી સંપદા માનવસર્જીત સંશોધનના નકશા તૈયાર કરે છે. ગુજરાતના વિકાસમાં આ બાયસેગનો ખૂબજ મહત્વનો ફાળો છે. આ બાયસેગના કારણે અને એના નેટવર્કના કારણે તાલુકા કક્ષા સુધી વિસ્તારવામાં આવેલ છે અને શિક્ષણ અને બ્રોડકાસ્ટની અંદર રાજયના દૂરના અંતરે રહેતા લોકો સુધી એની સુવિધા પુરી પાડવામાં આવેલી છે. ગામડાના છેવાડાના માનવી સુધીનું સીધું લાયેઝન થઇ શકે એના માટે પણ આનો ખૂબજ ઉપયોગ થયો છે. આ નેટવર્કના કારણે રાજયની અંદર ચોથા ધોરણમાં ભણતું બાળક પણ આજે રાજયના મુખ્યમંત્રીને ઓળખી શકે છે અને પહેચાની શકે છે અને લોકોની ફરિયાદ તથા કામગીરીનો અહેવાલ પણ બાયસેગ દ્વારા મેળવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી ઇન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલની વાત કરું તો ભૂકંપ ક્ષેત્રે, વિજ્ઞાનક્ષેત્રે ઉંડાણપૂર્વક સંશોધન ભારતમાં એકમાત્ર સંસ્થા છે, ભૂકંપીય હલનચલનવાળા વિસ્તારની અંદર સૌરાષ્ટ્ર, કચ્છ અને જ્યાં વધુ ભૂકંપના આંચકા આવે છે ત્યાં પણ ૩૦ જેટલા જી.પી.એસ. સેન્ટરો સ્થાપિત કર્યા છે.

**(આ તબક્કે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સભાગૃહ છોડી ગયા)**

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : (ક્રમશઃ) આ સંસ્થા દ્વારા મળેલ ડેટાને કારણે ભૂકંપ રહીત બાંધકામની અંદર મકાનો,ડેમ, પાવર હાઉસની ડિઝાઇન કરવાની અંદર આ સીસ્મોલોજીકલ સંસ્થા ખૂબ જ ઉપયોગી બની છે. અને આફતને અવરસમાં પલટવાની ગુજરાત સરકારે ૫૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાયોટેકનોલોજી વિભાગની વાત કરું તો વડોદરા નજીક સાવલી ગામે બાયોટેક પાર્ક ફેઝ–૧માં જી.આઇ.ડી.સી. દ્રારા વિકસાવી રહ્યો છે. ૧૧ કંપની માટે જમીન પણ ફાળવવામાં આવી છે. ફેઝ–૧માં ભારત સરકારે પણ મંજૂરી આપેલી છે. સૌરક્ષણ અને જંગલની જીવ વિવિધતાના જીનોમીક ડેટા બેંકની પણ સ્થાપના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરોની વાત કરું તો ડો.અબ્દુલ કલામે એક વખત ટેકનોલોજી ભારતના વિકાસમાં કેવી ભૂમિકા અદા કરી શકે તેનો વાર્તાલાપ હતો. અને એક નાનકડી ૧૦ વર્ષની દીકરી આ ડો.અબ્દુલ કલામ પાસે તેમના હસ્તાક્ષરની માગણી કરી અને કલામે તેને પૂછ્યું કે તારી મહત્વકાંક્ષા શું છે ? ત્યારે એ દીકરીએ પ્રતિસાદ આપ્યો કે હું વિકસિત ભારતની અંદર જીવવા માંગુ છું. આ રીતે જયારે ગુજરાતનું ગૌરવ વધારવા માટે દેશના નાના બંદરો ઉપર વહન થતા કુલ ટ્રાફિકના ૮૦ ટકા અને દેશના કુલ ટ્રાફિકના ૨૫ ટકા ટ્રાફિક આજે ગુજરાતના બંદરો પરથી હેરફેર થાય છે. ઘોઘા અને દહેજ વચ્ચે રા–રો ફેરી સેવાનું હમણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ઉદ્‌ઘાટન કર્યું તેની વાત કરવા જઇએ તો આ રો–રો ફેરની અંદર એક ફેરાની અંદર ૧૫૦ જેટલા તેના માલ ભરેલાં વાહનો સાથે તેની ફેરી થવાની છે અને ૩૫૦ કિલોમીટરના બદલે ૩૦ કિલોમીટરની અંદર આટલો બધો વાહન–વ્યવહાર જેને કહેવાય કે સુગમતા મળે તેના માટે આ વ્યવસ્થા રાજય સરકારે કરી છે. બન્ને શહેરોનું દરિયાઇ અંતર માત્ર ૩૦ કિલોમીટર છે. આ સર્વિસ ચાલુ થવાથી ૨૦ મિનિટની અંદર ૫૦૦ લોકો એક ફેરીની અંદર તેની આરામદાયક મુસાફરી પણ કરી શકશે. અને

દર વર્ષે કરોડો રૂપિયાના ઇંધણનો પણ બચાવ થશે. ભાવનગર અને ભરૂચ વચ્ચેનું વાહનોનું ભારણ પણ ઘટશે.

**શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ(શહેરા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યાં છે તેમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય ગુજરાતના મુખ્યમંત્રી અને માનનીય ગુજરાતના નાણામંત્રીશ્રીએ ૧૮મી વખત જે બજેટ રજૂ કર્યુ છે અને ગુજરાતની અંદર નહીં દેશની અંદર પણ ઇતિહાસ રચ્યો છે તેવા વજુભાઇ સાહેબ જે બજેટ ગુજરાતના ખેડૂતોની જે ચિતા કરી, ગુજરાતના પશુપાલકોની જે ચિંતા કરી અને ગુજરાતની અંદર પશુપાલન અને ડેરી ઉદ્યોગની અંદર આજના દિવસ સુધી ૪૨ લાખ જેટલાં કુટુંબોને આ યોજનાનો લાભ મળે તેના માટેની તેમણે આ બજેટની અંદર ૩૪૩ કરોડ ૭૫ લાખની જોગવાઇ કરેલ છે એટલે ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતના નાણામંત્રીશ્રીને સાહેબ ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આ જોગવાઇ સૌપ્રથમ ગુજરાતના ઇતિહાસમાં, ગુજરાત જુદું પડયું ત્યારથી અત્યાર સુધીમાં આઝાદી પછી પ્રથમ વખત કોઇ ખેડૂતોની, પશુપાલકોની ચિંતા કરી હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ગુજરાતના માણસો, ગુજરાતની વસ્તી, ગુજરાતની છ કરોડની જનતાને સારું દૂધ મળી રહે, સારી ગુણવત્તાવાળું દૂધ મળી રહે તેની પણ ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. તેના માટે ૫૩ કરોડ જેટલાં રૂપિયાની ફાળવણી કરી છે અને સારા મશીનો લાવી અને ભેળસેળવાળુ દૂધ ના મળે, સારી ગુણવત્તાવાળું દૂધ મળે, ગુજરાતના માણસોની તંદુરસ્તી સારી રહે, ગુજરાતના બાળકોની તંદુરસ્તી સારી રહે અને કોઇ ભેળસેળ ના થાય તેના માટેની જોગવાઇ આ બજેટમાં કરી હોય તો એ સૌપ્રથમ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માણસોની ચિંતા તો સૌ કોઇ કરતું હોય પણ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે અને નરેન્દ્રભાઇ મોદીની સરકારે પશુઓ જે મુંગા પ્રાણીઓ છે તે મુંગા પ્રાણીઓની પણ ચિંતા કરી છે. અને એના માટે પણ પશુમેળાઓ કરીને ગામેગામ પશુઓની સારવાર થાય એના માટેની ચિંતા કરીને મુંગા પશુઓના આંખોના ઓપરેશન હોય, બીજુ કોઇ ઓપરેશન કરવાનું હોય, કોઇ તકલીફ થઇ હોય, આવા જે રોગો છે, vrusholasy જેવા જે રોગો છે એ રોગો માટેની પણ સારવાર થાય અને એની તંદુરસ્તી સારી રહે, પશુઓની તંદુરસ્તી પણ સારી રહે એની ચિંતા પણ કરીને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી અને અમારા નાણામંત્રી અને પશુપાલન મંત્રીએ આ વિભાગ મારફતે આપેલા બજેટમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો જયારે હોય ત્યારે *(xxxxx) કરતા હોય છે. ખૂબ (xxxxx)હોય છે. એમણે આ દેશમાં ૫૦ વર્ષ સુધી રાજ કર્યુ છે. પણ કયારેય માણસોની ચિંતા નથી કરી. (અંતરાય) માણસોની ચિંતા કરી છે, પણ પશુઓની ચિંતા નથી કરી. ત્યારે આ કામ કરતી સરકાર, ગુજરાતના હિત માટેની સરકાર, ગુજરાતના માણસો માટેની હિત કરતી સરકાર , એ સરકારે જે કાંઇ કામ કર્યુ છે, એ સૌ કોઇને ઉડીને આંખે વળગે એવું કામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો (xxxxx) પણ એમના વખતમાં કયારેય આવું થયું નહોતું. ગુજરાતની અંદર પશુપાલન વિભાગ અને પશુપાલન મંત્રી મારફતે ગુજરાતમાં સારી ઓલાદના પશુઓ મળી રહે અને પશુપાલકોને સારી રીતે દૂધ ઉત્પાદન થઇ શકે એની ચિંતા કરીને ૧૮ લાખથી વધુ પશુઓને વૈજ્ઞાનિક પશુ સારવાર હેઠળ આવરી લેવામાં આવ્યા છે. એની અંદર સારી ઓલાદની ગાયો, ગીર ગાય, જાફરાબાદી ગાય અને બન્ની ભેંસ, મહેસાણી ભેંસ આવી ભેંસોની પણ ચિંતા કરીને સારી ઓલાદના પશુઓ પેદા થાય એના માટે પાટણની અંદર પણ પશુ સંવર્ધન કેન્દ્ર ઉભું કરીને ગુજરાતની સરકારે જે ઉદાહરણ પૂરું પાડયું છે, આજ સુધી કોઇપણ સરકારે આવું કામ નથી કર્યુ.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુઓને ખાવાના ઘાસની પણ ચિંતા આ સરકારે કરી છે. પશુઓને આખુ કાપ્યા વગરનું ઘાસ નાંખે અને એનાથી પશુઓને તકલીફ થાય, આફરો ચડે અને દૂધ સારું ના આપે. આવું ના થાય એના માટે પણ મશીનો લાવીને ચાપ કટર જેવા મશીનો લાવીને અને મોટરથી પણ આ ગાય અને ભેંસોને ઘાસ સારી રીતે કટીંગ કરીને એને ખવડાવવામાં આવે, જેથી કરીને એના દૂધના ઉત્પાદનમાં વધારો થાય એની ચિંતા પણ આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે મારા આ મિત્રો *(xxxxx) કરે છે. પણ ગુજરાતની સરકારે નવું બૂલફાર્મ બનાવ્યું છે. એ બુલ મધર ફાર્મ બનાવવા માટે પણ ૩૫ કરોડ જેટલી જોગવાઇ કરી છે. ગીર ગાયના સંવર્ધન માટે નવું ફ્રોઝન સીમેન સ્ટેશન સ્થાપવા માટે એમ્બ્રીયો ટ્રાન્સફર યોજના માટે કુલ સાડા સત્તર કરોડની યોજના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પશુ સંવર્ધન યોજનાને વિસ્તારવા માટે જામનગર, સુરેન્દ્રનગર, દાહોદ અને નર્મદા જિલ્લા માટે ૮૦ જેટલા નવા કૃત્રિમ બીજદાન કેન્દ્રો સ્થાપીને એના માટે પણ આ બજેટમાં અઢી કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલનનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ થાય તે માટે સ્થાપેલી કામધેનુ યુનિવર્સિટી માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આજસુધી આ મિત્રોને નહોતું લાગતું કે આ કામધેનુ યુનિવર્સિટી બનાવવી. પશુઓ માટેની સારવાર થાય. ડેરી ટેકનોલોજીનો વિકાસ થાય, ડેરી ક્ષેત્રે ગુજરાતમાં સારા એવા ટેકનિશ્યનો પેદા થાય, એના માટે એમણે કયારેય ચિંતા નહોતી કરી. આ બધું જ કામ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવ્યા પછી છેલ્લા ૧૦ વર્ષની અંદર આ કામગીરી થઇ રહી છે ત્યારે મારે કહેવું છે કે આ લોકોને વિઝન નહોતું. એમની પાસે કોઇ (xxxxx) કામ સારી રીતે કરી ના શકાય..

અધ્યક્ષશ્રી : એમની પાસે (xxxxx)એ શબ્દો પાછા ખેંચી લો. પ્લીઝ.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : પાછા ખેંચુ છું. (સતત અંતરાય) પાછા ખેંચી લઉં છું સાહેબ, પણ એમની પાસે (xxxxx) નહોતું એ તો હકીકત જ છે સાહેબ. એમાં તો હું શું કરી શકું?

અધ્યક્ષશ્રી : આપ બીજીવાર રીપીટ ના કરો, પ્લીઝ. પાછા ખેંચી લો.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : પાછા ખેંચી લીધા ને સાહેબ. વિઝન નહોતું એ તો એમાં હું શું કરી શકું, મેં પાછા ખેંચી લીધા છે. પણ સાહેબ, જે વિઝનવાળી સરકાર આવી એના પછી જ આ બધું થયું છે. છેલ્લા ૧૦ વર્ષની અંદર ગુજરાત અંગે દુનિયાના દેશોએ જોયું છે કે ગુજરાત આજે કયાં જઇ રહ્યું છે, કોઇપણ ક્ષેત્રની અંદર હોય. પશુપાલન ક્ષેત્ર હોય, ખેતીવાડી ક્ષેત્ર હોય, માર્ગ અને મકાન હોય, આરોગ્યની વાત હોય, કાયદો અને વ્યવસ્થાની વાત હોય. તમામ ક્ષેત્રે ગુજરાતે જે રીતે પ્રગતિ કરી છે એનાથી આ મિત્રોને બધાને તકલીફ બહુ થાય છે. ગુજરાતે જે રીતે પ્રગતિ કરી છે તેનાથી આ બધા મિત્રોને બહુ તકલીફ થાય છે. હમણા યુ.પી. માં રિઝલ્ટ આવ્યું એમાં સફાયો થઇ ગયો. કયાંય જોવા મળતા નથી. અને કોઇ જગ્યાએ એમને જોવાનો વારો આવવાનો નથી. પંજાબમાં બધા તૈયાર થઇને બેઠા હતા ત્યાં પણ સફાયો થઇ ગયો. કયાંય આખા દેશમાં કોંગ્રેસની સરકાર દેખાતી નથી. ટૂંક સમયમાં ૨૦૧૨ માં......

શ્રી ઇકબાલભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દો અને શબ્દપ્રયોગની યાદી છે એમાં અસંસદીય દર્શાવેલા હોય તેવા શબ્દો માનનીય સભ્યશ્રીએ એક કરતા વધુ વખત ઉચ્ચાર્યા છે. (xxxxx) શબ્દ વાપર્યો છે. (xxxxx)શબ્દ વાપર્યો છે. આ બધા શબ્દો અસંસદીય છે. અને રાજકીય અવલોકનમાં બજેટ ઉપર ચર્ચા ચાલતી હોય ત્યારે પંજાબ અને ઉત્તર પ્રદેશની વાત કરવી તે પણ બરાબર નથી. અમારા સભ્યો પણ પછી એ વાત કરશે. આ બધા શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ (xxxxx) શબ્દો પાછા ખેંચી લો.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર ઇકબાલભાઇની લાગણી દૂભાઇ હોય તો એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. પણ કાલે રિઝલ્ટ આવશે તેનું શું થશે? કાલે ફરીથી રિઝલ્ટ આવશે ત્યારે કોની પાસે શબ્દો પાછા ખેંચાવશે? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે પશુઓની સારવાર માટે ગામે ગામ ૧૦૮ મોબાઇલ સેવા શરૂ કરેલ છે. એમાં દરેક તાલુકામાં ગાયો અને ભેંશો માટે અને પશુઓની સારવાર માટે મોબાઇલ સેવા શરૂ કરવામાં આવશે અને તેના માટે સાડા સત્તર કરોડ રૂપિયા જેટલી જોગવાઇ કરવામાં આવેલ છે. ૫૦ જેટલા નવા પશુ દવાખાના સ્થાપવા માટેની વ્યવસ્થા પણ આ સરકારે કરી છે. મોબાઇલ પશુ સેવા ચાલુ કર્યા પછી દરેક ગામે ગામ પશુ સારવાર માટે દવાખાના હોવા જોઇએ તે આજ સુધીની સરકારોએ નહોતા કર્યા તે માટે માનનીય મંત્રીશ્રી વજુભાઇ વાળા અને માનનીય દિલીપભાઇના વખતમાં તેની શરૂઆત કરી અને દરેક ગામમાં પશુઓની સારવાર માટેના દવાખાના ઉભા થાય તેના માટેની જોગવાઇ કરી છે એ ખૂબ સારી વાત છે. ગૌ સેવા આયોગનો વિસ્તાર વધારી અને ગૌ સેવા વિકાસ બોર્ડની રચના કરી અને બોર્ડ બનાવ્યું છે જેનાથી ગુજરાતના ખેડૂતો અને પશુ પાલકોને ખૂબ ફાયદો થયો છે. એટલે આ સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. મારું કહેવું છે કે ગુજરાતમાં ગાયોની હત્યા થતી હતી. ગૌ વંશને કતલખાને લઇ જવાતા હતા, આજ સુધીની કોઇ સરકારે આ બાબતમાં કડક પગલાંની કાર્યવાહી કરી નહોતી. મારે અભિનંદન આપવા છે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારને કે ગૌ સેવા માટે સુપ્રીમકોર્ટ સુધી લડી અને આ સરકાર ગૌ વંશની હત્યા રોકવા માટેનો કાયદો લાવી. અને આ સરકારે ગૌ વંશની હત્યા રોકવા માટેના જે પગલાં લીધા છે તે ખૂબ અભિનંદનને પાત્ર છે.

**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૨-૧૩નું અંદાજપત્ર આ સભાગૃહમાં લઇને આવ્યા છે એમાં મારાં સૂચનો કરવા ઉભો થયો છું. અબ્રાહમ લીંકનનું વાકય હતું કે, You can fool some of the people all the time, all of the people some of the time, but you cannot fool all of the people all of the time. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીના અંદાજપત્રમાં.....(અંતરાય) માફી માગશે. માફી માગશે.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ આપ બેઠા બેઠા કોમેન્ટ ન કરો પ્લીઝ.

શ્રી સી. કે. રાઉલજી : સાહેબ, અમારો સમય ટૂંકો હોય તેમાં દર વખતે સિનિયર સભ્યો બેઠા બેઠા કોમેન્ટ કરે છે અને અમારો સમય બગડે છે. શ્રી સી. કે. રાઉલજી)
અમારે ગુજરાતની પ્રજાને આ સરકારની રાજનીતિની ખબર આપવાની હોય છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ સભ્યો બેઠા બેઠા કોમેન્ટ ન કરે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય નાણામંત્રીશ્રીના અંદાજપત્રના પ્રવચનમાં પાના નંબર-૨૪ ઉપર આ રાજયના શહેરી મંત્રી અને નાણામંત્રીશ્રીનો પરામર્શ એમાં શહેરોની શેરીઓ તથા સોસાયટીઓના આંતરિક વિકાસ માટે આંતરિક રસ્તા, પેવીંગ તથા સ્ટ્રીટ લાઇટ જેવી પાયાની સગવડો ઉપલબ્ધ કરાવવા રૂપિયા ૨૦૦૦ કરોડનું આયોજન. શહેરોમાં પાણી પુરવઠા, ગટર વ્યવસ્થાનું સુદ્ધઢીકરણ માટે રૂપિયા ૪૦૦૦ કરોડનું આયોજન. આખા રાજયનું બજેટ સન ૨૦૧૨-૧૩નું છ હજાર કરોડ હોય ત્યારે મારે આપની મારફત ગુજરાતની પ્રજાને જણાવવું છે કે માનનીય નાણામંત્રીશ્રી અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી આજે જે સદ્ભાવના અને પ્રજાસત્તાક દિનના દિવસે એમણે દરેક જિલ્લાઓમાં એમણે જે જાહેરાતો કરી છે એનો તાદ્ધસ દાખલો હું મારા પંચમહાલ જિલ્લાના ગોધરા મૂકામેનો કહીશ.

સન ૨૦૦૯ની ૨૬મી જાન્યુઆરીએ રાજયના મુખ્યમંત્રીશ્રી અમારા ગોધરા માટે ૧૪૪૦ કરોડનું વિકાસ પેકેજ જાહેર કરી ગયા. આજે મને કહેતા દુઃખ થાય છે કે જયારે ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૨ના સદ્ભાવના ઉપવાસના ભાગરૂપે ગોધરા ખાતે પધાર્યા હતા ત્યારે અમારી ગોધરાની અને પંચમહાલની પ્રજાએ કયા હુઆ તેરા વાદા આ અંગેની પત્રિકાઓ બતાવી હતી.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહમાં કોઈપણ જાતનું પ્રદર્શન કરી શકતા નથી.

**શ્રી સી.કે. રાઉલજીઃ** હું એટલા માટે કહું છું કે એ વખતે પણ ૧૪૬૦ કરોડની વિકાસ માટેની જાહેરાત કરી હું આપના મારફતે એ જણાવવા માગું છું કે આ રાજયના નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી આ બંને ભેગા બેસીને આ બજેટ રજૂ કર્યુ છે કે માનનીય નાણામંત્રીશ્રીએ પોતાના વિચારોથી આ બજેટ રજૂ કર્યુ છે. આ વરસના રાજયના બજેટમાં છ હજાર કરોડનું આયોજન કર્યુ હોય તો અમારા પંચમહાલના ગોધરા માટે એમણે ૨૯૦૦ કરોડની આ ત્રણ વરસની જાહેરાત કરી. મને કહેતા દુઃખ થાય છે કે આ ૨૯૦૦ કરોડમાંથી ૪૦ કરોડ પણ ગોધરા શહેર માટે ફાળવ્યા નથી અને આવા બજેટો જયારે નાણામંત્રીશ્રી લઈને આવે છે ત્યારે એમને દુઃખ થાય છે કે વાસ્તવિક પરિસ્થિતિ મારે એટલા માટે કહેવી છે કે હું એટલા માટે કહેવા માગું છું કે રાજયનો વિકાસ અમે કર્યો, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અમે નંબર વન. હું એ કહેવા માગુ છું કે આ માર્ગ અને મકાન વિભાગની વાત કરુ તો જયારે જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પોગ્રામ હોય છે ત્યારે ડામરની સપાટી એક ઇંચ, અડધો ઇંચ અને છ મહિના કે બાર મહિના એક ચોમાસુ આવે એટલે ખલાસ થઈ જાય લાખો રૂપિયાનું ધોવાણ માનનીય મુખ્યમંત્રીશ્રીના પોગ્રામમાં થયું છે. મારે કહેવું પડશે કે રાજયની અંદર ગરબા મહોત્સવ, પતંગ મહોત્સવ, પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કૃષિ મહોત્સવ, રણોત્સવ, સદ્ભાવના ઉત્સવ, ઉત્સવ, ઉત્સવ પ્રિય, ઉદ્‌ઘાટન પ્રિય સરકાર મને કહેતાં દુઃખ થાય છે કે મારા ગોધરા મત વિસ્તારનો એક સાત કિલોમીટર અને એક આઠ કિલોમીટરનો રસ્તો, ફેઈઝ નંબર–૧ સાત કિલોમીટરનો રસ્તો અને ફેઈઝ નંબર–૨ આઠ કિલોમીટરનો રસ્તો જયારે હું આ રાજયનો માર્ગ અને મકાન મંત્રીશ્રી હતો ત્યારે મંજૂર કરાવ્યો હતો. બાયપાસનું ઉદ્ઘાટન સન ૨૦૦૯ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ, રોડ તૈયાર નહોતો આજે પણ બાયપાસ તૈયાર નથી આજે પણ અમારા ગોધરા શહેરનો ટ્રાફિક ગોધરામાં તમે આવો તો ખબર પડે કે એક કિલોમીટરનું અંતર કાપતા એક કલાક થાય છે. કેટલાય માસૂમ બાળકોના અકસ્માતથી મૃત્યુ થયા છે. રાજયના (xxxxx)કે અમારા ગોધરા શહેરની અંદર કેટલી અડચણો પડે છે. આજે ૧૫ કિલોમીટરનો રોડ એને આજે બાર–ચૌદ વરસ થયા તો પણ એ તૈયાર થયો નથી.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### અસંસદીય શબ્દ પ્રયોગ કરવા બાબત

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે રાજયના (xxxxx). મુખ્યમંત્રીશ્રી કક્ષાની વ્યકિત માટે આ સન્માનનીય વ્યકિત માટે આ શબ્દો વાપરવા યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ખબર નથી એ શબ્દ પાછો ખેંચી લો.

શ્રી સી. કે. રાઉલજી : આજે પણ હું આ ગૃહની અંદર ખોટો હોય તો....

અધ્યક્ષશ્રી : માનનીય (xxxxx)એ શબ્દ આપ પાછા ખેંચી લો.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય મુખ્યમંત્રીશ્રીને વહીવટી તંત્ર ગેરમાર્ગે દોરીને મુખ્યમંત્રીશ્રીની વાહવાહ કરવા માટે આ ઉદ્ઘાટન થયું છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી (xxxxx)એટલા શબ્દો આપ પાછા ખેંચી લો.

શ્રી સી. કે. રાઉલજી : ખબર નથી એટલા માટે ઉદ્‌ઘાટન શા માટે કર્યુ. ઉદ્‌ઘાટન કર્યુ છે. આપને એવું લાગતુ હોય તો હું મારા શબ્દો પાછા ખેંચુ છું. મેં કહ્યું તે મુજબ મુખ્યમંત્રીશ્રી અને તમે લોકો આખા ગુજરાતને ગેરમાર્ગે દોરે છે એ વાસ્તવિક હકીકત છે. પછી સવાલ ક્યાં રહે છે, અમારે જે કાંઈ વાત... (અંતરાય)

અધ્યક્ષશ્રી : શબ્દો પાછા ખેંચાઈ ગયા છે. એમણે બીજીવાર કહ્યું છે.

# અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લોદિવસ) (ક્રમશઃ)

**શ્રી સી.કે.રાઉલજી :** મારે વાત કહેવાની છે. છ કરોડની પ્રજા માટે ૧૦ મિનિટનો જ ટાઇમ મળે છે. હું એટલા માટે કહેવા માગું છું કે, માર્ગ અને મકાન વિભાગની વાત કરું તો અમારો હાલોલથી વાયા ગોધરા–શામળાજીવાળો રોડ, આ રોડ ખાનગીકરણના ભાગરૂપે રૂ.૨૫૩૯/– કરોડનું આયોજન આ રાજય સરકારના બજેટમાં જોગવાઇ નથી. આ બીઓટીના ધોરણે છે. મને કહેતાં દુઃખ થાય છે કે, આ આયોજન હાલોલથી શામળાજી જે ૧૮૩ કિ.મી. રોડ, એ ખેડૂતલક્ષી સરકારને જણાવવા માગું છું કે, તેમાં સર્વિસ રોડની જોગવાઇ નથી તો આ ખેડૂતલક્ષી સરકાર હોત તો એ બજેટના આયોજનમાં હોત પણ સર્વિસ રોડની જોગવાઇ નથી. સરકારશ્રીનું આ બંધારણ અને પ્રજાનો હક્ક છે કે, હાલોલ–વડોદરાનો રોડ એમાં પંચમહાલ જિલ્લાની ભૂતકાળની અંદર સર્વિસ રોડ નહીં તો ટોલ ટેક્સ નહીં, એનું આંદોલન કરવામાં આવ્યું. નાણા મંત્રીશ્રીને હું જણાવવા માગું છું કે, સર્વિસ રોડનું સંપાદન નથી કર્યું, આ બજેટમાં જોગવાઇ નથી. પીવાના પાણીની વાત કરી, નર્મદાની કેનાલ જાય છે.. ગુજરાતની પ્રજાને ૨૦૧૨માં જવાબ આપવો પડશે. આજે અમારા પંચમહાલ જિલ્લામાં કડાણા ડેમ આજનો નથી થયો, પાનમ આજની નથી થઇ, ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન આજનું નથી થયું, વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન આજનું નથી થયું. આ જે સરકારે કલર કર્યો, લાઇટ કરી તો કહે કે અમે કર્યું. આજેપણ પંચમહાલ જિલ્લામાં અમારા આદિજાતિ મંત્રી જ્યારે વાત કરતા હતા ત્યારે રૂ.૧૨૩૦/–માં અમે કનેક્શન આપીએ છીએ. આજે પણ પંચમહાલ જિલ્લામાં આદિવાસી પોકેટ મારા મત વિસ્તારમાં બે છે. એની અંદર ૨.૫, ૩ કે ૪ લાખ રૂપિયાના એસ્ટીમેટ આપ્યા છે. હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આદિવાસીઓના કલ્યાણ માટે આ વીજળીકરણ માટે જો જોગવાઇ કરી હોત તો આ બજેટને ખરેખર આવકારત. પીવાના પાણીની વાત કરું તો, ક્યા હુઆ તેરા વાદા.. રાજયના મુખ્યમંત્રીશ્રી ગોધરા ખાતે આવીને તમારી ગટર લાઇનની વ્યવસ્થા થઇ જશે, ગેસની પાઇપલાઇન થઇ જશે અને રૂ.૧૪૬૦/– કરોડની વિકાસ માટેની આ જાન્યુઆરીમાં જાહેરાત કરી, સદ્ભાવના, સદ્ભાવનાની વાતો કરો છો, આજે લોકો પાણી વિના ટળવળે છે. ફક્ત ચાલીસ કરોડની અમારી પાણીની યોજના હતી એ ત્રણ વર્ષથી અમારા ગોધરામાં પૂરી થઇ નથી એ શરમની વાત છે. પીવાના પાણીની વાત કરું, નર્મદા આધારીત સરદાર સરોવર યોજનામાં અમારા કાલોલ, હાલોલના ૧૮૮ ગામો પણ પાણીના અભાવે આજેપણ તરસ્યા છે. આ સરકારને નાણા મંત્રીશ્રી મારફતે એ કહેવું છે કે, ગરીબો અને બક્ષીપંચ માટે પુનઃવસનની યોજનાનો એક દાખલો કહું છું. પંચમહાલ જિલ્લાની અંદર પાનમ, અદલવાડા અને હડપ સિંચાઇ યોજના માટે જે ખેડૂતોની જમીન સંપાદન થઇ હતી. આ જમીન સંપાદન માટે આજે પણ પુનઃવસન માટે રૂ.૫૫/– કરોડ રૂપિયા ફોરેસ્ટ વિભાગને આપવા પડે એની પણ જોગવાઇ ૩૦–૩૦ વર્ષથી કરી નથી. આદિવાસી અને બક્ષીપંચના લોકોએ વહાલસોયી જમીન ગુમાવી છે. એને આજેપણ આ સરકારે પુનઃવસવાટના નામે સ્થાપિત કર્યા નથી, એ લોકોના નામે જમીન પણ નથી. આ બજેટ જો ખરેખર સારું હોત તો આવકારત, પણ ગરીબ અને ખેડૂતલક્ષી આ બજેટમાં કાંઇ નથી એટલે આવકારતો નથી... (અંતરાય)

**ડો. નીમાબેન બી. આચાર્ય(અંજાર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અઢાર અઢાર વખત...(અંતરાય)

અધ્યક્ષશ્રી : નીમાબેન... માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી... (અંતરાય)

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ગઇકાલે અને આજે વિપક્ષના દંડકશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૩૪ને ધ્યાનમાં રાખીને કોઇપણ હાઉસના સન્માનનીય સભ્ય પોતાનું પ્રવચન કરતા હોય ત્યારે સામૂહિક કે વ્યક્તિગત રીતે તેમને ડિસ્ટર્બ કરવા માટે, ચીચીયારા ન કરવા, સૂત્રોચ્ચાર ન કરવા, આ બધી જ વ્યવસ્થા કરવા માટેની જોગવાઇ હોવા છતાં અને આજ મુદ્દાનો વિપક્ષ દ્વારા વારંવાર ઉલ્લેખ કરવા છતાં પણ જયારે હાઉસમાં નીતિનભાઇ હાજર હતા ત્યારે સન્માનનીય સભ્ય શ્રી સી. કે. રાઉલજી પોતાનું પ્રવચન ચાલુ રાખે અને પોતાનું પ્રવચન પૂરું થાય અને ટ્રેઝરી બેન્ચ તરફથી જયારે માનનીય સભ્યશ્રીનો વારો આવે ત્યારે સામૂહિક રીતે કોંગ્રેસના સભ્યો જે રીતે હાઉસને બાનમાં રાખવાનો

પ્રયત્ન કરે છે એ ઠપકાપાત્ર છે. સતત સુત્રોચ્ચાર.. નીતિનભાઇ માફી માગે .. .. સામૂહિક કોંગ્રેસ પક્ષે લોકશાહીને ધ્યાનમાં રાખીને શિસ્તબદ્ધ રીતે હાઉસ ચાલવા દેવું જોઇએ. આ રીતે માનનીય સભ્યશ્રી નીમાબેન આચાર્યને ડીસ્ટર્બ નહીં કરવા જોઇએ. એના માટે હું આપનું રક્ષણ માગુ છું. એમને ઠપકો આપો.

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ, પ્લીઝ આપના સભ્યશ્રી જયારે બોલતા હતા ત્યારે આપે બેસીને સાંભળ્યું છે બધાએ, તો અન્ય સભ્યોનો પણ એટલો જ અધિકાર છે. અને ગૃહની અંદર આ રીતે વર્તન યોગ્ય નથી. પ્લીઝ .જયારે રૂલિંગ જ મેં પેન્ડીંગ રાખ્યું છે અને હું રૂલિંગ આપવાનો છું ત્યારે એ બાબતે આપે પ્લીઝ ગૃહને ડીસ્ટર્બના કરવું જોઇએ. પ્લીઝ, (સતત સૂત્રોચ્ચાર.. નીતિનભાઇ માફી માગે ) પ્લીઝ, (સતત સૂત્રોચ્ચાર.. નીતિનભાઇ માફી માગે).. .. માનનીય સભ્યશ્રીનો આ રીતે સમય ના બગાડીએ.. ..પ્લીઝ .. આપ બેસી જાવ ..પ્લીઝ.. આપ બેસી જાવ ..પ્લીઝ..તમામ સભ્યશ્રીઓને વિનંતી છે આપ બેસી જાવ ..પ્લીઝ.. નીમાબેન, આપનું પ્રવચન ચાલુ રાખો ..પ્લીઝ ( સતત સૂત્રોચ્ચાર નીતિનભાઇ માફી માગે)

**ડો. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી( સતત સૂત્રોચ્ચાર નીતિનભાઇ માફી માગે) માનનીય અધ્યક્ષશ્રી, આવા વાતાવરણમાં બોલવાનું મુશ્કેલ છે.( સતત સૂત્રોચ્ચાર નીતિનભાઇ માફી માગે) સભ્યશ્રીઓ શાંત થાય અને હાઉસ ઓર્ડરમાં આવે એ જરૂરી છે.

**અધ્યક્ષશ્રી** : ..પ્લીઝ તમામ સભ્યશ્રીઓને વિનંતી છે આપ બેસી જાવ પ્લીઝ, ( સતત સૂત્રોચ્ચાર નીતિનભાઇ માફી માગે) પ્લીઝ.. (સતત સૂત્રોચ્ચાર) પ્લીઝ (અંતરાય) ( સતત સૂત્રોચ્ચાર નીતિનભાઇ માફી માગે) હું વિરામના સમય સુધી ગૃહને મુલતવી રાખું છું. (સવારના ૯–૧૭)

**વિરામ બાદ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર....ઓર્ડર... માનનીય નીમાબેન.

**ડો. નીમાબેન બી. આચાર્ય(અંજાર) :** માનનીય અધ્યક્ષશ્રી, મારી તૈયારી કરી લઉં. આ બધા અવાજ કરે તો મને ડિસ્ટર્બ ન થાય. ૧૮મી વખત આપણા નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા જે બજેટ લઇને આવ્યા છે એના માટે ખરેખર હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. (કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા ઊભા થઇ નીતિનભાઇ માફી માગેનો સૂત્રોચ્ચાર) જે રીતે સર્વ જન હિતાય, સર્વ જન સુખાય. (અંતરાય) છેવાડાના માનવી માટેના કલ્યાણકારી એવા આ બજેટ માટે હું વજુભાઇ વાળાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ, બેસાડી દો. આપણે બન્ને પક્ષના સભ્યશ્રીઓની બેઠક થઇ છે. એમને આપણે વિચારવાનો સમય આપવો જોઇએ.

**ડો. નીમાબેન બી. આચાર્ય :** ૫૦ વર્ષની અંદર (અંતરાય) આવતા પાંચ વર્ષમાં ૨ લાખ ૫૧ હજાર કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩નું ૫૦,૫૯૯ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી :** નીમાબેન, માનનીય સંસદીય મંત્રીશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### પ્રવચન કરી રહેલા સભ્યશ્રીને રક્ષણ આપવા બાબત

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( સંસદીય બાબતો) :** માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર વિધાનસભાના નિયમોના નિયમ ૩૪નો ઉલ્લેખ કરીને કોઇ સભ્ય બોલતા હોય ત્યારે એમને ડિસ્ટર્બ ન કરવા એ સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં અને જે માનનીય મંત્રીશ્રી આ હાઉસમાં હાજર નથી એના નામથી માફી માગવાના સૂત્રો પોકારીને બોલતા સભ્યને અટકાવવાનો સામૂહિક રીતે કોંગ્રેસ પક્ષના સભ્યો તરફથી પ્રયત્નો થઇ રહ્યા છે. આજે નહીં છેલ્લા કેટલાક દિવસથી આપના તરફથી પણ વારંવાર બોલતા સભ્ય ડિસ્ટર્બ ન થાય એવી

સૂચનાઓ આપવા છતાં પણ કોઇ એકલ–દોકલ નવા સભ્ય કદાચ બોલે તો સમજી શકાય પણ સામૂહિક રીતે વિરોધપક્ષ લોકશાહીના નિયમોને ઘૂંટીને પી જઇ આપની સૂચનાઓનું અવમાન કરી રહી છે. આ માનસિકતા આ ગૃહ માટે સારી નથી. આપે કડકપણે સામૂહિક રીતે કોંગ્રેસ પક્ષને સૂચના આપવી જોઇએ કે જે સભ્ય બોલતા હોય એનો અધિકાર છે, એને બોલવા દેવા જોઇએ. આ રીતે જે સભ્ય હાજર ન હોય તેને માફી માગવાનો પ્રશ્ન ઉપસ્થિત ક્યાંથી થાય? આ રીતે નીમાબેન બોલી રહ્યા છે એને રક્ષણ આપવું જોઇએ.

**અધ્યક્ષશ્રી :** માનનીય ઇકબાલભાઇ, બધા સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે ચર્ચામાં બન્ને પક્ષના સભ્યશ્રીઓ જ્યારે ભાગ લઇ રહ્યા હોય ત્યારે આપણે એમાં વિક્ષેપ ઊભો ન કરીએ, પ્લીઝ, આપસૌને મારી વિનંતી છે. આપ બેસી જાઓ (અંતરાય) આ રીતનું વર્તન યોગ્ય નથી. એક જવાબદાર સભ્ય તરીકે આ યોગ્ય વર્તન નથી, પ્લીઝ. આપના પક્ષના સભ્યશ્રી સી.કે. રાઉલજીભાઇ બોલતા હતા ત્યારે શાસક પક્ષના તમામ સભ્યશ્રીઓએ એમને સાંભળ્યા છે. પ્લીઝ, (કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા ઊભા થઇ પાટલી થપથપાવી નીતિનભાઇ માફી માગેનો સૂત્રોચ્ચાર શરૂ કર્યો) આ રીતે ગૃહમાં વિક્ષેપ ન કરી શકાય, પ્લીઝ. નીમાબેન આપનું પ્રવચન ચાલુ રાખો.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**ડો. નીમાબેન ભા. આચાર્ય :** માનનીય અધ્યક્ષશ્રી, ૫૦,૫૯૯ કરોડનું આયોજન આ ૨૦૧૨–૧૩ના બજેટમાં લાવવામાં આવ્યું છે ત્યારે જે પાંચ વર્ષની બે પંચવર્ષીય યોજનામાં ૧ લાખ ૫૮ હજાર કરોડનું આયોજન હતું એની સામે ૧ લાખ ૭૭ હજાર કરોડના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું અને અહીંયા એક સભ્યશ્રી કહેતા હતા કે ક્યા હુઆ તેરા વાદા, મારા વિસ્તારમાં કામો થતા નથી એવી ફરિયાદ કરતા હતા. ( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે વાયદો તો હું એમને યાદ કરાવું . કેન્દ્ર સરકારની ચૂંટણી વખતે એ લોકોએ કહ્યું હતું કે, ૧૦૦ દિવસમાં મોંઘવારી દૂર કરીશું એના બદલે એટલી મોંઘવારી વધી કે આજે ગુજરાતની અને દેશની પ્રજાને મોંઘવારીના ખપ્પરમાં હોમી દીધી છે. એક ટંકના ભોજનના ફાંફાં ગરીબ લોકોને પડી રહ્યાં છે એવી કારમી મોંઘવારી દેશમાં છે અને ધારાસભ્ય પોતે પોતાના વિસ્તારમાં થયેલા આયોજનના કામ કરવા પડે. કામ કરવાના બદલે નકારાત્મક પોલીસીના લીધે તમારા વિસ્તારમાં કામો નથી થઇ શકતા. ( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને જણાવવા માગુ છું કે જે રીતે બજેટની અંદર ગરીબોના બેલી અને નોધારાના આધાર જેવું આ બજેટ આવ્યું છે ત્યારે કિસાનો, ગરીબો, મહિલાઓ અને બાળકો માટે વિશેષ મહત્વ આપી આ બજેટની અંદર આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આજે કચ્છના પુર્નવસનની ગાથા કહેવી છે. જે આપત્તિ વ્યવસ્થાન ક્ષેત્રની અંદર જે રીતે ગુજરાતે પહેલ કરી છે અને ગુજરાત એક મોડલ રાજ્ય તરીકે સમગ્ર દેશ અને દુનિયાની અંદર બન્યું છે ત્યારે મારે આમાં ખાસ કહેવું છે કે આપણા મુખ્યમંત્રીએ તેમની જે વિચક્ષણ અને કુશળ નેતૃત્વ અને કુશાગ્રબુદ્ધિના લીધે એમણે જે રીતે આપત્તિનો સામનો કર્યો અને ૧૦ વર્ષની અંદર આજે હું કચ્છની વાત કરું તો એને નવપલ્લવિત અને નવસર્જન કરીને નવનિર્માણ કર્યુ છે. ( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે ઘણી બધી વાતો અહીંયા કરવી હતી પણ આ મારા વિરોધપક્ષના સભ્યો આવા સરસ કચ્છના પુર્નવસનની વાત પણ સાંભળવા તૈયાર નથી. એ લોકો શું કામ કરશે? એ ખરખેર મારા માટે એક પ્રશ્ન બની ગયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સૌથી પહેલા જ્યારે ૨૦૦૧માં ભયાનક ભૂકંપ આવ્યો ત્યારે તેના માટે જે કામગીરી કરી અને એની અંદર પુર્નવસન કર્યુ, પુર્નનિર્માણ કર્યુ અને વૈજ્ઞાનિક ઢબે અતિ આધુનિક એ ગુજરાતને બનાવવાની પહેલ કરી. ( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારા કચ્છના ચાર શહેરો ભૂજ, અંજાર, રાપર અને માંડવી જે રીતે ભૂકંપગ્રસ્ત થઇ અને તેનો સંપૂર્ણ નાશ થયો હતો. એ શહેરોની અંદર પૂરેપૂરું પ્લાનિંગ કરીને, આયોજન કરીને પુર્નનિર્માણ કર્યુ. ૪૦,૦૦૦મકાનોની મરામત કરી અને ૨ લાખથી વધારે મકાનોને નવનિર્માણ કર્યા. તમામ ક્ષેત્રની અંદર આયોજન કરવામાં આવ્યું . પાણી, રસ્તા અને ગટરથી માંડીને તમામ રીતે જે કચ્છનો નાશ થયો હતો તેની અંદર જે રીતે વ્યવસ્થા કરી અને જે રીતે ટાઉન પ્લાનિંગની સ્કીમ મૂકી અને અનેક શહેરોને અતિ આધુનિક બનાવ્યાં છે. ( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ અહીંયા મારા ગુજરાતની અંદર જે રીતે આપત્તિ વ્યવસ્થાન સત્તા મંડળની જે રીતે ગુજરાત રાજ્યમાં રચના કરવામાં આવી, આ પહેલા આવું ક્યાંય દેશની અંદર થયું નથી અને એના નીચે જ્યારે કહું કે ભૂકંપની અંદર તાત્કાલિક ટ્રીટમેન્ટ માટે જે રીતે ( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)
માનનીય અધ્યક્ષશ્રી, સાધનોની જરૂર હતી એ તમામ વસ્તુઓ માટે..

(( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)

અધ્યક્ષશ્રી : નીમાબેન આપનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ.

( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજ્ય કક્ષાના નાણામંત્રી):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઇ વાળા ૧૮મી વખત આ વિધાનસભા ગૃહની અંદર જે બજેટ લાવ્યાં છે તેમને અભિનંદન આપવા અને સમર્થન આપવા માટે ઊભો થયો છું. ( વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ દ્વારા 'નીતિનભાઇ માફી માગે'ના સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો) (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩-૪ દિવસથી વિરોધપક્ષના સભ્યશ્રીએ બજેટ વિષે ઘણી બધી વાતો કરી. (અંતરાય, સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) પણ કમનસીબ એ છે કે, એમણે જે વાતો કરી એનો જવાબ સાંભળવા માટે તેઓ તૈયાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જાણે છે કે, દેશની અંદર ગુજરાત વિધાનસભામાં રજૂ કરેલું બજેટ એ આખા દેશમાં શ્રેષ્ઠ બજેટ છે એટલે મારે સભ્યશ્રીઓને વિનંતી કરવાની છે કે, આવતો દશકો આપણે કઇ દિશામાં જઇ રહ્યા છીએ ? પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણી શું જવાબદારી છે? એ સાંભળવા માટે શાંતિ રાખે અને ત્યારે એમને સત્ય ખબર પડશે કે આ બજેટના પાયા કેટલા મજબૂત કરવામાં આવ્યા છે. આ પાયાના મજબૂતાઇના કારણે આવતા દિવસોમાં ગુજરાતની ઇમારત કેટલી ઉંચી જવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકે એક વિષય ઉપર હું વાત કરવા માગુ છું. સૌથી પહેલું તો અગત્યનો વિષય છે એ બજેટમાં આયોજનનું કદ, પ્લાન સાઇઝ. આ પ્લાન સાઇઝ સૌથી અગત્યની હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇ સાલ જયારે વિધાનસભાની અંદર ૩૮,૦૦૦/-ની પ્લાન સાઇઝ મૂકી હતી ત્યારે આ સભ્યશ્રીઓ કહેતા હતા કે, ભાઇ પૂરી નહીં થાય અને એ લોકોએ કલ્પના નહોતી કરી કે, આટલો મોટો કુદકો આપણે એક જ વર્ષમાં મારીશું. ૩૮,૦૦૦/-થી, ૫૦,૫૯૯. ૧૨,૦૦૦/- કરોડનો વધારો, ૩૩ ટકાનો વધારો. આખા દેશના તમે કોઇ પણ બજેટ કાઢો આ કોઇ પણ બજેટમાં કયાંય ૩૩ ટકાનો વધારો દેખાતો નથી. આ ગુજરાત એક માત્ર રાજય છે કે, જેણે ૩૩ ટકાનો વધારો કર્યો છે. વિચાર કરો એ દિવસો કે, ૨૦૦૧-૨૦૦૨માં આ વિધાનસભા સાડા છ હજારના કદની મંજૂરી આપતું હતુ અને એની સામે માત્ર દસ વર્ષમાં, દસ ગણો વધારો કરી ૫૦,૫૯૯ માનનીય અધ્યક્ષશ્રી. એવી જ રીતથી બીજી, જે આપણા રાજયની ચિંતા, પ્રજાની ચિંતા, પ્રજાની આવક કોના આધાર ઉપર છે ? કયા બેરોમીટર છે ? એ બેરોમીટર છે જી.એસ.ડી.પી. અને આ જી.એસ.ડી.પી. ૨૦૦૧-૨૦૦૨માં ૧,૨૩,૦૦૦/- કરોડ હતો. જેનો વધારો ૬.૭૭ લાખ કરોડ થયો એટલે છેલ્લા દસ વર્ષોમાં સાડા પાંચ ગણો આ જી.એસ.ડી.પી.નો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી,અમે જયારે આયોજન પંચમાં જઇએ છીએ ત્યારે આયોજન પંચવાળા, મુખ્યમંત્રીશ્રીને કહે છે કે, નરેન્દ્રભાઇ આપ બતાઇએ ગુજરાતકા વિકાસકા દર કયા હોગા, અને ગુજરાતનો જે વિકાસ દર થાય છે ને એનાથી બધા જ રાજયોની સરખામણી કરો, એક પણ રાજયનો ગુજરાતના વિકાસ દર કરતાં વિકાસ દર વધારે હોતો નથી અને ગુજરાતનો પ્લાનીંગ કમિશને જે વિકાસ દર આપ્યો એ ૧૧.૨ ટકા આપ્યો છે. બીજા એક પણ રાજયનો ૧૧.૨ ટકાનો વિકાસ દર નથી હોતો અને એટલે મારે સભ્યશ્રીઓને કહેવું છે કે, ગ્રોથ એન્જિન કેમ કહીએ છીએ. એ ગ્રોથ એન્જિન એટલે કહીએ છીએ કે, ગુજરાતનો વિકાસ દર આખા દેશમાં શ્રેષ્ઠ આંકડા ઉપર છે અને એના કારણે ગુજરાત ગ્રોથ એન્જિનમાં નંબર-વન છે. માનનીય અધ્યક્ષશ્રી, દરેક વ્યક્તિ કે દરેક રાજય ઇચ્છતું હોય કે, કુલ આવકમાં એની આવક સારામાં સારી હોય, એની ટકાવારી સારામાં સારી હોય. માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાય છે કે, ગઇ સાલ ૩૯,૦૦૦/- કરોડની જે આવક હતી.. એ આવક વધારીને એક જ વર્ષમાં આ મંદીનું વાતાવરણ હોવાછતાં અને વલ્ડ ઇકોનોમીની અંદર ફાઇનાન્શીયલ ક્રાઇસીસ હોવા છતાં, મોંઘવારી હોવા છતાં આપણે ૩૧ ટકાનો વધારો કર્યો છે એટલે કે ૩૯૦૦૦ કરોડથી વધારીને ૫૧૦૦૦ કરોડ રાજય સરકારે પોતાની આવકમાં વધારો કર્યો છે (નીતિનભાઇ, માફી માગે...સતત સૂત્રોચ્ચાર) આ આપણી તાકાત બતાવે છે કે આપણી આવકમાં કેટલી સ્થિરતા છે. મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે કુલ આવકમાં ૨૦૦૧-૦૨માં ગુજરાતનો હિસ્સો ૫૭ ટકા હતો અને બાકીના ૪૩ ટકા બહારથી આવક આવતી હતી હવે છેલ્લા દસ વર્ષમાં આ ૫૭ ટકાનો હિસ્સો વધારીને ૬૭ ટકા કર્યો છે એટલે બીજા અર્થમાં કેન્દ્ર સરકાર કે બીજા સોર્સીસ ઉપર આપણે હવે ડિપેડન્ટ થતા નથી અને દિવસે દિવસે આપણી ડિપેન્ડન્સી ઓછી થતી જાય છે. સભ્યશ્રી ઘણી વખત વાતો કરે છે કે રેવન્યુ સરપ્લસનું શું? ૨૦૧૧-૧૨માં ૪૬૩ કરોડનું બજેટ એસ્ટીમેટ રેવન્યુ સરપ્લસનું કર્યુ હતું. અમે પરિણામ સારા લાવ્યા અને ૪૪૩ કરોડની જગ્યાએ જયારે એકચ્યુઅલ આવ્યુ ત્યારે ૨૦૧૧-૧૨માં ૧૯૨૦ કરોડ રૂપિયાની અમે રેવન્યુ સરપ્લસ બતાવ્યુ અને ૨૦૧૨-૧૩માં આ વિધાનસભામાં જે આંકડા લાવ્યા છીએ એ ૩૬૧૫ કરોડના લાવ્યા છીએ. આ સ્પષ્ટ બતાવે છે કે આપણે ત્યાં કરકસર કરી રેવન્યુ સરપ્લસ આપણે લાવી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવું છે કે આ મારા મિત્રો કાયમ માટે કહેતા હોય છે કે કેન્દ્ર સરકારે આ આપ્યું. કેન્દ્ર સરકારે પેલું આપ્યું. (અંતરાય)...નિતિનભાઇ, માફી માગે સતત સૂત્રોચ્ચાર...સાંભળો, કેન્દ્ર સરકારે ગુજરાતને કેટલો અન્યાય કર્યો છે. કેન્દ્ર સરકાર માથાદીઠ બિહારને ૧૬૬૬૧ આપે છે. મધ્યપ્રદેશને ૧૬૦૬૦ રૂપિયા આપે છે. ઉત્તર પ્રદેશને ૧૫૬૪૦ રૂપિયા આપે છે. રાજસ્થાનને ૧૪૨૫૮ રૂપિયા આપે છે. આંધ્રપ્રદેશને ૧૩૪૮૨ રૂપિયા આપે છે. વેસ્ટ બેંગાલને ૧૨૯૧૭ રૂપિયા આપે છે. તામિલનાડુને ૧૧૫૬૬ આપે છે. હું આ માથાદીઠ ટ્રાન્સફરની વાત કરૂં છું અને ગુજરાતને કેટલા આપે છે ૮૯૦૮ તાકાત હોયને તો દિલ્હીમાંથી લઇ આવો. લઇ આવો. માંગો, અન્યાય માંગો, ....સતત ઘોંઘાટ....માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીનું દિલ્હીમાં બહુ ચાલે છે. કેટલું ચાલે છે ખબર છે કે સી.એસ.ટી.ની કોમ્પેન્શેસન માટે છેલ્લા ચાર વર્ષથી આ વિધાનસભા ગૃહમાં અનેક વખત અમે રજૂઆત કરી અને વિરોધ પક્ષના નેતા, પાર્ટીના પ્રમુખ એ લોકોએ અનેક વખત કીધું કે ગુજરાતને જો અન્યાય થતો હશે તો અમે અન્યાય દુર કરીશું. ૨૭ જાન્યુઆરી...અંતરાય....સતત ઘોંઘાટ..સાંભળો સિદ્ધાર્થભાઇ, ૨૭ જાન્યુઆરી, ૨૦૧૨ કેન્દ્ર સરકારે પત્ર લખ્યો. પત્રમાં શું લખ્યું છે.

Quote:

«The issue of payment of CST Compensation to the States for the year ૨૦૧૦-૨૦૧૧ may accordingly be considered as finally settled. Further you may kindly recall that ૨૦૧૧ is the last year of compensation and no payment will be given in ૨૦૧૧-૧૨.»

Unquote: આ શું કહે છે આપણા ૩,૦૦૦ કરોડ રૂપિયા ખાઇ ગયા. સાહેબ, ૩,૦૦૦ કરોડ રૂપિયા. વિરોધ પક્ષના નેતા અને આ આગેવાનોનું દિલ્હીમાં એટલું ચાલતું હોય તો લઇ આવે ૩,૦૦૦ કરોડ. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧ માં ૬૦૦૦ કરોડનું કોમ્પેનસેશન કેન્દ્રએ જુદા જુદા રાજ્યોને આપ્યું અને એમાંથી આંધ્રપ્રદેશને ૧૬૦૦ કરોડ આપ્યા, દિલ્હીને ૧,૦૦૦ કરોડ આપ્યા, હરિયાણાને ૧૧૦૦ કરોડ રૂપિયા આપ્યા અને ગુજરાતને મીંડું આપ્યું. ૬,૦૦૦ કરોડમાંથી ગુજરાતને એક રૂપિયો આપ્યો નથી અને મહારાષ્ટ્રને

આજની તારીખમાં સી.એસ.ટી. કોમ્પેનસેશન ના માત્ર ૬૮ કરોડ બાકી છે, ત્યારે આપણા ૩,૦૦૦ કરોડ બાકી છે. ૩,૦૦૦ કરોડ અને મહારાષ્ટ્રના ૬૮ કરોડ.તો આ લોકોનું દિલ્હીની અંદર સોનિયાબહેન આગળ કઇ ઉપજતું હોય તો લઇ આવે. મનમોહનસિંહ આગળ કઇ ઉપજતું હોય તો ગુજરાતને મદદ કરો.(અંતરાય) સાહેબ, જાહેરમાં આભાર માનીશ. ૩,૦૦૦ કરોડ રૂપિયા લઇ આવે તો જાહેરમાં આભાર માનીશ. એ લોકો તૈયાર થતા હોય તો એ લોકોની જોડે હું આવવા માટે તૈયાર છું અને એના કારણે ગુજરાતની પ્રજાને ફાયદો થતો હોય તો એમની જોડે જવા તૈયાર છું. એમની જોડે આવતા દિવસોમાં કેન્દ્રને રજુઆત કરવા તૈયાર છું, એટલે ૩,૦૦૦ કરોડ રૂપિયા આપ અપાવો એવી આપ સૌને નમ્ર વિનંતી છે.

ખેડૂતોની વાતો કરો છો. મારે આ સદસ્યોને કહેવું છે કે ગુજરાતમાં સૌથી વધારે આવક થતી હોય તો એ ગુજરાતના ખેડૂતોને કપાસમાં થાય છે. ગુજરાતના ખેડૂતો કપાસનું ૫૦ ટકા ઉત્પાદન દેશની બહાર મોકલે છે અને એના કારણે એમને સારામાં સારી આવક થતી હોય છે. આ કેન્દ્ર સરકારે મોટા ઉદ્યોગોને લાભાર્થે, ટેક્ષટાઇલ મિલોના લાભાર્થે ખેડૂતોના કપાસ ઉપર નિકાસ ઉપર પ્રતિબંધ મૂક્યો. એમાં ખેડૂતોને ખૂબ મોટું નુકશાન થયું છે. ગુજરાતની પ્રજાને નુકશાન થયું છે. આખા ગુજરાતના ખેડૂતોએ વિરોધ કર્યો. એ.પી.એમ.સી. યાર્ડો બંધ કર્યા, જીનર્સોએ સ્ટ્રાઇક પાડી. આપણા મુખ્યમંત્રીશ્રીએ ખૂબ મોટો પત્રવ્યવહાર કરી વિરોધ કર્યો. સાહેબ, કોંગ્રેસ હલી ગયું, ડગમગી ગયું. કોંગ્રેસના નેતાઓ દિલ્હી રહ્યા, દિલ્હીમાં દોડ્યા. દિલ્હીમાં દોડી કપાસની નિકાસ માટેની વાતચીત કરી, ત્યાના ટેક્ષટાઇલ મંત્રીશ્રીએ એમને વચનો આપ્યા. અને સાહેબ અહીયા આવી ક્રેડિટ લીધી. ગઇ કાલે જે નોટિફિકેશન આવ્યું. એ નોટિફિકેશન શું કહે છે. નોટિફિકેશન સ્પષ્ટપણે કહે છે કે (અંતરાય ) બધા સાંભળો, નોટિફિકેશન શું કહે છે. સાંભળો આ નોટિફિકેશન તમારું પૂરું કરી નાખશે. માનનીય અધ્યક્ષશ્રી, નોટિફિકેશન એમ કહે છે કે કપાસની નિકાસમાં કોઇ નવું રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહિ. હું એ લોકો માટે વાક્ય વાંચી જાઉં.

Quote:

" Issue of new RCs stand suspended until further orders "

Unquote:

માનનીય અધ્યક્ષશ્રી, આ કપાસમાં તમે ખેડૂતોને દગો કર્યો છે અને મંજૂરી કોને આપી? જે ૧ કરોડ ૨૪ લાખ ગાંસડીની મંજૂરી આપી દીધી છે. એ વેપારીઓને બાકી રહેલી ગાંસડીઓમાં ચકાસણી કર્યા પછી એક્ષપોર્ટ કરવા દેશે, એટલે બીજી ભાષામાં કહું ચકાસણી એટલે ભ્રષ્ટાચારનો દરવાજો ખોલ્યો. માનનીય અધ્યક્ષશ્રી, એટલે બાકીની ગાંસડીઓ, બાકીની ગાંસડીઓ, એમણે દિલ્હી દરબારની અંદર રૂપિયા આપશો તો જવા મળશે. ખેડૂતોને સાહેબ કંઇ આપ્યું નથી. એક નવી ગાંસડીની મંજૂરી આપી નથી. આ જેટલા બેઠા છે, ભાઇ રાહુલ ગાંધીને મળો તે તમારું ભલુ કરશે. સોનીયા ગાંધીને મળો તે તમારું ભલું કરશે. આનંદ શર્મા ભલું નહીં કરે. જો તમે નહીં મળો તો આવતા દિવસોની અંદર ખેડૂતો તમારું પૂરું કરી નાંખશે. પૂરું કરી નાંખશે. ખેડૂતોની વાત કરે છે. કોઇ અધિકાર નથી સાહેબ. સાહેબ ખેડૂતોને સૌથી અગત્યનું શું જોઇએ? ખાતર. સાહેબ આ કોંગ્રેસની સરકારે, સાંભળજો, કોંગ્રેસની સરકારે દિલ્હીની અંદર ડી.એ.પી. કે જેનો વપરાશ સૌથી વધારે હોય તે ડી.એ.પી.ના ૯૩૫૦ રૂપિયાનો ભાવ હતો. પાંચ વર્ષ પહેલાં ૯૩૫૦ રૂપિયા પાંચ વર્ષ પહેલાં. અત્યારે કેટલો કર્યો? ૧૭૨૯૪ રૂપિયા. ૮૫૭૪ રૂપિયાનો વધારો આ લોકોની નીતિના કારણે થયો છે. આ લોકોની નીતિ. ખેડૂતોને ચૂસી ચૂસીને, તેનું લોહી ચૂસી ચૂસીને રૂપિયા ભેગા કર્યા છે. એ તમને આવતા દિવસોની અંદર, આવતા દિવસોની અંદર આ ખેડૂત વિરોધી નીતિ તમને મોંઘી પડવાની છે, અને તે.. (સતત અંતરાય) અલ્યા માફી તમારે માગવાની છે પ્રજાની. યુરિયાના ભાવ કહું. સાહેબ આવું જ યુરિયામાં હતું. યુરિયામાં પણ વધારો કર્યો. યુરિયા વધારે, ડી.એ.પી. વધારે, મોંઘવારી, ડીઝલ, પેટ્રોલ દરેક વસ્તુમાં મોંઘવારી. કપાસની નિકાસ ઉપર પ્રતિબંધ. તેના કારણે ખેડૂતોની આવક ન વધે. તે કહે છે કે અમે ખેડૂતોનું રક્ષણ કરીએ છીએ. સાહેબ આ લોકોને સાચું સાંભળવા માટે, સાચું સાંભળવા માટેની તૈયારી નથી. સાચુ સાંભળો તો તમને ખબર પડે. મારે એક અન્યાય વિશે વાત કરવી છે. આ વિશે હજું સુધી કોઇ સભ્યએ ધ્યાન નથી દોર્યું. એટલે મારે ખાસ કરીને વિધાનસભાના સભ્યશ્રીઓને જાણકારી આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક રાજયની પ્રજા, દરેક રાજયની પ્રજા તેની બચત થાય તે બેન્કોની અંદર ડીપોઝીટ કરે. સિદ્ધાર્થભાઇ સાંભળજો. બેન્કોની અંદર બચત કરે અને કેન્દ્ર સરકારની નીતિ છે કે જે રાજયોમાં બેન્કોમાં ડીપોઝીટ થાય તે પૈસા ધિરાણ તરીકે તે જ પ્રજાને આપવામાં આવે. એટલે અહીંયાં ડીપોઝીટ મૂકે તો ગુજરાતની પ્રજાની અંદર ધિરાણ થાય. ૨ લાખ ૯૯ હજાર કરોડ રૂપિયા, ૨ લાખ ૯૯ હજાર કરોડ રૂપિયાના એડવાન્સીસ, ડીપોઝીટો ગુજરાતની પ્રજાએ ગુજરાતમાં મૂકયા છે. પણ કમનસીબી જુઓ, આ સાંભળો કમનસીબી એ છે કે ૨ લાખ ૯૯ હજાર કરોડ રૂપિયાની સામે ગુજરાતની પ્રજાને ૨ લાખ ૧૦ હજાર કરોડનું ધિરાણ કરે છે. એટલે બાકીના ૮૯ હજાર કરોડ, આપણા પૈસા કયાં જાય છે? આંધ્રપ્રદેશ, આપણા પૈસા તામિલનાડુ. એટલે જે સી.ડી. રેશીયો કહેવાય તે ઘટી ગયો. ૭૫ ટકા હતો તેનો ૬૬ ટકા થયો. આંધ્રપ્રદેશનો ૧૧૦ ટકા, તામીલનાડુનો ૧૧૪ ટકા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પ્રણવ મુખરજી આવ્યા. પ્રણવ મુખરજીએ વિષય મૂકયો. નાણા મંત્રી કહે ગુજરાતના પૈસા તો ગુજરાતમાં જ રહેવા જોઇએ. તો નાણા મંત્રીશ્રી કહે, ના, ગુજરાતના પૈસા તો ગુજરાતમાં રહેવા જોઇએ, સાહેબ, બોલવું કયું અને કરવું કયું, આ એ લોકોની નીતિ છે. સાહેબ, ગુજરાત એક માત્ર રાજય છે કે ગુજરાતનો પૈસો બીજા રાજયોમાં જાય છે અને ૯૦૦૦૦ કરોડ રૂપિયા આજની તારીખમાં એ લોકોની નીતિને કારણે ગુજરાતની બહાર જાય છે. એટલે કેન્દ્ર સરકાર,(અંતરાય) દરેક ક્ષેત્ર તમે જુઓ, તો કંઇને કંઇ અન્યાય ગુજરાતની પ્રજાને થતો આવ્યો છે.

સાહેબ, મારે બીજી એક બે વસ્તુની વાત કરવી છે. સાહેબ, સભ્યશ્રીઓ મોટા ઉદ્યોગોનાં નામ આપે છે, બજેટમાં એમ કહયું, સાહેબ, ધરતી પર એમના પગ જ નથી, મારે સ્પષ્ટપણે પૂછવું છે કે, મેડિકલ ઇમ્પ્લાન્ટ્સ, હૃદયના રોગ માટે જે આપણે પાંચ ટકાના સંપૂર્ણ માફી આપી, આ શું મોટા ઉદ્યોગો માટે છે? બ્લડ બેગ સંપૂર્ણપણે માફી આપી, તો આ મોટા ઉદ્યોગો માટે છે? મેંગ્લોરી નળિયા ગરીબોના ઘર છે એને માફી આપી તો આ મોટા ઉદ્યોગો માટે છે? માનનીય અધ્યક્ષશ્રી, રમકડાં, આ રમકડાં તો તમે લોકોને રમાડો છો એને પણ માફી આપી, તો આ મોટા ઉદ્યોગો માટે છે? અગરબત્તી, હજારો મહિલાઓ ગુજરાતની અંદર કામ કરે છે એના લાભાર્થે માફી આપી, આમાં પણ તમને મોટા ઉદ્યોગો દેખાય છે? માનનીય અધ્યક્ષશ્રી, પુજાની સામગ્રી, પ્રસાદ ભોગ, (અંતરાય) તમે કહો, આ બધી વસ્તુઓ ઉપર આપણે રાહત આપી છે, અને આ માત્રને માત્ર નાના ઉદ્યોગો માટે આ કરવામાં આવ્યું છે, રોજગારી માટે કરવામાં આવ્યું છે, અને આ રોજગારીની તકો મળે એના માટે આ બજેટ કરવામાં આવ્યું છે. એટલે જયારે અમારા મિત્રો કહેતા હોય છે, ત્યારે મને ઘણીવાર હસવું આવે છે. હસવું એટલા માટે આવે છે કે એ લોકો મનમાં જાણે છે કે સત્ય શું છે, પરંતુ રજૂઆત કરવાના ખાતર એ લોકોને રજૂઆત કરવી પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે અંતમાં એટલું જ કહેવું છે કે..( સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ગૃહની પહેલી બેઠકનું કામકાજ હું મોકૂફ રાખું છું, આપનું પ્રવચન પૂરૂં થાય છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ સવારના ૧૧.૩૩ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા.૧૩મી માર્ચ ૨૦૧૨**
**ફાલ્ગુન ૨૩, ૧૯૩૩ શાકે**

**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨–૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## આણંદ જિલ્લામાં મહી નદીની રેતીની લીઝ માટે અરજીઓ

* **૨૮૨૧૯ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં મહી નદીની રેતીની લીઝો માટે જિલ્લામાંથી કેટલી અરજીઓ અને જિલ્લા બહારની કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ જિલ્લાની અને કેટલી અરજીઓ જિલ્લા બહારની મંજૂર કરવામાં આવી, અને

(૩) લીઝ પેટે પ્રતિ વર્ષ કેટલી આવક થઈ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ)ઃ

(૧) જિલ્લાની ૪૦ અરજીઓ તથા જિલ્લા બહારની ૧૨ અરજીઓ આવી.

(૨) જિલ્લાની ૧૦(દસ) અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. જે પૈકી ૧ (એક) અરજી મંજૂર કરવામાં આવી, ૯(નવ) અરજીઓ દફતરે કરવામાં આવેલ છે.

(૩) મંજૂર થયેલ લીઝનું કરારખત બાકીમાં હોઈ લીઝ ચાલુ થયેલ ન હોવાથી લીઝ પેટે આવક થયેલ નથી.

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં જે જણાવ્યું છે એમાં જે ૪૦ અરજી મારા જિલ્લાની આવી એમાંથી ૧૦નો નિકાલ કર્યો છે. તો ૩૦ અરજી ઉપર શું કાર્યવાહી થઇ, બહારના જિલ્લાની જે ૧૨ અરજીઓ આવી એ અંગેનો કોઇ ઉલ્લેખ નથી અને જે વ્યકિતને નામે આ લિઝ માટેની અરજી કરી છે એ કઇ સંસ્થાના નામે કે વ્યકિતના નામે લિઝ આપી છે એ જણાવવા વિનંતી છે. અને છેલ્લા બે વર્ષથી લીઝ મંજૂર થઇ નથી. ત્યાંથી રેતી નીકળવાનું તો ચાલુ જ છે તો મારા ઉમરેઠ તાલુકાની અંદર આ રોયલ્ટી પાસ માટેની જો કોઇ વ્યવસ્થા કરી હોય તો એ જણાવવા વિનંતી.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પડતર અરજીઓ છે એ અરજીઓ મહેસુલી અભિપ્રાયને કારણે અને ટેકનીકલ માહિતી મેળવવાના કારણે અત્યારે હજુ પડતર છે. અને સભ્યશ્રીએ જે વાત કરી કે બહારના જિલ્લાની જે અરજીઓ આવી છે, એવી ૧૨ અરજીઓ આવી છે અને આ બધી અરજી મહેસુલી અભિપ્રાયને કારણે બાકી છે. બીજો જે સવાલ પૂછ્યો છે કે જે અરજી મંજૂર કરી છે એ નારાયણ એન્ડ કંપની શ્રી મહેન્દ્રભાઇ જે. બ્રહ્મભટ્ટે કરી છે. ખાનગી માલિકીની જમીન છે મંજૂર કરવાની તારીખ છે ૧૪–૭–૨૦૧૧. પરંતુ કન્ડીશનલ કરી છે કે એણે એન.એ. કરી આપવાની જરૂરી છે, એન.એ. થઇ નથી એટલે એને રોયલ્ટી પાસ આપતા નથી. બાકીનું જે સભ્યશ્રીએ જે વાત કરી કે રેતી ઉપાડે છે તો એ બાબતમાં હું ચોક્કસ તપાસ કરાવીશ.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે રીતે માનનીય સભ્યશ્રીએ ચિંતા કરી છે, ખાસ કરીને આણંદ જિલ્લાના મહી નદી કાંઠાનો જે વિસ્તાર છે અને એમાં પણ જે ગામોમાંથી રેતી નીકળે

છે ત્યાં આગળ છેલ્લા કેટલાય વર્ષોથી આપના વિભાગ દ્વારા બરાબર રીતે લીઝ અંગેની કાર્યવાહી નહીં થવાથી અને એ માટેનું જે ચેકીંગ થવું જોઇએ અને રોયલ્ટી જે ઉઘરાવવી જોઇએ એ માટેની કાર્યવાહી નહીં થવાના કારણે આજે આ વિસ્તારોમાં રેતી માફિયાઓનું રાજ થયું હોય એવી પરિસ્થિતિ ઉદભવી છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગુ છું કે આ અરજીઓ અને છેલ્લા ત્રણ વર્ષમાં જે ફરિયાદો મળી છે એ બાબતમાં ચોક્કસ ઉપરથી અધિકારીઓને મોકલીને ઝીણવટભરી તપાસ કરાવવા માગે છે કે કેમ? અને ચોક્કસ કારણોસર મહેસુલી પ્રક્રિયામાં વિલંબ કરી અને અધિકારીઓને અને રેતી માફિયાઓની મીલીભગતથી જે સરકારને આવકનું નુકશાન પહોંચી રહ્યું છે એ અટકાવવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની ચિંતા હું સમજી શકું છું. વહેલામાં વહેલી તકે મહેસુલી અભિપ્રાય આવે એ પ્રમાણેની મારી કોશિશ રહેશે અને જે ચોરીની વાત એમણે કરી છે, હું અધિકારીઓ દ્વારા દરેક જગ્યાએ તપાસણી માટે સ્કવોર્ડ મોકલીશ.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જેમ અમિતભાઇએ કહ્યું તેમ ગેરકાયદેસર રેતીના લીધે સરકારને ભારે રોયલ્ટીનું નુકસાન જઇ રહ્યું છે એ વાત તદન સાચી છે. સરકારને ચિંતા હોવી જોઇએ અને સરકારની જે મિલકત છે એની વધુમાં વધુ આવક થાય એ રાજય સરકારની આવક છે. માનનીય મંત્રીશ્રી બહું કડક રીતે આમાં રસ લે અને મહીસાગરથી લઇ આખા કાઠાળ વિસ્તારમાં દરરોજની ગેરકાયદેસર રેતી નીકળે છે એ તદન વાત સાચી છે. તો માનનીય મંત્રીશ્રી આમાં ખૂબ આગળની કાર્યવાહી કરે એવી મારી વિનંતી છે.

શ્રી સૌરભભાઇ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સત્વરે મહેસુલી આવક માટે અમે ચિંતા કરીશું અને ખાલી મારે સભ્યશ્રીને એટલી જ માહિતી આપવી છે કે ૨૦૦૭–૦૮માં ૫૯ લાખની રોયલ્ટી હતી આ વર્ષે એટલે જાન્યુઆરી સુધી  ૨.૭૪ કરોડની રોયલ્ટી છે. પરંતુ આપે જે બાબતમાં ધ્યાન દોર્યું છે એના માટે સંપૂર્ણપણે હું આવતા દિવસોમાં વહેલામાં વહેલીતકે એની મંજૂરી મળે અને મંજૂરી મળ્યેથી વહેલામાં વહેલીતકે દરમ્યાનમાં જે કાંઇ આપણે ચેકીંગ કરાવવાનું હશે એ કરી લઇશું.

શ્રી નિરંજન  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, આ જે માફિયાઓ છે રેતીના ચોરો એને સરકાર કાયદા દ્વારા કડકમાં કડક દંડ કરવા માગે છે કે કેમ જેથી કરીને દાખલો બેસે કે પબ્લિક મિલકતની ચોરી થાય નહિ કારણકે આજુબાજુના વિસ્તારોમાં બાંધકામ ઓલરેડી ચાલુ છે એટલે રેતીની ચોરી થાય છે ૨૦–૨૫ કિલોમીટરમાં જે બાંધકામ થાય છે તે આ રેતીથી જ થાય છે તો જે જે ગુનેગાર છે તેની સામે માનનીય મંત્રીશ્રી કડક કાર્યવાહી કરીને પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ  પટેલ : હું કોઇ માફિયા ચોરોને ઓળખતો નથી, તમે માફિયા ચોરોના નામ આપજો અમે ઠેકાણે પાડી દઇશું. બરાબરને?

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી જે મેં પ્રશ્ન પુછ્યો હતો કે ઉમરેઠ તાલુકા માટે રોયલ્ટી પાસ અંગે શું વ્યવસ્થા કરી છે તો તેનો જવાબ એમનો બાકી છે તેની કોઇ માહિતી હોય તો માનનીય મંત્રીશ્રી મને આપે અને બીજું ઉમરેઠ તાલુકાથી આંકલાવ બોરસદ તાલુકા સુધી જે નદી કાંઠાના ગામો છે તે ગામોના જ લોકોને આ લીઝ તમે આપવા માગો છો કે કેમ કારણકે બહારના લોકો આવીને ખૂબ ચોરી કરે છે તો જો સ્થાનિક લોકો હશે તો આનાથી એમને રોજીરોટી પણ મળી રહેશે.

શ્રી સૌરભભાઇ  પટેલ : બીજી જે વાત કરી એ માનનીય સભ્યશ્રીનું સૂચન છે. આખા રાજયમાં એકજ નીતિ છે કે કોઇપણ વ્યકિત કોઇપણ જગ્યાએ લીઝ ધારણ કરી શકે છે અને બીજો જે મુદ્દો કહ્યો રોયલ્ટી પાસનો એ માટે હાલની તારીખમાં  હયાત લીઝ હોલ્ડરોને રોયલ્ટી પાસ આપવામાં આવે છે અને જે પ્રાઇવેટને આપણે આપી હતી એણે એન.એ. પરમીશન નથી મેળવી એટલે રોયલ્ટી પાસ એમને આપતા નથી.

તા.૧૩મી માર્ચ ૨૦૧૨
તારાંકિત પ્રશ્નો

## વણાકબોરી વીજ મથકને પૂરો પાડવામાં આવેલ કોલસાનો પૂરવઠો

* **૨૬૬૯૩ શ્રી શિરીષકુમાર શુક્લ (ખંભાત)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વણાકબોરી વીજ મથકને કોલસાનો જથ્થો કોઇ પૂરો પાડે છે,

(૨) નાણાકીય વર્ષ સન ૨૦૦૯–૧૦, સન ૨૦૧૦–૧૧ અને સન ૨૦૧૧–૧૨માં કોલસાના કેટલા જથ્થા માટે માંગણી કરવામાં આવેલ, અને

(૩)તે પૈકી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વર્ષવાર કોલસાનો કેટલો પુરવઠો મળ્યો ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)ઃ

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારીત વીજ ઉત્પાદન કરતા વણાકબોરી વીજ મથકને કોલસાનો જથ્થો, કોલ ઇન્ડિયાની સબસીડીયરી કંપની સાઉથ ઇસ્ટર્ન કોલ ફીલ્ડ્સ (છતીસગઢ/મધ્યપ્રદેશ)ની ખાણોમાંથી પુરો પાડવામાં આવે છે.

(૨) નાણાકીય વર્ષ સન–૨૦૦૯–૧૦, સન–૨૦૧૦–૧૧ અને સન–૨૦૧૧–૧૨ માં કોલસાના જથ્થાની માંગણી નીચે મુજબ કરવામાં આવેલ.

**Table ૧**

| **વણાકબોરી વીજ મથક** | **વર્ષ (આંકડા લાખ મેટ્રીક ટનમાં છે)** | | |
|---|---|---|---|
| | **૨૦૦૯–૨૦૧૦** | **૨૦૧૦–૨૦૧૧** | **૨૦૧૧–૧૨ (૩૧–૧૨–૨૦૧૧ સુધી)** |
| કોલસાની જરૂરીયાત | ૮૪.૪૧ | ૮૪.૪૧ | ૬૩.૩૧ |
| કેન્દ્ર સરકારની કોલ કંપની સાથે થયેલ કરાર પ્રમાણે કોલસાના જથ્થાની માગણી | ૮૬.૭૦ | ૮૫.૨૦ | ૬૦.૬૦ |

(૩) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષવાર કોલસાનો પૂરવઠો નીચે મુજબ મળેલ

**Table ૨**

| **વણાકબોરી વીજ મથક** | **વર્ષ** | | |
|---|---|---|---|
| | **૨૦૦૯–૨૦૧૦** | **૨૦૧૦–૨૦૧૧** | **૨૦૧૧–૧૨ (૩૧–૧૨–૨૦૧૧ સુધી)** |
| કોલસાનો મળેલ પૂરવઠો (આંકડા લાખ મેટ્રીક ટનમાં) | ૮૦.૭૫ | ૭૭.૭૧ | ૬૩.૩૧ |

શ્રી શિરીષકુમાર મ. શુક્લ : મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કોલસા પર કેન્દ્ર સરકાર કેટલો ટેક્સ લે છે અને બીજો સવાલ કેન્દ્ર સરકારે આ વખતે રેલવે નૂરની અંદર કેટલો વધારો કર્યો છે અને આ નૂરના વધારાના કારણે વણાકબોરી પાવર સ્ટેશન પર કેટલો આર્થિક બોજ પડશે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ હાઉસને માહિતી આપવી છે કે રેલવે બજેટ તો બે ચાર દિવસમાં આવશે. અને આપણા ફાઇનાન્સ મિનિસ્ટર પર હાઉસમાં બજેટ મૂકશે. પરંતુ એઝ યુઝઅલ બજેટ આવે એ પહેલાં પ્રજા ઉપર ભારણ નાંખવાનું ચાલુ થઇ ગયું છે. ઈતિહાસમાં છેલ્લાં દસ વર્ષથી આ સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના હાથ નીચે હું ઉર્જા મંત્રી તરીકે છું. આટલો મોટો વધારો, એકજ સ્ટ્રોકમાં નૂર ભાડામાં ક્યારેય જોયો નથી. ખાલી વણાકબોરી ટી.પી.એસ.ની વાત કરું ત્યાંનું કુલ ૧૪૧૧ રૂપિયા ભાડુ હતું અને

અધ્યક્ષશ્રી : માનનીય સૌરભભાઇ આપ આ તરફ ધ્યાન આપીને જવાબ આપો પ્લીઝ.

સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દો એટલો અગત્યનો છે કે સભ્યશ્રી સાંભળશે તો એમને હકીકત શું છે એ ખબર પડશે. નૂર ભાડાની અંદર ૧૪૧૧ રૂપિયા હતો એમાં વધારો કરીને ૧૬૭૩ રૂપિયા કર્યો એટલે ૨૬૨ રૂપિયાનો એકજ સ્ટ્રોકે ખાલી વણાકબોરીમાં વધારો કર્યો છે અને એને કારણે માત્ર વણાકબોરીમાં ૮૫.૨૦ લાખ ટનનો જે કોલસાનું ફ્રેટ કરીએ છીએતો વણાકબોરીમાં ૨૨૩ કરોડ રૂપિયાનો તો ફ્રેટનો વધારો કર્યો. એવી જ રીતે કોલસાની વાત કરીએ તો કોલસામાં જે વધારો થયો છે એમાં વોસ્ટ કોલમાં ૧૭૪ કરોડનો એટલે ૮૨૯માંથી ૧૦૦૩ અને રો કોલસો છે એમાં ૨૭૭૭માંથી ૨૮૯૬ એટલે ૧૧૯ એટલે કોલસામાં કુલ ૧૪૧ કરોડનું ભારણ આવ્યું છે અને એ પણ ખાલી વણાકબોરી ટી.પી.એસ. ની અંદર ૨૨૩ કરોડ રૂપિયા ફ્રેટના અને ૧૪૧ કરોડ રૂપિયા કોલસાના એમ મળીને કુલ ૩૬૪ કરોડ રૂપિયાનો વધારો થયો. આ ૨૦૧૨થી અમલમાં મૂકવામાં આવ્યો છે બીજો એમણે જે સવાલ પુછયો છે કે ટેકસનો સવાલ પુછ્યો તો ખાલી ટેકસની વાત કરું તો એકસાઇઝ ડ્યૂટી ૩૭.૩૪, રોયલ્ટી ૯૧.૨૫ અને સ્ટોરીંગ એકસાઇઝ ડ્યૂટી ૧૦.૦૦ crushing charge –૬૦, additional levy – ૫, વિકાસ ઉપકર ૫, clean energy cess –૫૦, સીએસટી ૧૯.૬૭, ૧૦૦૩ રૂપિયા જે પડતર કિંમત છે તેની અંદર ૨૧૮ રૂપિયા માત્ર ટેકસ છે. એટલે ૨૩ ટકા આ કેન્દ્ર સરકારે કોલસા ઉપર ટેકસનું ભારણ નાંખેલુ છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હાલ વણાકબોરી વીજ મથકને જે કોલસો મળે છે તેના બદલે બીજે કયાંયથી કોલસો મળી શકે તેમ છે અને બીજેથી કોલસો મળે તો તેના પુરવઠાની વીજ મથક ઉપર શું અસર થાય તેમ છે ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આપણી માગ છે કે નજીકથી કોલસો આપવો. પરંતુ કમનસીબ એ છે કે નજીકથી કોલસો આપણને અપાતો નથી. બે જગ્યાએથી આપણી માગણી છે કે ભાઇ આપણને Western Coal Field થી આપો પરંતુ આપણને જે માલ આપવામાં આવે છે તે Southern Coal Field થી આપવામાં આવે છે. આ Southern Coal fields તે ૧૫૦૦ કિલોમીટર દૂર છે અને પેલું માત્ર ૧૧૦૦ કિલોમીટર દૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, એવરેજ freight of WCF એ ૧૫૫૯ છે અને average price of SCCF એ ૨૭૭૭ છે. એટલે આજની તારીખમાં ખાલી કોલસામાં ૧૨૧૮નો ફરક છે. ફ્રેટ ની અંદર ૧૧૦૪ અને ૯૯૮ એટલે ૧૦૬નો ફરક છે. અને આજની તારીખમાં ૮૫ લાખ ટન મળે છે તેમાંથી ૧૨ લાખ ટન જે આપણને plain coal –કોલસો મળે છે તે માત્ર ખાલી નજીકથી આપે તો તેના ૧૬૬ કરોડ રૂપિયા બચે. આપણે પૂરો ૮૫ લાખ નથી જોઇતો ૮૫ લાખમાંથી ૧૨ લાખ ખાલી આપણને જે રો કોલસો આપે છે જેની અંદર સલ્ફર કન્ટેન્ટ ખૂબ હોય છે તે રો કોલસો આપણને નજીકના કોલસામાંથી આપે તો માત્ર વણાકબોરીમાંથી ૧૬૬ કરોડ રૂપિયાનો વાર્ષિક ફાયદો થાય. તો આપ કલ્પના કરો કે આ બધાજ વીજ મથકોમાં કોલસો નજીકથી આવે તો ગુજરાત સરકારને કેટલો ફાયદો થાય ?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આખરે તો ચિંતા એ કરી કે વીજ ઉત્પાદન આપણું રો–મટિરિયલ આવે તો તેને કારણે મોંઘું થાય છે અને માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે Southern Coal field માંથી જો કોલસો આવે તો આપણને ધુવારણ એક જ વીજ મથકને ફાયદો થાય તેમ છે. તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી આપની સરકાર હતી ત્યારે આપે પ્રયાસ કર્યા હતા કે કેમ ? અને તે પ્રયાસમાં આપને કોઇ સફળતા મળી હતી કે કેમ ? નંબર.૧ નંબર.૨, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે વીજ ઉત્પાદન કોલસાને કારણે મોંઘું પડે છે નૂર ભાડા વધ્યાં છે પણ છેલ્લાં આઠ

વર્ષની અંદર રેલવેએ તો ટીકીટ પણ વધારી નથી, એક રૂપિયો પણ વધાર્યો નથી. જયારે એસ.ટી.માં આપની સરકારે ચાર વખત આ પિરિયડમાં ભાવ વધારો કર્યો છે. .. અંતરાય.. તેમણે નૂર ભાડાની વાત કરી તો એસ.ટી.ભાડાની વાત થાય ...

અધ્યક્ષશ્રી : આ પૂરક પ્રશ્નમાં નહીં આવે, આપ પ્રશ્ન પૂછો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે જો વીજ ઉત્પાદન અને વીજ ગ્રાહકોને સસ્તી જ વીજળી આપે આપવી હોય તો આપણે જેમ ત્યાં માગણી કરીએ છીએ તેમ આપ Green Cess નાબૂદ કરવા માગો છો કે કેમ ? અને હજુ પણ સમગ્ર ભારતમાં સૌથી ઉંચામાં ઉંચો વીજ કર આપણે ત્યાં છે. એ ઓછો કરીને આ ફ્યુઅલ એડજેસ્ટમેન્ટ કોસ્ટ જે તમે દર વખતે આ વધારો ગ્રાહકોને આપો છો એના બદલે ગ્રાહકોને ફાયદો કરવા માગો છો કે કેમ? આ મારો બીજો પ્રશ્ન છે. હું માનું છું કે આ બન્ને પ્રશ્નોના જવાબ માનનીય મંત્રીશ્રી આપશે.

શ્રી સૌરભભાઇ પટેલ: સભ્યશ્રીએ પહેલો જે પ્રશ્ન પૂછયો, એમાં થોડો સુધારો કરું. આ વણાકબોરીનો પ્રશ્ન છે. આપ ધુવારણ બોલ્યા. એક માઇનોર કરેકશન. પોઇન્ટ નંબર ટુ, કે મેં કહ્યું કે નજીકના ડબલ્યુ.એટલે કે વેસ્ટર્ન કોલસો આપે. અત્યારે મળે છે, એ સાઉથનમાંથી મળે છે. આપણે કહીએ છીએ કે વેસ્ટર્નમાંથી આપો તો અમને ફાયદો થશે. પોઇન્ટ નંબર ટુ કે બાજપાઇજીની સરકાર હતી ત્યારે મને યાદ નથી કે કયા મથક ઉપર પણ કોટા ડબલ્યુ.સી.એલ.માંથી ફાળવ્યો હતો. પરંતુ આપની યુ.પી.એ. સરકાર આવી ને, તો એ કવોટા કાઢી નાંખ્યો. આ બીજો મુદ્દો. અને...

**શ્રી અર્જુનભાઇ મોઢવાડિયાઃ** આપ રેકર્ડ ઉપર કહો છો ને?

શ્રી સૌરભભાઇ પટેલ: હું ફરીથી કહું છું કે કયું મથક એ મને યાદ નથી. અર્જુનભાઇ, હું જવાબદારીથી બોલું છું.

**અધ્યક્ષશ્રીઃ** અર્જુનભાઇ, એમનો જવાબ સાંભળી લો પ્લીઝ. રેકર્ડ ઉપર જ બોલે છે.

શ્રી સૌરભભાઇ પટેલ: અર્જુનભાઇ, રેકર્ડ ઉપર બોલું છું. (અંતરાય) રેકર્ડ ઉપર બોલું છું કે કેન્દ્ર સરકારે જે અમને ૧૪૪ લાખ ટન મળે, એની અંદરથી જે બાજપાઇજીએ નજીકના ફીલ્ડમાંથી આપેલ હતા તે ફીલ્ડમાંથી ધીમે ધીમે કરીને તમે કાઢી નાંખ્યા. જે આલ્યુ હતુ તે. પોઇન્ટ નંબર ટુ. કે અમને તો એ વખતે અનએલોકેટેડ પાવર પણ આપ્યો હતો, તે પણ તમારી કેન્દ્રની સરકારે અનએલોકેટેડ પાવર પણ કાઢીને મહારાષ્ટ્રને આપી દીધો. ત્રીજુ. જે એમણે વીજકરની વાત કરી છે. મેં પહેલા પણ હાઉસમાં કહ્યું છે કે વીજ કરના માટે કોંગ્રેસના મિત્રોને બોલવાનો કોઇ અધિકાર નથી. આ બેન્ચ ઉપર તમે જયારે બેઠા હતા અને તમારા વિરોધ પક્ષના નેતા જયારે મંત્રી હતા ત્યારે ૬૦, ૬૦ ટકા ટેકસ હતો એ અમારી સરકારે ઘટાડયો છે. એટલે તમારે વીજકર વિષે કયારેય બોલવું જોઇએ નહીં. અને સાહેબ, બીજી ચેલેન્જ આપું કે ૧૯૬૦થી તમારી એક સરકાર એમ તો કહે હાઉસમાં કે અમે એક ટકો ઘટાડયો છે. એકપણ બજેટમાં એકપણ ટકો ઘટાડયો નથી. દરેક બજેટમાં જયારે તક મળી છે ત્યારે વધારતા ગયા છે. આ જ સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે, નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચે ૬૦ ટકામાંથી નીચે કર્યા છે અને બીજું કે ૪ ટકા ટેકસ લેતા હતા એ ૪ ટકા ટેકસની નાબૂદી કરી હોય તો આ સરકારમાં કરી છે. ત્રીજુ કે હવે તમે પેસેન્જરોની વાત છોડો, અત્યારે કોલસાના ફ્રેડની વાત ચાલે છે. મારે એટલું જ ઘ્યાન દોરવું છે કે વીજળી મોંઘી કેમ થાય છે. તારીખ ૧-૪-૨૦૦૪. મારી પાસે જૂના નથી. ૨૦૦૨-૦૩ના વર્ષના રેકોર્ડ કાઢતો નથી. એ વખતે ૯૧૦ રૂપિયા હતા ફ્રેડ ૨૭-૧૧-૨૦૦૪એ ૭૦, ૧-૪-૨૦૦૬એ ૨૯, ૨-૧-૨૦૦૭નાએ ૬૧, ૧૦-૧-૨૦૦૭એ ૫૩, ૧૨-૮-૨૦૦૮એ ૮૬, ૨૭-૧૨-૨૦૧૦એ ૪૮ અને ૧૦૬ અને છેલ્લો ૩૧૪ એમ કુલ ૭ વર્ષમાં કુલ જે વધારો કર્યો છે એ ૪૫૪ કર્યો છે. અને એમાં ૩૧૪ નહીં. એ જે છેલ્લે ૩૧૪ કર્યા ને એ તો *(xxxx)સમજયા? અને બીજું વાત કરું (અંતરાય) સાહેબ, એ શબ્દ પાછા ખેંચી લઉં છું. આ સત્સંગ થયો ને એમાં આવી ગયું. સાહેબ બીજી વાત કરું. આ કોલસામાં શું કર્યુ? કોલસાની અંદર એ.બી.સી.ડી.ઇ.એફ. એવી ફોર્મ્યુલા હતી. એ ફોર્મ્યુલાની

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

અંદર એ લોકો આપણને માલ આપતા હતા. કવોલિટી ઓફ મટિરિયલમાં મારે પડવું નથી. પરંતુ કોલસો આપતા હતા એ યુ.એચ.ઇ.બેઝીસમાં ૭ બેન્ડ હતા. એ જ કોલસાની કવોલિટી ૧૭ બેન્ડમાં કરી. એટલે પહેલું એ ગ્રેડના સો રૂપિયા હોય, તો એ ગ્રેડના ૧૦૦ ના ત્રણ ભાગ કર્યા. સો, સવાસો અને દોઢસો રૂપિયા. એમ કરીને ૧૭ બેન્ડ કર્યા. અને સાહેબ કેટલો વધારો થયો? હું દાખલો આપું. સી ગ્રેડમાં ૧૬૬૦ રૂપિયામાંથી વધારીને ૩૫૩૦ કર્યા. અને આપણે જે એસ ગ્રેડ વાપરીએ છીએ તે એસ ગ્રેડમાં ૫૭૦ થી વધારી ૭૨૫ બૈઝિક કર્યો છે. એટલે ૮૨૯ નો ૧૦૦૩ કર્યો એટલે આટલો મોટો વધારો ૧૯૪૭ થી આઝાદી પછીથી એક જ તબક્કે આટલો મોટો વધારો કોલસાના ફ્રેટમાં એકી સાથે કોઇ પણ સરકારે નથી કર્યો. આ ૨૦૧૨નું નવું બોનસ તમે અમને આપ્યું.

**વાયબ્રન્ટ ગુજરાત દરમ્યાન પાવર પ્રોજેક્ટ પર થયેલા એમ.ઓ.યુ.**

* **૨૬૬૩૬ શ્રી નટવરસિંહ ઠાકોર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૧ના વાયબ્રન્ટ ગુજરાત દરમ્યાન કુલ કેટલી રકમના મૂડી રોકાણ માટે પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે એમ.ઓ.યુ. થયેલાં હતાં, અને

(૨) આ પૈકી તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી રકમનું વાસ્તવિક મૂડી રોકાણ થયેલું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)ઃ

(૧) સને ૨૦૦૯ અને ૨૦૧૧ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમ્યાન રૂ. ૭,૧૬,૯૬૯ કરોડના મૂડી રોકાણ માટે પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે એમ.ઓ.યુ. થયેલ હતા.

(૨)સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતર–માળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ, બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઇંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તકનીકી રીતે પણ જટીલ હોઇ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે. મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ઉક્ત રૂ. ૭,૧૬,૯૬૯ કરોડના કુલ મૂડી રોકાણ પૈકી ઉક્ત રૂ. ૭,૦૮,૩૯૦ કરોડના મૂડીરોકાણવાળા પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને ` ૮૫૭૯.૦૬ કરોડના કામ પૂર્ણ થયેલ છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષી, હું એ જાણવા માગું છું કે જે એમ.ઓ.યુ. કર્યા એમાં કેટલા મેગાવોટ વીજળી આપણા રાજ્યમાં ઉત્પન્ન થવાની છે અને એ વીજળી કેટલા સમયમાં ઉત્પન્ન થઇ શકશે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કેવો પ્રશ્ન છે ખબર છે, કોઇ વ્યકિત લગ્ન કરે અને વર્ષ પછી આપણે તેને પૂછીએ કે ...(અંતરાય) સમજાવું છું તમને જવાબ સમજાવું છું. શાંતિથી સાંભળો.

અધ્યક્ષશ્રી : આપ સીધો જવાબ જ આપજો. માનનીય નટવરસિંહ ભાઇ છે એટલે તેનો સીધો જવાબ જ આપજો.

શ્રી સૌરભભાઇ પટેલ : હા, માનનીય અધ્યક્ષશ્રી, પણ આ કોઇ લગ્ન કરે ત્યારે વર્ષ સવા વર્ષ પછી આપણે પૂછીએ કે કેટલા છોકરાઓ છે? સાહેબ આ તો મહિનામાં પૂછે છે કે કેટલા છોકરાઓ છે. હું એક જ દાખલો આપું છું એટલે તમારું ચિત્ર બહુ સાફ થઇ જશે. આપણી સરકાર, કેન્દ્રની સરકાર બહુ એફિસિઅન્ટ સરકાર, તેના પણ પ્રોજેકટને વાર લાગે છે. એવું નથી કે આપણે જ વાર લાગે છે. કોઇ પણ પ્રોજેકટ હોય તેને

પાંચ થી સાત વર્ષ લાગે જ છે. અને શા માટે લાગે છે તેના કારણો પણ હું આપું તો આનું મુળ કારણ જે છે એમાં સૌથી વધારે જે જરૂરિયાત છે તે જમીન પહેલા શોધવી પડતી હોય છે. અને ૫૦૦ મેગાવોટનો હોય તો એક હેકટર પર મેગાવોટ અને તેનાથી વધારે હોય તો પોઇન્ટ ચાર હેકટર એ પ્રમાણે જમીન શોધવી પડે છે. અને પછી સરકારી જમીન હોય તો કલેકટર પાસે એપ્રુવલ લેવી પડે છે, ગવર્નમેન્ટમાં વેલ્યુએશન કરાવવું પડે. પ્રાઇવેટ લેન્ડ હોય તો સેલ એગ્રીમેન્ટ કરાવવું પડે. આખી જમીનની પ્રક્રિયામાં એક થી સવા વર્ષ લાગે છે. એ થયા પછી ડી.પી.આર. થાય છે. ડીટેઇલ પ્રોજેકટ રિપોર્ટના આખા અભ્યાસ સાથે ટોપોગ્રાફી સર્વે, કોન્ટુર સર્વે કરવો પડે, સીસ્મીક સ્ટડી કરવો પડે, હાઇડ્રોલોજી સર્વે કરવો પડે, એન્વાયરોન્મેન્ટમાં ગુજરાતમાં મોકલવું પડે, અને પછી ભારત સરકારમાં મોકલવું પડે, પાણી માટે ચિંતા કરવી પડે, જો કોલસાનો પ્રોજેકટ હોય તો ડમ્પિંગ માટે પણી ચિંતા કરવી પડે, નજીકનો ઇમ્પોર્ટેડ કોલ હોય તો જેટીની પણી ચિંતા કરવી પડે, જેટી બાંધવી પડે. અને સૌથી અગત્યનું જે છે તે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ, કોલસો હોય તો કોલ ઇન્ડિયા સાથે અને ગેસ હોય તો ગેસ સાથે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ કર્યા પછી કોઇ પણ સ્ટેટ જોડે તેને બ્રીડીંગ પ્રોસેસમાં ભાગીદાર બનાવવું પડે છે. અને બ્રીડીંગ પ્રોસેસમાં ભાગીદાર જીતે પછી ખાત મૂહુર્ત કરી અને કામ ચાલુ કરવું પડે છે. ત્યાં સુધી એને ચાલતું નથી. આમ પાંચ સાત વર્ષ ઓછામાં ઓછા પ્રોજેકટ માટે લાગેછે. અને એવું નથી કે આપણે જ લાગે છે, કેન્દ્રની લેવીલ લીગ્નાઇટ ખૂબ સારી કંપની છે. પબ્લિક લિમિટેડ કંપની છે તેની સાથે ૨૦૦૫ માં એમ.ઓ.યુ. કર્યુ હતુ, હજૂ કંઇ થયું નથી. બીજી કાંકરાપાર ન્યુકલિયર પાવર કોરપોરેશન સાથે ૨૦૦૭માં એમ.ઓ.યુ. કર્યુ, હજુ અન્ડર કન્સ્ટ્રકશન કામ ચાલુ છે. ૪ વર્ષ થયા હજુ કન્સ્ટ્રકશન વર્ક ચાલુ છે. ૬ હજાર મેગાવોટનું ન્યુકલિયર પાવર કોર્પોરેશન સાથે ભાવનગરમાં હજુ સાઇટ સિલેકશન થયું છે આગળ વધ્યું નથી. આ આપણા મંત્રીશ્રી ભરતસિંહ સોલંકી જોડે મેં ધુવારણમાં એમ.ઓ.યુ. કર્યો હતો, એટલા બધા છાપામાં ફોટા આવ્યા કેમ જાણે બીજા દહાડે પ્રોજેકટ થઇ જવાનો હોય, તે ૨૦૧૧માં સાઇન કર્યો હજુ આગળ વધી શકયો નથી. કારણ કે કેન્દ્ર સરકાર તેને કોલસો આપતી નથી એટલે ફયુઅલ સપ્લાય એગ્રીમેન્ટ થઇ શકતો નથી. સૌથી મોટો કેન્દ્રનો પ્રોજેકટ દિલ્હી–મુંબઇ કોરીડોર ઉપર જેને ડી.એમ.આઇ.સી. પ્રોજેકટ કહે છે. તેની અંદર ગેસ બેઇઝ પાવર પ્રોજેકટ માટે પી.એમ.ઓ.એ નિર્ણય લીધો કે ના ભાઇ આપણે ગુજરાતમાં ગેસ બેઇઝ પાવર પ્રોજેકટ આપવો છે. અને તેના કારણે ૧૦૦૦ મેગાવોટનો એમ.ઓ.યુ. કર્યો એ પણ આગળ નથી વધ્યો. પીપાવાવમાં ક્રીભકોએ ૨૦૦૦ મેગાવોટ માટે એમ.ઓ.યુ. કર્યુ, જે પણ આગળ વધી શકયું નથી. ગુજરાત પીપાવાવમાં કોલ બેઇઝ એન.ટી.પી.સી. એ કર્યુ એ ડ્રોપ કર્યુ અને એના ઉપર ગુજરાત સરકાર પાવર પ્રોજેકટ કરે છે. પાવર પ્રોજેકટ કરવા હોય તો સમય લાગે આ સમય પ્રક્રિયાની અંદર ગુજરાત સરકારની કંપનીઓ છે એણે ઘણી બધી સફળતા મેળવી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : બિન પરંપરાગત ઉર્જામાં આ દેશમાં ગુજરાત આજે અવ્વલ નંબરે છે અને ૨૯ ટકા કાર્બન ક્રેડિટ એકઠી કરીને આ રાજય દેશમાં અવ્વલ નંબરે છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ અને ૨૦૧૧ માં પરંપરાગત ઉર્જાના કેટલા એમ.ઓ.યુ. થયા બિન પરંપરાગત ઉર્જાના કેટલા થયા અને હાલ એ કયા સ્ટેજમાં છે?

શ્રી સૌરભભાઇ પટેલ : આપણે સોલર પોલિસી બહાર પાડી એમાં આપણને સફળતા મળી અને આજની તારીખમાં છેલ્લા આંકડા આવ્યા છે ત્યાં સુધી દેશમાં સોલર ઉર્જામાં ૧૯૮ મેગાવોટ જેટલા આંકડા મળ્યા છે. ઓન્થેટીક ૧૩૦ મેગાવોટ છે જયારે ૬૮ હું બોનસ આપુ છું કે છેલ્લા ૧૫–૨૦ દિવસમાં કંઇક થયું હોય. એની સામે એકલા ગુજરાતે ૬૦૦ મેગાવોટ સોલર ઉર્જાનું ઉત્પાદન ચાલુ કર્યુ છે. આ ચાલુ કર્યુ એ વાયબ્રન્ટ ગુજરાતમાં એમ.ઓ.યુ. થયા હતા એના કારણે આ થયું છે. સન ૨૦૦૯માં રીન્યુએબલ ૬૪ અને સન ૨૦૧૧માં ૩૦ એમ કુલ ૯૪ રીન્યુએબલ માટે નોન કન્વેન્શન થયા અને કન્વેશનમાં ૮૬ થયા એમ કુલ ૧૮૦ સન ૨૦૦૯ અને સન ૨૦૧૧માં થયા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે લગ્ન કર્યા પછી ચોક્કસ સમયે બાળકનો જન્મ થાય છે. માનનીય દુષ્યંતભાઇએ સાચી વાત કહી કે આ સરકાર એમ.ઓ.યુ. કરવામાં એકસપર્ટ છે, એમ.ઓ.યુ. કરવામાં નંબર વન જ આવે એમાં કોઇ સવાલ જ નથી કારણ બાળકનો જન્મ થયા પહેલા પેટે ચાંદલા કરીને જે બાળક આવવાનું છે એના લગ્ન અત્યારથી નક્કી કરી દે છે. માનનીય મંત્રીશ્રીએ જે આંકડા આપ્યા. કુલ ૭,૦૮,૩૯૦ કરોડના મૂડી રોકાણ વાળા પ્રોજેકટોના સન ૨૦૦૯ અને સન ૨૦૧૧માં એમ.ઓ.યુ. થયા અને એમાં અમલીકરણના વિવિધ તબક્કે છે ઉત્પાદનમાં નહિ અમલીકરણના વિવિધ તબક્કે કેટલા તો ૮૫૭૯.૦૬ કરોડના કામો પૂર્ણ થયા છે એટલે કે સવા ટકાથી ઓછુ અમલીકરણના તબક્કે છે. એટલે પેટે ચાંદલાવાળી વાત હતી જૂના કુરિવાજો હતા એના જેવી વાત થઇ છે. એમ.ઓ.યુ.ના આંકડા ખૂબ મોટા છે. જયારે અમલ કરવાની વાત આવે ત્યારે કેન્દ્ર સરકાર એ તો પ્રોજેકટ આપે છે તો આપણે ખૂશ થવું જોઇએ કે બીજાના પ્રમાણમાં વીજળી વાજબી ભાવે મળે અને એમાં એમ્પ્લોઇમેન્ટ પણ મળે છે. મારી વાત એટલી છે માનનીય મંત્રીશ્રીએ કેન્દ્ર સરકારની જે યોજનાઓ છે એ ધીમે ચાલે છે એની ચિંતા કરી પણ ગુજરાતની અંદર જે ખાનગી કંપનીઓ જમીન લઇને બેસી જાય છે અને પછી પ્રોજેકટના અમલીકરણ કરતી નથી. એમ.ઓ.યુ. સરકાર દબાણ કરે એટલે કરી નાખે. પછી જમીન લઇ લીધી પછી પ્રોજેકટનું અમલીકરણ કરતી નથી. તો કઇ કંપનીઓએ કેટલા કરોડના એમ.ઓ.યુ. કર્યા અને એ આજે કયા તબક્કે છે. આજે સવા ટકા જેટલું અમલીકરણ થયું છે એના માટે કયા પરિબળો જવાબદાર છે. સન ૨૦૦૯માં કેટલા કરોડના એમ.ઓ.યુ. થયા હતા એમાં કઇ કંપનીએ કેટલી પ્રગતિ કરી ૨૦૧૧ની વાત જવા દઇએ પણ ૨૦૦૯માં તો કંઇક પ્રગતિ થવી જોઇએ ને? તો ૨૦૦૯માં એમ.ઓ.યુ. થયા હતા એમાં કઇ કંપનીએ કેટલી પ્રગતિ કરી એની માહિતી આપવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૦ એમઓયુ થયા છે. એની પ્રગતિ માગી છે.. બે ભેગા કરીએ તો ૧૮૦ થાય કે નહીં. એટલે મારે સભ્યશ્રીને કહેવું છે કે, ત્રણ ભાગલા પાડી દીધા છે. પ્રોજેકટ કમિશનીંગ સ્ટેજ, અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન સ્ટેજ અને પ્રીલીમનરી સ્ટેજ. આ આખું વિગતવાર સભ્યશ્રીને સમજાવું કે પહેલાં જમીન આઇડેન્ટીફાઇડ કરવી પડે પછી એ જમીન ખરીદવી પડે છે અને એ પછી ઇમ્પ્લીમેન્ટેશન સ્ટેજ ઉપર આવીએ અને પછી વીજ ઉત્પાદન કરીએ ત્યારે કમિશનીંગ સ્ટેજ કહેવામાં આવે છે. આખા દેશની અગિયારમી પંચવર્ષીય યોજનાનો દાખલો લઇએ. કેન્દ્ર સરકારે બે વાર અગિયારમી પંચવર્ષીય યોજનાના આંકડા ઘટાડ્યા છે અને કહ્યું છે કે અમે અમારી સફળતા મેળવી શક્યા નથી. કાલે ઉર્જા વિભાગ વખતે આંકડાઓ આપીશ કે, કેન્દ્ર સરકારે કેટલા આંકડા ઘટાડ્યા? એની અંદર મોટી અસફળતા એમઓયુમાં થઇ હોય તો એમાં કેન્દ્ર સરકારનો મોટો હિસ્સો છે. એક બાજુ ગુજરાત સરકારની કંપનીઓને મૂકો અને અને બીજી બાજુ કેન્દ્ર સરકારની કંપનીઓને મૂકો તો ગુજરાત સરકારની કંપનીઓના એમઓયુ વધારે સફળ થયા છે. * (xxxx)ગેસના એલોકેશન આપ્યા નથી. એના કારણે ફ્યૂલ સપ્લાય એલોકેશન અટકી ગયો છે. (અંતરાય) એ શબ્દો પાછા ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : (xxxx) શબ્દો દૂર કરીએ છીએ...

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોલસાની ફાળવણી નથી કરી, ગેસની ફાળવણી નથી કરી અને એના કારણે આજે કમનસીબી એ છે કે, ગુજરાત સરકારને ગેસના જે ૭૦ ટકા એલોકેશન કરેલા છે (અંતરાય) અન્યાય શબ્દ ફરીથી નથી બોલ્યો. એ તો પહેલાં પાછા ખેંચી લીધા છે. વારંવાર ગુજરાત સરકારે જે ચિંતા કરી છે કે, અમને ગેસ આપો, તમે મોટા ઉદ્યોગોને ન આપો, પાવર સેકટરને ગેસ આપો, નાનાને આપો. આપણને ગેસની ફાળવણી મળતી નથી. ઓફિશિયલ એલોકેશન કરવામાં આવેલું છે, એનાથી પણ ગેસ ઓછો મળે છે, એટલે પ્લાન્ટ સંપૂર્ણપણે ચાલતા નથી. એવી જ રીતે કોલસાની વાત કરીએ તો કોલસાની અંદર પણ જે પ્રમાણે લીંકિજ જોઇએ, કોલસાની અંદર નવી માઇન્સ જોઇએ, આ માઇન્સ

* (xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દોઅહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આપણને મળતી નથી. જે કંપનીઓએ એમઓયુ કર્યા છે, દેશનો મોટા ભાગનો પ્રશ્ન હોય તો ફ્યૂલ ટાઇઅપનો છે અને ફ્યૂલ ટાઇઅપ ન હોવાના કારણે જ થોડા દિવસ પહેલાં રતન ટાટાના નેતૃત્વમાં ૧૫ ઉદ્યોગપતિઓ પ્રધાનમંત્રીને મળ્યા, પ્રણવ મુખરજીને મળ્યા, કોલસા પ્રધાનને મળ્યા, પાવર મિનિસ્ટરને મળ્યા, એન્વાર્યમેન્ટ મિનિસ્ટરને મળ્યા. આ પંદરે પંદર ઉદ્યોગપતિઓ એક જ દિવસમાં આ બધાને મળ્યા હતા અને એનાથી પ્રધાનમંત્રીનું ધ્યાન દોર્યું કે, તમે કોલસો નથી આપતા, તમે ગેસ નથી આપતા એના કારણે અમને આટલું આટલું નુકસાન થાય છે. એ નુકસાનના કારણે જે એમઓયુ ઝડપથી જવા જોઇએ એ ઝડપથી જતા નથી.

### કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને માઇનોર કેનાલનું કામ

***૨૬૬૪૪ શ્રી કનુભાઇ ભુ. ડાભી(કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે –

(૧) ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને તેમાંથી નીકળતી માઈનોર કેનાલનું કામ  તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨)બાકી કામ ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)ઃ**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરીનું પૂર્ણ લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે. તથા તેમાંથી નીકળતી કુલ ૩૯.૮૪ કિ.મી. લંબાઈની ૮ માઈનોરોમાંથી ૨૭.૨૮ કિ.મી. લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે.

(૨)બાકી કામ વહેલીતકે પૂર્ણ કરવામાં આવશે.

શ્રી કનુભાઇ ભુ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાના કપડવંજ તાલુકામાંથી નીકળી કાણીયેલ ડીસ્ટ્રીબ્યુટરીની લંબાઇ કેટલી અને એ ક્યારે પૂર્ણ થઇ અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, મહેમદાવાદ શાખામાંથી કેટલી શાખાઓ નીકળે છે અને તેનો કુલ કેટલો પિયત વિસ્તાર છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા મુખ્ય નહેર શાખામાંથી મહેમદાબાદ શાખાની બ્રાંચમાંથી ૫ ડીસ્ટ્રીબ્યુટરી શાખા અને ૫ માઇનોર કેનાલ નીકળે છે અને માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે, તેનાથી કેટલા વિસ્તારને પિયત મળે છે? માનનીય અધ્યક્ષશ્રી, ૨૮૭૭૨ એકરમાં પિયતનો લાભ મળે છે અને આ કામગીરી પૂર્ણ કરવા માટે કુલ ૮ કરોડ ૧૫ લાખનો ખર્ચ થયો છે.

શ્રી મણીભાઇ દે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૨૦૧૨ની ઉનાળુ સીઝનમાં કેટલા ગામોને કેટલા વિસ્તારમાં પાણી આપવામાં આવનાર છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખી કેનાલની કામગીરી પૂર્ણ થઇ ચૂકી છે. શાખા અને વિશાખાઓ બધી જ કામ કરી રહી છે. એટલે જયારે જયારે કમાન્ડ વિસ્તારમાં માંગણી આવે એ વખતે પાણી આપવામાં આવે છે. હવે આગામી ઉનાળુ માટે જે પ્રમાણે ડીમાન્ડ આવશે એ પ્રમાણે આયોજન કરવામાં આવશે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કાણીએલ વિશાખા હેઠળ આવતા કુલ કેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે તદઉપરાંત આ કાણીએલ વિશાખા હેઠળ આપણે પિયત સહકારી મંડળીઓ કેટલી બનાવવાની થાય છે, કેટલી બનાવી છે અને કેટલી બાકી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કેનાલથી સનાલી મહેમદાવાદ શાખા નહેરોના વાસણા દાપટ ડાયરેક વિશાખા કેનાલમાં પાણી વહાવી કઠલાલ તાલુકાના સનાલી, ધોડાસર અને મહેમદાવાદ શાખાના વાસણા દાપટ વિસ્તારમાં પાણી આપવામાં આવે છે. કેનાલો

બન્યા બાદ એનો કમાન્ડ વિસ્તાર વિકસાવવા માટે અને ખેડૂતો નર્મદાનું પાણી યોગ્ય રીતે વાપરે એ માટે નર્મદા નિગમ તરફથી એમને માર્ગદર્શન આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. અને એના માટે પિયત સહકારી મંડળીઓની રચના કરવામાં આવે છે અને આ પિયત સહકારી મંડળીઓને નિગમ દ્બારા તાલીમ આપી અને એમને ગુજરાત સરકારની વાલ્મી વગૅરે સંસ્થાઓમાં અથવા કોઇ સારા કમાન્ડ વિસ્તારમાં લઇ જઇ અને પ્રત્યક્ષ નિદર્શન દ્બારા નર્મદાના પાણીનો કરકસરથી પણ સારી રીતે ખેતી કરવા માટેનો ઉપયોગ કરવાની પણ સમજ આપવામાં આવે છે. અને આ માટે અત્યારે જે મંડળીઓની રચના કરવાની છે એ તમામ મંડળીઓની રચના થઇ ગઇ છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે આ નર્મદા યોજના છે એમાં કઠલાલ તાલુકામાં જે ડીસ્ટ્રીકટનો એ છે એ બિલકુલ બંધ છે તો એ કયારે ચાલુ કરવામાં આવશે અને એ જો ના બંધ હોય અને તમે કહેશો કે ચાલુ છે પણ તમે આવીને જોવો બંધ છે કે નહીં, અને એ લોકોને ખેડૂતોને પાણી મળતું નથી તો કયારે મળશે પાણી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ફકત કણીએલ શાખા પૂરતો જ છે. એટલી જ માહિતી મારી પાસે છે, આપને લાગણી હોય ચોકકસ રીસેસમાં મને મળો હું પૂરી માહિતી આપને આપીશ.

### કલ્પસર યોજના હેઠળ ખર્ચ

* **૨૬૦૨૭ શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તાઃ૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ કલ્પસર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો,

(૨) તે અન્વયે આ યોજના ઉકત સ્થિતિએ કયા તબકકે છે, અને

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે?

**મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) ઃ**

(૧) રુ.૬૦.૫૭ કરોડ

(૨) કલ્પસર યજનાનો ડીટેઇલ્ડ ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવાની કામગીરીને નીચે મુજબના ઘટકોમાં (કોમ્પોનન્ટસ)માં વહેંચવામાં આવેલ છે.

**૧.**૧) નર્મદા નદી પર ભાડભૂત બૅરેજના બાંધકામની કામગીરી.

બૅરેજના સર્વે સંશોધનો, પ્રાથમિક આલેખન અંદાજો, અને પીપીપી પદ્ધતિ હેઠળ ડ્રાફટ ટેન્ડર તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા પર્યાવરણને લગતા અભ્યાસો, પૂર્ણતાને આરે છે અને ઓકટોબર ૨૦૧૨ સુધીમાં બૅરેજનું કામ ચાલુ કરવાનું આયોજન છે.

૨.૨કલ્પસર બંધ અને ડાયવરઝન કેનાલની તાંત્રિક કામગીરી. ૬ દરીયાઇ અને જમીનના સર્વેક્ષણ, આલેખનના અભ્યાસ, કુદરતી પરીબળો જેવા કે ભૂકંપ સૂનામી, વાવાઝોડા વગૅરેની બંધ પર થતી પ્રવાહની ગણતરી, બંદરો પર થનાર અસરો વગૅરેના અભ્યાસો પ્રગતિ હેઠળ / પૂર્ણ થવાના તબકકે છે.

૩.પર્યાવરણીય અને સામાજીક અસરોના અભ્યાસો.–

સ્કોપીંગ સ્ટડી, સોલ્ટ પાન અને મેનગ્રુવ પરની અસરો, બેઝ લાઇન ડેટા કલેકશન, પાણીની ગુણવત્તા જેવા અભ્યાસો પૂર્ણ થવાના તબકકે છે. જયારે પર્યાવરણીય અને સામાજીક અસરોના વિગતવાર અભ્યાસ, કોસ્ટલ રેગ્યુલેટરી ઝોનની મંજૂરી વગૅરેના અભ્યાસો આયોજન કક્ષાએ છે.

૪ કલ્પસર યોજનાના આર્થિક પાસાને લગતા અભ્યાસો.

પરિવહન પર થનાર અસરના અભ્યાસો પૂર્ણ થવાના તબકકે છે તથા સરોવરના ફરતે ઉપલબ્ધ થનાર જમીનનો અભ્યાસ પ્રગતિ હેઠળ છે.

૫ યોજનાને લગતા કાયદાકીય પાસાઓની ચકાસણી,
ભાડભૂત બૅરેજના કાયદાકીય પાસાઓની ચકાસણીના અભ્યાસ પૂર્ણ થવાના તબકકે છે જયારે કલ્પસર યોજનાના કાયદાકીય પાસાઓની ચકાસણીના અભ્યાસ પ્રગતિ હેઠળ છે.

૬ કલ્પસર યોજનાના પિયત વિસ્તારનેલગતા અભ્યાસ–
આ અંગેનો પ્રાથમિક અભ્યાસ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત દર્શાવેલ અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજૂરીઓ મળ્યેથી, કામ શરુ કરી યોજના પાંચથી સાત વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એ પ્રશ્ન પૂછવાનો છે તાઃ૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ કલ્પસર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો તો મને જવાબ મળ્યો છે રુ. ૬૦.૫૭ કરોડ, યોજના બનાવવામાં મને જે વિગતવાર પ્રશ્નો પણ એમણે આપ્યા છે કેટલીકવાર એમ કહે છે કે આ કલ્પસર યોજના પીપીપી પદ્ધતિ હેઠળ ડ્રાફટ ટેન્ડર હેઠળ છે. અને બીજા પ્રશ્નમાં પાછો એમ જવાબ આપવામાં આવે છે કે જમીનનો સર્વે કરવામાં આવ્યો છે અને છેલ્લે કોસ્ટલ રેગ્યુલેટરી ઝોનની મંજૂરી વગેરેના અભ્યાસો આયોજન કક્ષાએ છે. આ જયારે ભા.જ.પ.ની સરકાર હતી ૧૯૯૫માં ત્યારે શકયતાદર્શી અહેવાલ માટે પૈસા ફાળવેલ અને કલ્પસરના નામે મોટી મોટી વાતો સતત થાય છે. આજે ૧૭ વર્ષથી આયોજનાનું નિર્માણ કરવાનું વિચાર્યુ ત્યારે ૧૭ વર્ષ પછી પણ શકયતાદર્શી અહેવાલ તૈયાર થયો નથી તો કયારે થશે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ યોજનાની વિશાળતા, એની વ્યાપકતા એ આપણા માનનીય સભ્યશ્રીઓએ સમજવી જોઇએ. આ કોઇ નાનું તળાવ કે નાનો ડેમ બનાવવાનો કે કોઇ ૧૫–૨૦ કિલોમીટરની પાઇપ લાઇન નાખવાની યોજના નથી. સમગ્ર ભારતમાં અને કદાચ એશિયાભરમાં મોટામાં મોટી અને પહેલી વખત બનતી, નર્મદા યોજના કરતા પણ અનેક પ્રકારની વિવિધતા ધરાવતી અને અનેક પ્રકારના લાભો આપતી આ કલ્પસર યોજના છે. આ યોજના કોઇ જમીન પર બનવાની નથી. ખંભાતના દરિયામાં સેંકડો ચોરસ કિલોમીટરનો વ્યાપ ધરાવતા વિસ્તારમાં આ યોજના બનવાની છે. એના તમામ પ્રકારના જે સરવે વગેરેની કામગીરી છે એ આપણે ઝડપથી આગળ વધારીએ છતાં એને લગતો સમય છે એ એની કામગીરીના વ્યાપના કારણે, એમાં જુદા જુદા પ્રકારના જે સરવે કરવાના છે એની કામગીરી અને એની વ્યાપકતા જોતાં આ યોજનામાં સમય જાય એ સ્વભાવિક છે. કલ્પસર યોજનામાં અનેક પ્રકારના દરિયાઇ સર્વેક્ષણો કરવાના છે, પર્યાવરણીય સર્વેક્ષણો કરવાના છે. એના ભૂતાંત્રિક સર્વેક્ષણો કરવાના છે. ફ્લડ સ્પીલ વે છે એની કેપેસિટીનો સરવે કરવાનો છે, પર્યાવરણ અને દરિયાઇ જીવો ઉપર આ યોજના થવાથી શું અસરો ઉભી થશે એનો પણ સરવે કરવાનો છે અને આ સરવેની તમામ કામગીરી આપણા દેશમાં ઉપલબ્ધ ઊંચામાં ઊંચી કક્ષાના અને ભારત સરકારની તમામ સંસ્થાઓનો સહયોગ લઇને આપણે કરી રહ્યા છીએ. ત્યારે પ્રથમ તબક્કામાં આના છ કોમ્પોનન્ટ છે એ કોમ્પોનન્ટ પ્રમાણે પહેલા તબક્કે ભાડભૂત પાસે બૅરેજ બનાવવાનું કામ આપણે લગભગ સરવેની કામગીરી અને પ્રાથમિક તમામ વ્યવસ્થાઓ, ટેકનીકલ રીતની આપણે કરી દીધી છે અને વહેલામાં વહેલી તકે એટલે કે ઓકટોબર ૨૦૧૨ સુધીમાં ભાડભૂતનું કામ શરૂ થાય એ પ્રમાણેનું આપણે આયોજન કર્યું છે. હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ કામ કેવા પ્રકારનું છે. આ ભાડભૂતનું જે કામ આપણે કરીશું એ આપણા સૌરાષ્ટ્રના શેત્રુંજી અને ભાદર ડેમો બન્નેને ભેગા કરીએ અને જેટલું પાણી એમાં સંગ્રહ કરી શકાય એટલું પાણી આ ભાડભૂત બૅરેજમાં આપણે સંગ્રહ કરીશું. આની કેનાલ જે બનવાની છે એ ભાડભૂત ડેમથી કલ્પસર સુધી પાણી લઇ જવા માટે એ ૩૨ કિલોમીટર લાંબી બનવાની છે. આ પ્રાથમિક તબક્કે આ બૅરેજ બનાવવાનો ખર્ચ ૨૫૦૦ કરોડનો અંદાજ છે. આ બૅરેજની લંબાઇ ૧૧ કિલોમીટર થશે. નર્મદા નદીના મુખ ઉપર ભરૂચ–હાંસોટ

પાસે હજીરા સુધી જોડતો આ બૅરેજ બનાવવાનો છે. એમાં ૧૧ કિલોમિટર લંબાઇ છે અને આ બૅરેજની પહોળાઇ ૧૦૦ ફૂટ થવાની અને સિક્સ લેનનો હાઇ–વે આ બૅરેજ ઉપરથી પસાર થાય એ પ્રમાણેની આ બૅરેજની કામગીરી છે. હું આ વાત એટલા માટે સભ્યશ્રીઓને વિગતવાર કરી રહ્યો છું કે કામની વિશાળતા જોતાં આપસૌ સમજી શકો છો કે આમાં અનેક પ્રકારના સરવે જરૂરી છે અને સરવેની તમામ કામગીરી લગભગ પૂર્ણતાના આરે છે અને ૨૦૧૨–૧૩ના આખર સુધીમાં તમામ સરવેની કામગીરી પૂર્ણ થશે એ પછી ભારત સરકારની જે વિવિધ મંજૂરીઓ મેળવવાની છે એની પણ પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે અને નવી પણ અહેવાલના આધારે જે આવશે એ પણ આપણે મેળવીશું અને એના આધારે કલ્પસરની આખી કામગીરી આપણે હાથ ઉપર લઇશું પણ હું ચોક્કસ કહીશ કે અત્યારે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે જે કામ ચાલી રહ્યું છે એ આવનારા ગુજરાતમાં નર્મદા કરતાં પણ અનેકગણો વધારે લાભ આપે એવી આ કલ્પસર યોજના આપણે સૌ મંજૂર કરી રહ્યા છીએ.

**શ્રી ઇકબાલ પટેલ :** માનનીય મંત્રીશ્રીએ કલ્પસર યોજનાની વિગતવાર છણાવટ ગૃહ સમક્ષ કરી. એમ.ઓ.યુ.ની જેમ ૧૭ વર્ષથી આ યોજનાની વાત કરવામાં આવે છે. હજુ તો સાંભળવું પડશે. હજુ તો pre-feasibility report તૈયાર થયો નથી. Feasibility reportનું સ્ટેજ પછી આવે છે. ૧૭ વર્ષની અંદર પ્રગતિ આપણી કેટલી થઇ કે pre-feasibility report પણ આપણો તૈયાર થયો નથી? ત્યાર પછી feasibility report આવે છે, અને એ project report stage પહેલા જે બૅરેજ ભાડભૂત પાસે બનાવવાની વાત ચાલી રહી છે. તે પહેલા તો હજુ પર્યાવરણને લગતા અભ્યાસો જે છે તે પણ ૧૭ વર્ષે પૂરા થયા નથી. ૧૭ વર્ષથી તો આપણી એકધારી સરકાર છે અને છતાં આપણે એને કલ્પસરની વાત કરીને ગુજરાતની પ્રજાને આપણે બતાડીએ છીએ (અંતરાય) તેમાં કોઇ વાસ્તવિકતા દેખાતી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ આપને પ્રશ્ન શું પૂછવો છે, પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : મારો પ્રશ્ન એ છે કે આનું લક્ષ્યાંક જે અમલીકરણ મૂકવા માટેનું feasibility report નું, project report નું કેટલા વર્ષ પછી આપણે સમયગાળો નક્કી કર્યો છે? નં.૨, ભાડભૂતનો કિનારો મારા મતવિસ્તારમાં આવે છે. એના કિનારા ઉપર કુકરવાડાથી લઇને ભાડભૂત સુધીના ૧૫ થી ૧૭ ગામોમાં ફિશરીઝનું અત્યારે ત્યાં કામ ચાલી રહ્યું છે. ત્યાંથી એ લોકો ફિશરીઝ માટે આપ ખંભાતનો દરિયો કહો છો એ દરિયામાં હજારો માછીમારો ત્યાં જતા હોય છે. આ રિપોર્ટ વખતે, આ બૅરેજ વખતે એ માછીમારોના જીવન નિર્વાહ ઉપર આવવા–જવામાં કોઇ અસર ના પડે એ અંગેની કોઇ જોગવાઇ કલ્પસરના બૅરેજના જે અર્બન ટાઇપનું છે તેના અંદર આપણે રાખવા માગીએ છીએ કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું નહોતું પણ આ લોકોને મારી પાસે સાંભળવાની બહુ ઇચ્છા હોય છે. એટલે મારે કહેવું છે ૪ દિવસ પહેલાની વાત ઇકબાલભાઇ મારે આપને યાદ દેવડાવી છે કે નર્મદા નદી ઉપર જે નેશનલ હાઇવે છે એનો જૂનો પૂલ એ ખખડી ગયો છે. એ નેશનલ હાઇવે કેન્દ્ર સરકાર સંભાળે છે. (અંતરાય) આમાં નથી આવતું પણ લાવું છું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ નહિ. (અંતરાય) એમણે પૂછેલા સવાલનો જવાબ આપો પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ટેકનિકલ કામમાં કેમ સમય લાગે એ મારે કહેવું છે. (અંતરાય) ટેકનિકલ કામોમાં કેમ સમય લાગે એ તો સમજવું જ પડશે. ખાલી ફક્ત ૩૦૦ કરોડ રૂપિયાનો એક પૂલ ભારત સરકારે બનાવવાનો છે. કેન્દ્ર સરકારના એક મોટામાં મોટા તમારા નેતા, મોટામાં મોટા સલાહકારશ્રી બે વર્ષથી કહે છે કે આ પૂલ બની જશે. હમણાં અઠવાડિયા પહેલા આવ્યા હતા. ભરૂચમાં મિટિંગ કરી અને એમ કહ્યું કે અમે એનું કામ કરી રહ્યાં છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ પ્લીઝ, પ્રશ્ન ઉપર જવાબ આપો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ ૩૦૦ કરોડનું કામ ૩ વર્ષમાં નથી કરી શકતા અને ૫૦,૦૦૦ કરોડનું કામ (અંતરાય) પાંચ વર્ષમાં માગે છે.

અધ્યક્ષશ્રી : આપ પૂરક પ્રશ્નનો જવાબ આપો, પ્લીઝ.

શ્રી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની કાયાકલ્પ કરનાર યોજના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇની આગેવાની હેઠળની ભાજપની સરકાર દ્વારા જ મૂર્તિમંત થવાની છે અને ગુજરાતની પ્રજાને એવો દ્દઢ વિશ્વાસ છે અને આ દ્દઢ વિશ્વાસની સાથે હું મંત્રીશ્રીને આપના માધ્યમથી પ્રશ્ન પૂછવા માગુ છું કે આ યોજનાના ડિટેઇલ પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવા માટે કેન્દ્ર અથવા રાજ્યની કઇ કઇ નામાંકિત સંસ્થાઓની મદદ લેવામાં આવેલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આનું જો હું લિસ્ટ વાંચુ તો આપણને ખ્યાલ આવશે કે કેટલી લાંબી કામગીરી કરી જે પ્રેસ્ટીજ નામાંકિત સંસ્થા દ્વારા આપણે કરીએ છીએ. (૧) National Institute of Ocean Technology, Chennai, (૨) National Institute of Oceanography, Goa, (૩) National Geo-physical Research Institute, Hyderabad, (૪) National Engineering Environment Research Institute, Nagpur, (૫) Central Salt and Marine Chemical Research Institute, Bhavnagar, (૬) Survey of India, Dehra-Dun, (૭) IIT, Delhi, Roorkie, Chennai, (૮) National Institute of Hydrology, Roorkie, (૯) Central Water and Power Research Station, Pune, (૧૦) Gujarat Engineering Research Institute, Baroda, (૧૧) CEPT University, Ahmedabad, (૧૨) Gujarat Ecology Society, Baroda, (૧૩) Gujarat Pollution Control Board. આવી તમામ સંસ્થાઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આનું સરવે કરવામાં આવે છે અને આમાંની ૯૦ ટકા સંસ્થા ભારત સરકારની માલિકીની સંસ્થાઓ છે અને ભારત સરકારની પ્રતિષ્ઠિત માલિકીની સંસ્થાઓ દ્વારા આપણે આ સરવે કરાવીએ છીએ.

## ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ

***૨૬૫૯૫ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાની સંવર્ગવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી, અને

(૨) આ પૈકી તા. ૩૧–૩–૨૦૧૧ની સ્થિતિએ ખાલી જગ્યાઓ કેટલી?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)ઃ

(૧)

| **સંવર્ગ** | **વર્ગ** | **મંજૂર મહેકમ** |
|---|---|---|
| પોલીસ અધિક્ષક | ૧ | ૧ |
| નાયબ પોલીસ અધિક્ષક | ૧ | ૬ |
| બિન હથિયારી પો.ઈ. | ૨ | ૧૬ |
| હથિયારી પો.ઈ. | ૨ | ૦ |
| મહિલા પો.ઈ. | ૨ | ૧ |
| બિન હથિયારી પો.સ.ઈ. | ૩ | ૬૮ |
| બિન હથિયારી એ.એસ.આઈ | ૩ | ૧૬૧ |
| હથિયારી એ.એસ.આઈ | ૩ | ૬૦ |
| મહિલા એ.એસ.આઈ | ૩ | ૯ |
| બિન હથિયારી હે.કો. | ૩ | ૨૨૯ |
| હથિયારી હે.કો. | ૩ | ૧૨૦ |
| મહિલા હે.કો. | ૩ | ૧૩ |
| બિન હથિયારી પો.કો. | ૩ | ૬૩૦ |
| હથિયારી પો.કો. | ૩ | ૬૨૯ |
| મહિલા પો.કો. | ૩ | ૬૭ |
| **સરવાળો** | | **૨૦૧૦** |

(૨)તા. ૩૧–૩–૨૦૧૧ની સ્થિતિએ ખાલી જગ્યાઓ.

| **સંવર્ગ** | **વર્ગ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| પોલીસ અધિક્ષક | ૧ | ૦ |
| નાયબ પોલીસ અધિક્ષક | ૧ | ૧ |
| બિન હથિયારી પો.ઈ. | ૨ | ૨ |
| હથિયારી પો.ઈ. | ૨ | ૦ |
| મહિલા પો.ઈ. | ૨ | ૧ |
| બિન હથિયારી પો.સ.ઈ. | ૩ | ૭ |
| બિન હથિયારી એ.એસ.આઈ | ૩ | ૧૭ |
| હથિયારી એ.એસ.આઈ | ૩ | ૧૩ |
| મહિલા એ.એસ.આઈ | ૩ | ૬ |
| બિન હથિયારી હે.કો. | ૩ | ૭ |
| હથિયારી હે.કો. | ૩ | ૧૨ |
| મહિલા હે.કો. | ૩ | ૦ |
| બિન હથિયારી પો.કો. | ૩ | ૧૯૭ |
| હથિયારી પો.કો. | ૩ | ૧૯૫ |
| મહિલા પો.કો. | ૩ | ૫૫ |
| **સરવાળો** | | **૫૧૩** |

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતામાં મંજૂર મહેકમ કેટલું ? તો માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં મહિલા એ.એસ.આઈ.ની ૯ જગ્યાઓ મંજૂર છે એમાંથી ૬ જગ્યાઓ ખાલી છે. પોલીસ કોન્સ્ટેબલની ૬૭ જેટલી જગ્યાઓ મંજૂર છે એમાંથી ૫૫ જેટલી જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ મંજૂર મહેકમ ૨૦૧૦ જેટલું છે તો એમાંથી ૫૧૩ જેટલી જગ્યાઓ ખાલી છે. આ ૫૧૩ જેટલી જગ્યાઓ એક જિલ્લામાં ખાલી હોય તો આખા રાજયમાં કેટલી જગ્યાઓ ખાલી હશે ? અને આ ખાલી જગ્યાઓના લીધે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે તો આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે?

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ જે કહયું તે કે, ઘણી જગ્યાઓ ખાલી છે, જગ્યાઓ કયારે ભરાશે? પણ મારે આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ એક વાત કરવી છે કે, આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના કુશળ માર્ગદર્શન અને સુંદર વહીવટના કારણે માત્ર સાત વર્ષના ટૂંકાગાળામાં ૪૦ ટકા જેટલી જગ્યાઓ આ રાજય સરકાર ભરી શકી છે, ૪૦ ટકા ભરતી માત્ર છેલ્લા સાત વર્ષમાં થઇ.

અધ્યક્ષશ્રી : આપણે ભાવનગર પૂરતો જવાબ આપીએ.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : એમણે કહ્યું કે, રાજયમાં કેટલી એની વાત કરી એટલા માટે.

અધ્યક્ષશ્રી : નહીં, પછી.(અંતરાય)

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનસિંહભાઇ, જયાં સુધી ખાલી જગ્યાઓ જે છે કોન્સ્ટેબલની તો ચાલુ વર્ષે પણ, આ વર્ષે જે ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે એમાં લગભગ ૧૦,૫૭૩ જેટલા અલગ અલગ સંવર્ગના

કર્મચારી, અધિકારીઓની ભરતી થવાની છે. એ ભરતી થયેથી શકય એટલી ઝડપે આ જગ્યાઓ ભરવાના આપણે પ્રયાસો કરીશું.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનસિંહભાઇએ ભાવનગરની ખૂબ ચિંતા કરી છે પણ ભાવનગર જિલ્લામાંથી તો હું આવું છું એટલે કાયદો અને વ્યવસ્થા તમારા વખતમાં હતી એના

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : કરતાં સારી છે અને બીજું કે, આપની જયારે સરકાર હતી ત્યારે મિત્રો જે ભરતી પ્રક્રિયા હતી ત્યારે લક્ષ્મીછાપનો થેલો લઇને જતા અને પછી નોકરી મળતી

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : હું પ્રશ્ન ઉપર જ, લાઇન ઉપર જ આવું છું સાહેબ, પછી જયારે ભરતી આ રાજય સરકારનો મને આનંદ થાય છે કે, અત્યારની જે ભરતી પ્રક્રિયા છે એમાં જે રીતે મેરિટ છે એ પ્રમાણે પસંદગી થાય છે, પછી એ ગરીબ હોય કે અમીર હોય, નોકરી આ રાજય સરકાર મફતમાં આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, છેલ્લા સાત વર્ષ દરમિયાન વર્ષવાર, સંવર્ગવાર પોલીસ ખાતામાં કેટલા કર્મચારીઓ, અધિકારીઓની પસંદગી કરવામાં આવી ?

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે છેલ્લા સાત વર્ષ દરમિયાન કેટલી ભરતી થઇ છે ? માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઇ મેજોરીટી ભરતી થઇ છે, મારે ચોક્કસ એમ કહેવું પડે કે, છેલ્લા સાત વર્ષના ટૂંકાગાળામાં ખૂબ મોટી સંખ્યામાં આપણે ભરતી કરવામાં સફળ થયા છે. લગભગ ૨૬,૦૦૦/– જેટલા પોલીસ કર્મચારીઓ–અધિકારીઓની આપણે ભરતી કરી શકયા છીએ. વર્ષ ૨૦૦૫માં, માનનીય સદસ્યશ્રીએ પૂછ્યું છે એ પ્રમાણે, બિન હથિયારી ડી.વાય.એસ.પી.ની ૧૩ જગ્યાઓ કે જેમાં ૩ મહિલા અધિકારીઓ છે. ૨૦૦૬માં બીન હથિયારી લોકરક્ષકની ૧,૦૩૫, હથિયારી લોકરક્ષકની ૧,૯૬૫,(અંતરાય) માનનીય સદસ્યશ્રીએ પૂછ્યું છે. વર્ષ ૨૦૦૮માં બિન હથિયારી પી.એસ.આઇ.ની ૧૮૫, બિન હથિયારી લોકરક્ષકની ૩,૯૪૬, હથિયારી લોકરક્ષકની ૧,૪૪૪ છે, એસ.આર.પી.ની. (અંતરાય) માનનીય સદસ્યશ્રીએ પૂછ્યો છે એટલે હું કહું છું. આઇ ડુ એગ્રી કે આ ભાવનગર પૂરતો પ્રશ્ન છે પણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : જિલ્લાનો પ્રશ્ન છે પણ સભ્યશ્રીએ રાજયની માહિતી પૂછી હોઇ અને મંત્રીશ્રી પાસે ઉપલબ્ધ હોય તો આપશે.(અંતરાય)

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : એમણે માહિતી માગી છે અર્જુનભાઇ (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનસિંહભાઇએ પણ રાજયનો ઉલ્લેખ કર્યો અને સરવૈયાજીએ પણ ઉલ્લેખ કર્યો. જવાબ હોય તો આપશે, ના હોય તો ના આપે. પ્લીઝ.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : ઇકબાલભાઇ, જવાબ ખરેખર સારો છે એટલા માટે કહું છું. કે, સાહેબ, આખા દેશની અંદર સૌથી મોટું જો કોઇ યુવાનોને એવું હોય કે જેમાં યુવાનોમાં યુવાન પોલીસ કર્મચારીઓ–અધિકારીઓ હોય તો એ માત્ર ગુજરાતનું છે. સાહેબ, આ ગુજરાત માટે ગૌરવની વાત છે. (અંતરાય) ઇકબાલભાઇ, માનનીય સદસ્યશ્રીએ, ખુમાનસિંહભાઇ બે મિનિટ (અંતરાય) અર્જુનભાઇ, પૂછ્યું છે એટલી જ માહિતી આપી દઉં. વર્ષ ૨૦૧૦ માં બીન હથિયારી ડી.વાય.એસ.પી.ની એક જગ્યા, બીન હથિયારી પી.એસ.આઇ.ની ૬૮૦, હથિયારી પી.એસ.આઇ. ૧૪૩, ઇન્ટેલીજન્ટ ઓફીસર ૪૪, બીન હથિયારી લોક રક્ષક ૫૯૨૫ જેમાં ૫૫૬ મહિલા અધિકારીઓ છે. હથિયારી લોક રક્ષક ૨૫૫૪ છે. એસ.આર.પી.ના લોક રક્ષક ૪૧૮૧ કે જેમાં ૪૧૫ મહિલાઓ છે. વર્ષ ૨૦૧૧માં બીન હથિયારી ડી.વાય.એસ.પી. ૬૩ છે જેમાં ૨૦ મહિલા અધિકારી છે અને એસ.આર.પી.ના લોક રક્ષક ૧૧૧૨ આમ છેલ્લા સાત વર્ષ દરમિયાન કુલ ૨૬૮૩૬ જેટલા જુદા જુદા સંવર્ગના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાતમાં સૌથી વધારે યુવાન પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ છે પણ સૌથી વધારે જેલમાં પણ ગુજરાતના જ પોલીસ અધિકારીઓ છે અને હવે તો કવિતા લખતા તમે કરી દીધા છે એમને બધાને (અંતરાય)

અધ્યક્ષશ્રી : જગ્યાઓ બાબતનો જ પ્રશ્ન છે અર્જુનભાઇ, (અંતરાય) આપ જગ્યાઓ બાબતનો જ પૂરક પ્રશ્ન પૂછો. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હા, હું જગ્યાઓ બાબતનો જ પ્રશ્ન પુછું છું આ ભાવનગર, મારે બીજા કોઇની ચર્ચા નથી કરવી પણ આપે કહ્યું કે ૪૦ટકા જગ્યાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીના કુશળ માર્ગદર્શનમાં આપે ૪૦ ટકા જગ્યાઓ ભરી. એનો મતલબ કે આપને ત્યાં ૪૦ટકા જગ્યાઓ ખાલી હતી અને એના પછી પણ (અંતરાય) બહેન, આપ શું કરવા ચિંતા કરો છો? માનનીય મુખ્યમંત્રીશ્રી ચિંતા કરે કે માનનીય મંત્રીશ્રી કરે. આપ શું કરવા ચિંતા કરો છો? આપ મને ડિસ્ટર્બ કરો માં. સાહેબ ત્યાં બેઠા બેઠા આ જ કામ કરવાનું?

અધ્યક્ષશ્રી : પણ આપે મારી સામે જોઇને પ્રશ્ન કરવો જોઇએ. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ, ત્યાંથી મને ડિસ્ટર્બ કર્યા રાખે છે.

અધ્યક્ષશ્રી : નહીં, પણ આપ મારી બાજુ ધ્યાન આપો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : પ્રશ્નનો જવાબ એમને એસાઇન કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, છતાં આપના મુખ્યમંત્રીશ્રીના કુશળ માર્ગદર્શનમાં અહીંયા મને બતાવ્યું એ પ્રમાણે ૨૫ ટકા જગ્યાઓ ખાલી છે આજે પણ. ૨૦૧૦માંથી ૫૧૩ જગ્યાઓ ખાલી છે અને એમાં પણ સૌથી વધારે જગ્યાઓ જો ખાલી હોય તો તે કોન્સ્ટેબલોની છે. લગભગ ૫૧૩માંથી ૪૦૦ ઉપર જગ્યાઓ કોન્સ્ટેબલોની છે એટલે છતાંય કુશળ માર્ગદર્શનમાં આવું થાય છે એટલે રાજયમાં કેટલી જગ્યાઓ ખાલી છે મને ખબર છે માંગણી કરવા છતાંય આપ એનો જવાબ નહીં આપો. આપશો તો હું ખુબ રાજી ખુશી થઇશ કે આખા રાજયની અંદર કેટલી જગ્યાઓ ખાલી છે અને આ ભાવનગરમાં આપના મુખ્યમંત્રીશ્રીના કુશળ માર્ગદર્શનમાં કયાં સુધીમાં જગ્યા ભરવા માગો છો? તારીખ આપી શકશો તો આનંદ થશે.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : અર્જુનભાઇ, આપે જે વાત કરી. મારે આ પ્રશ્નને આગળ લઇ નહોતો જવો. તમે એમ કહ્યું કે કેટલા પોલીસ અધિકારીઓ જેલમાં છે. તમે આ ધમપછાડા, મારા અધિકારીઓની પાછળ પડી ગયા છો અને મારા અધિકારીઓનું મોરલ તોડવાનો સતત પ્રયાસ કરો છો સાહેબ. આખો દિવસ તમે આ સિવાય બીજો કોઇ કાર્યક્રમ નથી કર્યો. અર્જુનભાઇ, આખો દિવસ આ જ કાર્યક્રમ ચાલુ રાખ્યો છે. (અંતરાય...ઘોંઘાટ) સાહેબ, તમે છેલ્લા આઠ વર્ષમાં, અર્જુનભાઇ, તમે છેલ્લા આઠ વર્ષમાં અર્જુનભાઇ,(અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર...ઓર્ડર, પ્લીઝ. બેસી જાવ...(અંતરાય) ઇકબાલભાઇ, પ્લીઝ.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : બેસી જાવ ખુમાનસિંહભાઇ, સમજણ ના પડે તમને. બેસી જાવ. (અંતરાય) એક મિનિટ, અર્જુનભાઇએ કહ્યું છે જવાબ તો સાંભળો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર ...ઓર્ડર પ્લીઝ. માનનીય મંત્રીશ્રી, આપ સીધા જવાબ આપો. પ્લીઝ.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : રાજયની કુલ મંજુર થયેલ જગ્યાઓ ૮૨૧૮૧ છે. એમાંથી ૬૮૨૦૧ જગ્યા ભરાયેલી છે. ૧૩૯૮૦ જગ્યા ખાલી છે. ઇન શોર્ટ, ૮૨.૯૮ ટકા જગ્યાઓ ભરાયેલી છે અને ચાલુ વર્ષે ૧૦૫૫૩ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે એ પૂર્ણ થતા લગભગ ૯૮ ટકા જેટલી જગ્યાઓ આ રાજયમાં પોલીસ વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓની જગ્યાઓ ભરાઇ જવાની છે.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. હું પહેલી અતાંરાકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ડાયરેક્ટોરેટ ફોરેન્સીક સાયન્સને નેશનલ એક્રીડીટેશન

૨૯૭૫૯ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ડાયરેક્ટોરેટ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગરને આંતરરાષ્ટ્રિય દરજ્જાની સ્ટેટ ઓફ ધ આર્ટ લેબોરેટરી તરીકે નેશનલ એક્રીડીટેશન મળેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કોના દ્વારા અને ક્યારે મળેલ છે? | (૨) ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રાલય હેઠળની સ્વાયત સંસ્થા નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીઝ (એન.એ.બી.એલ.) દ્વારા ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગરને નેશનલ એક્રીડીટેશન આઈ.એસ.ઓ./આઈ.ઈ.સી. ૧૭૦૨૫-૨૦૦૫ (I.S.O./ I.E.C. ૧૭૦૨૫-૨૦૦૫) આપવામાં આવેલ છે. આ નેશનલ એક્રીડીટેશન મે-૨૦૦૬માં મળેલ છે.<br>આ ઉપરાંત પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા કચેરી સુરત તેમજ મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન અને ગૌ માંસ પરિક્ષણ લેબોરેટરીને પણ (અમદાવાદ, ગાંધીનગર, સુરતને) એન.એ.બી.એલ. એક્રીડીટેશન આઈ.એસ.ઓ./આઈ.ઈ.સી. ૧૭૦૨૫-૨૦૦૫ (I.S.O./ I.E.C. ૧૭૦૨૫-૨૦૦૫) મળેલ છે. |

### રાધનપુર તાલુકાના દેલાણા ગામના ખેડૂતોને નર્મદા કેનાલથી નુકસાન

૨૬૮૪૫ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના દેલાણા ગામના ખેડૂતોને નર્મદાની કેનાલોથી મોટું નુકસાન થાય છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો આ ખેડૂતોની આ કેનાલો ગામના સિમાડા બહાર ખસેડવા સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી માંગણીઓ મળી, અને | (૧) અને (૨) ના. જી. દેલાણા ગામના ખેડૂતો દ્વારા સદર કેનાલો ગામના સીમાડા બહાર ખસેડવા માટે સરકારને છેલ્લા ૧ વર્ષમાં કોઈ માંગણી મળેલ નથી. |
| (૩) મળેલ માંગણીઓ અન્વયે સરકારે ખેડૂતોને નુકસાન ન થાય તે માટે શી કાર્યવાહી કરી? | (૩) કોઈ માંગણી મળેલ ન હોઈ, કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### દાહોદ શહેર અને જિલ્લામાં ગેરકાયદે પશુઓની હેરાફેરી

૨૬૫૩૯ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ શહેર અને જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પશુઓની ગેરકાયદેસર હેરાફેરી અન્વયે કેટલા કિસ્સાઓ નોંધવામાં આવ્યા, | (૧) ૧૫. |
| (૨) કેટલા પશુઓને તે અન્વયે છોડાવવામાં આવ્યા, અને | (૨) ૨૭૮. |
| (૩) તેમાં સંડોવાયેલા ઈસમો સામે શાં પગલાં લીધા? | (૩) સંડોવાયેલા ઈસમો સામે પ્રવર્તમાન પશુ સંરક્ષણ અધિનિયમ તથા પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાના અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. |

### રાજ્યમાં મરીન કમાન્ડો ટાસ્ક ફોર્સની રચના

૨૬૬૩૦ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે મરીન કમાન્ડો ટાસ્ક ફોર્સની રચના ક્યારે કરી, અને | (૧) રાજ્ય સરકારે મરીન રાજ્ય અનામત પોલીસ દળની રચના વર્ષ -૨૦૦૯ માં કરી છે. |
| (૨) તે અન્વયે રાજ્ય સરકારે સંવર્ગવાર કેટકેટલો સ્ટાફ ક્યારે મંજૂર કર્યો અને તેની હેડઓફીસ હાલ કયા સ્થળે કાર્યરત છે? | (૨) |

| | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| કમાન્ડો | ૪૧૬ | ૪૧૬ |
| યાંત્રિક | ૧૦૩ | ૧૦૧ |
| વહીવટ | ૪૮ | ૪૯ |
| **કુલ** | **૫૬૭** | **૫૬૬** |

તેની હેડઓફીસ હાલ ગાંધીનગર ખાતે કાર્યરત છે.

**વણાકબોરી વીજ મથકને પૂરો પાડવામાં આવેલ કોલસાનો પૂરવઠો**

૨૬૬૯૪ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વણાકબોરી વીજ મથકને કોલસાનો જથ્થો કોણ પૂરો પાડે છે,

(૨) નાણાકીય વર્ષ સન ૨૦૦૯-૧૦, સન ૨૦૧૦-૧૧ અને સન ૨૦૧૧-૧૨માં કોલસાના કેટલા જથ્થા માટે માંગણી કરવામાં આવેલ, અને

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વર્ષવાર કોલસાનો કેટલો પુરવઠો મળ્યો?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારીત વીજ ઉત્પાદન કરતા વણાકબોરી વીજ મથકને કોલસાનો જથ્થો, કોલ ઈન્ડિયાની સબસીડીયરી કંપની સાઉથ ઈસ્ટર્ન કોલ ફીલ્ડસ (છત્તીસગઢ/મધ્યપ્રદેશ)ની ખાણોમાંથી પુરો પાડવામાં આવે છે.

(૨) નાણાંકીય વર્ષ સન-૨૦૦૯-૧૦, સન ૨૦૧૦-૧૧ અને સન ૨૦૧૧-૧૨ માં કોલસાના જથ્થાની માંગણી નીચે મુજબ કરવામાં આવેલ.

| વણાકબોરી વીજ મથક | વર્ષ (આંકડા લાખ મેટ્રીક ટનમાં છે) | | |
|---|---|---|---|
| | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (૩૧-૧૨-૨૦૧૧ સુધી) |
| કોલસાની જરૂરીયાત | ૮૪.૪૧ | ૮૪.૭૧ | ૬૩.૩૧ |
| કેન્દ્ર સરકારની કોલ કંપની સાથે થયેલ કરાર પ્રમાણે કોલસાના જથ્થાની માંગણી | ૮૬.૭૦ | ૮૫.૨૦ | ૬૦.૬૦ |

(૩) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષવાર કોલસાનો પુરવઠો નીચે મુજબ મળેલ.

| વણાકબોરી વીજ મથક | વર્ષ | | |
|---|---|---|---|
| | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (૩૧-૧૨-૨૦૧૧ સુધી) |
| કોલસાનો મળેલ પુરવઠો (આંકડા લાખ મેટ્રિક ટનમાં) | ૮૦.૭૫ | ૭૭.૭૧ | ૬૩.૩૧ |

**સને ૨૦૦૯ તથા ૨૦૧૧ના વાયબ્રન્ટ ગુજરાત દરમ્યાન પાવર પ્રોજેકટ પર થયેલા એમ.ઓ.યુ.**

૨૬૬૩૪ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૧ ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત દરમ્યાન કુલ કેટલી રકમના મૂડીરોકાણ માટે પાવર પ્રોજેકટ ક્ષેત્રે એમ.ઓ.યુ. થયેલ હતાં,

**જવાબ**

(૧) સન ૨૦૦૯ અને ૨૦૧૧ ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમ્યાન ` ૭,૧૬,૯૬૯ કરોડના મૂડીરોકાણ માટે પાવર પ્રોજેકટ ક્ષેત્રે એમ.ઓ.યુ. થયેલ હતા.

અને

(૨) આ પૈકી તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ કેટલી રકમનું વાસ્તવિક મૂડીરોકાણ થયેલું છે?

(૨) સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતર-માળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ, બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તકનીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે. મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ઉકત `૭,૧૬,૯૬૯ કરોડના કુલ મૂડીરોકાણ પૈકી `૭,૦૮,૩૯૦ કરોડના મૂડીરોકાણવાળા પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને `૮૫૭૯.૦૬ કરોડના કામ પૂર્ણ થયેલ છે.

**મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૨૬૭૩૩ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા ગરીબ ઝુંપડાવાસીઓને નવીન વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

| ૬ | સનાળા તળાવ | કુંકાવાવ | ૬.૯૦ |
| ૭ | ભટ્ટવદર તળાવ | લાઠી | ૧૦.૨૬ |
| ૮ | પીઠવડી તળાવ નં. ૧ | સાવરકુંડલા | ૬.૪૩ |
| ૯ | પીઠવડી તળાવ નં. ૨ | સાવરકુંડલા | ૫.૬૨ |
| ૧૦ | સેંજળ તળાવ | સાવરકુંડલા | ૫.૨૦ |
| ૧૧ | કૃષ્ણગઢ તળાવ નં. ૨ | સાવરકુંડલા | ૫.૦૦ |
| ૧૨ | કૃષ્ણગઢ તળાવ નં. ૧ | સાવરકુંડલા | ૬.૦૩ |
| ૧૩ | કૃષ્ણગઢ તળાવ નં. ૩ | સાવરકુંડલા | ૪.૮૯ |
| ૧૪ | મોટા જીંજુડા તળાવ | સાવરકુંડલા | ૫.૭૫ |
| | ઉંડા ઉતારેલ તળાવોઃ | | |
| ૧૫ | ગાવડકા | અમરેલી | ૨૪.૯૯ |
| ૧૬ | મોટા આંકડીયા | અમરેલી | ૮.૪૪ |
| ૧૭ | નાના ભંડારીયા | અમરેલી | ૬.૪૯ |
| ૧૮ | મોણપુર | અમરેલી | ૯.૪૦ |
| ૧૯ | કેરીયાનાગસ | અમરેલી | ૪.૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | જાળીયા | અમરેલી | ૬.૬૧ |
| ૨૧ | બાબરા | બાબરા | ૨૧.૨૯ |
| ૨૨ | જુના વાઘણીયા | બગસરા | ૯.૯૯ |
| ૨૩ | મોણવેલ | ધારી | ૧૧.૨૮ |
| ૨૪ | ગોવિંદપુર | ધારી | ૫.૫૫ |
| ૨૫ | ફાચરીયા | ધારી | ૭.૧૪ |
| ૨૬ | વઢેરા | જાફરાબાદ | ૬.૭૨ |
| ૨૭ | ચિત્રાસર | જાફરાબાદ | ૮.૦૫ |
| ૨૮ | ઈંગોરાળા(ભાડ) | ખાંભા | ૧.૯૨ |
| ૨૯ | કુંકાવાવ | કુંકાવાવ | ૧૨.૮૨ |
| ૩૦ | ધુફણીયા | લાઠી | ૧૪.૩૭ |
| ૩૧ | ધુફણીયા | લાઠી | ૭.૭૧ |
| ૩૨ | ઈંગોરાળા | લાઠી | ૬.૦૫ |
| ૩૩ | ધામેલ | લાઠી | ૯.૧૭ |
| ૩૪ | ટોડા | લાઠી | ૧.૯૩ |
| ૩૫ | અકાળા | લાઠી | ૩.૫૪ |
| ૩૬ | મતીરાળા | લાઠી | ૩.૦૯ |
| ૩૭ | ખારા | લીલીયા | ૪.૮૩ |
| ૩૮ | હાથીગઢ | લીલીયા | ૪.૮૦ |
| **ક્રમ** | **ગામનું નામ / તળાવનું નામ** | **તાલુકો** | **ખર્ચ રૂ. લાખમાં** |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩૯ | પીપળવા | લીલીયા | ૧૫.૧૭ |
| ૪૦ | સલડી | લીલીયા | ૯.૭૬ |
| ૪૧ | ભોરીંગડા | લીલીયા | ૨.૭૫ |
| ૪૨ | દાતરડી | રાજુલા | ૪.૭૩ |
| ૪૩ | વીકટર | રાજુલા | ૦.૩૭ |
| ૪૪ | રાજુલા | રાજુલા | ૫.૫૫ |
| ૪૫ | ચરખડીયા | સાવરકુંડલા | ૧૪.૭૫ |
| ૪૬ | હાડીડા | સાવરકુંડલા | ૧.૪૧ |
| ૪૭ | બાઢડા | સાવરકુંડલા | ૦.૮૬ |
| ૪૮ | વીજપડી | સાવરકુંડલા | ૧.૬૪ |
| ૪૯ | લુવારા | સાવરકુંડલા | ૨.૦૩ |
| | **કુલ** | | **૩૩૫.૭૩** |

### વલસાડ જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી લાયક બનાવવા બાબત

અતારાંકિતઃ ૪૮૮૩ (૨૯–૮–૧૧) **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતી લાયક બનાવવાની નીતિના સંદર્ભે વલસાડ જિલ્લામાં કેટલી સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ખેતીલાયક બનાવેલ જમીન તાલુકાવાર ઉદ્યોગ સાહસિકો કે અન્ય સહકારી મંડળીઓને કેટલી જમીન શા ભાવે આપી અને કેટલાને ભાડા પટ્ટે જમીન શા ભાવે આપી ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૨૦–૧૦–૧૧) **:**

(૧) કોઈ જમીનને ખેતી લાયક બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### મહેસાણા જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી લાયક બનાવવા બાબત

અતારાંકિતઃ ૪૮૯૪ (૨૬–૮–૧૧) **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભે મહેસાણા જિલ્લામાં કેટલી સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ખેતીલાયક જમીન બનાવેલ જમીન તાલુકાવાર ઉદ્યોગ સાહસિકો કે અન્ય સહકારી મંડળીઓને કેટલી જમીન શા ભાવે આપી અને કેટલાને ભાડા પટ્ટે જમીન શા ભાવે આપી ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૧૮ –૧૦–૧૧) **:**

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન–૩૯૦૩–૪૫૩–અ, પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિ સંદર્ભે મહેસાણા જિલ્લામાં સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન બનાવવા માટે તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કોઈ જમીન ફાળવણી કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જુનાગઢ જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી લાયક બનાવવા બાબત**

અતારાંકિતઃ ૪૮૯૬ (૨૬–૮–૧૧) **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભે જુનાગઢ જિલ્લામાં કેટલી સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ખેતીલાયક જમીન બનાવેલ જમીન તાલુકાવાર ઉદ્યોગ સાહસિકો કે અન્ય સહકારી મંડળીઓને કેટલી જમીન શા ભાવે આપી અને કેટલાને ભાડા પટ્ટે જમીન શા ભાવે આપી ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૨૦–૧૦–૧૧) **:**

(૧) કોઈ જમીનને ખેતીલાયક બનાવવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી લાયક બનાવવા બાબત**

અતારાંકિતઃ ૪૮૯૮ (૨૯–૮–૧૧) **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભે ગાંધીનગર જિલ્લામાં કેટલી સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ખેતીલાયક જમીન બનાવેલ જમીન તાલુકાવાર ઉદ્યોગ સાહસિકો કે અન્ય સહકારી મંડળીઓને કેટલી જમીન શા ભાવે આપી અને કેટલાને ભાડા પટ્ટે જમીન શા ભાવે આપી ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૧૧–૧૦–૧૧) **:**

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી લાયક બનાવવા બાબત**

અતારાંકિતઃ ૪૯૦૧ (૨૯–૮–૧૧) **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભે

ભાવનગર જિલ્લામાં કેટલી સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ખેતીલાયક જમીન બનાવેલ જમીન તાલુકાવાર ઉદ્યોગ સાહસિકો કે અન્ય સહકારી મંડળીઓને કેટલી જમીન શા ભાવે આપી અને કેટલાને ભાડા પટ્ટે જમીન શા ભાવે આપી ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૨૦–૧૦–૧૧) :

(૧) સદરહુ નીતિમાં ભાવનગર જિલ્લાનો સમાવેશ કરવામાં આવેલ નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભરૂચ જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી લાયક બનાવવા બાબત**

અતારાંકિતઃ ૪૯૦૨ (૨૬–૮–૧૧) **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભે ભરૂચ જિલ્લામાં કેટલી સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ખેતીલાયક જમીન બનાવેલ જમીન તાલુકાવાર ઉદ્યોગ સાહસિકો કે અન્ય સહકારી મંડળીઓને કેટલી જમીન શા ભાવે આપી અને કેટલાને ભાડા પટ્ટે જમીન શા ભાવે આપી ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૧૮–૧૦–૧૧) :

(૧) મહેસુલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભે ભરૂચ જિલ્લામાં સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કોઈ જમીન ફાળવણી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી લાયક બનાવવા બાબત**

અતારાંકિતઃ ૪૯૦૫ **:** (૨૯–૮–૧૧) **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

(૧) મહેસૂલ વિભાગના તા. ૧૭–૦૫–૨૦૦૫ના ઠરાવ ક્રમાંક જમન–૩૯૦૩/૪૫૩.અ પાર્ટ–૧ મુજબ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતી લાયક બનાવવાની નિતીના સંદર્ભે આણંદ જિલ્લામાં કેટલી સરકારી પડતર જમીનને ખેતી લાયક જમીન તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ખેતીલાયક બનાવેલ જમીન તાલુકાવાર ઉદ્યોગ સાહસિકો કે અન્ય સહકારી મંડળીઓને કેટલી જમીન શા ભાવે આપી અને કેટલાને ભાડા પટ્ટે જમીન શા ભાવે આપી ?

**મહેસુલ મંત્રીશ્રી:** (૨૦–૧૦–૧૧) :

(૧) કોઈ જમીન ખેતી લાયક બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૧૩મી માર્ચ ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો (પહેલી અતારાંકિત યાદી)

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૪૭૫૨ **:** (૧૭–૮–૧૧) **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવાની કૃપા કરશે કે:–

(૧) તા. ૧૫–૭–૨૦૧૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે ?

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧–૧૦–૧૧) **:**

(૧) મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

| | |
|---|---|
| વર્ગ–૧ | ૧૧ |
| વર્ગ–૨ | ૧૮ |
| વર્ગ–૩ | ૭૧ |
| વર્ગ–૪ | ૨૧ |

નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ

| | |
|---|---|
| વર્ગ–૧ | ૧૮ |
| વર્ગ–૨ | ૫૧ |
| વર્ગ–૩ | ૭૪૯ |
| વર્ગ–૪ | ૩૫૭ |

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ

| | |
|---|---|
| વર્ગ–૧ | ૩૪ |
| વર્ગ–૨ | ૬૪ |
| વર્ગ–૩ | ૧૦૪૦ |
| વર્ગ–૪ | ૪૦૩ |

નિયામકશ્રી, સમાજ સુરક્ષા

| | |
|---|---|
| વર્ગ–૧ | ૭ |
| વર્ગ–૨ | ૩૮ |
| વર્ગ–૩ | ૬૨૫ |
| વર્ગ–૪ | ૩૦૬ |

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી

| | |
|---|---|
| વર્ગ–૧ | ૨ |
| વર્ગ–૨ | ૩ |
| વર્ગ–૩ | ૫ |
| વર્ગ–૪ | ૨ |

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

| | |
|---|---|
| વર્ગ-૧ | ૨ |
| વર્ગ-૨ | ૨ |
| વર્ગ-૩ | ૬૪ |
| વર્ગ-૪ | ૨ |

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

| | |
|---|---|
| વર્ગ-૧ | ૩ |
| વર્ગ-૨ | ૨૦ |
| વર્ગ-૩ | ૮૨ |
| વર્ગ-૪ | ૨૪ |

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૧ |
| વર્ગ-૩ | ૫ |
| વર્ગ-૪ | ૧ |

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૧ |
| વર્ગ-૩ | ૩ |
| વર્ગ-૪ | ૨ |

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૨ |
| વર્ગ-૩ | ૧૨ |
| વર્ગ-૪ | ૩ |

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૨ |
| વર્ગ-૩ | ૩ |
| વર્ગ-૪ | ૧ |

સચિવ, બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ

| | |
|---|---|
| વર્ગ-૧ | - |
| વર્ગ-૨ | ૨ |
| વર્ગ-૩ | ૪ |
| વર્ગ-૪ | ૨ |

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## તા.૧૩મી માર્ચ ૨૦૧૨
## અતારાંકિત પ્રશ્નો (પહેલી અતારાંકિત યાદી)

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૯ | ૨ |
| વર્ગ–૨ | ૧૬ | ૨ |
| વર્ગ–૩ | ૫૨ | ૧૯ |
| વર્ગ–૪ | ૧૩ | ૮ |

નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૧૬ | ૨ |
| વર્ગ–૨ | ૩૬ | ૧૫ |
| વર્ગ–૩ | ૩૮૭ | ૩૬૨ |
| વર્ગ–૪ | ૪૯ | ૩૦૮ |

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૨૨ | ૧૨ |
| વર્ગ–૨ | ૪૯ | ૧૫ |
| વર્ગ–૩ | ૪૬૩ | ૫૭૭ |
| વર્ગ–૪ | ૨૧૪ | ૧૮૯ |

નિયામકશ્રી, સમાજ સુરક્ષા

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૬ | ૧ |
| વર્ગ–૨ | ૧૪ | ૨૪ |
| વર્ગ–૩ | ૩૨૪ | ૩૦૧ |
| વર્ગ–૪ | ૩૦૨ | ૪ |

વિકલાંગ વ્યક્તિઓ માટેની કમિશ્નરશ્રીની કચેરી

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૨ | – |
| વર્ગ–૨ | ૨ | ૧ |
| વર્ગ–૩ | ૨ | ૩ |
| વર્ગ–૪ | ૧ | ૧ |

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૧ | ૧ |
| વર્ગ–૨ | ૨ | – |
| વર્ગ–૩ | ૫૭ | ૭ |
| વર્ગ–૪ | ૧ | ૧ |

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૩ | – |
| વર્ગ–૨ | ૧૨ | ૮ |
| વર્ગ–૩ | ૪૪ | ૩૮ |
| વર્ગ–૪ | ૨૨ | ૨ |

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | – | ૧ |
| વર્ગ–૨ | – | ૧ |
| વર્ગ–૩ | ૨ | ૩ |
| વર્ગ–૪ | ૧ | – |

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૧ | – |
| વર્ગ–૨ | ૧ | – |
| વર્ગ–૩ | ૨ | ૧ |
| વર્ગ–૪ | – | ૨ |

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૧ | – |
| વર્ગ–૨ | ૧ | ૧ |
| વર્ગ–૩ | ૧૨ | – |
| વર્ગ–૪ | ૩ | – |

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | – | ૧ |
| વર્ગ–૨ | ૧ | ૧ |
| વર્ગ–૩ | ૧ | ૨ |
| વર્ગ–૪ | ૧ | – |

સચિવ, બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | – | – |
| વર્ગ–૨ | ૨ | – |
| વર્ગ–૩ | ૩ | ૧ |
| વર્ગ–૪ | ૨ | – |

(૩) શક્ય તેટલી જલદી.

----------

## સમાજમાં કિન્નરોનો વિકાસ

અતારાંકિતઃ ૪૯૭૧(––) **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) સમાજમાં પછાત એવા કિન્નરોના વિકાસ માટે સરકારે કઇ કઇ યોજનાઓ અમલમાં મુકી છે ?

(૨) આ યોજનાઓની શી વિગત છે ? અને

(૩) જો ના, તો તેના શા કારણો છે અને હવે કેવી યોજનાઓ વિચારણા હેઠળ છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૩–૧૦–૧૧) **:**

(૧) સમાજ સુરક્ષા ખાતામાં હાલમાં કિન્નરોના સામાજિક વિકાસ માટે યોજના અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કોડીનાર શહેરની હદમાં ચાલતા ગેરકાયદે મોબાઇલ ટાવરો

અતારાંકિતઃ ૪૯૨૦(૨૯–૮–૧૧) **શ્રી ધીરસિંહભાઇ ક. બારડ(કોડીનાર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર શહેરની હદમાં તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ કેટલા મોબાઇલ ટાવરો ગેરકાયદેસર રીતે ચાલે છે ?

(૨) ઉકત સ્થિતિએ ચાલતાં ગેરકાયદેસર મોબાઇલ ટાવરો બંધ કરાવવા છેલ્લા પાંચ વર્ષમાં કયા કયા ઇસમો અને કંપનીઓને ક્યારે ક્યારે નોટીસો આપવામાં આવેલ છે ?

(૩) તેની વિગતો શું છે ? અને

(૪) ગેરકાયદેસર મોબાઇલ ટાવરો બંધ કરવા માટેનું સરકારનું શું આયોજન છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૫–૧૦–૧૧) **:**

(૧) તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ કોડીનાર શહેરમાં કોઇ મોબાઇલ ટાવરો ગેરકાયદેસર ગણવાપાત્ર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**જુનાગઢ જિલ્લામાં વીજ અકસ્માતોને કારણે માનવી અને પશુઓના મૃત્યુ**

અતારાંકિતઃ ૪૮૨૪(૧૭–૮–૧૧) **શ્રી ધીરસિંહભાઇ ક. બારડ(કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૭–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખુલ્લા વીજ વાયરો, વાયરો તૂટી જવાથી, ઇલેકટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા ?

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચુકવવામાં આવી ? અને

(૩) આ બાબતે કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરી ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** (૧૨–૧૦–૧૧) **:**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતાં હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક કારણોને કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકસાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા હોય છે. કેટલીક વાર વીજ ગ્રાહકોના આંતરીક વાયરો, ખામી ભરેલા ઇલેકટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માત થતા હોય છે. જુનાગઢ જિલ્લામાં વર્ષ–૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ તથા ૨૦૧૧–૧૨ (જુલાઇ–૧૧ સુધીમાં) થયેલ આવા અકસ્માતોની વિગતો પત્રક "અ" મુજબ છે.

(૨) વળતર ચુકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યકિતઓના અને પ્રાણીઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઇનંદા કેસની માર્ગદર્શીકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને રકમ નક્કી થતી હોય છે. ગ્રાહકોના આંતરિક વાયરીંગ કે ઇલેકટ્રીક સાધનોના કારણે થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઇ જવાબદારી રહેતી ન હોય, વળતર આપવાનું રહેતું નથી. કુલ ૬૨ (બાસઠ) વ્યકિતઓના વારસદારોને ૩૨૪ (ત્રણસો ચોવીસ) પ્રાણીઓના માલીકોને વળતર ચુકવવાની વિગતો પત્રક "બ" મુજબ છે.

(૩) વીજ તંત્રની બેદરકારીને કારણે પ્રાણઘાતક અકસ્માત થયેલ ન હોવાથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં, જે કિસ્સામાં સ્ટાફની નિષ્કાળજી જણાય છે, તેમાં જવાબદાર સામે નિયમોનુસાર પગલાં ભરવા સંબંધિત સક્ષમ સત્તા ધરાવતા અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે. તદ્નુસાર એક કિસ્સામાં જવાબદાર નાયબ ઇજનેરને કોર્પોરેટ ઓફિસ દ્વારા તથા જવાબદાર લાઇનમેનને સર્કલ ઓફીસ દ્વારા ચાર્જસીટ બજાવવામાં આવેલ છે. અન્ય કિસ્સાઓમાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોય, કોઇ વ્યકિતની જવાબદારી પ્રસ્થાપિત થતી ન હોય, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પત્રક " અ "

| વર્ષ | કુદરતી આફતો/આકસ્મિક કારણોના કારણે ખુલ્લા વીજવાયરને થયેલ નુકસાનને લીધે થયેલ અકસ્માતો | | કુદરતી આફતો/આકસ્મિક કારણોના કારણે વાયરો તુટી જવાના કારણે થયેલ અકસ્માતો | | ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોના લીધે થયેલ અકસ્માતો | |
|---|---|---|---|---|---|---|
| | નાગરીકો | પ્રાણીઓ | નાગરીકો | પ્રાણીઓ | નાગરીકો | પ્રાણીઓ |
| ૨૦૦૮-૦૯ | ૧૭ | ૫૫ | ૨ | ૩૩ | ૧૫ | ૦ |
| ૨૦૦૯-૧૦ | ૧૩ | ૫૯ | ૩ | ૨૮ | ૭ | ૧ |
| ૨૦૧૦-૧૧ | ૧૯ | ૮૪ | ૫ | ૩૩ | ૨૭ | ૨ |
| ૨૦૧૧-૧૨ (જુલાઈ-૧૧) | ૨ | ૨૩ | ૧ | ૯ | ૪ | ૩ |
| **કુલ** | **૫૧** | **૨૨૧** | **૧૧** | **૧૦૩** | **૫૩** | **૬** |

**Table 8**

| વીજ તંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માતમાં મૃત્યુ | | જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ કુલ અકસ્માતો | |
|---|---|---|---|
| નાગરીકો | પ્રાણીઓ | નાગરીકો | પ્રાણીઓ |
| ૦ | ૦ | ૩૪ | ૮૮ |
| ૦ | ૦ | ૨૩ | ૮૮ |
| ૦ | ૦ | ૫૧ | ૧૧૯ |
| ૦ | ૦ | ૭ | ૩૫ |
| **૦** | **૦** | **૧૧૫** | **૩૩૦** |

# પત્રક " બ "

| વર્ષ | અસરગ્રસ્તોની સંખ્યા | | વળતર પેટે થયેલ ચૂકવણી રકમ (` લાખમાં) | | | | વળતર ચુકવવા માટે બાકી અસરગ્રસ્તોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નાગરીકો | | પ્રાણીઓ | | નાગરીકો | | પ્રાણીઓ |
| | વ્યકિત | પ્રાણી | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | કોર્ટ કેસવાળા | બીનપાત્રતા વાળા (જરૂરી અરજી અને દસ્તાવેજી પૂરાવાઓના અભાવે) | બીનપાત્રતા વાળા (જરૂરી અરજી અને દસ્તાવેજી પૂરાવાઓના અભાવે) |
| ૨૦૦૮-૦૯ | ૧૯ | ૮૮ | ૪ | ૧.૭૩ | ૪૧ | ૨.૩૬ | ૩ | ૧૨ | ૪૭ |
| ૨૦૦૯-૧૦ | ૧૬ | ૮૭ | ૨ | ૪.૦૩ | ૫૪ | ૩.૦૩ | ૫ | ૯ | ૩૩ |
| ૨૦૧૦-૧૧ | ૨૪ | ૧૧૭ | ૪ | ૨.૦૬ | ૪૦ | ૧.૩૯ | ૪ | ૧૬ | ૭૭ |
| ૨૦૧૧-૧૨ (જુલાઈ-૧૧) | ૩ | ૩૨ | ૦ | ૦.૦૦ | ૩ | ૦.૧૦ | ૦ | ૩ | ૨૯ |
| **કુલ** | **૬૨** | **૩૨૪** | **૧૦** | **૭.૮૨** | **૧૩૮** | **૬.૮૭** | **૧૨** | **૪૦** | **૧૮૬** |

## યુ.જી.વી.સી.એલ. માં અકસ્માતને કારણે કર્મચારીઓને ઈજા અને મૃત્યુના બનાવો

અતારાંકિતઃ ૪૯૫૬ (૨૯-૮-૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ઉત્તર ગુજરાત વિદ્યુત કંપનીના જુલાઈ-૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સમારકામ માટે થાંભલા પર ચઢીને કામ કરતા કેટલા કર્મચારી ચાલુ વીજ પ્રવાહથી મૃત્યુ પામ્યા/ઈજાગ્રસ્ત બન્યા.

(૨) કર્મચારીના મૃત્યુ/ઈજા માટે કોને જવાબદાર ગણી શી કાર્યવાહી થઈ.

(૩) ક્યા ક્યા જવાબદારો સામે પોલીસ ફરિયાદ થઈ.

(૪) જવાબદારો સામે પગલાં ન લેવાય હોય તો તેના શા કારણો છે.

(૫) કેટલા કિસ્સામાં કેટલું વળતર આપ્યું, અને

(૬) આવા કિસ્સા ન બને તે માટે શી પાકી વ્યવસ્થા થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):** (૧૨-૧૦-૧૧) **:**

(૧) ચાલુ વીજ પ્રવાહથી ૨૦ કર્મચારીઓ મૃત્યુ પામ્યા અને ૯૫ કર્મચારીઓ ઈજા ગ્રસ્ત થયા.

(૨)

| | મૃત્યુના કેસોમાં થયેલ કાર્યવાહી અને જવાબદારી | | ઈજાગ્રસ્તોના કેસોમાં થયેલ કાર્યવાહી અને જવાબદારી |
|---|---|---|---|
| ૧૨ | મરનાર કર્મચારીની પોતાની ભૂલને કારણે મત્યુ થયા | ૦૧ | ફરજમોકુફી હેઠળ મૂકેલ છે |
| ૦૧ | કર્મચારીને ફરજ મોકૂક કરવામાં આવેલ છે. | ૦૪ | તહોમતનામા બજાવેલ છે |
| ૦૧ | તહોમતનામું બજાવેલ છે. | ૦૧ | ઈજાફો કાયમી અસરથી અટકાવતી શિક્ષા કરેલ છે. |
| ૦૩ | તકેદારી માટે ચેતવણી મેમો આપ્યા. | ૨૦ | ખાતાકીય તપાસ ચાલુ છે. |
| ૦૨ | ખાતાકીય તપાસ ચાલુ છે. | ૩૪ | તકેદારી માટે ચેતવણી મેમો આપ્યા. |
| ૦૧ | પોલીસ ફરિયાદ થયેલ છે. | ૦૧ | પોલીસ ફરિયાદ થયેલ છે. |
| | | ૩૪ | વ્યક્તિગત જવાબદારી પ્રસ્થાપિત થયેલ નથી |
| કુલઃ- ૨૦ | | કુલઃ- ૯૫ | |

(૩) ગ્રાહક તુલસીભાઈ કહાર તેમજ દોલપુર ગામના સરપંચ શ્રી ભાણજીભાઈ પટેલ સામે પોલીસ ફરિયાદ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) મૃત્યુના ૧૩ કેસોમાં ` ૩૭,૮૭,૬૩૫ તેમજ ઈજાના ૨ કિસ્સામાં ` ૩,૮૨,૬૧૬ નું વળતર ચૂકવવામાં આવ્યુ છેઃ-

(૬) નીચે મુજબની વ્યવસ્થા કરેલ છેઃ-

(૧) દરેક લાઈન સ્ટાફ કર્મચારીઓને સલામતીના સાધનો જેવા કે સેફ્ટી બેલ્ટ, હેલ્મેટ, હેન્ડ ગ્લોઝ, ગમબુટ પક્કડ, ટેસ્ટર, સ્ક્રુ ડ્રાઈવર વિગેરે ફાળવવામાં આવે છે.

(૨) લાઈન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની તાલીમ આપવામાં આવેલ છે.

(૩) દરેક લાઈન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની સીડી જીંદગી છે કિંમતી અમાનત, રાખો અકસ્માતથી એને સલામત કુટુંબ સાથે બતાવવામાં આવેલ છે.

(૪) દરેક પેટા-વિભાગીય કચેરીએ સેફ્ટી ચેમ્પીયનની નીમણુંક કરવામાં આવેલ છે તેઓને લાઈન સ્ટાફ સલામતીના સાધનો તથા નિયમોનો અવશ્ય ઉપયોગ કરે તે જોવાની જવાબદારી સોપવામાં આવેલ છે.

(૫) લાઈન સ્ટાફ લાઈન પર કામ કરતી વખતે સલામતીના સાધનો તથા નિયમોનું ચૂસ્તપણે અમલ થાય તેના માટે "આકસ્મિક તપાસ સેફ્ટી ચેંકીગ સ્કવોર્ડ" ની રચના કરવામાં આવેલ છે.

(૬) લાઈન સ્ટાફ સાથે તથા સેફ્ટી સાધનોનો ઉપયોગ કરવા માટે મીટીંગ યોજી સલામતી અંગે જરૂરી માર્ગદર્શન સારું ક્ષેત્રિય કચેરીઓને સૂચના પાઠવવામાં આવેલ છે.

(૭) વિજ અકસ્માત થાય ત્યારે તેની તપાસ કરી કંપનીના નિયમોનુસાર જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૮) દરેક લાઇન સ્ટાફ કર્મચારીને સલામતીના સૂચનોવાળી પુસ્તીકા/કાર્ડ આપવામાં આવેલ છે.

----------

**ડી. જી. વી. સી. એલ.માં અકસ્માતને કારણે કર્મચારીઓને ઈજા અને મૃત્યુના બનાવો**

અતારાંકિતઃ ૪૯૫૭ (૨૯–૮–૧૧) **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દક્ષિણ ગુજરાત વિદ્યુત કંપનીની જુલાઈ–૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સમારકામ માટે થાંભલા પર ચઢીને કામ કરતા કેટલા કર્મચારી ચાલુ વિજ પ્રવાહથી મૃત્યુ પામ્યા /ઈજાગ્રસ્ત બન્યા.

(૨) કર્મચારીના મૃત્યુ/ઈજા માટે કોને જવાબદાર ગણી શી કાર્યવાહી થઈ.

(૩) કયા કયા જવાબદારો સામે પોલીસ ફરિયાદ થઈ.

(૪) જવાબદારો સામે પગલાં ન લેવાયા હોય તો તેના શા કારણો છે.

(૫) કેટલા કિસ્સામાં કેટલું વળતર અપાયું, અને

(૬) આવા કિસ્સા ન બને તે માટે શી પાકી વ્યવસ્થા થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૧૨–૧૦–૧૧) **:**

(૧) ચાલુ વિજ પ્રવાહથી ૨૬ કર્મચારીઓ મૃત્યુ પામ્યા અને ૧૨૯ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા.

(૨) કુદરતી આફતો, કાબુ બહારના આકસ્મિક સંજોગો, તાંત્રિક ખામીઓ અથવા કયારેક કર્મચારીઓ /સહ કર્મચારીઓની ભૂલને કારણે પ્રાણઘાતક/બિનપ્રાણઘાતક અકસ્માતો થતા હોય છે. ઉપરોકત વીજ અકસમાતોના અભ્યાસ બાદ કોઈ વ્યકતિની નિષ્કાળજી માલૂમ ન પડતા કોઈ વ્યકિત સામે કાર્યવાહી કરેલ નથી.

(૩) ઉકત કેસોમાં પોલીસ ફરિયાદ થયેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) મૃત્યુના ૧૯ કેસોમાં ` ૭૨૪૯૧૭૮ તેમજ ઈજાના ૧૦૫ કિસ્સામાં ` ૧૧૧૬૨૯૪૬.૭૭નું વળતર ચુકવવામાં આવ્યું છે.

(૬) નીચે મુજબની વ્યવસ્થા કરેલ છેઃ–

(૧) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતીના સાધનો જેવા કે સેફટી બેલ્ટ, હેલ્મેટ, હેન્ડ ગ્લોઝ, ગમબુટ, પક્કડ, ટેસ્ટર, સ્કુ ડ્રાઇવર વિગેરે ફાળવવામાં આવે છે.

(૨) લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની તાલીમ આપવામાં આવેલ છે.

(૩) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની સીડી "જીંદગી છે કિંમતી અનામત, રાખો અકસ્માતથી એને સલામત" કુટુંબ સાથે બતાવવામાં આવેલ છે.

(૪) દરેક પેટા વિભાગીય કચેરીએ સેફટી ચેમ્પીયનની નિમણુંક કરવામાં આવેલ છે તેઓને લાઇન સ્ટાફ સલામતીના સાધનો તથા નિયમોનો અવશ્ય ઉપયોગ કરે તે જોવાની જવાબદારી સોંપવામાં આવેલ છે.

(૫) લાઇન સ્ટાફ લાઇન પર કામ કરતી વખતે સલામતીના સાધનો તથા નિયમોનું ચૂસ્તપણે અમલ થાય તેના માટે "આકસ્મિક તપાસ સેફટી ચેકીંગ સ્કવોર્ડ" ની રચના કરવામાં આવેલ છે.

(૬) લાઇન સ્ટાફ સાથે સેફટી તથા સાધનોનો ઉપયોગ કરવા માટે મીટીંગ યોજી સલામતી અંગે જરૂરી માર્ગદર્શન સારૂં ક્ષેત્રિય કચેરીઓને સૂચના પાઠવવામાં આવેલ છે.

(૭) વિજ અકસ્માત થાય ત્યારે તેની તપાસ કરી કંપનીના નિયમોનુસાર જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૮) દરેક લાઇન સ્ટાફ કર્મચારીને સલામતીના સૂચનોવાળી પુસ્તીકા/કાર્ડ આપવામાં આવેલ છે.

**પી.જી.વી.સી.એલ.માં અકસ્માતને કારણે કર્મચારીઓને ઇજા અને મૃત્યુના બનાવો**

અતારાંકિતઃ ૪૯૫૮ (૨૯–૮–૧૧) **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) પશ્ચિમ ગુજરાત વિદ્યુત કંપનીના જુલાઇ–૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સમારકામ માટે થાંભલા પર ચઢીને કામ કરતા કેટલા કર્મચારી ચાલુ વીજ પ્રવાહથી મૃત્યુ પામ્યા/ઇજાગ્રસ્ત બન્યા.

(૨) કર્મચારીના મૃત્યુ/ઇજા માટે કોને જવાબદાર ગણી શી કાર્યવાહી થઇ.

(૩) કયા કયા જવાબદારો સામે પોલીસ ફરિયાદ થઇ.

(૪) જવાબદારો સામે પગલાં ન લેવાય હોય તો તેના શા કારણો છે.

(૫) કેટલા કિસ્સામાં કેટલું વળતર અપાયું, અને

(૬) આવા કિસ્સા ન બને તે માટે શી પાકી વ્યવસ્થા થઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૧૨–૧૦–૧૧) **:**

(૧) ચાલુ વીજ પ્રવાહથી ૨૫ કર્મચારીઓ મૃત્યુ પામ્યા અને ૧૫૭ કર્મચારીઓ ઇજાગ્રસ્ત થયા.

(૨) મૃત્યુના કેસોમાં થયેલ કાર્યવાહી અને ઇજાગ્રસ્તોના કેસોમાં થયેલ

| જવાબદારી | | કાર્યવાહી અને જવાબદારી | |
|---|---|---|---|
| ૦૬ | કર્મચારીઓને ફરજમોકુફ કરેલ છે. | ૦૪ | ફરજમોકુફી હેઠળ મૂકેલ છે. |
| ૦૩ | કર્મચારીઓને તહોમતનામા આપેલ છે. | ૦૫ | તહોમતનામા બજાવેલ છે. |
| ૦૧ | કર્મચારીનો વાર્ષિક ઇજાફો કાયમી અસરથી બંધ કરેલ છે. | ૦૬ | કર્મચારીનો વાર્ષિક ઇજાફો કાયમી અસરથી બંધ કરવામાં આવેલ છે. |
| ૧૫ | કિસ્સામાં કોઇ વ્યક્તિઓની જવાબદારી પ્રસ્થાપિત થતી નથી. | ૨૩ | કર્મચારીઓને તકેદારી માટે ચેતવણી મેમો આપેલ છે. |
| | | ૧૧૯ | કોઇ વ્યક્તિઓની જવાબદારી પ્રસ્થાપિત થતી નથી. |
| **કુલ** | **૨૫** | **કુલ** | **૧૫૭** |

(૩) શ્રી સી. જે. જાડેજા, હેલ્પરને થયેલ બિન પ્રાણઘાતક અકસ્માત માટે એક અજાણી વ્યક્તિ સામે બિન અધિકૃત કામ કરવા બાબતે તેમજ શ્રી જે. આર. મહેતા, હેલ્પરને થયેલ બિન પ્રાણઘાતક અકસ્માત માટે પાલીતાણા તાલુકાના મેઢા ગ્રામજનો સામે પોલીસ ફરિયાદ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) મૃત્યુના ૨૧ કેસોમાં ` ૭૩,૬૭,૯૭૩ તેમજ ઇજાના ૫૧ કિસ્સામાં ` ૬૧,૭૫,૬૮૦ નું વળતર ચૂકવવામાં આવ્યું છે.

(૬) નીચે મુજબની વ્યવસ્થા કરેલ છેઃ–

(૧) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતીના સાધનો જેવા કે સેફ્ટી બેલ્ટ, હેલ્મેટ, હેન્ડ ગ્લોઝ, ગમબુટ, પક્કડ, ટેસ્ટર, સ્ક્રુ ડ્રાઇવર વિગેરે ફાળવવામાં આવે છે.

(૨) લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની તાલીમ આપવામાં આવેલ છે.

(૩) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની સીડી "જીંદગી છે કિંમતી અનામત, રાખો અકસ્માતથી એને સલામત" કુટુંબ સાથે બતાવવામાં આવેલ છે.

(૪) દરેક પેટા વિભાગીય કચેરીએ સેફ્ટી ચેમ્પીયનની નીમણુંક કરવામાં આવેલ છે તેઓને લાઇન સ્ટાફ સલામતીના સાધનો તથા નિયમોનો અવશ્ય ઉપયોગ કરે તે જોવાની જવાબદારી સોંપવામાં આવેલ છે.

(૫) લાઇન સ્ટાફ લાઇન પર કામ કરતી વખતે સલામતીના સાધનો તથા નિયમોનું ચૂસ્તપણે અમલ થાય તેના માટે "આકસ્મિક તપાસ સેફ્ટી ચેકીંગ સ્કવોર્ડ" ની રચના કરવામાં આવેલ છે.

(૬) લાઇન સ્ટાફ સાથે તથા સેફ્ટી સાધનોનો ઉપયોગ કરવા માટે મીટીંગ યોજી સલામતી અંગે જરૂરી માર્ગદર્શન સારૂં ક્ષેત્રિય કચેરીઓને સૂચના પાઠવવામાં આવેલ છે.

(૭) વિજ અકસ્માત થાય ત્યારે તેની તપાસ કરી કંપનીના નિયમોનુસાર જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૮) દરેક લાઇન સ્ટાફ કર્મચારીને સલામતીના સૂચનોવાળી પુસ્તીકા/કાર્ડ આપવામાં આવેલ છે.

## એમ.જી.વી.સી.એલ.માં અકસ્માતને કારણે કર્મચારીઓને ઈજા અને મૃત્યુના બનાવો

અતારાંકિતઃ ૪૯૫૯ (૨૯-૮-૧૧) **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) મધ્ય ગુજરાત વિદ્યુત કંપનીના જુલાઇ-૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સમારકામ માટે થાંભલા પર ચઢીને કામ કરતા કેટલા કર્મચારી ચાલુ વીજ પ્રવાહથી મૃત્યુ પામ્યા/ઈજાગ્રસ્ત બન્યા.

(૨) કર્મચારીના મૃત્યુ/ઈજા માટે કોને જવાબદાર ગણી શી કાર્યવાહી થઇ.

(૩) કયા કયા જવાબદારો સામે પોલીસ ફરિયાદ થઇ.

(૪) જવાબદારો સામે પગલાં ન લેવાયા હોય તો તેના શા કારણો છે.

(૫) કેટલા કિસ્સામાં કેટલું વળતર અપાયું, અને

(૬) આવા કિસ્સા ન બને તે માટે શી પાકી વ્યવસ્થા થઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૧૨-૧૦-૧૧) :

(૧) ચાલુ વીજ પ્રવાહથી ૧૪ કર્મચારીઓ મૃત્યુ પામ્યા અને ૧૬૦ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા.

(૨)

| મૃત્યુના કેસોમાં થયેલ કાર્યવાહી અને જવાબદારી | | ઈજાગ્રસ્તોના કેસોમાં થયેલ કાર્યવાહી અને જવાબદારી | |
|---|---|---|---|
| ૦૧ | કર્મચારીનો વાર્ષિક ઈજાફો કાયમી અસરથી બંધ કરેલ છે. | ૦૧ | કિસ્સામાં કર્મચારી પોતે જવાબદાર હોઇ, તકેદારી માટે ચેતવણી આપેલ છે. |
| ૧૩ | કિસ્સામાં કોઇ વ્યક્તિઓની જવાબદારી પ્રસ્થાપિત થતી નથી. | ૦૧ | કર્મચારીનો ખુલાસો માંગી બદલી કરેલ છે. |
| | | ૧૫૮ | કિસ્સામાં કોઇ વ્યક્તિઓની |

જવાબદારી પ્રસ્થાપિત થતી નથી.

**કુલ ૧૪** **કુલ ૧૬૦**

(૩) કોઇ પોલીસ ફરિયાદ થયેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) મૃત્યુના ૧૪ કેસોમાં ` ૪૦,૧૮,૧૮૮ તેમજ ઇજાના ૧૬૦ કિસ્સામાં ` ૭,૦૯,૧૭૩ નું વળતર ચૂકવવામાં આવ્યું છે.

(૬) નીચે મુજબની વ્યવસ્થા કરેલ છેઃ–

(૧) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતીના સાધનો જેવા કે સેફટી બેલ્ટ, હેલ્મેટ, હેન્ડ ગ્લોઝ, ગમબુટ, પક્કડ, ટેસ્ટર, સ્ક્રુ ડ્રાઇવર વિગેરે ફાળવવામાં આવે છે.

(૨) લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની તાલીમ આપવામાં આવેલ છે.

(૩) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની સીડી "જીંદગી છે કિંમતી અનામત, રાખો અકસ્માતથી એને સલામત" કુટુંબ સાથે બતાવવામાં આવેલ છે.

(૪) દરેક પેટા વિભાગીય કચેરીએ સેફટી ચેમ્પીયનની નીમણુંક કરવામાં આવેલ છે તેઓને લાઇન સટાફ સલામતીના સાધનો તથા નિયમોનો અવશ્ય ઉપયોગ કરે તે જોવાની જવાબદારી સોંપવામાં આવેલ છે.

(૫) લાઇન સ્ટાફ લાઇન પર કામ કરતી વખતે સલામતીના સાધનો તથા નિયમોનું ચૂસ્તપણે અમલ થાય તેના માટે "આકસ્મિક તપાસ સેફટી ચેકીંગ સ્કવોર્ડ" ની રચના કરવામાં આવેલ છે.

(૬) લાઇન સ્ટાફ સાથે સેફટી સાધનોનો ઉપયોગ કરવા માટે મીટીંગ યોજી સલામતી અંગે જરૂરી માર્ગદર્શન સારૂં ક્ષેત્રિય કચેરીઓને સૂચના પાઠવવામાં આવેલ છે.

(૭) વિજ અકસ્માત થાય ત્યારે તેની તપાસ કરી કંપનીના નિયમોનુસાર જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૮) દરેક લાઇન સ્ટાફ કર્મચારીને સલામતીના સૂચનોવાળી પુસ્તીકા/કાર્ડ આપવામાં આવેલ છે.

----------

# અતારાકિંત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧. | સામાન્ય વહિવટ વિભાગ | ૪૭૯૫ | ૧ |
| ૨. | કૃષિ અને સહકાર વિભાગ | ૪૮૨૫, ૪૯૧૪, ૪૯૮૯, ૫૦૦૨, ૫૦૦૩, ૫૦૦૬, ૫૦૦૭ | ૭ |
| ૩. | શિક્ષણ વિભાગ | ૪૬૯૦ | ૧ |
| ૪. | નાણા વિભાગ | | |
| ૫. | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૪૭૨૪, ૫૦૩૮, ૫૦૩૯ | ૩ |
| ૬. | વન અને પર્યાવરણ વિભાગ | ૪૪૫૫, ૫૦૪૦ | ૨ |
| ૭. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૯૯૩, ૪૯૯૪, ૪૯૯૫, ૪૯૯૬, ૪૯૯૭, ૪૯૯૯ | ૬ |
| ૮. | ગૃહ વિભાગ | ૪૯૩૫, ૪૯૩૬, ૪૯૩૮, ૪૯૪૫ | ૪ |
| ૯. | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૮૨૭, ૪૮૫૫ | ૨ |
| ૧૦. | માહિતી અને પ્રસારણ વિભાગ | | |
| ૧૧. | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૯૨૪, ૫૦૧૮, ૫૦૧૯ | ૩ |
| ૧૨. | કાયદા વિભાગ | ૫૦૩૨ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૭૩૪, ૪૮૧૬, ૪૯૨૨, ૫૦૧૩, ૫૦૧૫, | ૫ |
| ૧૪. | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | | |
| ૧૫. | મહેસુલ વિભાગ | ૪૮૮૩, ૪૮૯૪, ૪૮૯૬, ૪૮૯૮, ૪૯૦૧, ૪૯૦૨, ૪૯૦૫ | ૭ |
| ૧૬. | માર્ગ અને મકાન વિભાગ | | |
| ૧૭. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૭૫૨, ૪૭૭૧ | ૨ |
| ૧૮. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૪૯૨૦ | ૧ |
| ૧૯. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | | |
| ૨૦. | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૪૮૨૪, ૪૯૫૬, ૪૯૫૭, ૪૯૫૮, ૪૯૫૯ | ૫ |
| ૨૧. | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | | |
| ૨૨. | બંદરો અને વાહન વ્યવહાર | | |
| ૨૩. | મહિલા અને બાળ વિકાસ વિભાગ | | |
| ૨૪. | આદિજાતિ વિકાસ વિભાગ | | |
| ૨૫. | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | | |
| ૨૬. | કલાઈમેટ ચેઈન્જ વિભાગ | | |
| | | **કુલ** | **૫૦** |

----------

# શહેરી વિકાસ મંત્રીશ્રીનું નિવેદન

## દિલગીરી વ્યક્ત કરવા અંગે

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની પરવાનગીથી આ નિવેદન રજૂ કરું છું. આપશ્રીની અધ્યક્ષતામાં ગુજરાત વિધાનસભાની કામગીરી ઉચ્ચ સંસદીય પ્રણાલિઓ પ્રમાણે ખૂબ જ સારી રીતે ચાલી રહી છે અને આ બજેટ સત્રમાં રાજયના વિકાસ અને પ્રગતિ માટે તથા પ્રજાની સેવા માટે ખૂબ જ ગંભીરતાપૂર્વક સર્વે માનનીય સભ્યશ્રીઓ યોગદાન આપી રહ્યા છે, ત્યારે તા. ૧૨-૩-૨૦૧૨ ને સોમવારના દિવસની કાર્યવાહી દરમ્યાન મારા પ્રવચનમાં મેં ઉચ્ચારેલ શબ્દોના કારણે માનનીય સભ્યશ્રીઓ દ્વારા પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરતા આપશ્રીએ વિગતો તપાસી રૂલિંગ આપવાનો નિર્ણય જાહેર કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી જ્યારે ખૂબ સારી રીતે ગૃહનું સંચાલન કરી રહ્યા હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર આપે કોઇ રૂલિંગ આપ્યું નહિ હોવા છતા આ ગૃહની ઉજ્જવળ પરંપરા જળવાઇ રહે તે માટે મારા પ્રવચન દરમ્યાનની ચર્ચાથી કોઇ માનનીય સભ્યશ્રીની લાગણી દુભાઇ હોય તો *(xxxx) (xxxx)આ સન્માનનીય સભાગૃહ સમક્ષ દિલગીરી વ્યક્ત કરું છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : નેકસ્ટ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના, આમાં કોઇ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.(અંતરાય) નહિ, નહિ, પ્લીઝ. આના ઉપર કોઇ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.(અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ કાર્યવાહી ઉપર હોય એના ઉપર. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જે શબ્દપ્રયોગ કર્યો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, હું રેકર્ડ જોઇને એ દૂર કરીશ.(અંતરાય) હું જોઇ લઇશ અને ગૃહને યોગ્ય નહિ હશે તો શબ્દ દૂર કરીશ. આપણે આને લંબાવું નથી.પ્લીઝ, પ્લીઝ, નો, હું રેકર્ડ જોઇને દૂર કરીશ.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : આની ઉપર ચર્ચા ન હોય.(અંતરાય) આના ઉપર કોઇ સંવાદ ન હોય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સાહેબ(અંતરાય)

અધ્યક્ષશ્રી : રેકર્ડ જોઇને જે કઇ હશે તે હું દૂર કરીશ. પ્લીઝ(અંતરાય) હું એ શબ્દ દૂર કરું છું.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**સામાન્ય વહીવટ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૩૦**

**શ્રી શ્રી વજુભાઇ વાળા ( નાણા મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૩૬,૧૩,૦૦૦/- ની *માગણી ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

(આ તબક્કે સભ્યશ્રી મફતભાઇ પુરોહિત અને સભ્યશ્રી કુંવરજીભાઇ હળપતિ બેઠાં બેઠાં કંઇક બોલતાં )

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : મફતભાઇ એમ કહે છે કે તમારામાં બુદ્ધિ નથી.

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર..પ્લીઝ, બેઠા બેઠા કોમેન્ટ થાય એમાં કોઇ..., પ્લીઝ, નહિ, પ્લીઝ, આપ બંને લોકો બેસી જાઓ. પ્લીઝ (અંતરાય) આપ બેસી જાઓ.બેઠા બેઠા કોમેન્ટ કરી હોય તે અહીંયા કાર્યવાહીનો ભાગ બનતો નથી. આવા મુદા અહીં ઉભા ન કરો પ્લીઝ. આપ બેસી જાઓ પ્લીઝ. નહીં પ્લીઝ. આપ બેસી જાઓ. બેઠા બેઠા કોમેન્ટ કરી હોય તે ગૃહનો ભાગ બનતો નથી. બેસી જાઓ પ્લીઝ. આના ઉપર કોઇ ચર્ચા ન થાય પ્લીઝ. આપ બેસી જાઓ. મફતભાઇ આ પ્રકારની કોમેન્ટ ન કરો, પ્લીઝ આપ બેસી જાઓ. આપ બેસી જાઓ. આપ બેસી જાઓ પ્લીઝ. આપ બેસી જાઓ પ્લીઝ, પ્લીઝ. નેકસ્ટ.

**શ્રી સી. કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી હરીલાલ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરવામાં આવી.**

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણા મંત્રીશ્રીએ સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ૩૧**

**સામાન્ય વહીવટ વિભાગ**

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૭૬ કરોડ ૫૫ લાખ ૯૬ હજાર ની માગણી ક્રમાંકઃ૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીભાઇ દે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ૩૩**

**શ્રી વજુભાઇ રૂ. વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૧ કરોડ ૩૮ લાખ ૩૯ હજાર ની માગણી ક્રમાંકઃ૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ૫૪**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

શ્રી જયનારાયણ ન. વ્યાસ (માહિતી અને પ્રસારણ વિભાગ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૦૪ કરોડ ૧૦ લાખ ૩૭ હજારની માગણી ક્રમાંકઃ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પરેશભાઇ ગો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૦ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૨ રજૂ કરવામાં આવી.**

## માગણી ક્રમાંકઃ૭૫
## બંદરો અને વાહન વ્યવહાર વિભાગ.

**શ્રી જયનારાયણ ન. વ્યાસઃ (બંદરો અને વાહન વ્યવહાર વિભાગ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫૫ કરોડ ૩૩ લાખ ૪૨ હજાર અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૫૬ કરોડ ૨ હજારની માગણી ક્રમાંકઃ ૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૭૫ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
## માગણી નંબર-૮૯

**શ્રી જયનારાયણ ન. વ્યાસ ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૯૨,૫૮,૬૨,૦૦૦/- ની માગણી ક્રમાંક ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૮૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર લ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ :**માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા. ૧૩ માર્ચ, ૨૦૧૨ બીજી બેઠક) પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિતત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **સામાન્ય વહીવટ વિભાગ** | |
| ૧. | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૧–મંત્રીઓ.. પગાર<br>રૂ. ૧,૮૪,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પા.નં. ૨૪ | ૧૦૦ | સરકારી ઉત્સવો/મેળાઓ જેવા કાર્યક્રમોમાં વીરોધપક્ષના સંસદ સભ્યો અને ધારાસભ્યશ્રીઓની થતી ઉપેક્ષા નિવારવામાં નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૨. | — "— | ૧૦૦ | મંત્રીમંડળ દ્વારા વિકાસના જુદા જુદા કામનું ખાતમૂર્હત કર્યા પછી તે કામ સમયસર પૂરા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૩. | — " — | ૧૦૦ | મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યાલયમાં આવતી આમજનતાની ફરિયાદોનો વિભાગો દ્વારા સત્વરે નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇકબાલ પટેલ |
| ૪. | — "— | ૧૦૦ | સદ્ભાવના મિશન હેઠળ દરેક જિલ્લામાં કરવામાં આવેલ વિકાસ પેકેજની જાહેરાત પછી આ રૂપિયા કયાંથી આવશે અને કેટલા સમયમાં તેનો ખર્ચ કરાશે તેનો ખુલાસો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૫. | —"— | ૧૦૦ | મંત્રી પરિષદના સભ્યોની મિલકતો અંગેની માહિતી આમજનતા સમક્ષ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાલ ચૌધરી |
| ૬. | —"— | ૧૦૦ | સદ્ભાવના મિશન હેપાછળ કેટલો ખર્ચ થયો અને તે બજેટના કયા સદરે ઉધારવામાં આવ્યો તેનો ખુલાસો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હરિલાલ પટેલ |
| ૭. | — " — | ૧૦૦ | મુખ્યમંત્રીશ્રીના સદ્ભાવના મિશન હેઠળ કેટલાક જિલ્લાઓમાં વિકાસ પેકેજની કોઇ જાહેરાત ન કરી જિલ્લા–જિલ્લા વચ્ચે રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૮. | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૮–પ્રવાસ ખર્ચ<br>રૂ. ૧,૨૦,૦૦,૦૦૦ | ૧૦૦ | મંત્રી પરિષદના સભ્યો દ્વારા હેલિકોપ્ટર–વિમાન પ્રવાસ પાછળ થતા બેફામ ખર્ચ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૯<br>પા.નં. ૨૬ | | | |
| ૯. | — " — | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળા, સદભાવના મિશન જેવા કાર્યક્રમોમાં હાજરી આપનાર મંત્રીઓને પ્રવાસ ભથ્થાં મેળવતા રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| | | | **માગણી નં. ૩૧** | |
| ૧૦. | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૧– ચૂંટણી પંચ<br>રૂ. ૭,૦૯,૪૮,૦૦૦<br>અ.પ્ર.નં.૯<br>પા.નં. ૩૩–૩૪ | ૧૦૦ | એક જ વિસ્તારના મતદારોને એક જ જગ્યાએ મતદાન કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૧૧. | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૧– ચૂંટણી પંચ<br>રૂ. ૭,૦૯,૪૮,૦૦૦<br>અ.પ્ર.નં.૯<br>પા.નં. ૩૩–૩૪ | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓએ પત્રો દ્વારા ચૂંટણી પંચને કરેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો તેનો ખુલાસો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૨. | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૩– મતદાર.... છપાવવી<br>રૂ. ૨૧,૯૬,૮૪,૦૦૦<br>અ.પ્ર.નં.૯<br>પા.નં. ૩૭–૩૯ | ૧૦૦ | જ્ઞાતિગ્રસ્ત મતદાર યાદીઓ તથા ચૂંટણીકાર્ડમાં થતા છબરડાઓના કારણે મતદાન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજીભાઇ પટેલ |
| ૧૩. | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૮– મતદારોને....આપવા<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦૦<br>અ.પ્ર.નં.૯<br>પા.નં. ૪૩ | ૧૦૦ | ધારાસભ્યોએ મતદારોના ભૂલોવાળા ઓળખપત્રો સુધારવા ઉચ્ચ કક્ષા સુધી રજૂઆત કરવા છતાં આવા ઓળખપત્રો સુધારવા અંગે ઘટતા પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |
| | | | **માગણી નં. ૩૩** | |
| ૧૪. | ૨૦૫૨–સચિવાલય... સેવાઓ<br>૦૯૦– સચિવાલ<br>રૂ. ૪૦,૫૦,૩૭,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૫૦ થી ૫૪ | ૧૦૦ | ન્યાયી, પ્રમાણિક અને સ્પષ્ટવકતા અધિકારીઓને બઢતીના લાભ આપવામાં થતી ઈરાદાપૂર્વકની હેરાનગતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ વહીયા |
| ૧૫. | —"— | ૧૦૦ | વિભાગ દ્વારા પ્રતિનિયુકિતથી બીજા વિભાગ/કચેરીમાં મોકલેલ અધિકારીઓને વિભાગમાં પરત મૂકવામાં આવે ત્યારે તેમની મૂળ જગ્યા પર હાજર કરતા હુકમો સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઇ ઉઘાડ |
| ૧૬. | — "— | ૧૦૦ | કર્મચારીની ગુણવત્તા/કાર્યક્ષમતાને બદલે ગમા–અણગમા અનુસાર વિભાગના કર્મચારીઓની બદલી, બઢતી રજા વગેરેનું આયોજન થતું હોઇ પારદર્શક વહીવટના અભાવે વહીવટ પર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતિ ચંદ્રિકાબેન બારીયા |
| ૧૭. | —"— | ૧૦૦ | વિભાગમાં લાંબા સમયથી વર્ગ–૧ ના અધિકારીઓની વહીવટી કારણોસર બદલી નહી થવાના પરિણામે એકહથ્થુ શાસન થતું નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૧૮. | — " — | ૧૦૦ | વફાદારી પૂર્વક ફરજ નિભાવતા અધિકારીઓને બદલે જાહેર મંચ પર મંત્રીઓને પગે લાગતા અધિકારીઓને પારિતોષિક અપાતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| | | | **માહિતી પ્રસારણ વિભાગ** | |
| | | | **માગણી નં. ૨૪** | |
| ૧૯. | ૨૨૨૦–માહિતી અને પ્રચાર | ૧૦૦ | વિરોધપક્ષના નેતા અને ધારાસભ્યોની | શ્રી પુનાભાઇ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–ચલચિત્રો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૫૦,૭૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાના નં. ૧૬ થી ૧૮ | | વાજબી રજૂઆતો પ્રચાર માધ્યમ દ્વારા યોગ્ય રીતે પ્રદર્શિત કરવામાં ઈરાદાપૂર્વકની બેદરકારી દાખવનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦. | —"— | ૧૦૦ | જિલ્લા અને તાલુકા પંચાયતોને તેમના સ્વભંડોળમાંથી ફરજીયાત પણે ગુજરાત પાક્ષિક ખરીદવા અપાતી સૂચનાઓ તાકીદે બંધ કરવામાં તંત્રીની નિષ્ફળતા. | શ્રી પરેશભાઇ વસાવા |
| ૨૧. | — " — | ૧૦૦ | સરકારના ખોટા ગુણગાન કરવાને બદલે પ્રજાના યોગ્ય પ્રશ્નોને વાચા આપી વાસ્તવિક ચિત્ર આમ જનતા સમક્ષ રજૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલભાઇ જોષીયારા |
| ૨૨. | —"— | ૧૦૦ | બિનઅનુભવી સ્ટાફના કારણે પ્રચાર માધ્યમોના ઉપયોગમાં પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માનસિંહ ચૌહાણ |

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી નં. ૭૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | ૩૦૫૧–બંદરો અને દીવાદાંડી<br>૦૨–નાના બંદરો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૫૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પાના નં. ૯ થી ૧૦ | ૧૦૦ | ગુજરાત મેરીટાઇમ બોર્ડમાં લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ ને અન્યત્ર બદલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૪. | ૨૦૫૨–સચિવાલય... સેવાઓ<br>૦૯૦– સચિવાલ<br>રૂ.૨,૩૩,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પાના નં. ૧૯ થી ૨૦ | ૧૦૦ | ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા છેલ્લા ઘણા સમયથી નીતિનિયમોને નેવે મૂકી ખુબ જ મોટા પ્રમાણમાં થતી અધિકારીઓની ભરતીઓ અંગે તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨૫. | ૫૦૫૧–બંદરો જોગવાઇ<br>૦૨–નાના બંદરો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૨,૫૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પાના નં. ૨૨ | ૧૦૦ | બંદરો ઉપર કન્ટેનરોની યોગ્ય ચકાસણીના અભાવે રકતચંદનની દાણચોરીના બનતા બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવીદ પીરઝાદા |
| ૨૬. | — "— | ૧૦૦ | બંદરો ઉપરનું સમારકામ સમયસર પૂરું કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૨૭. | —"— | ૧૦૦ | બંદરો ઉપર જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉઇજી |

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

**માગણી નં. ૮૯**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. | ૨૦૫૨–સચિવાલય... સેવાઓ<br>૦૯૦– સચિવાલ<br>રૂ.૯૨,૫૮,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પાના નં. ૫ થી ૭ | ૧૦૦ | પરિપત્રો / ઠરાવો સત્વરે વેબસાઇટ ઉપર મૂકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૯. | — " — | ૧૦૦ | હાલાકી કક્ષાના કોમ્પ્યુટરોના બદલે સ્ટાન્ડર્ડ કંપનીના કોમ્પ્યુટરો ખરીદવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૩૦. | — " — | ૧૦૦ | સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી માટે વપરાતા સ્માર્ટકાર્ડનો વ્યાપક દુરૂપયોગ થાય છે, આથી આવી કાર્ડ પદ્ધતિ રદ કરી ફીંગર પ્રીન્ટ મશીનો તાકીદે ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૩૧. | — " — | ૧૦૦ | સરકારી કચેરીઓમાં ફાળવેલ કોમ્પ્યુટરોમાં વ્યાપક પ્રમાણમાં વાયરસ આવતો હોઇ | શ્રી રામસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સમયાંતરે અદ્યતન એન્ટીવાયરસ સોફ્ટવેર નાખવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૨. | — " — | ૧૦૦ | જીસ્વાન નેટવર્કની કામગીરી ખુબજ નબળી હોવા અંગેની ફરિયાદોનો સત્વરે નિકાલ કરવા માટે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ |

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ સામાન્ય વહીવટ વિભાગ, માહિતી વિભાગ, બંદરો, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓ ઉપર હું બોલવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ કોઇપણ રાજય સરકાર હોય એ એનું હૃદય છે અને આખી વ્યવસ્થાનું કેન્દ્ર સ્થાન છે અને એટલા માટે જ સામાન્ય રીતે આ વિભાગનો હવાલો માનનીય મુખ્ય મંત્રીશ્રી પાસે હોય છે. હું અપેક્ષા રાખતો હતો કે, માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે આ વિભાગની માગણી છે ત્યારે સૌજન્ય ખાતર હાજર રહે તો ઉચિત ગણાય. ખેર, વાત એ હતી કે, સામાન્ય વહીવટ વિભાગ છે, એ તમામ વિભાગો ઉપર અને ખાસ કરીને જે કલાસ વન અને કલાસ ટુ અધિકારીઓ બાબતની નીતિઓ નકકી કરનારો આ વિભાગ છે અને એ સિવાય પણ અનેક બાબતો સામાન્ય વહીવટ વિભાગને એસાઇન કરેલું હોય છે એટલા માટે જ એના પ્રભારી મંત્રીશ્રી માનનીય મુખ્ય મંત્રીશ્રી અને અધિકારી તરીકે મુખ્ય સચિવશ્રી એની દેખરેખ રાખતા હોય છે, આ વિભાગ હેઠળ જે વાત આવે છે એ સરકારી આંકડાઓ મારી પાસે જે છે, એમાંથી જ હું બોલવાનો છું. માનનીય અધ્યક્ષશ્રી, એક વખત એવો હતો કે, રાજયના આપણા જે સનદી અધિકારીઓ છે એ સનદી અધિકારીઓ છે એમની પ્રતિષ્ઠા અને ગૌરવ એટલું ઉંચું હતું કે સમગ્ર રાજયની અંદર એની પ્રતિષ્ઠા હતી, અને આપણા જે સનદી અધિકારીઓ છે એ હિંમતપૂર્વક પોતાના અભિપ્રાયોની ફાઇલ ઉપર એની નોંધ કરતા, અને મંત્રીશ્રીઓ પણ એ ફાઇલ ઉપરની નોંધ હોય એ સ્પષ્ટ રીતે સૂચનાઓ પણ ફાઇલ ઉપર અપાય અને હુકમો પણ ફાઇલ ઉપર થાય, પણ માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર આવ્યા પછી જે ચલો પેઇડ છે, ચલો સ્ટીકર છે એના ઉપર સૂચના આપવાની એક નવી પધ્ધતિ અખત્યાર થઇ છે અને એને કારણે માનનીય અધ્યક્ષશ્રી, કોઇ મંત્રીશ્રી સૂચના આપવી હોય તો જે અરજી આવી હોય એના હાંસિયામાં લખવાને બદલે એના ઉપર ખાસ કરીને માનનીય મુખ્ય મંત્રીશ્રી એ ) એ ચલ્લો સ્ટીકર લગાડે એના ઉપર સૂચના લખે કે આ પ્રમાણે કરવાનું છે, એ પ્રકારની નોંધ મંગાવે અને એ પ્રકારે વહીવટ થાય. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે તેઓ આક્ષેપ કરે છે કે ચલ્લો પેજ ઉપર નોંધ લખે અને પછી છે તો એ એવિડન્સ રજૂ કરે. માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલા કહું છું કે એવિડન્સ રજૂ કરે કે આ ચલ્લો પેજ ઉપર લખેલી સૂચના છે. એવી મનઘડત વાતો અહીં હાઉસમાં ન ચાલે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મનઘડત શબ્દો ના વાપરી શકાય. વજુભાઇ, મનઘડત શબ્દો આપનાથી ન વાપરી શકાય.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, એમ તો એ ગમે તે વાત કરે એ ન ચાલે, તમારે માગણી ઉપરની જ વાત કરવી પડે.

અધ્યક્ષશ્રી : તમે માગણી ઉપર જ ચર્ચા કરો. આ વાત આમાં આવતી નથી. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી વાતો સાંભળવાની તૈયારી રાખવી પડે, સાંભળવાની તૈયારી રાખવી પડે. અમે સરકારમાં ટેકા પક્ષમાં નથી વિરોધ પક્ષમાં છીએ અમે જે હશે તે બોલીશું.

શ્રી વજુભાઇ રૂ. વાળા : તમે વિરોધ પક્ષમાં હોવ તો પણ તમે ધ્યાન રાખો આ વિધાનસભા છે જાહેરસભા નથી.(અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : વિધાનસભા છે, વજુભાઇ મને ખબર છે, આપ ભૂતકાળમાં શું બોલતા હતા એ મને ખબર છે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : તમારે બોલવું હોય તો જાહેર સભામાં જવાબ આપીશું. અહીં વિધાનસભામાં કાંઇ તમારે બોલવું હોય તો એનો એવિડન્સ રજૂ કરવો જોઇએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : *(xxxxx)એ ભૂતકાળ તમારો યાદ કરી લો. (xxxxx) એ મને ખબર છે. શીખામણ ના આપો અમને. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : આ ચલ્લો પેજ ઉપર નોંધ કરી હોય એક પણ પૂરાવો બતાવે. અહીંયા મનઘડત વાત ન ચાલે. માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકોર્ડ ઉપરથી કાઢી નાંખવા જોઇએ

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : દરેક વખતે ઉભા થઇ જાય, આપને મુખ્યમંત્રીએ સૂચના આપી હોય એનો મતલબ એવો નથી. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : અને તમે બધાય કેવા છો બોલી બોલીને ભાગી જાવ છો સાંભળવા તો કોઇ હાજર નથી રહેતા. બોલી બોલીને માનનીય અધ્યક્ષશ્રી, ભાગી જાય છે. ચાર ચાર દિવસ સુધી આ જે ચર્ચા કરી બજેટ ઉપરની અને સાંભળવાની વાત હોય તો ભાગી જાય છે.(અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : વજુભાઇ, (xxxxx) આપને ખબર હોવી જોઇએ. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જ ચલ્લો પૈઝ ઉપર હોય તો એ એવિડન્સ રજૂ કરે.(અંતરાય) નહીંતર એના શબ્દો પાછા ખેંચે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ માગણી ઉપર જ વાત કરો, પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :માનનીય અધ્યક્ષશ્રી, ફરી પાછા અમે કહીએ છીએ કે અમે વિરોધ પક્ષમાં બેઠા છીએ અને વિરોધ પક્ષની ભૂમિકા અમે ભજવીશું.(અંતરાય) એ મારે કોઇ પાસેથી નીતિનભાઇ, આપની પાસેથી શીખવાની નથી. અમારે શીખવાની નથી, અમે શીખીને આવ્યા છીએ, અમારે કોઇ પાસેથી શીખવાની નથી. માનનીય અધ્યક્ષશ્રી, બેસી ગયા પછી ફરી પાછી એજ વાત કરવાની છે? નહીં,બોલવા દેવાના છે અમને? માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ ફકત માગણી ઉપર જ ચર્ચા કરો, પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ છે એ અધિકારીઓને, સનદી અધિકારીઓને સ્વતંત્રતા હોવી જોઇએ કે એ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ લખે અને ઘણાં સનદી અધિકારીઓ અભિપ્રાય લખે છે અને એના કારણે પરિસ્થિતિ એવી ઉભી થાય કે એક વખતે ગુજરાતમાંથી સૌથી વધારે સનદી અધિકારીઓ ડેપ્યુટેશન ઉપર કેન્દ્રની અંદર જતા હતા અને આજે જો સનદી અધિકારી મંત્રીશ્રીને અનુકૂળ થઇને ન રહે તો એને ત્યાં જવું હોય ડેપ્યુટેશન ઉપર તો ડેપ્યુટેશન ઉપર જવાની પરવાનગી બંધ. ઘણાં અધિકારીઓ એવા છે કે એમને સારી જગ્યાએ એને પોસ્ટીંગ મળે તો ગુજરાતની પણ સારી સેવા થઇ શકે એવા અધિકારીઓને ત્યાં જવા દેવામાં આવતા નથી. જ્યારે સિલેક્ટેડ અધિકારી હોય એને જવા દેવાય. જે અધિકારી સરકારના અભિપ્રાયની સાથે સંમત ન હોય એ અધિકારીઓને વેરીગુડ કે એક્સેલન્ટ આપવાના બદલે ગુડ લખાય જાય અને એને કારણે એને ડેપ્યુટેશન ઉપરનો જે ચાન્સ હોય છે, એનો જે હક્ક છે એ હક્ક અને પ્રમોશન બંનેની અંદર તકલીફ થાય. આ સરકારના મંત્રી મંડળની અંદર ખર્ચની બાબત પણ છે. મંત્રી મંડળની અંદર મંત્રીશ્રીઓ પ્રવાસ કરે એ આવકાર્ય છે. હું તો એમ માનુ છું કે પ્રવાસ કરે તો વધારે લોકોની વચ્ચે જઇ શકાય અને એ બાબતની ટીકા હોઇ શકે નહીં અને એમાં વ્યવસ્થા પણ એને અપાય એ એટલા માટે રાજયના મુખ્યમંત્રીશ્રી માટે અને રાજય સરકાર માટે આપણે પ્લેન અને એક નવું હેલિકોપ્ટર વસાવેલું છે. ભૂતકાળની અંદર ૨૦૦૨ પહેલા ભાગ્યે જ આખા વર્ષની અંદર એક વખત પણ કદાચ કોઇ મુખ્યમંત્રીશ્રીએ * (xxxxx) (xxxxx) (xxxxx)

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

પણ અત્યારે અમને ફાવતું નથી. હું થોડાક આંકડાઓ આપવા માગું છું જે રાજય સરકારે મને આપ્યા છે, ૨૦૦૩ પહેલાં ૨૦૦૨માં એક પણ વખત મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગ ગૃહોના પ્લેનનો ઉપયોગ કર્યો ન હતો, ૨૦૦૩માં આખા વરસમાં પાંચ વખત ઉદ્યોગ ગૃહોના પ્લેનનો ઉપયોગ કર્યો અને એનો ખર્ચ થયો ૧ કરોડ ૨૫ લાખ ૩૫ હજાર, ૨૦૦૪માં એ પાંચમાંથી સોળ થયાં અને એનો ખર્ચ થયો ૩ કરોડ ૫૯ લાખ ૯૫ હજાર, ૨૦૦૫માં ૨૧ ઉડ્ડયન થયાં અને એનો ખર્ચ થયો ૩ કરોડ ૪૮ લાખ ૪૫ હજાર, ૨૦૦૬માં મુખ્યમંત્રીશ્રીએ ૨૪ ઉડ્ડયન કર્યા અને એનો ખર્ચ થયો ૪ કરોડ ૯૯ લાખ ૧૦ હજાર. ૨૦૦૭માં ૩૪ થી વઘુ ઉડ્ડયનો થયાં, એનો ખર્ચ થયો ૩ કરોડ ૨૩ લાખ ૧૫ હજાર. ૨૦૦૮માં ૪૨ થી વઘુ ઉડ્ડયનો થયાં, એનો ખર્ચ થયો ૩ કરોડ ૨૦ લાખથી વધારે અને ૨૦૦૯–૧૦ની અંદર, મારી પાસે ૨૦૧૦ પછીના  આંકડા નથી એટલે હું મારા કોઇ ઘરના આંકડા એમાં આપવા માગતો નથી. પણ ૨૦૦૯ અને ૨૦૧૦માં ૧૧૪ ઉડ્ડયન થયાં છે એના ખર્ચનો આંકડો મને આપ્યો નથી, જે આંકડો આપ્યો છે એમાં ૧૧૪ ઉડ્ડયનના આંકડા મારી પાસે નથી. પણ એ સિવાય ૧૯.૭૬ લાખ રૂપિયાનો ખર્ચ ભારતની અંદર અને રાજયની અંદર ફરવા માટેનો ખર્ચ થયો છે. એ ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૭ જેટલા વિદેશ પ્રવાસો કર્યા છે. એમાં ઘણા દેશો એવા છે કે એના માનનીય મુખ્યમંત્રીશ્રીને વિઝા મળતા નથી. પણ જેમાં વિઝા મળ્યા છે એ દેશોના પ્રવાસ છે એ ૧૭ પ્રવાસો છે ૨૦૧૦ સુધીની આ વાત છે. એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ત્રણ વખત ચીન ગયા, બે વખત સ્વીત્ઝર્લેન્ડ ગયા, સ્વીત્ઝર્લેન્ડની અંદર તો સ્વીસ બેન્કો છે ત્યાં એ સિવાય કશું મળે નહિ અને માનનીય અધ્યક્ષશ્રી જે સ્વીત્ઝર્લેન્ડ ગયા હતા એમાં એમની સાથે કોણ કોણ ગયું હતું અને આ બધા પ્રવાસો જે છે એ ચાર્ટર પ્લેનમાં કરવામાં આવ્યાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ આપે જે કોઇ ઉદ્યોગગૃહોના હેલીકોપ્ટર કે પ્લેનનો ઉપયોગ કર્યો છે પ્લીઝ,

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આપ કહો તો અત્યારે આપું.પછી કહેશો તો પછી આપીશ.

અધ્યક્ષશ્રી : એની વાત નથી. આ સમગ્ર બાબત રાજયના કાયદા વિભાગે તારીખ ૧૬–૮–૨૦૦૦ ના રોજના જાહેરનામાથી કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ હેઠળ જસ્ટિસ શાહ પંચને સુપ્રત કરેલી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મેં કોઇ ટીકાટીપ્પણ નથી કરી.

અધ્યક્ષશ્રી : ટીકાની વાત નથી. એનો આપણે ઉલ્લેખ ના કરી શકીએ એટલે  એને રેકોર્ડ ઉપરથી હું દૂર કરું છું. પ્લીઝ. આ સમગ્ર બાબત તપાસને આધીન છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી આ રેકોર્ડ ઉપરની બાબત છે.  કોઇ ટીકાટિપ્પણ નથી કરી.

અધ્યક્ષશ્રી : ના પણ જે મુદ્દો તપાસને આધીન હોય એની આપણે ચર્ચા નથી કરતા પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી રાજય સરકારને બહુ ફાવટ છે એની ચર્ચા અહીંયા પણ ના થાય, કોર્ટમાં ન જવાય, લોકાયુક્તમાં ના જવાય અને અહીંયા પણ ચર્ચા ના કરી શકાય.

અધ્યક્ષશ્રી : નહિ નહિ આપણે નિયમ પ્રમાણે જ કરી શકીએ પ્લીઝ અર્જુનભાઇ

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીએ જે કુલ ખર્ચ કર્યો છે એ ૧૯.૭૬ લાખ રૂપિયા જેટલો ખર્ચ રાજય સરકારને થયો છે અને એમાં મુખ્યમંત્રીશ્રી સ્વીત્ઝર્લેન્ડ શું કરવા ગયા એ મને નવાઇ લાગે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારા અને બીજા અન્ય સભ્યો બેઠાં બેઠાં નિમ્ન કક્ષાની ટિપ્પણી કરે છે પછી એમને જવાબ મળશે, પછી વાંધા લેશે પછી બરાબર નહિ થાય સાહેબ.

અધ્યક્ષશ્રી : આપ કોમેન્ટ  ના કરો પ્લીઝ

શ્રી નીતિનભાઇ ર. પટેલ :  બધાને સંભળાય તેમ બોલે છે જોષીયારા,  પછી વાંધો પડશે, પછી તકલીફ પડશે. તેમને કહો બેઠા બેઠા બોલે નહીં નિમ્ન કક્ષાની ટીપ્પણીઓ કરે નહીં.

અધ્યક્ષશ્રી : આપના પક્ષના સભ્ય બોલી રહ્યા છે પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી સાથે પ્રવાસમાં કોણ કોણ જાય છે તેના હું નામ આપું છું. સુધીર મહેતા, પરિમલ નથવાણી, પંકજ પટેલ, ટાટા પાવરના એમ.ડી. પ્રસાદ મેનન, આઇ.એલ.એન.એફ.એસ.ના એમ.ડી. હરિશંકરન, રિલાયન્સના નિખિલ મેસવાણી, બોમ્બે રાઇડ ઓફ ટ્રાન્સપોર્ટેશનના રાજીવ જયોતિ, અદાણી ગ્રુપના ગૌતમ અદાણી, રિલાયન્સના પરેશ દવે, એસ્સારના શશી રૂયા, રૂસી અગ્રવાલ એબીજી શીપયાર્ડ, આલોક સાંગી સાંગી ઇન્ડસ્ટ્રીના, હર્ષ એન્જિનિયરીંગના રાજુ શાહ, શાહ એલોયના રાજેશ શાહ, જીંદાલ શો લિમિટેડના ઇન્દ્રવસ્ત્રાલ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉદ્યોગપતિઓ સિવાય પ્રવાસ ફાવતો નથી. તે સિવાય આ ૨૭-૧૧-૦૪ના રોજ, બીજા જે રાજયો છે તેની અંદર પણ એટલો જ પ્રવાસ થયેલો છે. આ સિવાય રાજય સરકારે અત્યાર સુધી કયારેય પક્ષની મિટિંગોની અંદર સનદી અધિકારીઓને બોલાવવાનો રિવાજ નહોતો. પહેલી વખત રાજય સરકારે પક્ષના ધારાસભ્યો અને હોદ્દેદારોની મિટિંગ બોલાવી અને તે મિટિંગની અંદર સનદી અધિકારીઓને કહેવામાં આવ્યું કે રાજય સરકારનું પ્રેઝન્ટેશન અમારા પક્ષના લોકો પાસે કરો. પક્ષના હોદેદારો કે પક્ષના ધારાસભ્યો તેની સાથે, તેનો ઉપયોગ સનદી અધિકારીઓનો એમાં કરી શકાય. પણ જે થીમ રેખા છે, પાતળી રેખા છે તે પાતળી રેખા આ સરકારે પક્ષ અને સરકાર બન્ને વચ્ચેની ભૂંસી નાંખી છે. અને તેના કારણે એવું થાય છે કે જાહેર સમારંભોની અંદર, કોઇ પણ જાહેર સમારંભ હોય તેની અંદર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જરુર હોય પણ વિરોધપક્ષનો ધારાસભ્ય હોય કે સંસદ સભ્ય હોય અને તેનાથી આગળ જઇને તેના મંત્રી હોય ભારત સરકારના તેને પણ પ્રોટોકોલ મુજબ તેને બોલવાનું કે તેને બેસવાનું તે બાબતની અંદર સંપૂર્ણ અવગણના થાય છે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### પ્રોટોકોલ જાળવવા અંગે

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી( સંસદીયા બાબતોના મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના અધ્યક્ષ માનનીય અર્જુનભાઇ સરકારી ફંકશનમાં વિપક્ષના ધારાસભ્ય કે કેન્દ્રીય મંત્રીનો પ્રોટોકોલ જળવાય અને બોલવા દેતાં નથી આવો જે આક્ષેપ કર્યો છે -warrant of precedence કેન્દ્ર સરકાર અને રાજય સરકાર બન્નેને લાગુ પડે છે. આ નિયમમાં warrant of precedence માં કયા ધારાસભ્યને, કયા વિસ્તારમાં, કયા મંત્રીને, કઇ જગ્યાએ, કેવી રીતે બેસાડવા તેની સ્પષ્ટ જોગવાઇઓ છે. તેમાં બોલવા અંગેની કોઇ જોગવાઇ નથી. હાજર રહે અને અહીંથી નથી બોલવા દેતાં એમ કહયું , બોલવા દેવા માટેની કોઇ જોગવાઇ છે જ નહીં.

જો આવે તો તેને કયા ક્રમમાં બેસાડવા એ જોગવાઇ છે. બોલવા દેવાની જોગવાઇ છે જ નહીં. એટલે આ સરકાર કોઇનું અવમાન કરે છે એવી વાત વોરન્ટ ઓફ પ્રેસીડન્ટના આધારે સદંતર નિયમોથી વિરૂદ્ધ છે. (સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહું કે પોરબંદરના ફંકશનમાં મારા ઘરેથી મારી ધરપકડ કરવામાં આવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર છે. કલેકટર ઓફિસો પ્રજાના પ્રશ્નો ઉકેલવા માટે હોય છે. આ સરકારે કલેકટર ઓફિસોને ઇવેન્ટ મેનેજરની ઓફિસ બનાવી દીધી છે. ૧૫૦ દિવસ આ સરકારની અંદર ઉત્સવો અને મેળાઓમાં જાય છે. એના કારણે કામો થઇ શકતા નથી. મુખ્યમંત્રીશ્રીએ, આ માગણી આવી છે એટલે કહું છું કે આ વખતે સદભાવના મિશન માટે નાણાકીય જોગવાઇ કરી અને મુખ્યમંત્રીશ્રીએ એવી વાત કરી કે આ સદભાવના દ્વારા હું વિકાસ કરવા માગું છું. ૧૦ વર્ષ પછી યાદ આવ્યું. મને એમ હતું કે સદભાવના શબ્દ એમાંથી નીકળશે. પરંતુ એ પ્લેટફોર્મ ઉપર તમામ જગ્યાએ માત્ર ને માત્ર સ્ટેજ ઉપર મેં જોયુ હતુ કે ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ, ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ, એના જિલ્લા પ્રમુખ એ હરોળમાં બેઠા હતા. પહેલી હરોળમાં. અને જે ભાષણો થતાં હતા એમાં સદભાવનાનો સ કોઇ જગ્યાએ નહોતો આવતો. (અંતરાય) સત્કર્મ તો અમારા ખર્ચે કરેલા હતા. અમે ટોપી પહેરી હતી અને પાઘડી પહેરી હતી. તમે તો ટોપીઓ ગામ આખાને પહેરાવી હતી. સદભાવના નહીં, તમારે

બધાએ તો પસ્તાવો કરવાની જરૂર હતી. જો પસ્તાવો કર્યો હોત તો આ સદભાવના કરવાની જરૂર ન પડી હોત. એટલે મેં ગયે વખતે પણ કહ્યું હતું. એક કવિતા કહીને એ વખતે પણ વાત કરી હતી. (અંતરાય) પોપટની વાત તો વહી ગઇ. કેવી પ્રશસ્તિ થતી હતી એની કવિતા કહી હતી મેં રાવજી પટેલની. અને એનાથી આગળ જઇને કહું છું કે કોઇ એમ માનતું હોય કે યાવત્ચન્દ્રદિવાકરૌ, એ રીતે આ વહીવટ આ રીતે ચાલવાનો છે તો એ ચાલવાનો નથી માનનીય અધ્યક્ષશ્રી. અને એટલા માટે હૃદય ધબકતું રહેવું જોઇએ. હૃદય એવી રીતે ધબકતું રહેવું જોઇએ કે એનો કંટ્રોલ અહીંયા હોય. હૃદય અહીંયાથી ધબકતું હોય. એની જગ્યાએ સંપૂર્ણ શરીરનો કબજો કદાચ એક જ જગ્યાએથી કંટ્રોલ થાય તો એ શરીર લાંબુ ચાલે નહીં. આ સરકાર પણ લાંબુ ચાલવાની નથી. એટલા માટે કે સનદી અધિકારીઓનો એણે એટલો બધો દૂરુપયોગ કર્યો છે, કે એને કારણે સદભાવનાને બદલે પસ્તાવો કરવો જોઇએ. એ પસ્તાવો થતો નથી. એ વખતે કવિ કલાપીએ કીધું હતું કે આ રાજયની અંદર, એ વખતે એણે જે શબ્દો કીધા હતા એ અહીંયા લાગુ પડે છે. કે,

ક્ક્ક્ક રસહીન થઇ ધરા, કે દયાહીન થયો નૃપ, નહીં તો આવું ના બને, બોલી માતા ફરી રડીક્ક

માનનીય અધ્યક્ષશ્રી, એક પૂણીની પણ આવી જ વાત છે. એક જગ્યાએ રૂ કંતાતું હતું. એ વખતે પૂણી તૂટી જતી હતી. એ વખતે જે પૂણીનો પીંજનાર છે, એ એમ કહે છે, કે નકકી આ પૂણી રૂની ગોઝારી ધરતી હશે. નકકી એના પડો વચ્ચે ચૂડેલો રમતી હશે. નહીં તો આ પૂણી તૂટે જ નહીં કયારેય. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની અંદર જેસલપીર બચી ગયા હતા. કારણ કે એને સતી રાણી મળ્યા અને એણે પોતાના જેટલા પાપ હતા એ બધા પ્રકાશી દીધા. પણ તમે પાપ પ્રકાશ્યુ નહીં. તમે તો ફરી પાછા જ સદભાવનાના નામે પેલો ૨૦૦૨ નો એજન્ડા પડતો મૂકીને નવો ૨૦૧૨નો એજન્ડા લઇને ગયા. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર છે એ કદાચ અહીંયા એના જે કોઇ એવા કામો કર્યા હશે, તો કોઇ કોર્ટમાંથી, કોઇ બીજી જગ્યાએથી કંયાક નીકળી શકાશે. પણ ઉપર વાળાની કોર્ટમાંથી નીકળી નહીં શકાય, અને ત્યાં જઇશું ત્યારે ચિત્રગુપ્તના ચોપડામાં બહુ મોટું લખેલ હશે, ત્યાં અર્જુનભાઇ કે નરેન્દ્રભાઇ મોદી જાય ત્યાં પોકાર પડશે અર્જુન દેવા મોઢવાડિયા, નરેન્દ્ર દામોદાર મોદી, તેના ચોપડામાં લખાયેલ હશે ત્યાં જવાબ આપવો પડશે. અને ત્યાં પશ્ચાતાપ કરીશું તો નહીં ચાલે, જેસલ જાડેજાની જેમ અહીં પસ્તાવો કરી લો તો સદ્ ભાવના આપો આપ પ્રગટ થશે. માનનીય અધ્યક્ષશ્રી આ પૈસાનો જે દૂર્વ્યય થયો છે એટલા માટે હું તેમાં સંમંત થતો નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓ અંગે મારા વિચારો વ્યકત કરું છું. જયારે સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ, સનદી અધિકારીઓની આ સરકાર પ્રત્યે જે નિષ્ઠા છે, ગુજરાતની ૬ કરોડની પ્રજા સાથેનો એમનો સંબંધ છે, એમના વિકાસ માટેની જે એમની ધગશ છે અને એમના વિકાસ માટેની જે લગન છે, એમની સમસ્યા સમજવા માટેની જે સૂઝ બૂઝ છે તે સૂઝ બૂનઝને આવકારવાને બદલે એમને હતોત્સાહ કરે તેવા પ્રયત્નો કર્યા છે તેના માટે મને ખરેખર આ સન્માનનીય સભાગૃહના ધારાસભ્ય તરીકે ખૂબ દુઃખ થાય છે. મારે વાત એ કરવી છે કે અહીં કયાંક કયાંક એવી રજૂઆતો થઇ કે એક જ વ્યકિતનું શાસન ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૧૦ વર્ષથી જોઇએ છીએ કે દિલ્હીમાં પ્રાઇમ મિનિસ્ટર બેઠા છે મૌન છે, તેનું સ્ટીયરીંગ કોઇના હાથમાં છે, તેનું એકસેલેટર કોઇના હાથમાં છે. અને યુ.પી.એ.ના ચેરપર્સનના નામે મેડમ અને યુવરાજ શાસન ચલાવે છે. તમને બધું કરવાની છૂટ, તમને તમારા ફોટાઓ છપાવવાની છૂટ, હમણાં ખેડૂતોના પ્રશ્નની રજૂઆત કરવાની હોય પ્રાઇમ મિનિસ્ટરને, નિકાલ લાવવાનો કન્સન મિનિસ્ટરને હોય, અને ફોટા આપણા ભાઇના છપાય, ભરૂચ વાળા ભાઇના ફોટા છપાય. ફોટાનો શોખ કોને છે એ તો કહો. છાપોને જેણે રજૂઆત કરી હોય તેના ફોટા, જેણે તમારા પ્રશ્નનો નિકાલ કર્યો તેના ફોટા, તમને તમારા ફોટા છપાવાની છૂટ, અમારો એક ફોટો આવે એટલે તમારે ચચરાટ શરૂ થાય, મારે વાત એ કહેવી છે કે તમારા નસીબમાં જેટલું હોય એટલું જ તમને મળવાનું છે. જેના નસીબમાં જે સમયે જે લખ્યું તેને તે સમયે તેજ પામે, તમારા નસીબમાં આ પાટલી જ છે. એમાં કોઇ ફેરફાર થવાનો નથી. એનું કારણ એ છે માનનીય અધ્યક્ષશ્રી, કે ઉદ્યોગપતિઓ સાથેનું પ્રતિનિધિ મંડળ જાય, તો એમાં ઉદ્યોગપતિઓ જ જાય, એમાં પછી જેને કંઇ સમજ ન પડતી હોય એને ન લઇ જવાય,

પછી તમે એવી અપેક્ષા રાખો કે અમારામાંથી કોઇક એકાદ બે ને લઇ જાઓ, પણ કયાંક સમજણ પડે તો લઇ જાય ને તમને, મારે વાત જે કરવી છે કે કેટલાક અધિકારીઓની જે સરકાર પ્રત્યેની નિષ્ઠા છે, કર્મચારી કોઇ પણ હોય તેમણે તેની ફરજો અને જવાબદારીઓ સરકારની સાથે રહી અને નિભાવવી પડે છે. મેં તો બે ત્રણ દાખલાઓ જે જોયા છે આ સરકારની સાથે કામ કરતા કરતા, ગુણોત્સવનો કાર્યક્રમ જોયો, એમાં સરકારના આઇ.એ.એસ., આઇ.પી.એસ. અધિકારીઓ ત્રણ ત્રણ દિવસ સુધી ગામડાંમાં રહ્યા હતા, શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ જોયો છે એમાં તમામ અધિકારીઓ, ત્રણ ત્રણ દિવસ સુધી ગામડાંઓમાં રહ્યાં હતા, ગામડાંના કુટુંબીઓની સાથે કુટુંબની જેમ ભળી ગયા છે અને ત્યારે અમને એમ લાગ્યું હતું કે એક નવા ગુજરાતનું નિર્માણ થઇ રહ્યું છે અને તેમાં સત્તાધારી પક્ષ અને અધિકારીઓ અને પદાધિકારીઓ એક સાથે મળીને જયારે ગુજરાતનો વિકાસ શરૂ કરે છે ત્યારે એ વિકાસને કોઇ રોકી શકવાનું નથી. ગુજરાતના વિકાસનો રથ જે શરૂ થયો છે એના બે પૈડા છે. એક છે પદાધિકારીઓ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીની સાથે મંત્રીમંડળ છે અને બીજું ચીફ સેક્રેટરી સાથે એના સેક્રેટરીઓ છે આ બંને પૈડાના વિકાસની સાથે ગુજરાતનો વિકાસ સંકળાયેલો છે ત્યારે કોઇ અધિકારીને ડીમોરેલાઇઝ કરવાની વાત આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સાંખી લેશે નહિ.

અહીંયા જે માગણીઓ રજૂ થઇ છે, અનેક પ્રકારની કામગીરીઓ આજે આ સરકારની થઇ એ આપણે જોઇ છે. અમે ગામડાંના અસરકારક પ્રશ્નો સરકાર મારફતે ઉકેલ્યા છે ત્યારે પહેલા પાચ છ તાલુકા વચ્ચે એક પ્રાંત હતા. અમારે પાલીતાણામાં પ્રાંત હતા. અમારે ગઢડા અને બોટાદથી કાર્યકરોને ત્યાં જવું હોય તો ૧૧૦ અને ૧૨૦ કિલોમીટર દૂર જવું પડે. અમે સરકારમાં રજૂઆત કરી કે આ રીતે અમને મુશ્કેલી પડે છે. અમે અભિનંદન આપીએ છીએ આ સરકારના મહેસૂલ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને કેટલાક પ્રાંતની રચના કરી, ૧૧૨ પ્રાંતની રચના કરી જેના લીધે ગામડાંના લોકોને સારામાં સારો અને સરળ વહીવટનો અનુભવ થવા માંડયો છે.

મારે બીજી વાત કરવી છે. સ્વરાજ આવ્યું. મહાત્મા ગાંધીએ કહ્યું કે સ્વરાજ તો આવશે પણ એ સુરાજય અને ગ્રામરાજ સ્થપાશે ત્યારે દેશમાં સાચી લોકશાહી આવી ગણાશે. પહેલી વાર દેશ આઝાદ થયા પછી તાલુકા સરકારની કોઇકના મગજમાં કોઇના ધ્યાનમાં આવ્યું હોય તો તાલુકા સરકાર મારફતે ગામડાંનો વહીવટ થાય એ પ્રકારની કાર્ય પ્રણાલિ તાલુકા સરકાર એ.ટી.વી.ટી.થી શરૂ કરી છે ત્યારે એક ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય તરીકે આ સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપ્યા સિવાય બીજો કોઇ રસ્તો નથી. આ વાત એટલા માટે કરવી છે કે એ.ટી.વી.ટી. તાલુકા સરકાર વિકેન્દ્રીકરણની અમારી સિસ્ટમ છે. બીજે બધે એકજ જગ્યાએ કેન્દ્રિયકરણ કરી દે. શાસન હોય તો એક જ જગ્યાએ કેન્દ્રિયકરણ થાય. એકજ કુટુંબમાં કેન્દ્રિયકરણ થાય અમે ૬૦–૬૦ વરસથી ચલાવીએ છીએ. આ દસ વરસમાં એકને વેઠવાના આવ્યા એમાં તમને મુશ્કેલીઓ થાય છે. અમે કયાં કોઇ દિવસ ફરિયાદ કરવા ગયા છીએ. તમારુ ચાલે તો તમારા દિવસો અને અમારુ ચાલે તો અમારા દિવસો. મારે વાત કરવી છે કે આવતા દિવસોમાં ગુજરાતના ગામડાંનો વિકાસ કરવો હશે તો એ.ટી.વી.ટી. માધ્યમથી તાલુકા સરકારના માધ્યમથી વિકેન્દ્રિત સિસ્ટમ શરૂ થઇ છે એના માટે ગામડાંના વિકાસ માટેની જે નાની નાની સમસ્યાઓ છે એનું નિરકારણ તાલુકા કક્ષાએ થશે. મને ખબર છે શરૂઆતના દિવસોમાં ૨૦ વરસ પહેલાં અમે ધારાસભામાં આવ્યા ત્યારે કોઇ નવજુવાન સરપંચ બની ગયો હોય ઉત્સાહમાંને ઉત્સાહમાં કે હાલો ગામમાં એક સરસ મજાનું મકાન બનાવી દેશું નિશાળનો રૂમ બનાવી દઇશું પંચાયત ઘર બનાવી દઇશું , બસ સ્ટેન્ડ બનાવી દઇશું પાંચ પાંચ વરસ સુધી એ સરપંચમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત ગાંધીનગર સચિવાલયના આંટાફેરા મારીને ચપ્પલના તળિયાં ઘસાઇ જાય તોય વિકાસનું કામ ન કરી શકે આજે ગામડાંમાં બેઠેલા લોકો એમ નક્કી કરે પાંચ જણા કે અમારા ગામડાંના વિકાસનું કામ આ છે અને સરકારના પ્રતિનિધિઓ ત્યાં બેઠા છે એ સ્વીકારે છે અને હવે ત્યાંજ નિકાલ થાય છે. હવે ફાઇલોને ગાંધીનગર લાવવાની જરૂર નથી, ફાઇલોને મિનિસ્ટર સુધી લાવવાની જરૂર નથી. અધિકારીઓને અમે પાવર દઇ દીધા છે કે ગામડાંના વિકાસ માટે

સત્તા તમને સોંપીએ છીએ આ ગુજરાતનું ગામડું આગામી દિવસોમાં સમગ્ર હિન્દુસ્તાનમાં નહિ પરંતુ દુનિયા પણ દાખલો લે એ પ્રકારના ગામડાંનું સર્જન કરવાની જવાબદારી આ સરકારે જયારે અમને સોંપી છે ત્યારે આવનારા દિવસોમાં ગુજરાતનો જે વિકાસ થવાનો છે એ વિકાસને આપણે સૌ જોઇ શકીશું.

મારે એક વાત એ કરવી છે કે ઘણીવાર અધિકારીઓ સાથે હમણાં વાત કરી કે અધિકારીઓ આવીને અમને સમજાવે છે, અમે પ્રજાના પ્રતિનિધિઓ છીએ અમે ધારાસભ્યો છીએ એને સરકારની યોજનાઓ સરકારના પ્રતિનિધિને સમજાવે એમાં કયાં તમને મુશ્કેલી આવે છે.? પ્રજાના પ્રશ્નોને સમજવામાં પ્રજાના પ્રશ્નોને સમજીને નિકાલ કરવામાં જયાં સંવાદ શરૂ થતો હોય ત્યાં વિવાદ શેને જોય. બે જણા સંવાદ કરતા હોય એ પ્રમાણે સરકારની યોજનાઓ પ્રજા સુધી પહોંચાડવાના પ્રયત્નો થતા હોય એને વિવાદોના વંટોળમાં ફસાવવાનો મહેરબાની કરીને પ્રયત્નો કરશો નહિ. ગુજરાતના વિકાસનો આ યજ્ઞ શરૂ થયો છે અને આવનારા દિવસોમાં ગુજરાતના યજ્ઞમાં તમે કયાંક ઘી નહિ હોમી શકો તો વાંધો નહિ પરંતુ મહેરબાની કરીને અટકાવવા પ્રયત્ન કરશો નહિ ગુજરાતની પ્રજા તમને કયારેય માફ કરવાની નથી. તો વાંધો નહીં પણ મહેરબાની કરીને એને અટકાવવાનો પ્રયત્ન કરશો નહીં. ગુજરાતની પ્રજા તમને ક્યારેય માફ નહીં કરે. મારે બીજી વાત એ કહેવી છે કે, ગામડામાં બેઠેલા માનવી સાથે સદ્ભાવનાની વાત કરી તો એટલું કહેવું છે કે, સદ્ભાવનાની જ્યારે ચર્ચા થઇ ત્યારે, અમે ગામડામાં મિટિંગ લેવા ગયા, કેટલાક વર્ગના લોકોને મળ્યા, છેવાડાના વર્ગના લોકોને મળ્યા, ગરીબ વર્ગના લોકોને મળ્યા અને કહ્યું કે, આવતી કાલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી પાલીતાણા આવવાના છે તો તમારે બધાએ ત્યાં પહોંચવાનું છે. ત્યારે એ બધા એકબીજાને કહેવા લાગ્યા કે, તારા બાપ-દાદાએ કોઇએ મુખ્યમંત્રીને જોયા છે? તો કહે – ના, કોઈ પ્રધાનને જોયા છે? તો કહે – ના. આ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી આપણી વચ્ચે આવીને લોકોની વચ્ચે બેસશે અને આ પરિસ્થિતિનું સર્જન થયું છે ત્યારે હું એટલું જ કહીશ કે, આવનારા દિવસોમાં આ જ પ્રવાહ ગુજરાતના ગામડાઓમાં જવાનો છે અને આ પ્રવાહને કોઇ રોકી શકવાનું નથી. વીસ વર્ષથી રોડાં નાખવાનો પ્રયત્ન કરો છો, તમે ક્યાંક બંધ બાંધવાનો પ્રયત્ન કરો છો, એ બંધ અને રોડાં ટકવાના નથી. ભારતીય જનતા પાર્ટીની સરકારે જેમ અગાઉ કહેવાયું એ પ્રમાણે ગટરનું એ ગંદુ પાણી છે એ બહાર નીકળી જવાનું છે.

ખાસકરીને તાલુકા સરકારના નવા અભિગમથી આવનારા દિવસોમાં તેના માટે ચાલુ વર્ષથી રૂ.૪૦૩/- કરોડ જેટલી રકમ આ સરકારે ફાળવી છે ત્યારે દર વર્ષે ૧/૪ ગામડાઓનો સમાવેશ કરીને ચાર વર્ષના સમય ગાળામાં ગામડાઓમાં જે કાંઇ ખૂટે છે એ સંપૂર્ણપણે પૂર્ણ કરવાની આ સરકારની જવાબદારી છે. ત્યારે હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે, આવનારા દિવસોમાં આ સરકારનું એક પાક્ષિક ચાલે છે- ગુજરાત. પરિસ્થિતિ એ આવી કે, ગુજરાતમાં રહેનારા એન.આર.આઇ. અને બહાર રહેનારા એનઆરઆઇ ગુજરાતી જાણતા નથી, ગુજરાતી સમજતા નથી, એ લોકો ગુજરાતી ભાષા સમજે, ગુજરાતી ભાષા જાણે. આજે ગુજરાત હિન્દુસ્તાનના કોઇપણ ગામમાં એકપણ ગુજરાતી રહેતો હોય, વિદેશમાં રહેતો હોય તો ત્યાં ગુજરાત પાક્ષિક પહોંચાડીને તેનો ફેલાવો કરીને ઠેર ઠેર ગુજરાત પાક્ષિક પહોંચાડ્યું છે. ગુજરાતના વિકાસની વાત દેશ અને દુનિયામાં જાય, એનાથી સૌથી વધારે ગૌરવ લેવું હોય તો ખાસ કરીને આ હાઉસમાં બેઠેલા પ્રતિનિધિઓ લઇ શકે અને કહી શકે કે અમારા સમયમાં આ પ્રગતિ થઇ છે, દેશ અને દુનિયામાં પ્રસિદ્ધિ થઇ છે. સરકારની જે યોજનાઓ છે એ આ મુખપત્રના માધ્યમથી જાય છે. સરકારની આગામી યોજનાઓ છે, સરકારનો ધબકાર છે, સરકારની કામગીરી છે, સરકારની અનેક પ્રકારની યોજનાઓ છે એ ગુજરાતના આ પાક્ષિક દ્વારા જોઇ રહ્યા છીએ. ત્યારે મારે આવનારા દિવસોમાં ગુજરાત પાક્ષિકના માધ્યમથી આ સરકારની યોજનાઓ ગામડામાં જઇ રહી છે. એની સામે ક્યાંક મુશ્કેલીઓ ઉભી થાય છે. કારણ કે, લોકો વાંચતા થયા છે, લોકો સમજતા થયા છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ દ્વારા બધાને ભણાવવાનું શરૂ કર્યું છે, દિકરીઓને ભણાવવાનું શરૂ કર્યું છે એનાથી ગુજરાત પાક્ષિક વાંચતા થયા છે, લોકો સમજતા થયા છે. તો એમને ખબર પડી છે કે, અત્યાર સુધીમાં અમારી આંખે જે ચશ્મા પહેરાવવામાં આવ્યા હતા, ચાલીસ-પચાસ

વર્ષના શાસનમાં એ ઉંધા ચશ્મા હતા, ઉલટા ચશ્મા હતા, તારક મહેતા કા ઉલટા ચશ્મા એવી વાત છે ત્યારે હું એટલું કહેવા માગું છું કે, કર્મયોગી તાલીમના માધ્યમથી આ સરકારે કર્મચારીઓના તન અને મન બન્નેને સ્વસ્થ રાખવાની કામગીરી શરુ કરી છે. આવનારા દિવસોમાં સામાન્ય વહીવટ એટલે આપણે સૌ જાણીએ છીએ કે, આ સરકાર યોજનાઓ નક્કી કરે છે એના અમલીકરણની જવાબદારી વહીવટી તંત્ર ઉપર હોય છે અને વહીવટી તંત્ર ઉપર કમાન્ડ ન હોય, વહીવટી તંત્ર સક્રિય ન હોય તો નીચે સુધી ફળ ન પહોંચે એ પ્રકારનું આપણે જાણીએ છીએ. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપી મારી વાણીને વિરામ આપું છું.

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માગણી નં. ૮૯ મુજબ રૂ. ૯૨,૫૮,૬૨,૦૦૦ની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગની માગણી લઇને આવ્યા છે એમને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

આ રાજયના નોંધપાત્ર વિકાસમાં આધુનિક ટેકનોલોજીનો સિંહફાળો છે. નરેન્દ્રભાઇની આ સરકારે જે ક્રાંતિકારી પગલા લીધા છે એના કારણે આ ક્ષેત્રમાં રોજગારીની વિપુલ તકો ઉભી થઇ છે. અને ખાસ કરીને આ વિધાનસભા ગૃહના યુવાન ધારાસભ્ય તરીકે મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા એક દસકામાં જે રીતે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે, નરેન્દ્રભાઇ મોદીની સરકારે યુવાનોને રોજગારી આપી છે. એ સમગ્ર દેશમાં મોખરે છે. આ એકવીસમી સદીનો પ્રથમ દસકો એટલે ટેકનોલોજીનો દસકો બની ગયો ત્યારે ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે એક નોલેજ કોરીડોરની સ્થાપના કરી ખૂબ મોટા પ્રમાણમાં અહીંયા ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ શિક્ષણ આપતી સંસ્થાઓ કાર્યરત થઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોથી આ છેવાડાના ગામડામાં અમારા વિસ્તારમાં ખાસ કરીને વાત કરું તો જે મદારી સમાજ હતો એના દીકરા પહેલા સાપ અને એરુ સાથે રમતા હતા. આજે એ કોમ્પ્યુટરના માઉસ સાથે રમે છે. આટલું ટેકનોલોજીનું જ્ઞાન છેવાડાના માનવીને આપવાનો જો કોઇએ વિચાર કર્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. અને આ જે મારા આદિવાસી મિત્રો ઘણીબધી વખત વાત કરતા મને એક પ્રસંગ યાદ આવે છે કે એક વખત હું મારા મિત્ર અભેસિંહભાઇના ઘરે આદિવાસી વિસ્તારમાં ફરવા ગયો. ત્યાં મેં એ ફળીયામાં એક ૮૦ વર્ષના બાપાને પૂછયું કે દાદા કેમ તંદુરસ્તી બરાબર છેને? ત્યારે મને એ દાદાએ કીધું કે ભાઇ અમારી યુવાનીમાં ભૂતકાળમાં કોંગ્રેસનું શાસન હતું અને ત્યારે એના પ્રધાનો આવીને અમને એક વાત સમજાવતા હતા એ એવું સમજાવતા ચૂંટણી ઉપર કે તમે પાંચ મરઘા લો. આ પાંચ મરઘામાંથી રોજ એક એક ઇંડા આવશે તો મહીનામાં ૫૦ મરઘા થશે અને પછી એ ઇંડાઓ વેચશો એટલે તમારા છોકરાઓનું ગુજરાન ચાલશે. આ ૪૦ વર્ષ સુધી આ પ્રકારની વાત કરી અને પરિસ્થિતિ એવી થતી કે ચૂંટણી પૂરી થઇ જાય પછી તલાટી-મંત્રી સમાચાર આપવા માટે આવે કે આપણા આ નેતા જીતી ગયા છે સાહેબ, એટલે બે મરઘા તો તલાટી મંત્રી ઉપાડી જાય. પછી સમાચાર આપે કે આપણા નેતા અઠવાડીયા પછી પ્રવાસમાં આવવાના છે સાહેબ, ત્યારે રસોઇ બનાવવામાં બાકીના ત્રણ મરઘા વપરાઇ જાય. એટલે પાંચ વર્ષ સુધી આની આ સ્થિતિ રહી અને પાછું .. અંતરાય .. સાહેબ ૪૦ વર્ષ સુધી આની આ સ્થિતિ છે.

શ્રી ઇકબાલ પટેલ : સ્પષ્ટ માગણીઓ છે. આજે બહુ સ્પષ્ટ માગણીઓ છે. સામાન્ય વહીવટ વિભાગ, બંદરો, માહિતી અને પ્રસારણની. ..અંતરાય.. ભરતભાઇએ છે ને સાહેબ કુંવરજીભાઇ બાવળીયા સાથે વર્ષો સુધી પી.એ. તરીકે કામ કરેલું છે. હવે એ મરઘા બતકાની વાત અહીં લાવીને જે વાત કરે છે એ અપ્રસ્તુત છે. ગૃહમાં આવા વાકયો રહે એ બહુ ઉચીત નથી.

સભાપતિશ્રી : માનનીયશ્રી ભરતભાઇ, આપ આપના વિષય ઉપર આવી જાવ. આપની માગણી ઉપર આવી જાવ. કહેવત પર નહીં માગણી ઉપર આવી જાવ.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : સાહેબ હું કોઇનો પી.એ. હતો નહીં અને કુંવરજીભાઇ બાવળીયાના સમર્થનમાં હતો એટલે તો બધું આ જાણું છું. એટલે જ આ વાત કરુ છું અને એટલા માટે તો મેં તમને છોડી દીધા છે બધાને. તમે ૪૦ વર્ષ સુધી મરઘા બતકાની વાતો કરીને લોકોના મત લીધા, રાજ કર્યું, મારે સાહેબ એટલું જ કહેવું છે કે આદિવાસીના ૮૦ વર્ષના બાપાએ એમ કીધું કે તમે નરેન્દ્રભાઇને

અભિનંદન આપજો, એમણે અમને સમજ આપી કે તમારા દીકરાને ભણાવો, તમે કોમ્પ્યુટરનું જ્ઞાન આપો, તમે ટેકનિકલ જ્ઞાન આપો, આજે અમારા આદિવાસીના છોકરાઓ વિદેશની અંદર પાયલોટ બનવા જાય છે. આ વાત સાયન્સ અને ટેકનોલોજીની છે. હું સાહેબ કોઇના પી.એ. તરીકે હતો નહીં, મેં સાહેબ કુંવરજીભાઇને ઘણી બધી વખત જીતાડવા માટે પ્રયત્ન કરેલો પણ આ * (xxxxx) (xxxxx) એટલા માટે હું જૂદો થઇને આવ્યો છું. (અંતરાય) મને સાહેબ પી.એ. કીધો એટલે મેં સ્પષ્ટતા કરી.

સભાપતિશ્રી : માનનીય ભરતભાઇ, આપના કોઇ મુદ્દા રહી જશે. આપનો સમય પૂરો થઇ જશે. આપ મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : સાહેબ એમણે મને પી.એ. કીધો એટલે મેં સ્પષ્ટતા કરી. એમણે પ્રશ્ન ઉભો કર્યો એટલે મારે ચર્ચા કરવાની ફરજ પડી. મેં એમની માનસિકતાને બરાબર જાણી છે. દિલ્હી રજૂઆત કરવા ગયા તો સિદ્ધાર્થભાઇને ન લઇ ગયા, અર્જુનભાઇ અને શક્તિભાઇ ગયા. આ પ્રકારની માનસિકતા કોંગ્રેસમાં છે. કોંગ્રેસમાં અમારા વિઠ્ઠલભાઇ હોય તો મિનિસ્ટર નહીં બનાવવવાના. સૌરાષ્ટ્રના ખેડૂત આગેવાન હોય એને નહીં બનાવવવાના. ફક્ત ભાઇને અને દીદીને મળે એને જ મિનિસ્ટર બનાવવવાના, આ પ્રકારની પ્રવૃતિઓ છે. આ સાયન્સ અને ટેકનોલોજીનો વિષય છે ત્યારે મારે ખાસ એ વાત કહેવી છે કે શાળા કક્ષાએ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે ૨૦૦૦ ગુજકોસ્ટ સાયન્સ ક્લબ અને તાલુકા કક્ષાએ ૫૦ લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના આ સરકારે કરી ત્યારે હમણાં વાત થતી હતી સદભાવનાની. મારે એ કહેવું છે કે આ દેશમાં એક માત્ર મુખ્યમંત્રી છે કે જેમણે છેવાડાના ગામડાના લોકોને મળવા માટે જિલ્લા જિલ્લા ઉપર કાર્યક્રમો કર્યા. આ સદભાવના મિશનમાં શું વાત કરી? શાંતિની વાત કરી, પરસ્પર સદભાવનાની, શિક્ષણની, વિકાસની અને લોક જાગૃતિની વાત કરી. ગુજરાતની જનતાએ એને સમર્થન આપ્યું. એક જ દિવસે લાખો લોકોની મેદની ભેગી થાય. મુખ્યમંત્રીશ્રી ઉપવાસ કરી અને એના રાજ્યના લોકોને મળે એમાં ખોટું શું કર્યું. જ્યાં સંસ્કારોની વાત થતી હોય એના માટે હેલિકોપ્ટર અને પ્લેનના ભાડાના હિસાબો આવે? આ ગુજરાતમાં દસ વર્ષના શાસનમાં પ્રજાની એક કાણી પાઇ જો કોઇ મંત્રી કે મુખ્યમંત્રીએ બગાડી હોય એવો એક દાખલો નથી બન્યો ત્યારે આ સમગ્ર દેશની રાજનીતિ સમગ્ર દેશમાં ચારે તરફ કૌભાંડ, કૌભાંડ ને કૌભાંડ સવારમાં ઊઠીએ ત્યારે છાપામાં આવે. અમારા મિત્રોએ ઘણી બધી (અંતરાય) મારો ખોટી રીતે સમય બગાડે છે.

**સભાપતિ શ્રી** : કોઇના નામથી વાત નથી કરી. જનરલ વાત કરી છે.

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ એક એવા મુખ્યમંત્રી છે કે જેમણે જાહેર ફંકશનોમાં મળતી ભેટ સોગાદો એમણે તોષાખાનામાં જમા કરાવી છે. એની જાહેર હરાજી કરાવે છે અને એ પૈસા રાજ્યની દિકરીઓના, કન્યાઓના શિક્ષણ માટે વપરાય છે. અમારા એક પણ મંત્રી કે મુખ્યમંત્રીના પરિવાર માટે હેલિકોપ્ટર નથી વાપરતા. અમારા એક પણ ભાણો–ભાણી હેલિકોપ્ટરમાં ક્યારેય નથી બેસતા. અમે અમારા કોઇ મેડમના ફોટા નથી છપાવતા. આ લોકોના ચૂંટાયેલા મુખ્યમંત્રી છે અને લોકોએ જેને જનમત આપ્યો છે એટલા માટે છાપાઓમાં એમના ફોટા આવે છે. આ લોકશાહી છે, તમે વારંવાર લોકો પાસે મત લેવા જાઓ છો. પ્રજા પાસે જાઓ અને કહો કે શા માટે તમને મત નથી આપતા? આ ગુજરાતની ખમીરવંતી પ્રજા ક્યારેય કોઇ નબળા માણસને પસંદ નથી કરતી. હું વારંવાર છાપાઓમાં વાંચતો કે (xxxxx) (xxxxx) (અંતરાય)

**શ્રી ઇકબાલ પટેલ :** (xxxxx)અહીંયા કોઇ લેવા–દેવા નથી. એનો ઉલ્લેખ ન કરી શકે. આપ કહો એમને.

**સભાપતિ શ્રી** : હું એ શબ્દો રદ કરું છું.

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે આ મુખ્યમંત્રી કે જેમણે ઉદ્યોગની અંદર આ દેશમાં ક્રાંતિ કરી છે એવા ઉદ્યોગવીરોને સાથે લઇને આ રાજ્યની આબરૂ વધારવા માટે, રાજ્યની અંદર ઉદ્યોગોમાં વધારે મૂડીરોકાણ કરવા માટે પ્રવાસ કરતા હોય એમાં અમારા આ મિત્રોને તકલીફ

* (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

છે. ખરેખર બીજા રાજ્યોની પરિસ્થિતિ અને માહોલની વચ્ચે આજે ગુજરાતના લોકોને ગૌરવ છે કે અમારા મુખ્યમંત્રી અને અમારા ભા.જ.પ.ની સરકાર પ્રજાના પૈસાનો સદુપયોગ કરીને પ્રજાના પૈસાની તિજોરીનું ધ્યાન રાખવા માટે સરકાર બેઠી છે. ખરેખર ગામડાના છેવાડાના માનવીના વિકાસ માટે એ વાપરે છે. જે માગણીઓ લઇને આ વિધાનસભામાં માનનીય મંત્રીશ્રી આવ્યા છે એ ૧૦૦ ટકા સમર્થન આપવા જેવી છે. હમણાં ટી.વી.માં જોતા હતા, છાપાઓમાં જોતા કે યુવારાજ દિલ્હીમાંથી નીકળીને યુ.પી.માં ગયા.

**સભાપતિ શ્રી**: વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સાંજના ૪-૩૦ થી ૫-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઇ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની માગણીઓ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યાં છે ત્યારે આપના થકી કેટલીક બાબતો આ સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ એ વાત સ્વીકાર કરીએ છીએ કે સામાન્ય વહીવટ વિભાગ એ કોઇપણ સરકાર માટે એક કેન્દ્રબિંદુ સમાન છે. કારણ કે રાજ્યના મહેકમના સંદર્ભમાં અને રાજ્યના વહીવટના સંદર્ભમાં બહુ મોટી જવાબદારી આ વિભાગે ઉપાડવાની હોય છે પણ રાજ્યમાં એવી સ્થિતિ ઊભી થઇ છે કે કાયમી મહેકમથી જગ્યાઓ ભરવાને બદલે જાણે કે આઉટ સોર્સિંગથી જગ્યાઓ ભરવામાં આવતી હોય એવી સ્થિતિ આજે ઊભી થઇ છે. એટલે એક બાજુ આઉટ સોર્સિંગથી જગ્યા ભરાય, બીજી બાજુ ફિક્સ પગારે નોકરીઓમાં રાખવામાં આવે અને બહુ મોટી સંખ્યામાં ભરતીઓ આઉટ સોર્સિંગથી અને ફિક્સ પગારે કરવામાં આવી રહી છે ત્યારે આ રાજ્યના સામાન્ય યુવાનો જે રાજ્ય પાસે નોકરીની અપેક્ષા રાખીને બેઠા હોય એમના માટે તો આ સરકાર માઇબાપ છે અને સરકારને માઇબાપ ગણાતા હોય અને એ જ સરકાર દ્વારા જ્યારે આ યુવાનોનું શોષણ થાય એવી સ્થિતિ ઊભી થાય છે ત્યારે બહુ મોટા પ્રશ્નો યુવાનોના મનમાં આ સરકારના સંદર્ભમાં ઊભા થયા છે. સુદ્રઢ વહીવટનો પાયો એ સનદી અધિકારીઓ છે પણ આ રાજ્યમાં ખૂબ દૂ:ખ સાથે નોંધવું પડે છે કે જે સરકારી અધિકારી પગમાં પડીને નમન કરવા માગતો હોય, જે ખુશામતખોર હોય એવા અધિકારીઓને ખૂબ ઝડપથી પ્રમોશન આપી દેવાય અને જે અધિકારી પ્રમાણિક હોય, નિષ્પક્ષપણે પોતાની જવાબદારી અદા કરતો હોય એવા અધિકારીઓને કોરાણે મૂકી દેવામાં આવતા હોય એવી સ્થિતિ ઊભી થતી હોય એમ દેખાય છે. એકબાજુ અધિકારીઓની સંખ્યા ઘટી રહી છે અને બીજીબાજુ વર્ષમાં ૧૫૦ દિવસ તો એમને મેળાવડા અને ઉત્સવોમાં જવાબદારી સોંપવામાં આવે એને પરિણામે એવું થાય કે પ્રજાના જે પ્રાણ પ્રશ્નો છે, લોકોને જે પોતાના પ્રશ્નો રજૂ કરીને જેમને ઉકેલની અપેક્ષા છે એ લોકોને અધિકારી ઓફિસમાં કે દફતરમાં મળી જ ના શકે એવી સ્થિતિ ઊભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના થકી આ આ સભાગૃહનું ધ્યાન ગયા વર્ષના બજેટ ઉપર પણ મૂકવું છે. ગયા વર્ષનું બજેટ જે આ સભાગૃહમાં રજૂ થયું, બહુ મોટી પાયાની વાત થઇ 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' ATVTના નામે મોટી વાત કરવામાં આવી. ૬૦૦ કરોડ રૂપિયાની એમાં ફાળવણી થઇ. આખું વર્ષ પૂરું થઇ ગયું. હજી ૬૦૦ કરોડ રૂપિયામાંથી એક રૂપિયો પણ ખર્ચ્યો નથી ત્યારે મારા તાલુકામાં હમણાં થોડા દિવસ પહેલા આ વર્ષ પૂરું થવાનો છેલ્લો મહિનો છે ત્યારે અમારી પાસે માગણીના માટેના સૂચનો મંગાવ્યા. મેં પૂછ્યું કે, તમે સૂચનો મંગાવીને એની મિટિંગ ક્યારે કરશો? તો કહે કે, મિટિંગ માટે હજુ કોઇ સૂચના નથી. અમે સૂચનો મંગાવ્યા છે. એટલે આ વર્ષ પૂરું થયું છતાં પણ હજુ એક રૂપિયો વપરાયો ના હોય તો 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો'ના નામની આપણે વાત કરીએ એનો અર્થ કેટલો?

માનનીય અધ્યક્ષશ્રી, અર્જૂનભાઇએ એમના પ્રવચનમાં થોડો ઉલ્લેખ્ કર્યો. સદભાવનાના નામે બહુ મોટા કાર્યક્રમો તાજેતરમાં યોજવામાં આવ્યાં. ભારે મોટી જાહેરાતો થઇ, મોટો ખર્ચો કરવામાં આવ્યો. જુદા જુદા અંદાજો આવે છે, સાચા અંદાજ તો ટ્રેઝરી બેન્ચ પર બેઠેલા સભ્યો જ આપી શકે પણ વાત એમ કહેવાય

કે, ૫૦૦/–કરોડનો ખર્ચો આ બધા કાર્યક્રમો પાછળ થયો. માનનીય મુખ્યમંત્રી એમની છબી સુધારવા માટે ઉપવાસ કરે અને એનો ખર્ચ ગુજરાતની પ્રજા ભોગવે એ સ્થિતિ આજે ગુજરાતમાં થઇ છે.

અઘ્યક્ષશ્રી : એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## (xxxxx)શબ્દો અંગે

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અઘ્યક્ષશ્રી, *(xxxxx)પ્રયત્નો કરે એ એક જાતનું એલીગેશન છે. એની છબી બગડી હોય તો સુધારવાની વાત થાય ને. આ કોઇ દિવસ મુખ્યમંત્રી એની છબી સુધારવા માટે...

અઘ્યક્ષશ્રી : ગૃહ માટે યોગ્ય નથી. સિદ્ધાર્થભાઇ, (xxxxx)શબ્દ આપણે પાછા ખેંચીએ છીએ. ગૃહમાં યોગ્ય નથી. પ્લીઝ

શ્રી વજુભાઇ રૂ. વાળા : આ શબ્દો પાછા ખેંચવા જોઇએ.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : એમને (xxxxx)વાત અનુકૂળ ના આવતી હોય તો લેટ મી પુટ ઇટ

અઘ્યક્ષશ્રી : નહીં, પ્લીઝ. આપ ખેંચી લો. સિદ્ધાર્થભાઇ. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : છબી કોઇની સુધારવા નથી માગતો.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી છબી સુધારવાવાળા શબ્દો હું પાછા ખેંચું છું. પણ માનનીય અઘ્યક્ષશ્રી, દસ–દસ વર્ષ પછી માનનીય મુખ્યમંત્રીશ્રીને ગુજરાતના લોકોમાં એક સદભાવના ઉભી કરવાની જરૂરિયાત પેદા થઇ હોય એમ લાગ્યું. માનનીય અઘ્યક્ષશ્રી, આ તમામ કાર્યક્રમોને સરકારી કાર્યક્રમો નહીં પણ પક્ષીય કાર્યક્રમો બનાવી દેવામાં આવ્યા. જિલ્લાવાર આ સદભાવના ઉપવાસની અંદર જિલ્લાના વિકાસના પેકેજોની જાહેરાત થઇ. હું તો હમણાં ગણતરી કરતો હતો બે–ચાર જિલ્લામાં તો જાહેરાત કરવાનું ટાળ્યું છે પણ એના સિવાય ગણતરીઓ જે મેં કરી તો સરવાળો થયો ૭૨,૦૦૦/– કરોડ. ( સમય સૂચક ઘંટડી) સાહેબ, હજુ તો શરૂઆત થઇ છે. માનનીય અઘ્યક્ષશ્રી, બહુ વિચારવા જેવી બાબત તો એ છે કે, આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે સરકાર કઇ હદ સુધી ગઇ. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો, ૧૩,૫૦૦ ગ્રામ પંચાયતોની અંદર ઠરાવો કરાવડાવ્યા સદ્ભાવના મીશનને સહકાર આપવા માટે. શિક્ષણ વિભાગે પરિપત્ર બહાર પાડ્યો કે, એક સપ્તાહ અગાઉથી તમામ શાળાઓની અંદર સદભાવના મીશનના સંદર્ભમાં પ્રભાત ફેરી સુધીના કાર્યક્રમો થવા જોઇએ. માનનીય અઘ્યક્ષશ્રી, પ્રોટોકોલ વિભાગ એક પરિપત્ર બહાર પાડે કે, જિલ્લામાં સદભાવના મીશનમાં આઠ–આઠ લાખ રૂપિયા સુધીનો એક એક કાર્યક્રમમાં ખર્ચો કરવો. જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક બીજો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો કે, સદભાવના મીશનના કાર્યક્રમોમાં તમામ અધિકારીઓ સત્તાવાર રીતે ભાગીદાર બને અને પંચાયત વિભાગ, આર.એન્ડ બિલ્ડીંગ વિભાગ અને માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા વધુમાં વધુ પ્રચાર, પ્રસાર અને જાહેરાતો કરવાના આદેશો અપાયા ( સમય સૂચક ઘંટડી)

અઘ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. એમના દંડકશ્રીએ આઠ મિનિટ આપી હતી, આઠ મિનિટ પૂરી થઇ.

ડો. અનિલ જોષીયારા : બીજાનો સમય લઇ લો સાહેબ.

અઘ્યક્ષશ્રી : મને કશો વાંધો નથી.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : બે જ મિનિટમાં પૂરું કરીશ. માનનીય અઘ્યક્ષશ્રી, ચૂંટણી ખર્ચ માટેનું બજેટ પણ લઇ અને આ સભાગૃહ સમક્ષ મંત્રીશ્રી આવ્યા છે. ૧૭૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા. વાસ્તવિકતા શું છે ? કઇ રીતે વહીવટી તંત્ર કામ કરી રહ્યું છે, એનો એક તાદ્રશ્ય પુરાવો એ હમણાં પ્રાપ્ત થયો. મતદાર યાદીની સુધારણાની કામગીરી ચાલે, પચાસ લાખ ફોર્મ છપાવડાવ્યા અને પચાસ લાખ ફોર્મ

---

* (xxxxx) માનનીય અઘ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છપાવડાવ્યા પછી ખબર પડી કે, ખોટા ફોર્મ છપાઇ ગયા છે અને બધા જ ફોર્મને પસ્તીમાં વેચી દેવા પડે, એ રીતે તો આપણો વહીવટ ચાલી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા ખૂબ જાગૃત પ્રજા છે અને ખૂબ સમજુ પ્રજા છે. ગુજરાતના મુખ્યમંત્રી હંમેશા ગુજરાતની પ્રજાને કહી રહ્યા છે કે, ગુજરાતની પ્રજા વાંચે. ગુજરાતની પ્રજા તો એનાથી પણ આગળ વધી છે. માત્ર વાંચે નહીં, હવે ગુજરાતની પ્રજા વિચારે પણ છે અને ગુજરાતની પ્રજા એ વિચારી રહી છે કે, આટ–આટલા ભ્રષ્ટાચારના આક્ષેપો થાય એમ છતાંય છેલ્લા સાત–સાત વર્ષથી લોકાયુક્તની નિમણૂક કેમ કરવામાં આવતી નથી? એ ગુજરાતની પ્રજા વિચારે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સિદ્ધાર્થભાઇ, લોકાયુક્તનો મુદ્દો આપણે બધા જાણીએ છીએ કે, કોર્ટ મેટર છે. પ્લીઝ.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : સાહેબ હું સાત વર્ષનો ઉલ્લેખ કરું છું, આતો અત્યારની, સાત વર્ષની વાત છે.

અધ્યક્ષશ્રી : નહીં,પ્લીઝ, છતાં પણ. નહીં, નહીં, પ્લીઝ. લોકાયુક્તનો મુદ્દો કોર્ટ મેટર છે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સદભાવનાના કાર્યક્રમો થાય અને સદભાવના કાર્યક્રમોની પાછળ પ્રજાની તિજોરીમાંથી આટલો મોટો ખર્ચો કરવામાં આવે. તો એમાં પ્રજાને શું મળ્યું એ આજે પ્રજા વિચારી રહી છે. પચ્ચીસ પચ્ચીસ ટકા સરકારી જગ્યાઓ ખાલી રહે અને આ રાજયની અંદર નવ, દસ લાખ શિક્ષિત યુવાનો બેરોજગાર શા માટે રહે છે તે આજે ગુજરાતની પ્રજા વિચારી રહી છે. આ તમામ પ્રશ્નોનો ગુજરાતની પ્રજાને સંતોષકારક જવાબ મળવો જોઇએ એ સંતોષકારક જવાબ આ બજેટમાંથી મળી શકતો નથી અને અમે આ બજેટના પ્રાવધાનોને સમર્થન આપી શકીએ તેમ નથી.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી(સુરત શહેર(ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજેટ ઉપરની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી નંબર– ૭૫ જે બંદર વિભાગને લગતી છે અને એમાં ૩૧૧,૩૩,૪૪,૦૦૦ની તેઓ માગણી લઇને જયારે આવ્યા છે ત્યારે હું આ માગણીઓને સમર્થન આપવા માટે અને મારા વિચારો અહીં વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

આ દુનિયાની અંદર અનેક પ્રકારના લોકો હોય છે. કેટલાક લોકો એવા હોય છે કે પોતાના વિકાસ માટે તકોની રાહ જોતા હોય છે, કેટલાક લોકો એવા હોય છે કે તક જયારે આવે ત્યારે એ તકને ઝડપી લેતા હોય છે પરંતુ થોડા લોકો એવા હોય છે કે જે તકોની રાહ નથી જોતા, તકોને ઝડપી નથી લેતા પરંતુ એ તકોનું નિર્માણ કરે છે. આ રાજયના મુખ્યમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી આ પૈકીના એક વ્યકિત છે કે જેણે આ રાજયના વિકાસ માટે અનેક તકોનું નિર્માણ કર્યું એટલે સાચા અર્થમાં આપણે જો કહીએ તો રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તકોના નિર્માતા છે. વાઇબ્રન્ટ ગુજરાતની વાત આવે અને મારા સાથી પક્ષના સભ્યોને શું થાય છે એ આપણને ખબર નથી પડતી. એમને શેનું વાઇબ્રેશન આવે છે એ ખબર નથી પડતી. બાકી આ દેશની અંદર ઉદ્યોગપતિઓ હતા. એક જ મંચ ઉપર સમગ્ર દેશના ઉદ્યોગપતિઓને લાવી અને ગુજરાતના વિકાસની તકનું એક નિર્માણ કર્યું એનો આપણને વિરોધ શેનો હોઇ શકે? નવરાત્રી મહોત્સવ, રણોત્સવ, પતંગોત્સવ, કચ્છનું રણ તો પહેલા પણ હતું. આજે પણ છે, હજારો વર્ષોથી છે પરંતુ કચ્છના રણની અંદર એક તકનું નિર્માણ કર્યું અને પરદેશથી હજારો પ્રવાસીઓ ત્યાં આવ્યા અને ટુરીઝમનો વિકાસ કર્યો આ એક તકનું નિર્માણ છે. એવી જ રીતે આ દેશની અંદર, આ રાજયની અંદર દરિયો તો ઘણા વર્ષથી હતો. રાજયના કોઇપણ રાષ્ટ્રના વિકાસ માટે પરિવહન એ એક ખૂબ મહત્વનું સાધન છે, ક્ષેત્ર છે. પરિવહન ત્રણ સ્થળે હોય છે. જમીન ઉપર, આકાશમાં અને પાણીમાં. (અંતરાય) પાણીમાં ડુબકી મારવાની છે આવતી બારમી ડિસેમ્બરે અને ગુજરાતની જનતા, છ કરોડ પ્રજા તમને પાણીમાં અને એચ તે ચુલ્લુભર પાણીની અંદર એક વખત ડુબાડવાના છે. આની રાહ જોજો. ગુજરાતની અંદર દરિયો તો વર્ષોથી હતો. આ રાજયની અંદર ૧૬૦૦ કિલોમીટરનો દરિયો આપણને કુદરતે આપ્યો હતો. દરિયાના વિકાસથી, દરિયાની અંદર જળના પરિવહનથી જો આપણે પહેલા વિચાર્યું હોત આ દેશ આઝાદ થયો ત્યારે. તો આ દેશ અને ગુજરાત અત્યારે છે, એના કરતા અનેકગણું આગળ હોત, પરંતુ જે દેશ ઉપર વર્ષોથી શાસન કરનાર પાર્ટીના શાસકોને આ તકોનું નિર્માણ કરવાનું સૂઝ્યું નહિ. ૧૯૯૫ પછી એમાંય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ

મોદીએ આ ગુજરાતમાં શાસનમાં આવ્યા પછી બંદરોનો વિકાસ કર્યો અને નવી બંદર નીતિ અસ્તિત્વમાં આવી. એ બંદર નીતિ હસ્તક ૩ પ્રકારની એમણે પોલિસી કરી. સાહસો જે છેઃ સરકાર હસ્તકના બંદરો, સંયુકત સાહસના બંદરો અને ખાનગી ક્ષેત્રના બંદરો માટે એમણે ખુલ્લુ મૂક્યું. પરિણામ શું આવ્યું. આ દેશમાં આ રાજયની અંદર આજે ૪૪ બંદરો અસ્તિત્વમાં આવ્યા છે. એમાં એક મહા બંદર કેન્દ્ર હસ્તક છે જે કંડલાનું બંદર. બીજા ૨ બંદરો કેન્દ્ર શાસિત વિસ્તારમાં આવેલ છે. જ્યારે ૪૧ એ નાના અને મધ્યમ બંદરો આ રાજયના ૧૬૦૦ કિ.મી.ના દરિયામાં ધમધમે છે. જે ૪૧ બંદરો છે એમાં ૧૧ મધ્યમ કક્ષાના છે, જ્યારે ૪ બંદરો ખાનગી ક્ષેત્રના અને ૨૬ નાના બંદરો છે. આટલાથી આપણે હજી અટક્યા નથી, પરંતુ સેકટર સ્પેસિફિક ટર્મીનલ આ રાજયની અંદર દરિયાકાંઠે આ રાજય સરકારે વિકસાવ્યા છેઃ એમાં કોલ ટર્મીનલ, કેમિકલ ટર્મીનલ, એલ.એન જી. ટર્મીનલ, સોલીડ લિક્વિડ ટર્મીનલ. અને આ બધા ટર્મીનલથી ગુજરાતના વિકાસમાં અનેક રીતે સિંહફાળો અપાઇ રહ્યો છે. ૧૯૯૫ માં ગુજરાતની જે માલ પરિવહન કરવાની ક્ષમતા હતી તે ૨૩ મિલિયન મેટ્રિક ટન હતી અને ટ્રાફિકની ક્ષમતા ૧૭ મિલિયન મેટ્રિક ટન હતી. મને જણાવતા આનંદ થાય છે કે અને ગૌરવ પણ થાય છે કે આજે ૧૯૯૫ માં ૨૩ મિલિયન મેટ્રિક ટન ક્ષમતા હતી, તેમાં વધારો કરી આજે ૨૮૪ મિલિયન મેટ્રિક ટનની ક્ષમતા થઈ છે, જે ૧૧૩૫ ટકાનો વધારો સૂચવે છે. ૧૯૯૫ માં ટ્રાફિકની ક્ષમતા હતી ૧૭ મિલિયન મેટ્રિક ટનની હતી એ વધારીને આજે ૨૩૧ મિલિયન મેટ્રિક ટન કરી, જે ૧૨૫૯ ટકાનો વધારો સૂચવે છે. આ દેશની અંદર જળ પરિવહન ક્ષમતા આજે ૨૩૧ મિલિયન મેટ્રિક ટનની સાપેક્ષમાં ગણીએ તો દેશની સરખામણીમાં ૨૬ ટકા થવા જાય છે. એ દ્રષ્ટિએ ટ્રાફિક જળ પરિવહનમાં ગુજરાત નંબર ૧ છે. હાલની ક્ષમતા ૨૮૪ મિલિયન ટન છે, પરંતુ એનાથી આ રાજય સરકારને સંતોષ નથી. આપણે લક્ષ્યાંક નક્કી કર્યો છે કે ૨૦૧૫ માં ૫૩૧ મિલિયન મેટ્રિક ટનનો લક્ષ્યાંક કરી અને હજુ વિકાસની ગતિ છે, એને આગળ લઇ જવાની છે. માત્ર ટ્રાફિક સર્વિસ, કાર્ગો સર્વિસથી આ રાજયને સંતોષ નથી. હજુ થોડા સમય પહેલા દહેજ ઘોઘા રો-રો ફેરી સર્વિસના ટર્મીનલનું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભૂમિપૂજન કર્યુ અને આપણા બજેટની અંદર જોગવાઇ કરી ૨૫૫ કરોડ રૂપિયાની. માત્ર વાતો કરી અને ચલાવ્યું નથી. મને આનંદ છે કે હું સુરતમાંથી પ્રતિનિધિત્વ કરું છું, ત્યારે આ રો-રો ફેરી સર્વિસ મારા સુરતના હજીરા, આ રાજયનું પીપાવાવ, જાફરાબાદ, ઓખા, જામનગર, મુન્દ્રા અને માંડવી જેવા બંદરો પણ રો-રો ફેરી સર્વિસ શરૂ થાય તે માટે રાજય સરકારે શક્યતાદર્શી અહેવાલનું આયોજન કર્યુ છે. કાર્ગો પરિવહનની સાથે સાથે માલ પરિવહનની સાથે સાથે માણસોનું પરિવહન વાહનો સાથેનું ગુજરાતમાં કરી શકીશું. દરિયાઇ સીમાની સલામતી માટે પેટ્રોલિંગ કરનાર નૌસેનાના જહાજો છે તેમજ વેપારી જહાજો છે. તેને સવલતો આપવા માટે આ બજેટની અંદર ૨૯૫ કરોડની જોગવાઇ કરી છે.

**શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માહિતી અને પ્રસારણ વિભાગ માટેની માગણી ક્રમાંકઃ૫૪ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિદ્ધાર્થભાઇ તેમના વકતવ્યના અંતિમ તબક્કામાં ગુજરાતના યુવાનોની રોજગારીની ચિંતા કરતા હતા. માત્ર સિદ્ધાર્થભાઇને નહીં ગુજરાતના પ્રત્યેક વ્યકિતને આનંદ અને ગૌરવ થાય તેવા પ્રકારની વાત મારે આજે કહેવી છે કે છેલ્લા સાત-સાત વર્ષોથી સમગ્ર દેશમાં ગુજરાત તે નવયુવાનોને રોજગારી આપવામાં પ્રથમ રહ્યું છે. આખા દેશમાં જયારે ગુજરાત આ પ્રકારે યુવાનોને રોજગારી આપવામાં પ્રથમ રહ્યું હોય ત્યારે એમાં માહિતી અને પ્રસારણ વિભાગનો ખૂબ મોટો ફાળો છે. રાજયના બેરોજગાર યુવક યુવતીઓને ગુજરાત અને ગુજરાત બહાર રોજગાર, સ્વરોજગાર વિષયક માર્ગદર્શન મળી રહે તે આશયથી રાજય સરકાર અને કેન્દ્ર સરકારના મંત્રાલયો, બોર્ડ કોર્પોરેશનો, નિગમો, અર્ધ સરકારી સંસ્થાઓ અને આ બધી જ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા તમામ ભરતી વિષયક વિજ્ઞાપનોને ગુજરાતી ભાષામાં સંકલિત કરીને પ્રતિ સપ્તાહ ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકના માધ્યમથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ પ્રકારે જે વિજ્ઞાપનો પ્રસિદ્ધ થાય છે તેનો અભ્યાસ કરીને ગુજરાતનો પ્રત્યેક યુવાન તેને લાગતા વળગતા વિષયમાં રોજગારી પ્રાપ્ત કરી શકે તેના માટેનો પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે. ગુજરાતના યુવાનો આ સાપ્તાહિકમાં

આવતા વિજ્ઞાપનોનો લાભ લઇ રોજગારી, સ્વરોજગારી ક્ષેત્રે પોતાની કારકિર્દીનું નિર્માણ કરે છે. આ ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકનો જે ફેલાવો છે તે દિન પ્રતિદિન વધતો જાય છે. આજે ૭૧૫૦૦ જેટલા ગ્રાહકો આ સાપ્તાહિક ધરાવે છે. આ પ્રકાશનની નકલો રાજયના પ્રત્યેક પુસ્તકાલયમાં મોકલવામાં આવે છે. જિલ્લા રોજગાર કચેરીઓમાં મોકલવામાં આવે છે. જિલ્લાની અન્ય અગત્યની કચેરીઓમાં પણ મોકલવામાં આવે છે. રાજયના અનેક મહાનુભાવો અને આ બધી સંસ્થાઓમાં વિનામૂલ્યે આ સાપ્તાહિકને મોકલવામાં આવે છે. જેના કારણે ગુજરાતનો યુવાન તેનો અભ્યાસ કરી શકે અને તેમાંથી તેને રોજગારીની તકો પ્રાપ્ત થાય. આ ગૃહમાં વારંવાર આદિવાસીઓના વિકાસના સંદર્ભે બોલવામાં આવે છે. ભૂતકાળમાં આદિવાસી, ગરીબ પ્રજાના મત લઇ અને લાંબા સમય સુધી શાસન કરવાવાળા લોકોએ તેમનું કેટલુ હિત કર્યુ તે આદિવાસીઓ અને ગુજરાતના ગરીબો સારી રીતે જાણે છે. એટલા માટે છેલ્લા ૨૦-૨૦ વર્ષથી તેમને એકધારુ સામી પાટલીએ બેસવાનો વારો આવ્યો છે. વર્તમાન સરકાર..

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની જે માગણીઓ છે તે માગણીઓના દાયરામાં આ વાત માનનીય ધારાસભ્યશ્રી કરે કે આદિવાસીઓની, કોંગ્રેસના શાસનની, તેમના શાસનમાં સુવર્ણયુગ આવ્યો. આ બધી વાત આ માગણીઓ ઉપર સુસંગત નથી.

અધ્યક્ષશ્રી : આપ માગણી ઉપર બોલો પ્લીઝ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા જઇ રહ્યો હતો એકબાજુ આ પ્રકારનો વિષય ચાલતો હતો ત્યારે.... કે જયારે એક બાજુ આ પ્રકારનો વિષય ચાલતો હતો ત્યારે માહિતી અને પ્રસારણ વિભાગે આદિવાસી વિસ્તારમાં આ સરકાર કેવા પ્રકારનાં કામો કરી રહી છે, એમને સુસંગત માહિતી પહોંચાડી અને એમને મળતા લાભોથી માર્ગદર્શિત કરે છે અને એના કારણે આજનો આદિવાસી એક તો શિક્ષિત થયો છે, અને આ પ્રકારના જયારે એને મળવાપાત્ર લાભોનો અભ્યાસ એ કરે ત્યારે રાજય સરકાર દ્વારા મળતી સંપૂર્ણ માહિતી એના લાભોની માહિતી એ એના સુધી પહોંચે અને એ બધા જ રાજય સરકારના લાભોથી લાભાન્વિત થાય એવા પ્રકારની ચિંતા એ આ રાજય સરકાર કરી રહી છે, માનનીય અર્જુનભાઇ પણ એમની વાતમાં કહેતા હતા કે અહીંયાં નહીં તો ઉપર છેલ્લે જવાબ આપવો પડશે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દશ વર્ષથી માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી સ્વયં અને પ્રત્યેક અમારા માનનીય મંત્રીશ્રીઓ એ ગુજરાતની પ્રજાના હિત માટે, ગુજરાતના વિકાસ માટે એ પ્રકારનો પ્રયત્ન કરી રહયા છે, સતત મહેનત કરી રહયા છે કે, પરમાત્માની સામે પણ આંખમાં આંખ મિલાવીને કહેવાના છે કે અમે ગુજરાત માટે આટલું આટલું કર્યું છે, માનનીય અધ્યક્ષશ્રી, એમને કહી શકાય એ પ્રકારનું કામ આ દેશની પ્રજાના હિત માટે અમારા માનનીય મંત્રીશ્રીઓએ અને અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કર્યું છે. ફકત આદિવાસી માટે નહીં પણ ગુજરાતની તમામ વંચિત પ્રજા માટે જે પ્રકારના કામો થાય છે, એ કામોની માહિતી એમના સુધી પહોંચે એના માટે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આ પ્રકારના સંપુટો બહાર પાડવામાં આવે છે. હમણાં અહીંયાં ગુજરાતના દરિયા કિનારાની વાત થઇ, ભૂતકાળના શાસકોએ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર જેટલા લાંબા દરિયાનો કેટલો ઉપયોગ કર્યો એ અમને ખબર છે. વર્તમાન સરકાર અને માનનીય મુખ્ય મંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે સાહેબ, આપણને જે આ કુદરતી સોર્સિસ પ્રાપ્ત થયો છે એનો મહત્તમ ઉપયોગ કઇ રીતે થાય અને બંદરોના વિકાસ જેવી પણ વિકાસલક્ષી પુસ્તકો એ આ વિભાગ દ્વારા બહાર પડે અને એના કારણે પણ ત્યાં વસતી પ્રજાને એનો સીધો લાભ થાય એવા પ્રકારનું કામ પણ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ બહુજન સમાજને ઉપયોગી એવી જાણકારી અને ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, ઐતિહાસિક, આર્થિક અને ભૌગોલિક વિકાસની ઝાંખી પ્રસ્તુત કરતા વિવિધ પ્રકાશનો જેવા કે પુસ્તકો, પોસ્ટરો, હોલ્ડર, પેમ્ફલેટ વગેરે પ્રસિધ્ધ કરવામાં આ માહિતી અને પ્રસારણ વિભાગનો ફાળો છે અને આ બધા પ્રકાશનોના કારણે અહીંયાં રાજયમાં વિકસતી બધી જ બાબતોની સીધેસીધી જાણકારી એ ગુજરાતની પ્રજાને થાય, એ માટેનું સુંદર કામ આ માહિતી અને

પ્રસારણ વિભાગ દ્વારા થઈ રહયું છે. ફકત આટલું જ નહીં એના ઉપરાંત પણ જાહેર જનતાને આરોગ્ય વિષયક માહિતી ઉપલબ્ધ થાય અને એમાં લેપ્ટોપ્રાઇરાસીસ , મેલેરિયા, પાણીજન્ય રોગો હોય તો આ બધા જ રોગોથી બચવા માટે આમ પ્રજાએ શું કરવું જોઇએ એના માટેની સુંદર માહિતી, બોર કે કૂવા હોય તો એ અંગે સાવધાની રાખવા જેવા વિષયો એને આવરી લેતા પોસ્ટરો, પત્રિકાઓ, ફોલ્ડરો એ પ્રજામાં મોકલી અને પ્રજા જાગૃત બને, શિક્ષિત બને અને રોગમુકત થાય આવા પ્રકારનું સુંદર કામ પણ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાક્ષિક એ માહિતી અને પ્રસારણ વિભાગની સૌથી મોટી સિધ્ધિ છે એમ કહું તો ખોટું નથી, જે પ્રકારનો અંક આ વિભાગ દ્વારા ગુજરાતની પ્રજાને આપવામાં આવે છે, ભૂતકાળમાં જે અંક આવતો હતો એના સાપેક્ષમાં વર્તમાન આ ગુજરાત પાક્ષિકનો અંક એ આજે જે સારા અંકો પ્રસિધ્ધ થાય છે એની તુલનામાં ઉભો રહી શકે, લોકોને એ અંક વાંચવો ગમે,એમાં વિવિધ લેખકો, વિવિધ માહિતીસભર લેખો, આરોગ્ય લક્ષી માહિતી, ગુજરાતમાં બનતી અનેક ઘટનાઓ ( અંતરાય) એ માનનીય અધ્યક્ષશ્રી, એમાં હોય છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. થોડા દિવસો પહેલા એક ગજરાતી લેખકે લખેલ પુસ્તક સ્વર્ણિમ ગુજરાતના નટ સમ્રાટને અભિનંદન વાચતો હતો. લેખકની પ્રસ્તાવનામાં લખવામાં આવ્યું હતું કે આ નટ સમ્રાટ તો ભવાઇ સમ્રાટને પણ ટપી જાય એમ છે. (અંતરાય) મને એમ કે આ પુસ્તક ગુજરાતના કોઇ (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડાઃ** સાંભળો તો ખરા પણ વગર સાંભળ્યે એમને એમ આટલી બધી *(xxxxx)શું કરવા કરો છો?

માનનીય અધ્યક્ષશ્રી, ગમે તે લેખક છાપામાં ગમે તે લખે એનો ઉલ્લેખ અહીંયા ન હોય અહીં તો સરકારી જે સાહિત્ય હોય, સરકારે જે પ્રકાશિત કર્યું હોય તો થઇ શકે. નહીંતર તો અનેક જાતના લેખકો અનેક જાતનું લખે છે એનો કોઇ આ રીતે ઉલ્લેખ ન થઇ શકે. ઓર્થેન્ટીક જે રીતે હોય સરકારી સાહિત્ય હોય એનો જ આ હાઉસમાં ઉલ્લેખ થઇ શકે. ગમે તે લેખક ગમે તે કહે એ, અનેક લોકોના વિચારો હોય. નહીં તો માનનીય અધ્યક્ષશ્રી, ભાજપનો કોઇ લેખક હોય તો એની તરફદારી કરે, કોંગ્રેસનો લેખક હોય તો એની તરફદારી કરે. કોઇ બીજા વર્ગનો અને ધર્મનો હોય તો એની તરફદારી કરે. એ લખે એટલે કાંઇ સાચું જ હોય એવું કોઇ માનવાને કારણ નથી અને એના કોઇ ઉદાહરણ અહીં ન આપી શકાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપ માગણી ઉપર જ વાત કરો, પ્લીઝ.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ થયું કે આવો લેખ લખવાની પ્રેરણા કેમ મળી હશે? આ ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી જે શાસન ચાલે છે એમાં જે રીતે આ સરકાર દ્વારા ઉત્સવો, નાટકો, મહોત્સવો અને જાહેરાતો પાછળ પ્રજાના પરસેવાની કમાણીના પૈસા જે રીતે બેફામ રીતે ખર્ચ કરવામાં આવે છે અને જે રીતે એક વ્યકિતની પ્રસિધ્ધી માટે સમગ્ર ગુજરાતની તિજોરી ખુલ્લી મુકવામાં આવી ગઇ છે એ બાબતની પ્રજાની લાગણીને વ્યથાને વાચા આપવાને સ્વરૂપે લેખકે આ વાક્ય લખ્યું હોય એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓમાં સદભાવના મિશન કાર્યક્રમ માટે રકમની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતમાં કોઇ વ્યકિત રાજધર્મ ભૂલે, કોઇ પાપમાં ભાગીદાર બને અને એનાથી સમગ્ર વિશ્વમાં ગુજરાતની છબી ખરડાય અને એ છબી સુધારવાના પ્રયત્ન સ્વરૂપ પોતાની આત્મશ્લાઘાને વધારે સંતોષવા ખાતર સરકારી પૈસે સદભાવના કાર્યક્રમ કરવામાં આવે અને એમાં પ્રજાના ટેક્સના પૈસા એ જાહેરાતો સ્વરૂપે હોય, એના મંડપના સ્વરૂપે હોય કે પછી એસ.ટી.ઓ લાવવા પાછળનો ખર્ચ હોય એ રીતે જે રીતે વેડફવામાં

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

આવી રહ્યા છે એના કારણે આજે સમગ્ર ગુજરાતની પ્રજા એમની માટેની જે સદભાવના ભૂતકાળમાં એમણે દાખવી હતી એમાંથી ધીમે ધીમે દૂર થતી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, સદભાવના કાર્યક્રમમાં ઉપવાસ કરવામાં આવે, કોઇ પણ ધર્મ હોય ઉપવાસ શું છે એ દરેક જણ જાણે છે. ઉપવાસ દિલથી થાય, ઉપવાસ લાગણીથી થાય. આ સદભાવના કાર્યક્રમમાં જે ઉપવાસનું નાટક કરવામાં આવે જાણે ઓફિસ ટાઇમના ઉપવાસ હોય એવું નાટક થાય. ઉપવાસમાં પણ કોણ સહકાર આપે? સરકાર દ્વારા એના અધિકારીઓને સૂચના આપવામાં આવે, કલેકટરને કહેવામાં આવે કે મારા ઉપવાસમાં ૧૦ હજારની સંખ્યાઓ હાજર રાખવી પડશે નહીં તો આવતી કાલે જ તમારી બદલી થઇ જશે. કલેકટર એમના નીચેના અધિકારીઓને કહે કે આંગણવાડી આણંદ જિલ્લામાં ૨ હજાર ચાલે છે તો ૨ હજાર બહેનોએ ફરજિયાત ઉપવાસમાં બેસવું પડશે, શિક્ષકો ૬ હજાર છે તો એમાંથી ૪ હજાર શિક્ષકોએ ફરજિયાત ઉપવાસમાં બેસવું પડશે, મધ્યાહન ભોજનના કર્મચારીઓ છે તો ફરજિયાત ઉપવાસમાં બેસવું પડશે. તલાટી છે, ગ્રામસેવક છે કે તાલુકા પંચાયત કે મામલતદાર ઓફિસનો કર્મચારી છે એને પણ ફરજીયાત ઉપવાસ કરવાની ફરજ પાડવામાં આવે છે. આ કાર્યક્રમોથી એમના માટેની જે સદભાવના છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( વૈધાનિક અને સંસદિય બાબતોના મંત્રી) : માનનીય સભ્યશ્રી કહે છે કે સરકારી અધિકારીઓ દ્વારા ફરજ પાડવામાં આવે છે એના આધારો આપે, આ આક્ષેપો છે આ આક્ષેપોના આધારો આપે.

અધ્યક્ષશ્રી : આપે જે કંઇ કહ્યું છે એના આધારો આપવા જોઇએ.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : બધાય આધારો આપીશું. એ માટેના જે જે પરિપત્રો થયાં છે એ રજૂ કરવાની મારી આપવાની તૈયારી છે. અહીંયા બંદરોની વાત કરવામાં આવી. અમારા મુરબ્બી વડીલ ધારાસભ્યશ્રી શિરીષભાઇ અહીંયા નથી પણ જ્યારથી ચૂંટાયા છે ત્યારથી ખંભાતમાં બંદર બનાવવા માટે વારંવાર વિનંતી કરે છે. દર ચુંટણી આવે ત્યારે એક વ્યક્તિ ખંભાતમાં આવીને મદારીનો ખેલ હોય એમ બધાને જાહેરમાં બંદરની વાત કરે અને પછી જ્યારે ચુંટણી પતી જાય પછી જાણે લોકોને બંદર બનાવીને જતા રહ્યા હોય એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આજે દસ દસ વરસ થયાં છતાં ખંભાતમાં બંદર બનાવવા માટેની કોઇ નાણાંકીય જોગવાઇ લઇને આવ્યા હોત તો અમે આ બજેટને ચોક્કસ સમર્થન આપ્યું હોત એટલા માટે હું આ બજેટને સમર્થન આપી શકતો નથી.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે તેમાં ૮૯ નંબરની માંગણી પર વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ પર મારા વિચારો રજૂ કરીને સમર્થન આપવા માટે ઉપસ્થિત થઇ છું. આપણે સૌ જાણીએ છીએ કે એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે પરંતુ એથી આગળ વધીને મારે કહેવું છે કે આ એકવીસમી સદી એ વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. સમય સાથે કદમ મિલાવીને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ ઇન્ફરમેશન ટેકનોલોજી, બાયો ટેકનોલોજી અને સીસ્મોલોજીકલ રિસર્ચ જેવી વિવિધ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ અને અમલીકરણની જવાબદારી વહન કરે છે. આમ રાજયના નોંધપાત્ર વિકાસની અંદર આ ટેકનોલોજીનો સિંહફાળો રહેલો છે. સાયન્સ અને ટેકનોલોજી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું અભિન્ન અંગ રહેલું છે ત્યારે આજે સાયન્સ અને ટેકનોલોજી જાણવાની અને માણવાની બાબતનો એક વિષય બની રહ્યું છે ત્યારે મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં કહુ તો –

**સંશોધનો સુવિધાની ગોદમાં નથી ઉદભવતા, સંશોધનો આવશ્યકતામાંથી ઉદભવે છે.**

એટલે જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજયના યુવાનો અને બાળકોના વિચારોને સન્માનવા અને આગળ ધપાવવા માટે વિજ્ઞાનને આધાર બનાવ્યો છે. ઇન્ફરમેશન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવા માટે શ્રેણીબદ્ધ પગલાં લીધા છે અને એના માટે ચાલુ વર્ષે રાજયને ઇ–ગવર્નન્સ ક્ષેત્રે ૧૭ જેટલા એવોર્ડો મળેલા

છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. બીજી એવી એક અભૂતપૂર્વ ઘટના હમણાં બની. થોડાક દિવસ પહેલાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ત્રિદિવસીય ઇ–ઇન્ડીયા ઇવેન્ટનું એક આયોજન થયું હતું. આ સાતમી રાષ્ટ્રીય ઇવેન્ટ અત્યારસુધીમાં ભારતભરમાં યોજોયેલી ઇવેન્ટમાં સૌથી લાંબામાં લાંબી ઇવેન્ટ યોજાઇ જે આપણા સૌ માટે પણ એક ગૌરવ લઇ શકાય એવી બાબત છે. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના વહીવટીતંત્ર નીચે ઘણી બધી સંસ્થાઓ કાર્યરત છે. પરંતુ મારે આજે ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી વિશે વધારે વાત કરવી છે. આ સાયન્સ સીટીના પ્રથમ ચરણની સમગ્ર કામગીરી પૂર્ણ થઇ ગયેલી છે અને સેકન્ડ ફેઝની કામગીરીને વિકસાવવા માટે રાજય સરકારે રૂપિયા ૩૫ કરોડની ફાળવણી કરી છે. આજથી દસ વરસ પહેલાં બાળકો અને યુવાનોને વિજ્ઞાન એક અઘરો વિષય લાગતો હતો. વિજ્ઞાન એક મોટો હાઉ લાગતો હતો. વિજ્ઞાન પ્રત્યેની રસ અને રૂચિ જળવાય તેમજ કુતૂહલવૃત્તિને સમજવામાં આપણે ક્યાંકને ક્યાંક નિષ્ફળ ગયા હતા ત્યારે મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે આજે પરિસ્થિતિ બદલાઇ છે. આજે વિજ્ઞાન માત્ર વિજ્ઞાનના વિષય સુધી સિમિત નથી રહ્યું. પરંતુ આજે વિજ્ઞાન એક ભાષા બની છે. વિજ્ઞાન એક કલા બની છે. એટલા માટે આ બાબતને બળ પ્રેરવા માટે રાજય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાનું વિજ્ઞાન, શિક્ષણ અને મનોરંજનના સુમેળ ધરાવતું સાયન્સ સીટી અમદાવાદ ખાતે વિકસાવવામાં આવ્યું છે. આ સાયન્સ સીટીની અંદર પ્રથમ ચરણમાં જે થ્રી–ડી થિયેટર આવેલું છે તે જાહેર જનતા માટે ખૂબ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સેકન્ડ ફેઝની અંદર જે રૂપિયા ૩૫ કરોડ ફાળવવામાં આવ્યાં છે તેમાં મુખ્ય ચાર પેવેલિયન બનાવવામાં આવનાર છે. એમાં પહેલાં પેવેલિયનની અંદર આઇ.ટી.ને લગતા વર્કીંગ વિભાગો કામ કરવાના છે. બીજા પેવેલિયનની અંદર ઇલેક્ટ્રોનીક્સને લગતા સંશાધનોનું એકઝીબીશન થવાનું છે. ત્યાર બાદ ત્રીજી પવેલીચનમાં સંદેશા વ્યવહારને લગતા માનવ જીવનના સંશોધનને આવરી લેવામાં આવેલાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ચોથી પવેલીચન બનવાની છે તેમાં યુવાન મનની વિચાર શકિતને આગળ વધારવા માટે Looking Ahead નામના વિભાગમાં ભવિષ્યને અવગત કરાતા પ્રદર્શનોનો સમાવેશ કરરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દૂર દૂરના છેવાડે આવેલી શાળા–કોલેજના વિદ્યાર્થીઓ આ સાયન્સ સીટીની મુલાકાત લે છે. માત્ર મુલાકાત લઇને આ વિદ્યાર્થીઓ નીકળી નથી જતાં પરંતુ વિદ્યાર્થીઓ પોતે જાતે પ્રયોગ કરે છે, પોતાની કુતૂહલવૃત્તિને અહીંયા સંતોષવા માટેની બહોળી વ્યવસ્થા કરવામાં આવી છે. અને આ રીતે સાયન્સ સીટીની મુલાકાત લઇ પોતાના વિસ્તારમાં તેની વાત કરતા થયા છે. આજે વિજ્ઞાન જનમાનસની અભિવ્યકિતનો એક ભાગ બની ગયો છે ત્યારે આ જ્ઞાનવાંચ્છુ વિદ્યાર્થીઓ માટે એક અદ્યતન લાયબ્રેરી બનાવવાનો પણ સાયન્સ સીટીમાં વિચાર થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ વિજ્ઞાન નગરી રાષ્ટ્રમાં તેમજ સમગ્ર વિશ્વમાં સારા અને ઉચ્ચ ગુણવત્તાસભર સાયન્સ સેન્ટર તરીકે વિકાસ પામી રહેલ છે આજે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ સાયન્સ સીટીની વાત થઇ રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થી જગતને આ સાયન્સ સીટી બનાવી એક નજરાણું ભેટ આપવા માટે આ રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હૃદયથી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ વિજ્ઞાનનું સરળ અને મનોરંજક સ્વરૂપમાં પ્રદર્શન કરી વિદ્યાર્થી આલમને એક આત્મવિશ્વાસ પ્રેરવાનું કામ સાયન્સ સીટી દ્વારા કરવામાં આવ્યું છે ત્યારે આજે ગામે ગામની અંદર છેવાડાના માનવી સુધી વિજ્ઞાન અને ટેકનોલોજીની સુવિધાનો સંચાર થયો છે. આજે ગામડાંના માનવીને વિકાસ પોતાની આંખ સામે દેખાઇ રહ્યો છે. અમારા હળવદ જેવા ગામની અંદર ખેડૂત મોબાઇલથી પોતાની મોટર ચાલુ અને બંધ કરે છે. નાનામાં નાનો ખેડૂત, નાનો મજૂર પણ આજે ટેકનોલોજીનો ઉપયોગ કરતો થયો છે. અને આમ વિજ્ઞાન અને ટેકનોલોજી એ વિકાસમાં હરણફાળ ભરવામાં આપણને સહિયારો સાથ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે દાવા સાથે કહેવું છે કે, આ પ્રમાણે આ વિદ્યાર્થીઓની જો આ ચીવટ અને કાળજી લેવાશે તો વિજ્ઞાનની વિકાસ યાત્રા ચાલુ રહેશે તો આપણા આ ગુજરાતના યુવાનો વિશ્વની પ્રયોગશાળામાં સંશોધનના કામે લાગશે એ વાત હું કહી શકું છું. આજે સાયન્સ સીટી યુવાનો, સંગઠનો,

સંસ્થાઓ, શાળાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ માટે આજે વિચારોના અમલીકરણનું એક વિજ્ઞાન મંદિર બન્યું છે ત્યારે આ માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય નાણામંત્રીશ્રી જે માગણી નંબર ૫૪ માહિતી અને પ્રસારણ વિભાગની રૂપિયા ૧૦૪ કરોડ ૧૦ લાખ અને ૩૭ હજારની લઇને આવ્યાં છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ વિશે એમ આપણી માનીએ છીએ કે આમ પ્રજાને તેમાં સમજ પડતી નથી. પણ ભાઇ બજેટને જાણવું હોય તો તેને સમજવું પડે અને એટલા માટે જ હું થોડીક વાસ્તવિક વાતો આ ગૃહ સમક્ષ મૂકવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક શાયરે ખૂબ સરસ કહ્યું છે

**" ફૂલો કી સુરત મેં, મેં ચૂકતા હુઆ કાંટા હું,**
**સચ બોલકે મેં કુછ લોગો કે દિલ મેં ખટકતા હું. "**

માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૧૨ અને ૧૩ના વર્ષનું જે બજેટ છે અંદાજે ૫૦૫૯૯ કરોડ રૂપિયાનું બજેટ છે. તે બજેટનું આયોજન કદ તો તમે જુઓ, આ નાણાં કંઇ આકાશમાંથી નથી આવતાં. રાજયના આવકના સાધનોમાંથી આ આવક ઉભી કરવી પડે છે. આમ જનતાને કોઇ અવળી અસર ના થાય અને તે રીતે આ આવક ઉભી કરવામાં આવે છે. અને આયાજનના કદ પ્રમાણે તેનું ખર્ચ કરવામાં આવે છે. નાણાંકીય શિસ્ત અને કુશળતા માટે આપણાં નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબની કોઇ સરખામણી થઇ શકે તેમ નથી તેમને ખરેખર અભિનંદન આપું છું. આયોજનનું જે કદ છે તે આ ગુજરાતની છ કરોડની જનતાને આપેલું વચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે આ ગુજરાતની ૬ કરોડની જનતા છે એ જ મારો ભગવાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, વચનેશુ કિમ્ દારિદ્રયમ્? અત્યારે આપણે બધા જોતા હતા કે ચૂંટણીમાં કહેતા હતા કે લેપટોપ આપીશું, આમ કરીશું, પણ લોકો હવે સમજે છે ભાઇ. લોકો ઠાલા વચનો સ્વીકારતા નથી. એને રદિયો આપી દે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વાત એટલા માટે કહુ છું કે વચનો આપવા અને એને પાળવા એ અઘરું કામ છે. એ કોઇ કલ્પના નથી. પણ છતાં મનન, મંથન, ચિંતન, મથામણ, પરિશ્રમ અને સામર્થ્ય થકી આજે નરી વાસ્તવિકતા આપણી સામે આવીને ઉભી છે. આ મારા કોઇ નકામા કે ઠાલા શબ્દો નથી. એક વાસ્તવિકતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે હવે માહિતી અને પ્રસારણ વિભાગની પણ થોડી વાતો કરવી છે. માહિતી અને પ્રસારણ વિભાગ ફકત સરકારનું જ કામ કરે છે એવું નથી. સરકારી નીતિ, સરકારી કાર્યક્રમો, સરકારની બધી સિદ્ધિઓ એ લોકો સુધી પહોંચાડે છે. માત્ર એને લોકો સુધી પહોંચાડે છે એટલું જ નથી, પરંતુ સામાન્ય જનતાનો પ્રતિસાદ, સામાન્ય જનતાનો પ્રતિભાવ પણ સરકાર સુધી પહોંચાડવાનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. એટલે જ તો આ વિભાગ સરકાર અને સમાજ માટે એક સેતુ બન્યો છે. આ વિભાગમાં જનસંપર્ક વિભાગ છે. જનસંપર્ક તો આપણે બધા પણ કરીએ છીએ. એમાં એક એવું માનવીય તત્વ રહેલું છે. એક સંવેદના રહેલી છે. અને એના પરિપ્રેક્ષ્યમાં જ આ માહિતી અને પ્રસારણ વિભાગના કાર્યક્રમોની આપણે મૂલવણી કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બે બાબતો આ વિભાગ માટે કહેવી છે. આ વિભાગ દ્વારા એક ક્ક્ગુજરાતક્ર પાક્ષિક પ્રગટ થાય છે. આ પાક્ષિક પહેલા પણ પ્રગટ થતું હતું, પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમાં વિશેષ ધ્યાન આપ્યુ. એમની કુશળતા અને માહિતી અને પ્રસારણ વિભાગની જે આગવી સૂઝ, એમની દેખરેખ, એમની લાગણીએ ગુજરાત પાક્ષિકને માત્ર ગુજરાતમાં જ નહીં, ગુજરાતની બહાર પણ લોકપ્રિય બનાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ના પ્રવચનમાં મેં વાત કરેલી કે જે એન.આર.આઇ. છે, એ અમારા વિસ્તારમાં આવીને ખૂબ વખાણ કરે છે. મેં એમને ગુજરાતનો અંક બતાવ્યો, ત્યારે એમણે કીધેલું કે આ ફકત

ગુજરાતીમાં જ નહીં, પરંતુ હિન્દી અને અંગ્રેજીમાં પણ આ અંક બને એવી અમારી લાગણી છે. એ લાગણી પહોંચાડી હતી. મારે આનંદ સાથે કહેવું છે કે ઇટ વોઝ નોટ ઓનલી ધી પ્રોમિસ, ઇટ ઇઝ મટિરિયલાઇઝડ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગના કારણે આ પાક્ષિક ખૂબ જ નયનરમ્ય બન્યુ છે. એટલા માટે કે એની અંદર જે જાણકારી આવે છે. સારા સારા લેખકો અને સાહિત્યકારો મારફતે, એ પણ વાંચવા જેવા હોય છે. વાંચો કોઇ પણ. એ લોકપ્રિય બન્યું છે એના હું પુરાવા આપું છું કે ૩ લાખ સુધીનો બહોળો પ્રસાર છે. ચાલુ વર્ષમાં એને ૬ લાખ કરવાનો અમારો લક્ષ્યાંક છે. મારે એ વાત પણ કહેવી છે કે આઇ.એ.એસ.ના જે વિદ્યાર્થીઓ છે એ વિદ્યાર્થીઓ પણ આ ગુજરાત પાક્ષિકને એક સંદર્ભગ્રંથ તરીકે ગણે છે. એનાથી મોટી બીજી કઇ વાત હોઇ શકે? બધાને એમ લાગે કે આ તો સરકારી પ્રકાશન છે. પરંતુ આ સરકારી પ્રકાશનમાં જે આકર્ષકતા છે, નયનરમ્યતા છે, ગુજરાતની ભાતિગળ સંસ્કૃતિ અને યાત્રાધામોનું જે વર્ણન છે એ તમે વાંચ્યુ હોય તો ખ્યાલ આવે. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે રોજગારીની ઘણી વાત કરી. આ વિભાગ પણ ગુજરાત રોજગાર સમાચાર નામનું સાપ્તાહિક બહાર પાડે છે. માત્ર ૩૦ રૂપિયામાં અનેકવિધ માહિતી એમાં હોય છે. અને સાથે સાથે આ વિભાગ જે દિપોત્સવી અંક બનાવે છે તે દળદાર અને સાચવવા જેવો છે. આ વિભાગ ફકત આવું જ કામ નથી કરતો પણ રજનીભાઇએ કહ્યું તેમ છેવાડાના માનવી સુધી આ વિગતો પહોંચે તેના માટે પ્રદર્શન ફોલ્ડર બધું બનાવે છે અને સરકારની એક યોજના છે કે પ્રજાની ભાગીદારીથી કલર ટી.વી. સેટ્સ પણ આપવામાં આવે છે. મારે એમ કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં અનુસૂચિત જાતિના વિસ્તારમાં મફત ટી.વી. અને મરામત અને જાળવણી પણ આ સરકાર કરે છે. સાંસ્કૃતિક અને આપણો જે આધ્યાત્મિકતાનો વારસો છે તમે માનો કે ન માનો, આધ્યાત્મકનો જે વારસો છે, આપણી જે સંસ્કૃતિ અને કલા અને સાહિત્ય છે તેની જાળવણી કરવાનું કામ અમારું છે. વી આર કમીટેડ ફોર ઇટ, એટલે જ આ ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી અને આ ગુજરાતનો વિકાસ કેવી રીતે થાય તે માટેનું કામ પણ આ માહિતી અને પ્રસારણ વિભાગ કરે છે. જી સ્વાનની રચના કરી, મીડીયા રીસ્પોન્સ સરસ રીતે ચાલે છે અને ગ્રન્થાલયોને આધુનિક બનાવવા માટે સ્વયંસંચાલિત પદ્ધતિથી તેને સંચાલિત કરી છે. બીજી પણ આ વિભાગની માહિતી તમને આપવા માગું છું. જરાક જો જો ભાઇ, પરિવર્તન શ્રેણી ખૂબ લોકપ્રિય બની છે. પરિવર્તન શ્રેણી, ગુજરાતના વિવિધ કાર્યક્રમો એમાં આવે છે અને સાથે આ જે આપણે બેઠા છીએ તે ગૃહની પ્રશ્નોત્તરીનું કામ જે રીતે આ માહિતી વિભાગ બહાર પાડે છે તે એટલું બધું લોકપ્રિય છે આજે આ કાર્યક્રમો આવે ત્યારે ગુજરાતીઓ જોવા બેસી જાય છે કે આજે વિધાનસભામાં શું પ્રશ્નોત્તરી ચાલે છે. આ દેશની પ્રજા ઉત્સવપ્રિય છે. પણ મારા મિત્રોને ઉત્સવો કેમ ગમતા નથી મને ખબર નથી. આ દેશની પ્રજા ઉત્સવપ્રિય છે. આ માગણીને સમર્થન આપીને વિરમું છું.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ ઉપર હું મારા મંતવ્યો રજૂ કરું છું. રાજય સરકારે છેલ્લા ઘણાં સમયથી ઉત્સવો–મેળાઓ અને સદભાવના જેવા મિશનો દ્વારા આમજનતાના ટેક્ષના નાણા જે વિકાસના કામો માટે ખર્ચવા જોઇએ તેના બદલે પોતાની વાહ વાહ માટે ખર્ચ કર્યા છે. ગામડાંમાં પીવાના પાણી માટે મુશ્કેલી છે. આમ જનતાના અનેક સળગતા પ્રશ્નો છે જે હલ થતા નથી. ત્યારે આવા ખર્ચાઓ બંધ કરી તે નાણાં આમ જનતાના વિકાસના કામો પાછળ ખર્ચ કરવામાં આવે તો ખૂબ જ સારુ દેખાય. આ સરકાર ભાજપની સરકાર વહીવટી ક્ષેત્રે તદન નિષ્ફળ ગઇ છે. હજારોની સંખ્યામાં કર્મચારીઓની ખાલી જગ્યાઓ છે જે ભરાતી નથી. ફિકસ પગાર, ઉચ્ચક પગાર અને કોન્ટ્રાકટ પદ્ધતિથી ભરતી થાય છે જો આમ જ ચાલશે તો એક દિવસ આ વહીવટી તંત્ર, ભાજપની સરકાર તૂટી પડશે. સરકારે તાકીદે પુરા પગારથી ભરતીઓ કરવી જોઇએ.

આમ જનતાના પ્રશ્નો હલ થતા નથી, મંત્રીશ્રીઓ ઉત્સવ મેળામાં વ્યસ્ત રહે છે. જેથી સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓ પણ આરામ ફરમાવતા હોય છે. રાજયનું સમગ્ર વહીવટી તંત્ર લકવાગ્રસ્ત થઇ રહ્યું છે ત્યારે રાજય સરકારે વહીવટી કામગીરીને ચેતનવંતી બનાવવી જોઇએ. રાજય સરકારે કર્મચારીઓ માટે હાજરી નિયમિતતા માટે સ્માર્ટકાર્ડ આપ્યા છે પરંતુ તેનો વ્યાપક દુરઉપયોગ થાય છે. આ કાર્ડ બીજા કર્મચારીઓને આપી ઘરે જતા રહે છે અને બીજા જે કર્મીને કાર્ડ આપેલા છે તે સાંજના સમયે પંચ કરી દે છે.

આ પદ્ધતિ આ સરકારમાં સદંતર નિષ્ફળ ગઇ છે. જેથી તેને સંગીન બનાવવાની જરૂર છે. રાજયના મુખ્ય મંત્રીશ્રી અને તેમનું મંત્રીમંડળ પોતાની વાહ વાહ માટે સમગ્ર એસ.ટી. તંત્રને બાનમાં લઇ લે છે. રાજયમાં ચૂંટણી પંચ દ્ધારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલે છે, કેવી સુધારણા યાદી ચાલે છે તે ખબર નથી પરંતુ જયારે મતદાર મતદાન કરવા જાય છે ત્યારે ચૂંટણી અધિકારીઓ પાસે જે ફોટાવાળી મતદાર યાદી છે તેમાં પુરૂષની જગ્યાએ સ્ત્રીનો ફોટો અને સ્ત્રીના ફોટાની સામે પુરૂષનો ફોટો હોય છે જેથી મતદાન થઇ શકતું નથી. એકજ વિસ્તારમાં રહેતા લોકોને બે ભાગમાં મતદાન મથકે મતદાન કરવા જવુ પડે છે તેના બદલે નજીકના સ્થળે જ મતદાન થઇ શકે તેવી કાર્યવાહી કરવામાં તંત્ર નિષ્ફળ ગયુ છે.

રાજયમાં વ્યાપક ગેરરીતિઓ થઇ રહી છે અને તપાસ પંચો સરકાર નીમે છે, પરંતુ એકપણ તપાસ પંચનો અહેવાલ હજુ સુધી સરકારને મળ્યો નથી, વારંવાર મુદતો વધારી આમ જનતાના નાણાંનો દુરપયોગ થઇ રહ્યો છે તે નિવારવામાં આ સરકાર નિષ્ફળ ગઇ છે.

રાજય સરકારે સારી કામગીરી બદલ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રોત્સાહનરૂપે ઇનામ આપવાની નીતિ અપનાવી છે, કેવી નીતિ માનનીય અધ્યક્ષશ્રી સારો વહીવટ સારી કાર્યક્ષમતા અને ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવતા કલેકટરો કે જિલ્લા વિકાસ અધિકારીઓને શિક્ષા મળે અને જાહેર મંચ ઉપર મુખ્યમંત્રી અને મંત્રીઓને પગે પડે તેને ઇનામ અપાય છે, આ સરકારનો વહીવટ છે.

અમારા આદિવાસી વિસ્તારમાં દાહોદ જિલ્લામાં પીવાના પાણીની વ્યાપક ફરિયાદો ઉભી થઇ છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આગાલી વખત મારે પાણી વિશે બોલવાનું હતું ત્યારે માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપી હતી એનો અમલ હજી પણ થયો નથી. મારા દાહોદ વિસ્તારમાં જે અમારા આદિવાસીઓના લગ્ન થઇ રહ્યા છે ત્યારે ૧૨૦૦ રૂપિયાનું એક ટેન્કર મૂકવું પડે છે ત્યારે મારી આદિવાસી બહેનો ગીત ગાય છે આ ભાજપની સરકારને વાહવાહ થઇ જઇએ.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણીઓ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી વતીથી માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે માહિતી અને પ્રસારણ વિભાગની અંદર ગુજરાતી ચલચિત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો એને ઉત્તેજન આપવામાં આવે છે એની વાત પણ કરવામાં આવી. અત્યારે ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગ મૃતપ્રાય થઇ ગયો છે. એને આપણી સંસ્કારિતાને વાચા આપે એટલા માટે થઇને કોઇ ખાસ યોજના વિચારવામાં આવી નથી એના પ્રત્યે મારુ દુઃખ વ્યકત કરું છું. આપણા જ ઘર દિવડા એવા કલાકારો હોય કનોરિયા હોય ઉપેન્દ્ર ત્રિવેદી હોય આ બધાનો ઉપયોગ કરીને સારા ગુજરાતી ચલચિત્રો ભૂતકાળની અંદર કોંગ્રેસ સમર્થિત સરકારે આપ્યા હતા અને એને અનુસરીને એ વાત વિચારવામાં આવે એ ખાસ જરૂરી છે.

સામાન્ય વહીવટ વિભાગની અંદર વિકેન્દ્રિત આયોજનની વાત કરી. એ.ટી.વી.ટી. આપણો તાલુકો, વાયબ્રન્ટ તાલુકો, હજી વર્ષ પૂરૂં થાય ત્યારે ખ્યાલ આવે અને આયોજનના સાત ટકા વિકેન્દ્રિત આયોજન માટે વાપરવા જોઇએ એનો અમલ સામાન્ય વહીવટ વિભાગ કરતું નથી. આપણું ૫૦ હજાર કરોડ રૂપિયાનું આયોજન હોય તો તેના ૭ % પ્રમાણે ૩૫૦૦ કરોડ રૂપિયા વિકેન્દ્રિત આયોજન માટે કરવામાં આવે તો એમાં ધારાસભ્યની ગ્રાન્ટ વધી શકે, જિલ્લા આયોજન મંડળને પણ વધુ પૈસા આપી શકાય અને સદ્ભાવનાની વાત આજે ખૂબ ચર્ચાઇ ગઇ છે એટલે નહિ કહું પણ માત્ર મુખ્યમંત્રી માત્ર હું ને હું, હું ને હું એની અંદર આ રાજયના તમામ જે પદાધિકારીઓ હોય કર્મચારીઓ હોય એના માટેની વાતનો સ્વીકાર કર્યો હોય, ખાસ કરીને ગેસ કેડરના મલ્ટીપલ્સ સ્કેલ એનો આપણે અમલ કર્યો ખરો. ૨૦૦૯માં પરિપત્ર બહાર પાડયો પણ એના ધોરણો સુધારવામાં આવ્યા ખરા, એના પ્રમોશન આપવામાં આવ્યા ખરા, સચિવાલય કેડરમાં ભૂતકાળમાં જયારે નિર્ણય લેવાયેલો કે એને સેક્રેટરી પદ પર જેમણે ચાર વરસનો જિલ્લાનો અનુભવ હોય એને સચિવાલય કેડરનાને અહીં સેક્રેટરી સુધીના પ્રમોશન આપવાની વાત હતી એનો અમલ કર્યો ખરો, કૌલગી સમિતિ વહીવટી સુધારણા

માટે નીમવામાં આવી એનો રિપોર્ટ આવી ગયો પરંતુ એ વાંચવાનો પણ મુખ્યમંત્રીશ્રી કે મંત્રીમંડળને સમય મળ્યો છે ખરો? હજી સુધી મને જવાબ આપ્યો કે હજી સુધી અમે રિપોર્ટ સ્વીકારવામાં આવ્યો નથી તો આ વહીવટી સુધારણા માટેનું કમિશન શા માટે નીમવામાં આવ્યું? બંદરની વાત કરવી છે પણ આપ કહેશો કે, એમ.બી.શાહ કમિશન પાસે ગયું છે એટલે ચર્ચા નહીં થાય. ભૂતકાળની અંદર બંદરો માટેની અનેક વખત વાતો કરી છે. એનો પ્રતિભાવ કે જવાબ આપવાનું સરકાર મુનાસીબ સમજી નથી અને ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયા કિનારાના વખાણ કરીએ પણ એની આવકો છે એ રાજ્ય સરકારની તિજોરીમાં જાય એના કરતાં વપરાશકારો જે છે એને મળે એવી કોઇ પારદર્શકતા છે એનો અહીંયા અમને કોઇ અનુભવ થતો નથી. આજે એક કરોડ રૂપિયા નવી સેવાઓ માટે માગ્યા છે, મુન્દ્રા, બીજા નાના બંદરો છે એને બનાવવાની વાત કરો છો. ભૂતકાળની અંદર તમે જવાબ આપ્યો છે કે, આ બંદરોને વિકસાવવામાં આવશે. નાના બંદરો આજે મૃતપ્રાય પરિસ્થિતિમાં પહોંચી ગયા હોય અને જે મહા બંદરોની વાત કરતા હોય, એનો કરોડો રૂપિયાનો લાભ ગુજરાતની અંદર જેમના કારણે, અમારા માનનીય વિરોધપક્ષના નેતા, એમને આપણે બહાર મૂકી દીધા. એમણે જ્યારે અદાણીની વાત કરી, અદાણી સાથે એવી કઇ વ્યવસ્થા છે? અદાણી માટે આખી ટ્રેઝરી બેંચ ઉંચી થઇ જાય છે. * (xxxxx) ફરીથી રિપિટ કરીને કહું છું. એની તપાસ થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપ માગણી ઉપર બોલો..

શ્રી બાબુભાઇ મે. શાહ : જેથી કરીને રાજ્યના જે પૈસા છે એના ભોગે કોણ શ્રીમંત બન્યું છે એ સત્ય હકીકત બહાર લાવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બાબુભાઇએ અંતમાં જે શબ્દોનો ઉલ્લેખ કર્યો છે કે (xxxxx) પ્લીઝ, આ તમામ બાબતો કોર્ટને આધીન છે. બાબુભાઇ આપ ખૂબ મારા વડીલ છો.. પ્લીઝ, માનનીય મંત્રીશ્રી, વજુભાઇ વાળા.. (અંતરાય)

શ્રી **વજુભાઇ રૂ. વાળા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે મારી માગણીઓ લઇને આવ્યો છું, સામાન્ય વહીવટ વિભાગ માટે થઇને શરૂઆતમાં અર્જુનભાઇ મોઢવાડીયાએ જે વાત કરી કે, અધિકારીઓને અહીંયાં પીળી ચિઠ્ઠી ઉપર સૂચના આપી અને જે એ જે પ્રમાણે કહે એ પ્રમાણે કરવું. લેખિત ફાઇલ ઉપર નહીં. ચિઠ્ઠી ઉપર કહે છે. અર્જુનભાઇ કોઇ દિ શાસનમાં આવ્યા છે કે નહીં? ફાઇલ જોઇ છે કે નહીં? પહેલાં ફાઇલ નીચેથી શરૂ થાય, એ આખરી થાતાં થાતાં છેલ્લે મુખ્યમંત્રી પાસે જાય. એની માથે થઇને ટોટલ નોંધ આવી ગઇ હોય અને એ નોંધ ઉપર નિર્ણય લેવાનો હોય. એમાં પીળી ચિઠ્ઠિ લખવાની વાત હોય જ નહીં. કોઇ દિ શાસનમાં આવ્યા નથી અને ઇશ્વરની કૃપા થાય કે એ આવવાના પણ નથી. એ હકીકત છે. આજે જ્યારે વાત કરો છો ત્યારે પ્રોસીઝરની ખબર હોય કે નહીં? આપણે શેની વાત કરીએ છીએ.

બીજી એમણે વાત કરી કે લોકો મંત્રીને અનુકૂળ ન હોય, મુખ્યમંત્રીને અનુકૂળ ન હોય એને આપણે દિલ્હી મોકલતા નથી. સનદી અધિકારીઓને ડિસેમ્બર મહિનાની અંદર પોતાની ચોઇસ છે એ ચોઇસ મૂકવાની વાત છે. એમાં જવાની ઘણા અધિકારીઓની ઇચ્છા હોય પણ ગુજરાત રાજ્યના આઇ.એ.એસ. અધિકારી હોય, આપણું તંત્ર બરાબર વ્યવસ્થિત ચાલે એનાથી જેટલા સરપ્લસ હોય એને મોકલવાની વાત હોય અને આ પદ્ધતિ છે એ અમે કોઇએ નક્કી કરી નથી બાબુભાઇ, એ આપના વખતમાં થઇ છે, તમે જ્યારે થોડા વખત માટે ભલે કોઇ વાંધો નહીં. ભલે રસના કૂંડા ન ખાધા હોય પણ એનો એક ચટકો તો ચાખ્યોને, કેવી રીતે બેઠા હતા અને કોના મતથી ચૂંટાયા અને કોના ગાડામાં બેસી ગયા એ મારે કહેવાની જરૂર નથી. તમે એક નહોતા આવા જ્જ હતા, એ જ્જ માંથી બીજી વાર ચૂંટણી થઇને એટલે ફકત ચાર જ ચૂંટાણા, પાંચમો આગળ દોણી લઇને ચાલેને એવો દોણીયો પણ નહોતો. બધા કાંધ દેવાવાળા ચાર આવ્યા. તમે બોલો મા ભાઇ, ભેગા જ હતા, માનસિંહભાઇ, માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ જે કંઇ છે એ અનુકૂળતા

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પ્રમાણે જ થાય એ વાત નથી અને મુખ્યમંત્રી હેલીકોપ્ટર અને પ્લેનની અંદર જાય છે એવી આપ વાત કરો છો, તો હિન્દુસ્તાનમાં જોવો, કેન્દ્રના મંત્રીઓ હોય છે એ શું મહાત્મા ગાંધીજીની જેમ રેલ્વેના ડબ્બાની અંદર બેસે છે, એ શું બધા ચાલીને જાય છે, એ શું બસમાં બેસીને જાય છે? અરે બીજા રાજયના મુખ્યમંત્રી પાસે કેટલા કેટલા પ્લેન છે અને હેલીકોપ્ટર છે એની નોંધ જોવોને, અને આ હેલીકોપ્ટર અમે નથી લીધું, આ કોંગ્રેસના વખતમાં એમણે જ શરૂ કર્યુ હતું હેલીકોપ્ટરનું. અને એ પણ જતા હતા અને જે કોઇ જાય છે અને ખર્ચો કરે છે એ તમામ ખર્ચ સરકારના રેકોર્ડ ઉપર લાવવામાં આવે છે. એકાઉન્ટન્ટ જનરલ એનું ઓડીટ કરે છે, અને ઓડીટ કર્યા પછી નિયમ મુજબ જે ખર્ચ માન્ય રાખે એ ખર્ચ માન્ય રાખે છે એ અને આપ ૧૦–૧૦ વર્ષના કહો કે ૧૯ કરોડ રુપીયા ખર્ચ કર્યા અને આટલા ખર્ચ કર્યા, જે કંઇ ખર્ચ થાય એ અને જે કઇ હોય એ તો તે દિવસે પેટ્રોલના ભાવ ઓછા હતા અત્યારે જે પેટ્રોલના ભાવ પ્રમાણે એ વધુ થાય અને બીજી જે એમણે વાત કરી કે મોટા મોટા ૧૦–૧૦ લોકોને વિદેશની અંદર લઇ જાય છે, હવે વિદેશમાં લઇ જવા માટે વેપારી વર્ગના લોકોને આજે આ રાજયનો ઉદ્યોગ વધે, ગુજરાત રાજયનો વેપાર વધે, એના માટે થઇને આ ગુજરાતની અંદર જે ઉદ્યોગ કરે છે, અને જે વેપાર કરે છે, એને ના લઇ જાય તો કોને લઇ જાય? વિરોધ પક્ષના નેતાને કહે, કે હાલો ભાઇ ત્યાં જોવા માટે થઇને તમે આવો, કે બીજા કોઇને લઇ જાય? અરે જે કામ માટે જવાનું હોય અને જેની લાયકાત હોયને યોગ્યતા હોય એને જ લઇ જવાય. બીજાને ના લઇ જવાય. આ તો સીધી દીવા જેવી વાત છે. આ રીતે જે બીજી એમણે વાત કરી, કે જે પક્ષની મીટીંગની અંદર અધિકારીઓ પાસે પ્રેઝન્ટેશન કરાવે છે, હવે આ જે અધિકારીઓ પ્રેઝન્ટેશન કરે છે ત્યારે ધારાસભ્યો હોય છે, પાર્લામેન્ટના સભ્યો હોય છે, રાજયસભાના સભ્યો હોય છે એ તમામ લોકો ગુજરાતની અંદર ગુજરાતની શું સ્થિતિ છે, ગુજરાતની શું પ્રગતિ છે એની જાણકારી કરવા માટે પ્રેઝન્ટેશન બધા થતા હોય છે. અને અમે તો એમ કહીએ છીએ કે આ પ્રેઝન્ટેશનની જે કાંઇ કેસેટ છે ને એ તમારે જોવી હોય તો તમને પણ આપવા માટે અમે તૈયાર છીએ. અધિકારી તમને પણ મોકલશું જો એકેય રીતે તમે રાડારાડી ના કરો. જે પ્રમાણે કરી હતીને અહીં, એ પ્રમાણે ના થાય એના માટે. .. અંતરાય .. હશે બાપુ મને આંચ કહોને.. તમે દરબાર ઉઠીને અહીં કયાં કહો છો?

અધ્યક્ષશ્રી : નટવરસિંહભાઇ .. આપ આપના સ્થાન ઉપર જાવ પ્લીઝ ..

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે જે એમણે વાત કરી કે કાર્યક્રમની અંદર અમને બોલાવતા નથી. સરકારી જે કાર્યક્રમ હોય એ તમામ કાર્યક્રમની અંદર જે માનનીય ધારાસભ્યો હોય, પાર્લામેન્ટના માનનીય સભ્યો હોય,રાજયસભાના હોય એને નિમંત્રણ આપે છે અને આપે છે અને આપે જ છે. પણ સવાલ એ છે .. અંતરાય .. તમને નિમંત્રણ પણ નથી મળતા? અંતરાય .. માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબદારી કલેકટરની છે. પ્રોટોકોલ મુજબ તમામ લોકોને આ નિમંત્રણ મળે છે. નિમંત્રણ મળ્યા પછી તમે જો હાજર રહયા હોવ તો તમને યોગ્ય સ્થાન આપવામાં આવે છે. પણ જે ધારાસભ્ય કે પાર્લામેન્ટના સભ્ય હોય એને બોલવા જ દેવું જોઇએ એવું નથી હોતું, હું તમને આ પ્રોટોકોલની વાત કરું છું. અને છતાંય તમને નિમંત્રણ ના મળતું હોય, એક પણ સરકારી કાર્યક્રમ હોય અને તમને નિમંત્રણના મળ્યું હોય તો જે તે કલેકટર હશે એમને વાત કરીશ. પણ કાર્યક્રમમાં આવ્યા પછી તમને બોલવાની તક છે એ ના મળે. તમે હાજર રહો તો તમને યોગ્ય સ્થાન ઉપર બેસાડવામાં આવે એમાં કોઇ સવાલ નથી. આજ રીતે જે એમણે વાત કરી કે કલેકટર ઓફીસ છે, કલેકટર ઓફીસોને ઈવેન્ટ ઓફીસ તરીકે બનાવી દેવામાં આવી છે. કલેકટર પાસે જે કાંઇ કામ લેવામાં આવે એ ૧૫મી ઓગષ્ટ હોય, ૨૬મી જાન્યુઆરી હોય, ૧લી મે હોય, નવરાત્રિ મહોત્સવ હોય, કૃષિ મહોત્સવ હોય, જે સરકારી કાર્યક્રમો છે એના માટે થઇને કલેકટર પાસેથી કામ લેવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરી જે જગ્યાએ ઉજવવાની હોય ત્યાં બાકીના મંત્રીઓ પણ જઇને ઉદ્‌ઘાટન કરે છે, લોકોને મળે છે, ક્યાંક ખાતમુહૂર્ત કરે છે. આ તમામ કાર્યક્રમો માટે જ્યાં જ્યાં એને ઈવેન્ટ ઓફિસ નહીં, કલેકટર ઓફિસ તમારા વખતમાં જે નિષ્ક્રિય અને મૃતપાય પડી હતી એ ઓફિસોને અમે સજીવન કરી છે અને જેટલી કલેકટર ઓફિસો સજીવન થશે એમાં કેટલાયના મોત નોંધાયેલા છે એ સમજી જજો. આ કામ એમની પાસેથી ગેરકાયદેસર નથી લેતા. બીજી વાત, તમામ લોકોએ સદભાવના મિશન માટેની વાત કરી. એમાં ખોટું શું છે?

આ ગુજરાત રાજ્યમાં જ છે? કેન્દ્ર સરકાર વર્ષોથી કાર્યક્રમો કરે છે. દેશમાં રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદભાવના જળવાઇ રહે એના માટે સદભાવના દિવસમાં કોમી એકતા સપ્તાહ, રાષ્ટ્રીય સાંપ્રદાયિક પ્રવૃત્તિ અને રાષ્ટ્રીય સંકલ્પ દિવસની ઉજવણી એ કેન્દ્ર સરકાર પણ કરે છે. જો અહીં કોઇના મનની અંદર બળતરા થતી હોય તો જઇને ત્યાં દિલ્હીવાળાને કહો કે આવા કાર્યક્રમો ન કરે. અમે જો સદભાવનાના કાર્યક્રમો કરતા હોય તો તમે અમારી પાછળ તે જ દિવસે એ જ ગામમાં નજીકની જગ્યામાં આવીને શા માટે બેસો છો? તમે જો સદભાવના કાર્યક્રમના વિરોધી હોવ તો તમારે ત્યાં બેસવા આવવાની શી જરૂર છે? (અંતરાય) સદભાવનાની વાત છે એને હું કલુષિત કરવા માગતો નથી. આ રાજ્યમાં સાંપ્રદાયિકતાની અંદર કોઇ વિખવાદ ન થાય. છેલ્લા ૧૦ વર્ષ થયા આ રાજ્યમાં કોઇ હુલ્લડો નથી થયા. અમે માનીએ છીએ કે આ રાજ્યમાં રહેનાર (અંતરાય) મને ખબર છે આ તમે નથી બોલતા, *(xxxxx) બોલાવે છે. એમાં કોઇ સવાલ નથી, માનવ સ્વભાવ છે. આ સદભાવના કાર્યક્રમ છે એ સરકારી કાર્યક્રમ છે. અત્યારે કર્યા છે, ભવિષ્યમાં પણ હજુ થવાના છે. કારણ કે રાજ્યમાં તમારી પાસે કેટલી સંપતિ છે એ સવાલ નથી, રાજ્યમાં સંસ્કારિતા કેવી છે એની વાત છે. આજે ભાતૃત્વભાવથી કરીએ છીએ. ઇકબાલભાઇને કવિ ઇકબાલની કવિતા કહીશ કે, ''મજહબ નહીં શિખાતા આપસ મૈં બૈર રખના, હિન્દી હૈ હમ, વતન હિન્દુસ્તાં હમારા'' પોતાની માતૃભૂમિ ગણીને ભાતૃભાવથી રહે છે એ જ આ દેશનો સાચો નાગરિક છે. આ સદભાવનાની વાત માટે થઇને આ વાત લઇને અમે ચાલીએ છીએ, આ જ રીતે હજી પણ આગળ ચાલવાના છીએ એમાં કોઇ સવાલ નથી. સદભાવના પાછળ જે ખર્ચ થાય છે એ સરકારી ચોપડે લખાય છે, કાયદેસરનો ખર્ચ થાય છે અને કાયદેસર લખાય છે. મને ખબર છે, બાકીના લોકો કહે છે સદભાવનામાં મુખ્યમંત્રી ઉપવાસ કરે છે એ ઓફિસ ટાઇમમાં કરે છે. ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦. પણ કાર્યક્રમ ૧૦ થી ૬ નો હોય છે. ઉપવાસ એને કહેવાય કે આગલા દિવસે જમ્યા હોય તો સવારથી માંડીને બીજા દિવસની સવાર સુધીના અને આવા તો લગાતાર ચાર-ચાર દિવસ સુધીના ઉપવાસ આ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ કર્યા છે અને તમે આવી વાત કરો છો? જે વસ્તુની ખબર નથી એના માટે આ વાત થાય એ કોઇ રીતે યોગ્ય નથી. હજી પણ અમે કહીએ છીએ કે, માનનીય અર્જુનભાઇએ વાત કરી કે આ કેવી રીતે છે? એણે કવિ કલાપીની કવિતા કહી કે ''રસહીન થઇ ધરા કે દયાહીન થયો ભૂપ, એમ બોલી માતા ફરી રડી.'' એક વાત કલાપીએ કરી કે, રાજા છે એ પેલી માતાએ એનો શેરડીનો સાંઠો નીચોવીને રસ દીધોને તો રાજાના મનમાં અમે થયું કે, આ ખેડૂત કેટલો ધનવાન હશે? એના માથે મારે ટેકસ નાંખવો જોઇએ. એ રાજાની દાનત બગડીને એની આ કવિતા છે. અમે ૧૦ વર્ષમાં એક રૂપિયાનોય ટેકસ નાંખ્યો નથી અને શાસન કરીએ છીએ. અહીં જે રાજા છેને, જે રાજા બેઠા છેને એની અંદર કોઇ નથી એના દિલની અંદર દયા છેને એટલા જ માટે થઇને ગરીબી હઠાવવા માટે એક હજાર, બે હજાર નહિ, આઠ-આઠ હજાર કરોડ રૂપિયા ગરીબી રેખાથી નીચે જીવવાવાળાને સાધન સામગ્રી આપીએ છીએ. જે ગરીબ વર્ગના લોકોને જે કહેવાવાળા હતા, કોંગ્રેસ પાર્ટીના કહેવાવાળા હતા 'હમારાં નેતા આયેગા ગરીબી હઠાયેગા' હઠી ગઇ ગરીબી? (અંતરાય) અરે, ગરીબી નો હઠે અને એકવાર સમજી લ્યો કે આ રાજ્યમાંથી જે દિવસ ગરીબી હઠશેને તે દિવસે કોંગ્રેસેય હઠી ગઇ હશે એ નિર્વિવાદ વાત છે. આટલા વર્ષો સુધી લુખ્ખાં વચનો આપી પ્રજાને જે માયકાંગલી અને બેહાલ દશાની અંદર મૂકનાર આ કોણ છે?

માનનીય અધ્યક્ષશ્રી, અમે જે સદ્ ભાવનાની વાત લઇને બેઠા છીએ એમાં કોઇ સવાલ નથી. બીજી જે માનનીય અર્જૂનભાઇએ વાત કરી કે, જેસલપીર બચી ગયા અને એને તોરલ દેવી મળી ગયા. આ જેસલ જગનો ચોરટો, ચોરમાં ચોર માયલો હતો એ ચોરને જો તોરલ મળે એનું જીવન સુધરી જાય તો હું આપ સૌ મિત્રોને કહું છું કે, ૧,૭૬,૦૦૦ કરોડનું જેણે કૌભાંડ કર્યુ એવા જેસલને તમારી કઇ તોરલ મળવાની છે? છે કોઇ? ગમે ત્યાંથી ગોતી આવોને. આ તમે જે બોલ્યાં છોને એ તમારી વિરુદ્ધનું જ બોલ્યાં છો. (અંતરાય) મને ખબર નથી, માનનીય અધ્યક્ષશ્રી, બીજું કાંઇ હશે બાબુભાઇ. (અંતરાય)

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આ તમામ પંક્તિઓ અર્જુનભાઇની જ છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ બિલકુલ એમને સાંભળ્યા છે. પ્લીઝ, તમામ સભ્યોને માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ શાંતિથી સાંભળ્યાં છે. અત્યારે એમનો જવાબ ચાલે છે તો આપણે સાંભળવા જોઇએ. (અતંરાય) બાબુભાઇ, આપ બેસી જાવ નટવરસિંહભાઇ. ઓર્ડર.. ઓર્ડર..

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે માનનીય સિદ્ધાર્થભાઇએ પણ વાત કરી કે કાયમી મહેકમ ભરવાને બદલે આઉટ સોર્સિંગથી અને ફિક્સ પગારથી જગ્યા ભરવામાં આવે છે ત્યારે મારે એટલું જ કહેવાનું કે જે આ જગ્યાઓ ભરાય છે એ તમામ જગ્યાઓને મીનીમમ વેજીસ પ્રમાણે એને પગારનું ચૂકવણું કરવામાં આવે છે અને સરકારની અંદર જે જગ્યાઓ ભરે છે એ સરકારી કાયમી કર્મચારીને જે બેઝિક પગાર છે એ બેઝિક પગાર કરતાં પણ થોડુંક વધુ આપવામાં આવે છે. હમણાં જ હાઇકોર્ટે જજમેન્ટ જે રીતે આપ્યું છે એ જજમેન્ટ પ્રમાણે અત્યારે એ કોર્ટની અંદર એના ઇન્ટર–પ્રિટેસન માટે થઇને પેન્ડિગ છે અહીંયા કોઇ યુવાનોનું શોષણ કરતા નથી. અમે તો આટલો પગાર આપીએ છીએને તમારા વખતની અંદર યુવાનોના, બેકારોના થોકડા એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જની અંદર લાગ્યા હતા. આજે કોઇનું શોષણ નથી થાતું. આ મિનિમમ વેજનો કાયદો કેન્દ્ર સરકાર કહે છે એ પ્રમાણે અમારે ચાલવું પડે છે અને કેન્દ્ર સરકારે નક્કી કરેલા ધોરણ કરતા એક વ્યક્તિ એવી બતાવો કે જેને અમે ઓછું આપતા હોય. આ શોષણની વાત નથી. અમે તો યુવાનોને અને બીજું, અમે જેને ટેમ્પરરી માટે રાખ્યાં છેને એને અમે એસ્યુરન્સ આપ્યું છે કે પાંચ વર્ષ પછી તમને કાયમી કરી દેવામાં આવશે. પાંચ વર્ષ સુધી મિનિમમ વેજીસ કરતાં વધુ પગાર આપીએ છીએ. પાંચ વર્ષ પછી બધાને કાયમી કરવામાં આવે છે. આજે શિક્ષકોને, કલાર્કને અને પ્યુનને કાયમી કર્યા છે. આજે શોષણની વાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે જે આ પાર્ટીના કાર્યક્રમ અને પેકેજ જાહેર કર્યા અને એમાં આપણે કહ્યું કે, સદભાવનામાં જે પેકેજ જાહેર કર્યા છે એ તમામ પેકેજ છે એ પ્રમાણે એ પૈસા જે તે વિસ્તારમાં વપરાવાના છે, અને એ જયારે વપરાઇ જાય ને, આ વપરાશે આગામી વર્ષની અંદર. એને પૂછવા કે કેટલા પૈસા વાપર્યા એના માટે એ જે સવાલ ઉભો થશે એ આવતા માર્ચ મહિનામાં થશે. આમાંથી જે હાજર હોય આવતા માર્ચ મહિનામાં એ પૂછજો, અમે તો છીએ જ.

માનનીય અધ્યક્ષશ્રી, જેટલા બોલ્યા એટલા વાપરી બતાવ્યા છે. બાકીના તો જે કાંઇ હજી અમારા જયનારાયણભાઇ બોલવાના છે. બાકી વિશેષ નહીં કહું. સદભાવના છે, અમારી કોઇ નથી. કોંગ્રેસના મિત્રો હોય, વિચારધારાથી કદાચ અલગ હોય તો તમારા માટે પણ અમારા મનની અંદર ભાતૃભાવના એટલી જ છે. અમે કોઇ દિવસ સદભાવનાની અંદર તમને અમે અલગ ગણ્યા નથી. તમે ભારતના નાગરિક છો, આપણે સૌ ભારત માતાના સંતાનો છીએ. સાથે હળીમળીને રહેવું એજ અમારી સદભાવનાનો આશય છે અને આજ રીતે અમે આ કાર્યક્રમ કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઇ મારી આ માગણીઓ છે એના ઉપરની કાપ દરખાસ્ત પાછી ખેંચી તમામ માગણીઓ સ્વીકારે એવી હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું. (અંતરાય) ( આ તકે કોંગ્રેસના સભ્યશ્રી બાબુભાઇ મે. શાહ ઉભા થતાં)

અધ્યક્ષશ્રી : જયનારાયણભાઇનો જવાબ સાંભળીએ પછી આપને તક આપીશ.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે માહિતી અને પ્રસારણ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ અને સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની માગણીઓ લઇને હું આ સનમાનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાતનો આનંદ છે કે, એકાદ અપવાદને બાદ કરતાં આ તરફે કે, આ તરફે, કોઇપણ માનનીય ધારાસભ્યશ્રીઓએ આ ત્રણેયમાંથી એક પણ ખાતા ઉપર કોઇપણ પ્રકારની ટિકાટીપ્પણી કરી નથી. સાહેબ એના કારણે મારી જે કામગીરી છે એ મર્યાદિત તો બને જ છે પણ સાથે સાથે આ માગણીઓ સ્વયં સર્વસ્વીકૃત છે એ પ્રકારની વાત પણ આ ચર્ચામાંથી નીકળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે માહિતી યુગમાં જીવી રહ્યા છીએ. પ્રચાર અને પ્રસાર માધ્યમો આજે વૈશ્વિક, રાષ્ટ્રીય, સ્થાનિક બધી જ ઘટનાઓ ઉપર અસર કરે છે. માત્ર આ દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ અનેક પ્રકારના આંદોલનો અને પ્રજાકીય પ્રશ્નોનો પડઘો પાડવાનું કામ અને સાથે સાથે જે તે

દેશની સિદ્ધિઓને પણ વૈશ્વિક ફલક ઉપર મૂકવાનું કામ માધ્યમોએ કર્યું છે. અને એ વાતને આપણે લક્ષમાં રાખીએ તો કોઇપણ સરકાર હોય, સંસ્થા હોય, કોર્પોરેટ સેકટરની કંપની હોય એવું પોતાનું કોમ્યુનિકેશન, એનું પોતાનું સંવાદ સાધવાની ક્ષમતા એ ખૂબ જ અસરકારક રીતે જો ન વ્યકત કરવામાં આવે તો એની કામગીરી વિશે, એની સિદ્ધીઓ વિશે માહિતી સામે પક્ષે જે ટાર્ગેટ ઓડિયન્શ છે તેના સુધી જઇ શકતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં સરકાર પ્રજાને જવાબદાર છે અને સરકાર જયારે પ્રજાને જવાબદાર છે ત્યારે પ્રજા સાથે એણે સતત સંવાદમાં રહેવું જોઇએ, એ સંવાદિતતા જાળવી રાખવી જોઇએ. જે હેતુઓ માટે કલ્યાણ રાજયની કલ્પના કરવામાં આવી છે અને જે યોજનાઓ ઘડવામાં આવે છે એ યોજનાઓની માહિતી છેવાડાના માણસ સુધી પહોંચે તે એણે જોવું જોઇએ અને સરકારે પોતે જે વચનો આપ્યા હોય એ દિશામાં સિદ્ધિઓ શું પ્રાપ્ત કરી છે એ માહિતી પણ એણે સામાન્ય જન સમક્ષ મૂકવી જોઇએ. There is difference between propaganda and communication અને એટલે રાજયનું માહિતી ખાતું it is not propaganda mechanism, it is communication wing of the Government. એક સામાન્ય માણસને પોતાને મળવાપાત્ર યોજનાઓ કઇ છે તે જાણવું હોય તો આ પ્રદર્શનો, પોસ્ટરો, છાપામાં આવતી માહિતી, ઇલેકટ્રોનિક માધ્યમો દ્ધારા આવતી માહિતી સરવાળે કોના હિતમાં છે? સરવાળે સામાન્ય માણસને પોતાના કલ્યાણ માટેની યોજનાઓની વિવિધ જાણકારી મળે છે અને એ આ એક જ સરકાર કરે છે એવું છે નહીં સાહેબ. આ કામગીરી દરેક સરકારે કરવાની હોય છે. અગાઉ પણ થતી હતી. રાજયમાં પણ થતી હતી અને કેન્દ્ર સરકાર પણ કરે છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક સરકારો પોતપોતાની રીતે પોતાનું કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ ચલાવે છે અને એટલે મારા મત પ્રમાણે આ ખાતું એ સરકારની કામગીરી, યોજનાઓ અને ગરીબલક્ષી કામગીરીને ગરીબ સુધી લઇ જવા માટેનું એક વાહક ખાતું છે. એ એની અગત્યતા છે. એની સાથે એક બીજો મુદ્દો જોડવા માગું છું. જે હું માહિતી અને પ્રચાર માટેની માગણીઓ લઇને આવ્યો છું એની સાથે આ સીધો સુસંગત છે. આ યુગ માહિતીનો યુગ છે. We are living in information age and information decides, dictates and determines ultimate outcome of many events. આ દેશમાં પણ આપણે જોયું છે. આ દેશમાં ભ્રષ્ટાચાર સામેની લડાઇઓ ઇલેકટ્રોનિક માધ્યમોમાં જે રીતે ઉંચકાઇ અને એના સીધા પરિણામો જે આવ્યા એ આપણી નજર સામે છે. સત્તાઓ બદલાઇ છે અને સત્તાઓ અને એમના કૌભાંડો પણ માધ્યમોના કારણે ખુલ્લા પડયા છે પણ એનું કારણ (અંતરાય) સાહેબ, આ વચ્ચે મને વિક્ષેપ ન કર્યો હોત તો ન કહેત પણ માનનીય અર્જુનભાઇએ એક પંકિત ટાંકી હતી !! **સજન રે જુઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ!!** સાહેબ, મારે આ મિત્રોને એવું કહેવું છે કે તમારે હવે અફસોસ કરવાનો જ છે કારણકે **!! બચપન ખેલ મેં ખોયા, જવાની નિંદ ભર સોયા, બુઢાપા દેખ કે રોયા, યહી કિસ્સા પુરાના હૈ, સજન રે જુઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ!!** સાહેબ, અત્યારે મૃતપ્રાય અવસ્થામાં પડેલ આ સંસ્થા હવે એની વૃદ્ધાવસ્થા જોઇને ગભરાય, સ્વાભાવિક છે. માનવસહજ પ્રક્રિયા છે. We fully sympathize with you. પણ આ બાબતની સાથે પણ મારે ટેકનોલોજીને જોડવી છે. આજે એક સામાન્ય ગૃહિણીનો દાખલો લઇએ કારણકે મારી એક માગણી છે એ ટેકનોલોજી અપગ્રેડેશન સાથે જોડાયેલી છે. સામાન્ય ગૃહિણીનો દાખલો લઇએ એ કેટલી ટેકનોલોજી વાપરે છે. એ ઓવન વાપરે છે, ગેસનો ચુલો વાપરે છે, મિકસર ગ્રાઇન્ડર વાપરે છે, પ્રેશર કુકર વાપરે છે, વોશીંગ મશીન વાપરે છે, ટેલિવિઝનની સ્વીચ ઓન સ્વીચ ઓફ કરે છે, કમ્પ્યુટર વાપરે છે, ઇન્ટરનેટ સર્ફિંગ કરે છે, ડી.વી.ડી. પ્લેયર ચલાવે છે, કયાંક પોતાના બાળકોને સ્કુલે મુકી આવે છે, લઇ આવે છે, વાહન ચલાવે છે અને એરકંડીશન કે એરકુલર ચલાવે છે આ તો ખાલી ઇન્ડીકેટીવ લીસ્ટ છે ટોટલ આવતું નથી આમાં. આ સાચા અર્થમાં માહિતી યુગની સાથે ટેકનોલોજી યુગ પણ છે અને ટેકનોલોજી યુગ છે એટલે રાજયની નીતિ, કલ્યાણ યોજનાઓ, ભાવિ આયોજન, સિદ્ધિઓ આ બધાનું ઝડપથી એને જો પ્રજા સુધી લઇ જવું હોય તો આધુનિકતમ ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડે અને ટેકનોલોજીનો ઉપયોગ ન થાય તો આજે જે વ્યવસ્થા છે એક જમાનો હતો કે જયારે ફેકસ એ બહુ મોટી વાત ગણાતી હતી. એક જમાનો હતો ટેલેકસ બહુ મોટી વાત ગણાતી હતી. આજે આપણે કમ્પ્યુટરના યુગમાં જીવી રહયા છીએ. આજે ફેસબુકથી માંડીને ટવીટર સુધીના માધ્યમો એ લોકમત ઘડે છે અને બદલે છે અને તેવે

સમયે રાજયનું આ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ જે છે તે જો પોતાની ટેકનોલોજી અપગ્રેડેશન ન કરે તો એ ચાલી શકે નહીં અને એટલા માટે Cellular Uplinking Transmission system ખરીદવા અથવા turn-key બેઝીસ પર સર્વિસ પેકેજ લેવા બાબતની જોગવાઇ મારી માગણીઓમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમાં માહિતી પ્રચાર અને પ્રસારની પદ્ધતિ બદલાય છે, ટેકનોલોજી બદલાય છે, તેમ ઉપકરણની ટેકનોલોજી બદલાઇ છે. આજે ઇલેક્ટ્રોનિકમાં પરિસ્થિતિ એવી છે કે આજે આપણે ફોન લીધો હોય, કોઇપણ કંપનીનો ફોન એ બે મહિના પછી અડધી કિંમતે બજારમાં મળે છે, એટલી ઝડપથી ટેકનોલોજી ઘસાય છે અને ઘસાય છે ત્યારે જે વીડિયો કેમેરા છે, વીડિયો ગ્રાફી માટેના ઉપકરણો છે, વીડિયો લાઇબ્રેરી સિસ્ટમ છે, ડિજિટલ સ્ટીલ કેમેરા છે, ડિજિટલ કેમકોર્ડર છે, ડિજિટલ વી.સી.આર. છે, ડીવીકેમ કેસેટ છે, અન્ય કેસેટ અને વીડિયોગ્રાફી ઇકવિપમેન્ટ માટે પણ એક ચોક્કસ પ્રકારની ટેકનોલોજી આધારિત અપગ્રેડેશનની જરૂર છે અને એ કારણસર નવી પ્રાદ્યોગિકીવાળા વીડિયો સાધનોની ખરીદી માટે હું આ માગણીઓમાં માંગ લઇ આવ્યો છું. એમપીએલએસ અને વીપીએન નેટવર્ક અને એ માટેના એપ્લીકેશન સર્વર ઉભું કરવા માટેનું ડેટા સેન્ટર અને સંચાલન માટેની વાત છે. લાઇબ્રેરી હવે ઇ લાઇબ્રેરી થતી ચાલી છે. એને આધુનિક સ્વં સંચાલિત સિસ્ટમમાં અપગ્રેડેશન કરવાની વાત છે. સૌથી અગત્યની વાત તો જી–સ્માર્ટ. એ સ્વાયત્ત સંસ્થા માટેની એક ખૂબ અગત્યની જાહેરાત રાજય સરકારે આ બજેટ થકી કરેલી છે. રાજ્યની માહિતી ખાતાની પ્રચાર પ્રસારલક્ષી કામગીરીને આધુનિક મીડિયાલક્ષી બનાવી અસરકારક પરિણામો મેળવી શકાય તે માટે હાલમાં આ જે સંસ્થા કાર્યરત છે, જે માહિતી ખાતુ અને સરકારશ્રી તમામ કામગીરી બહારના તજજ્ઞોને રોકીને શ્રેષ્ઠ રીતે કરી રહી છે, તે પ્રકારની વ્યવસ્થા અહી ઉભી થાય અને પ્રેસનોટ લેવા માટે એક જમાનો હતો કે પ્રેસનોટ આપણે સાઇક્લોસ્ટાઇલ કરીને વહેંચતા હતા. આજે ત્રણ ભાષામાં ટ્રાન્સ્લેટ કરીને પ્રેસનોટ તરત માહિતી ખાતાની સાઇટ ઉપર મૂકાઇ જાય છે. પ્રચાર માધ્યમોને માત્ર સરકારના પ્રચાર સાથે નિસ્બત નથી. They are becoming more media friendly. They are becoming more accessible by the media. એ માટે પણ આ જરૂરિયાત છે. બીજી નાની મોટી જરૂરિયાતમાં હું અહીયા ઉલ્લેખ નથી કરતો. કયાંક કયાંક ઉલ્લેખ થયો. સરકારની જાહેર ખબરો અંગેની. તો કઇ સરકાર જાહેર ખબર નથી કરતી? સરકારની જાહેરખબરનો ઉલ્લેખ કરવો હોય તો હું એક વિગતો જોતો હતો. એમાં એક રામચંદ્ર દોહાની એનાલીસીસ ઉપર મારું ધ્યાન ગયું અને એના રિલેવન્ટ પેરા મારે વાંચવો છે.

Quote:

The fact that so many adds were taken and so many editions of so many newspapers must be very substantial indeed. A back of the envelope calculation suggests that on ૧/૫/૨૦૧૦ perhaps without his and her consent on praising Rajiv Gandhi since the practice has been in place on this account probably money spent were in excess of ૩૦૦ crores. ત્યારે સાહેબ, ૩૦૦ કરોડ રૂપિયા સદભાવના દિવસ માટેની જાહેર ખબરમાં ખર્ચી શકાય, તો આ રાજ્ય સરકાર જાહેરખબરો પોતાની સિદ્ધિઓની કરે, પ્રજાલક્ષી માહિતીની કરે, પ્રજા સુધી માહિતી લઇ જવા માટેની કરે એમાં કોઇ વાંધો હોઇ શકે નહિ. We are doing it and we shall continue to do it. સાહેબ, જે લોકો વ્યક્તિલક્ષી રાજકારણની વાત કરતા હોય એમને મારે ખૂબ નમ્રતાપૂર્વક કહેવું છે કે આપ સદભાવના દિવસની ઉજવણીની શરૂઆત આપના પક્ષેથી થઇ છે. સદભાવના વિષે આપ જેટલું ઓછું બોલો એટલું સારું છે અને બલિદાન દિવસ પણ કરોડોના ખર્ચે ઉજવાય છે. સાહેબ મહાત્મા ગાંધી કે સરદાર પટેલ પાછળ આટલો ખર્ચ નથી થતો. જે લોકો આ બાબતો સાથે સંકળાયેલા છે, એમને આ વંશપરંપરાગત જે ચલાવું હોય તે ચલાવે.(અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મૃતક બાબતમાં જે સ્વ.રાજીવ ગાંધી(અંતરાય)

શ્રી જયનારાયણ ન. વ્યાસ : સદભાવના દિવસ છે. This is well on record and this is celebrated as Sadbhavana day.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી નથી બોલ્યા. એ તો બેઠા બેઠા બંને પક્ષે કોમેન્ટો થાય છે.(અંતરાય)

શ્રી જયનારાયણ ન. વ્યાસ : સાહેબ, મારી પાસે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમની પાસે રેકર્ડ આધારિત માહિતી હોય તો કોઇ પ્રશ્ન નથી.

શ્રી જયનારાયણ ન. વ્યાસ : સાહેબ રાજીગ ગાંધીનો જન્મ દિવસ સદભાવના દિવસ તરીકે ઉજવાય છે તે આખો દેશ જાણે છે. આમાં **what wrong in it**. ઇકબાલભાઇ I am not cross talking

શ્રી ઇકબાલ પટેલ : અમે શાંતિથી સાંભળીએ છીએ સાહેબ.

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ ફકત માહિતી આપી છે.

શ્રી ઇકબાલ પટેલ : એવું નહીં સાહેબ, સ્વ.વડાપ્રધાનનો જે ઉલ્લેખ...

અધ્યક્ષશ્રી : એમાં ટીકા નથી કરી કયારેય એમણે.

શ્રી ઇકબાલ પટેલ : સાહેબ ટીકાનો ભાગ થયો, ટીકાનો ભાગ થયો સાહેબ. This is more than criticizes. Sir this is more than criticizes. એવું તો ન ચાલે સાહેબ. એવી રીતે ન ચાલે સાહેબ. આ રીતે વાત કરવાની હોય તો બેસવાનો કોઇ અર્થ નથી. ચાલો ઉઠો. પછી તો કોઇ અર્થ રહેતો નથી. આ રીતે ન ચાલે. (અંતરાય)

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સદભાવના માટે દેશમાં અને કેન્દ્ર સરકાર દ્વારા સરદાર પટેલ કે મહાત્મા ગાંધીજીના જન્મદિને જે કોઇ ખર્ચ થતો નથી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ આપ બેસી જાઓ. પ્લીઝ.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : રાજીવ ગાંધીના જન્મદિવસે ૩૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ આ કેન્દ્ર સરકાર કરે છે તેવી માહિતી અહીં આપી છે. કોઇ ટીકા નથી કરી.

અધ્યક્ષશ્રી : આમાં ફકત માહિતી આપવામાં આવી છે કોઇ ટીકાઓ કરવામાં આવી નથી.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ સરદાર પટેલ અને ગાંધીજી પાછળ ખર્ચ નથી થતો તે વાત જાહેર થઇ જાય એટલે *(xxxxx) એટલે હાઉસનો બહિષ્કાર કર્યો. આ વ્યાજબી નથી. **(આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સૌ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)** આજે ખુલ્લા પડી ગયા છે. સરદાર પટેલ યાત્રા કાઢવી છે. સરદાર પટેલ પાછળ કોઇ ખર્ચ કરવો નથી. તેનું સ્ટેચ્યુ મૂકવું નથી. તેની પાછળ ખર્ચ કરવો નથી. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર માહિતીનો આધાર લઇને માનનીય મંત્રીશ્રીએ મૂકયું છે એટલે તેમનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આ માત્ર માહિતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી પ્રસારણ વિભાગની જે માગણીઓ છે, તે માગણીઓ અંગે મુખ્ય મુદા કહ્યા બાદ હવે ગુજરાત રાજયના બંદરોનો વિકાસ અને પરિવહન ક્ષમતા અંગે મારી જે માગણીઓ લઇને આવ્યો છું તેના સંદર્ભમાં કહેવું છે. ગુજરાતીમાં કહેવત છે કે **જે જાય જાવે તે પાછો ન આવે, અને જો પાછો આવે તો પડીયાના પડીયા ખાય તેટલું લાવે.** સાહેબ આપણા ત્યાં એ પણ કહેવત છે કે **લંકાની લાડીને ઘોઘાનો વર**, સાહેબ આપણા ત્યાં એ પણ કહેવત છે કે **ડાહ્યો દિકરો દેશાવર ભોગવે.** દેશનો ત્રીજા ભાગનો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત, સાહેબ એનો વિકાસ, એક જમાનામાં ગુજરાતમાં વાહનો બનતા, જહાજો બનતા. ગુજરાત વિશ્વ વ્યાપાર સાથે જોડાયેલું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, જેને સાહિત્યનો શોખ હોય તે ગુણવંતલાલ માધવલાલ આચાર્યની સરફરોશ, ફરારી કે દરિયાલાલ નવલકથાઓ વાંચે તો ગુજરાતનું મેરીટાઇમ જે વહાણવટું છે તે કયા સ્તરે વિકસ્યુ હતું અને તેમાં આપણે શું પ્રગતિ કરી તેની વાત જાણવા મળે. દરિયો, ત્રીજા ભાગનો દરિયો ગુજરાતમાં વર્ષોથી છે. આમ છતાંય કરાંચી બંદર આ દેશમાંથી ગયું. તેના ભાગરૂપે કંડલા ગુજરાતને મળ્યું. ત્યારપછી ચાર દાયકાના સમય સુધી ગુજરાતમાં બંદરીય વિકાસના નામે ચાહે ગુજરાતમાં જહાજવાડો સ્થાપવાની માગણી, ગુજરાતમાં પોર્ટસ સ્થાપવાની માગણી, ગુજરાતમાં મુખ્ય મથકો સ્થાપવાની માગણી તે કયારેય સ્વીકારાઇ નહીં. છેલ્લા

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દસ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ જે નવીન મેરીટાઇમ પોલીસી બની તેના કારણે ગુજરાતમાં આ ક્ષેત્રે ધમધોકાર વિકાસ થયો છે. રાજય સરકારની વિકાસલક્ષી નીતિ અને હકારાત્મક પગલાંઓને કારણે દેશનો પાંચ ટકા હિસ્સો, વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ ધરાવનાર આ રાજય ૨૬ ટકા કારગોનું વહન કરે છે. રાજય સરકાર દ્વારા બંદરોની કારગો પરિવહન કરવાની ક્ષમતા જે ૨૦૦૧માં ૧૩૫ મિલીયન ટન હતી તે દોઢાથી વધારે વધીને ૨૦૧૧-૧૨માં ૩૨૩ મિલીયન ટન થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧થી ૧૫-૧૬ સુધી વર્ષવાર જે ક્ષમતા વધવાની છે, તે ૫૩૧ મિલિયન ટને પહોંચવાની છે, એનો અર્થ એ થાય કે હજુ પણ આ ક્ષમતામાં ચાર ગણો વધારો થવાના આયોજન સાથે આપણે ચાલીએ છીએ અને આ આયોજન હોય ત્યારે ગુજરાતના બંદરો ઉપર વિશિષ્ટ પ્રકારની બંદરીય સુવિધાઓનો વિકાસ એ વિકાસ માટેની આપણી અગ્રિમતા બનવી જોઇએ અને એ ક્ષેત્રે ગુજરાત જે બે ખાસ ક્ષેત્રોમાં કાઠુ કાઢી રહયું છે એમાં પહેલું છે કે આપણે સૌ પ્રથમ શીપબિલ્ડીંગ નીતિ ૨૦૧૦માં ઘડી અને તેની જાહેરાત ગુજરાત સરકારે કરી ત્યાર બાદ ગુજરાતમાં આજે જે દેશમાં જે જહાજ બાંધકામ ક્ષેત્રે જે ક્ષમતા છે એનો ૬૦ ટકા જેટલો ફાળો ગુજરાત આપે છે અને આવનાર સમયમાં આ ક્ષમતા વધારીને આગળ લઇ જવા માટેના સંપૂર્ણ આયોજન સાથે અમે ચાલીએ છીએ. દેશનું સૌ પ્રથમ એલ એન્ડ ટી ટર્મિનલ પેટ્રોનેટ લિમિટેડ દ્વારા દહેજ ખાતે કાર્યરત બન્યું છે. પીપાવાવ દેશનું સૌ પ્રથમ ખાનગી બંદર બન્યું, સિક્કા બંદર ખૂબ જ કાર્યક્ષમ બંદર ૨૦૧૦-૧૧માં કુલ ૧૧૫ મિલિયન મેટ્રિક ટન કાર્ગોની હેરફેર કરી, કુલ નેશનલ ટ્રાફિકમાં આ રીતે ગુજરાતના બંદરોનો ટ્રાફિક ફાળો લગભગ ૨૬ ટકા જેટલો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની જે જાહેર સાહસ કંપની છે અને બીજા અન્ય સંયુકત ક્ષેત્રિય સાહસોથી આપણે કેમિકલ પોર્ટ ટર્મિનલની જાન્યુઆરી, ૨૦૦૦માં સ્થાપના કરીને એને વિકસાવી રહયા છીએ. અને આજે જે વાર્ષિક ક્ષમતા ૧.૮૦ મિલિયન ટને પહોંચે છે. આપણું આયોજન એવું છે કે, આ બધો જ જે વધારો થઇ રહયો છે, અને જે પ્રકારની કામગીરી થઇ રહી છે તેના કારણે અત્યારે આપણે જે દેશના કાર્ગો હેન્ડલીંગ ક્ષમતામાં જે ભાગ છે તે ભાગ આવનાર સમયમાં વધે તે દિશામાં આપણે કાર્યવાહી કરી રહયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખાસ બાબત શીપબિલ્ડીંગની નીતિને લાગેવળગે છે ત્યાં સુધી એ છે કે, ગુજરાતમાં હાલ કાર્યાન્વિત નવ જહાજવાડાની સ્થાપિત ક્ષમતા આશરે ૧.૧૧ મિલિયન ડી ડબલ્યુ ડી છે ભારત સરકારે ૧૧મી પંચવર્ષિય યોજના દરમિયાન આ કુલ ક્ષમતા વધારીને પાંચ મિલિયન ડી ડબલ્યુ ડી જેટલી કરવાનો લક્ષ્યાંક છે એ સામે ગુજરાતની હયાત ૧.૧૧ મિલિયન ડી ડબલ્યુ ડીની ક્ષમતામાં વધારો કરી અને આપણે ત્રણ મિલિયને પહોંચવા માગીએ છીએ એટલે ૬૦ ટકા જેટલો ફાળો જહાજ બાંધવામાં પણ આપણે જાળવી રાખીશું. જે અલંગ શીપબ્રેકિંગ યાર્ડ છે એની વધારે વિગતોમાં હું ઉતરવા માગતો નથી, પણ એના છેલ્લા પાંચ વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૧૧-૧૨ના ફેબ્રુઆરી સુધી એની જે કામગીરી છે એમાં છ ગણો વધારો થયો છે, ૨૦૦૫-૦૬માં ૧૦૧ શીપ અને ૪.૮૦ લાખ ટન light displacement tonnage એલડીટીનું કામ એણે કર્યું હતું એ સામે ૨૦૧૧-૧૨માં ફેબ્રુઆરી ૧૨ સુધીમાં ૩૬૫ શીપ અને ૩૩.૦૬ એલ.ડી.ટી.નું કામ એણે કર્યું છે. આમ અલંગ ship rerolling yard આજે સાહેબ, ૨૫૦૦૦ વધારે કામદારોને સીધી રોજીરોટી તેમજ એક લાખ પચાસ હજાર થી વધુ કામદારોને સંલગ્ન ઉદ્યોગોમાં રોજીરોટી આપે છે. લગભગ ૭૦૦૦૦ જેટલા કામદારોને પણ અમે ટ્રેનિંગ આપવાની કામગીરી કરી છે.

આ વર્ષની ૨૬મી જાન્યુઆરી ઐતિહાસિક હતી, ઐતિહાસિક એટલા માટે કહું છું કે, હું લગભગ ૧૯૭૭થી આ વિષય સાંભળતો આવ્યો છું, બે મુદ્દા ગુજરાતના વિકાસની વાત થાય અને ન આવે તો એવું ભાગ્યે જ બનતું હતું, એક એક્ષપ્રેસ હાઇવેની વાત આવે અને એક રો-રો ફેરી સર્વિસની વાત આવે. આ રોરો ફેરી સર્વિસ ઘણા લાંબા સમયથી એ કોઇ નિશ્ચિત તબકકામાં આવતી ન હતી, માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, આ યોજનાના અમલીકરણના ભાગરૂપે ૨૨૩.૫૩ કરોડના ખર્ચે દહેજ તથા ઘોઘા ખાતે ટર્મિનલોના બાંધકામ માટે ૨૫ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ માનનીય મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન સંપન કરવામાં આવ્યું છે અને જે અભિલાષા વ્યકત કરવામાં આવી હતી માનનીય ધારાસભ્યશ્રી દ્વારા કે હજીરા અને દહેજ ઘોઘા એને પણ એની સાથે જોડવાનું આયોજન છે. આ જે કામગીરી થશે એનો

મુખ્ય ફાયદો બે રીતે થશે. એક તો જે અત્યારે રસ્તાથી કિલોમીટરનું અંતર છે ૩૬૦ એ ઘટીને ફકત ૩૧ કિલોમિટર થઇ જશે અને વાહન અને પેસેન્જર બંને આનાથી હેરફેર કરી શકાશે. એટલે સૌરાષ્ટ્રને દક્ષિણ ગુજરાત સાથે જોડવાનું સૌરાષ્ટ્ર અનેક રીતે દક્ષિણ ગુજરાત સાથે જોડાયેલું છે, તો સૌરાષ્ટ્રને દક્ષિણ ગુજરાત અને મુંબઇની મુખ્ય બજારો સાથે જોડવા માટેનું આ એક ખૂબ મહત્વની કામગીરી રો-રો સર્વિસના આ ટર્મિનલના ભૂમિપૂજનથી થઇ છે અને આ કારણે એક મહત્વની લિંક આપણે ત્યાં વિકાસ માટેની ઉભી થઇ છે એનો અમને આનંદ છે.

મારો ત્રીજો વિભાગ જેના માટેની માગણીઓ સન્માનીય ગૃહ સમક્ષ લઇને આવ્યો છું એ વિજ્ઞાન અને પ્રાદ્યોગિકને સ્પર્શે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી અંગે મેં અગાઉ વાત કરી છે એટલે એની પુનરોકિતમાં પડવા માગતો નથી. એલવિન ટોફલર એ મારો ખૂબ પ્રિય ચિંતક રહ્યો છે. એણે ત્રણ વાત કરી છે. એમણે કહ્યું છે કે, every field will be invaded by technology બીજું કહ્યું છે કે, those who adopt to it shall prosper, those who do not, shall disappear like dinausers અને ત્રીજું એણે કહ્યું છે કે, pace at which technology changes will take place will be so great that if you sleep in the night and do not update yourself in the morning you will be outdated. આ બાબતને જો ખ્યાલમાં રાખીએ તો સાયન્સ અને ટેકનોલોજી વિભાગ એ આ રાજયના સંચાલનમાં ખૂબ જ મહત્વનો વિભાગ છે, એના થકી જે વિભાગોને ફાયદો મળે છે એ લગભગ પ્રજાકીય સેવા સાથે સંકળાયેલ વિભાગો છે. ગામે ગામ વીજળી પહોંચી છે આજે, ઇ-નેટવર્ક એણે આપણા ગામડાઓને જોડ્યા છે. અમારા આરોગ્ય વિભાગને લાગવળગે છે ત્યાં સુધી ઇ-મમતા એ દેશમાં સર્વોસ્વીકૃત પ્રોગ્રામ તરીકે સ્વીકારાયું છે. હોસ્પિટલ મેનેજમેન્ટ અને ઇન્ફોર્મેશન સિસ્ટમમાં પણ ટેકનોલોજી જોઇએ, બાયસેગ થકી સમગ્ર ગુજરાત સાથે આજે ગાંધીનગર બેઠા બેઠા વાત કરી શકાય છે, વિદ્યાર્થીઓ સાથે વાત કરી શકાય છે. સ્વાગત જેવા કાર્યક્રમોથી પ્રજાની ફરિયાદ સીધી મુખ્યમંત્રીશ્રી સુધી પહોંચે છે. આ બધી જ બાબતો ઉભી કરવા માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને એનું પ્રદાન અત્યંત જરૂરી છે અને એટલે આ વિભાગ એવો છે કે જે હયાત કામગીરી સુધારવા માટે તો જરૂરી છે જ પણ ભાવિ સાથે પણ કદમ મિલાવવા હોય તો પણ જરૂરી છે અને એટલે આપણે આવતી પેઢી પણ વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંલગ્ન રહીને ચાલે, એના માટે સજાગ બને એ માટે આ વિભાગ હેઠળ મહત્વની જોગવાઇઓ કરી છે. એમાં સાયન્સ સીટી ખાતે ફેઇઝ-૨ ની કામગીરી માટેની જોગવાઇ મારા મત પ્રમાણે ખૂબ મહત્વની છે. હું વિશેષ વિગતોમાં સમયની મર્યાદાને જોતા પડવા માગતો નથી. સાયન્સ અને ટેકનોલોજી વિભાની જે કામગીરી છે એ કામગીરીના કારણે આજે દેશભરમાંથી વિદ્યાર્થીઓને અને અન્ય ઉત્સુકોને આકર્ષે છે. એના ફેઇઝ-વન અંતર્ગત આઇમેક્સ થિયેટર, એલ.ઇ.ડી space , Hall of science,energy park, life science park etc., જે કામ પૂર્ણ થયા છે. હવે સેકન્ડ ફેઇઝમાં big-bite information technology, electronics and robotic, communication જેવી બાબતો હાથ ધરવાની છે. ઉત્તર ગુજરાતને આનંદ થાય એવી બાબત પણ મારી આ માગણીઓમાં છે. પાટણમાં વિજ્ઞાન મ્યુઝિયમ સ્થાપવા માટે ૮.૩૩ કરોડની માગણી હું લઇને આવ્યો છું અને એ માટે જોગવાઇ કરવામાં આવી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રસાર અને પ્રચાર દ્વારા લોકોના કલ્યાણ માટે લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની કામગીરી તેમજ સંશોધન અને વિકાસને વેગ આપવાનો અમારો ઉદેશ છે. આજે વિજ્ઞાન જાથા જેવા જૂથો ચાલે છે જે અંધશ્રધ્ધા સામે પ્રજા માનસને દોરે છે અને અંધશ્રધ્ધા સામે જો અસરકારક લડત આપવી હોય તો આપણી આવતી પેઢીની વિજ્ઞાન અને વિજ્ઞાન થકી શક્ય એવી બાબતો ચમત્કારો નથી પણ વૈજ્ઞાનિક રીતે શકય છે તે માહિતી તેના સુધી પહોંચાડવી જોઇએ. અને એ કારણથી શાળા કક્ષાએ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે ૨૦૦૦ ગુજકોસ, સાયન્સ કલબ અને તાલુકા કક્ષાએ ૫૦ લોકવિજ્ઞાન સેન્ટરની સ્થાપના સિહત વિજ્ઞાનના પ્રચાર માટેની જોગવાઇ ૧૦ કરોડ રૂપિયાની એ હું આ માગણીઓમાં લઇને આવ્યો છું. વિજ્ઞાન સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ૫ સેન્ટર ઓફ એક્સલન્સ અને ૨૦ માઇનોર રિસર્ચ પ્રોજેક્ટસ સ્થાપવાનું પણ આયોજન છે. જેમાં રોબોટીક્સ, જેરીયાટીક્સ, ન્યુરો સાયન્સીઝ, ઇલેક્ટ્રોનીક્સ અને ઇમરજીંગ ટેકનોલોજી અને પોલીમર સાયન્સ જેવી બાબતોનો સમાવેશ થાય છે, આમ જે ત્રણેય

વિભાગોની માંગ હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું એ ત્રણેય વિભાગોની કામગીરી સરકારની કામગીરીને અસરકારક રીતે પ્રજા સુધી લઇ જવા માટે ખૂબજ અગત્યની છે. આમેય આ ત્રણમાંથી એકેય વિભાગ ઉપર આ માંગણી અંગે કોઇપણ પ્રકારની ટીકાટિપ્પણ થઇ નથી, ત્યારે હું અપેક્ષા રાખું, જો કે વિરોધપક્ષના સભ્યો હાજર નથી એટલે એમને એમની કાપ દરખાસ્તો તો પાછી ખેંચવાનો મોકો મળશે નહિ પણ માનનીય અધ્યક્ષશ્રી આ ગૃહ સમક્ષ હું મારી આ માંગણીઓ પસાર કરવાની વિનંતી સહ મારું વકતવ્ય પૂરું કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧થી ૩૨ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માંગણી ક્રમાંક –૩૦, ૩૧, ૩૩, ૫૪, ૭૫ અને ૮૯ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૬–૫૩ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૨૪, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજ્યમાં નવી આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી શરૂ કરવા બાબત

* **૨૭૬૫૭ શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)લોકોની સુવિધા માટે ૨૦૧૧ના વર્ષમાં રાજ્યમાં કેટલી કયા સ્થળે નવી આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી શરૂ કરવામાં આવી, અને

(૨)વધુ કેટલી નવી આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી રાજ્યમાં કયા સ્થળે શરૂ કરવાનું ૨૦૧૧-૧૨ના વર્ષમાં આયોજન છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રીઃ**

(૧)લોકોની સુવિધા માટે ૨૦૧૧ના વર્ષમાં રાજ્યમાં કુલ એક નવી એ.આર.ટી.ઓ. કચેરી અમદાવાદ (પૂર્વ) વસ્ત્રાલ ખાતે તા. ૦૮-૦૮-૨૦૧૧ના રોજ શરૂ કરવામાં આવી,

(૨)સન-૨૦૧૧-૧૨ના વર્ષમાં વધુ કુલ ત્રણ નવી એ.આર.ટી.ઓ. કચેરીઓ અનુક્રમે સુરત-૨(પાલ), વડોદરા-૨ (દરજીપુરા) અને અમદાવાદ (ગ્રામ્ય) બાવળા ખાતે શરૂ કરવાનું આયોજન છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન આર.ટી.ઓ. કચેરીઓ અંતર્ગતનો છે જયારે મારું અમદાવાદ શહેર અને આ બધા જ મહાનગરો દુનિયાના વિકસિત દેશોની હરોળમાં પહોંચી ગયા અને શહેરની આખી ઓળખ જયારે બદલાઇ ચૂકી છે ત્યારે આ મહાનગરને જે વિભાગની જરૂર હોય છે ત્યારે સરકાર દરેક વિભાગો દ્વારા મદદરૂપ હોય છે, અને અમદાવાદ શહેર જયારે ૪૬૬ કિલોમીટરાનું બની ગયું છે, મારા શહેરની એક નવી એ.આર.ટી.ઓ. કચેરી અમદાવાદ પૂર્વ ખાતે શરૂ કરવા બદલ સમગ્ર શહેર વતી હું માનનીય સરકારશ્રીનો આભાર માનું છું ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવી એ.આર.ટી.ઓ. કચેરીમાં કયા વિસ્તારના લોકો માટે સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે અને આ સુવિધાઓ અંદાજે કેટલી વસ્તીને મળનાર છે અને એનાથી પ્રજાને શું ફાયદો થશે?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્ન પ્રમાણે અમદાવાદ શહેરમાં નવી એ.આર.ટી.ઓ. કચેરીનું ઉદ્દ્ઘાટન ઓગસ્ટ માસમાં કરવામાં આવ્યું હતું, આ નવી કચેરીના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો જે દક્ષિણ ઝોન છે એના જે મ્યુનિસિપલ વોર્ડ છે તે પૈકીના બહેરામપુરા, કાંકરિયા, ઇન્દ્રપુરી, ખોખરા, મણીનગર, દાણીલીમડા, ઇસનપુર, વડાસર, વટવા તથા અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના પૂર્વ ઝોનના જે વોર્ડ છે તેમાં નિકોલ, વિરાટનગર, બાપુનગર, ગોમતીપુરા, રખિયાલ, રાજપુર, ઓઢવ, વસ્ત્રાલ, મહાવીરનગર, ભાઇપુરા, અમરાઇવાડી, રામોલ, હાથીજણ જે મ્યુનિસિપલ કોર્પોરેશનના આ બે ઝોન છે તે વિસ્તારો ઉપરાંત દસક્રોઇ તાલુકાના જે સાબરમતી નદીના પૂર્વ તરફના ગામ છે એ ગામના લોકોને આ નવી પૂર્વ વિસ્તારમાં આ એ.આર.ટી.ઓ. કચેરી શરૂ થઇ છે તેનો લાભ મળવાનો છે, આના કારણે આ વિસ્તારના લગભગ ૧૯ થી ૨૦ લાખની વસ્તીને આ એ.આર.ટી.ઓ.ની સેવાઓ ઉપલબ્ધ કરી દેવામાં આવી છે. આના કારણે અમદાવાદ શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારના જે રહીશો છે તે લોકોને લાઇસન્સ મેળવવા માટે, વાહનના રજીસ્ટ્રેશન માટે, એમની ફીટનેશ કરાવવા માટે અને આર.ટી.ઓ.ની કોઇપણ કચેરીનું કામ, કંઇપણ કામ હશે તો એવરેજ એ લોકોને

દશ કિલોમીટર જેટલો પ્રવાસ ઓછો કરવો પડશે, શહેરના ગીચ અને ટ્રાફિકના વિસ્તારમાંથી પસાર થઈને જયારે એમને જૂની સુભાષબ્રીજની આર.ટી.ઓ. સુધી જવું પડતું હતું, હવે આ દસ કિલોમીટર એવરેજ આ લોકોને જવાનું ઓછું થશે, એના કારણે એક તો એમનો સમયનો બચાવ થશે, ઝડપી કામગીરીનો એમને લાભ મળશે. નાણાકીય ખર્ચમાં પણ એમને બચત થશે, આ કચેરી ઉપલબ્ધ થવાના કારણે.

શ્રી કાંતિલાલ રા. લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, આજે રેલવે બજેટ પસાર થવાનું છે..

અધ્યક્ષશ્રી : આપ પૂરક પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી કાંતિલાલ રા. લકુમ : અમદાવાદથી બોટાદ એ બ્રોડગેજ કરવાની માગણી વર્ષોથી ચાલે છે.

અધ્યક્ષશ્રી : આર.ટી.ઓ.ની બાબતમાં આપ પૂરક પ્રશ્ન પૂછો. પ્લીઝ.

શ્રી કાંતિલાલ રા. લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ સરકારે બાવળા માટે નવી એક એ.આર.ટી.ઓ. કચેરી ખોલી છે, અને વડોદરા, સુરત અને અમદાવાદ ગ્રામ્યની બાવળા ખાતેની નવી એ.આર.ટી.ઓ. કચેરીમાં વાહનો માટે કયા કયા કોડ નંબર આપવાના છે , નવી આર.ટી.ઓ. કચેરી ખોલવા માટેના ધોરણો શું છે, અને તેનો અમલ નહીં થવાના શું કારણો છે?

શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નમાં જણાવ્યા પ્રમાણે સુરત, વડોદરા અને અમદાવાદ ગ્રામ્ય જે બાવળા મુકામે નવી એ.આર.ટી.ઓ. કચેરીનો સરકારે નિર્ણય કર્યો છે તેના ભાગરૂપે પ્રશ્નમાં જેમ પૂછવામાં આવ્યું છે કે, અમદાવાદ પૂર્વની એ.આર.ટી.ઓ.કચેરી શરૂ કરવામાં આવી છે તેનો કોડ નં.જી.જે.૨૭ આપવામાં આવ્યો છે, એ.આર.ટી.ઓ.કચેરી સુરત અડાજણ વિસ્તારમાં પાલ મુકામે આ કચેરી શરૂ કરવામાં આવનાર છે ત્યાં આગળ તે ઓફિસમાં રજિસ્ટ્રેશનો થશે વાહનોના તેને જી.જે.૨૮ નો કોડ નંબર આપવામાં આવ્યો છે અને એજ પ્રમાણે વડોદરા દરજીપુરા ખાતે જે કચેરી શરૂ થનાર છે તે એ.આર.ટી.ઓ. કચેરીમાં જી.જે.૨૯ નો કોડ નંબર આપવામાં આવ્યો છે. બાવળા ખાતેની કચેરી છે એના માટે હમણા કોઈ કોડ નંબર ફાળવવામાં આવ્યો નથી.

શ્રીમતી ગીતાબેન યો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમદાવાદની નવી આર.ટી.ઓ. કચેરી માટે આગામી વર્ષમાં સૂચિત કેટલી નાણાકીય જોગવાઈ કસરવામાં આવી છે, અને આ નવી આર.ટી.ઓ. કચેરીના બિલ્ડીંગ અને ફર્નિચર માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલાઃ માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની જે નવી આર.ટી.ઓ. કચેરી પૂર્વ વિભાગમાં શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર આર.ટી.ઓ. કચેરીનું આખું બિલ્ડીંગ નવું બાંધવામાં આવ્યું છે અને તેને અદ્યતન ફર્નિચર અને કોમ્પ્યુટર ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સાધનો સાથે એને શરૂ કરવામાં આવી છે ત્યારે આ આર.ટી.ઓ. કચેરીના બિલ્ડીંગ અને ફર્નિચર મળીને કુલ રુપિયા ૧૩, ૩૬, ૨૫,૮૦૭ ના ખર્ચે આ બિલ્ડીગની સુવિધા ઉભી કરવામાં આવી છે અને સાથે સાથે આ કચેરીના મેન્ટેનન્સ અને રેવન્યુ એકસ્પેન્ડીચર માટે ૨૦૧૨ અને ૨૦૧૩માં રુપિયા ૧ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. એટલે આ વર્ષ દરમ્યાન રુપિયા ૧ કરોડ જેટલો ખર્ચ આ કચેરી માટે થનાર છે.

શ્રી સી.કે. રાઉલજીઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે આ ચાર નવી એ.આર.ટી. કચેરીઓ શરૂ થઈ એમાં કલેરીકલ સ્ટાફ, આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર અને આર.ટી.ઓ.ની પૂરેપૂરી જગ્યાઓ ભરાઈ ગયેલી છે કે કેમ, અને છેલ્લી રાજય સરકારમાં આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરની ભરતી કયારે કરવામાં આવી, અને આખા રાજયમાં આર.ટી.ઓ. ઈન્સ્પેકટરની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલાઃ માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો સવાલ છે તે પ્રમાણે અમદાવાદની જે નવી આર.ટી.ઓ. કચેરી શરૂ કરવામાં આવી છે તેમાં મહેકમ ઓલરેડી મંજૂર કરીને આપી દેવામાં આવ્યું છે તે પ્રમાણે કુલે જુદા જુદા વર્ગની ૪૫ જેટલું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે તે પૈકી ૨૩ જગ્યાઓ હાલમાં ભરી દેવામાં આવી છે અને ૨૨ જેટલી જગ્યાઓ ખાલી છે. આ જે ખાલી જગ્યાઓ છે, સાંભળો હજુ કચેરી શરૂ થયાને પાંચ મહિના થયા છે, શાંતિ રાખો. જે નવી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી વર્ગ ૨ ની જગ્યા ખાલી છે તેને ફિડર કેડર મોટર વાહન નિરીક્ષક વર્ગ ૨ને બઢતી આપીને

ભરવાની કાર્યવાહી ચાલુ છે, જનસંપર્ક અધિકારીની ૩ જગ્યા ખાલી છે તે બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે, મોટર વાહન નિરીક્ષક વર્ગ ૨ અને સહાયક મોટર વાહન નિરીક્ષક વર્ગ ૩ ની જે ખાલી જગ્યાઓ છે તેને સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ કક્ષાએ કાર્યવાહી ચાલુ છે. જુનિયર ક્લાર્કની ૩ જગ્યાઓ ખાલી છે તે સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત ગૌણ સેવા મંડળની કક્ષાએ કાર્યવાહી ચાલુ છે. સબ ઓડીટરની જે જગ્યા ખાલી છે તે માટે હિસાબ અને તિજોરી નિયામક કચેરી, ગાંધીનગરને તા.૨૪–૮–૧૧થી ઓલરેડી દરખાસ્ત કરવામાં આવી છે. આંકડા મદદનીશની જે જગ્યા ખાલી છે તેના માટે અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્ર નિયામકની કચેરી ગાંધીનગરને ૧૫–૯–૧૧થી દરખાસ્ત કરવામાં આવી છે અને ડ્રાઇવરની જે જગ્યા ખાલી છે એ પ્રતિનિયુકિત ધોરણે ભરવા માટે નાણાં વિભાગના ફાજલ એકમમાં દરખાસ્ત કરવાની કાર્યવાહી ચાલુ છે.        શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલુ જ જાણવું છે કે, આ પ્રશ્ન છે રાજયમાં કયા કયા સ્થળે આર.ટી.ઓ. કચેરી શરૂ કરવાની છો? મધ્યપ્રદેશની જોડે અમારો છોટા ઉદેપુર નગરપાલિકા છે. ૨૦ જેટલાં તાલુકાઓ છે અને વડોદરાથી લગભગ ૧૫૦ કિલોમીટર દૂર આ છોટા ઉદેપુર નગર છે. તો આ છોટા ઉદેપુર નગરમાં આર.ટી.ઓ.કચેરી ખોલી શકાય કે કેમ? અને આર.ટી.ઓ.કચેરી ખોલવાના ધોરણો શું ?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ.કચેરી શરૂ કરવા બાબતના ધોરણો ૧૯૭૫માં નકકી કરવામાં આવ્યા હતા. તેના જે ધોરણો છે તેને રિવાઇઝ કરવામાં આવ્યા નથી પણ જયારે જયારે સરકારને અને વાહન–વ્યવહાર કમિશ્નરશ્રીને જરૂરિયાત લાગે જે પ્રમાણે વાહનોના રજિસ્ટ્રેશન જે તે જિલ્લા કે તાલુકા કક્ષાએ થતાં હોય છે તેની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજય સરકાર આ પ્રમાણે નવી આર.ટી.ઓ. કચેરી કે એ.આર.ટી.ઓ.કચેરી સામાન્ય રીતે શરૂ કરતી હોય છે.

## અમદાવાદ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળના લાભાર્થીઓ

* **૨૬૫૪૬ શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમના લાભ અપાયા?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

૪૨૭૫ લાભાર્થીઓને, કુલ ૧,૭૦,૯૫,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ સીત્તેર લાખ પંચાણું હજાર) પૂરા.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, સંત સુરદાસ યોજનાનો લાભ લેવા માગતી અપંગ વ્યકિતને ૮૦ ટકા અપંગતાનું સર્ટિફીકેટ લેવું જરૂરી છે તેમજ શું બી.પી.એલ.યાદીમાં નામ હોવું પણ જરૂરી છે ? જો હા તો સમાજ સુરક્ષા દ્વારા સંત સુરદાસ યોજનાના વર્તમાન લાભાર્થીઓને પત્ર દ્વારા એવી જાણ કરવામાં આવી છે કે હવેથી બી.પી.એલ.યાદીમાં જેમના નામ હશે તેમને જ સહાય મળશે. તો શું ખાસ કિસ્સામાં આવી અપંગ વ્યકિતઓનો આપણે બી.પી.એલ.યાદીમાં સમાવેશ કરવા માગીએ છીએ કે કેમ ?

બીજુ, વારંવાર ધકકા ખાવા છતાં અપંગતા અંગેનું સર્ટિફીકેટ સમયસર મળતું નથી. ઘણાં કિસ્સાઓમાં તો હોસ્પિટલની અંદર કર્મચારીઓ દ્વારા, તેમજ એજન્ટો દ્વારા દલાલી કરાતી હોય છે. અપંગ વ્યકિતને સહેલાઇથી સર્ટિફીકેટ મળે તેવું આયોજન સરકાર કરવા માગે છે કે કેમ ? ..અંતરાય.. સાંભળો, સાંભળો , ગરીબોની વાત છે, દરિદ્ર નારાયણની વાત છે જેની તમે વાતો કરો છો તેની વાત છે. વાત સીધી છે, આમાં તમારે સહાકાર આપવો જોઇએ.

અધ્યક્ષશ્રી : ગ્યાસુદીનભાઇ, આપ આ તરફ ધ્યાન આપીને પ્રશ્ન પૂછો પ્લીઝ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષાનું સર્ટિફીકેટ મેળવવા તલાટીનો આવકનો દાખલો ફરજિયાત છે. પણ અપંગ વ્યકિતને ધકકા ખાવા પડે છે આવા કિસ્સામાં સંસદ સભ્યો તથા

ધારાસભ્યોના આવકના દાખલા માન્ય રાખવા માગો છો કે કેમ ? અપંગ તથા અંધ વ્યકિતઓને સહેલાઇથી આ સર્ટિફીકેટ મળી શકે અને આ જે પેન્શન છે ૪૦૦/– રૂપિયાનું તે બમણું કરવા માગો છો કે કેમ ?

બીજું માનનીય અધ્યક્ષશ્રી, આઠ–આઠ મહિનાથી અપંગોની અને અંધજનોની અરજીઓ છે જે મંજૂર થઇને પડી હોય છે પણ* (xxxxx) અને ગરીબોને તેનો લાભ મળતો નથી...અંતરાય...

અધ્યક્ષશ્રી : આમાં પ્રવચન કરવાનું રહેતું નથી. આપ પ્રશ્ન પૂછો પ્લીઝ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવચન નથી આ વાસ્તવિકતા છે. આઠ આઠ મહિના સુધી લોકોને તેમના પૈસા મળતાં નથી. ગરીબ મેળા થયા પછી જ મળે છે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પ્લીઝ. હું રેકોર્ડ જોઇને દૂર કરીશ.પ્લીઝ. આપ જવાબ આપો પ્લીઝ.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો માનનીય સભ્યશ્રીએ જે પાયાવિહિન આક્ષેપો કર્યા છે તેને રેકર્ડમાંથી દૂર કરવામાં આવે. આ માનનીય મુખ્યમંત્રી જ છે કે જેને કારણે આજે દરિદ્રનારાયણના આટલા બધા સારા કામો ગુજરાતમાં થઇ રહ્યાં છે. ગરીબ કલ્યાણ મેળાની અંદર કરોડો રૂપિયા આજે જયારે દરિદ્રનારાયણને અપાઇ રહ્યાં છે ત્યારે સ્વાભાવિક જ જે લોકો સત્તાથી વિહોણા થયા છે તેમને ના ગમે. તેમણે જે વાત કરી કે બી.પી.એલ.યાદી તો મારે બહુ સ્પષ્ટતાપૂર્વક આ ગૃહના ફલોર ઉપરથી કહેવું છે કે આ અંગેના ધોરણ તે કેન્દ્ર સરકાર નકકી કરે છે અને તેને લીધે આ લાગુ પડે છે.

બીજુ, તેમણે જે વિકલાંગતાની વાત કરી રાજય સરકારની જે વિકલાંગતા માટેની યોજના હતી તેમાં ૭૫ ટકા વિકલાંગતા હતી કેન્દ્ર સરકારે પરિપત્ર કર્યો કે ૭૫ ટકા નહીં ૮૦ ટકાની વિકલાંગતા હોય તેને જ આ લાભ આપવો. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આ ૮૦ ટકા વિકલાંગતાવાળાને લાભ આપવામાં આવે છે.

બીજું એમણે એમ કહ્યું કે એમાં વધારો કરવા માગો છો કે કેમ? તો રાજય સરકાર પોતે ૦ થી ૧૭ વયના જે વિકલાંગો છે એમને પોતાના ફંડમાંથી લાભ આપે છે. કેન્દ્ર સરકારે તો ૧૮ વર્ષ પછી શરુ કર્યા છે. ૦ થી ૧૭ વર્ષની ઉંમર સુધી ૨૦૦ રૂપિયા અને ૧૮ થી ૬૪ની ઉંમરનાને ૪૦૦ રૂપિયા પેન્શન આપણે આપીએ છીએ.

શ્રી ભુષણ અ. ભટ્ટ : મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એવો જવાબ આપ્યો કે આ કેન્દ્ર સરકારની યોજના છે અને કેન્દ્ર સરકારના નોર્મ્સ છે. નોર્મ્સ છે એ કેન્દ્ર સરકારની યોજના માટેના જ નોર્મ્સ હોય, આપના નોર્મ્સ તો આપ જ નકકી કરી શકો. કેન્દ્ર સરકારની યોજના હોય, એના નોર્મ્સ હોય અને એ પ્રમાણે પણ લાભ અપાય. રાજય સરકાર પોતે પણ લાભ આપી શકે. આપણે દાવો એવો કરીએ છીએ કે રાજય સરકાર પાસે બહુ કલ્યાણકારી યોજનાઓ છે અને મુખ્યમંત્રીશ્રી દરિદ્રનારાયણની બહુ ચિંતા કરે છે. (અંતરાય) ભાઇ, ટાટા દરિદ્રનારાયણમાં ન આવે. ૩૩૦૦૦ કરોડ એને આપ્યા, એ આમાં ન આવે. આમાં તો આ રાજય સરકાર, એના પોતાના ધોરણો છે, એ સુધારીને એ પોતે આની અંદર પોતાની કોઇ વધારાની સહાય અને પોતાના ધોરણો સુધારીને બી.પી.એલ.ની યાદી કેન્દ્ર સરકારના ધોરણો અને કેન્દ્ર સરકારની યોજના પૂરતા બરાબર છે, પણ રાજય સરકાર એમાં સુધારો કરીને ખરેખર જે એકદમ લોઅર મીડલ કલાસના લોકો છે એને મદદ કરવા માટે પોતાની કોઇ નવી યોજના શરુ કરવા માગે છે કે કેમ? અને પોતાની યોજનાની અંદર આ ધોરણો લાગુ કરવા માગે છે કે કેમ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી. જાન્યુઆરી, ૨૦૧૨ અંતિત ૨૦૧૧–૧૨માં ૧૨ કરોડ ૩૦ લાખ રૂપિયા આ વિકલાંગતાના પેન્શન માટે રાજય સરકારે ખચર્યા છે. એમણે જે વાત કરી કે રાજય સરકારની પોતાની યોજના. તો હું ફરીથી કહું કે ૦ થી ૧૭ વર્ષની ઉંમરના લાભાર્થીઓને રાજય સરકાર પોતે એનું પેન્શન આપે છે. ૧૮ થી ૬૪ વર્ષના લાભાર્થીઓ માટે પણ બીજા ૨૦૦ રૂપિયા ઉમેરીને ૪૦૦ રૂપિયા રાજય સરકાર આપે છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ કલ્યાણકારી સંત સુરદાસ યોજના નીચે મારા વિસ્તારમાં માંડલ અને વિરમગામ તાલુકામાં કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, વિરમગામ તાલુકામાં ૨૦૧૦ના વર્ષમાં ૧૧ અરજી આવી. તે ૧૧માંથી ૧૦ અરજી મંજૂર થઇ અને ૧ નામંજૂર થઇ. એમાં અગાઉની કુલે ૨૯૬ અરજીઓ હતી, એટલે ૩૦૬ લાભાર્થીઓને આપણે લાભ આપીએ છીએ. એ જ રીતે ૨૦૧૦ના વર્ષની અંદર ૪ અરજીઓ આવી. ચારે ચાર મંજૂર થઇ. અગાઉની ૧૭૦ને આપતા હતા. એટલે ૧૭૪ લાભાર્થીઓને રૂ. ૬,૯૬,૦૦૦ નું પેન્શન આપણે આપીએ છીએ.

શ્રી કાનજીભાઇ રા. તળપદા : માનનીય અધ્યક્ષશ્રી, ૪૨૭૫ લાભાર્થીઓ પૈકી ધોળકા તાલુકાના કેટલા લાભાર્થી છે? તેમાંની કેટલી અરજીઓ મંજૂર કરી છે અને કેટલી નામંજૂર કરી છે? નામંજૂર અરજીઓ થવાના શું કારણો છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં ધોળકા તાલુકામાં ૨૭ અરજીઓ આવી હતી. એમાંથી ૨૪ અરજી મંજૂર થઇ અને ૩ અરજી નામંજૂર થઇ છે. જે ૩ નામંજૂર થઇ છે એમાં ૧ બી.પી.એલ. યાદીમાં ન હોવાથી અને બીજી વિકલાંગતા ઓછી હોવાથી.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાક:૩.

**ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

* **૨૭૬૨૦ સુ શ્રી વિભાવરીબેન વિ. દવે** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને

(૪)કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧)૫૬૬.

(૨) ૨૫૧.

(૩)૨૨૮.

(૪)` ૩,૪૪,૦૦૦/–

શ્રી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે અગાઉના સમયમાં વૃદ્ધ અને નિરાધારના ચપ્પલ ઘસાઇ જતા હતા, મૃત્યુ થઇ જતા હતા છતાં સહાય આપવામાં આવતી નહોતી. પરંતુ, આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ગરીબ કલ્યાણ મેળા યોજ્યા એમાં નિરાધાર વૃદ્ધોને એક પણ વખત ઓફિસમાં ન જવું પડે અને ઘરે જઇને અધિકારીઓ ફોર્મ ભરી આપે છે. અને એ રીતે નિરાધાર વૃદ્ધોને સહાય આપી છે. તેના આશિર્વાદ આ સરકાર ઉપર અપરંપાર ઉતર્યા છે. ત્યારે મારે એ જાણવું છે કે નામંજૂર થયેલ અરજીઓ જે ૨૨૮ છે તે નામંજૂર કરવાના કારણો શું છે અને ૮૭ અરજીઓ પડતર બતાવી છે તેનો નિકાલ કયારે કરવામાં આવશે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ ૨૨૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તેના જે કારણો છે તેમાં ૯૫ અરજીઓ આવક મર્યાદામાં આવતી ન હોવાથી નામંજૂર થઇ છે. ૧૧૬ અરજીઓ પુખ્ત વયનો પુત્ર હોવાથી અને ૧૭ અરજીઓ ઉમર નાની હોવાથી

નામંજૂર કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે ૮૭ અરજીઓ પડતર છે તે કયારે મંજૂર કરવામાં આવશે, તો એમને જણાવું કે આ ૮૭ અરજીઓ જે પડતર હતી તેનો નિકાલ થઇ ગયો છે અને એમાંથી ૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને ૪૩ નામંજૂર કરવામાં આવેલ છે.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાંથી કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પાલીતાણા તાલુકામાં ૬૫ અરજીઓ આવી હતી એમાંથી ૨૫ અરજીઓ મંજૂર થઇ છે, ૧૭ અરજીઓ નામંજૂર થઇ છે અને ૨૪ અરજીઓ પડતર હતી તેનો પણ નિકાલ થઇ ગયો છે. એ જ રીતે ગારીયાધાર તાલુકામાં ૩૯ અરજીઓ આવી હતી એમાંથી ૨૬ અરજીઓ મંજૂર થઇ છે. ૧૨ અરજીઓ નામંજૂર થઇ છે. અને ૧ પડતર હતી તેનો પણ નિકાલ થઇ ગયો છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષાના વ્યાપને વધારતા વૃધ્ધોને આપવામાં આવતી સહાય છે તેની આવક મર્યાદામાં ફેરફાર કરી અને હવે ગરીબી રેખા હેઠળના તમામ વૃધ્ધોને સહાય આપવા માટેની આ બજેટમાં જોગવાઇ છે તે આવકારદાયક છે. પણ તેની સાથે સાથે વૃધ્ધોને પેન્સન યોજનાનો લાભ લેવા માટે કયાંક કયાંક ઉમરનો દાખલો મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે તો એમાં રાહત આપવા માટે સરકાર દ્વારા કોઇ પગલાં લેવામાં આવેલ છે કે કેમ અને બીજું કે જે તાલુકાવાર આવેલ અરજીઓની વિગત છે તે વિગત પણ અમને આપવામાં આવે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે ચિંતા હતી તે વ્યાજબી હતી કે ઉમરનો દાખલો લેવા માટે એમને તકલીફ પડતી હતી અને મારે કહેવું જોઇએ કે જેવી આ ફરિયાદ અમારા વિભાગને મળી એટલે અમે આરોગ્ય વિભાગને આ અંગે જાણ કરી આરોગ્ય વિભાગના અધિકારીઓ અને આરોગ્ય મંત્રીશ્રી સાથે આ અંગે મિટીંગ કરી અને તેમણે રસ્તો કાઢયો છે. હું આ અંગે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે એમણે અગાઉ આ સર્ટિફિકેટ માટે એક અધિક્ષક અને બે મેડિકલ ઓફિસરની પેનલની સહાયની જરૂર પડતી હતી તેમાં સુધારો કર્યો અને હવે નજીકના કોઇ પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કલાસ-૨ ના મેડિકલ અધિકારીનું પ્રમાણપત્ર આપે તો પણ આ લાભ આપણે તેમને આપીએ છીએ. માનનીય ધારાસભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે તાલુકાવાઇઝ વિગતો આપવી, તો ભાવનગર શહેરમાં ૪૮ અરજીઓ આવી એમાંથી ૧૮ મંજૂર થઇ છે, ઘોઘામાં ૧૧ અરજીઓ આવી એમાંથી ૭ મંજૂર થઇ છે, શિહોરમાં ૩૪ અરજીઓ આવી અને એમાંથી ૧૫ મંજૂર થઇ છે. વલ્લભીપુરમાં ૪ અરજીઓ આવી અને ૪ મંજૂર થઇ છે. ઉમરાળામાં ૨૭ અરજીઓ આવી અને ૧૫ મંજૂર થઇ છે. મહુવામાં ૨૧૧ અરજીઓ આવી અને ૭૭ મંજૂર કરવામાં આવી છે.તળાજા તાલુકામાં ૩૯ અરજીઓ આવી એમાંથી ૧૬ મંજૂર થઇ. પાલીતાણા અને ગારિયાધારની વિગતો પહેલા આપી દીધી છે. બોટાદમાં ૪૦ અરજીઓ આવી એમાંથી ૨૩ મંજૂર થઇ. ગઢડા તાલુકો એ માનનીય સભ્યશ્રીનો મત વિસ્તાર છે એમાં ૪૧ અરજીઓ આવી એમાંથી ૧૮ મંજૂર થઇ એમ કુલ ૫૬૬ અરજીઓમાંથી ૨૫૧ અરજીઓ મંજૂર થઇ છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી બચુભાઇ ના. કિશોરી : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં લખ્યું છે કે પુખ્ત વયનો પુત્ર હોવાથી કેટલીક અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. પરંતુ અત્યારે કળિયુગ ચાલી રહ્યો છે ત્યારે એવા મા-બાપો છે કે જેમને એક જ પુત્ર હોય એ મા-બાપને છોડીને કમાવા માટે જતો રહ્યો હોય. અમારા વિસ્તારમાં આવા ઘણા કિસ્સાઓ છે. તો ખાસ કિસ્સામાં એક પુત્ર હોય પણ એ રોજીરોટી અર્થે બહાર કમાવા ગયા હોય અને મા-બાપને ગુજરાન માટે બીજી કોઇ આવક ન હોય એને પેન્શન વિના તકલીફ પડે છે તો આવા કિસ્સામાં આવી અરજીઓ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય ધારાસભ્યશ્રી, આત્મારામભાઇએ પૂર્વભૂમિકા આપીને વાત મૂકી. આપણે એના માટે વિચારણા કરી રહ્યા છીએ. પુત્ર હોય કે ન હોય પણ બી.પી.એલ. યાદીમાં

હોય એ ૧૮ થી ઉપરના હોય એને પણ પેન્શન આપવાના મતના છીએ. ઝીરો થી ૧૭ ની યોજના રાજય સરકારની યોજના છે અને એટલા માટે જયારે પણ આની ચર્ચા થશે ત્યાર સંયુકતપણે એ માટેનો નિર્ણય લેવાશે.

## સુરત જિલ્લામાં નોંધાયેલ વાહનો

* ૨૭૬૭૧ **શ્રીમતી ભારતીબેન રાઠોડ** : (કામરેજ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને

(૨) વર્ષ ૨૦૧૦ની સ્થિતિએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો?

**વાહન વ્યવહાર મંત્રીશ્રીઃ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા ૨૦,૫૭,૮૪૮ છે.

(૨)વર્ષ ૨૦૧૦ની સરખામણીએ વાહનોની નોંધણીમાં ૧૭,૬૬,૧૦ વાહનોનો વધારો થયો.

શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ : હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત અને બારડોલી આર.ટી.ઓ. કચેરી ખાતે કેટલા વાહનો નોંધાયા. એ પૈકી સન ૨૦૧૦ અને ૨૦૧૧ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કયા કયા પ્રકારના અને કેટલા વાહનો નોંધાયા?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : બહેનશ્રીએ સુરતમાં નોંધાયેલા વાહનોની પરિસ્થિતિ જાણવા માગી છે. સુરત જિલ્લામાં બે ઓફિસો સુરત આર.ટી.ઓ. અને બારડોલી ખાતે એ.આર.ટી.ઓ છે. સન ૨૦૧૦, ૩૧મી ડિસેમ્બરની સ્થિતિએ સુરત આર.ટી.ઓ ખાતે ૧૭,૧૫૩૮૪ વાહનો અને બારડોલી એ.આર.ટી.ઓ. ખાતે ૧,૬૫૮૫૪ એમ કરીને કુલ ૧૮૮૧૨૩૮ વાહનો સુરત જિલ્લામાં નોંધાયેલા હતા. સન ૨૦૧૧ની પરિસ્થિતિ ૩૧ ડિસેમ્બરના રોજ સુરત ખાતે ૧૮,૭૯૯૧૭ વાહનો નોંધાયા હતા અને બારડોલી ખાતે ૧,૭૭,૯૩૧ વાહનો નોંધાયા હતા અને કુલ સુરત જિલ્લામાં ૩૧ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ ૨૦,૫૭,૮૪૮ જેટલા વાહનો નોંધાયા છે. એટલે કે આગામી વર્ષની સરખામણીમાં ૨૦૧૧માં ૧,૭૭,૬૧૦ જેટલા વાહનો નવા નોંધાયા હતા. એમણે કયા કયા પ્રકારના વાહનો નોંધાયા હતા એની પણ માહિતી માગી છે ત્યારે રાજયમાં જુદા જુદા પ્રકારના ઘણા બધા વાહનો કેટેગરી વાઇઝ નોંધાયેલા હોય છે. પરંતુ મોટી મોટી કેટેગરીમાં તમને માહિતી આપું તો જે ગુડસ વ્હીકલ તરીકે ઓળખાય છે તેવા ટ્રક, લોરી, ટેન્કર આ બધા વાહનોની વાત કરુ તો સન ૨૦૧૦માં સુરત આર.ટી.ઓ. ખાતે ૬૦૫૯૬ અને સન ૨૦૧૧માં સુરત આર.ટી.ઓ. ખાતે ૬૭૬૭૯ જેટલા વાહનો નોંધાયા હતા. બારડોલી ખાતે ૭૨૬૩ અને સન ૨૦૧૧ માં ૭૯૯૧ વાહન આ ગુડસ વ્હીકલ કેટેગરીમાં નોંધાયા હતા. પેસેન્જર વ્હીકલની વાત કરી તેમાં છ જેટલી કેટેગરી છે પણ સમગ્ર સાથે ટોટલ કરીને જવાબ આપું તો પેસેન્જર વ્હીકલમાં કુલ ૩૫૦૭ સન ૨૦૧૦ની ૩૧મી ડિસેમ્બર સુધીમાં નોધાયા હતા, અને સન ૨૦૧૧ માં ૩૮૭૯ નોંધાયા હતા. બારડોલી એ.આર.ટી.ઓ. ખાતે ૬૦૬ અને સન ૨૦૧૧માં ૬૪૬ વાહનો નોંધાયા હતા. જિલ્લામાં એમ્બ્યુલન્સની નોંધણી જુદી કરવામાં આવતી હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ખૂબ લાંબો જવાબ હોય તો સભ્યશ્રીને પહોંચાડી દેજો અથવા તો ટૂંકમાં જવાબ આપો.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા એમ્બ્યુલન્સ છે પછી મોટર વ્હીકલમાં જે અગત્યનો ભાગ છે, ફોર વ્હીલ મોટરકાર એમાં ૧૮૩૨૬૭ ટોટલ નોંધાયા હતા અને ૨૦૧૧માં ૨૧૩૨૩૪ ટુ વ્હીલરની સંખ્યા કહી– મોટર સાઇકલ સ્કૂટરમાં ૧૧૬૩૮૦૯ વાહન સુરતમાં ૨૦૧૦માં નોંધાયા હતા. ૧૨૮૨૮૮૪ વાહનોની સંખ્યા ૨૦૧૧માં નોંધાયા હતા. કુલ વાહનોની સંખ્યા ફરીવાર દોહરાવું તો ૧૭૧૫૩૮૪ ૨૦૧૧માં ૧૮૭૯૯૧૭ વાહનો સુરત આરટીઓ કચેરી ખાતે અને બારડોલી ખાતે ૧૬૫૮૫૪ અને ૨૦૧૧માં ૧૭૭૯૩૧ જેટલા વાહનો નોંધાયા હતા.

શ્રી કિરીટભાઇ ગં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, સુરત આર.ટી.ઓ. ખાતે વર્ષ ૨૦૧૦–૨૦૧૧ના વર્ષની હેડવાઇઝ આવક કેટલી અને સુરત આર.ટી.ઓ. કચેરી ખાતે અરજદારો માટે કઇ કઇ સુવિધાઓ ઉભી કરવામાં આવી?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કિરીટભાઇએ સુરતની આરટીઓ કચેરીની આવકની વાત કરી. ૨૦૧૦ અને ૨૦૧૧માં હેડવાઇઝ આવકની વાત કરું તો ૨૦૧૦માં બોમ્બે મોટર વ્હીકલ–૩ની આવક રૂ.૧૫૧.૭૯ કરોડ અને ૨૦૧૧માં રૂ.૧૯૧.૨૧ કરોડની આવક થઇ હતી. આઇ.એમ.વી. ઇન્સ્પેક્શન ઓફ મોટર વ્હીકલ એકટ ફીની આવક રૂ.૧૭.૪૬ કરોડ હતી તે ૨૦૧૧માં રૂ.૨૦.૯૭ કરોડ થઇ હતી. ડીએ– ડિપાર્ટમેન્ટલ એકશન કહેવામાં આવે છે એવા કેસોની આવક ૨૦૧૦માં રૂ.૧.૬૭લાખ અને ૨૦૧૧માં રૂ.૧૬.૮૩ લાખની આવક થઇ હતી આમ કુલ રૂ.૧૮૩.૧૪ લાખની આવક ૨૦૧૦માં થઇ હતી અને ૨૦૧૧માં રૂ.૨૨૯.૧૨ લાખની આવક સુરત આરટીઓ કચેરી ખાતે થઇ હતી. આરટીઓ કચેરી સુરત ખાતે અરજદારોને જે સુવિધા આપવામાં આવે છે એમાં સિંગલ વિન્ડો સિસ્ટમ વિકસાવીને આ એક જ ટેબલ પરથી અરજદારની અરજી, અરજી સંબંધી ફી સ્વીકારવી અને અન્ય બીજી કામગીરી એક જ સિંગલ વિન્ડો સિસ્ટમથી કરવામાં આવે છે. અરજદારને પોતાના વેરા અને ટેક્સની રકમ, દંડની રકમ ભરવાની હોય તો તે બેંકમાં પણ ભરવા માટેની સુવિધા કરી આપવામાં આવી છે. અરજદારની આરસી બૂક અને લાયસન્સ સ્પીડ પોસ્ટથી એમના ઘેર મોકલવામાં આવે છે. અરજદારોને બેસવા માટે વેઇટીંગ રૂમ, પીવાના પાણીની સુવિધા, પબ્લીક યુટીલીટીની સુવિધા આ આરટીઓ કચેરી ખાતે ઉપલબ્ધ કરવામાં આવી છે અને જો થોડો સમય લાગે તો અરજદારો માટે વેઇટીંગ લોન્જની અંદર રોડ સેફ્ટી અંગેની ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવાનું આયોજન કરેલું છે.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બારડોલી આર.ટી.ઓ. કચેરીની અંદર ૧૦૮૦૫૪ જેટલા વાહનોની નોંધણી કરવામાં આવે છે ત્યારે મંત્રીશ્રી પણ સુરત જિલ્લાના હોય અને પ્રશ્ન પૂછનાર ધારાસભ્ય પણ સુરત જિલ્લાના હોય ત્યારે આદિવાસી વિસ્તારના માંડવી તાલુકામાં આરટીઓ કચેરી શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, સદસ્યશ્રીનું સૂચન છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું કે, સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલા વાહનોની સંખ્યા ૨૦૫૭૮૪૮ છે. આટલી મોટી સંખ્યામાં વાહનો નોંધાયા છે એ ગુજરાતના વિકાસનું ઘોતક છે અને એ જ બતાવે છે કે ગુજરાતનો કેટલો બધો વિકાસ થયો છે. તેમ છતાં આ જે આંકડો છે એ મને ૪૫૦૦૦ કરોડના આંકડા કરતાં નાનો લાગે છે.(અંતરાય) મારો મંત્રીશ્રીને પ્રશ્ન છે કે, સુરતમાં આર.ટી.ઓ. દ્વારા વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં કેટલા વાહન ચાલકો કે વાહનોની સામે ગુના નોંધવામાં આવ્યા છે અને તેઓની સામે શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત આર.ટી.ઓ.એ ૨૦૧૦ અને ૨૦૧૧માં સામાન્ય રીતે બોમ્બે મોટર વ્હીકલ એકટ અને ડીપાર્ટમેન્ટલ એકશન અને ઇન્સ્પેકશન ઓફ મોટર વ્હીકલ એકટની જોગવાઇઓ પ્રમાણે આ વાહન ચાલકોની સામે કેસ કરવામાં આવતા હોય છે. ૨૦૧૦માં ૮૬,૦૯૦ જેટલા કેસ કરવામાં આવ્યા હતા એ પૈકી ૮૨૭૩૨ કેસોનો નિકાલ કરીને કુલ માંડવાળ ફી તરીકે ૧૩ કરોડ અને ૭ લાખ રુપીયા જેટલી રકમની આવક કરવામાં આવી હતી. ૨૦૧૧માં નોંધાયેલા કેસ

૮૧૭૮૩, આ નોંધાયેલા કેસની સામે જે કેસનો નિકાલ થયો છે એવા ૭૯૧૭૬ કેસની અંદર કુલ ૧૬ કરોડ અને ૭ લાખ રુપીયાની આવક મેળવવામાં આવી હતી.

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાંથી બારડોલી છે એ મોટામાં મોટો કારમેળો અને વાહનમેળો છે. આખા એશીયા ખંડમાં એ વખણાય છે, બીજા રાજયના વાહનો વેચવા માટે આવે છે. એની કંઇ નોંધણી થાય છે કે કેમ?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ., આર.ટી.ઓ. કચેરી ઓલરેડી બારડોલી મુકામે છે એટલે નવા વાહનોના રજીસ્ટ્રેશન માટે, વાહનો ટ્રાન્સફર માટે જે કંઇ પ્રક્રિયા કરવી પડતી હોય તો ભલે એ પછી અન્ય રાજયમાંથી હોય કે અન્ય જિલ્લામાંથી હોય આ બધી પ્રક્રિયાઓ આર.ટી.ઓ. ઓફીસ, એ. આર.ટી.ઓ. ઓફીસ બારડોલી ખાતે કરવામાં આવે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બહુ દહાડે નંબર લાગ્યો છે. સંખ્યા જે એમણે બતાવી છે ૨૦ લાખની તો એ સંખ્યાની અંદર ૧૦ વર્ષ ઉપરના વાહન કેટલા અને એની અંદર ફોર વ્હીલના વાહન કેટલા? અને ફોર વ્હીલ ઉપરના વાહન કેટલા?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ આ પ્રશ્ન માટે જુદી નોટીસની હું અપેક્ષા રાખું છું.

## અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

* **૨૭૭૧૧ શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે તાઃ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને

(૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧) ૯૨૮/–

(૨) ૪૫૬

(૩) ૩૯૫/–

(૪) રુ.૯,૪૧,૬૦૦/–

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં આ નિરાધાર વૃદ્ધ સહાય માટે રાજય સરકારે જયારે નિરાધાર વૃદ્ધોની ચિંતા કરી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે અમદાવાદ જિલ્લામાં ૩૯૫ જેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તો તેના કારણો શું છે અને જો અરજીઓ પડતર હોય તો તેનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે અને મારો બીજો એક પ્રશ્ન છે કે મારા માંડલ તાલુકામાં આ યોજના નીચે કેટલી અરજી આવી, કેટલી નામંજૂર થઇ અને કેટલી પડતર છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન નામંજૂરી માટેનો પૂછયો છે. ૩૯૫ નામંજૂર કરવામાં આવી છે એમાં ૨૯૬ એ આવક મર્યાદાના કારણે, ૮૦ પુખ્તવયના પુત્રોને કારણે, ૧૭ ઉંમર ઓછી હોવાને કારણે એ રીતે નામંજૂર થઇ છે અને જે પડતર ૭૭ હતી, એ ૭૭ અરજીઓનો નિકાલ થઇ ગયો છે. એમણે બીજો પ્રશ્ન એવો પૂછયો કે એમના માંડલ તાલુકામાં કેટલી અરજી આવી અને કેટલી મંજૂર થઇ, માંડલ તાલુકામાં ૧૨ અરજીઓ આવી ૧૦ મંજૂર થઇ અને ૨ નામંજૂર થઇ છે, એક પણ પડતર નથી.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગુ છું કે વૃદ્ધાવસ્થા પેન્શનનો લાભ લેવા માટે ઉંમરનો દાખલો લેવામાં તકલીફ પડે છે તો એમાં

કોઇ રાહત આપવા પગલા લેવામાં આવ્યા છે કે કેમ, બીજુ વૃદ્ધાવસ્થા પેન્શનમાં કયાં સુધીનું પેન્શન ચૂકવાયેલ છે?

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉના જવાબમાં એનો જવાબ આપી દીધેલ છે. જે એમણે પૂછ્યું કે ક્યાં સુધીનું પેન્શન ચૂકવાયું છે. એમાં જે પ્રાન્તને જવાબદારી આપી છે એ પ્રમાણે જુદા જુદા પ્રાન્તમાં જોઇએ તો સીટી તાલુકામાં શહેરની મોટી સંખ્યા હોવાના કારણે ઓકટોબર સુધી, દશક્રોઇમાં સપ્ટેમ્બર સુધી, માંડલ અને દેત્રોજમાં સપ્ટેમ્બર સુધી, સાણંદ, ધોળકા, રાણપુરમાં ઓગષ્ટ સુધી, બરવાળામાં સપ્ટેમ્બર અને બાવળામાં માર્ચ–૧૨ સુધીનું પેન્શન ચૂકવાયું છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ :** મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી કાંતિલાલ રા. લકુમ :** માનનીય અધ્યક્ષશ્રી, આ નિરાધાર વૃદ્ધ પેન્શન જેમને બાળકો ન હોય એવા વૃદ્ધ લોકોને સહાય આપવાની યોજના માનનીય મંત્રીશ્રીએ કરી છે. મારા બાવળા તાલુકા અને દેત્રોજ તાલુકામાં કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ, કેટલી નામંજૂર થઇ અને કેટલી પડતર છે?

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા :** માનનીય ધારાસભ્યશ્રી કાંતિભાઇના મત વિસ્તાર દેત્રોજ તાલુકામાં ૯ અરજીઓ આવી એમાંથી ૭ મંજૂર થઇ અને ૨ નામંજૂર થઇ. બાવળા તાલુકામાં ૧૩ અરજીઓ આવી એમાંથી ૨ મંજૂર થઇ અને ૪ નામંજૂર થઇ અને ૭ જે પડતર હતી એનો પણ નિકાલ તા. ૧૩–૩–૧૨ના રોજ થઇ ગયો છે.

**શ્રી કાનજીભાઇ રા. તળપદા :** આપના મારફત જાણવા માગું છું કે વૃદ્ધ સહાય યોજનામાં બહુ નાની રકમ વૃદ્ધોને મળે છે તો સરકાર આ અંગે વિચારણા કરી અને વૃદ્ધ સહાય વધારે મળે તેની કોઇ વિચારણા છે કે કેમ?

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા :** સૂચન છે.

## બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

*** ૨૭૬૩૦ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૫૮૪

(૨) ૫૮૪

(૩) શૂન્ય.

(૪) રૂ. ૧૨૨.૬૪ લાખ.

**શ્રી મફતલાલ મો. પુરોહિત :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે જિલ્લાની અંદર પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં ૫૮૪ અરજીઓ મળી અને તમામ મંજૂર કરવામાં આવી છે. સરકારની સંવેદના, સક્રિયતા અને સદભાવનાનો આ પુરાવો છે. પંડિત દીનદયાળ આવાસ યોજનામાં લાભાર્થીને કેટલા હપ્તામાં સહાય ચૂકવવામાં આવે છે અને લાભાર્થીએ એની અંદર શું યોગદાન આપવાનું હોય છે? બીજું કે તાલુકા પ્રમાણે કેટલી અરજીઓ આવી એ જાણવા માગું છું.

**શ્રી વાસણભાઇ ગો. આહીર :** માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય માણસની અપેક્ષા રોટી કપડા ઔર મકાનની હોય છે. ૪૦ વર્ષથી આ દેશમાં વસનાર દલિત, પીડિત, શોષિત એક એવા દિવસની રાહ જોઇને બેઠો હતો કે ક્યારેક કોઇક અમારા ગરીબોનો મસીહા આવશે અને અમારી ઝુંપડપટ્ટીમાં કે અમારા ઝુંપડામાં કોઇ વીજળીનો ગોળો જગાવશે. કોઇક એવી અપેક્ષા રાખી બેઠો હતો કે મારા ફળિયામાં પાણીની સ્ટેન્ડ પોસ્ટ બનશે. કોઇ અપેક્ષા રાખીને બેઠો હતો કે મારા પરિવાર સાથે હું મારા પાકા મકાનમાં રહીશ. આવા અનેક વર્ષોથી સપનાઓ હતા. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે બનાસકાંઠા જિલ્લાની ૫૮૪ અરજીઓ જે આવી એ આ પહેલી સરકાર છે કે જે કોઇ અરજીઓ આવી એ ૧૦૦ ટકા મંજૂર કરીને આ સરકારે આ ગરીબોના મસીહા અને પ્રજાવત્સલ મુખ્યમંત્રીએ એક પણ વ્યકિત ગરીબ ન રહે એ રીતનું આયોજન કર્યું એના કારણે તમામ ૫૮૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એમનો બીજો પ્રશ્ન છે કે આ સહાયની રકમ કેટલી છે અને કઇ રીતે ચૂકવવામાં આવે છે? એના જવાબમાં જણાવીશ કે પહેલો હપતો કામ શરૂ કરે ત્યારે આપવામાં આવે છે. બીજો હપતો લિન્ટલ લેવલ સુધી અને ત્રીજો હપ્તો એ જ્યારે મકાન પૂર્ણ બની જાય ત્યારે આપવામાં આવે છે. એમનો પ્રશ્ન છે કે તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને કેટલી સહાય આપવામાં આવી તો મને કહેતા આનંદ થાય છે કે પાલનપુરમાં ૨ અરજીઓ મળી જેમાં ૪૨ હજારની સહાય આપવામાં આવી. અમીરગઢમાં ૩ અરજીઓ માટે ૬૩ હજાર સહાય, વડગામમાં ૩૭ અરજીઓ માટે ૭.૧૭ લાખ, દાંતામાં ૫ અરજીઓ માટે ૧ લાખ ૫ હજાર અને ડિસામાં ૫૪ અરજીઓ મળી,૧૧ લાખ ૩૪ હજારની સહાયતા મળી. દાંતીવાડામાં ૧૧ અરજીઓ મળી ૨ લાખ ૩૧ હજાર સહાય મળી, ધાનેરામાં ૨૦ અરજીઓ આવી ૫ લાખ ૮૭ હજાર સહાય ચૂકવી. થરાદમાં ૭૪ અરજીઓ આવી ૧૫ લાખ ૨૪ હજારની સહાય ચૂકવી. વાવમાં ૨૧૭ અરજીઓ આવી ૫૬ લાખ ૧૭ હજારની સહાય ચૂકવી. દિયોદરમાં ૭ અરજીઓ આવી ૧ લાખ ૪૭ હજાર સહાય ચુકવી. ભાભરમાં ૩૭ અરજીઓ આવી ૭ લાખ ૧૭ હજાર સહાય ચૂકવી, કાંકરેજમાં ૫૬ હરજીઓ આવી ૧૧ લાખ ૭૬ હજાર સહાય ચૂકવી દેવામાં આવી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે એમના જવાબમાં જણાવ્યું છે કે પંડિત દીનદયાળ આવાસ યોજનામાં તમામ અરજીઓ મંજૂર કરી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જણાવી રહ્યાં હતા કે *(xxxxx) (xxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પૂરક પ્રશ્ન આમાં આવી ના શકે પ્લીઝ. આપ બનાસકાંઠા જિલ્લા પૂરતો પ્રશ્ન હોય તો પૂછો (અંતરાય) અને પંડિત દીનદયાળ આવાસ યોજના પૂરતી જ વાત છે. (અંતરાય)

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, અમે તમારા જેવું નહોતું કરતા. તમે શું કરો છો એ અમને ખબર છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બાવકુભાઇ તમારો પૂરક પ્રશ્ન હું નામંજૂર કરીશ. આપ બનાસકાંઠા પૂરતો પ્રશ્ન પૂછો પ્લીઝ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં જ હું પ્રશ્ન પૂછું છું. માનનીય મંત્રીશ્રી પાસે હું એટલું જાણવા માગુ છું કે, (xxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, પ્લીઝ, આપ બેસી જાવ. આપનો પૂરકપ્રશ્ન હું નામંજૂર કરું છું. (અંતરાય) પ્લીઝ, અનિલભાઇ..

શ્રી અનિલકુમાર અ. માળી : માનનીય અધ્યક્ષ મહોદયજી, આપકે માધ્યમસે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : જે પૂરકપ્રશ્નમાં આવે નહિ એ હું નામંજૂર કરું છું. (અંતરાય) અનિલભાઇ આપ પૂછો. (અંતરાય) આપના જિલ્લાનો પ્રશ્ન નહોતો છતાં આપને તક આપી. પૂરકપ્રશ્નમાં ના આવે એટલે હું નામંજૂર કરું છું. અનિલભાઇ..

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

શ્રી અનિલકુમાર અ. માળી : માનનીય અધ્યક્ષ મહોદયજી, પંડિત દીનદયાળ આવાસ યોજનામેં લાભાર્થીકી પાત્રતા કયા હે? ફીર ઇસ યોજના કે અંર્તગત સહાય રાશી કે ભુગતાન કી પધ્ધતિ ક્યા હે? ઔર લાભાર્થીકા શ્રમ યોગદાન કિતના હે? કૃપયા યે બતાયે.

શ્રી વાસણભાઇ ગો. આહીર : માનનીય અધ્યક્ષ મહોદયજી, મુજે ઇસ સદનકો બતાતે હુએ બડી ખુશી હો રહી હે કી હિન્દુસ્તાનમેં રહેનેવાલે ગુજરાત જેસે ગૌરવશાલી સ્ટેટ કે રહેને વાલે જો હિન્દીમેં કાનૂન બનાતે હૈ એસે દેશ કે ગુજરાત રાજ્ય કે વિધાનસભા મેં હિન્દી મેં જવાબ દેને કા સૌભાગ્ય મીલા. તીન હપ્તોમેં ભુકતાન કીયા જાતા હૈ. ઔર જો દેને કે પધ્ધતિ હે વો મેને પહેલે બતાઇ. ઉન્હોને પૂછા કી ઇસકી પાત્રતા કયા હૈ? મેને પહેલે ભી બતાયા કી હમારે જો પ્રજાવત્સલ મુખ્યમંત્રીને જો પહેલે રાશી કમથી પહેલે ૩૦,૦૦૦થી અબ ૪૫,૦૦૦ કી હૈ. હમને ગરીબો કે આંસુ પોછનેકા કામ કીયા હૈ. અબ મેં ઈતના જરૂર કહુંગાકી શૂન્ય સે સોલા તક કે બી.પી.એલ. લાભાર્થીઓકો આવાસ સહાય દેનેકા કામ તકરીબન પૂર્ણ હો ગયા હૈ. માનનીય સદસ્યને જો પૂછા હૈ, રાજ્યકે લાડલે વિત્તમંત્રીશ્રી વજુભાઇ વાલાને એપ્રિલ–૨૦૧૨ સે ગાંવમેં રહનેવાલે ગરીબ લોકો કો આવાસ દેનેકા આયોજન કિયા હૈ.

**રાજ્યમાં અનુસુચિત જાતિના કલ્યાણ માટે શરુ કરેલ જાગૃતિ કેન્દ્રો**

* **૨૯૨૦૯** શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : **શ્રી રણછોડભાઈ મેર** (ધંધુકા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રાજ્ય સરકાર ધ્વારા અનુસુચિત જાતિ કલ્યાણ માટે કેટલા જાગૃતતા કેન્દ્રો કઈ સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા કયા સ્થળે કયારથી ચાલુ કરવામાં આવ્યા,

(૨)રાજ્યમાં વર્ષ ૨૦૧૦–૧૧ માં કેટલા જાગૃતતા કેન્દ્રો ચાલુ કરવાની જાહેરાત આપવામાં આવી હતી, અને,

(૩)ઉકત જાહેરાતના અનુસંધાને કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓને જાગૃતતા કેન્દ્રો ચાલુ કરવા મંજુરી આપી, બાકી રહેલ જાગૃતતા કેન્દ્રો કયારે મંજુર કરવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧)સામેલ પત્રક મુજબ.

(૨)૨૫ (પચ્ચીસ).

(૩)ઉકત જાહેરાતના અનુસંધાને ૧૧ (અગિયાર) સ્વૈચ્છિક સંસ્થાઓને જાગૃતતા કેન્દ્રો ચાલુ કરવાની મંજુરી આપી, હવે બાકી રહેલ જાગૃતતા કેન્દ્રો મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

**પત્રક**

**તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલુ કરવામાં આવેલ જાગરૂકતા કેન્દ્રોની**

**વિગત દર્શાવતું પત્રક.**

| અ.નં. | જિલ્લાનું નામ | ચાલુ કરવામાં આવેલ જાગરૂકતા કેન્દ્રનું સ્થળ. | જાગરૂકતા કેન્દ્ર ચાલુ થયાની તારીખ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ/સરનામું |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **(અ) તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧૨–૧૦** | | | | |
| ૧ | ગાંધીનગર | મું.તા.કલોલ | ૪–૨–૧૦ | ગુજરાત ગ્રામોદ્યોગ વિકાસ પરિષદ, મું.જાસલપુર, તા.કડી, જિ.મહેસાણા. |
| ૨ | મહેસાણા | મું.તા.મહેસાણા | ૧–૪–૧૦ | આશીર્વાદ ફાઉન્ડેશન, ૬, આમ્રપાલી સોસાયટી, વિસનગર લીંક રોડ, મહેસાણા. |
| ૩ | બનાસકાંઠા | મું.તા.વડગામ | ૧–૨–૧૦ | સર્વોદય ફાઉન્ડેશન, ૪, ડૉ. આંબેડકર સોસાયટી, નવા લક્ષ્મીપુરા રોડ, પાલનપુર, બનાસકાંઠા |

| અ.નં. | જિલ્લાનું નામ | ચાલુ કરવામાં આવેલ જાગરૂકતા કેન્દ્રનું સ્થળ. | જાગરૂકતા કેન્દ્ર ચાલુ થયાની તારીખ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ/સરનામું |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪ | પાટણ | મું.સોનાર,તા.સમી. | ૧-૧-૧૦ | શિવશકિત ગ્રામ વિકાસ સંઘ,<br>મું.સોનાર, તા.સમી, જિ.પાટણ. |
| ૫ | સાબરકાંઠા | મું.મલાસા,તા.ભીલોડા | ૧-૧-૧૦ | અર્બુદા ખાદી ગ્રામ વિકાસ મંડળ,<br>મું.મલાસા, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા. |
| ૬ | પંચમહાલ | મું.પાલ્લા,તા.ઘોઘંબા | ૧-૧-૧૦ | સદગુરૂ સેવા ટ્રસ્ટ<br>મું.પાલ્લા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ. |
| ૭ | આણંદ | મું.વિદ્યાનગર,તા.જિ.આણંદ | ૧-૧-૧૦ | પ્રતિક સમાજ સેવા ટ્રસ્ટ<br>વિદ્યાનગર, તા.જિ.આણંદ |
| ૮ | નવસારી | મું.બીલીમોરા,તા.ગણદેવી | ૨૭-૩-૧૦ | શ્રી બજરંગ વિકાસ મંડળ ટ્રસ્ટ<br>૩૭, સુશાંતિશ્યામનગર સોસાયટી, કાંકરાખાંડી રોડ, વાઘરેજ બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી. |
| ૯ | વડોદરા | મું.તા.સાવલી | ૨૬-૧-૧૦ | પ્રતિકાર ટ્રસ્ટ<br>મું.પો.દીપાપુરા, તા.સાવલી, જિ.વડોદરા |
| ૧૦ | સુરત | મું.તા.બારડોલી | ૨૬-૧-૧૦ | રોહિત કેળવણી મંડળ,<br>સુરત-વલસાડ જિલ્લા તેન રોડ, બારડોલી, જિ.સુરત. |
| ૧૧ | ભુજ,<br>જિ.કચ્છ. | મું.તા.ભુજ. | ૨૨-૧-૧૦ | અજરામર ટ્રસ્ટ<br>એસ/૧૪, કે.ડી.કોમર્શીયલ સેન્ટર રોડ, ભુજ, જિ.કચ્છ. |
| ૧૨ | જુનાગઢ | મું.બોળાસ,તા.વેરાવળ | ૧-૧-૧૦ | દિવ્યાજ્ઞા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ<br>મુ.બોળાસ, તા.વેરાવળ, જિ.જુનાગઢ. |
| ૧૩ | ભાવનગર | મું.તા.ભાવનગર | ૧-૧-૧૦ | સમાજ સમતા યુવક સંઘ,<br>એ/૧, અનંતવાડી, ભાવનગર. |
| **(બ) તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ સુધી** | | | | |
| ૧૪ | અમદાવાદ | અમદાવાદ | ૨૫-૩-૧૧ | શ્રમ ભારતીય ખાદી ગ્રામોદ્યોગ સંઘ,<br>૧૫ મુક સેવક સોસાયટી, રાધાસ્વામી રોડ,<br>આર.ટીઓ.ની પાછળ, રાણીપ, અમદાવાદ. |
| ૧૫ | ગાંધીનગર | મું.તા.ગાંધીનગર | ૯-૯-૧૧ | વિકલાંગ સંર્વાંગી વિકાસ ટ્રસ્ટ (અંબાજી)<br>પ્લોટ નં.૯૬/૧, સે.૩/એ, ગાંધીનગર. |
| ૧૬ | બનાસકાંઠા | મું.તા.વાવ | ૫-૫-૧૧ | શ્રી જગતપુરી સેવા ટ્રસ્ટ<br>મું.પો. પાડણ, તા.વાવ, જિ.બનાસકાંઠા. |
| ૧૭ | પાટણ | મું.વરાણા,તા.સમી | ૧-૪-૧૧ | શ્રી વીરમાયા સેવા ટ્રસ્ટ<br>મુ.પો. વરાણા, તા.સમી, જિ.પાટણ. |
| ૧૮ | સાબરકાંઠા | મું.નવારેવાસ,તા.ઇડર | ૧-૪-૧૧ | શ્રી રામકૃપા ટ્રસ્ટ<br>મું.પો.નવા રેવાસ, તા.ઇડર, જિ.સાબરકાંઠા. |
| ૧૯ | ખેડા | મુ.તા. બાલાશિનોર | ૧૦-૫-૧૧ | દિવ્ય જ્યોતિ ફાઉન્ડેશન,<br>૪૩, સમૃધ્ધિદીપ, ટાઉનહોલ પાસે, મુ.તા. બાલાશિનોર, જિ. ખેડા |
| ૨૦ | આણંદ | મુ. લાંભવેલ, તા. આણંદ | ૧-૫-૧૧ | શ્રી રેખા સાર્વજનિક ટ્રસ્ટ<br>મુ. લાંભવેલ, રોહિતવાસ, તા. જિ. આણંદ |
| ૨૧ | ભાવનગર | મુ. શિહોર, તા. ભાવનગર | ૧-૪-૧૧ | વિધાતા માવન મહિલા સેવા ટ્રસ્ટ<br>રાજીવનગર, બંધન પાર્ટી પ્લોટ પાછળ, મુ.તા. શિહોર, જિ. ભાવનગર. |
| ૨૨ | જામનગર | મુ.તા. જામનગર | ૩૦-૩-૧૧ | જાગૃત્તિ મહિલા સેવા સંઘ<br>રૂમ નં. ૯૨, ન્યુ હર્ષદ મીલ ચાલી, રણજીત સાગર રોડ, જામનગર. |

શ્રી રણછોડભાઇ ક. મેર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે ખંડના ઉત્તરમાં જણાવવામાં આવેલ છે કે, વર્ષ ૨૦૧૧માં પચીસ જાગૃતતા કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારે  આ ખંડ-૩ના જવાબમાં જણાવ્યું છે કે, જાહેરાતના અનુસંધાને અગિયાર સ્વૈચ્છિક સંસ્થાઓને આ કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા છે. હવે બાકી રહેતા જાગૃતતા કેન્દ્રો મંજૂર કરવાનો પ્રશ્ન રહેતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, જાહેરાત પચીસ કેન્દ્રો માટે આપવામાં આવી જ હોય તો આ અગિયાર શા માટે, અને આ પચીસની જાહેરાત ન હતી ? તો જાહેરાત શા માટે આપવામાં આવી છે ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે આ રીતે જાગૃતતા કેન્દ્રો શરૂ કરવા માટે છાપામાં જાહેરાત આપતા હોઇએ છીએ અને એ પૈકી જે દરખાસ્તો આવે એ દરખાસ્તોમાં જિલ્લા દીઠ એક જાગૃતતા કેન્દ્ર આપણે મંજૂર કરતા હોઇએ છીએ. જે જાહેરાત આપ્યા પછી જે અરજીઓ આવી, દરખાસ્તો

આવી એ અઢાર જિલ્લાની જ આવી અને એમાં અધિકારી કક્ષાએથી ભલામણ થયેલી બોતેર દરખાસ્ત હતી. સાત એવા જિલ્લાઓ છે નર્મદા, સુરત, દાહોદ, વલસાડ, નવસારી, પોરબંદર અને જુનાગઢ એમાંથી એક પણ અરજી માનનીય સભ્યશ્રી આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એમણે કહયું કે, જાહેરાત પચીસની હતી અને અગિયાર આપી તો હવે કેમ નહીં? માનનીય અધ્યક્ષશ્રી, જે તે વર્ષ માટેની આ જાહેરાત હતી, બાકીની અરજીઓ હતી એ મેરિટમાં ન આવતા હોવાના કારણે એને મંજૂરી અપાઇ નથી.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બાવકુભાઇ મને છેડશો નહીં. દાનવીર કર્ણ, પાંડવોમાં પેદા થાય, કૌરવ કુળમાં પેદા ન થાય..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર જ આવું છું પણ આ કૌરવોના વંશજો કર્ણની વાત નહીં કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના આ જાગૃતતા કેન્દ્રોને સરકારશ્રી દ્વારા કોઇ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ, એ નંબર વન? જો હા, તો કેટલી અને આ જાગૃતતા કેન્દ્રની કામગીરી શું છે અને તેમણે કયા પ્રકારની કામગીરીઓ કરવાની છે ? તેની હકીકત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે, જાગૃતતા કેન્દ્ર જે શરૂ કરવામાં આવે છે એને પંદર હજાર રૂપિયાની આપણે સહાય કરતા હોઇએ છીએ. એમણે કહ્યું કે, આની પાછળનો આશય શું છે ? માનનીય અધ્યક્ષશ્રી, જે અનુસૂચિત જાતિ -જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯ તથા નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ના અસરકારક અમલ થાય અને એના જે વિકટીમ છે, એ લોકોને સલાહ-સુચન મળે, કોર્ટની અંદર જયારે કેસ ચાલવા ઉપર આવે ત્યારે સાક્ષીઓને તૈયાર કરવા, એને સમજાવીને ત્યાં લઇ જવા. આમ અનેક જાતની પ્રવૃત્તિઓ આ કેન્દ્ર દ્વારા કરવામાં આવતી હોય છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : Mr. Speaker, sir, there is a reference of Dhanvir Karna. Dhanvir Karna is donating and giving charity to the have nots.

અધ્યક્ષશ્રી : આપણે પ્રશ્ન પૂછીએ પ્લીઝ. પછી ચર્ચા કરીશું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : **My straight question to the Hon઼ble Minister is that what is the role of the Schedule Caste Awareness Centre and what type of grants given (interruption)**

અધ્યક્ષશ્રી: Order, Order પ્રશ્ન પૂછો પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : **Anybody can make a match fixing..(interruption)અit is an extended question rather than અ(interruption)**

અધ્યક્ષશ્રી: પ્રશ્ન પૂછીએ પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : **They are disturbing me, sir. My straight question to the Hon઼ble Minister is what is the role of the Schedule Caste Awareness Centre and how much grant the State Government is providing to this particular awareness centre and if the Hon઼ble Minister can give any single example of any district, then what type of work these kind of awareness centres have done ?**

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઇએ જે પ્રશ્ન કર્યો એ અંગ્રેજીમાં પૂછયો. હું મારી માતૃભાષામાં જવાબ આપીશ પણ એમના ત્રણ પ્રશ્નમાંથી બે પ્રશ્નો આત્મારામભાઇએ ગુજરાતીમાં પૂછયા અને મેં એના જવાબ આપી દીધા છે. હવે * (xxxxx)મારે એમને કાંઇ કહેવું નથી. હું એમના માટે ફરીથી (અંતરાય)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : (xxxxx)એ શબ્દો યોગ્ય નથી પ્લીઝ. આપને યોગ્ય લાગે તો આપ ગુજરાતીમાં જવાબ આપો, આપને યોગ્ય લાગે તો આપ અંગ્રેજીમાં જવાબ આપો. પ્લીઝ. બાકી રહેલો જવાબ આપ આપો પ્લીઝ. (અંતરાય ...ઘોંઘાટ)

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇ અપમાન કરવા માટે નથી કહ્યું. મેં ફકત હકીકત રજૂ કરી છે કે મેં ગુજરાતીમાં આ અંગેનો જવાબ આપ્યો છે આટલું જ કહ્યું છે. (અંતરાય) ન સમજતા હોય તો. મેં એમ નથી કીધું.

અધ્યક્ષશ્રી : આપ ગુજરાતીમાં આપી શકો છો બાકી જવાબ હોય તો પ્લીઝ. (અંતરાય) હું રેકોર્ડ જોઇને શબ્દો દૂર કરીશ. પ્લીઝ. (અંતરાય) હું એ શબ્દો દૂર કરું છું.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં સમજતા ન હોય એમ નથી કીધું, સમજતા ન હોય તો, સર મેં એમ કીધું જ નથી કે નથી સમજતા.

અધ્યક્ષશ્રી : હવે એ વાત પૂરી થઇ ગઇ છે પ્લીઝ. (અંતરાય)

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : નથી સમજતા હું કહી જ ન શકું સર.

અધ્યક્ષશ્રી : હવે એ વાત પૂરી થઇ ગઇ, આપ જવાબ આપો. પ્લીઝ. (અંતરાય) અર્જુનભાઇ, પ્લીઝ. (અંતરાય)

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : કહી શકો છો, કહી શકો છો. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પહેલો પ્રશ્ન કર્યો, મેં એમ કહ્યું હું એમને રીપીટ કરું છું ફરીથી જરા ધ્યાનથી સાંભળે એટલા માટે કે જે જાગૃતતા કેન્દ્ર છે એને ૧૫૦૦૦ રૂપિયા રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. આ બીજા પ્રશ્નનો એમનો જવાબ. એમનો જે પહેલો પ્રશ્ન હતો કે કયા કાર્યો કરે છે એ પણ મેં અગાઉ કહ્યું ફરીથી કહું છું તો જે અનુસુચિત જાતિ, જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ અને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ના અસરકારક અમલ માટે જયારેજયારે પણ આ કાયદા હેઠળના ગુનાઓ બને એ વખતે જે ગુનેગાર છે એને સજા થાય એ માટે સમજાવવા માટે અને એના માટેના પ્રયત્ન કરતું હોય છે. વધારાનું એમને કહું કે ફકત કોર્ટમાં જ નહીં પરંતુ કયાંય મનદુઃખને કારણે આવા બનાવો બનતા હોય છે તો એને સમજાવવાનું પણ કાર્ય આ કેન્દ્રો કરતા હોય છે.

શ્રી કાળુભાઇ વિ. વિરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જાગૃતિ કેન્દ્ર લગભગ રાજયમાં ૨૨ જિલ્લાઓમાં છે તો અમરેલી જિલ્લાનો સમાવેશ થાય છે કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક

૨૭૭૪૯ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટની કચેરીને ૨૦૧૧ના વર્ષમાં કેટલી રકમની આવક થઈ, | (૧) ` ૫૬.૫૨ કરોડ. |
| (૨) વર્ષ ૨૦૧૦માં કેટલી આવક થયેલ હતી, અને | (૨) ` ૫૬.૮૧કરોડ. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં રૂપિયા ૦.૨૯ કરોડનો ઘટાડો થયેલ છે, કારણ કે, ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલા લેવાતા, ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાને |

પરિણામે, ઓવરલોડ અંગેની માંડવાળ ફીમાં ઘટાડો થવાને કારણે આવકમાં ઘટાડો થયેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૭૫૯૧ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૨,૮૬,૦૪૬. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) ` ૫,૦૦,૦૨,૩૦૦/–. |

---------

**રાજ્યમાં અનુસુચિત જાતિના કલ્યાણ માટે શરુ કરેલ જાગૃતિ કેન્દ્રો**

૨૯૨૦૯ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રાજ્ય સરકાર ધ્વારા અનુસુચિત જાતિ કલ્યાણ માટે કેટલા જાગૃતતા કેન્દ્રો કઈ સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા કયા સ્થળે કયારથી ચાલુ કરવામાં આવ્યા, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) રાજ્યમાં વર્ષ ૨૦૧૦–૧૧ માં કેટલા જાગૃતતા કેન્દ્રો ચાલુ કરવાની જાહેરાત આપવામાં આવી હતી, અને, | (૨) ૨૫ (પચ્ચીસ). |
| (૩) ઉકત જાહેરાતના અનુસંધાને કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓને જાગૃતતા કેન્દ્રો ચાલુ કરવા મંજુરી આપી, બાકી રહેલ જાગૃતતા કેન્દ્રો કયારે મંજુર કરવામાં આવશે ? | (૩) ઉકત જાહેરાતના અનુસંધાને ૧૧ (અગિયાર) સ્વૈચ્છિક સંસ્થાઓને જાગૃતતા કેન્દ્રો ચાલુ કરવાની મંજુરી આપી, હવે બાકી રહેલ જાગૃતતા કેન્દ્રો મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

**પત્રક**

**તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલુ કરવામાં આવેલ જાગરૂકતા કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક.**

| અ.નં. | જિલ્લાનું નામ | ચાલુ કરવામાં આવેલ જાગરૂકતા કેન્દ્રનું સ્થળ. | જાગરૂકતા કેન્દ્ર ચાલુ થયાની તારીખ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ/સરનામું |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (અ) તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧૨–૧૦ | | | | |
| ૧ | ગાંધીનગર | મું.તા.કલોલ | ૪–૨–૧૦ | ગુજરાત ગ્રામોધોગ વિકાસ પરિષદ, મું.જાસલપુર, તા.કડી, જિ.મહેસાણા. |
| ૨ | મહેસાણા | મું.તા.મહેસાણા | ૧–૪–૧૦ | આશીર્વાદ ફાઉન્ડેશન, ૬, આમ્રપાલી સોસાયટી, વિસનગર લીંક રોડ, મહેસાણા. |
| ૩ | બનાસકાંઠા | મું.તા.વડગામ | ૧–૨–૧૦ | સર્વોદય ફાઉન્ડેશન, ૪, ડૉ. આંબેડકર સોસાયટી, નવા લક્ષ્મીપુરા રોડ, પાલનપુર, બનાસકાંઠા |

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

| અ.નં. | જિલ્લાનું નામ | ચાલુ કરવામાં આવેલ જાગરૂકતા કેન્દ્રનું સ્થળ. | જાગરૂકતા કેન્દ્ર ચાલુ થયાની તારીખ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ/સરનામું |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪ | પાટણ | મું.સોનાર,તા.સમી. | ૧-૧-૧૦ | શિવશકિત ગ્રામ વિકાસ સંઘ,<br>મું.સોનાર, તા.સમી, જિ.પાટણ. |
| ૫ | સાબરકાંઠા | મું.મલાસા,તા.ભીલોડા | ૧-૧-૧૦ | અર્બુદા ખાદી ગ્રામ વિકાસ મંડળ,<br>મું.મલાસા, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા. |
| ૬ | પંચમહાલ | મું.પાલ્લા,તા.ઘોઘંબા | ૧-૧-૧૦ | સદગુરૂ સેવા ટ્રસ્ટ<br>મું.પાલ્લા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ. |
| ૭ | આણંદ | મું.વિદ્યાનગર,તા.જિ.આણંદ | ૧-૧-૧૦ | પ્રતિક સમાજ સેવા ટ્રસ્ટ<br>વિદ્યાનગર, તા.જિ.આણંદ |
| ૮ | નવસારી | મું.બીલીમોરા,તા.ગણદેવી | ૨૭-૩-૧૦ | શ્રી બજરંગ વિકાસ મંડળ ટ્રસ્ટ<br>૩૭, સુશાંતિશ્યામનગર સોસાયટી, કાંકરાખાંડી રોડ, વાઘરેજ બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી. |
| ૯ | વડોદરા | મું.તા.સાવલી | ૨૬-૧-૧૦ | પ્રતિકાર ટ્રસ્ટ<br>મું.પો.દીપાપુરા, તા.સાવલી, જિ.વડોદરા |
| ૧૦ | સુરત | મું.તા.બારડોલી | ૨૬-૧-૧૦ | રોહિત કેળવણી મંડળ,<br>સુરત-વલસાડ જિલ્લા તેન રોડ, બારડોલી, જિ.સુરત. |
| ૧૧ | ભુજ,<br>જિ.કચ્છ. | મું.તા.ભુજ. | ૨૨-૧-૧૦ | અજરામર ટ્રસ્ટ<br>એસ/૧૪, કે.ડી.કોમર્શીયલ સેન્ટર રોડ, ભુજ, જિ.કચ્છ. |
| ૧૨ | જુનાગઢ | મું.બોળાસ,તા.વેરાવળ | ૧-૧-૧૦ | દિવ્યાજ્ઞા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ<br>મુ.બોળાસ, તા.વેરાવળ, જિ.જુનાગઢ. |
| ૧૩ | ભાવનગર | મું.તા.ભાવનગર | ૧-૧-૧૦ | સમાજ સમતા યુવક સંઘ,<br>એ/૧, અનંતવાડી, ભાવનગર. |
| **(બ) તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ સુધી** | | | | |
| ૧૪ | અમદાવાદ | અમદાવાદ | ૨૫-૩-૧૧ | શ્રમ ભારતીય ખાદી ગ્રામોધ્યોગ સંઘ,<br>૧૫ મુક સેવક સોસાયટી, રાધાસ્વામી રોડ,<br>આર.ટીઓ.ની પાછળ, રાણીપ, અમદાવાદ. |
| ૧૫ | ગાંધીનગર | મું.તા.ગાંધીનગર | ૯-૯-૧૧ | વિકલાંગ સંર્વાંગી વિકાસ ટ્રસ્ટ (અંબાજી)<br>પ્લોટ નં.૯૬/૧, સે.૩/એ, ગાંધીનગર. |
| ૧૬ | બનાસકાંઠા | મું.તા.વાવ | ૫-૫-૧૧ | શ્રી જગતપુરી સેવા ટ્રસ્ટ<br>મું.પો. પાડણ, તા.વાવ, જિ.બનાસકાંઠા. |
| ૧૭ | પાટણ | મું.વરાણા,તા.સમી | ૧-૪-૧૧ | શ્રી વીરમાયા સેવા ટ્રસ્ટ<br>મુ.પો. વરાણા, તા.સમી, જિ.પાટણ. |
| ૧૮ | સાબરકાંઠા | મું.નવારેવાસ,તા.ઇડર | ૧-૪-૧૧ | શ્રી રામકૃપા ટ્રસ્ટ<br>મું.પો.નવા રેવાસ, તા.ઇડર, જિ.સાબરકાંઠા. |
| ૧૯ | ખેડા | મુ.તા. બાલાશિનોર | ૧૦-૫-૧૧ | દિવ્ય જ્યોતિ ફાઉન્ડેશન,<br>૪૩, સમૃધ્ધિદીપ, ટાઉનહોલ પાસે, મુ.તા. બાલાશિનોર, જિ. ખેડા |
| ૨૦ | આણંદ | મુ. લાંભવેલ, તા. આણંદ | ૧-૫-૧૧ | શ્રી રેખા સાર્વજનિક ટ્રસ્ટ<br>મુ. લાંભવેલ, રોહિતવાસ, તા. જિ. આણંદ |
| ૨૧ | ભાવનગર | મુ. શિહોર, તા. ભાવનગર | ૧-૪-૧૧ | વિધાતા માવન મહિલા સેવા ટ્રસ્ટ<br>રાજીવનગર, બંધન પાર્ટી પ્લોટ પાછળ, મુ.તા. શિહોર, જિ. ભાવનગર. |
| ૨૨ | જામનગર | મુ.તા. જામનગર | ૩૦-૩-૧૧ | જાગૃત્તિ મહિલા સેવા સંઘ<br>રૂમ નં. ૯૨, ન્યુ હર્ષદ મીલ ચાલી, રણજીત સાગર રોડ, જામનગર. |

---------

**મહેસાણા જિલ્લામાં નોંધાયેલ વાહનો**

૨૭૬૬૯ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને

(૨) વર્ષ ૨૦૧૦ની સ્થિતિએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા ૪,૮૮,૮૮૮ છે.

(૨) વર્ષ ૨૦૧૦ની સરખામણીએ વાહનોની નોંધણીમાં ૪૦,૭૫૯ વાહનોનો વધારો થયો.

## ઔદ્યોગિક એકમોમાં કામદારો માટે નક્કી થયેલ લઘુત્તમ વેતન

૨૬૮૮૯ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કલોલ તાલુકામાં ચાલતા ઉદ્યોગોમાં કાયદાથી વધારે કલાક કામ લેવાના, અઠવાડિક રજા નહિ આપવાના અને લઘુત્તમ વેતન નહિ ચૂકવ્યાના કેટલા કેસ થયેલ છે, અને | (૧) ૬૧ (એકસઠ). |
| (૨) જવાબદાર ઉદ્યોગ સામે શા પગલાં ભરાયેલ છે ? | (૨) લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ની કલમ–૧૩ ના ભંગ બદર ૫૨ (બાવન) કિસ્સાઓમાં જ્યારે, ફેકટરી ધારો, ૧૯૪૮ની કલમ–૬૩ ના ભંગ બદલ ૦૯ (નવ) કિસ્સાઓમાં જવાબદાર ઉદ્યોગો સામે સક્ષમ કોર્ટમાં ફોજદારી કેસો દાખલ કરેલ છે. |

## રાજ્યમાં સ્થપાતા ખાનગી સાહસોમાં સ્થાનિક લોકોને રોજગારી

૨૭૮૩૯ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં સ્થપાતા ખાનગી સાહસોમાં સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવા માટેની કોઈ જોગવાઈ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નેનો, ફોર્ડ જેવી કંપનીઓમાં કેટલા ટકા સ્થાનિક અને ગુજરાતી લોકોને નોકરી આપવામાં આવી છે ? | (૨) (૧) નેનો (ટાટા મોર્ટસ લી.) સાણંદમાં કુલ ૮૩.૩૩% સ્થાનિક લોકોને નોકરી આપવામાં આવી છે. તે ઉપરાંત કોન્ટ્રાકટથી ૯૧.૩૦% સ્થાનિક શ્રમિકોને રોજગારી આપેલ છે.<br>(૨) ફોર્ડ કંપની હાલમાં કાર્યરત થયેલ નથી તેથી કંપનીમાં રોજગારીની માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ કોન્ટ્રાકટથી ૮૯.૪૭% સ્થાનિક શ્રમિકોને રોજગારી આપેલ છે. |

## સરકારી ગ્રાન્ટ મેળવતા વૃઘ્ધાશ્રમો

૨૭૬૦૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સરકારની ગ્રાન્ટ મેળવતાં વૃઘ્ધાશ્રમો કેટલાં છે, અને | (૧) ૨૦. |
| (૨) તેમાં ઉકત સ્થિતિએ કેટલા વૃઘ્ધો રહે છે ? | (૨) ૧૨૩૫. |

## શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક

૨૭૭૫૦ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટની કચેરીને ૨૦૧૧ ના વર્ષમાં કેટલી રકમની આવક થઈ, | (૧) ` ૫૬.૫૨ કરોડ. |
| (૨) વર્ષ ૨૦૧૦ માં કેટલી આવક થયેલ હતી, અને | (૨) ` ૫૬.૮૧ કરોડ. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૩) આવકમાં ` ૦.૨૯ કરોડનો ઘટાડો થયેલ છે કારણ કે ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલા લેવાતા, ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાને પરિણામે, ઓવરલોડ અંગેની માંડવાળ ફીમાં ઘટાડો થવાને કારણે આવકમાં ઘટાડો થયેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૭૧૯ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૯૨૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૪૫૬. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૩૯૫. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૯,૪૧,૬૦૦–. |

---------

**મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૫૯૫ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૫૯૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૯૨. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૪૯૨. |

---------

**આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૬૧૩ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૮૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૨૦૫૮. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૩૧. |
| (૪) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) ` ૨૪,૫૦,૦૦૦–. |

---------

**વડોદરા જિલ્લામાં ગેરકાયદેસર રીતે વહન કરતા વાહન માલિકો સામે લીધેલ પગલાં**

૨૭૮૫૮ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં કેટલા ગેરકાયદેસર પેસેન્જર વહન કરતા વાહનો પકડાયા છે, અને | (૧) |

| **વર્ષ** | **પકડાયેલ વાહનો** |
|---|---|
| ૨૦૦૯ | ૧૩૪૬ |
| ૨૦૧૦ | ૧૪૭૧ |
| ૨૦૧૧ | ૧૪૦૨ |
| **કુલ** | **૪૨૧૯** |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) પકડાયેલા વાહન માલિકો સામે ક્યા પગલાં લેવામાં આવ્યા ? | (૨) પકડાયેલા વાહન માલિકો સામે નીચે દર્શાવ્યા મુજબ દંડનીય વસૂલાતની કામગીરી કરવામાં આવી. |

**વર્ષ** **વસૂલાત (રૂપિયા લાખમાં)**

| | |
|---|---|
| ૨૦૦૯ | ૪૮.૦૧ |
| ૨૦૧૦ | ૫૦.૪૮ |
| ૨૦૧૧ | ૪૮.૯૫ |
| **કુલ** | **૧૪૭.૪૪** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૬૯૮ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૦. |

**આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સના અરજદારો માટે સુવિધા**

૨૭૬૬૩ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સના કામો માટે અરજદારને સુવિધા રહે તે માટે કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરજદારોની સુવિધા માટે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) ડ્રાઈવીંગ લાયસન્સનાં કામો માટે અરજદારોને એકજ બારી પરથી બધી સેવાઓ મળે તે માટે સિંગલ વિન્ડો સીસ્ટમ દાખલ કરવામાં આવેલ છે. જેના પરિણામે લોકોની હાલાકીમાં ઘટાડો થશે અને સેવાઓ સુદ્રઢ થશે. આ સુવિધા હાલમાં અમદાવાદ, ગાંધીનગર, અમદાવાદ (પૂર્વ), સુરત અને રાજકોટ ખાતે ચાલુ કરવામાં આવેલ છે. વધુમાં રાજ્યની તમામ આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ. કચેરીઓમાં લાયસન્સનાં દસ્તાવેજો સ્પીડપોસ્ટથી અરજદારોના ઘેર મોકલવામાં આવે છે. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં વેટની આવક**

૨૭૭૪૦ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વેટની કેટલી આવક થઇ, | (૧) ` ૧૧૭.૮૩ કરોડ. |
| (૨) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૧૮.૯૦ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

**પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૬૦૧ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | (૧) ૧૩૬. |

| | |
|---|---|
| અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૮૭. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૩૬. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૧૧,૦૩,૭૬૦/- |

---------

**જૂનાગઢ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૬૫૦ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં ટ્યુશન સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૫. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૪. |

---------

**આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૬૧૪ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૧૮૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૨૦૫૮. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૩૧. |
| (૪) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) ` ૨૪,૫૦,૦૦૦/- |

---------

**ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૭૧૩ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૧૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૨. |
| (૩) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) ` ૫,૩૨,૭૦૦/- |

**પંચમહાલ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૬૧૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય | (૧) ૪૯૧. |

યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને — (૨) ૪૩૧.

(૩) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? — (૩) ` ૮,૮૯,૬૫૦/-.

**ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૭૬૦૮ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૭૧૭. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ` ૮૩,૮૦,૪૭૦/-(અંકે રૂપિયા ત્યાસી લાખ એંસી હજાર ચારસો સિત્તેર પુરા). |

**રાજકોટ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૫૯૩ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી, | (૧) ૨,૦૯૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, | (૨) ૧,૨૨૬. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને | (૩) ૮૬૮. |
| (૪) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૪) ૪૯,૧૦,૮૩૧/-. |

**કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કોન્ટ્રેક્ટ પદ્ધતિથી લેવાતી શ્રમજીવીઓની સેવા**

૨૭૫૮૫ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા કોન્ટ્રેક્ટ લેબર પદ્ધતિ દ્વારા શ્રમજીવીઓની સેવા લેવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક કે વ્યાપારી પેઢીઓ દ્વારા કાયમી રોજગારી મેળવનાર શ્રમજીવીઓની સંખ્યા ટેમ્પરરી કે/અને કોન્ટ્રેક્ટ લેબર પદ્ધતિ દ્વારા સેવા આપતા શ્રમજીવીઓના પ્રમાણમાં કેટલી છે, અને

(૨) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક કે વ્યાપારી પેઢીઓમાં કાયમી રોજગારી મેળવનાર તેમજ ટેમ્પરરી કે/અને કોન્ટ્રેક્ટ લેબર તરીકે કામ કરતા શ્રમજીવીઓની સંખ્યા (પ્રમાણ)ની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

**રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા કલાકારોને અપાતી સુવિધા**

૨૭૭૮૫ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કલા વૃંદોને રાજ્ય બહાર અને વિદેશ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. | (૧) રાજ્ય બહાર પર કલાવૃંદોને કુલ ૬૫ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે તથા વિદેશ ખાતે ૦૨ કલાવૃંદોને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે મંજુરી આપવામાં આવી છે. |
| (૨) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતાં કલાકારોને રાજ્ય સરકાર તરફથી શી સુવિધા આપવામાં આવે છે, અને | (૨) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતાં કલાકારોને રાજ્ય સરકાર તરફથી પ્રવાસ ખર્ચ, દૈનીક ભથ્થુ, કાર્યક્રમ પુરસ્કાર, ડ્રેસ ભાડું, જેવી સુવિધાઓ આપવામાં આવે છે. |
| (૩) છેલ્લે એક વર્ષમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીને આ યોજના હેઠળ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી? | (૩) ૧૨૩ અરજીઓ મળેલ છે. |

**ભાવનગર જિલ્લામાં વેટની આવક**

૨૭૭૩૩ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં ભાવનગર જિલ્લામાં વેટની કેટલી આવક થઈ, | (૧) ` ૭૩૧.૯૮ કરોડ. |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૪૮.૭૯ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

**નર્મદા જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ.**

૨૭૭૬૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જિલ્લાના કયા તાલુકાના કયા સ્થળે આઈ.ટી.આઈ. મંજુર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.નું નામ | તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | ૧૭૨ |
| ૨ | નાંદોદ | રાજપીપળા | ૧૨૮ |
| | | પ્રતાપનગર | ૦૯૬ |
| | | કેવડીયા કોલોની | ૧૩૬ |
| ૩ | સાગબારા | સાગબારા | ૧૭૨ |
| ૪ | તિલકવાડા | તિલકવાડા | ૦૯૨ |

(૩) જે તાલુકામાં આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૭૯૫ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૦૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૪. |
| (૩) કેટલા લાભાર્થીઓને લોન આપવામાં આવી? | (૩) ૦૪. |

**રાજ્યનું કુલ દેવું**

૨૮૧૪૩ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત). |

**કચ્છ જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ.**

૨૭૭૬૮ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જિલ્લાના કયા તાલુકાના કયા સ્થળે આઈ.ટી.આઈ. મંજુર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| | **તાલુકાનું નામ** | **આઈ.ટી.આઈ.નું નામ** | **તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકો** |
|---|---|---|---|
| ૧ | અબડાસા | અબડાસા (કોઠારા) | ૧૬૦ |
| ૨ | અંજાર | અંજાર | ૧૮૪ |
| ૩ | ભચાઉ | ભચાઉ | ૧૪૦ |
| ૪ | ભુજ | ભુજ | ૯૦૪ |
| ૫ | ગાંધીધામ | ગાંધીધામ | ૬૫૨ |
| ૬ | લખપત | પાનન્ધ્રો | ૨૨૦ |
| ૭ | માંડવી | માંડવી | ૪૫૬ |
| ૮ | મુન્દ્રા | મુન્દ્રા | ૪૩૨ |
| ૯ | નખત્રાણા | નખત્રાણા | ૧૦૮ |
| ૧૦ | રાપર | રાપર | ૩૯૬ |

(૩) જે તાલુકામાં આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કચ્છ જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ.**

૨૭૭૬૯ **ડાં. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જિલ્લાના કયા તાલુકાના કયા સ્થળે આઈ.ટી.આઈ. મંજુર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| **તાલુકાનું નામ** | **આઈ.ટી.આઈ.નું નામ** | **તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકો** |
|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | અબડાસા | અબડાસા (કોઠારા) | ૧૬૦ |
| ૨ | અંજાર | અંજાર | ૧૮૪ |
| ૩ | ભચાઉ | ભચાઉ | ૧૪૦ |
| ૪ | ભુજ | ભુજ | ૯૦૪ |
| ૫ | ગાંધીધામ | ગાંધીધામ | ૬૫૨ |
| ૬ | લખપત | પાનન્ધ્રો | ૨૨૦ |
| ૭ | માંડવી | માંડવી | ૪૫૬ |
| ૮ | મુન્દ્રા | મુન્દ્રા | ૪૩૨ |
| ૯ | નખત્રાણા | નખત્રાણા | ૧૦૮ |
| ૧૦ | રાપર | રાપર | ૩૯૬ |

(૩) જે તાલુકામાં આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા બાબત

૨૭૭૨૦ **શ્રીમતિ ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા અંગે કોઇ યોજના છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેમાં વિકલાંગોને કેટલી રકમનો વીમો આપવામાં આવે છે, અને

(૩) તેમાં કેટલું પ્રિમિયમ ભરવાનું હોય છે ?

**જવાબ**

(૧) હા જી,

(૨) ` ૧,૦૦,૦૦૦/- (એક લાખ)

(૩) ` ૨૭.૫૦ લાખ (અંકે રૂપિયા સત્યાવીસ લાખ પચાસ હજાર પૂરા)

## જુનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ

૨૭૩૦૯ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કઇ ઓધોગિક તાલીમ સંસ્થાઓમાં કયા ટ્રેડમાં વ્યાખ્યાતાઓની કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં ઓધોગિક તાલીમ સંસ્થાઓમાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ.

| ક્રમ | જિલ્લાનું નામ | ઔ.તા.સંસ્થાનું નામ | ટ્રેડનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ભેંસાણ | મરીન ડીઝલ મીકેનીક | ૦૧ |
| | | | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૧ |
| | | | ટર્નર | ૦૧ |
| ૨ | | જુનાગઢ | ઇલેક્ટ્રીશીયન | ૦૧ |
| | | | ઇલેક્ટ્રોનીક્સ મીકેનીક | ૦૧ |
| | | | સ્ટેનો કમ કોમ્પ્યુટર (ગુજરાતી) | ૦૧ |
| | | | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૦૧ |
| | | | ટુ વ્હીલર ઓટો રીપેરર | ૦૧ |
| ૩ | | કેશોદ | વેલ્ડર કમ ફેબ્રીકિટર | ૦૧ |
| | | | ટર્નર | ૦૧ |
| ૪ | | કોડીનાર | મરીન ટેક | ૦૧ |
| ૫ | | માણાવદર | ડીઝલ મીકેનીક | ૦૧ |
| | | | ઇલેક્ટ્રીશીયન | ૦૧ |
| ૬ | | મેંદરડા | મોટર મીકેનીક(વ્હીકલ) | ૦૧ |
| | | | વેલ્ડર | ૦૧ |
| | | | વાયરમેન | ૦૧ |
| ૭ | | તલાલા | સ્ટેનો કમ કોમ્પ્યુટર (ગુજરાતી) | ૦૧ |
| | | | ફીટર | ૦૧ |
| ૮ | | ઉના | ઇલેક્ટ્રીશીયન | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | | વેલ્ડર | ૦૧ |
| | | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૦૧ |
| ૯ | વીસાવદર | ડીઝલ મીકેનીક | ૦૧ |
| | **કુલ ખાલી જગ્યાઓ** | | **૨૨** |

(૨) આ જગ્યાઓ ન ભરવાના શા કારણો છે,

(૨) જુનાગઢ જિલ્લામાં હાલમાં સીધી ભરતીથી કુલ–૧૦૧ ઉમેદવારોને નિમણુંક આપવામાં આવેલ છે. ઓટોમોબાઇલ ગૃપમાં ઉમેદવારો ન મળવાથી –૦૬, બઢતીથી–૦૬ અને બદલીથી –૧૦ જગ્યાઓ ખાલી રહેલ છે. આમ કુલ –૨૨ જગ્યાઓ ખાલી રહેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ન ભરવાના શા કારણો છે,

(૩) જુનાગઢ જિલ્લામાં હાલમાં સીધી ભરતીથી કુલ–૧૦૧ ઉમેદવારોને નિમણુંક આપવામાં આવેલ છે. ઓટોમોબાઇલ ગૃપમાં ઉમેદવારો ન મળવાથી –૦૬, બઢતીથી–૦૬ અને બદલીથી –૧૦ જગ્યાઓ ખાલી રહેલ છે.

(૪) સને ૨૦૧૨–૧૩માં આવી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૪) આ જગ્યાઓ ભરવાની મંજુરીની કાર્યવાહી પુર્ણ થયેથી બનતી ત્વરાએ સીધી ભરતીથી ભરવાનું આયોજન છે.

## રાજ્યનું કુલ દેવું

૨૮૧૩૮ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે ?

` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત)

## મહેસાણા જિલ્લામાં કાર્યરત સરકારી આઇ.ટી.આઇ.

૨૭૭૬૭ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તારીખઃ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. કાર્યરત છે કે કેમ,

(૧) હા જી,

(૨) જિલ્લાના કયા તાલુકાના કયા સ્થળે આઇ.ટીઆઇ. મંજુર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને

(૨)

| | તાલુકાનું નામ | આઇ.ટી.આઇનું નામ | તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | બેચરાજી | બેચરાજી | ૧૨૮ |
| ૨ | કડી | કડી | ૧૨૦ |
| ૩ | ખેરાલુ | ખેરાલુ | ૧૨૦ |
| ૪ | મહેસાણા | મહેસાણા | ૫૦૮ |
| ૫ | સતલાસણા | સતલાસણા | ૧૬૦ |
| ૬ | ઉંઝા | ઉંઝા | ૧૪૪ |
| ૭ | વડનગર | વડનગર | ૪૮૦ |
| ૮ | વિજાપુર | વિજાપુર | ૨૪૦ |
| ૯ | વિસનગર | વિસનગર | ૧૮૬૮ |

(૩) જે તાલુકામાં આઇ.ટી.આઇ ન હોય ત્યાં ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## દલિત સમાજની મહિલાઓને વિશિષ્ટ યોગદાન માટે એવોર્ડ

૨૭૭૯૧ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દલિત સમાજની મહિલાઓને તેમના વિશિષ્ટ યોગદાન માટે એવોર્ડ આપવાની કોઇ યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકી તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો ક્યારથી અમલમાં મૂકી છે, | (૨) તા.૨૦-૮-૨૦૦૯ થી |
| (૩) આ યોજના અંતર્ગત એવોર્ડમાં કેટલી રકમ આપવામાં આવે છે ? | (૩) ` ૫૦,૦૦૦/- |

### અમદાવાદ જિલ્લામાં ટ્યુશન સહાય હેઠળ મળેલ અરજીઓ

૨૭૭૯૭ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ટ્યુશન સહાયની યોજનામાં વર્ષઃ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૧૧ સુધીમાં કેટલી અરજીઓ, મળી | (૧) ૪૩૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૪. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૧૮. |

### દલિત સમાજની મહિલાઓને વિશિષ્ટ યોગદાન માટે એવોર્ડ

૨૭૭૯૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દલિત સમાજની મહિલાઓને તેમના વિશિષ્ટ યોગદાન માટે એવોર્ડ આપવાની કોઇ યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે ક્યારથી અમલમાં મૂકી છે, | (૨) તા.૨૦-૮-૨૦૦૯ થી |
| (૩) આ યોજના અંતર્ગત એવોર્ડમાં કેટલી રકમ આપવામાં આવે છે ? | (૩) ` ૫૦,૦૦૦/- |

### જામનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૭૭૫૮ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લા રોજગાર કચેરીમાં સન ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૧૦૧૯૩. |
| (૨) નોંધણી થયેલ ઉમેદવારો પૈકી ૨૦૧૧ના વર્ષમાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ખંડ ૧ પૈકીના ૬૫૧ ઉમેદવારોને રોજગારી મળી. |

### રાજ્યનું કુલ દેવું

૨૮૧૪૭ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે ? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત). |

### રાજ્યનું કુલ દેવું

૨૮૧૪૫ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે ? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત). |

### ભાવનગર આર.ટી.ઓ. કચેરીની આવક

૨૭૭૪૨ **શ્રી મહેન્દ્રભાઇ સરવૈયા (પાલીતાણા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ. ભાવનગરની કચેરીને સન-૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ, | (૧) ` ૫૬.૯૭ કરોડ. |
| (૨) વર્ષ ૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે | (૨) વધારો. |

ઘટાડો,

(૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો છે, અને

(૩) ` ૧૪.૪૩ કરોડનો વધારો થયો છે.

(૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં ગ્રંથાલયો માટે ભવનોનું નિર્માણ**

૨૭૭૮૨ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગ્રંથાલયો માટે પોતાના ભવનોનું નિર્માણ કરવામાં આવ્યું, અને | (૧) રાજ્યમાં સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ચાર ગ્રંથાલયો માટે ભવનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. |
| (૨) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૨) ` ૪૮૨.૯૧ લાખ |

**રાજ્યનું કુલ દેવું**

૨૮૧૩૩ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે? | (૧) ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત) |

**જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૭૧૪ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૮૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૨૩૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૧૩૫ |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૪) ` ૬૩,૨૦૦/– |

**બનાસકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૬૯૬ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજનામાં વર્ષઃ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૨. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૦. |

**વડોદરા જિલ્લામાં નોંધાયેલ વાહનો**

૨૭૬૭૨ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા ૧૩,૮૯,૪૧૯ છે. |
| (૨) વર્ષઃ ૨૦૧૦ની સ્થિતિએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો ? | (૨) વર્ષઃ ૨૦૧૦ની સરખામણીએ વાહનોની નોંધણીમાં ૧,૧૬,૧૧૯ વાહનોનો વધારો થયો. |

**કચ્છ જિલ્લામાં વેટની આવક**

૨૭૭૩૦ **શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી (માંડવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં કચ્છ જિલ્લામાં વેટની કેટલી આવક થઇ, | (૧) ` ૧૦૨૫.૬૭ કરોડ |
| (૨) તા. ૩૧−૧૨−૨૦૧૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૨૨૦.૨૫ કરોડ |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

**રાજ્યનું કુલ દેવું**

૨૮૧૪૪ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧−૧−૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત) |

**સુરત જિલ્લામાં માંડવી ખાતે આંબેડકર ભવન બનાવવાનું આયોજન**

૨૯૩૮૪ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૧૨−૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી ખાતે આંબેડકર ભવન બનાવવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૧) હાલમાં આયોજન કરેલ નથી. |
| (૨) કેટલા સમયમાં આંબેડકર ભવનનું નિર્માણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક શ્રમયોગીઓ માટે યોજવામાં આવેલ જાગૃતિ શિબિરો**

૨૭૭૨૫ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક શ્રમયોગીઓને શ્રમ કાયદાની જાણકારી આપવા માટે ૨૦૧૧ના વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી જાગૃતિ શિબિર યોજવામાં આવી, | (૧) શૂન્ય. |
| (૨) જાગૃતિ શિબિરમાં ઔદ્યોગિક શ્રમયોગીઓના મંડળોને બોલાવવામાં આવે છે કે કેમ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) શિબિરમાં સામાન્યતઃ ક્યા પ્રકારની જાણકારી આપવામાં આવે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ખેડા જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૭૬૯૪ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ ક્યા ક્યા દર્દો માટે વર્ષ ૨૦૧૦−૧૧ અને ૨૦૧૧−૧૨ માં તા.૩૧−૧૨−૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને

(૧)

| રોગ | લાભાર્થી |
|---|---|
| ટી.બી. | ૯૬૫ |
| કેન્સર | ૧૫૬ |
| રક્તપિત | ૧૦૦ |
| એઇડઝ | ૧૩૯ |
| **કુલઃ** | **૧૩૬૦** |

(૨) તેમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? — (૨) ` ૨૯,૭૪,૩૦૦/−.

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યનું કુલ દેવું**

૨૮૧૩૪ **શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે ? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત). |

**પોરબંદર એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૭૭૪૪ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એ.આર.ટી.ઓ. પોરબંદરની કચેરીને સન–૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ, | (૧) ` ૧૯.૮૩ કરોડ. |
| (૨) વર્ષઃ ૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો છે, અને | (૩) ` ૩.૬૦ કરોડનો વધારો થયો છે. |
| (૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**નવસારી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૭૭૫૫ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લા રોજગાર કચેરીમાં સન–૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૫૩૯૬. |
| (૨) નોંધણી થયેલ ઉમેદવારો પૈકી ૨૦૧૧ના વર્ષમાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ક્રમાંક–૧ પૈકી ૧૦૩૨ ઉમેદવારોને રોજગારી મળી. |

**ગાંધીનગર જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૭૮૦૦ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગાંધીનગર જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | ` ૭.૯૦ લાખ. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત સરકારી આઇ.ટી.આઇ.**

૨૭૭૭૧ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તારીખઃ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. કાર્યરત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જિલ્લાના ક્યા તાલુકાના ક્યા સ્થળે આઇ.ટી.આઇ. મંજુર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| | **તાલુકાનું નામ** | **આઇ.ટી.આઇ.નું નામ** | **તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકો** |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ચોટીલા | ૧૬૮ |
| ૨ | ચુડા | ચુડા | ૧૨૮ |
| ૩ | દસાડા | દસાડા | ૧૮૪ |
| ૪ | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા | ૪૬૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | હળવદ | હળવદ | ૧૧૬ |
| ૬ | લખતર | લખતર | ૧૩૬ |
| ૭ | લીમડી | લીમડી | ૧૩૬ |
| ૮ | મૂળી | મૂળી | ૧૩૬ |
| ૯ | સાયલા | સાયલા | ૧૨૮ |
| ૧૦ | વઢવાણ | સુરેન્દ્રનગર | ૧૫૧૨ |
| | | સુરેન્દ્રનગર (મહિલા) | ૧૨૮ |

(૩) જે તાલુકામાં આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ / સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાટણ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૭૭૦૨ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૨,૭૦,૮૫૭. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨) ` ૪,૭૦,૬૭,૬૫૦/–. |

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં આવેલ આશ્રમશાળાઓ**

૨૮૮૮૨ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં કુલ કેટલી આશ્રમશાળાઓ કઇ સંસ્થાઓને આપવામાં આવી છે, | (૧) એક પણ નહિં. |
| (૨) તે પૈકી કુલ કેટલી કાર્યરત છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી બંધ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બંધ રહેવાના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યનું કુલ દેવું**

૨૮૧૩૯ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુજ મળીને કુલ દેવું કેટલું છે ? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત). |

**ભાવનગર જિલ્લામાં બાળ મજૂરોનું શોષણ અટકાવવા કાર્યવાહી**

૨૯૪૮૮ **ડાં. કનુભાઇ વા. કલસરીયા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં બાળ મજૂરોનું શોષણ અટકાવવા સન ૨૦૧૧ માં શી કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૧. બાળ શ્રમિક (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ, જુદા જુદા તંત્ર દ્વારા કુલ ૧૧૮૦ નિરીક્ષણો અને ૨૬૬ જૂથ બેઠકો કરેલ છે. તેમજ ૦૧ સેમીનાર અને ૦૧ રેલી યોજેલ છે. જેમાં બાળ શ્રમિક પ્રથા નાબુદી અંગે કાનૂની સમજ આપેલ છે.

૨. જિલ્લા ટાસ્કફોર્સ દ્વારા ૧૬ દરોડા પાડી ૦૩ બાળ શ્રમિકોને મુક્ત કરાવી તેમના શૈક્ષણિક પુર્નવસન માટે અને તેમના માતા–પિતાના આર્થિક પુર્નવસન માટે ૦૮ બેઠકો યોજેલ છે. જ્યારે, કામે રાખનાર સામે કેસ કરવામાં આવેલ છે.

૩. એસ.ટી. બસો ઉપર જાહેરાત અને લોકજાગૃતિ માટે

| | |
|---|---|
| | ૪૦૦ સ્ટીકર્સ/પોસ્ટર્સનું વિતરણ કરેલ છે. |
| (૨) આ કાર્યવાહી દ્વારા કેટલા બાળ મજૂરોને શોધી કાઢ્યા? | (૨) ૦૩ (ત્રણ). |

**યોગ પ્રચાર અને પ્રચાર માટે અમલમાં મૂકાયેલ યોજના**

૨૭૭૮૩ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં યોગના પ્રચાર અને પ્રચાર માટે રાજ્ય સરકારશ્રીએ કોઈ યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે? | (૨) અનસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતાં ૧૬ જિલ્લાઓમા અનુસૂચિત જાતિના યુવક યુવતિઓ માટે યોગાસન અને વ્યક્તિત્વ વિકાસ શિબિરની યોજના અમલમાં હતી ત્યારબાદ નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ થી તમામ જિલ્લાઓમા સદર શિબિરના આયોજન કરવા અંગેની યોજના અમલમાં મૂકી છે. |

**રાજ્યનું કુલ દેવું**

૨૮૧૪૬ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે ? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત) |

**અમદાવાદ જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૭૯૬ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજનામાં વર્ષઃ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪ |
| (૩) કેટલા લાભાર્થીઓને લોન આપવામાં આવી? | (૩) ૪ |

**અમદાવાદ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૭૭૯૮ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના માટે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૩૧ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૪ |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી? | (૩) ૧૧૮ |

**રાજ્યનું કુલ દેવું**

૨૮૧૨૯ **શ્રી હરીલાલ મો. પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય પર બધુ જ મળીને કુલ દેવું કેટલું છે ? | ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત) |

**દાહોદ જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ.**

૨૬૩૫૪ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખઃ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે, અને

(૨) કયા કયા તાલુકાઓમાં આઈ.ટી.આઈ. નથી, આગામી વર્ષમાં નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **સંસ્થાની સંખ્યા** |
| --- | --- |
| દાહોદ | ૨ |
| દેવગઢબારીયા | ૧ |
| ધાનપુર | ૧ |
| ફતેપુરા | ૧ |
| ગરબાડા | ૧ |
| લીમખેડા | ૨ |
| ઝાલોદ | ૧ |

(૨) તમામ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે.

**રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૭૭૩૬ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) આર.ટી.ઓ. રાજકોટની કચેરીને સન–૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) ` ૧૬૧.૦૩ કરોડ. |
| (૨) વર્ષઃ ૨૦૧૦ ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો | (૨) વધારો. |
| (૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો છે, અને | (૩) ` ૩૨.૯૦ કરોડનો વધારો થયો છે. |
| (૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આણંદ જિલ્લામાં રમતગમતના મેદાનો બનાવવા અંગે**

૨૭૮૧૭ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાની રમતગમત માટે કેટલા કયા સ્થળે મેદાનો છે, અને

(૨) જો આવા મેદાનો ન હોય તો સરકાર આ મેદાનો બનાવવા શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાની રમતગમત માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તક કોઈ મેદાનો આવેલ નથી.

(૨) રમત સંકુલ નિર્માણ અંતર્ગત મેદાનો બનાવવા માટે કલેકટરશ્રી, આણંદ દ્વારા મોજે બાકરોલ ખાતે ૧૫ એકર જમીન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપયોગ સારૂં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગને ફાળવી આપવામાં આવેલ છે તથા આ સ્થળે રમત સંકુલના બાંધકામ અંતર્ગત ત્યાં રમત સંકુલમાં ૪૦૦ મી. એથ્લેટીકસ ટ્રેક, વોલીબોલ મેદાન–૨, હેન્ડ બોલ મેદાન–૧, કબડ્ડી મેદાન–૨, ખો–ખો મેદાન–૨, બાસ્કેટબોલ મેદાન–૨, સ્વીમીંગપુલ અને મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલ જેવી રમત સુવિધાઓ ઉભી કરવા માટે નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ ના કેપીટલ પ્લાન બજેટ સદરે ` ૧૩૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના વીસમા અહેવાલની રજૂઆત**

**શ્રી નારાયણભાઇ લ. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો વીસમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી નારાયણભાઇ લ. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના વીસમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા દારુના હપ્તા બંધ કરોના સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા )

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ આપ પ્રશ્ન ઉભો કરો એમાં કોઇ સવાલ જ નથી, પરંતુ આપણે નિયમોનુસાર (અંતરાય) આવી ઘટનાઓની ચિંતા ગૃહના તમામ સભ્યશ્રીઓને હોય છે, પરંતુ ચર્ચા નિયમોનુસાર કરીએ છીએ. માનનીય સિદ્ધાર્થભાઇ જ્યારે વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮ હેઠળનો સભામોકૂફીનો પ્રસ્તાવ લઇને મારી પાસે આવ્યા એ ખરેખર મને ૧૧–૫૦ કલાકે આપ્યો છે. જેથી નિયમોનુસાર આપણે ચર્ચા કરી શકતા નથી અને આ પહેલા જ સભ્યશ્રીઓની આ જ બાબતની નિયમ–૧૧૬ની સૂચનાઓ દાખલ થઇ ગઇ છે. પ્લીઝ, એટલા માટે આપણે નિયમાનુસાર ચર્ચા કરીશું. ચર્ચા કરવા માટે અમે ના નથી પાડતા. આપણે નિયમાનુસાર ચર્ચા કરીશું. પ્લીઝ. ૧૧–૫૦ કલાકે આપના સભ્યશ્રી મારી પાસે આવ્યા છે.(અંતરાય) ૧૧–૫૦ એ. પ્લીઝ, સંવેદનશીલ બાબતની ગંભીરતા તમામ સભ્યશ્રીને હોય છે.(અંતરાય) આપણે નિયમોનુસાર ચર્ચાઓ કરીએ તો ઠીક રહેશે. ચર્ચા કરવા માટે હું ના નથી પાડતો. આપણે વિધાનસભાના નિયમોનુસાર ચર્ચા કરીએ.(અંતરાય)( સતત સૂત્રોચ્ચાર ચાલુ ) માનનીય દિલીપભાઇ.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**નોટિસ દાખલ થવા અંગે**

**શ્રી દિલીપભાઇ સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી):** મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, નિયમ–૧૦૮ પ્રમાણે સિદ્ધાર્થભાઇની નોટિસ પહેલા નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કરવામાં આવી છે અને આમ છતાં નિયમ– ૧૧૬ની નોટિસ દાખલ કરવામાં ન આવી હોય તો સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિ પાન નં. ૩૪૦ ઉપર છેલ્લા પેરામાં સભામોકૂફી પ્રસ્તાવ દાખલ કરવા પાત્ર છે કે કેમ તેની વિચારણા કરતી વખતે હાઉસ ઓફ કોમન અને લોકસભાના નિયમો અને પ્રણાલિઓ તેમજ અધ્યક્ષના નિર્ણયોને ધ્યાનમાં લેવામાં આવે છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૮ થી નિયમ ૧૧૧ સભા મોકુફીના પ્રસ્તાવને લગતા નિયમો હેઠળ લોકસભા અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષોએ " તાકીદ અને જાહેર અગત્યની " બાબત શબ્દોનો ચોક્કસ અર્થ કરીને લોકસભા અને ગુજરાત વિધાનસભામાં સભા મોકૂફીના પ્રસ્તાવને સંમતિ આપી છે. (સતત સૂત્રોચ્ચાર ચાલુ ) (આ તબક્કે કોંગ્રેસ પક્ષના કેટલાક સભ્યશ્રીઓ દ્વારા પોતાનું સ્થાન છોડતા ) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૮ મુજબ પ્રસ્તાવ રજૂ કરવાની સૂચના જે બાબતની સૂચના અગાઉથી આપવામાં આવી હોય તેવી બાબતને લગતો હોવો જોઇએ નહિ. આવું ૧૦૮ (૫) માં જણાવ્યું છે, ત્યારે નિયમ–૧૧૬ની સૂચના દાખલ થઇ હોય ત્યારે આવી નોટિસ દાખલ થવા પાત્ર નથી.(અંતરાય) સામૂહિક રીતે છેલ્લા કેટલાક દિવસથી કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રીઓ આ હાઉસને બાનમાં લેવા માટે જે રીતે પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે કોંગ્રેસ પક્ષના સન્માનનીય નેતા અર્જુનભાઇએ વિનંતી કરું છું કે આ નિયમોનું પાલન કરીને આપના

સભ્યશ્રીઓ આપની જગ્યા છોડીને હાઉસના નિયમોનો ભંગ કરીને જે રીતે આવી રહ્યા છે તેને રોકવા જોઇએ. લોકશાહીમાં કોંગ્રેસને વિશ્વાસ છે, તેવું પ્રતિપાદિત કરાવવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવૃત્તિ કરવાના કારણે કોંગ્રેસને લોકશાહીમાં વિશ્વાસ નથી, નિયમોમાં વિશ્વાસ નથી એવો સંદેશ બહાર જાય તે કોઇ પણ રીતે આ સભાગૃહને શોભે નહીં. એટલે નિયમ ૧૧૬ની નોટીસ દાખલ થઇ ગઇ છે એટલે સભાગૃહમાં આવો આગ્રહ ન રાખે. સભાગૃહ સમક્ષ નિયમ.૧૧૬ની નોટીસ આવે તેમાં રસ લઇને ભાગ લે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની અંદર ૧૯૮૫માં બે વખત, ૧૯૮૭ માં એક વખત, લઠ્ઠાકાંડની અંદર ૧૯૮૯માં બે વખત અને ૧૯૯૩ની અંદર એક વખત સભા મોકૂફીના ઠરાવની પરવાનગી આપવામાં આવી હતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું આપને તક આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કુલ મારી પાસે છે કે છ વખત આવા જ પ્રસંગોની અંદર સભા મોકૂફી દાખલ કરેલી છે અને બીજું જયારે કોઇ એવા અઘટિત બનાવો બન્યા હોય ત્યારે આપણે ઝીરો અવર્સમાં પણ પરવાનગી અપાઇ છે. ગૃહની અંદર બહાર બનેલી ઘટના છે તેની ચિંતા પણ કરવા ન દેવાય, આ ગૃહ પ્રજાના અવાજનો પડઘો પાડે છે. તેના માટે થઇ માનનીય સંસદીય મંત્રીશ્રી અમારી પાસેથી અપેક્ષા રાખે, અમારે બીજું કશું નથી કરવું. આ મુદ્દા ઉપર ઝીરો અવર્સ અથવા સભા મોકૂફીનો પ્રસ્તાવ બંનેની પરવાનગી આપી શકાય છે. ભૂતકાળની અંદર આપી છે. એટલું જ નહીં માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ ગૃહ અટકાવીને પણ આવા મુદાઓની ભૂતકાળમાં ચર્ચા થયેલી છે. ૨૫-૬-૧૯૮૫માં, ૧-૭-૧૯૮૫માં, ૧૯-૩-૧૯૮૭માં, ૭-૩-૧૯૮૯માં, ૨૭-૯-૧૯૮૯માં અને ૧૧-૧-૧૯૯૩માં. આ જુદી જુદી ઘટનાઓમાં દરેક વખતે ચર્ચા થઇ છે. આ લઠ્ઠાકાંડ અમદાવાદમાં થયેલો હોય કે સંખેડામાં થયો હોય...

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ ચર્ચા ઉભી ન કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આ ગૃહની અંદર ચર્ચા કરવા ન દેવાય...

અધ્યક્ષશ્રી : આપ તો ચર્ચા શરૂ કરી દો છો પ્લીઝ. ચર્ચા શરૂ ન કરો પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :હું ચર્ચા નથી કરો. હું જે મુદ્દો ઉભો કર્યો છે તેમાં જ કહું છું. ચર્ચા ન કરવા દેવાય તે મનોવૃત્તિ..

અધ્યક્ષશ્રી : ચર્ચા નિયમાનુસાર કરવા દઇશ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તેને ખુલ્લા મને ચર્ચા કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ ચર્ચા વિધાનસભાના નિયમો અનુસાર થશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : તેનો બચાવ કરવો હોય તો કરે કોઇ પ્રશ્ન નથી. ઝીરો અવર્સમાં કરવા દેવી હોય તો ઝીરો અવર્સમાં, સભા મોકૂફીનો પ્રસ્તાવ લઇ આવીને તેમાં કરવા દેવી હોય તો તેમાં....

અધ્યક્ષશ્રી : ચર્ચા ન કરવા દેવાનો કોઇ પ્રશ્ન નથી માનનીય અર્જુનભાઇ. ચર્ચા ન કરવા દેવાનો કોઇ પ્રશ્ન નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે જવાબ ઉભો કર્યો છે. નિયમો પ્રમાણે ઝીરો અવર્સમાં વારંવાર ચર્ચા થયેલી છે. સભા મોકૂફીમાં વારંવાર ચર્ચા થયેલી છે. આપણી સરકારે આમાં કોઇ વાત છૂપાવવી ન જોઇએ. જે વાત હોય તે ખુલેઆમ કરવી જોઇએ. આવા મુદ્દાની અંદર ગૃહની અંદર સભ્યોના મોઢા બંધ રાખે તે વ્યાજબી નથી અને તે ચલાવી લેવાય તેમ નથી. લોકશાહીનું ગળુ ટૂંપવાનું કામ આ સરકાર કરી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિલીપભાઇ સંઘાણી સાહેબે જે પોઇન્ટ ઓફ ઓર્ડર રેઇઝ કર્યો છે અને તે પોઇન્ટ ઓફ ઓર્ડરમાં બહુ સ્પષ્ટતા છે. વિધાનસભામાં ઓર્ડર ઓફ ધી ડે પ્રમાણે કામગીરી થતી હોય છે. આજના ઓર્ડર ઓફ ધી ડેની અંદર આ પ્રમાણેનો કોઇ ઉલ્લેખ નથી. નિયમ ૧૦૮ પ્રમાણે એક કલાક પહેલાં આપની પાસે આવીને આપને જાણકારી કરવાની હોય છે. તે નિયમ ૧૦૮ની

અંદર તેમણે એક કલાક પહેલાં જાણકારી કરી નથી. બીજુ જેવી ભારતીય જનતા પાર્ટીના સભ્યોને ખબર પડી કે આ પ્રમાણેની ઘટના બની છે અને આ ઘટનાની સન્માનનીય સભાગૃહની અંદર ચર્ચા થવી જોઇએ. સામે ચાલીને સત્તાધારી પક્ષના લોકોએ તાત્કાલિક નિયમ ૧૧૬ ઉપર ચાર જેટલા ધારાસભ્યોએ આ સન્માનનીય સભાગૃહમાં આપની સમક્ષ પ્રસ્તાવ રજૂ કર્યો છે. વિધાનસભાનો નિયમ એવો છે કે જે બાબતની સૂચના અપાઇ ગઇ હોય તે જ બાબતની સૂચના અન્ય સ્વરૂપે.. આપણે અને તેવા અનેક નિર્ણયો છે. હું તેની પુનરોકિત કરીને હાઉસનો સમય બગાડવા માગતો નથી પરંતુ આ સરકાર આવી કોઇ ચર્ચાઓથી ગભરાતી નથી અને તેના માટે.. અને એના માટે માનનીય અધ્યક્ષશ્રી, અત્યારના સમયમાં ૧૦૮ જે નિયમ પ્રમાણે શકય નથી, એને આપે જે ડીસએલાઉ કર્યો છે એના પછી આવી કોઇ ચર્ચાનો અવકાશ રહેતો નથી.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ બહુ અગત્યના મુદ્દા પર આ ચર્ચા ઉભી કરી છે, માનનીય પ્રદિપસિંહે જે વાત કરી એ વાતમાં હું મારો સૂર પૂરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો એ છે કે, ગૃહની કાર્યવાહી અને ગૃહમાં કામકાજ કરવા માટેની પ્રથા, એના નિયમો, એ નિયમો કોને આધિન છે? કોણ નકકી કરે છે? જયારે ગૃહ સંપૂર્ણપણે નિયમોને આધિન રહીને ચાલતું હોય ત્યારે અને સાહેબ, ૧૧૬ એ શેના માટે છે, ૧૧૬ના નિયમ નીચે આપવામાં આવતી નોટિસ તાકીદની જાહેર અગત્યની બાબત માટે છે, જયારે આ નોટિસ દાખલ થઇ ચૂકી છે અને તેમાં પણ સાહેબ, મર્યાદિત સ્કોપ છે જે સભ્યશ્રીએ દાખલ કરી હોય એને જ પ્રશ્ન પૂછવા દેવાનો અધિકાર સામાન્યતઃ રીતે મળતો હોય છે, આમ છતાં પણ એ ચર્ચાનો સ્કોપ વિસ્તારવાનું માનનીય અધ્યક્ષશ્રીની મુનસફી પ્રમાણે નકકી કરી શકાય, પણ માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં અમુક નિયમ પ્રમાણે જ કાર્યવાહી ચાલે, સભામોકૂફીની દરખાસ્ત જ લવાય આ પ્રકારની વાત જો ગૃહમાં સભ્યશ્રીઓ લઇને ચાલે તો ગૃહનું કામકાજ કોઇ સંજોગોમાં ચાલી શકે નહીં. Therefore, it is absolutely necessary that the rules which are prescribed, rules under which the House works, rules which are governed and administered by your August Office must be followed and in view of this, there is no need of any further discussion, neither Zero Hour nor question of any other kind of remedy exist when the notice under Rule ૧૧૬ is already admitted.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અમારા સભ્યશ્રીઓએ જે ઝીરો અવર્સમાં અમને મળવાપાત્ર જે અધિકારો છે, એની રૂ એ અમે અહીંયાં ઉભા થઇને માગણી કરેલી છે, અધ્યક્ષશ્રીના અગાઉના તમામ નિર્ણયોમાં પણ આપ જોશો તો ગુજરાત વિધાનસભાના નિયમોમાં તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર ધ્યાન દોરવા માટેના ૧૧૬માં પ્રોવિઝન બહુ કિલયરકટ છે અને એનાથી વિશેષ પ્રોવિઝન ગુજરાત વિધાનસભાના નિયમો તાકીદની અગત્યની કોઇ ચોકકસ બાબત ચર્ચવા માટે સભામોકૂફીનો પ્રસ્તાવ જે સભ્ય તાકીદની જાહેર અગત્યની કોઇ ચોકકસ બાબત ચર્ચવા માટે સભામોકૂફીનો પ્રસ્તાવ લાવવા માગતા હોય તેમણે સભાગૃહની અંદર જે બેઠક માં તેઓ એવો પ્રસ્તાવ લાવવા માટે અનુમતિ માગવા ઇચ્છતા હોય તે બેઠક શરૂ થવાના ઓછામાં ઓછા એક કલાક અગાઉ આવા પ્રસ્તાવની રજૂઆત કરી શકે છે. સાહેબ હું અને સિદ્ધાર્થભાઇ બંન્ને રૂબરૂમાં આવેલા, રૂબરૂમાં આવીને આ અંગેની વાત કરી ગયેલા, તે વખતે માનનીય મંત્રીશ્રીઓએ એમ કહ્યું કે, અમે આવતીકાલે આને લાવીએ છીએ, સાહેબ, વડોદરાના પાણેજમાં લઠ્ઠાકાંડમાં ૨૧ લોકો ગંભીર છે, બે લોકો મરી ગયા છે.

**અધ્યક્ષશ્રીઃ** આપ ચર્ચા ન શરૂ કરો, પ્લીઝ, અત્યારે એ દાખલપાત્રતા બાબતનો પ્રશ્ન છે, પ્લીઝ.

**શ્રી ઇકબાલ પટેલઃ** હા, એક મિનિટ, માનનીય દિલીપભાઇ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર ચાલુ જ છે, ચાલુ છે, સાહેબ, મારા પોઇન્ટ ઓફ ઓર્ડર પર (અંતરાય) Dilipbhai, being Minister, you have to understand that my work of Point of Order is going on. એટલે સાહેબ, મારે એટલું જ કહેવું છે કે, ઝીરો અવર્સમાં અમારા અધિકારો છે, તાકીદની બાબતો ઉઠાવવાનો પણ અમારો અધિકાર છે, રાજયની અંદર જયારે સાહેબ, આ પરિસ્થિતિનું નિર્માણ થયું હોય અને આ રાજય સરકારે અગાઉ લઠ્ઠાકાંડ ઉપર ફાંસીનો કાયદો બનાવેલો હતો, છતાં પણ આવા બનાવો બને છે.

અધ્યક્ષશ્રી : આપ ચર્ચા ન કરો, પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : છતાં પણ આવા બનાવો બનતા હોય, તો મારું માત્ર એટલું જ કહેવું છે કે ૧૦૮ હેઠળ અમને પરવાનગી આપવી જોઇએ, અને એ પરવાનગી બાબતમાં માનનીય અર્જુનભાઇએ જે માગણી કરેલી છે એ વિધાનસભાના નિયમો હેઠળ છે અને આપને રજૂઆત કરેલી છે, રૂબરૂમાં આવીને કરેલી છે,

અધ્યક્ષશ્રી : આપે જે રજૂઆત કરી છે, એ અત્યારે કહું છું આપને.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહભાઇ, માનનીય જયનારાયણભાઇ બંને જણાએ આ સભાગૃહ એના નિયમો પ્રમાણે ચાલવું જોઇએ એ સંદર્ભમાં ઉલ્લેખ કરીને વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષે પણ અમે બધા સંપૂર્ણપણે એમ માનીએ છીએ કે, સભાગૃહ એના નિયમોને આધિન ચાલવું જોઇએ. ભાઇશ્રી પ્રદિપસિંહજીએ વાત કરી કે ઓર્ડર ઓફ ધ ડે પ્રસિદ્ધ થઇ જાય અને ઓર્ડર ઓફ ધ ડે પ્રસિદ્ધ થયા પછી એના સિવાય બીજી કોઇ એવી બાબતો એમાં જેનો અંદર ઉલ્લેખ ન હોય એવી કોઇ બાબતો ચર્ચામાં આવતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હંમેશા ઓર્ડર ઓફ ધ ડે તો પ્રસિદ્ધ થઇ જ જાય, શૂન્યકાળનો એટલા માટે જ અધિકાર આપવામાં આવ્યો છે કે, ઓર્ડર ઓફ ધ ડે પ્રસિદ્ધ થઇ ગયા પછી જ કોઇ અગત્યની બાબત ઉભી થાય, જરૂરિયાત ઉભી થાય તો મંત્રીશ્રીની સંમતિ લઇ, અધ્યક્ષશ્રીની સંમતિ લઇ અને એ બાબત ઉભી કરી શકાય છે. આજે અમે આપને આ સંદર્ભમાં રૂબરૂ મળ્યા હતા. આજે સવારથી ત્રણ વખત માનનીય મંત્રીશ્રી સાથે પણ આ સંદર્ભમાં ફોન ઉપર વાત થઇ હતી. આ એક સંવેદનશીલ મુદ્દો છે અને સંવેદનશીલ મુદ્દો જ્યારે ઉપસ્થિત થયો હોય ત્યારે લોકોની લાગણીનો પડઘો આ સભાગૃહ પાડે એ અત્યંત જરૂરી છે અને એ સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી અને માનનીય અધ્યક્ષશ્રીને અમે રૂબરૂ મળી અને આ માટે વિનંતી કરી હતી. અમારો આગ્રહ એટલો જ છે કે ૧૧૬ દાખલ થઇ ગઇ, ૧૦૮ હવે અમે મંજૂર નથી કરી શકતા. પણ સંવેદનશીલ મુદ્દા ઉપર ગુજરાતની પ્રજાની લાગણીનો પડઘો આપણે બધાએ ભેગા થઇને પાડવો જોઇએ. આ એકલી આ પક્ષની કે પેલા પક્ષની વાતનો સવાલ નથી, આ ગુજરાતની પ્રજાની લાગણીનો સવાલ છે અને એનો પડઘો પાડવા માટે હું આપના થકી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે તેઓ સંમતિ આપે અને થોડાક સમય માટે આપણે આ ચર્ચા અહીંયા શરૂ કરી શકીએ.

અધ્યક્ષશ્રી : રાજયમાં જ્યારે આવી દુઃખદ ઘટનાઓ કે બનાવો બને એટલે સ્વાભાવિકપણે આપણે તમામ જવાબદાર સભ્યશ્રીઓ છીએ, એટલે ચિંતા કરીએ. પરંતુ આપણે સૌ વિધાનસભાના નિયમોથી બંધાયેલા છીએ. નિયમ-૧૦૮ અન્વયે ચર્ચા ઉભી કરવા માટે જે અહીંયા ચર્ચા થઇ, શૂન્યકાળ અંગે આપણા નિયમોમાં કોઇ પણ જોગવાઇ નહીં હોવાથી તેની પ્રથા આ સભાગૃહમાં પાડવામાં આવી નથી. ભૂતકાળમાં જ્યારે જ્યારે શૂન્યકાળના મુદ્દા ઉપસ્થિત કરવાના પ્રયત્નો થયા છે ત્યારે મારા પૂર્વ અધ્યક્ષશ્રીએ સ્થાપિત કરેલા ધોરણ અનુસાર સભ્યશ્રીએ સંબંધિત મંત્રીશ્રીની પૂર્વ મંજૂરી લઇને મારી પરવાનગી લેવી જોઇએ. પ્રસ્તુત કિસ્સામાં માનનીય સિધ્ધાર્થભાઇ અને માનનીય ઇકબાલભાઇ જ્યારે મારી પાસે નિયમ-૧૦૮ ની નોટિસ લઇને પહોંચ્યા ત્યારે ૧ કલાક નહીં પરંતુ ૧૧.૫૦ વાગ્યે મારી પાસે પહોંચ્યા એટલે ગૃહ ચાલુ થવામાં માત્ર ૧૦ મિનિટ બાકી હતી ત્યારે એમને વિનંતીથી કહ્યું કે, આપણા નિયમો અનુસાર આપ નિયત સમય મર્યાદમાં પહોંચ્યા નથી. આથી મારી મંજૂરી ઉપરાંત મેં મંત્રીશ્રીનો સંપર્ક કર્યો તો એમણે પણ કહ્યું કે મેં કોઇ મંજૂરી આપી નથી ત્યારે મારી વિનંતી છે કે તેઓ નિયમો અનુસાર આ બાબતે નોટિસ આપશે તેના ઉપર હું વિચારણા કરીશ એક જ વિષય ઉપર જ્યારે ૧૧૬ ની સૂચના મેં દાખલ કરી છે ત્યારે એ જ વિષય ઉપર નિયમ-૧૦૮ નિયમો અનુસાર દાખલ કરી શકાતી નથી. વધુમાં મારે આ બાબતમાં માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવાનું કે, લઠ્ઠાકાંડનો મુદ્દો નિયમ અનુસાર ૧૧૬ હેઠળ દાખલ થઇ ચૂક્યો છે, એટલે જે તે વખતે ગૃહમાં ચર્ચાઓ થવાની જ છે એટલે આ તબક્કે હું આને આ ગૃહમાં પરમીટ કરી શકતો નથી એટલે જયારે ૧૧૬ હેઠળ થાય એમાં આપ સભ્યશ્રીઓ આ મુદ્દો ચર્ચો એવી મારી તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે. નેકસ્ટ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**
**માગણી ક્રમાંક ૧૨**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ) ની સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૬,૧૩,૬૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી**

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઇ ગો. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઇ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૧૩**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાઓ સેવાને લગતી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૫,૧૭,૭૦,૦૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૨,૬૬,૦૦,૦૧,૦૦૦ ની માગણી ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી**

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઇ મો. ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઇ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઇ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી. કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

**ડો. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૧૪**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજ્યકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું, અન્ય ખર્ચ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૯,૯૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૦૦,૧૩,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી**

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી કિરણકુમાર લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીભાઇ દે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજયકક્ષાના ઉદ્યોગ અને ખાણ વિભાગ )** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી, ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૨૬,૯૯,૪૬,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩,૫૦,૫૦,૭૦,૦૦૦ની માગણી ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ખાણ અને ખનિજ મંત્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬૬,૯૨,૪૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૧,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૦ રજૂ થાચ કરવામાં આવી.**

શ્રી જવાહરભાઇ પે. ચાવડા **:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીભાઇ દે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી**.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરસિંહ ક. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૧૪–૩–૨૦૧૨ (બીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઉર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ વિભાગ** | |
| | | | **માગણી નં. ૧૨** | |
| ૧. | ૨૦૪૫–ચીજવસ્તુઓ શુલ્ક ૧૦૩–વસૂલાત.. શુલ્ક રૂ. ૧૬,૧૩,૬૨,૦૦૦ અં.પ્ર.નં. ૫ પા.નં. ૬–૭ | ૧૦૦ | મીટરભાડાની વસૂલાત વીજ કંપનીઓની ઉઘાડી લૂંટ રોકવા વીજ ગ્રાહકો પોતાના મીટર લગાવી શકે તે માટે વીજ મીટરોનું માન્ય દુકાનોએથી વેચાણ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨. | __ "__ | ૧૦૦ | મીટર ભાડાની દર થતી વસૂલાત રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઇ વસાવા |
| ૩. | __ "__ | ૧૦૦ | ક્રુડ ઓઇલના ભાવ વધે તયારે વીજદરના ભાવ વધારાય છે તે જ રીતે ક્રુડના ભાવ ઘટે ત્યારે વીજ દરમાં ઘટાડો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇકબાલ પટેલ |
| ૪. | __ " __ | ૧૦૦ | વીજળી શુલ્કના મુખ્ય વીજળી નિરીક્ષક અને તેમના તાબાની કચેરીના કથળેલા વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૫. | __ "__ | ૧૦૦ | ઘરવપરાશના વીજ બલોમાં દર માસે રૂ.૧૦ ફીકસ ચાર્જ લેવાય છે તે રદ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૬. | __ "__ | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકો પાસેથી યુનીટ દીઠ વીજ શુલ્ક લેવાને બદલે સમગ્ર વીજબીલ ઉપર શુલ્ક વસૂલાતું નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૭. | __ " __ | ૧૦૦ | વીજ ઠયુટી ઘટાડવામ તંત્રની | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |

ઉદાસીનતા.

**માગણી નં. ૧૩**

| | | | | |
|---|---|---|---|---|
| ૮. | ૪૮૦૧–વીજળી શક્તિ.. જોગવાઇ<br>૦૫–પ્રસારણ અને વિતરણ<br>૧૯૦–જાહેર... રોકાણ<br>રૂ. ૧૦,૪૫,૦૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૨૪ થી ૨૭ | ૧૦૦ | વીજ બોર્ડ નફો કરતું હોવાનો દાવો કરવા છતાં વીજળીના ભાવમાં વારંવાર થતો વધારો રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હરિલાલ પટેલ |
| ૯. | __ " __ | ૧૦૦ | વીજ ઉત્પાદન દઘવાના દાવા પછી ખુડતોની બાકી વીજ કનેકશનોની પ્રતિક્ષાયાદી પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઇ ડાભી |
| ૧૦. | __ " __ | ૧૦૦ | સૌરાષ્ટ્રના નાના મોટા શહેરોમાં નિયમિત વીજ પુરવઠો મી રહે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજીભાઇ પટેલ |
| ૧૧. | ૪૮૦૧–વીજળી શક્તિ.. જોગવાઇ<br>૦૫–પ્રસારણ અને વિતરણ<br>૧૯૦–જાહેર... રોકાણ<br>રૂ. ૧૦,૪૫,૦૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૨૪ થી ૨૭ | ૧૦૦ | કોલસા આધારીત વીજ ઉત્પાદન માટે કોલસાની ઘટ પડે છે ત્યારે રેલ્વે પાસેથી રીફંડ મેળવાય છે અને બીજી તરફ વીજ નિયમન પંચ પાસેથી આ જ ઘટ માટે ભાવ વધારો પણ માંગવામાં આવે છે તે અટકાવવા અને આ અંગે જવાબદારો સામે પગલાં લેવા માટે તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૧૨. | __ " __ | ૧૦૦ | વીજમાંગ સામે ફાજલ પડેલ વીજળીના વે◌ાણથી નફો રળવાને બદલે આમજનતાને સસ્તાદરે વીજળી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બચુભાઇ કિશોરી |
| ૧૩. | __ ‟ __ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં જર્જરીત વીજ વાયરો દૂકરી અકસ્માતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૪. | __ "__ | ૧૦૦ | ક્રોસ સબસીડીનો બોજ ઘરવપરાશના વીજ ગ્રાહકો ઉપર નાંખી ખોટ સરભર કરાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૧૫. | __ "__ | ૧૦૦ | પ્રસારણ અને વિતરણ ઘટનો દર ઉંચો જતાં તેનો ભોગ વીજ ગ્રાહકો બને છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઇ જોષીયારા |
| ૧૬. | __ " __ | ૧૦૦ | રાજયમાં બે ફીડર વચ્ચે ૩૦ થી ૪૦ કી.મી.નું અંતર હોવાથી ટી એન્ઠ ડી લોસ વધી રહયો છે તે ઘટાડવા બે ફીડરો વચ્ચેનું અંતર ઘટાડીને પાં કી.મી.નું રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |

**માગણી નં. ૧૪**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭. | ૪૮૫૬-પેટ્રોકેમિકલ્સ.. .જોગવાઇ<br>૧૯૦-જાહેર... રોકાણ<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં. ૩૦ | ૧૦૦ | જી.એસ.પી.સી. દ્વારા થતાં ગેસની ખરીદી અને વેચાણના ભાવની માહિતી આમજનતા સમક્ષ મૂ(વામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ વહીયા |
| ૧૮. | __ "__ | ૧૦૦ | જી.એસ.પી.સી. ખોટ સહન કરીને ખાનગી કંપનીઓને સી.એન.જી.ગેસ આપે છે અને આ ગેસ ખાનગી કંપનીઓ ઔદ્યોગિક અને વાહન વપરાશકારોને ઉંચા ભાવે વેચી નફો મેળવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૯. | __ "__ | ૧૦૦ | કે.જી.બેઝીનમાં કેટલો ગેસ/ઓઇલ મળ્યા અને અત્યાર સુધીમાં વેચાણ પેટે કેટલી આવક થઇ અને કેટલો ખર્ચ થયો તેનું શ્વેત પત્ર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૦. | __ " __ | ૧૦૦ | ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારી / કર્મીઓને તેમના નિવાસેથી આવવા જવા માટે વાહનની સુવિધાઓ અપાય છે તેમ છતાં વાહન ભથ્થાં પણ અપાય છે આમ બેવડાતો ખર્ચ બંધ કરી કરકસરના પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨૧. | ૪૮૫૬-પેટ્રોકેમિકલ્સ.. .જોગવાઇ<br>૧૯૦-જાહેર... રોકાણ<br>૦૪-પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં. ૩૦ | ૧૦૦ | કચેરીઓમાં બેફામપણે પગારભથ્થાં અને પ્રવાસ અંગે થતો નાણાનો બેફામ દુરૂપ્રયોગ થતો અટકાવવા ઉચ્ચ કક્ષાએ ઓડીટ કરાવી ક્ષતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૨૨. | ૭૬૧ ૦-સરકારી<br>૨૦૧- મકાન<br>રૂ. ૧,૦૦,૦૦, ૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮<br>પા.નં. ૨ ૯૬ (ભાગ-૧) | ૧૦૦ | જી.એસ.પી.સી. દ્વારા આપવામાં આવતા ઘરવપરાશના ગેસના બિલો નિયત સમયમાં ન ચૂકવાય તો રૂ. ૮૫ જેટલી મોટી રકમ દર માસે વસૂલાતી અટકાવવામાં અને દર માસે ગ્રાહકને નિયમિત અને સમયસર બિલો મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૨૩. | ૨૨૧૬-આવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૨,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પા.નં. ૧૫ થી ૧૬ | ૧૦૦ | જી.એસ.પી.સી. દ્વારા ઘરવપરાશના ગેસ ગ્રાહકો પાસેથી કાયમી ડીપોઝીટ લીધા પછી પણ દર વર્ષે નિયમિત રીતે મરામત ખર્ચ પેટે રકમ વસૂલાય છે અને ડીપોઝીટનું વ્યાજ પણ ગ્રાહકોને | શ્રી મણીભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અપાતું નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી નં.૪૯**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪. | ૨૮૫૧-ગ્રામ... ઉદ્યોગ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૮,૫૩,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં. ૩૩ થી ૩૫ | ૧૦૦ | કુટિર ઉદ્યોગ અંગેની પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ શાહ |
| ૨૫. | __ " __ | ૧૦૦ | કુટિર ઉદ્યોગોને અપાતી આર્થિક સહાયમાં વધારો કરી ચેતનવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૨૬. | __ "__ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારમાં લઘુઉદ્યોગોનો વ્યાપ વધે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહંમદ ફારૂક શેખ |
| ૨૭. | __ " __ | ૧૦૦ | કુટિર ઉદ્યોગ સહકારી મંડળીઓના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૨૮. | ૨૮૫૧-ગ્રામ... ઉદ્યોગ<br>૧૦૨-લઘુઉદ્યોગ<br>૦૩-આઇઅનેડી-૧૦<br>જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો<br>રૂ. ૧૯,૨૫,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં. ૩૬ થી ૩૭ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગકેન્દ્રોમાં પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૨૯. | __ "__ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગકેન્દ્રોના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |

**માગણી નં. ૫૦**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦. | ૨૮૫૩-બિનલોહ... ઉદ્યોગ<br>૦૨-ખાણોનું... વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૪૫,૭૬,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં. ૮૪ થી ૮૫ | ૧૦૦ | છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ખાણ-ખનીજના અપીલ અંગેના કેસોની સ્થિતિની માહિતી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જવાહરભાઇ ચાવડા |
| ૩૧. | __ "__ | ૧૦૦ | પરમીટ પ્રથાના દૂરૂપયોગથી સરકારને રોયલ્ટીની આવકમાં થતું નુકશાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રભુભાઇ વસાવા |
| ૩૨. | __ "__ | ૧૦૦ | ઠેકેદારો દ્વારા ખાણની ઉડાઇની હદ કરતાં પણ વધુ ખોદકામ થાય છે તેવી ખાણોનું નિયમિત ચેકીંગ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૩. | __ " __ | ૧૦૦ | જિલ્લા કક્ષાએ ખાણ ખનીજની કચેરીઓમાં ખાણ માફીયાઓના ત્રાસને દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૩૪. | __ "__ | ૧૦૦ | કચેરીમાં જ ગેરરીતિ કરનારા | શ્રીમતી ચંદ્રીકાબેન |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કર્મચારી/અધિકારીઓની આવક તથા સંપતિની તપાસ કરી તેમની સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | બારીયા |
| ૩૫. | __"__ | ૧૦૦ | ખાણ-ખનીજની ચોરી કરતા માફીયાઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઇ હળપતિ |
| ૩૬. | __ " __ | ૧૦૦ | ખાણમાંથી કિંમતી ધાતુઓની થતી ચોરી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૩૭. | __ " __ | ૧૦૦ | ખાણોમાંથી ગેરકાયદેસર થતું ખોદકામ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજનભાઇ પટેલ |
| ૩૮. | __ " __ | ૧૦૦ | લીઝ મંજૂર કરવાના ધોરણોનું કડક પાલન કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૩૯. | __"__ | ૧૦૦ | ખાણ-ખનીજની થતી ગેરરીતિ બાબતે ધારાસભ્યો/સંસદસભ્યોએ કરેલ લેખિત ફરિયાદોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહ બારડ |

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઇ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા વિભાગ, પેટ્રોલિયમ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આપના થકી હું મારા વિચારો આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતીમાં કહેવત છે કે," હું કરું, હું કરું," તે જ અજ્ઞાનતા. પછી આગળ પણ છે. પણ આગળ મારે જવું નથી. વીજ વપરાશ અને વીજ ઉત્પાદન એને વિકાસના માપદંડ તરીકે હંમેશા આપણે સ્વીકારીએ છીએ. એટલે એ સંદર્ભમાં વીજ ક્ષેત્રની જે કેટલીક વાસ્તવિકતાઓ છે, જે નકકર સચ્ચાઇ છે, એને મારે આપના થકી આ સભાગૃહ સમક્ષ મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ છેલ્લા દાયકામાં થયો. જાણે કે આખા ગુજરાતનો વિકાસ ૨૦૦૨ થી ૨૦૧૨ ની અંદર જ થઇ ગયો હોય એવું એક ચિત્ર ઉભું કરવાનો પ્રયત્ન થયો, ત્યારે મેં અગાઉ પણ કહેલું એટલે વિગતોમાં પડતો નથી, પરંતુ માત્ર ૨ આંકડા આપીને હું મારી વાત આગળ વધારીશ. ૯૦ થી ૨૦૦૦ નો દાયકો. ૧૯૯૦માં માથાદીઠ વીજવપરાશ ૩૮૨ યુનિટ અને ૨૦૦૦માં ૯૩૨ યુનિટ. એટલે કે એ દાયકામાં ૧૫૦ ટકાનો વધારો થયો. ત્યારપછી જે દાયકાની વાતો કરીએ છીએ એ દાયકામાં માત્ર ૫૦ ટકા વધારો. એટલે આગળ વિકાસ ૧૫૦ ટકા થયો અને પછી માત્ર ૫૦ ટકા.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ સમયગાળા દરમ્યાન વીજ ઉત્પાદન ૧૧૬ ટકા વધ્યું. જયારે ૨૦૦૦થી ૨૦૧૦ના સમયગાળા દરમ્યાન વીજ ઉત્પાદન માત્ર ૩૮ ટકા વધ્યું. એટલે અગાઉનો સમય અને આ સમયની જયારે હંમેશા સભાગૃહની અંદર સરખામણી કરવામાં આવે છે ત્યારે આ જે વાસ્તવિકતા છે એને આપના થકી સભાગૃહ સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વીજળી આપવાના સંદર્ભમાં આપણે બધા ચિંતા કરીએ છીએ. માનનીય મંત્રીશ્રીએ તો આગળ એમના પ્રવચનમાં કેટલા નવા કનેકશન આપ્યા અને કેટલા બધા ખેડૂતોને વીજળી આપી દીધી. તમારી સરકારો હતી ત્યારે તો કાંઇ થયું નહોતું. આ બધી ચર્ચાઓ થઇ. મારે આપના થકી માનનીય મંત્રીશ્રી સમક્ષ આંકડા મૂકવા છે. હું આંકડા જોતો હતો. ૨૦૦૦-૦૧ની અંદર આ રાજયના ખેડૂતોને કુલ કેટલી વીજળી આપવામાં આવી? ૧૫૪૮૯ મિલિયન યુનિટ ૨૦૦૦-૨૦૦૧માં ગુજરાતના ખેડૂતોને આપવામાં આવી. ત્યારપછી ૨૦૧૦-૨૦૧૧. આપણે કનેકશનો ઘણા વધારી દીધા. અમે

ઘણાબધા કનેકશનો આપીએ છીએ.અને એટલી બધી સરપ્લસ વીજળી છે કે બીજા રાજયને વેંચીએ છીએ, આ બધા દાવા પછી ૨૦૧૦-૧૧માં ખેડૂતોને વીજળી મળી કેટલી? તો ૧૩૨૮૫ મિલિયન યુનિટ વીજળી ખેડૂતોને મળી છે, પહેલા ૧૫૪૮૯ મિલિયન યુનિટ મળી હતી, અને પછી ૧૩૨૮૫ મિલિયન યુનિટ, એટલે ૧૦ વર્ષના ગાળામાં કનેકશનો વધ્યા પછી ખેડૂતોને વીજળી વધવાને બદલે ગુજરાતના ખેડૂતોને અપાતી વીજળીમાં આ સરકારે ૧૬.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે. આ જ ગાળા દરમિયાન માથા દીઠ વીજ વપરાશ ૫૦ ટકા વધ્યો અને ખેડૂતોને અપાતી વીજળીમાં ૧૬.૫૦ ટકાનો ઘટાડો થયો, એટલે વીજળી કોને અપાઇ? ખેડૂતોના ભોગે ઉદ્યોગોને વીજળી અપાઇ આ સ્થિતિ ગુજરાતમાં ઉભી થઇ છે. ૭૦૪ કરોડ રૂપિયાની વીજળી ગયા વર્ષે બીજા રાજયોને વેંચી દેવામાં આવી છે. ગુજરાતના ખેડૂતો વીજળી માટે ટળવળતા રહે, અને બીજા રાજયોને વીજળી અપાય, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વીજળીનો સંગ્રહ નથી થઇ શકતો. એટલે અમારે બીજા રાજયોને આપવી પડે છે. અરે પડતર કનેકશનો ૬ લાખથી વધારે પડેલા છે એ મંજૂર કરો અને આ ખેડૂતોને વીજળી આપો તો ખેડૂતોના આશિર્વાદ આ સરકારને મળે. પણ આ સરકારની માનસિકતા એ હોય તેવું મને દેખાતું નથી. ગ્રીન એનર્જીની વાત, સોલર એનર્જીની વાત, ગુજરાત રાજય એક નંબરનું રાજય છે આવી ઘણી બધી વાતો થઇ. ૬૦૦ મેગાવોટની કેપેસીટી થઇ છે થઇ છે એમ કહેવાયું, ઉત્પાદન કેટલું થાય છે? ૨૦૦ મેગાવોટ, ૨૨૫ મેગાવોટ, શા માટે? શું કારણો છે? વિભાગ વિચાર તો કરશે. અને શું ભાવે આપણે આ વીજળી ખરીદી રહ્યા છીએ? ૧૫ રૂપિયાના ભાવે એમ.ઓ.યુ. થયા, ૧૧ રૂપિયાના ભાવે એમ.ઓ.યુ. થયા છે. સામાન્ય વીજળી ૩ રૂપિયા ૩૨ પૈસાના ભાવે અને ૪ રૂપિયા ૧૯ પૈસાના ભાવે આપણે ખરીદીએ છીએ. અને આ પાવર પરચેજ એગ્રીમેન્ટની સામે ગ્રીન એનર્જી તો ૧૧ રૂપિયા અને ૧૫ રૂપિયામાં ખરીદાઇ રહી છે. અને તેના કારણે રાજય સરકારને ૨૦૦ થી ૨૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. અને એ નુકસાન ભરપાઇ કરવા માટે ગ્રીન સેસના નામે તમે લોકો ઉપર ટેક્સ નાખો અને એ રીતે ટેક્સ નાખી અને મળતીયા લોકોને લાભ કરી આપો છો અને પછી તેની જવાબદારી ગુજરાતની પ્રજાના શીરે નાખી છે. જી.ઇ.બી.એ કેલેન્ડર બહાર પાડયું છે, મુખ્ય મંત્રીશ્રીના ફોટા વાળા કેલેન્ડર ઘેર ઘેર વહેંચ્યા છે. આ રાજયમાં વીજળી આખા દેશમાં સૌથી મોંઘી મળે તે વીજળીના દર ઘટાડવાની ચિંતા નહીં કરવાની અને આવા પ્રચાર અને પ્રસાર પછળ વ્યર્થ ખર્ચ કરી અને ગુજરાતના વીજ ગ્રાહકો ઉપર તે પ્રચાર-પ્રસારનું ભારણ નાખવાનો પ્રયત્ન થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોકેમિકલ્સ વિભાગની કામગીરી આખા રાજય માટે ચિંતાનો વિષય બની ગઇ છે. માનનીય મુખ્ય મંત્રીએ જાહેરાત કરી કે કે.જી. બૈઝીનમાંથી ૨૦ ટી.સી.એફ. ગેસ મળવાનો છે, અને કદાચ બે ટી.સી.એફ. પણ ગેસ મળ્યો નથી. અન્ય દેશોની સરકારોએ ના પડી કે *(xxxxx) (xxxxx) એસ્સારની વાઇલ્ડ કેટ રીગ માટે નિષ્ણાતોએ ના પાડી કે આ વાઇલ્ડ કેટ રીગ ભાડે ન લેવાય, એમ છતાં ગુજરાત સરકાર ભાડે લે, અને ૧૪૦૦ કરોડ રૂપિયા જેવી રકમ ચૂકવાઇ જાય, (xxxxx) (xxxxx)

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## સબજયુડીશ મેટર બાબતે ચર્ચા ન કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સિદ્ધાર્થભાઇએ જી.ઓ. ગ્લોબલ મલ્ટીનેશનલ કંપની સાથેના કરેલા એગ્રીમેન્ટ અને એના સંદર્ભના ઉચ્ચારણો કર્યા આ સમગ્ર પ્રક્રિયા કમિશન ઓફ ઇન્કવાયરી એકટ હેઠળ હાલ પ્રોસેસમાં છે એટલે એ શબ્દો આ કાર્યવાહીમાંથી અને જી.એસ.પી.સી.

અધ્યક્ષશ્રી : આપ, આ શબ્દો પાછા ખેંચી લો, હું આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરુ છું.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : કેટલાક કેસો સરકારની વિરૂદ્ધ કોર્ટમાં પડયા હોય અને એની ચર્ચા આ સભાગૃહ ન કરી શકે એમ હોય, અમને આ શબ્દો પાછા ખેંચવામાં કોઇ વાધો નથી. પણ પરિસ્થિતિ એવી થઇ છે કે આ ગુજરાત સરકારની જે જે ગેરરીતિઓ થાય જે જે વાતને સભાગૃહમાં ઉઠાવવાનો પ્રયત્ન કરો તમામે તમામ વાત સબજયુડીશ હોય છે. તમામે તમામ બાબતો. કઇ દિશામાં આપણે ચાલી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સિદ્ધાર્થભાઇ, આ બાબતની ચર્ચા આપણે અહીંયા ન કરીએ. નહિતર ન્યાય તંત્રનું અવમાન થશે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : ઓઇલ એકસપ્લોરેશન માટે બજેટમાં ૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થઇ હતી. ૨૦૦ કરોડની ફાળવણી પછી હમણાં પૂરક માગણીની અંદર ૩૫૦ કરોડની બીજી માગણી લઇને સરકારને આવવું પડયું અને જયારે આ વિભાગનો ઓઇલ એકસ્પ્લૉરેશનનો ભૂતકાળનો અનુભવ છે એ જોતા આ નાણાકીય રકમની જવાબદારી ગુજરાતની પ્રજા ઉપર નખાઇ રહી છે એ આપણા સૌ માટે ચિતાનો વિષય છે.

ખાણ, ખનિજ વિભાગની ચિંતા એવી છે કે સાહેબ આજે એક સામાન્ય ખેડૂત પોતાના ખેતરની અંદર ખાડો ભરવા માટે કે ખેતરમાં પાળો કરવા માટે માટી પોતાના ગાડામાં લઇને જતો હોય તો એનું ગાડું પોલીસ દ્વારા લઇ લેવામાં આવે છે. અને આપણે તો વાત કરીએ છીએ કેટલાક માનીતા ખનિજ માફિયાઓ છે જેઓ ૫૦૦-૫૦૦ કરોડ રૂપિયાની વસુલાત છેલ્લા પાંચ-પાંચ વરસથી બાકી હોય અને એમ છતાં એ વસુલાત માટે કોઇ કામગીરી થાય નહિ અને નિર્દોષ ખેડૂતોને દંડવામાં આવે તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે. સૌનો સાથ અને માનીતાનો વિકાસ એ પદ્ધતિ અપનાવી છે એનો આ પૂરાવો છે અને એટલા માટે માનનીય મંત્રીશ્રી જે દરખાસ્તો લઇને આવ્યા છે એને હું સમર્થન આપી શકતો નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી,સન્માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ માગણી નંબર ૪૯ અને માગણી નંબર-૫૦ લઇને ઉદ્યોગ અને ખાણ ખનિજની માગણીઓ અંગે આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેને સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

દરેક રાજયની પ્રજાનો સંઘર્ષ હંમેશા પોતાના જીવનની ગુણવત્તા કવોલિટી ઓફ લાઇફને સુધારા માટેનો હોય છે અને રાજય સરકાર એમાં મદદરૂપ્ થવા માટેનો એક દિશા આપવા માટેનું કાર્ય કરતી હોય છે. આ રાજયે છેલ્લા દસકામાં જે ડબલ ડીજીટ ગ્રોથ રેઇટ હાંસલ કર્યો છે એની પાછળનું કારણ સંપત્તિનું સર્જન કરવા માટે કૃષિ અને ઉદ્યોગો આ આ બંને બાબતોનું પ્રદાન હોય છે. ઉદ્યોગોના ક્ષેત્રમાં ગુજરાત રાજયે જે અપ્રિતમ પ્રગતિ કરી છે એની નોંઘ સમગ્ર દેશમાં લેવાઇ છે. અગાઉ વિપક્ષના અગ્રણી એમ કહેતા હતા કે માનનીય મુખ્યમંત્રીશ્રી વિદેશના પ્રવાસે જાય ત્યારે ઔદ્યોગિક ડેલીગેશન એની સાથે જતું હોય છે. આ પ્રક્રિયા એ માત્ર ગુજરાતના નેતા માટે નથી.આ દુનિયાના અમેરિકાના પ્રેસિડેન્ટ હોય કે ચાઇનાના વડાપ્રધાન હોય કે જાપાનના વડાપ્રધાન હોય એ કોઇપણ દેશની મૂલાકાતે જાય ત્યારે એની સાથે અર્થતંત્રના અગ્રણીઓ હંમેશાં સાથે લેતા હોય છે. કારણ કે, એ બન્ને દેશ વચ્ચે આર્થિક સંબંધો સુદ્રઢ કરવા માટેની કામગીરી એ બન્ને દેશ તરફથી થતી હોય છે. જે ઇનીશિએટીવ રાજય સરકારે છેલ્લા દશકામાં લીધો છે. ખાસકરીને રાજયના ઔદ્યોગિક વિકાસને અનુલક્ષીને એમાં વાઇબ્રન્ટ ગુજરાતનો જે ઇનિશિએટીવ છે, જેના દ્વારા દેશના ઉદ્યોગપતિઓ અને વિદેશી કંપનીઓને ગુજરાતના આંગણે બોલાવી અને ગુજરાતમાં સાચા અર્થમાં રોકાણ કરવા માટેનો અભિગમ છે એ ૨૦૦૩માં રૂ.૬૬,૦૦૦/- કરોડના મૂડી રોકાણથી શરૂ થઇ અને ૨૦૧૧માં રૂપિયા બે લાખ કરોડ કરતાં પણ વધારે મૂડી રોકાણના એમ.ઓ.યુ. વાઇબ્રન્ટ સમિટમાં થયા છે. ૨૦૦૫માં રૂપિયા એક લાખ કરોડના, ૨૦૦૭માં રૂ.૪.૬૫ લાખ કરોડ અને ૨૦૦૯માં રૂ.૧૨.૪૦ લાખ કરોડના અને છેલ્લા સમિટમાં રૂ.૨૦/-લાખ કરોડ કરતાં વધારે રકમના એમઓયુ થયા છે. આને લઇને ગુજરાતમાં જે પ્રકારનો ઔદ્યોગિક વિકાસ થયો છે અને ઔદ્યોગિક

મૂડી રોકાણ આવ્યા છે એ સમસ્યા ૧૩૧૭ પ્રોજેકટમાં રૂ.૨૭૭૭૧૭/– કરોડના મૂડી રોકાણનું અમલીકરણ શરૂ થઇ ગયું છે. આ બતાવે છે કે, એના પાછળનું કારણ છે. એ ઉદ્યોગ વિભાગ દ્વારા રાજયની અંદર જે કન્જીનિયલ એન્વાર્યમેન્ટ ઉભું કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક મૂડી રોકાણને લઇને આ સક્ષમ બન્યુંછે. ઔદ્યોગિક શાંતિ, વીજળીની સંપૂર્ણ ઉપલબ્ધિ, રાજયનું ઇન્ફ્રાસ્ટ્રકચર અને જે જમીનની અવેઇબીલીટી સહિતના કામોને લઇને આ કામગીરી હાંસલ થઇ શકી છે.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઇ મશરૂ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, બીજો ઇનિશિયેટીવ આપણે જોઇએ તો એસઇઝેડ મારફતે, ૬૦ જેટલા નવા એસઇઝેડની મંજૂરી આપવામાં આવી છે. સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન્સ આખાય દેશની અંદર ગુજરાત જ એક એવું પ્રથમ રાજ્ય છે કે જેણે ૨૫૦ ચો.કિ.મી.થી પણ વધારે વિસ્તાર માટેનો કાયદો પસાર કર્યો છે. એટલું જ નહીં પરંતુ દહેજ જેવા વિસ્તારમાં પેટ્રોકેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ કોમ્પ્લેક્ષ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન્સ પી.સી.પી.આઇ.આર ભારત સરકારના સૂચન મુજબ ઇસ્ટ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટમાં એક એક પી.સી.પી.આઇ.આર થાય એવી જ રીતે દહેજની અંદર ઓ.એન.જી.સી. ના એન્કર યુનિટને સાથે રાખીને રૂ.૩૨૦૦/– કરોડનું ઇન્ફ્રાસ્ટ્રકચરનું ઇન્વેસ્ટમેન્ટનું આયોજન રાજય સરકારે કરી આ પી.સી.પી.આઇ.આર નું સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન રાજયની અંદર શરૂ કરવા માટેનો ઇનેશિયેટીવ ઉદ્યોગ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. અમદાવાદની જ નજીકમાં ધોલેરાને સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન તરીકે એને જાહેર કરેલ છે અને આવા તો બીજા છ કરેલા છે. પણ ધોલેરાની જો વાત કરું તો જે એકસપ્રેસ–વેથી એનું જોડાણ કરવામાં આવશે. ધોલેરાની અંદર ઇન્ટરનેશનલ એરપોર્ટની સ્થાપના થાય અને વિદેશથી આવતા મૂલાકાતીઓ સીધાજ ધોલેરા આવી શકે એ પ્રકારનું એક ઔદ્યોગિકનગર બનાવવાનું આ રાજય સરકારે કર્યું છે. એના માટે બજેટમાં જરૂરી જોગવાઇ કરી દેવામાં આવી છે અને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન ધમધમતું થશે ત્યારે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ નવા સિમાચિહ્ન હાંસલ કરશે એમાં નવાઇ નથી. ભારત સરકાર અને જાપાનની સરકાર વચ્ચે જે સમજૂતી થઇ એ સમજૂતીના ભાગરુપે દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર દિલ્હી મુંબઇ ફ્રેઇટ કોરીડોરના સાથે રહીને દિલ્હી મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરનું જે આયોજન થયું છે જેની માટે કંપનીની પણ સ્થાપના થઇ ગઇ છે. ડી.એમ.આઇ.સી.એ ગુજરાતની અંદરથી ૩૭ ટકા જેટલો હિસ્સો સમગ્ર દિલ્હી મુંબઇનો જે સ્ટ્રેટ છે એમાં એ ગુજરાતમાંથી પસાર થાય છે અને એનો વિકાસ કરવા માટે જેમ જાપાનમાં ટોકીયો અને ઓસાકાનો જે વર્ટીકલ ઔદ્યોગિક બેલ્ટ બનાવવામાં આવ્યો છે એ પ્રકારનો ઔદ્યોગિક બેલ્ટ એ અહીંયા જયારે શરુ થઇ રહયો છે ત્યારે ગુજરાત એની પોર્ટ કનેકટીવીટી, ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રકચર, ગુજરાતની ઔદ્યોગિક શાંતિ, અને ગુજરાતની સરકારના ઉદ્યોગકારો પ્રત્યેના પોઝીટીવ અભિગમને લઇને જે આ સ્પેશીયલ ઇન્વેસ્ટમેન્ટ જે ડી.એમ.આઇ.સી. છે એમાં હજારો કરોડ રુપીયાનું મૂડીરોકાણ આવતા વર્ષોમાં આવવાનું છે એના દ્વારા રોજગારીનું જે સર્જન થશે એનાથી ગુજરાતનો એક પણ શિક્ષિત અને તાલીમ પામેલ યુવાન બેકાર નહીં રહે એ પ્રકારનું આયોજન ઉદ્યોગ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. ઇન્ફ્રાસ્ટ્રકચર છેલ્લા દસકાની અંદર ઔદ્યોગિક એકમોની જરૂરિયાત મુજબનું ઇન્ફ્રાસ્ટ્રકચર પછી એ જી.આઇ.ડી.સી. હોય, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશનના જે ઔદ્યોગિક વિસ્તારો છે એ અગાઉ એટલા શેબી હાલતમાં હતા જેને આ ઉદ્યોગ વિભાગે એના ઇન્ફ્રાસ્ટ્રકચર ક્રીટીકલ ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડની જોગવાઇ કરી અંદાજે ૫૦૦ કરોડ રૂપીયા એની પાછળ ખર્ચ કરી અને આજે જી.આઇ.ડી.સી.ની રોનક બદલાઇ ગઇ છે. આજથી ૧૦ વર્ષ પહેલા જીઆઇડીસીમાં અનેક માંદા ઔદ્યોગિક એકમો હતા જયારે આજે જી.આઇ.ડી.સી માઇક્રો, સ્મોલ, મીડીયમ એન્ટરપ્રાઇઝ લગભગ અઢી લાખ જેટલા ઉદ્યોગો જી.આઇ.ડી.સીમાં ધમધમે છે. જી.આઇ.ડી.સીમાં પ્લોટ અગાઉ ખાલી રહેતા હતા, એના માગણીદારો કોઇ આવતા નહોતા, આજે જી.આઇ.ડી.સીની અંદર ભાગ્યે જ કોઇ જગ્યાએ એલોટ કર્યા વગરના પ્લોટ ઉપલબ્ધ છે. એ બતાવે છે કે રાજયના લઘુ ઉદ્યોગો જેઓ મહદ્અંશે જી.આઇ.ડી.સીમાં આવેલા છે એ લઘુઉદ્યોગો આજે ખૂબ સારી રીતે પ્રગતિ કરી રહયા છે. માઇક્રો, સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ માટે સહાયરુપ થવા માટે પણ રાજય

સરકારના ઉદ્યોગ વિભાગે વ્યાજ સહાય સહિતની અનેક યોજનાઓ આ ઉદ્યોગકારોને કલસ્ટર ડેવલપમેન્ટ વગેરેની યોજનાઓ જાહેર કરેલી છે અને એના દ્વારા આ વિભાગને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે કારણ કે એમાં ખૂબ ઔદ્યોગિક રોજગારી લઘુઉદ્યોગકારોની એની અંદર છે. એક બહુ જ મોટો ઈનીશીએટીવ આ ઉદ્યોગ વિભાગે, આ રાજય સરકારે જે લીધો છે એ સાણંદમાં જે નેનો પ્લાન્ટ આવ્યો અને ઓટો હબ તરીકે ફોર્ડ મોટર કંપની અને સુઝુકી પણ આવવા માટેનું જે આયોજન કરી રહી છે ત્યારે ત્યાં પણ આજે ૧૫ હજાર કરોડ રુપીયાના નવા મૂડીરોકાણ સાથે લગભગ ૨૩હજાર કર્મચારીઓને સીધી રોજગારી પ્રાપ્ત થાય. અમદાવાદને એડજેસંન્ટ આવેલું આ સાણંદ ટાઉનશીપ, અને એ પછાત વિસ્તાર તરીકે સાણંદ, વિરમગામ વિસ્તાર એ બેકવર્ડ વિસ્તાર તરીકે હમણા સુધી હતો એ વિસ્તારની અંદર આજે ઔદ્યોગિક ધમધમાટ એ પ્રકારનો થયો છે કે આ ગ્રામ્ય વિસ્તારની અંદર એક પણ યુવાન બેકાર ન રહે એ પ્રકારનું કામ આ ઓટોહબ બનવાને કારણે થઈ રહ્યું છે. હમણા જ અમે નેનો પ્લાન્ટની મુલાકાત લીધી ત્યારે આપણને ગૌરવ થાય એવો સુંદર નેનો પ્લાન્ટ આપણા રાજયની અંદર આ રાજય સરકાર અને આ રાજય સરકારના ઉદ્યોગ વિભાગના ઈનીશીએટીવને લઇને આ કામગીરી થઈ છે. માત્ર આ મોટા ઉદ્યોગોને જ ધ્યાન આપવામાં આવ્યું છે એવું નથી. નાનામાં નાના કારીગરોને સાધન સહાય મળે એના માટે પણ ઉદ્યોગ વિભાગ દ્વારા માનવ કલ્યાણ યોજના, બાજપાઇ બેન્કેબલ યોજના દ્વારા આ નાના ૫ લાખ કે ૧૦ લાખ સુધીના મૂડીરોકાણ કરવાવાળા ઉદ્યોગકારો માટેની પણ યોજના કરવામાં આવી છે. રાજય સરકારે નમક ઉદ્યોગની અંદર અગરિયાઓના કલ્યાણ માટે અગરિયાઓ માટેની વિશેષ કલ્યાણકારી યોજના પણ જે પહેલા બે કે ત્રણ કરોડ રુપીયાના બજેટની ફાળવણી થતી હતી. ત્યાં આજે લગભગ ૫૦ કરોડના બજેટની ફાળવણી અગરિયાઓના પરિવારને મદદરૂપ થવા માટે, એમના બાળકોના શિક્ષણ માટે, રસ્તાઓ અને પીવાના પાણી માટે, ટ્રાન્સપોર્ટેશન માટે આ પ્રકારની યોજનાઓ આ ઉદ્યોગ વિભાગ દ્વારા કરવામાં આવી છે. એને લઈને સમગ્ર રાજ્યની અંદર ગરીબમાં ગરીબ અગરિયાથી લઇને મોટા ઉદ્યોગકારોને માટે જેને એનેબલીંગ એન્વાયરમેન્ટ કહેવાય કે આ રાજ્યમાં ગુજરાતમાં ઉદ્યોગ કરવા આવવાનું ગૌરવ, જે રતન ટાટાજીએ કહેલું, If you are not in Gujarat, you are stupid એ સાચે જ પૂરવાર થયું છે અને એને લઈને લગભગ દર અઠવાડિયે વિદેશની કોઈ કંપની ગુજરાતની અંદર પોતાના exploration માટે પોતાનો નવો ઉદ્યોગ સ્થાપવાની ચર્ચા કરવા માટે આવતો હોય છે. ઉદ્યોગ centre for entrepreneurship development નાના યુવાનોને, શિક્ષિત યુવાનોને માત્ર નોકરીમાં નહીં પણ એને ઉદ્યોગકાર બનાવવા માટે, એને ભવિષ્યનો ઉદ્યોગપતિ બનાવવા માટેનું આયોજન પણ આ ઉદ્યોગ વિભાગ દ્વારા થઇ રહ્યું છે. કામદારોને તાલીમ આપીને એમના કામની ગુણવત્તા સુધારવા માટે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ જી.આઇ.ડી.સી. અને અન્ય સ્થળોએ શરૂ કરીને રાજ્ય સરકાર અને ઉદ્યોગ વિભાગની સહાય લઇને કરવામાં આવ્યા છે. નાગરિક ઉડયન વિભાગ એ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક છે. એણે પણ નવા લગભગ એક ડઝન એરપોર્ટ શરૂ કરવા માટેનું પણ આયોજન કર્યું છે. ખાણ અને ખનિજ વિભાગની વાત કરું તો રેવન્યુ જે ૨૦૦૬-૦૭માં ૨૯૫ કરોડ હતી એ ૨૦૧૦-૧૧માં ૬૨૬ કરોડે પહોંચાડીને ઉદ્યોગ વિભાગે ખાણ અને ખનિજની રોયલ્ટીની અંદર પણ જે આપણું સ્ટાર યુનિટ ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન છે એનું પરફોર્મન્સ પણ છેલ્લા પાંચ વર્ષમાં સુધારીને કંપનીનો પ્રોફિટ જે ૧૬૭ કરોડ રૂપિયા હતો એ વધીને ૫૮૪ કરોડ રૂપિયા ૨૦૧૦-૧૧માં પહોંચ્યો છે. આ રીતે ખાણ અને ખનિજ વિભાગે મેનેજમેન્ટ લીઝ આપવાથી માંડીને રોયલ્ટીના કલેકશન પાસ આપવા માટે ઇ-ગવર્નન્સનું જે આયોજન કર્યું છે એ પણ આજની ૨૧મી સદીને અનુરૂપ ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ રીતે જ્યારે ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે સૌ સદસ્યો એને સમર્થન આપે એવી લાગણી વ્યક્ત કરું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૧૨ અને ૧૪ લઇને આવ્યા છે તેના સમર્થનમાં સૂર પુરાવવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે દિવસે ગુજરાતની સ્વતંત્ર રાજ્ય તરીકે સ્થાપના થઇ ત્યારે ગુજરાત એક નાનકડું વેપારી રાજ્ય પગભર કેવી રીતે થશે એ સૌને પ્રશ્ન સતાવતો હતો. એક સમય એવો હતો કે

ગુજરાતીઓ રોજીરોટી મેળવવા માટે દુનિયાભરમાં જતા હતા. આજે ગુજરાત ઔદ્યોગિક રાજ્ય તરીકે સમગ્ર દેશમાં સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. આજે ગુજરાતમાં એવી સ્થિતિ છે કે સમગ્ર હિન્દુસ્તાનનું કોઇ એવું રાજ્ય નથી કે જેનો નાગરિક ગુજરાતમાં આવીને સુખી જીવન જીવતો ન હોય. ૫૦ વર્ષ પૂર્વે ગુજરાતમાં અનેક પડકારો હતા. કુપોષણ, ગરીબી, બીમારી, બેરોજગારી આ તમામ પડકારો હતા ત્યારે ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દસકાના શાસનથી પોતે પોતાની સંવેદના મુજબ પોતે કવિતામાં કહે છે કે, ''હું પોતે જ મારો વંશજ છું હું પોતે જ મારો વારસ છું, પ્રારબ્ધને અહીંયા ગાંઠે છે કોણ, હું પડકાર ઝીલનાર માણસ છું.'' એવા અનેક પડકારો ગુજરાતમાં હતા જ્યારે આ રાષ્ટ્રને ૫૦ વર્ષ પુરા થાય છે. પણ એ વખતે ગુજરાતે જ્યારે આ રાષ્ટ્રને ૫૦ વર્ષ પૂર્વે જે પ્રથમ તેલનો કૂવો આ રાષ્ટ્રને ચરણે ધર્યો હતો. આજે એ જ ગુજરાતને સર્વોચ્ચ ઔદ્યોગિક રાજ્ય બનવીને, દેશનું પેટ્રોલિયમ કેપિટલ બનાવીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. ગુજરાતમાં શાસન સંભાળ્યું ત્યારે ગુજરાતના પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગની થોડીક સ્થિતિ હું આપની સમક્ષ હું રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ ગુજરાતમાં ૧૩૦૦૦ ટન પેટ્રોકેમિકલ્સનું ઉતપાદન કરે છે જે દેશના કુલ ઉત્પાદનના ૬૨ ટકા છે. ગુજરાત આજે કેમિકલ્સ અને પેટ્રોકેમિલ્સ ઉદ્યોગ સાથે મળીને કુલ ઉત્પાદનના ૩૧ ટકા હિસ્સો ધરાવે છે. ફાર્માશ્યુટિકલ ઉદ્યોગ પણ આજ ઉદ્યોગનો ભાગ છે જે દેશના કુલ ઉત્પાદનના ૪૦ ટકા હિસ્સો ધરાવે છે અને જેમાંથી ૧૭ ટકા એક્ષપોર્ટ માત્ર ગુજરાતમાંથી થાય છે. એગ્રો કેમિકલ્સ દેશના કુલ ઉત્પાદનના ૪૦ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે. સોડાએશ દેશનું સો એ સો ટકા ઉત્પાદન આ ગુજરાત કરે છે. કોસ્ટિક સોડામાં કુલ ૪૧ ટકાનું ઉત્પાદન આ ગુજરાત કરે છે. નાઇટ્રોજીનલ ફર્ટીલાઇઝર દેશના કુલ ઉત્પાદનમાં ૨૦ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે. ફોસ્ફેટિક ફર્ટીલાઇઝરનું દેશના કુલ ઉત્પાદનમાં ૩૮ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે. મીંઠાનું ૮૫ ઉત્પાદન ગુજરાત કરે છે. ઇથેનાઇલનું કુલ ઉત્પાદન દેશનું જે પણ છે એમાંથી ૫૦ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે. પોલીમર્સનું કુલ ઉત્પાદન દેશનું છે એમાંથી ૫૬ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે. મિથેનાઇલનું દેશનું કુલ ઉત્પાદનમાં ૩૭ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રો કેમિકલ્સ ક્ષેત્રે મોટા ઉદ્યોગો જેવા કે– રિલાયન્સ, બી.એસ.એફ. બાયર, રાલીઝ ઇન્ડિયા, એલેમ્બિક, જી.એસ.પી.એલ. જેવી ઘણી નામાંકિત કંપનીઓ ગુજરાતમાં છે. કેમિકલ્સ અને પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગને વિકસાવવામાં બંદરોનો બહુ મોટો રોલ હોય છે અને આજે ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારા ઉપર આવનારા વખતમાં ૪૨ બંદરોનો વિકાસ થવાનો છે કે જે આ વ્યવસાયને બહુ મોટું બળ પૂરું પાડવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભરૂચ જિલ્લામાં SIR એટલે કે Special Investment Regionની સ્થાપના થઇ છે અને તેની અંદર PCPIR એટલે કે Petrochemicals and Petroleum Investment Region તરીકે એક ખાસ રીજીયનની સ્થાપના કરવામાં આવી છે. જે રીજીયનનો વિસ્તાર લગભગ ૪૫૩ ચો.કિ.મી. છે અને જે વિસ્તારમાં સમગ્ર દેશ અને દુનિયાના પેટ્રો કેમિકલ્સ અને કેમિકલ્સ ક્ષેત્રના ઉદ્યોગો આવે છે. ૫૦ મિલિયન અથવા તો કરોડો રૂપિયાના રોકાણ આવનાર વખતમાં ગુજરાતમાં કરવાના છે ત્યારે ગુજરાતના દીર્ઘદષ્ટા અને દૂરંદેશી મુખ્યમંત્રીશ્રીએ ભવિષ્યમાં ગુજરાતની પેઢી આ ઉદ્યોગનો લાભ લઇ શકે અને આ પેઢી આ ઉદ્યોગોને બળ આપે. આ ઉદ્યોગમાં રોજગારી મેળવે તે માટે ગુજરાતમાં પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના કરી છે, આ એમની દીર્ઘદષ્ટિનો નમૂનો છે. ગુજરાતમાં જ્યારે આટલો મોટો વિકાસ થતો હોય ત્યારે ઔદ્યોગિક વિકાસના પાયામાં રાજ્યની ઔદ્યોગિક નીતિ, માળખાકીય સગવડો, શાંતિ અને સલામતી જેવા અનેક કારણો છે. ગુજરાતમાં આજે કોઇ હડતાલ પડતી નથી, કોઇ માનવદિન બગડતા નથી, કોઇ યુનિયનો નથી બલ્કી નિષ્ણાત સ્ટાફ, નિષ્ણાત યુવાનો આજે ગુજરાતમાં ઉપલબ્ધ છે. ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ગુજરાત રાજ્યની સ્થાપના ગુજરાત રાજ્યની પેટ્રોનેટ કંપની લિમિટેડ આજે દેશની બે મોટી કંપનીમાંથી એક છે. ગુજરાતની જી.એસ.પી.સી. ગેસ કંપની માત્ર પાંચ વર્ષના ટૂંકાગાળામાં દેશની સૌથી મોટી પી.એન.જી.ગેસ વિતરણ ધરાવતી કંપની બની ગઇ છે. સાબરમતી ગેસ

કંપની સાથે જી.એસ.પી.સી.એ ૧ લાખ નવા રહેણાંક કનેકશનો આપવાનું નક્કી કર્યુ છે અને એ નવા કનેકશનો સાથે મળીને આજે આખા દેશમાં પાંચ લાખ લોકોને રહેણાંક ગેસ કનેકશન આપવાવાળી કંપની છે. આજે ગુજરાતમાં ૫૧૫ ગામો અને શહેરોમાં પાઇપ લાઇનથી ગેસ પહોંચાડે છે અને એ ૨૨૦૦ કિલોમીટરથી પણ લાંબી પાઇપ લાઇન ગેસ નેટવર્ક ધરાવતી આ દેશની પ્રથમ કંપની છે. આવનારા વખતમાં ૫૦ નવા સીએનજી સ્ટેશનો ખુલવાના છે અને ૫૦ નવા સી.એન.જી સ્ટેશનો ખુલશે એટલે કે ગુજરાતમાં બીજા ગેસ મથકો ૨૦૫ની સંખ્યા થશે. આ ૫૦ નવા અને ટોટલ ૨૦૫ સીએનજી ગેસ સ્ટેશનોથી રોજેરોજ પેટ્રોલ-ડીઝલના ભાવો વધે છે ત્યારે આ ગુજરાતની પ્રજાને આ ગેસ આધારીત બળતણ જયારે મળતું થશે ત્યારે ૫૦૦ કરોડ જેટલું હુંડિયામણ આ ગુજરાતની પ્રજાનું બચવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભાવ વધારાની વાત કરીએ તો એ વિષયાંતર થશે પણ ૧૯૯૮ સુધી ભારત સરકારે ક્રૂડ ઓઇલ રોયલ્ટી નકકી કરેલ હતી. એ એડહોક બેઈઝ ઉપર જે તે રાજય સરકારોને ભારત સરકાર ક્રૂડ ઓઇલની રોયલ્ટી ચૂકવતી હતી પણ રાજયોની અને ખાસ કરીને ગુજરાતની વારંવાર આ ક્રૂડ ઓઇલની રોયલ્ટીમાં સુધારો થાય એ માટેની રજૂઆત હતી. ત્યારે ૨૦૦૦ની સાલમાં એન.ડી.એ.ની સરકાર વખતે આ જે સરેરાશ આવક ૩૦૦ કરોડની હતી એમાં સુધારો કરવા માટે અને એક ચોકકસ ધારાધોરણ નકકી કરવા માટે એક કમિટીની રચના થઇ અને એ મોસ્કાર કમિટીએ માર્કેટ ભાવના આધારે જે તે રાજયોને રોયલ્ટી ચૂકવવી એવો નિર્ણય થયો અને એના કારણે ૧૯૯૮થી અસર મળવાની એ કમિટીએ ભલામણ કરેલી અને ૧૭/૩/૨૦૦૦ના એ ઠરાવથી એનો અમલ થયેલો.

શ્રી સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરજો, પ્લીઝ.

દેવુસિંહ જે. ચૌહાણ : રોયલ્ટીની આ યોજના મુજબ વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં ૩૦૦ કરોડના બદલે ૮૦૦ કરોડની રોયલ્ટી ગુજરાતને મળી હતી અને ૨૦૦૬-૨૦૦૭માં એમાં ૧,૮૮૧ કરોડની રોયલ્ટીની આવક ગુજરાતને મળી હતી પણ વર્ષ ૨૦૦૮માં એક પણ રાજયની સાથે પરામર્શ કર્યા વગર, ભારત સરકારે એકપક્ષીય નિર્ણય કરીને આ વળતરની ચૂકવણીના ધારાધોરણ બદલી નાખ્યા અને પોતે ૨૦૦૮ થી ૨૦૧૧ સુધી રાજય સરકારને ૪,૬૧૯ કરોડનું નુકસાન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એના પેનલ્ટીના ૧,૩૬૫ કરોડ લેવાના નીકળે છે ત્યારે આ ગૃહના સનમાનીય સભ્યો વારંવાર ખાસ કરીને વિરોધપક્ષના નેતાઓ વાત કરે છે ત્યારે,

શ્રી સભાપતિશ્રી : પૂરું કરો, પ્લીઝ.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : આ ગૃહ વતી એમને વિનંતી કરું છું કે, ગુજરાતના હીત માટે જો તમારું ઉપજતું હોય તો અને તમારા * (xxxxx) માનતા હોય તો આ રોયલ્ટી ચૂકવવામાં ગુજરાતની પ્રજાને મદદ કરે, હું સમર્થનમાં સૂર પૂરાવું છું.

શ્રી ઇકબાલ પટેલ : સાહેબ, આ શબ્દો યોગ્ય નથી.

શ્રી સભાપતિશ્રી : શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીયશ્રી જવાહરભાઇ.

**શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) :** માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા પ્રધાન જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ઉર્જા પ્રધાનને આંકડાઓ બહું ગમે છે. એમાં એને કોઇ પ્રશ્ન પૂછીએ તો તેઓ એક યા બીજી રીતે જવાબ ફીગર્સમાં જ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ગવર્નરશ્રીનું પ્રવચન વાંચતો હતો. તેમાં પાના-૧૬માં લખેલુ છે કે, રાજયની સ્થાપિત વીજક્ષમતા વર્ષ ૨૦૧૧-૧૨માં, જાન્યુઆરી ૨૦૧૨માં સિદ્ધિ ૭૮૦ મેગાવોટ વધીને, ગઇ સાલ વધી, આ વર્ષે ૧,૮૦૦ મેગા વોટ વધશે અને ટોટલ ક્ષમતા ૧૫,૭૦૦ થશે. હવે આ જ વાત અંદાજપત્રમાં જે આપેલી છે તેમાં અલગ આંકડા આપેલા છે. તેમાં એમ છે કે, ૩૩ ટકાનો વધારો થશે. ૪,૫૮૩ મેગાવોટ અને ટોટલ ક્ષમતા ૧૮,૪૯૭એ પહોંચશે. બંને પ્રવચનો આ વર્ષના જ છે. બંને વચ્ચે ત્રણ દિવસનો ફેર છે પણ ૨૮ મેગાવોટનો ફરક આવે છે. ૨,૮૦૦

* (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

મેગાવોટ એટલે ક્વોટષ્ની વાત નથી કરતો, ઘણી મોટી કહેવાય. ગુજરાતની ૨૦ ટકા ક્ષમતાનો ફરક આવી જાય છે. પછી સાચા આંકડા ગોતવા નીકળ્યો હું, જે જગ્યાએ કોઇ ખોટું ના બોલી શકે ગુજરાત સરકારની અંદર તે સામાજિક અને આર્થિક સમીક્ષા. તેમાં જોવા ગયો કે, ખરેખર કેટલો વધારો આપણો આવ્યો છે ? તેમાં આંકડો આખો અલગ જ આવે છે. ગુજરાત સરકારને પોતાનું પ્રોડકશન તો હજી છેલ્લા દસ વર્ષની અંદર ૫૬૮ જ મેગાવોટ આવ્યું છે. દસ વર્ષ પહેલા એટલે ૨૦૦૨માં ૪૫૧૩ મેગાવોટ હતું અને ૨૦૧૧માં ૫૬૪૪ ટોટલ વચ્ચે જે ફરક પડે છે ૫૬૮ મેગાવોટ જ વધ્યો છે તો આ મેગાવોટ વધ્યા બીજી કઇ જગ્યાએ? પ્રાઇવેટ સેકટરમાં વધ્યા છે અને ઘણા બધા વધ્યા છે. દસ વર્ષમાં ફરક આપણે જે આવ્યો છે તે ફકત દસ ટકા ઉત્પાદનનો ફરક આપણે આવ્યો છે જયારે પ્રાઇવેટ સેકટરમાં ૩૦૦ટકા ઉપર છે. આ તો એવું છે કે બાળક પડોશીને ત્યાં જન્મે અને આપણે પેંડા વહેંચીએ. કેન્દ્ર સરકાર આપણને જે પાવર આપે છે એમાં બમણો વધારો થયો છે. ઘણોમોટો ફરક આવી ગયો છે પણ ગુજરાત સરકારના પોતાના પ્રોડકશનમાં બહુ ૧૦ ટકા જેવો નજીવો ફરક જ આવેલો છે. ખેતી વિશેની વાત કરીએ તો એમાં પણ આંકડામાં ઘણો બધો ફરક આવે છે. સબસીડીનો આંકડો ૩૦૦ કરોડ રૂપિયા લખેલો છે. હકીકતમાં ૮૬નું વર્ષ શા માટે લીધું? છેલ્લા ૫૦ વર્ષની અંદર ૮૬ જેવું નબળું વર્ષ આપણે ત્યાં આવ્યું જ નથી. ૮૬નું વર્ષ દુષ્કાળનું વર્ષ હતું. તે વર્ષ એવું હતું કે પીવાના પાણીના પણ ફાંફા હતા અને સરકારે તે આંકડો વીજમાં લીધેલો છે ખેડૂતો માટે. ૨૧૯કરોડ યુનિટ અને જે આપેલો છે ઉત્પાદન ખર્ચ તે બહુ નાનો આપેલો છે. ૮૭ પૈસા ૨૧૯કરોડ યુનિટ ગુણ્યા ૮૭ પૈસા કરીએ તો ૧૯૦કરોડ રૂપિયા મુળભુત ઉત્પાદનનો ખર્ચ થાય. આ ઉત્પાદનનો ખર્ચ ૨૧૯કરોડ, સબસીડી ૩૦૦કરોડની તો શું વાપરવાના પૈસા આપણે આપ્યા હતા? ખેડૂતો માટે જોગવાઇ કરી છે ૧૭૦૦કરોડમાં એક લાખ વીજ જોડાણની અને જોગવાઇ આ વર્ષ માટેની ફકત ૫૦૦ કરોડની છે. ૫૦૦ કરોડના જો ભાગ પાડવા બેસીએ કનેકશનના એક લાખ સિત્તેર હજારે એક કનેકશન તો ગુજરાતના ધરતીપુત્રોને આ વર્ષે ૨૯૪૧૧ વીજ કનેકશન થાય. તાલુકા પ્રમાણે જો ભાગ પાડવા બેસીએ તો ૧૩૦ કનેકશન પર તાલુકાએ આવે અને જો ગામડાંના ભાગ પાડવા બેસીએ તો દોઢ કનેકશન એક ગામડે આવે. ગુજરાતના વીજ કનેકશનનું માગણીનું લીસ્ટ ભુતકાળનું જોતો હતો. ભુતકાળનું લીસ્ટ મેં જોયું તો એમાં ૪૬૦૦૦૦ વીજ કનેકશન પેન્ડીંગ પડયા છે. આમાં હજી ડાર્ક ઝોનનો ઉમેરો થશે સાતેક લાખ કનેકશનનો. સાત લાખ ન ગણીએ અને અડધા ગણીએ ધારોકે સાડા ત્રણ લાખ કનેકશન ગણીએ તો પણ એક કનેકશન જયારે ખેડૂતો માગશે ૨૦૧૨માં એનો ૨૭ વર્ષ પછી ૨૦૪૦માં વારો આવવાનો છે. મેં એક વાર ઉર્જા વિભાગના કર્તાહર્તાને કીધું હતું અમે ધરતીપુત્રો તમને ગમતા કેમ નથી? એણે કીધું હતું કે તમને જે પાવર આપીએ છીએ આઠ આનામાં આપીએ છીએ. અમારી પ્રોડકશન કોસ્ટ સાડા ત્રણ રૂપિયા છે. હકીકતમાં દોઢ વર્ષ પહેલાની વાત કરું છું. તમને જો પાવર આપીએ તો ત્રણ રૂપિયાની નુકસાની કરીએ છીએ અને ઉદ્યોગપતિને જયારે પાવર આપીએ છીએ ત્યારે ત્રણ રૂપિયાનો પ્રોફીટ કરીએ છીએ. મેં કીધું આ નુકસાની નથી ફાયદો છે. આપની દ્રષ્ટિ ફેરવવાની જરૂર છે. હું એક ખેડૂત છું. હું કપાસ વાવું અને તમે મને પાવર આપો. આઠ આના મીટર ઉપર પૈસા તમને દઉં. ત્રણ રૂપિયાની નુકસાની તમને આવી ગઇ પણ આ કપાસ જયારે જીનમાં જાય છે ત્યારે તમને ત્રણ રૂપિયાનો ફાયદો થાય છે. જીનમાંથી કપાસ નીકળીને ઓઇલ મિલમાં જાય છે તો ત્રણ રૂપિયા તમે ત્યાં કમાવ છો. ઓઇલ મિલમાંથી રીફાઇનરીમાં જાય તો ત્રણ રૂપિયા તમે ત્યાં કમાવ છો. રૂ પ્રેસીંગમાં જાય તો ત્રણ રૂપિયા તમે ત્યાં કમાવ છો. પ્રેસીંગમાંથી સ્પીનીંગમાં જાય તો ત્રણ રૂપિયા તમે ત્યાં કમાવ છો. સ્પીનીંગમાંથી વીવીંગમાં, વીવીંગમાંથી ડાઇંગમાં, ડાઇંગમાંથી જયારે શો રૂમમાં કાપડ પહોંચે છે તો ત્રણ રૂપિયા તમે ત્યાં કમાઇ લો છો, સિલાઇ મશીનમાં કાપડ પહોંચે તો ત્રણ રૂપિયા તમે ત્યાં કમાઇ લો છો. કુલ ૨૭ રૂપિયાની તમારી આવક અમારા કપાસને કારણે થાય છે તો ય અમારા ત્રણ રૂપિયા ખટકે છે? ત્રણ રૂપિયા અમને ઓછા આપવાની નુકસાનીની વાત આવે છે તેને કારણે જ આખી અવ્યવસ્થા પેદા થયેલી છે. આ વર્ષે જોવા બેસીએ તો દસ વર્ષના પેલા આંકડા અને આજના આંકડામાં ૨૪૧ કરોડ યુનિટ આ સરકારે અમને ઓછા આપેલા છે. દસ વર્ષના ફરકમાં દિન પ્રતિદિન અમારી માગણી વધતી ગઇ છે અને પાવર

સરકાર ઓછો આપવા માંડી છે. ડિમાન્ડ ઘટી નથી, ડિમાન્ડ વધતી જાય છે પણ સરકાર એક યા બીજી રીતે પાવર અમને ઓછો આપે છે. મને લાગે છે ધરતીપુત્રો સરકારને ગમતા જ નથી.

**ડો. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે ઉદ્યોગની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે હું એના સમર્થનમાં વાત કરવા માગું છું. આપણા વીજ મંત્રી અને આપણું સક્ષમ વહીવટી તંત્ર જેના પરિણામે વાઇબ્રન્ટ ગુજરાતની ૨૦૧૧ ની જે ઐતિહાસિક સફળતા પ્રાપ્ત થઇ. આપણા મુખ્યમંત્રીએ જ્યારથી શાસનની ધૂરા સંભાળી છે, ત્યારથી એવું કહેતા કે મારે વિશ્વના બજારમાં ગુજરાતને નથી લઇ જવું, પણ ગુજરાતની અંદર વિશ્વના બજારને લાવવાનું છે. આવી વાત કરી ત્યારે સમજાતું નહોતું કે શું કરવા માગે છે. ૨૦૧૧ની વાઇબ્રન્ટ ગુજરાતની સફળતા જોઇ અને વાઇબ્રન્ટ ગુજરાતની અંદર સાચા અર્થમાં વિશ્વનું બજાર ગુજરાતમાં આવ્યું અને ૧૫૦ જેટલા વિદેશના દેશોએ આ વાઇબ્રન્ટ ગુજરાતમાં ભાગ લીધો અને એની અંદર ૮૩૮૦ એમ.ઓ.યુ. થયા. આ ૮૩૮૦ માંથી ૧૯૧૩ પ્રોજેકટોમાં ઉત્પાદન શરૂ થઇ ગયું અને બાકીના ૬૪૬૭ પ્રોજેકટો અલગ અલગ તબક્કામાં પાઇપલાઇનમાં છે. હું અહીયા કાયમ જોઉ છું કે હંમેશા એમ વાતો થાય આટલા ટકા થયું, આટલા ટકા બાકી રહ્યું, પણ મારે એ પૂછવું છે કે જે લોકો આવી વાતો કરે છે તો ૧૦ વર્ષ પહેલાં ગુજરાતમાં શું હતું? અને આજે શું છે? સૌથી અગત્યની વાત કરું તો ગુજરાતનું જે યુવાધન ટેકનોક્રેટ વિદેશોમાં ખરીદાઇ જતું હતું. વિદેશવાળા આપણું ટેકનોક્રેટ આપણા સક્ષમ યુવાધનને લઇ જતા હતા. એ યુવાધન ગુજરાતની અંદર રહે અને એમને, અનુરૂપ રોજગારી મળે એના માટે જે રીતે મુખ્યમંત્રીશ્રીએ ઔદ્યોગિક વિકાસ કરી ટેકનોક્રેટ ઉભા કર્યા છે, એના માટે કૌશલ્ય વર્ધન ૩૦૦ થી વધારે સેન્ટરો ઉભાં કરવામાં આવ્યાં. જે રીતે યુવાવર્ગ સાચા અર્થમાં ૧૫૦મી વિવેકાનંદ જયંતિ ઉજવવાનું કામ એનું આગોતરું આયોજન થઇ ગયું છે અને કેટલાક યુવાનોને તાલીમ આપી અને આપણા ઉદ્યોગોને અનુરૂપ એવું માનવબળ ઉત્પન્ન કરવાનું કાર્ય આપણે ત્યાં થયું છે, ત્યારે એમ કહીશ કે જે રીતે અહીયા વાતો થાય છે કે મારે વચ્ચેથી ખાસ કહેવું છે કે જમીનોની ચિંતા બહુ કરવામાં આવે છે. અહીયા કચ્છની જમીનની તો ખબર નથી. શુકામ આટલી બધી ચિંતા કરે છે. કયાં હતા બધા કે જયારે કચ્છની અંદર એક માણસની વસ્તી વધતી નહોતી. કચ્છમાં એક પણ ઉદ્યોગ આવતો નહોતો, કચ્છમાં તો શું ગુજરાતમાં આવતો નહોતો. આ જમીનો અપાઇ તે આજની નથી અપાઇ. બાબુભાઇ નાણા મંત્રીશ્રી હતા ત્યારે અપાઇ છે. અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રીશ્રી હતા, ત્યારે જમીન અપાઇ છે અને ચીમનભાઇ પટેલ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે જમીન અપાઇ છે. એ જમીન શું ભાવે અપાઇ છે એનો ઇતિહાસ હું કહું છું.(અંતરાય) તમે રજૂ કરો કે કયા ભાવે જમીન આપતા હતા? તો પણ ઉદ્યોગો આવતા નહોતા, કારણ કે એમાં પણ કારણ કહેવા માગું છું કે ઉદ્યોગો એટલે નહોતા આવતા કે એમને વિશ્વાસ નહોતો કે એમને કરોડો રૂપિયા જ્યાં નાખવા માગે છે ત્યાં સલામતી કેટલી છે? ત્યાં સરકારનો સહકાર કેટલો રહેશે? એવો વિશ્વાસ નહોતો ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રીએ અને આપણા વહીવટી તંત્રએ કામ કરીને બતાવ્યું અને વિશ્વાસ પ્રતિપાદિત કર્યો છે કે આજે લાખો કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ ગુજરાતની અંદર આવી રહ્યું છે. બાકી કચ્છની જમીનની વાત કરું તો ખરેખર કહું મુન્દ્રાની અંદર ઉભું કર્યુ છે. અદાણીની ચર્ચા થતી હોય છે. ભાગીદારીની અનેક વાતો, આક્ષેપો થતા હોય છે. અહીયા એને મારે વાત કરવી છે કે મુન્દ્રાની અંદર હજાર રૂપિયે એકર જમીન લેવા કોઇ તૈયાર નહોતું. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં કૂતરુંય આવતું નહોતું, ત્યાં રોટલો નાંખનારું કોઇ ન હતું. તેવી પરિસ્થિતિની અંદર આ મુન્દ્રાની અંદર અદાણી જેવા આપણા ગુજરાતી ઉદ્યોગ સાહસિકે હજારો કરોડો રૂપિયા નાંખ્યા છે અને આજે તમે જુઓ કે દેશ અને દુનિયામાં મુન્દ્રા પોર્ટનું નામ ઉભું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાવર પ્લાન્ટ જોવા આવવું હોય તો આવો. હું અહીં બધાને આમંત્રણ આપું છું. ૪૦૦૦ મે.વો.નો પાવર પ્લાન્ટ એક વર્ષની અંદર ઉભો કર્યો છે. ટાટાવાળાએ તેના પહેલાં શરૂ કરેલો પાવર પ્લાન્ટ આજે ૫૦ ટકા પણ નથી થયો. તે એફીશીયન્સીથી આજે કચ્છનો વિકાસ થઇ રહયો છે. કોઇની પણ વાતો કરવી, આક્ષેપો કરવા બહુ સહેલા છે. તમે કામ કરીને બતાવો. અમારા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ એટલા હિંમતબાજ અને નીડર છે, એવી ક્ષમતા છે તેમનામાં, તેમની ક્ષમતાના દર્શન દેશ અને વિદેશના તમામ ઉદ્યોગપતિઓને થયા છે. એટલા જ માટે હું કચ્છની અંદર કહીશ કે એટલા બધા એમ.ઓ.યુ. થયા છેલ્લા બે

વર્ષમાં. ૧૫૭ પ્રોજેકટના અમલીકરણ થઇ ગયા. તેના માટેનું ૧ લાખ ૯૭ હજાર ૫૪૪ કરોડનું રોકાણ થઇ ગયું છે. તેમાં જે રોજગારી ઉભી થઇ. હું નવી રોજગારીની વાત કરું છું. દસ વર્ષમાં જે થઇ તેની વાત નથી કરતી. હું છેલ્લા બે વર્ષની વાત કરું છું. ૬૧૮૩૨ રોજગારીઓ ઉભી થઇ છે. અમારા કચ્છમાં તમે આવો અને જુઓ કે જે રીતે ઓટો હબ ઉભું થયું છે. એશિયન મોટર વર્કસ લિમિટેડ કંપનીએ જે ઓટો હબ ઉભુ કર્યુ છે તે જોવા આવવા માટે હું સભ્યોને આમંત્રણ આપું છું. એકવાર નજરે જુઓ કે અમારી બંજર અને ઉજ્જડ જમીનની અંદર કેવા કેવા આયામો અને કેવા કેવા ઉદ્યોગો આવ્યા છે. લોકો કેટલા સમૃદ્ધ થયા છે, કેવો વિકાસ થયો છે? માત્ર તેની અંદર રોજગારી નહીં પણ તેને આનુષંગિક ગામની અંદર લોકો સદ્ધર થયા છે. આખા કચ્છ જિલ્લાના લોકો ખૂબ જ સમૃદ્ધ થયા છે. પહેલાં સાહેબ દેશ વિદેશમાં કચ્છીઓ રોજગારી પ્રાપ્ત કરવા માટે જતા હતા. આજે એ જ કચ્છની અંદર સાહેબ દેશ વિદેશના લોકો રોજગારી પ્રાપ્ત કરવા માટે અમારા જિલ્લામાં આવી રહ્યા છે. આનાથી મોટું ગૌરવ કોઇ ન હોઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં એક જ વાત કરવી છે કે જે રીતે ગુજરાતને વિશ્વના નકશામાં ઔદ્યોગિક ક્ષેત્રે મૂકવામાં આવ્યું છે ત્યારે તે ગુજરાતને આવી નાની નાની જમીનો કે જેની પહેલાં કોઇ કિંમત ન હતી તેવી જમીનોના નામે ગુજરાતને બદનામ કરવાનું બંધ કરો. જે નામના અને ગૌરવ મુખ્યમંત્રીશ્રીની મહેનતથી જે પ્રાપ્ત થયું છે, સમગ્ર ટીમની મહેનતથી જે પ્રાપ્ત થયું છે એવા આ ગુજરાતને ગૌરવ અપાવવાને બદલે તમે ગુજરાતને વિશ્વની અંદર બદનામ કરો છો. ખરેખર I feel pity on the people those who are talking like this

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં કપાસની વાતો થઇ. ઘણી બધી વાતો થઇ. તેનું નાટક જોઇ લીધું. નિકાસ બંધ કરવામાં આવી, પછી રજુઆતો કરવામાં આવી પછી તેના ઉપરથી પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો. આ પંદર વીસ દિવસમાં જે નાટકો થયા તેમાં લોકોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે તેની તેમને ખબર નથી. political mileage એક બાજુ પણ લોકોને જે નુકસાન થાય છે, લોકોનું જે અહિત થાય છે તે નથી જોતા. political mileage જોવા હોય તો ઘણા રસ્તા છે. કામ કરીને બતાવો. પરંતુ આપણા મુખ્યમંત્રીશ્રીએ કપાસના અભૂતપૂર્વ ઉત્પાદન, ગુજરાતની અંદર અભૂતપૂર્વ ઉત્પાદન થયું અને જે સિદ્ધિ હાંસલ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ આપજો.કારણકે મારું કચ્છ ખરેખર ઉદ્યોગને લીધે વિશ્વના નકશામાં મૂકાયું છે તેની વાત કરવા માગું છું. કપાસમાં જે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ થઇ તેના માટે આપણા મુખ્યમંત્રી હંમેશાં કહે છે farm to fabrics. farm to fabrics એટલે value additionની જે વાત થઇ કિસાનો માટે.અહીંયાં હમણાં કહેતા હતા ત્રણ રૂપિયા, ત્રણ રૂપિયા. હું સાંભળતી હતી. મારે કહેવું છે કે જે રીતે ખેડૂતોને value added projects મૂકવાની મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે તેમાં કપાસની અંદર farm to fabrics સુધીની વાત છે. કપાસમાંથી તાંતણા, તાંતણામાંથી કાપડ અને કાપડમાંથી રેડીમેઇડ ગારમેન્ટ સુધીના પ્રોજેકટો કરવાની વાત છે તે ખરેખર ખેડૂતોને ખૂબ જ ઉપયોગી થવાની છે. હું કહીશ કે આની અંદર ૨૦૦૯ની રાજયની ઔદ્યોગિક પોલીસી હેઠળ જે રીતે ચોકકસ ક્ષેત્રોમાં વિકાસ કરવાનો છે તેના માટે ૨૦૦ કરોડની જોગવાઇ આની અંદર કરવામાં આવી છે. અને એમાં technical textile, food and agro based business, auto components specialty, fine chemicals, solar, wind equipments manufacturing and electronic system design and manufacturing, જેવા અનેક આયામોનું આયોજન કરવામાં આવ્યું છે, આ રીતે હું માત્ર એટલું જ કહીશ કે ખરેખર ફરી વખત ખૂબ ખૂબ અભિનંદન હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને વહીવટી તંત્રને આપું છું કે, દેશ અને દુનિયાના લોકોનો વિશ્વાસ પ્રતિપાદિત કર્યો છે, અને જેને લીધે આપણે ઔદ્યોગિક રીતે વિકાસ પામીને વિશ્વના નકશામાં કંડારાયા છીએ.

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વડીલ મુરબ્બી અને રાજકોટના પનોતા પુત્ર એવા શ્રી વજુભાઇ વાળા ૧૮મું બજેટ લઇને આવ્યા છે, ( અંતરાય) અને એમનો મતવિસ્તાર પણ ૧૮મા ક્રમનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ જે માગણી લઇને આવ્યા છે એમાં હું મારા કેટલાક વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ વર્ષની અંદર ઉર્જા ક્ષેત્રનું કુલ ઉત્પાદન ૭૦૦૦ મેગાવોટ થયેલું છે, અને છેલ્લા દસ વર્ષની અંદર ૭૫૦૦ મેગાવોટનું ઉત્પાદન થાય અને એ પણ મારા મિત્રોને દષ્ટિગોચર ન થાય, મેં હમણાં પેપરમાં એક જાહેરાત આવે છે, અર્ધા પાનાની, કેન્દ્ર સરકારની જાહેરાત આવે છે, એમાં બે આંખો બતાવેલી છે, એક આંખમાં સ્પષ્ટ દેખાય છે અને એક આંખમાં ધાબુ દેખાય છે, કાળા ડાઘ દેખાય છે, અને એમાં નીચે સૂચનાઓ આપી છે કે, આટલી આટલી વસ્તુ હોય તો ગ્લુકોનિયા હોઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ વર્ષમાં ૭૦૦૦ મેગાવોટ અને દસ વર્ષમાં ૭૦૦૦ મેગાવોટ ઉમેરાય અને એને જો પણ વિકાસ ન કહી શકતા હોય તો મને લાગે છે કે, વિકાસની પરિભાષા કદાચ બદલવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રોને વારંવાર કિસાનો યાદ આવે છે, વારે વારે કિસાન, કિસાન, કિસાન તો મારે એમને કહેવું છે કે ૧૯૮૦ થી ૯૦ સુધીના ગાળામાં આપ સત્તા ઉપર બેઠા હતા, અહીં બેઠા હતા આ પાટલી ઉપર અને કિસાનો સ્વાભાવિક છે કે યાદ આવે, કારણ કે અહીંથી ત્યાં બેસાડવા કે ત્યાંથી અહીં બેસાડવાનો મહત્વનો હિસ્સો કિસાનોનો હોય છે, એ બધા સમજે છે, એટલે કિસાનો યાદ આવે જ આપણને, પણ જયારે આપણે સત્તા ઉપર બેઠા હોઇએ ત્યારે ૧૯૮૦ થી ૯૦ ગાળામાં વીજળી માટે કેટલા ખેડૂત આંદોલનો થયાં, ખેડૂતો કેટલા રોડ ઉપર આવ્યા, એ ખેડૂતો ઉપર લાઠીચાર્જ અને ગોળીબાર કોણે કર્યા, કેટલા ખેડૂતો એમાં માર્યા ગયા, આ બધો ઈતિહાસ પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણે તપાસવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, તુલસીદાસે એક ચોપાઇમાં એક સરસ મજાની વાત કરી છે કે **તુલસી હાય ગરીબ કી કભી ન ખાલી જાય, મુયે ઢોરકી ખાલસે લોહા ભસમ હો જાય**

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત છે એને અમે ઉઘાડપગો કહીએ છીએ, ઉઘાડા પગે ખેડૂત ખેતીમાં કામ કરતો હોય છે, પરસેવો પાડતો હોય છે. એ ખેડૂતોની વીજળીની માંગ જે દિવસે સંતોષતા ન હતા અને એ ગોળીબાર કરતા હતા, એ મિત્રોને આજે વારંવાર ખેડૂત યાદ આવે છે, માનકુવા ખાતે અને ઉત્તર ગુજરાતમાં ગોળીબાર થયા અને અનેક ખેડૂતો એમાં માર્યા ગયા છે, એ ખેડૂતો આજે ભૂલ્યા નથી, આ માગણી વિષે જ બોલું છું, ખેડૂતોની વાત આપણે જયારે કરીએ છીએ ત્યારે મારે કહેવું પડે કે, આપના શાસનમાં ચાલીસ વર્ષમાં એક લાખને છાસઠ હજાર વીજ કનેકશનો ખેડૂતોને આપવામાં આવ્યાં, અને અહીંયાં એમ કહેવામાં આવે કે,કે ૧૬ કલાક અમારા શાસનમાં વીજળી આપાતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ખેડૂત છું, મારે પણ ત્રણ બોર છે, ત્રણ મોટરો છે. ત્રણ કલાક કોઇ દિવસ મોટર ચાલતી ન હતી અને એમાં ઓલા ડગરા ફીટ કરીને કરીએ ત્યારે ત્રણ મોટરો ચાલતી હતી અને દસ મોટરો બંધ રહેતી હતી. વારંવાર ઓછા પાવરના કારણે ઓછા વોલ્ટેજના કારણે ખેડૂતોની વિજળીની મોટરો બળી જતી હતી અને રિપેરીંગની દુકાનો ધમધોકાર ચાલતી હતી. વર્ષમાં ત્રણ ત્રણ વાર મોટર કાઢવી-મોટર અંદર બેસાડવી, રિપેરીંગ કરાવવી આનો ખર્ચ એના ઉત્પાદન કરતા વધી જતો હતો અને ખેડૂતોની પાછળ પૈસા બચના ન હતા વીજળીના ખર્ચની પાછળ પૈસા જતા હતા. આજે આઠ કલાક વીજળીના કારણે પુરતી ગુણવત્તા યુકત વીજળી, પુરતા પાવર સ્ટેશનો, ૬૬ કે.વી.ના સબ સ્ટેશનો, ૪૦૦ કે.વી.ના સ્ટેશનો એના કારણે માત્ર રાજકોટની જ આપને વાત કરીશ તો અમારા રાજકોટ મત વિસ્તારની આજુબાજુમાં ઉદ્યોગ અને ખેતીને માટે છેલ્લા ત્રણ વર્ષની અંદર ૬૬ કે.વી.ના ૧૨ સબ સ્ટેશનો ઉભા કરવામાં આવ્યા છે, એક ૪૦૦ કે.વી.નું સબસ્ટેશન ઉભું કરવામાં આવ્યું છે જેના કારણે આજે ઉદ્યોગોને અને ખેતીને પુરતા વોલ્ટેજથી વીજળી મળે છે. મોટરો બળવાના પ્રશ્નો આજે ધીરે ધીરે બંધ થઇ ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રકારે ખેડૂતોને ખેતીની વીજળીની વાત કરી અને ચાલુ વર્ષની અંદર ૧-૧-૨૦૧૨ થી ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં ૪૫૮૩ મેગાવોટ વીજળી ઉત્પન્ન થશે એટલે ૩૩ ટકા ચાલુ વર્ષમાં ઉમેરો થવાનો છે. ભૂતકાળના ૪૦ વર્ષમાં ૭૦૦૦ મેગાવોટ અને એક વર્ષમાં ૪૫૮૩ મેગાવોટનો ઉમેરો થાય, એના માટેના આયોજન થાય, પવન ઉર્જા, આ પવન કાંઇ નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી શરૂ નથી થયો. પવન તો ચાલુ જ હતો પણ એના માટેની દ્રષ્ટિ જોઇએ અને દાનત પણ જોઇએ. કુદરતી સંશાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો એના માટેની દ્રષ્ટિ જોઇએ અને એના માટેની દાનત પણ હોવી જોઇએ અને દ્રષ્ટિ અને દાનત બેય હોય તો આ વસ્તુ સાકાર થઇ શકે છે ગુજરાતે એ સિધ્ધ કરી બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર જઇએ, વેરાન વગડાની અંદર ગાંડા બાવળની વચ્ચે હજારો પવન ચકીઓ આજે કામ કરતી થઇ છે એમાંથી વીજળી ઉત્પાદન કરતા થયા છીએ. અનેક ઉદ્યોગપતિઓ આજે આ વિન્ડ પાવર ઉભા કરીને એ વીજળી પોતાની ફેકટરીમાં વાપરતા થયા છે અને જ્યારે કુદરતી સાધનો જમીનમાંથી ઓછા થાય છે, કોલસો ઓછો થાય છે, ગેસ ઓછો થાય છે અને પર્યાવરણની દ્દષ્ટિએ પણ જ્યારે જરૂરી છે ત્યારે આવા નવા સંશાધનો ઉભા કરીને એના માટે પ્રોત્સાહિત કરીને આજે એક એક વિસ્તારની અંદર વિન્ડ પાવર ઉભા થાય છે એ આખા ગુજરાતમાં આખા હિન્દુસ્તાનમાં એક સિમાચિહ્ન રૂપ છે. માનનીય અધ્યક્ષશ્રી, સુર્ય પણ તપે છે, એ વર્ષોથી તપતો આવ્યો છે અને આજે પણ તપે છે અને એ સોલાર, ભૂતકાળમાં કોઇ સરકારે આ પ્રકારનો વિચાર કર્યો નથી કે આ સોલારનો ઉપયોગ કરીને એનો પણ વીજળીમાં રૂપાંતર આપણે કરી શકીએ. પાટણની બાજુમાં એશિયાનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ આજે સરકાર ઉભો કરી રહી છે અને આવતા દિવસોમાં કાર્યાન્વિત થવાનો છે. મોટા શહેરો છે, મહાનગરપાલિકાઓ છે એના સોલાર વીજળીના અલગથી પ્લાન્ટ બનાવીને દરેક નગરની અંદર એના પ્લાન્ટ બને એના માટેના પ્રયત્નો પણ રાજય સરકાર કરી રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડશે કે આટલું કર્યા પછી પણ જો વસ્તુ દેખાતી ન હોય તો કબીરની એક પંકિત મને યાદ આવે છે કે, ‘રંગી કો નારંગી કહે ફટે દૂધ કો ખોયા દેખ કબીરા રોયા’ સરસ મજાનો નારંગીનો રંગ હોય છતાં એને આપણે કહીએ છીએ નારંગી અને ફાટેલા દૂધમાંથી પણ સરસ મજાનું પનીર બને છે એ પણ આ કહેનારાને ખ્યાલ રહે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારુ સમર્થન આપુ છું.

સભાપતિશ્રીઃ વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન પુરૂં થાય છે.

**વિ રા મ ૨–૩૦ થી ૩–૧૫**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઇ મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ ખાણ અને પેટ્રોલિયમ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેમાં ઉદ્યોગ અને ખાણ ખનિજમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રનો કોડિનાર તાલુકો એટલે દરિયા કિનારાની પટ્ટી ઉપરનો છેવાડાનો તાલુકો ગણાય અને આ તાલુકામાં દરિયા કિનારાની પટ્ટીના કુદરતી ખનિજ કે જે કુદરતે બનાવેલું છે, જેને કારણે આ વિસ્તારના પાણી જે ખારા નહોતા થતાં આ પાણી વધુ પડતાં ખારા થવાનું કારણ પણ ખનિજની ચોરી જે થઇ છે તેને કારણે આ વિસ્તાર ખારા પાણીનો થયો છે. આ વિસ્તાર લીલી નાઘેર કહેવાય. ત્યાં એક મોટું શેરડીનું કારખાનું પણ હતુ, અને આજે પણ છે. પણ આ શેરડીનું કારખાનું બંધ થવાની અણી ઉપર હોય ડાર્કઝોનમાં ગયા પછી પાણી નબળા પડવાને કારણે આ વિસ્તારમાં ખનિજ ચોરી એટલા મોટા પ્રમાણમાં થઇ છે કે જેને કારણે આ વિસ્તાર અત્યારે ખારા પટ્ટમાં ફેરવાય ગયો તેમ કહું તો અસ્થાને નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી અને આ છેલ્લાં પાંચ વર્ષથી તો હું ફરિયાદ કરતો આવ્યો છું ખનિજ ચોરી બાબતની કરોડો રૂપિયાની ચોરી થઇ છે. અને વન વિભાગ પણ નજીક છે. અમારા એરિયાથી દસ કિલોમીટરના એરિયા સુધીમાં ખનિજ ચોરી જે થાય છે હમણાં પણ કેન્દ્ર સરકારે એક પરિપત્ર બહાર પાડીને કહ્યું છે કે ખનિજ ચોરી દસ કિલોમીટરના એરિયા સુધી કરવી નહીં. તો આ વિસ્તારના એવા કેટલાક ગામડાં છે કે જે બોર્ડરને લાગેલાં છે એટલે કે જંગલ ખાતાને લાગેલાં છે. એવા દા.ત. હરમડીયા છે, એભલવડ છે, આલીદર છે, પીછવા છે, પીછવી છે, લગરલા છે, અરીઠીયા છે, ઘાટવડ છે, વલાદર છે આ બધાજ ગામોની અંદર એટલી બધી ખનિજ ચોરી થઇ છે કે જે રેકર્ડ ઉપર નથી આવતી અને રેકર્ડ ઉપર લઇ આવવાનો પ્રયત્ન થાય છે તો સરકાર તરફથી આજે પણ તેની ઉપર ઢાંક પીછોડો થઇ રહ્યો છે. ગાયકવાડ સ્ટેટના વખતનો આ તાલુકો અને એણે સર સયાજીરાવ ગાયકવાડે આજે ૨૦૦ વર્ષ પહેલાં ત્યાં સિંચાઇ માટે તળાવ પીંછવાની સીમમાં બનાવેલું. અને તેને લગતી આજુબાજુના એરિયામાં પણ કેનાલો આલીદર, બોડવા, જીથલા આ બધા

જ ગામોમાં ખેડૂતોને પાણી મળતું હતું. આ તળાવની પાળની બાજુમાં પણ સર્વે નંબર ૭૬ જે પંચાયતના રેકર્ડ ઉપરથી ગુમ કરી દેવામાં આવ્યો અને આની અંદરથી કરોડો રૂપિયાની ખનિજ ચોરી થઇ છે તેમ છતાં આજે પણ આ પ્રશ્ન છે તે જૂનાગઢ જિલ્લાની ફરિયાદ સમિતિમાં પણ મૂકવામાં આવ્યો. સર્વે કરવા માટે અને..

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરજો.

શ્રી ધીરસિંહ ક. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર સુધી પણ આની ફરિયાદ થઇ છે. રિસર્વે થયું નથી. આજે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માંગુ છું કે, આવી ખનિજ ચોરી અને ખેડૂતોને બચાવવામાં આવે તો વડનગર ગામ છે તેની જમીન જે ખનિજવાળી છે તેની અંદર કંઇ ઉત્પાદન થતું નથી એમ સમજીને ત્યાં અંબુજા સિમેન્ટ ઉભી કરવામાં આવી છે અને એ ખેડૂતોની જમીન બિન કાયદેસર રીતે સંપાદન કરીને લઇ લીધેલી છે. આજે એમને એમ લઇ લીધેલી દસ્તાવેજો કરેલી જમીન, આજે તેમાંથી માલ કાઢી લીધા પછી કરોડો રૂપિયાની અંબુજાએ ચોરી કરી છે અને તેના વિશે પણ ખેડૂતો અને ત્યાંના તાલુકાના સ્થાનિક લોકોએ જે રજૂઆત કરવા છતાં સરકાર તરફથી આજસુધી અંબુજાને કે ખનિજ ચોરીના માફિયાઓને માનનીય અધ્યક્ષશ્રી, ત્યાંના જિલ્લાના અધિકારીને આજ દિવસ સુધી તેને બદલવામાં આવેલા નથી તે વીસ વર્ષથી ત્યાં સર્વિસ કરે છે. આની આ લોકોની સાથે ભાગીદારી છે.

**શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને ઉદ્યોગમંત્રીશ્રી જે ઉદ્યોગની માગણી ક્રમાંક ૪૯ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય મંત્રીશ્રી જયારે ઉદ્યોગ વિભાગની માગણી લઇને સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે ઉદ્યોગ એ આર્થિક વિકાસની પારાશીશી છે. જેના પરથી આર્થિક વિકાસ શું છે એ આપણે સૌ જાણી શકીએ છીએ. આજે જયારે ગુજરાત રાજય સમગ્ર ભારતના વિકાસનું ગ્રોથ એન્જિન ત્યારે જ શકય બની શકયું હશે કે જેનું મૂળ કારણ જે રીતે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ થયો છે. તેની પાછળના પાયાના કારણો શાંતિ, સલામતિ અને સમૃદ્ધિ વગેરેમાં હું નથી જતો, પણ ગુજરાત પોતાની આગવી ઓળખ ઉભી કરવામાં અગ્રેસર રહ્યું છે. સાથોસાથ આખા દેશમાં સૌથી વધારે એક દસકો રાજયનો સરેરાશ આર્થિક વિકાસ દર ૧૦ ટકાથી વધારે ગયો છે તેવું આપણું ગુજરાત રાજય છે. તેમાં આર્થિક જગતમાં ઉદ્યોગોનો પણ સિંહફાળો રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યશ્રીઓએ ઉદ્યોગ અંગે વાત કરી છે. હું પણ મારા વિચારો રજૂ કરુ છું. ૨૦૦૩ થી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ શરુ કરવામાં આવી. અત્યાર સુધીમાં આવી ૫ સમિટ થઇ છે. તેમાં ૬૬૦૬૮ કરોડથી શરુ કરીને છેલ્લી સમિટમાં ૨૧ લાખ કરોડ સુધીના રોકાણો થયા છે. ૮૦૦૦ થી વધારે એમ.ઓ.યુ. થયા છે. મંત્રીશ્રી જયારે માગણી લઇને આવ્યા છે ત્યારે મારું દ્રઢપણે માનવું છે કે જ્ઞાન વિજ્ઞાનની આ સદીમાં ગુજરાત સમગ્ર ભારત વર્ષ કે વિશ્વમાં પાછળ ના રહી જાય તેથી ઉદ્યોગને પ્રાથમિકતા આપીને ગુજરાતની ૬ કરોડની જનતા વિશ્વના દેશો સાથે ખભેખભા મિલાવી શકે ત્યારે ઉદ્યોગ જગત માટેની આ માગણી લઇને આવ્યા છે. દુઃખ થાય છે કે ગુજરાતનું નામ આવે છે ત્યારે ઘણા લોકોના ચહેરાનુ નૂર બદલાઇ જાય છે. એટલા માટે કે ગુજરાત જયારે વિકાસની તેજ ગતિમાં દોડે છે ત્યારે યોજનાબદ્ધ રીતે ગુજરાતને પાછળ રાખવાના પ્રયાસો થઇ રહ્યા છે. ઉદ્યોગો વિકસી રહ્યા હોય તો રાજય સરકારે બધી જ સહાય પૂરી પાડવા માટે તત્પર રહેવું જોઇએ. તેનો બેનમૂન દાખલો આ સરકાર છે. જેની સીધી જવાબદારી થાય છે તેવી કેન્દ્રની સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડવાને બદલે ઘણીવાર કદાચ સતત અન્યાય પણ થાય એવી પ્રક્રિયાના દાખલા પણ આપણે જોયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કચ્છની પણ વાત..(અંતરાય) કચ્છમાં તમે આજે રેલવેનું આપ્યું. ગયા વખતના રેલવેના બજેટની અંદર નકકી થયું હતું. ગઇકાલે પૂનાની ટ્રેઇન ચાલુ થઇ. એ આખા ગુજરાતને ખબર છે. એને ગઇકાલમાં ગણવું કે આજનામાં ગણવું એ ખબર ન પડે. એ બધામાં ના પડતા. બધાને ખબર છે. (અંતરાય) હું રેલવેની જ વાત કરું છું. ખુમાનસિંહભાઇ. ગયા બજેટમાં ફાળવેલી અમદાવાદ પૂના દૂરન્તો ટ્રેઇન ગઇકાલે ચાલુ થઇ. અમદાવાદથી પૂના. આજે બજેટ આવ્યું ત્યારે ગઇકાલે ગયા વખતનું રેલ બજેટ યાદ આવ્યું.

**સભાપતિશ્રીઃ** પ્લીઝ. પ્લીઝ.

શ્રી રાકેશ જ. શાહ : સાહેબ, એમને કહો. મને વચ્ચે હેરાન ના કરે. કચ્છની પણ મારી પાસે માહિતી છે ઉદ્યોગોની. તેની હું રજૂઆત કરું છું. (અંતરાય) હું મારા સાથી મિત્રોએ એવી વાત કરીને રોકયો કે કેન્દ્ર સરકારની વાત કરતો હતો. હું એટલું કહેતો હતો કે ગુજરાત રાજયની સરકાર ઉદ્યોગકારોને આમંત્રે છે. એમનામાં વિશ્વાસ બેસે એવું સાનુકૂળ વાતાવરણ આપણે સૌએ જોયું છે. ખૂબ લોકો અહીંયા આવ્યા છે. કેન્દ્રની વાત માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં કહેવાના હશે, પણ ગુજરાતે જે કર્યુ છે, ઉદ્યોગોની જે પ્રાથમિક જરૂરિયાત છે એ પૂરી પાડવામાં કે કવોટા પ્રમાણે નહીં, કવોટા હોય તો બીજા રાજયો કરતા ભાવો વધારે. ગુજરાત માટે સદાય ઓરમાયુ રાખવાવાળા લોકો, પણ છતાંય ગુજરાતની ખમીરવંતી પ્રજા અને ગુજરાતમાં એમણે વિશ્વાસ મૂકયો છે એ ઉદ્યોગકારોએ પણ ગુજરાતનો વિકાસદર જે થયો છે, એ આંકડા જ બતાવે છે કે ગુજરાતનું સાચુ ચિત્ર શું છે મિત્રો. કચ્છની વાત કરતા હતા. મારા મિત્રએ યાદ કરાવ્યું કે કચ્છ આવે એટલે નીમાબેન પણ વાત કરે અને બાબુભાઇ, માનનીય બાબુભાઇ, હું તમારા વિસ્તારની મને જે માહિતી છે, જે ચોપડે માહિતી છે, એની વાત કરું છું.સાહેબ કચ્છમાં અત્યાર સુધીમાં ૧૩ ઔદ્યોગિક વસાહતો સ્થપાઇ છે. આપ તો મારા વડિલ છો, જાણતા જ હશો, મેં વિભાગ પાસેથી જે માહિતી લીધી છે તે મુજબ એમાંથી ૧૦ ઔદ્યોગિક વસાહતો કાર્યરત છે. તો શું કચ્છની વાત આવે છે ત્યારે તમને માત્ર જમીન જ દેખાય છે? ઔદ્યોગિક વિકાસની બહેને વાત કરી તે તમને દેખાતી નથી? કચ્છ પણ ગુજરાતનો જ એક ભાગ છે, અને તેને કારણે કચ્છમાં જે ઉદ્યોગો આવી રહ્યા છે અને જે વિકાસ થઇ રહ્યો છે તેને કારણે ગુજરાતનો પણ વિકાસ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની પણ એક વાત કરું, કે તાજેતરમાં ૨૦૦૭ ના જાન્યુઆરી મહિનામાં જે વાયબ્રન્ટ ગુજરાત સમિટ થઇ એમાં મધ્યમ અને મોટા કદના ૩૬૩ ઔદ્યોગિક એકમો સાથે ૪,૬૧,૫૩૫ કરોડના મૂડી રોકાણ માટે સમજૂતી થઇ હતી, રાજયમાં સાનુકૂળ ઔદ્યોગિક વાતાવરણ ઉભું કરવામાં અને છેલ્લા બે વર્ષમાં જમીનો અંગેની ઉદ્યોગકારોની માંગણીમાં પણ બદલાવ આવેલો છે. માત્ર જમીન દેખાય છે પણ સાથે એ ઉદ્યોગકારોને જોડતા નથી તમે. ટીમ્બર, પાઇપ, ઇજનેરી, લોજીસ્ટીક, અને સૂર્ય ઉર્જાને લગતા ઉદ્યોગો પણ ત્યાં સ્થપાયા છે. ૮૫ હેકટર જમીનમાં આપ પણ જાણો છો કે ટીમ્બર ઉદ્યોગના વિકાસ માટે પણ ફાળવણી કરવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે ઔદ્યોગિક વિકાસ થઇ રહ્યો છે તેના મુખ્ય કારણોમાં ગુજરાતના આખા ઇન્ફ્રાસ્ટ્રકચરને નજર અંદાજ કરી શકાય તેમ નથી. રોડની કનેકટીવીટી, હમણા ભાઇએ રેલવેની કનેકટીવીટીની વાત કરી મેં એમને યાદ કરાવ્યું ત્યારે એમને યાદ આવ્યું કે આ તો ગયા વર્ષની છે. પણ રોડની કનેકટીવીટી, વીજળી ૨૪ કલાક મળે છે, પાણીની પૂરતી સગવડ મળે છે. અને સૌથી અગત્યનું તે વહીવટી પરદર્શકતા છે જેના કારણે આજે સમગ્ર વિશ્વના ઉદ્યોગકારો ગુજરાત તરફ મીટ માંડીને બેઠા છે. માનનીય અનિલભાઇએ કહ્યું તેમ દર અઠવાડિયે એક ડેલિગેશન માનનીય મુખ્ય મંત્રીશ્રીની મુલાકાત લે છે અને આપણે જોઇ શકીએ છીએ કે ફોર્ચ્યુન ફાઇવ હન્ડ્રેડની મોટા ભાગની કંપનીઓ અમદાવાદ, અમદાવાદની આસપાસ અને ગુજરાતમાં પ્રસ્થાપિત થઇ ચૂકી છે. લઘુ ઉદ્યોગોની વાત કરું તો ઔદ્યોગિક ક્ષેત્રે મહત્વનું એકમ લઘુ ઉદ્યોગ ક્ષેત્ર છે. હું છેલ્લા છ મહિનાના આંકડાની વાત કરું છું. એપ્રીલ ૧૧ થી ડિસેમ્બર ૧૧ સુધીમાં ૧૦ હજાર કરોડથી વધુ મૂડી રોકાણના ૩૪ હજારથી વધુ એકમોએ અઢી લાખ કરતાં વધુ લોકોને રોજગારી આપી છે. અને જયારે રોજગારીની વાત આવે ત્યારે પણ ગુજરાત અગ્રેસર, છેલ્લા પાંચ વર્ષના કેન્દ્રના આંકડા જુઓ, તો કોઇ પણ રાજય એવું નથી કે જેણે ગુજરાતે આપી છે તેટલી રોજગારી આપી હોય. ૭૨ ટકા થી વધુ રોજગારી જયારે ગુજરાત આપે છે. અને બાકીના ૨૮ ટકામાં બાકીના ૨૭ રાજયો આવે છે એમાં કોંગ્રેસના કેટલા અને ભા.જ.પના કેટલા છે તે બધાને ખબર છે. પણ વૈશ્વીક કક્ષાએ જયારે ગુજરાત ઓટોમોબાઇલ્સ હબ તરીકે વીકસ્યું છે. ડેટ્રોઇટ થઇ ગયું છે. આપણે સૌ જાણીએ છીએ કે જનરલ મોટર્સ હોય કે ટાટા મોટર્સ હોય, એશીયા મોટર્સ હોય કે ફોર્ડ હોય, પીજોટ હોય કે મારૂતિ સૂઝૂકી ઇન્ડિયા હોય, વગેરેને ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે લાવવામાં આપણે સૌ સફળ થયા છીએ. આ સમયમાં ૧૫ હજાર કરોડથી વધુનું મૂડી રોકાણ અંદાજે ૨૫ હજાર થી વધુ લોકોને નોકરી પૂરી પાડવાની ઉમદા તક આપણને પ્રાપ્ત થઇ છે. આ સન્માનનીય સભાગૃહમાં માનનીય મુખ્ય મંત્રીની એક એવી

યોજના જે ઉદ્યોગોને લગતી છે તેના પર ધ્યાન દોરવા માગું છું કે આપણે સૌ જાણીએ છીએ કે આપણા મુખ્ય મંત્રી જેટલી પર્યાવરણની ચિંતા કરે છે એટલી કદાચ બીજા કોઇ કરે છે કે નહીં તેની સરખામણી નથી કરતો, પણ સમય બતાવે છે અને લોકોને ખબર છે. આખો વિભાગ પણ આપણે એમાં કર્યો છે. પી. પી. પી. મોડલના આધાર ઉપર પર્યાવરણની સુરક્ષાના મોડેલ હેઠળ સામૂહિક તેમજ પર્યાવરણને લગતા જે પ્રોજેકટ, રી સાયકલીંગ દ્વારા વીજળી અને કાચામાલની કેટાલીસ્ટની બચત ઇનોવેટીવ ટેકનોલોજી દ્વારા સ્વચ્છ ઉત્પાદન પ્ધ્ધતિ તથા ગ્રીન ટેકનોલોજી વગેરે જુદી જુદી યોજનાઓમાં પણ સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય આંકડા સંગઠન, સી.એસ.ઓ. દ્વારા પ્રકાશિત થતી ઉદ્યોગોની વાર્ષિક મોજણી જે ૨૦૦૮–૦૯ ની હમણાં બહાર આવી છે એમાં કામચલાઉ પરિણામો બતાવે છે કે ગુજરાત ફેકટરીના સેકટરમાં ૧,૭૨,૩૦૦ કરોડની મૂડી જે રાજયના ફેકટરી સેકટરના કુલ રોકાણના રાજયોના હિસ્સાના ૧૭ ટકાથી પણ વધારે છે. જે ગુજરાતે પૂરી પાડી છે. કૃષિની પણ વાત થઇ કૃષિ પછી સૌથી અગત્યનો વિભાગ ઉદ્યોગ હોય, જવાહરભાઇએ પણ કાપડની વાર્તા કરી. કપાસ પર પ્રતિબંધ મૂકયો નવા રજિસ્ટ્રેશનો બંધ કર્યા, ગુજરાતના જાંબાજ મુખ્ય મંત્રીશ્રીએ પત્ર લખ્યો, પત્ર પહોંચતા જ દિલ્હીમાં દોડ–ધામ, અહીંના મિત્રો દિલ્હી દોડવા લાગ્યા, અરે મારે તો એટલું જ કહેવું છે કે એક પત્ર થી દિલ્હી દોડતું થઇ ગયું છે તો જયારે રુબરૂ દિલ્હી પહોંચશે ત્યારે કયા ખૂણામાં દોડવું પડશે તે અત્યારથી નકકી કરી લેજો મિત્રો. અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નંબર–૧૨ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. સામાન્ય સેવાઓ માટે ૧૬ કરોડ ૧૩ લાખ ૬૨ હજારની જોગવાઇ કરવામાં આવી છે.

આમાં ખાસ કરીને ગ્રીન હાઉસ જે ખેડૂતો માટે અધતન ટેકનોલોજીથી ખેતી કરવામાં આવે છે . આ ગ્રીન હાઉસ બનાવવામાં આવે તો એને ૨૪ કલાક વીજળી આપવાની વાત કરી છે. જેનાથી ખેડૂતોને આ ગ્રીન હાઉસમાંથી ખેતીની ઉત્પાદન કરવાનું છે એમાં ધંધાકીય રીતે વધારે ઉત્પાદન થશે અને વધારે નફો થશે.

એશિયામાં સૌથી મોટામાં મોટો સોલાર પાર્ક પાટણ જિલ્લામાં નખાવા જઇ રહ્યો છે ત્યારે આ સોલાર પાર્ક માટે ૫૦૦ કરોડ રૂપિયા મૂકવામાં આવ્યા છે. ઉર્જા અને પવન દ્વારા પણ કુલ ૫૦૦ મેગાવોટ વીજળી ઉત્પન થાય તેવું આયોજન પણ કરવામાં આવ્યું છે. હમણાં સિદ્ધાર્થભાઇ વાત કરતા હતા કે છેલ્લા દસ વર્ષમાં વિકાસની વાત કરો છો. અગાઉ શું થયું એ મારે કહેવું છે કે ગુજરાતનો જે વિકાસ થયો એમાં સૌનો સાથ સૌનો વિકાસ એમાં રાજયના ઉર્જા વિભાગને કેન્દ્ર સરકાર દ્વારા અનેક એવોર્ડો મળ્યા છે. આ વિભાગને કેન્દ્ર સરકાર દ્વારા જે એવોર્ડો મળ્યા છે એ જોવા હોય તો માનનીય મંત્રીશ્રી સૌરભભાઇની ઓફિસમાં જઇને જોઇ આવો. તમારી સરકાર દ્વારા આ વિભાગને એવોર્ડો આપવામાં આવ્યા છે. શું દસ વરસમાં વિકાસ કર્યો? અમે આઠ કલાક વીજળી આપીએ છીએ પરંતુ તમારા રાજમાં તમે કહેતા હતા કે અમે ૧૬ કલાક આપતા હતા કે ૨૪ કલાક આપતા હશો પરંતુ વીજળી આવે તો ને? વીજળી આવે જ નહિ. અત્યારે આઠ કલાક કવોલિટીવાળી વીજળી આપવામાં આવે છે. અત્યારે જયોતિગ્રામ યોજના આવી, પહેલા તો વાળુ કરવા બેસીએ અને લાઇટ જતી રહે. હળવદમાં ફતેપરાભાઇ આંટા મારતા હોય, હળપતિ ભાઇ આદિવાસી વિસ્તારમાં આંટા મારતા હોય તોય લાઇટ જતી રહે. આ જયોતિગ્રામની ઉપજ કોની છે આ રાજય સરકારની દીર્ઘદ્દષ્ટિથી છે. સીંગલ કનેકશન છે એને સારી ગુણવત્તામાં ટી.સી.ઓ પૂરી પાડવામાં આવી છે જેનાથી ખેડૂતોને સારી કવોલિટીનો પાવર મળી શકે.

ઇ–પે અને ઇ–ગ્રામ જેનાથી ગ્રાહકોને ગ્રામ પંચાયત કક્ષાએ બિલ ભરાઇ જાય, પૈસા લેવાઇ જાય અને શહેરી કક્ષાએ જવું ન પડે. નવી લાઇનોનું કામ કરવામાં આવ્યું.(અંતરાય)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ શાંતિથી બેસો, આપને અનુકૂળ ન લાગે તો આપ બહાર જાવ, નહિ તો મને બહાર મોકલવાની ફરજ પડશે. સભ્યશ્રીને પ્રવચન કરવા દો.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : માનનીય દેવજીભાઇ, આ વખતે ટિકીટ ગયેલી છે. આવતા વરસે સાંભળવા પણ નથી મળવાનું એટલે શાંતિથી બેસો અને આ બાજુ આવતા રહો. ત્યાર પછી નવી લાઇન નાખવામાં આવે છે એ એટલા માટે નાખવામાં આવે છે કે ૩૫-૪૦ વરસ જૂની લાઇનો સડી ગઇ હતી તેથી પાવર પહોંચતો નહોતો, અડધા થાંભલા પણ ચોરાઇ ગયા હતા એ નાખવા પડયા એનાથી સારી કવોલિટીની વીજળી મળતી થઇ છે. હવે કેન્દ્ર દ્વારા કોલસાના ભાવો વધ્યા, ડિઝલના ભાવો વધ્યા આ રીતે ગુજરાતને અન્યાય કરવાનુ ચાલુ રાખ્યું તેમ છતાં આ વિભાગ દ્વારા ગુજરાતના ખેડૂતોને મળતી વીજળીમાં એક પણ રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવ્યો નથી.હમણાં અહિંયાં ટીવી જોયું, કાંઇ ગુજરાતને આપ્યું નથી. ગુજરાતના મંત્રી હોય, કચ્છને પોલ્ટ્રી વળી લખ્યું હતું. બીજી કોઇ યોજના રાજ્યમાં નથી. ઉપરથી દરમાં વધારો કર્યો. તમે લોકો કેન્દ્રમાં આટલા વર્ષોથી પ્રતિનિધિત્વ કરો છો. એક ટ્રેન તો આપો. દા.ત. બાબુભાઇને ખબર છે કે, પાલિતાણાથી બોમ્બે એક ટ્રેન જાય છે અને એમાં એક એક મહિનાનું વેઇટીંગ ચાલે છે. આટલી તો કમાણી કરે છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.. માનનીય સભ્યશ્રી પ્રવચન કરે છે એમાં વિભાગને લગતી માગણીઓ ઉપર કોઇ વ્યાપ જ નથી. એમણે ત્રીજી વાર કેન્દ્રના રેલવેના જે પ્રશ્નો છે એ સાંકળી લઇને..

શ્રી સભાપતિશ્રી : મારે એ જ કહેવું છે કે, જ્યારે વિભાગની માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હોય ત્યારે તમારે તમારા મત વિસ્તારના પ્રશ્નો રજૂ કરી શકો છો. રાજકીય અવલોકન પછી કરજો. તમારો સમય પસાર થઇ જાય છે. માત્ર વિભાગ ઉપર જ આવી જાઓ.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : માનનીય અધ્યક્ષશ્રી, બહાર આ તો ટીવી જોતા હતા એમાં ગુજરાતને અન્યાય થયો છે એટલે ધ્યાન ઉપર મૂકું છું. એમાં કાંઇ સુધારો કરવો હોય તો કરો. પહેલાં રાજાશાહી પછી આઝાદી આવી અને પછી લોકશાહી આવી. ગાંધીજી અને સરદારે આ લોકશાહી માટે ખૂબ મહેનત કરી અને સજ્જન માણસોના હાથમાં રાજ્ય આપ્યું હતું. ૩૫ વર્ષ સુધી રાજ પણ કર્યું. કોઇ ગામડાનું હિત એમણે નથી કર્યું. હું તો આ લોકોના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, અમારી સરકાર છે એ જે વહીવટ સંભાળ્યો છે ત્યારથી જીઇબીએ એક જ સૂત્ર હાથમાં લીધું છે કે **ચલો દીપ જલાયે વહાં, જહાં અભી ભી અંધેરા હૈ**. આ સૂત્ર લઇને જ્યોતિગ્રામ યોજના લાવ્યા. ૧૮૦૦૦ ગામડાઓને એકી સાથે ૨૪ કલાક વીજળી આપી અને આખા ગુજરાતના ગામડાઓની વસ્તીનું બાયફરગેશન થતું હતું, લોકો શહેરોમાં જતા હતા એને રોકવામાં આવ્યા. મારા મત વિસ્તારનો એક દાખલો આપું. મારા મત વિસ્તારમાં બે ગૃહ ઉદ્યોગો સારા ચાલે છે. એમાં એક હીરા ઉદ્યોગના કારખાના છે અને બીજો ભરતગૂંથણ જેને આપણે હેન્ડીક્રાફ્ટ કહીએ છીએ. ભરતગૂંથણમાં એમ્બ્રોયડરી મશીનથી કામ કરવામાં આવતું હોય છે. આ ઉદ્યોગ પાલીતાણા સીટીમાં ચાલતો હતો. આજે મારા મત વિસ્તારના એક એક ગામડામાં, મારા ક્ષેત્રની બહેનો પંદરથી વીસ હજારની રોજી-રોટી ઘેરબેઠાં કમાય છે. એ ડયુ ટુ જ્યોતિગ્રામ છે. તેઓ ગામડામાં બેઠાં બેઠાં હેન્ડીક્રાફ્ટનું કામ કરીને કમાય છે. આખા દેશમાં માલ જાય છે. હીરાના કારખાનાઓ શહેરોમાં થતા હતા આજે ગામડામાં થાય છે. મારા મત વિસ્તારમાં ગામડામાં દસ હજાર, વીસ હજાર, પચાસ હજાર રૂપિયાની રકમ કમાઇ શકતા હોય તો આ સારા પ્રતાપ ગુજરાત સરકારના છે કે ગામડામાં ૨૪ કલાક વીજળી આપીએ છીએ એનાથી ગૃહિણીઓને ઘણો ફાયદો થયો છે. મેં હમણાં વાત કરી કે, રાતના વાળુ કરતા હોઇએ અને વીજળી વહી જાય, કોઇ પ્રસંગ હોય અને વીજળી વહી જાય એટલે આપણે ધારાસભ્યને ફોન કરીએ એટલે એ વટ મારવા માટે એક છેડો અપાવે અને એક કલાક વીજળી ચાલુ રહે. આવી સસ્તી પ્રસિદ્ધિમાં અમે માનતા નથી. લોકોનો વિકાસ થાય, સૌનો સાથ, સૌનો વિકાસ સાથે અમે આગળ વધીએ છીએ. આજે છાપામાં વાંચ્યું એટલે બહુ દુઃખ થયું. કોઇકની બહુ મોટી રકમની વાત હતી- * (xxxxx) (xxxxx) (અંતરાય)

* (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

શ્રી સભાપતિશ્રી : આપ મુદ્દા પર આવી જાઓ. આપની પાસે એક મિનિટનો જ સમય છે. એ (xxxxx) શબ્દો હું રદ કરું છું.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : માનનીય અધ્યક્ષશ્રી, એ તો સૌ રૂપિયા કમાય પણ આ રીતે ન હોય, સદ્ભાવના ગુજરાતમાં થાય, ગુજરાતમાં સદ્ભાવના એટલે એક ઉર્જાની વાત હતી. મારા મત વિસ્તાર પાલીતાણામાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ સદ્ભાવના કરી હતી. ત્યાંના કાર્યક્રમમાં પચાસથી સાઇઠ હજાર માણસોની મેદની હતી. સદ્ભાવનાનો જે હેતુ છે એ એ છે કે, એકી સાથે વીસથી પચીસ હજાર માણસોને હેન્ડ ટુ હેન્ડ મળવાનું હોય છે, મુખ્યમંત્રીશ્રી પોતે મળે છે. તમે ફક્ત બેસતા વર્ષમાં ૫૦૦ માણસો ઉભા હોય એમને મળવું હોય તો પણ તકલીફ પડે છે. ઉર્જા બાબતમાં એનાથી આગળ વધવું છે. ૬૬ કે.વી. એટલે શું પહેલાના જમાનામાં તમારા મિત્રો કોઇપણ ધારાસભ્યો કોંગ્રેસના હતા તો એક એક ૬૬ કે.વી. માટે ૫ વર્ષની ટર્મ પૂરી થઇ જાય.

સભાપતિશ્રી : પ્લીઝ આપ પ્રવચન પૂરું કરો. માનનીય શ્રી બાબુભાઇ ..

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ તેમજ ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

ઔદ્યોગિક રીતે ગુજરાતની નામના હંમેશા ખૂબ સારી રહી છે. અને આ રાજય ચોથા પાંચમા ક્રમે હતું એમાંથી પહેલા બીજા ક્રમે જે આવ્યું એમાં સરકારો બદલાતી જાય, રાજકીય અસ્થિરતા હોય પરંતુ સરકાર આગલી સરકારે જે કમીટમેન્ટ કર્યુ હોય વ્યાપાર પ્રત્યેનું, ઉદ્યોગ પ્રત્યેનું એને ઓનર કરતી અને એને કારણે લોકોને અહીં રોકાણ કરવામાં રસ રહેતો. આ સન્માનનીય સભાગૃહમાં એમ કહ્યું કે ગુજરાતમાં વિશ્વભરના લોકો આવ્યા છે તો ગુજરાતીઓ પણ વિશ્વભરમાં ગયા છે. વ્યાપારે વસતે લક્ષ્મી એ સૂત્રને સૌથી વધારે જો કોઇએ અનુકરણીય બનાવ્યું હોય તો ગુજરાતીઓએ બનાવ્યું છે. અને એમાં આ સાહસિક પ્રજા જે છે, સંવેદનશીલ પ્રજા જે છે, અને આપણે અહીંયા જે આવે એને આવકાર આપણે આપીએ છીએ. પારસીઓ અહીં આવ્યા તો આપણે એમને સમાવી લીધા. રાજસ્થાનાના લોકો અહીં અમદાવાદની અંદર વ્યાપાર ક્ષેત્રની અંદર કાપડ બજારની અંદર પ્રભુત્વ કરે કે સુરત એ કરે તો આપણે એમને અપનાવી લઇએ છીએ. એટલા માટે થઇ આપણી જે પરંપરા છે એના વાહક આપણે છીએ. કોઇપણ સરકારો હોય, હમણા સન્માનનીય ગૃહના અમારા કચ્છના જ અમારા સાથી ધારાસભ્ય નીમાબેને એમ કહ્યું કે બાબુભાઇએ તો એમના વખતે જમીનો આપી હતી. મારે જવાબ એ આપવો છે કે અગાઉ ભા.જ.પ.ની સરકાર વખતની જે દરખાસ્ત હતી એ દરખાસ્તને અમે આગળ વધારીને અમે જમીન વેચી નહોતી. ૩૦ વર્ષ પછી જમીન પાછી મેળવવાની શરતે અમે આપી હતી. આમણે શું કર્યુ મોડસ ઓપરેન્ડીની રીતે ૨૦૦૩ની અંદર ૩૦ વર્ષના ભાડાપટ્ટે અપાયેલી જમીનો એક રુપીયા ઉપર બીજો એક રુપીયો પ્રીમીયમ લઇ અને કાયમી ધોરણે યાવદ ચંદ્રો દિવાકરો આપી. આપણે આ જમીનો જે છે રાજય સરકાર હસ્તકની હોય છે. બંદરો જે ડેવલપ થાય છે એ પણ બી.ઓ.ટી.ના ધોરણે ૩૦ વર્ષ પછી આપણી માલિકીના થાય, એ રીતે આપણે આપીએ છીએ. પરંતુ આમણે **કે.બી.ડી.(કોના બાપની દિવાળી)** આ રાજયમાં આપણા ઉપર ઉપકાર કરવા માટે કોઇ આવ્યા હોય, અને ખાસ કરીને કચ્છની ધરતી ઉપર ઉપકાર કરવા માટે આવ્યા હોય એવો માનનીય નીમાબેને ઉલ્લેખ કર્યો કે જો આ ના આવ્યા હોત તો કચ્છની ધરતી છે ને બંજાર હતી કોઇ એનું ધણીધોરી નહોતું. હું કચ્છમાં જન્મ્યો છું. કચ્છમાં ઉછર્યો છું. કચ્છની ધરતીનું ધાવણ અને ધૂળ મારી ધરતીમાં ગયું છે એટલા માટે મને કચ્છની ધરતીની કિંમત છે. * (xxxxx) (xxxxx) માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની ધરતી કિંમતી હતી એટલા માટે તો ગુલામશાહ કાલેરોએ આક્રમણ કરેલું અમારા કચ્છ ઉપર અને કચ્છીઓ એક બની અને વિશ્વની અંદર ૧૯ યુદ્ધો જે જાણીતા છે એમાંનું જારાનું યુદ્ધ હતું અને એમાં આ જમીન બચાવેલી. આ જમીનો અમારા માટે મહામૂલી છે. ગૌચરની જમીન ઉદ્યોગને કયારેય પણ અપાય નહીં, પણ ૧૯૯૮માં

* (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

ભારતીય સંસ્કૃતિના રક્ષક ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૫૪ અને ૧૯૮૮નો ઠરાવ હતો કે ૧૦૦ ઢોરે ૪૦ એકર જમીન જોઇએ. એની અંદર ફેરફાર કર્યો એના કારણે આ ગૌચરની જમીનો એ ઉદ્યોગો માટે ગઇ. SE ઝેડની વાત કરી, SE ઝેડ માટે ઇકોનોમીક ટાઇમ્સની અંદર ઓલ ઇઝ નોટ વેલ એમ કરીને કહ્યું. આ દેશની અંદર ઇકોનોમીક ઝોન જે મંજૂર થયા એમાં ગુજરાતમાં કદાચ સૌથી વધુ મંજૂર થયા છે.આપણું જે એક્સપોર્ટ હતું એ પણ વધુ હતું. ક્રમે ક્રમે એ ઓછું થતું જાય છે. એક્સપોર્ટના આંકડા એવા છે કે જે એક્સપોર્ટ એક્રોસ ૧૨૧ ટકા થયું હતું એ ઘટીને ૨૦૦૯-૧૦માં ૨૪૩ થયું અને ૨૦૧૦-૧૧માં ૨૩ ટકા ઘટીને થયું છે. ઇકોનોમીક ઝોનની રૂપાળી વાતો, સોલાર પાર્કની રૂપાળી વાતો આવે પણ સોલાર પાર્કની ૧૫ રૂપિયાની વીજળી ડાયલુટ કરીને આ વીજ પ્રવાહમાં નાખીશું એનો બોજો કોના ઉપર ચડશે? આ કુદરતી સ્ત્રોત છે એનો ઉપયોગ કાંઇ આ સરકારે શરૂ કર્યો એમ કહેવામાં આવે છે. પણ માનનીય માધવસિંહ સોલંકીની સરકાર હતી ત્યારે હું ભારતીય જનતા પાર્ટીનો ધારાસભ્ય હતો અને ત્યારે સૌથી પહેલો પવન ચક્કીનો પ્રોજેક્ટ ગુજરાતમાં માંડવીની અંદર નખાયેલો. પછી આ પવન ચક્કી માટેની જુદી જુદી યોજનાઓ હતી અને એમાં પવનની વેલોસિટી પ્રમાણે એનું ઉત્પાદન થાય. પણ ભૂતકાળમાં કેટલીક સરકારોએ જે ભૂલ કરેલી, એક પવન ચક્કીમાં જેટલો ખર્ચ થાય એટલો સેલ્સ ટેક્સમાં માફ થાય અને રાજ્યની તિજોરીને નુકસાન થતું હતું એટલે એમાં ફેરફાર કર્યો. રાજ્ય સરકારની કોઇ સવલતો પવન ચક્કીના ઉત્પાદકોને મળતી નથી. કેન્દ્ર સરકારની અંદર ઇન્વેસ્ટમેન્ટના લાભો છે અને ઇન્કમ ટેક્સમાં લાભો મળે છે. એટલે પવન ચક્કી નાખતા જાય છે. મારા વિસ્તારમાં પણ છે અને એનો હું વિરોધી નથી. પરંતુ પવન ચક્કીમાં જે વીજળી પેદા થાય છે એનાથી તમારે પૂરું થવાનું છે ખરું ? એટલા માટે કેન્દ્ર સરકારે એક ઓશિયાનીક ડિપાર્ટમેન્ટે દરિયાના મોજામાંથી વીજળી પેદા થાય એના માટે એક પ્રોજેક્ટ કંડલામાં લોન્ચ કરેલો. એ વખતે પણ મેરીટાઇમ ડે હતો. માનનીય માધવસિંહની ઉપસ્થિતિમાં કેન્દ્રના મંત્રી મહાજન કરીને વૈકલ્પિક ઉર્જાના પ્રધાન આવેલા અને એનો રિપોર્ટ લોકસભામાં ગયેલો અને ૮૦૦ મેગાવોટ વીજળી દરિયાઇ મોજામાંથી કંડલાથી સૌરાષ્ટ્રના દરિયા કિનારે થઇ શકે એમ છે.તેની માહિતી મારા પ્રશ્નમાં મને મળેલ. એનો ઉપયોગ શા માટે નથી થતો? માનનીય મકરંદભાઇ દેસાઇ, એક સ્વપ્નદ્રષ્ટા હું એમને એટલા માટે યાદ કરું છું કે એમનું વિઝન હતું અને ૧૯૭૫ થી પછીની સરકારો હતી ત્યારે વીજળીના મથકો કરવા માટેની એમણે જે મંજૂરીઓ મેળવેલી એ પણ પૂરી કરી શક્યા છો ખરા? પીપાવાવ પાવર સ્ટેશન માટે ગેસ ઉપલબ્ધ ન થયો એટલા માટે શંકરસિંહ વાઘેલાની સરકાર વખતે અમે કતારથી ગેસ લાવીને પીપાવાવ, દહેજ અને હજીરાની અંદર આ ગેસના સ્ટેશનો ટર્મીનશો બનાવવા માટેનું નક્કી કરેલ હતું. દહેજ અને હજીરામાં ગેસની જેટી થઇ પણ પીપાવાવ ઊડી ગયું. સૌરાષ્ટ્રને ઔદ્યોગિક રીતે વિકસાવવું હોય તો ગેસની જેટી આપવી જોઇએ. પણ ગેસ રફેદફે થઇ ગયો. કતારથી આવેલ ગેસ કોઇ ખાનગી પેઢીને આપી દેવાનો અને ગુજરાતના પાવર સ્ટેશન છે એની આપણી ઉર્જા શક્તિ વધારવાની વાત હતી એ વાત થઇ નથી. એટલે અગાઉના મારા વકત્વ્યો....

**શ્રી દિલીપભાઇ સંઘાણી** : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સિનિયર મેમ્બર બાબુભાઇ બોલતા હતા એટલે એમને ડિસ્ટર્બ કરતો ન હતો. એમણે માનનીય ધારાસભ્ય નીમાબેન આચાર્યને અને ધરતીને કાંઇ લેવાદેવા નથી એ મતલબના વિધાનો એમણે કર્યા. આ દેશના તમામ નાગરિકોને પોતાની ધરતી સાથે લેવાદેવા હોય જ. આવા શબ્દો બોલવા વાજબી નથી. ચકાસીને કાઢી નાખવા વિનંતી છે.

**સભાપતિશ્રી :** રેકર્ડ જોઇને એવું લાગશે તો દૂર કરવામાં આવશે.

**શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા(વડોદરા શહેર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૨, ૧૩ અને ૧૪ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજ્યના ઉર્જા મંત્રીશ્રીએ ડાર્ક ઝોન ઊઠાવી લીધો. રાજ્યમાં તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ૧૩,૯૧૪ મેગાવોટ વીજ ઉત્પાદન હતું. તા. ૩૧-૧૨-૨૦૧૨માં વીજ ઉત્પાદન ૧૮,૪૯૭ મેગાવોટ થનાર છે. એટલે એક વર્ષમાં ૩૩ ટકા જેટલું વીજ ઉત્પાદનનો વધારો થશે. રાજ્યમાં કોલ આધારીત પાવર સ્ટેશન, હોઇડ્રો પાવર સ્ટેશન, અણુપાવર સ્ટેશન અને ગેસ આધારિત

પાવર સ્ટેશનો તૈયાર થઇ રહ્યાં છે. કોલ આધારીત પાવર સ્ટેશનમાં પણ સુપર ટેકનોલોજીનો ઉપયોગ કરીને વણાકબોરી અને ધોલેરામાં નવું રિનોવેશન થઇ રહ્યું છે, જેના કારણે પર્યાવરણના જે પ્રશ્નો છે એ સોલ થશે. ભારત સરકારના પર્યાવરણ વિભાગે પણ આને મંજૂરી આપી છે. રાજ્યમાં ૨૦૧૨ અને ૧૩ માં નવા ૪૨ સબસ્ટેશનોની સ્થાપના થવાના છે ત્યારે ટોટલ રાજ્યમાં ૧૧૯૦ સબસ્ટેશનોની સંખ્યા થઇ છે. રાજ્યમાં વીજ ગ્રાહકો ૭૭,૪૫,૪૧૭ થવા જાય છે. દેશમાં આપણું રાજ્ય એવું છે કે જ્યાં આગળ ૧૦૦ ટકા ગ્રામ વીજળીકરણ છે. હમણાં જ્યોતિગ્રામની વાત કરી. જ્યોતિગ્રામના લીધે રાજ્યના બધા જ ગામડામાં અને પેટાપરામાં વીજળીકરણ પૂરું થયું છે અને દેશના અન્ય રાજ્યમાંથી પણ આપણે ત્યાં જ્યોતિગ્રામ યોજનાનો અભ્યાસ કરવા આવે છે એ આપણા રાજ્યની મોટી સિદ્ધિ છે. રાજ્યે ૨૦૧૦-૧૧ માં ૨૭૭૭૫ મિલિયન યુનિટનું વીજ ઉત્પાદન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી અને ઊર્જામંત્રીશ્રીની દીર્ઘદ્દષ્ટિભર્યા નિર્ણયના કારણે બિનપરંપરાગત ઊર્જા વિકાસ આપણા રાજ્યમાં શરૂ થઇ ગયો છે. હમણાંજ સોલાર પ્રોજેકટની વાત કરી કે સ્વર્ણિમ સોલાર પાર્ક એશિયાનો મોટામાં મોટો પાર્ક પાટણમાં શરૂ થશે જેને એશિયન ડેવલપમેન્ટ બેંકે ૫૦૦ કરોડની સખાવત આપી છે. ગુજરાત સોલાર પાર્કમાં આગળ છે. સોલાર પોલીસીમાં આગળ છે અને દેશમાં આપણું રાજ્ય પહેલું રાજ્ય છે જેને પોતાની સોલાર પોલીસી જાહેર કરી છે. એના કારણો આપણું રાજ્ય સોલાર પાટનગર બની જશે. સોલાર પ્રોજેકટ માટે જે MOU થયા. એમાં ૮૩ કંપનીઓએ MOUમાં ૯૮૬.૫૦ મેગાવોટ વીજ ઉત્પાદન કરવાની ખાતરી આપવામાં આવી છે. ભારત સરકારે પણ ગાંધીનગરને મોડલ સોલાર સિટી તરીકે જાહેર કર્યુ છે. ગાંધીનગરમાં આપણે જોઇએ છીએ કે રહેણાંકનો વિસ્તાર, વાણિજ્યક વિસ્તાર હોય જ્યાં આગળ સોલાર હોટ વોટર સિસ્ટમ ગોઠવવામાં આવી છે. પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે પણ ૧ મેગાવોટના ગ્રીડ સાથે સોલાર પ્લાન્ટ શરૂ થયો છે. સરકારી મકાન હોય ત્યાં આગળ પાંચ કિલોવોટની ક્ષમતા સાથે ૬ સૌર મિશ્ર સિસ્ટમ ગોઠવવામાં આવી છે. સચિવાલયમાં પણ સરકારી મકાન ઉપર પણ ૧૦ કિલોવોટના ૧૯ સોલાર રૂફ ટોપ કાર્યરત છે. આપણે ત્યાં નર્મદા કેનાલ સાણંદ પાસેથી પસાર થાય છે. આ નર્મદા કેનાલ ઉપર પાંચ મેગાવોટની સોલાર પેનલ મૂકવાની એક અરજી આવી છે. MOU થયા છે અને આ સોલાર પેનલને કારણે પાંચ મેગાવોટ વીજ ઉત્પાદન થશે. આપણને ફાયદો એ થવાનો છે કે આપણે આ પેનલના લીધે ૧ કરોડ લિટર પાણીની બચત કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનમાં આપણા રાજ્યમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો આવેલો છે અને આ દરિયા કિનારાના મોજાનો ઉપયોગ કરવા માટે રાજ્ય સરકારે ટાઇડલ ઊર્જા ઉત્પાદન કરવાનો પ્રોગ્રામ તૈયાર કર્યો છે અને આવતા દિવસોમાં એ ટાઇડલ ઊર્જા ઉત્પાદન કરી શકીશું. રાજ્યમાં જીઓથર્મલ પાવર ઉત્પન્ન કરવા માટેનું પણ સંશોધન થઇ રહ્યાં છે. રાજ્યમાં ગરમ પાણીના ઝરાઓ ટુવાટિંબા હોય, તુલસી શ્યામ હોય જ્યાં આગળ ગરમ પાણીના ઝરાઓ મળે છે અને આ ઝરા દ્વારા આપણે જીઓ થર્મલ પાવર ઉત્પન્ન કરવાનો એક પ્રોજેકટ તૈયાર કરી રહ્યા છીએ અને એ પ્રોજેકટ માટે રાજય સરકારે ૫૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જોવા જઇએ તો આપણું જેટકો છે, રાજયની વીજ કંપનીઓ છે, જેમને ઉર્જા ક્ષેત્રે સાત જેટલા એવોર્ડ મળ્યા છે. જે એવોર્ડ મળ્યા છે એમાં Excellency in cost management, Excellency in state for energy and power, Utility and transmission and distribution એવોર્ડ. રાજયમાં સર્વોત્તમ ઉપયોગીતા માટેનો જ છે. ગ્રામીણ ક્ષેત્રે પણ વિતરણની વ્યવસ્થા માટે એવોર્ડ રાજય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા મળ્યો છે. આઇ.ટી.ક્ષેત્રનું નવીનીકરણ કર્યું છે, આપણે ઉર્જા વિભાગમાં. મીટરને લગતી કામગીરી કરી છે એનો પણ આપણને એવોર્ડ મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, Women in power sectorએનો પણ આપણને એવોર્ડ મળ્યોછે અને છેલ્લે Excellence in power sector and reformsમાં પણ ઉર્જા વિભાગને એવોર્ડ મળ્યો છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૧,૯૧૫ કિલોમીટરની ગેસ ગ્રીડ ધરાવતું આપણું રાજય, દેશમાં પ્રથમ નંબરનું રાજય બન્યું છે. ૧૮ જિલ્લાઓ એમાં જોડાયા છે. જી.એસ.પી.સી.એ પાંચ વર્ષના ટૂંકા ગાળામાં પી.એન.જી. વિતરણ કરતી ગેસની મોટામાં મોટી કંપની બની ચૂકેલ છે. કુદરતી ગેસનો વપરાશ, રાજયના ૩,૨૧૫ ઔધોગિક એકમો કરે છે. ૧,૨૫૨ વાણિજયક હેતુ માટે ગેસ વપરાય છે અને રાજયમાં ૮,૭૭,૦૦૦ ઘર વપરાશના ગ્રાહકો આપણા રાજયમાં છે. છેલ્લે વાત કરીશ કે, આપણા રાજયની જે ગેસ, Gujarat State Petronet Limited કંપની છે. જેને ભારત સરકારનો સહયોગ મળ્યો છે અને આ સહયોગને કારણે ૧૨,૫૦૦ કરોડનો સહયોગ મળ્યો છે એને કારણે આ પેટ્રોનેટ કંપની, આંતર રાજય પાઇપ લાઇન પ્રોજેકટમાં ત્રણ વર્ષમાં પાઇપ લાઇન પ્રોજેક્ટ પૂરો કરશે. આંધ્ર પ્રદેશથી રાજસ્થાન, મહેસાણાથી ,

અધ્યક્ષશ્રી : શ્રી દુષ્યંતભાઇ.

શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઉદ્યોગ મંત્રી, પેટ્રોકેમિકલ્સ મંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ અને ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બરાબર ૨૦૦૨ના વર્ષ પર ધ્યાન મૂકવું છે કે, ૨૦૦૨માં જયારે તોફાનો થયા અને આ રાજય કઇ સ્થિતિમાં હતું અને અનેક દેશના લોકોએ આ રાજયને કેવું વગોવેલું. ત્યારે ખૂબ પ્રચલિત એક શબ્દ થયો હતો કે, ગુજરાતમાં જો રોકાણ કરવું હોય, ત્યારે શબ્દ હતો કે, Why Gujarat? ગુજરાત જ કેમ ? અને બરાબર દસ વર્ષ બાદ આજે શબ્દ છે Only Gujarat. દેશ અને દુનિયાનો કોઇ પણ ઉદ્યોગકાર હોય તો તે પ્રથમ વિચાર પોતાનો ગુજરાત રાજય માટે કરતો આવ્યો છે અને કરતો રહે છે. આ દસ વર્ષની અંદર શાંતિ, સલામતી, Good governance, One window clearance, Good internal policy, કોઇ હડતાલ નહીં, યુનિયનબાજી નહીં, સારામાં સારું એમ્પલોયમેન્ટ અને એનાથી પણ અગ્રેસર જે સ્ટેટમાં સારામાં સારો પાવર મળ્યો તેથી ઉદ્યોગકારોએ પોતાનું ડેસ્ટીનેશન ગુજરાત નકકી કર્યુ. સામાજિક અને આર્થિક વિકાસ માટે ઉર્જા એક મહત્વના પાયા સમાન માપદંડ છે. રાજયના વિકાસ માટે મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં છેલ્લા દાયકામાં વીજના પ્રશ્નોનું ખૂબ ઝડપી નિરાકરણ થયું છે. બીજા શબ્દોમાં કહું તો વીજળીને લગતા પ્રશ્નો ખૂબ નહિવત અથવા નિર્મૂળ થઇ ગયા છે. ઉર્જા ઉત્પાદનમાં ગુજરાત સરપ્લસ રાજય જ નહીં પણ ઉર્જા ઉત્પાદનનું સંશોધન, તેના મેન્યુફેકચરીંગ ક્ષેત્રમાં ગુજરાતે અગ્રેસર નેતૃત્વ પુરું પાડયું છે પછી એ પાવર ટર્બાઇન ઇકવીપમેન્ટસ હોય, સોલાર એનર્જીના ઇકવીપમેન્ટસ હોય, ઇન્ડસ્ટ્રીયલ પાવર ડેવલોપર્સ અને સોલાર એનર્જીના મેન્યુફેકચરીંગ પ્રોજેકટ સ્થાપવાનો હોય આવા અનેક મેન્યુફેકચરીંગ યુનિટ ગુજરાતમાં આવ્યા છે. ગુજરાતમાં કોલસાની ખનીજ ખાણ નથી છતાં કોલસા આધારિત વીજ ઉત્પાદનમાં ગુજરાત અગ્રિમ હરોળમાં છે. બિન પરંપરાગતક્ષેત્રે ઉર્જા વિકાસમાં સોલાર વીન્ડ ટાઇડલ એનર્જી જેવા અનેક પ્રયોગો કરીને આજે આ રાજય દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. મારે એના આંકડા એટલા માટે નથી આપવા કે ઘણા બધા સભ્યોએ આંકડા આધારિત માહિતી આ વિધાનસભાગૃહમાં રજૂ કરી છે. દેશમાં, ગુજરાતમાં સુરત જિલ્લો એવો એક જિલ્લો છે કે તે બધી જ ઉર્જાનો સ્ત્રોત સ્વરુપે વીજ શકિત ઉત્પાદનનો ઉપયોગ કરનાર આ જિલ્લો છે. મારે ખાસ કરીને વાત કરવી છે સોલાર એનર્જીની. સોલાર એનર્જીની પોલીસી ડીકલેર કરનાર એક માત્ર ગુજરાત રાજય છે. જેમાં સભ્યશ્રીએ કહયું કે પાટણ જિલ્લામાં સોલાર પાર્ક બનાવવામાં આવશે. જેનું સ્વર્ણિમ સુર્યતિર્થ નામકરણ કરવામાં આવ્યું છે. સોલાર પાર્ક દુનિયામાં સૌ પ્રથમ એવા બહુ માળખાકીય અને બહુ અનન્ય લાભો ધરાવતું પ્રથમ એવું સોલાર પાર્ક સ્થાપિત થયું છે. મારે ખાસ ભાર મુકવો છે આવનારા દિવસોમાં સમુદ્ર આધારિત ટાઇડલ એનર્જી માટે આપણા રાજયમાં ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયો છે. જયાં ૬ મીટરથી વધારે મોજાં ઉછળે છે એ જગ્યાએ આપણે ટાઇડલ એનર્જી પેદા કરી શકીએ છીએ. કચ્છના અખાતમાં માંડવી નજીક ૬૨ ચોરસ કિલોમીટરનો એરિયા છે એ નકકી કરવામાં આવ્યો છે

અને ખંભાતના અખાતમાં હજીરા નજીક ૩૭ ચોરસ કિલોમીટરનો એરિયા નકકી કરવામાં આવ્યો છે. આ બંને સ્થળે સંભવિત ૨૦૦ મેગાવોટ તથા ૩૦૦ મેગાવોટ સુધી વિદ્યુત ઉત્પાદન ક્ષમતાની ટનલની સ્થાપના થનાર છે. આગામી દિવસોમાં જેમ હમણાં માનનીય સભ્યશ્રી ભુપેન્દ્રભાઇ લાખાવાલાએ કહેલું કેનાલ ઉપર સોલાર પેનલ બેસાડી વીજળી ઉત્પાદન કરનાર છે એનાથી બે ફાયદા થનાર છે કે જે કેનાલની અંદર પાણી જતું હતું અને એક પાણી ગરમીની અંદર બાષ્પીભવન થઇ ઉડી જતું હતું એ સોલાર પેનલ મુકવાથી એ નહીં થાય અને બીજું સોલાર પાર્ક બનાવવો હોય તો જમીન સંપાદન કરવી પડે તો આ કેનાલ ઉપર સોલારની પેનલ મુકવાથી આપણે જમીન સંપાદન પણ નહીં કરવી પડે અને તેનાથી ખૂબ મોટી માત્રામાં આપણે ઉર્જા પેદા કરી શકીશું. એક આપણા ગુજરાતના સાયન્ટીસ્ટે ગુજરાતની કેનાલ આધારિત વીજળી ઉત્પાદન કરવું એટલે પાણીની વેલોસીટીથી પણ વીજળી પેદા થાય એવું એક સંશોધન પણ હાથ પર છે અને આવનારા દિવસોમાં એનો પણ આપણે મોટાભાગે લાભ લેનાર છીએ જયારે ૨૯ટકા કાર્બન ક્રેડીટ આ રાજયએ હાંસલ કરી છે આમ જોવા જઇએ તો કાર્બન ડાયોકસાઇડ માથાદીઠ આ દેશમાં છે એ અન્ય વિકસિત દેશો કરતા ઘણું ઓછું છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયાની દ્રષ્ટિએ જોવા જઇએ તો આપણી કાર્બન ડાયોકસાઇડ એટલે સી.ઓ.ટુ. માથાદીઠ આપણી એવરેજ ઓછી છે પણ જયારે આપણે વિકાસ કરતા હોઇએ અને જયારે આખા દેશની અંદર ગુજરાતનો જે પ્રમાણે વિકાસ થતો હોય તે પ્રમાણે બિનપરંપરાગત ઉર્જા આપણે પેદા કરવામાં આપણે અગ્રેસર છીએ. આ ધ્યાને રાખીને આ તબકકે મારે ઉર્જા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. આવનારા દિવસોની અંદર જે પ્રકારે સોલર એનર્જી, વિન્ડ એનર્જી, ટાઇડલ એનર્જી આવા અનેક બિન પરંપરાગત ઉર્જા પેદા કરવાના સ્ત્રોતો જે ગુજરાત રાજયે ઉભા કર્યા છે, એ દેશ નહિ, પણ દુનિયા માટે બેનમૂન છે. દેશ આની નોંધ લઇને અન્ય રાજયોને પણ શીખવા અહીયા ઘણા બધા લોકોને મોકલે છે, ત્યારે વિશેષ કરીને બધા સભ્યો દ્વારા ચર્ચાઓ આંકડા આધારિત થઇ છે, એટલે વધુ આંકડા આધારિત ચર્ચા ન કરતા જે માગણીઓ ઉર્જામંત્રીશ્રી લઇને આવ્યા છે, તે વિના વિરોધે પસાર થાય તેવી વિનંતી સાથે વાત પૂરી કરું છું.

**શ્રી કિરણકુમાર લ. મકવાણા(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ અને ખનીજની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકા, વાલિયા તાલુકાની અંદર મોટા પ્રમાણની અંદર રબલ અને કપચીનાં કારખાનાં આવેલા છે. એ રબલને પીસીને કપચી બનાવવામાં આવે છે એ પથ્થર તોડતા ખાણ અને ખનીજ વિભાગ તરફથી રોયલ્ટી પાસ ઇસ્યુ કરવામાં આવે છે, એમાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર છે. રોયલ્ટી પાસ આખા દિવસમાં બે ગાડી માટે ફાળવવામાં આવે છે. અને ૧૦ ગાડી વગર રોયલ્ટીએ પાસ કરવામાં આવે છે. રાજય સરકારને રોયલ્ટીની આવકની અંદર ખૂબ જ ઘટાડો થાય છે અને ખૂબ જ નુકશાન થયું છે. જેની રજૂઆત મેં અવાર-નવાર સંકલન સમિતિની અંદર કરી છે, પણ એના પરિણામ શૂન્ય આવેલાં છે. મારી માગણી છે કે જે હમણા રોયલ્ટી અધિકારીઓ અને એની સાથે જે કઇ સાંઠગાંઠ થઇ અને જે કોઇપણ વ્યક્તિ સંડોવાયેલ છે એવા ઇજારાદારો સામે સખતમાં સખત કાર્યવાહી કરવામાં આવે એવી મારી માગણી છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં માટીમોરમની ચોરીના અનેક કિસ્સા નોંધાયેલા છે. મેં અને ઝઘડિયા તાલુકાના અનેક આગેવાનો સહિત જિલ્લા સમાહર્તા ભરૂચને અનેકવાર આવેદન પત્રો આપેલ છે તેની તપાસ થતી નથી. તપાસ કરવા માટે ટીમ ગઇ છે. તપાસ માટે સ્થાનિક લોકો તે ટીમની સાથે જાય છે, તે સ્થાનિક લોકોને માર મારવામાં આવે છે. જીવલેણ હુમલાઓ કરવામાં આવે છે. એ જીવલેણ હુમલા કરવાવાળા વ્યક્તિ કોણ છે તેની તપાસ થવી જોઇએ. ખરેખર આ રોયલ્ટી ચોરી કરવા વાળા વ્યકિતઓ છે કે બીજા છે. મારે કહેવું છે કે આ જે કઇ રોયલ્ટીની ચોરી કરેલ છે, એની સામે સખતમાં સખત કાર્યવાહી કરવી જોઇએ અને કસૂરદારો સામે પગલાં લેવાં જોઇએ. ગઇ કાલે તારાંકિત પ્રશ્નોત્તરીમાં મારો ખાણ અને ખનીજનો પ્રશ્ન હતો, એની અંદર એકાદ વર્ષના ગાળાની અંદર ગેરકાયદેસર માઇનિંગના કિસ્સાની અંદર કેટલા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી? એની અંદર મને જાણવા મળ્યું છે કે ૩૪ ઇસમો સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. એની સામે કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો, તો ૧ કરોડ ૩૦ લાખથી સમથિંગ વધારે. તો મારું કહેવું છે કે આ તો ૩૪ સામે તપાસ કરી

છે એ છે. આવા તો અસંખ્ય એવાં કારખાનાં છે. અસંખ્ય એવી ખાણો છે. આજની તારીખે પણ ધમધકોર ચાલે છે. ગેરકાયદેસર માઈનિંગ ચાલે છે. એવી ખાણોની તપાસ થવી જોઇએ અને લાગતા વળગતા જે કઇ અધિકારી હોય એની સામે કડક કાર્યવાહી કરવી જોઇએ અને ખાણ ખનીજ ચલાવતા ખાણિયાઓનું જે મેળાપીપણું છે તેમની સામે દંડ વસૂલ કરવામાં આવે તેવી મારી માગણી છે. ભરૂચ જિલ્લાની અંદર ચોક્કસ વ્યક્તિઓ સામે ચોક્કસ માણસો ખાણ, ખનીજ વિભાગ દ્વારા છાપાઓ મારવામાં આવે છે. મારું કહેવું છે કે જે રેગ્યુલર ખાણ ખનીજ ખાતામાં રોયલ્ટી ભરતા હોય છતા પણ એને ત્યાં છાપાઓ મારી કરોડો રૂપિયાનો દંડ કરવામાં આવે. ખરેખર તપાસ થવી જોઇએ. અને જે કઇ ગેરકાયદેસર બાજુમાં ખાણો ચાલે છે એની તપાસ થતી નથી. મારી એક જ વિનંતી છે કે આ સરકારમાં એકને ગોળ અને એકને ખાણ નીતિ છે તે દૂર કરવી જોઇએ.માનનીય અધ્યક્ષશ્રી, ઝઘડીયા તાલુકાના કપલસાડી ગામની એક વાત કરું તો ત્યાં માટી મોરમ માટે અનેકવાર રજૂઆતો કરેલી છે. લાખો કરોડો રૂપિયાની માટી મોરમની ચોરી કરેલી છે. ઓન પેપર છે. આપ સાહેબ કહેશો તો આપ સાહેબને તેનું પ્રુફ આપીશ. નેત્રંગ અને રાજપારડી રોડ ઉપર અનેક ખાણો આવેલી છે. તે અત્યારે બિનકાયદેસર છે, તેમાંથી ગેરકાયદેસર રીતે વહન કરવામાં આવે છે. હમણાં જ દોઢ મહિના પહેલાં ખાણ ખનીજ ખાતાએ છાપો મારેલો હતો. ૪ હિટાચી અને ૧૫ ડમ્પર જપ્ત કરાવેલા હતા. ઝગડિયા પોલીસે વિના વાંકે અને વિના પરવાનગીએ કાગળો લીધા વગર છોડી મૂકયા છે. આવી નીતિ રાખવાનું કારણ શું. પોલીસ માટે હું ગૃહમંત્રી સાહેબને વિનંતી કરું છું કે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ.

**ડો. અનિલ જોષીયારા(ભિલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા મંત્રીશ્રી તેમની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતા હતા કે કોંગ્રેસના શાસનમાં ત્રણ કલાક વીજળી નહોતી મળતી. આ જે સામે પક્ષના માણસો છે તે ચૂંટણી ઢંઢેરો હતો તે ભૂલી ગયા લાગે છે. તેમણે એ વાત કરી હતી કે અમે હોર્સ પાવરથી લાઇટ આપીશું, અમે ૧૬ કલાક લાઇટ આપીશું. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ. તમે સત્તા પર આવ્યા એટલે આ બધુ ભૂલાઇ ગયું. ૧૬ કલાકની વાત પણ ભૂલાઇ ગઇ અને હોર્સ પાવરની વાત પણ ભૂલાઇ ગઇ. આજે મીટરો દાખલ કરી દીધા છે. સાહેબ પરિસ્થિતિ એ થઇ અને હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતા હતા કે વીજળી ત્રણ કલાક આપતા હતા. મારે તો તમારા આંકડા કહેવા છે. તેમના આંકડા જ એમ કહે છે કે ૨૦૦૧-૦૨માં ૧૫૬૯૫ મિલીયન યુનિટ વીજળી ખેડૂતોને મળતી હતી. ખેડૂતોનો વીજ વપરાશ એટલો હતો. અત્યારે ખેડૂતોની સંખ્યા વધી ગઇ છતાં વીજ વપરાશ ઘટી ગયો. તેના પરથી ખબર પડે છે કે ખેડૂતોને તમે કેટલી વીજળી આપો છો. ૨૪૧૦ મિલીયન યુનિટ વીજળી ઓછી મળે છે. તમે કોને વીજળી વધારે આપો છો? ઉદ્યોગો ને સાહેબ. કોંગ્રેસના શાસનમાં તમને ખબર હોય તો ખેડૂતને મુશ્કેલી ન પડે તેના માટે ઉદ્યોગોમાં લાઇટ બંધ કરવામાં આવતી હતી. બે-બે દિવસ કાપ મૂકવામાં આવતો હતો. ખેડૂતોને લાઇટ મળતી હતી અને અમે ખેડૂતોની ચિંતા કરતા હતા.આજે પરિસ્થિતિ ઉંધી આવી ગઇ છે. અત્યારે તો તમે ઉદ્યોગોની ચિંતા કરો છો. ખેડૂત બિચારો ઠંડીમાં મરી જાય, રાત્રે બે વાગે લાઇટ ચાલુ થાય છે. રાત્રે જંગલના પશુઓ અને ઠંડી એટલી બધી પડે છે કે ઠંડીમાં માણસો સાહેબ, બે-ત્રણ તો અમારે ત્યાં મરી ગયા છે આવી ઠંડીમાં. તો પણ સરકારના પેટનું પાણી હલ્યુ નહીં. પહેલાં તો સરકારે કહ્યું કે અમે આઠ કલાક વીજળી આપીશું અને આઠ કલાક દિવસે આપીશું એવી વાત કરેલી. ધીરે ધીરે એવા ટેવડાવી દીધા કે ધીરે ધીરે રાત્રે આઠ કલાક લાઇટ મળે છે. એમાં પણ શનિવાર-રવિવારે જયારે શીડયુલ ચેઇન્જ કરવામાં આવે છે ત્યારે ચોવીસ કલાક સુધી લાઇટ મળતી નથી. મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ રેકર્ડ તમે કઢાવી જુઓ કે શનિવાર રવિવારે જયારે શીડયુલ ચેઇન્જ થાય છે ત્યારે તમે કેટલા કલાક લાઇટ આપો છો. આના પરથી તમને ખબર પડશે. ૧૯૮૬-૮૭માં ૫૮ પૈસે વીજળી મળતી હતી.તેઓ કહે છે કે અમારા પક્ષે અમે ૪૯ પૈસે વીજળી આપીએ છીએ. તેવું તો કોઇ ટેરીફ જ નથી.તમારું ટેરીફ ફકત ને ફકત ૫૦ પૈસાનું છે અને તત્કાલન કનેકશનમાં ૭૫ પૈસાનું છે. હોર્સ પાવરથી ચાલે છે તેમાં અમરસિંહભાઇની સરકારમાં એક હોર્સ પાવરના ૧૯૨ રૂપિયા હતા તે આજે ૨૧૦૦ રૂપિયા કર્યા છે. ૨૧૦૦ રૂપિયા અત્યારે તમે લો છો. તેમાં પણ અમરસિંહભાઇની સરકારમાં પાંચ હોર્સ પાવરની મોટર હોય તો બે હોર્સ પાવર માફ મળતા હતા. તમે બીલ જોઇ જોજો તેમનું. બે હોર્સ પાવર માફ થાય

એટલે ત્રણ હોર્સ પાવરના પૈસા ભરવા પડતા હતા. ત્રણ હોર્સ પાવરના ૫૭૬ રૂપિયા આખા વર્ષના ભરતા હતા. તમારા વખતે ૨૧૦૦ રૂપિયા એક હોર્સ પાવરના તો આખા વર્ષના ૧૦ હજાર રૂપિયા ઉપર જાય છે. ૧૦૫૦૦ રૂપિયા થાય છે. ઠીક છે તેમાં થોડીઘણી સબસીડી મળતી હશે. તે ધીરે ધીરે બંધ કરશો તો ખેડૂતને મરવાની દશા આવવાની છે. તમે એમ કહો છો કે વીજળી અમે બહુ વધારી દીધી. તમે પોતે કેટલી વધારી? આ તો જે પ્રાઈવેટ સેકટરમાં વીજળી વધી છે તેને એમ કહે છે કે અમે વીજળી વધારી છે. તમારી વખતે ૧૯૯૯માં ૪૫૪૦ મે.વો. હતી. આજે તે વીજળી વધી અને ૪૯૯૬ મે.વો.થઇ છે. આજે એ વીજળી વધી અને ૪૯૯૬ મેગાવોટ થઇ છે. તમે ફકત ૪૫૬ મેગાવોટનો વધારો કરી શકયા છો, બાર વર્ષ પછી, બાર વર્ષ પછી, આ માંડ થોડોક વધારો થયો છે. મોટા ભાગની જે વીજળી છે એ તો મોંઘી વીજળી આપણે બહારથી ખરીદવી પડે છે અને જે દર વખતે તમે કેન્દ્ર સરકારની બૂમો પાડો છો કે કેન્દ્ર કશું આપતું નથી, પણ કેન્દ્ર જે ૩૦૦૦ મેગાવોટ વીજળી આપે છે એને તમે બહાર આપી દો છો, બહાર વેચી દો છો, ત્યારે મારે તમને એમ કહેવું છે કે, ખેડૂત બિચારો રાત્રે હેરાન થાય છે એને તો તમે આઠ કલાકમાં થોડીક વધારી આપો. એમાં તમને શું મુશ્કેલી પડે છે? એના લીધે તો તમે અહીં સત્તા ઉપર બેઠા છો, આમાં થોડોક વધારો કરવો જોઇએ પણ, સાહેબ, એ નથી કરવો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે, સરકારે જયોતિગ્રામ યોજનાની વાત કરી, અને એમ કહ્યું કે ૧૮૦૬૫ ગામોમાં ૨૪ કલાક થ્રી ફેઇઝ લાઇટ, ત્યારે મારે એમને એમ કહેવું છે કે ૧૮૦૬૫ ગામો નહીં પણ એમાંથી ૩૬ ગામો ડૂબમાં ગયેલાં છે એ તો તમે કમસેકમ કાઢો, બીજું ન કાઢો તો, અને સાહેબ, ડૂબમાં ગયેલા છે એને પણ એમ કહે છે કે ૨૪ કલાક વીજળી, અને અમારા મત વિસ્તારમાં પરિસ્થિતિ એ છે કે એમાં આજે પણ ૨૫ થી ૩૦ ટકા ઘરો વીજળીકરણના બાકી છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થાય છે.

**શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી,ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી લઇને માનનીય મંત્રીશ્રી જે આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું. સદભાવનાના સૂત્રથી કોઇ સાદગી નથી બનતા, સમીર વિનાના વાદળમાં કોઇ પતંગ નથી ચગતા, સદભાવનાના મન પાવનના ખેલ બધા ન્યારા છે, કેવળ ઝંખના કરવાથી કદી ખેલ નથી પડતા.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગની ચર્ચા ઉપર હું આવું છું. જેમ પાણી ઉપર પહેલો અધિકાર મનુષ્યનો છે, તેમ વીજળી ઉપર પણ પહેલો અધિકાર મનુષ્યનો છે, જેમ પાણી ઉપર બીજો અધિકાર ખેડૂતનો છે તેમ વીજળી ઉપર પણ બીજો અધિકાર ખેડૂતનો છે જેમ પાણી ઉપર ત્રીજો અધિકાર ઉદ્યોગપતિઓનો છે એમ વીજળી ઉપર પણ ત્રીજો અધિકાર ઉદ્યોગપતિઓનો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે આ ભાજપના રાજયમાં શું કરીએ છીએ? આદિવાસીઓના ખેતરોની અંદર જે ઘર બનાવવામાં આવે, એ ઘરની અંદર એને વીજળી આપવામાં આવે, વીજ કનેકશનની માગણી કરવામાં આવે તો આપણે એમ કહીએ કે ભાઇ, ઘરથાળનો તમે ગામતળનો દાખલો લાવો, તો જ તમને વીજકનેકશન મળે, નહીં તો વીજ કનેકશન આપવામાં આવતાં નથી. આ સદભાવનાની વાત કરીએ છીએ આપણે?

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહમાં અમારા આદિવાસી નેતા મુરબ્બી શ્રી અમરસિંહભાઇને વિચાર કરવા પડે અને યાદ કરવા પડે, અત્યારે માનનીય સભ્યશ્રી અનિલભાઇ જોષીયારાએ કહ્યું કે, અમરસિંહભાઇની સરકાર હતી, એકે એક ગુજરાતના ખેડૂતોને હોર્સપાવર દીઠ લાઇટ આપી છે, દુકાળોમાં બધા ખેડૂતોને બચાવ્યા છે, આજે આપણી એ નીતિ કયાં ગઇ? આજે આપણે મીટર પ્રથા દાખલ કરી, અને મીટર પ્રથાને કારણે આજે ખેડૂત પાયમાલ બન્યો છે, અને ગુજરાતનો મુખ્ય મંત્રી એમ કહે કે મારા કારણે ગુજરાતનો ખેડૂત એ ફોરવ્હીલ ગાડીમાં અને મારૂતિમાં ફરતો થયો છે, અરે, હું તો તમને કહેવા માગું છું કે, આ ગુજરાતનો ખેડૂત એ ખમીરવંતી છે, અને ગુજરાતના ખેડૂતે પોતે શેરડીના પાક મહેનત કરીને ઉત્પાદન મેળવ્યું અને તેને કારણે એ ગાડીમાં ફરતો થયો છે, નહીં કે નરેન્દ્રભાઇના કારણે, આજે હું તમને કહેવા માગું છું કે, આદિવાસીઓને તમે સીંગલ ફેઇઝની મોટર આપો, અને એ આપશો તો આજે આદિવાસી ખેડૂત એક એકરની અંદર પોતે માલ ઉત્પાદન કરશે અને પગભર બનશે પણ આપણે શું કરીએ છીએ કે આ

ખેડૂતોને વીજ આપવામાં આનાકાની કરીએ, વીજ કનેકશન માટે આપણે વાત કરીએ, જીઇબીમાં ફોન કરીએ તો અધિકારી કહે કે, કુંવરજીભાઇ, તમે સરકારમાં બેઠા છો તો એટલું તો કહો કે, સમયસર અમને મટીરીયલ આપે, સમયસર અમને થાંભલો આપે. કયાં છે ભાઇ, આ બધું? બધુ તમારા રાજમાં ખોવાઇ ગયું છે, અને ડાંગના વિજયભાઇને પણ મારે કહેવું છે કે, વિજયભાઇ તમે જે વાત પેટાપરાંની કરતા હતા, આદિવાસીઓને તમે વીજ કનેકશનની વાત કરતા હતા તેનો જવાબ સાંભળો, આદિવાસીઓના ખેડૂત અને ગરીબ ઘરમાં વીજ કનેકશન નથી મળતા.

**શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોલિયમ અને ખાણ ખનિજ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે (અંતરાય) અરે, બાપુ જરા સુધરો. બીજું કે જે આ ગુજરાત રાજય છે એ ખેતી પ્રધાન છે, ૭૦ ટકા ખેડૂતો ખેતી કરે છે એમાં ૩૦ જ ટકા મોટા ખેડૂતો છે અને ૭૦ ટકા નાના ખેડૂતો છે ૧૦૦માંથી અને તમે જે ટપક સિંચાઇ પધ્ધતિ કરી એ કોણ કરશે? એ કોણ લેશે વીજળી? મોટા ખેડૂતો લેશે, નાના ખેડૂતોનું શું બિચારાનું? નાના અને સીમાંત ખેડૂતોનું શું? નાના અને સીમાંત ખેડૂતોને વીજળી કઇ જોઇએ? ૨ એચ.પી., ૩ એચ.પી., ૫ એચ.પી. તો એ કરી શકશે. કેમ કે એટલા બધા રૂપિયા ન હોય એની પાસે, એટલા બધા રૂપિયા ન હોય કે એ વીજ કનેકશન ખેતી માટે લઇ શકે. એલા ભાઇ, મેં કેટલીય વાર કહ્યું છે કે હવે સુધરો પણ નથી સુધરતા. નાના અને સીમાંત ખેડૂતો ૭૦ ટકા છે આ ગુજરાતમાં એનું કાંઇ ભલુ કરો એનું ભલુ કરો કાંઇક તો તમારું સારું થશે નહીં તો સમૂળગા જતા રહેશો. મોટા ખેડૂતો નહીં આપે તમને વોટ, ૭૦ ટકા નાના ખેડૂતો વોટ આપે છે તમને એટલે જ તમે અહીંયા બેઠા છો. આ વખતે અમારું રાજ આવવા દો અમે ૭૦ ટકા ખેડૂતોને નાના અને સીમાંત ખેડૂતોને વીજળી ૨ એચ.પી., ૩ એચ.પી. ઓછા ભાવે આપીશું. આ તમારી જેમ નહીં કરીએ અમે, અમારી સરકાર આવે એટલે જુઓ તમે અરે, અમે ગમે તે રીતે નાના અને સીમાંત ખેડૂતોને ૨ એચ.પી., ૩ એચ.પી.ના વીજ કનેકશનો આપીશું અને જો જો તમે અને આ બધી વીજળી વેંચી શા માટે નાંખો છો? ખેડૂતોને ૮ કલાક જ વીજળી શા માટે આપો છો? આપોને ૨૪ કલાક ૨૫ કલાક. ઉધ્ધોગોને જો તમે આપતા હોય અને આ ૬૧ ટકા વીજળી કેન્દ્ર સરકાર તમને આપે છે તમે શું કર્યુ? એ તો કહો. અમારા જે ભાઇ હતા ત્રિભોવનદાસ કાકા અને ભાઇ ડો.કુરિયન તો દૂધની આખી કેવી ક્રાન્તિ કરી હતી તો તમે એવું તો કંઇક કરો. આ શાકભાજી અને બટાકા લોકોએ રોડ ઉપર વેરી નાંખ્યા, શું કામે વેરી નાંખ્યા? આ તમારી બેકાળજીને લીધે, તમારી બેકાળજીને લીધે આ બિચારા ખેડૂતો દુઃખી થઇ રહ્યા છે. ખેડૂતો આપઘાત કરે છે તો તમે એમના માટે કંઇક કરો નહીંતર એ પાટલી ઉપર છોને એમાંથી આ પાટલી ઉપર આવી જવાના છો.

બીજું તમે કહ્યું ખાણ અને ખનિજ. આ ગુજરાતમાં ખાણ અને ખનિજ એટલું બધું છેને જો એનો ઉપયોગ કરીએ તો આપણી ઉપર કોઇ દેવું પણ ન રહે. પણ એ કાંઇ તમને ખબર છે કે, ક્યાં ખાણ અને ખનિજ છે? તમે કહો છો કે અમે આમ કર્યું અને તેમ કર્યું. પણ ટેકનોલોજી તો રાજીવ ગાંધી અને સામપિત્રોડા લાવ્યા, તમે નથી લાવ્યા ત્યારે જ ટેકનોલોજી આવી. અહીંયા કહ્યું કે ત્યાં ગયા હતા નરેન્દ્રભાઇ ટેકનોલોજી લેવા અને કહે અમે ટેકનોલોજી લાવ્યા અને આમ કર્યું તેમ કર્યું. અરે, (xxxxx) શા માટે મારો છો સાચું બોલતા શીખો. આ કળિયુગમાં સાફ થઇ જશો આ કળીયુગ છે સાચું બોલતા નહીં શીખો તો. ધર્મરાજા સહેજ જુઠ્ઠુ બોલ્યા હતા તો રથ નીચે ઉતરી પડ્યો હતો ખબર છેને?* (xxxxx) (xxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : બાપુ કાંઇ બોલ્યા જ નથી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : બાપુને કહેવું પડેને (xxxxx)

**શ્રી બચુભાઇ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગો અને ખાણ ખનિજ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા કેટલાક સૂચનો અને પ્રશ્નો રજૂ કરવા માટે ઉભો થયો છું.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો હું દાહોદ જિલ્લાની જ વાત કરીશ કે દાહોદ જિલ્લો મારો આદિવાસી જિલ્લો છે. ત્યાં ખૂબ જ ઓછા પ્રમાણમાં વીજળી લેનારા છે. બહું બહું તો કૂવા પર કે નાની સિંચાઇ મંડળીઓ મારફત જ વીજળી લે છે એના સિવાય કોઇ બોર મોટરથીઅને આ સંજોગોમાં પણ ત્યાં અમારા વિસ્તારમાં ફકત આઠ કલાક વીજળી મળે છે તે રાત્રેના બદલે દિવસે મળે તે એક અમારી માગણી છે. બીજી અમારી માગણી જે કંઇ થોડાં ઘણાં માગણીવાળા છે તેને જલ્દી કનેકશન મળે અને ત્રીજી વાત એ છે કે, વ્યકિતગત ખેડૂતોને વીજળી આપવાની આપણી નીતિ આઠ કલાકની છે બરાબર. પણ જે અમારા વિસ્તારમાં લગભગ ૧૫૦ જેટલી પિયત સહકારી મંડળીઓ છે અને તે ખાસ કરીને ટ્રાયબલ વિસ્તાર તરીકેની આ મંડળીઓ છે. ૧૫૦ મંડળીઓ છે તેમાં ૧૨ હજાર જેટલાં ખેડૂતો છે અને ૨૦ હજાર હેકટર જેટલો વિસ્તાર આ પિયત મંડળીઓ મારફતે પિયત થાય છે. હવે જે આ પિયત મંડળીઓને વીજળી આપવાની નીતિ છે તે બાબતે અમે વારંવાર રજૂઆત કરી. ત્યાં સંકલનમાં કરી, જિલ્લા કક્ષાની જે વીજ બોર્ડની કમિટી હોય તેમાં પણ કરી છે અને માનનીય મંત્રીશ્રીને પણ આ બાબતે વારંવાર રજૂ આત કરી છે. અને છેલ્લે અમે સાત-સાત દિવસ આદિવાસી ધારાસભ્યો તરીકે ઉપવાસ ઉપર બેઠેલાં હતા. પ્રશ્ન એ છે કે, આ ખેડૂતોનો જીવન મરણનો સવાલ છે આ જે પિયત સહકારી મંડળીઓ છે વ્યકિતગત ખેડૂતોને આપવાની નીતિ આપણી આઠ કલાકની છે પણ પિયત મંડળીઓને વીજળી આપવાની કોઇ નીતિ નથી. અને આ નીતિ નથી પરિણામે આપણી ૧૫૦ મંડળીઓના લગભગ આજે ૧૨ હજાર ખેડૂતો આજની તારીખમાં પાણી હોવા છતાં છતે પાણીએ અમે ખેતી કર્યા વગરના રહ્યાં છીએ. એમાંનો હું એક પોતે પણ ખેડૂત તરીકે આ પિયત મંડળીમાં છું. હવે આ પિયત મંડળીમાં વીજળી આપવાની આપણી નીતિ શું છે ? જે ખેડૂતને આઠ કલાક આપો એવી જ રીતે તમે પિયત સહકારી મંડળીઓને પણ આઠ જ કલાક વીજળી આપો. પરિણામ શું આવ્યું કે અમારી એક મંડળીમાં ૧૦૦ કે ૧૫૦ ખેડૂત હોય તો સરેરાશ એક ખેડૂતને ભાગે પાંચ જ મિનિટ વીજળી આવે છે. કેટલી ? ફકત પાંચ મિનિટ. હવે એ પાંચ મિનિટમાં ખેતીમાં કઇ રીતે પહોંચી શકતો હશે તે આપ કલ્પી શકો છો. અને પરિણામ શું આવ્યું કે અમારી પાસે પાણી હોવા છતાં અને વીજળીના કારણે આટલા ખેડૂતો આજે પિયત વગર બાકાત રહ્યા અને અમે આજે ખેતી કરી શકયા નથી. ત્યારે આવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી કમ સે કમ ખાતરી આપે એટલી જ મારી વિનંતી છે.

**શ્રી ઇકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગની માગણીઓના ઉપર મારા મહત્વના મુદ્દાઓ મારા સાથી પક્ષના સાથી સભ્યશ્રીઓએ રજૂ કરેલા છે તેમાં સૌની લાગણી એ છે કે, સમગ્ર દેશમાં સૌથી વધારે મોંઘી વીજળી ગુજરાતમાં થવા પામેલી છે તેનું મુખ્યત્વે કારણ એ છે કે, વીજળી જે પેદા કરવામાં આવે છે અને વીજળી વેચવામાં આવે છે તેના વચ્ચેનો વહીવટી ખર્ચ છે એટલા મોટા પ્રમાણમાં કરવામાં આવે છે કે તેના કારણે આ વીજળી આપણને મોંઘી મળે છે. અત્યારે જે વાત કરી તે વાતમાં રાજયમાં જે વીજળીની પેદાશ કરવામાં આવે છે તેમાં માત્ર અને માત્ર ખેડૂતોને ૨૨ ટકા વીજળી કુલ ઉત્પાદનના આપવામાં આવે છે. ૪૦ ટકા વીજળી ઉદ્યોગોને આપવામાં આવે છે અને ૧૬ ટકા ડોમેસ્ટીકને આપવામાં આવે છે. આમ આપણે જે મોટી વાત કરીએ છીએ કે સોલાર પ્રોજેકટની વાત કરીએ છીએ. સોલાર પ્રોજેકટ આખા ભારતમાં છે. ભારત સરકારે આપણને કહ્યું છે કે સોલાર પ્રાજેકટ તમે ગ્રીન રેવલ્યુશન માટે અપનાવો. આપણે ત્યાં ૨૦૦૯થી શરૂ કર્યુ ૮૨ જેટલાં રોકાણકારોએ એમ.ઓ.યુ. ૯૬૮ જેટલાં કર્યા છતાં પણ આજે ઉત્પાદનના નામે બિલકુલ શુન્ય ઉત્પાદન જેવું એક માત્ર આશ્વાસન લઇએ એ ટાઇપનું ઉત્પાદન છે. તે સિવાય ઉદ્યોગની વાત કરીએ તો ઉદ્યોગમાં પણ મારા વિસ્તારમાં પી.સી.પી.આઇ.આર છે, મારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી છે. વર્ષો પહેલાં જે જમીન ઉદ્યોગના હેતુસર ફાળવવામાં આવેલી છે તે જમીન આજે પણ વપરાયા વિનાની પડી રહેલી છે. ઉદ્યોગ વિભાગે એલોટમેન્ટ કરેલું છે અને તે એલોટમેન્ટ પછી પણ આજે તે જમીનો ઉપર ઉદ્યોગો શરૂ નથી થયેલાં એટલે આપણે એનું પણ રિવ્યુ કરવાની જરૂર છે. આપણે સસ્તામાં સસ્તી જમીન આપી દઇએ છીએ અને બીજી બાજુ તેની ઉપર ઉદ્યોગોની સ્થાપના થતી નથી, ખેડૂતોની પાસેથી આપણે સસ્તી જમીન ઉદ્યોગોના હેતુ માટે લઇએ છીએ અને ખેડૂતોના છોકરાઓને આપણે તેની ઉપર જોબ ક્રિએટ નથી કરતા, તેને લેન્ડલુઝરને નોકરી નથી આપતાં, ઉદ્યોગના વિસ્તારમાં વિકાસ નથી કરતા, એ

વિસ્તારમાં ડેવલપમેન્ટ નથી કરતા, ત્યાં યોજનાઓનો અમલ નથી કરતાં, ત્યાં કમિટીઓ મારફતે જે ઇન્ફ્રાસ્ટ્રકચર આપવું જોઇએ તે નથી આપતાં એટલે મારી વિનંતી છે કે આ મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે.

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે માગણીઓ લઇને આવ્યો, એના ઉપર અઢારેક સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. ઘણા સભ્યશ્રીઓએ સારા સૂચનો પણ કર્યા છે. ઘણા લોકોએ ટીકા પણ કરી છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે સભાગૃહને કહેવું છે કે છેલ્લા ૧૦ વર્ષ ઉર્જા ક્ષેત્રે એમ ચોકકસપણે કહી શકાય કે ગુજરાતના માટે રીમાર્કેબલ એચીવમેન્ટ્સના આ ૧૦ વર્ષો છે. મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે હું જયારે આપને માહિતી આપીશ ત્યારે અમારા મિત્ર માનનીય નટવરસિંહભાઇ આ પાટલી ઉપરથી આ પાટલી ઉપર આવવા માટે તૈયાર થઇ ગયા હશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો હતો કે વીજળીની અછત હતી. ૪ કલાક બંધ. ૬ કલાક બંધ. ૧૨ કલાક બંધ. મારે આપ સૌને પૂછવું છે કે શું સાચ્ચે જ પૂછો તો લોડશેડીંગ જેવો શબ્દ રહ્યો છે ખરો? આપણે આજે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજય છે કે જયાં લોડશેડીંગ નથી. આ આપણી સૌથી મોટી સિદ્ધિ છે.. ઉત્પાદન, ટ્રાન્સમિશન, ડિસ્ટ્રિબ્યુશન, સોલાર પોલિસી, વીન્ડ પોલિસી, ટાઇડલ પોલિસી આ બધાના જ કારણે ગુજરાત નંબર વન પર પહોંચ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંકડા પણ આપું. ૪૦ વર્ષમાં આપણે એવરેજ ગ્રાહકો વધારતા હતા. કન્ઝયુમર્સ. એ ૧,૭૪,૦૦૦ હતા. છેલ્લા ૧૦ વર્ષમાં ૪,૨૩,૦૦૦ કન્ઝયુમર્સનો વધારો એવરેજ આવ્યો છે. એવરેજ. લોડ કેટલો વધારે? ૧૯૬૦થી ૨૦૦૦માં ૩૮૯ મેગાવોટનો દર વર્ષે. છેલ્લા ૧૦ વર્ષમાં એનાથી ૪ ગણો ૧૩૦૩. વીજળીનો વપરાશ એમાં પણ એટલો જ વધારો અને માથાદીઠ વપરાશ ૨૩ હતો કિલોવોટ પર અવર. ૨૩. અને ૨૦૦૧થી ૨૦૧૧નો. એમાં ૩ ગણો. ૫૬ નો વધારો થયો છે. એટલે આપ જોઇ શકો છો કે પરિણામો, એના કારણે શું કારણોસર થયા? માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યનું જોઇએ જનરેશન. વીજળીનું ઉત્પાદન. વીજળીના ઉત્પાદનમાં આપણે વાત કરીએ ૩૧–૩–૨૦૧૧ એ ૧૩૧૬૪ મેગાવોટ હતું. હમણા પૂછયું અમારા સભ્યશ્રીએ. ૭૮૦ મેગાવોટનો વધારો થયો અને એના ઉપર ૧૮૦૧ના મેગાવોટનો વધારો થવાનો છે. જે અમે માહિતી આપી કે ૪૫૮૩ મેગાવોટનો એક વર્ષમાં વધવાનો છે. એ ૧–૧–૧૨ થી ૩૧–૧૨–૧૨ સુધીમાં ૪૫૮૩ મેગાવોટનો વધારો થવાનો છે. એટલે જયારે આપણે આવતા વર્ષે ફરીથી મળીશું ત્યારે અહીંની કેપેસિટી ૧૮૪૯૭ મેગાવોટની હશે. તમે વિચાર તો કરો. એક રાજય તો બતાવો કે જેમાં આટલા ટકાનો વધારો થયો હોય.

માનનીય અધ્યક્ષશ્રી, હું મહારાષ્ટ્રનો દાખલો આપું. મહારાષ્ટ્રમાં ૧૭.૯૨ ટકાનો અને આપણે ત્યાં ૫૬.૯૮ ટકાનો. આ ૪ વર્ષની સરખામણી આપું છું. અને મારી પાસે ભારતના બીજા રાજયોની પણ માહિતી છે. પણ હું આપતો નથી. પણ તમે ખાલી વિચાર કરો કે ૪૫૮૩ મેગાવોટનો એક વર્ષનો વધારો. (અંતરાય) રમણભાઇ, અનિલભાઇ, એ પણ આપણે વાત કરીશું. ૪૫૮૩ મેગાવોટનો એક વર્ષનો વધારો. રાજસ્થાનની કુલ વીજ ક્ષમતા ૮૪૭૧. હરિયાણાની ૮૫૩૦, કેરાલા, એક વર્ષમાં કેરાલામાં આટલા વર્ષોની અંદર જેટલું વીજ ઉત્પાદન થયું એનાથી વધારે વીજ ઉત્પાદન એક વર્ષમાં ગુજરાત કરશે. કેરાલાની ૩૫૧૪, દિલ્હીની ૩૬૭૭ અત્યાર સુધી, એટલે દિલ્હી કરતાં પણ વધારે વીજ ઉત્પાન આપણે એક વર્ષમાં કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા એટલું જ કહેવું છે કે એકલા કન્વેકશનમા નહીં પણ નોન કન્વેકશનમાં પણ એટલે બન્નેમાં વધારે થયું છે. સોલરની નીતિ સૌથી પહેલા ગુજરાતે કરી, અને આખા દેશમાં એ નીતિના વખાણ થયા, અમલીકરણ કરવાની વાત આવી તો ગુજરાત એમાં પણ નંબર વન આવ્યું. આજે ગૌરવ સાથે મારે કહેવું છે કે ગુજરાતમાં ૬૦૦ મેગાવોટના સોલર વીજ ઉત્પાદનના ૩૧ માર્ચે કમીશનીંગ થયા. અને આખા દેશમાં કેટલા થયા? ૧૩૦ થી ૧૯૮ મેગાવોટ, વિચાર કરો, એકબાજુ આખો દેશ અને એકબાજુ માત્ર અને માત્ર ગુજરાત અને એ પણ ૩ ગણું. અને જયારે અહીંથી સોલર વીજળીના રેટ કહેવામાં આવ્યા ત્યારે હું હવે આપને રેટ પણ કહું. ગુજરાતે ૧૫ રૂપિયે વીજળી ખરીદી, પહેલા ૧૨ વર્ષ માટે, અને પાંચ

રૂપિયે બાકીના ૧૩ વર્ષ માટે વીજળી ખરીદી, એટલે કુલ ૨૫ વર્ષનો કરાર કર્યો, એ જ સમયે ભારત સરકારે રાજસ્થાન માટે જે યુનિટ દીઠ કરાર કર્યો તે ૨૫ વર્ષ માટે ૧૭.૯૨ આપ્યા, ૧૭.૯૨ રૂપિયાના ભાવે ૨૫ વર્ષનો કરાર, અને આપણે ૧૫ રૂપિયાના ભાવે પહેલા ૧૨ વર્ષ માટે, અને તમે એની અહીંયા ટીકા કરો છો? લઇ આવો ભાવ આટલા સસ્તા, આખી દિશા ગુજરાતે બતાવી છે. અને એવી જ રીતથી રૂફ ટોપની વાત કરી છે, રૂફ ટોપમાં કયુ રાજય આગળ વધ્યું છે ? ભારત દેશ આગળ વધ્યો છે? કેટલો વધ્યો છે? ગાંધીનગરમાં રૂફ ટોપના એલ.ઓ. એ. અપાઇ ગયા, અને આવતા દિવસે ગાંધીનગરની પ્રજા દર મહિને ૧૫૦૦ રૂપિયા ભાડું કમાઇ શકે તે પ્રમાણેની આખી યોજના ઉભી કરી છે. એટલે પોતાની અગાશી ઉપર રુફ ટોપ  સોલર મુકે તો તેને ૧૫૦૦ રૂપિયાની આવક થાય તે પ્રમાણેની સરકારે યોજના મુકી છે અને ૧૨-૧૩માં પાંચ નવા શહેરનો એમાં ઉમેરો કર્યો છે જેમાં રાજકોટ, બરોડા, ભાવનગર, મહેસાણા અને સુરત. આ છે સોલર પોલીસી, અને અમારા બાબુભાઇ શાહે દરિયાની વાત કરી, હાજર હોત તો સારું હતું પણ તમે  સંદેશો પહોંચાડશો એટલી મારી વિનંતી . ચીફ ઇલેકટ્રીકલ ઓફ ઇલેકટ્રીક ઓથોરીટીએ, ૧૯૮૫ માં ટાઇડલ માટે ૯૦૦ મેગાવોટ માટે એ લોકોએ ગલ્ફ ઓફ કચ્છમાં સ્ટડી કર્યા અને ખૂબ મોટો ભાવ લાગ્યો એટલે પ્રોજેકટ ડ્રોપ કરી દીધો, આ સરકારે પાછા સ્ટડીઝ કર્યા અને આ વર્ષે બજેટમાં અમે ૫૦ કરોડ માટે પ્રોવિઝન કર્યુ છે ટાઇડલ અને જીઓ થમર્લમાં,  અને આની અંદર ગુજરાત સરકાર પોતે ૫૦ મેગાવોટ સુધીમાં ભાગીદારીમાં શેર કેપીટલ રોકવાની છે શરુઆત અમે કરી અને  ગુજરાત સરકારને આનો સંપૂર્ણપણે જશ જાય છે. ટેકનિકલ સ્ટડીઝ પણ આ બધા પ્રોજેકટના થઇ ગયા છે અને એના કારણે આવતા દિવસોની અંદર ગુજરાત એક માત્ર રાજય હશે કે જેની ટાઇડલમાં ખૂબ પ્રગતિ જોવામાં આવશે. જનરેશનની એક છેલ્લી વાત કરું તો પ્લાન્ટ લોડ ફેકટર પણ વધાર્યો છે. ઉકાઇમાં ૪૦ ટકા હતા અત્યારે ૪૯ ટકા છે, ગાંધીનગરના ૭૧ ટકા હતા તેના ૯૮ ટકા, વણાકબોરીમાં ૫૫ ટકા હતા તેના ૯૦ ટકા, આ તમારા ૯૪-૯૫ ના આંકડાની સામે સરખામણી કરું છું. અને ૯૪-૯૫ માં નવો પ્લાન્ટ હતો પણ એ નવા પ્લાન્ટમાં તમે જે ઉત્પાદન લાવતા હતા તેના કરતા અમે અત્યારે ઉત્પાદન વધારે લાવીએ છીએ. ખેડૂતોની ચિંતા કરો છો, એમને શું જોઇએ, ટ્રાન્સમીશન નેટવર્ક જોઇએ અને તેના માટે મારે કહેવું છે કે ૧૪૦ સબ સ્ટેશનો કર્યા છે, અને ૧૨૮ રૂરલ સેકટરમાં કર્યા છે. તમારા સમયમાં વાર્ષિક ૧૭ પણ નહોતા થતાં આ છેલ્લા  ત્રણ વર્ષના બજેટમાં જોઇ લો, અને એમાં ખાસ કરીને મારા સૌરાષ્ટ્રના ધારાસભ્યશ્રીઓને કહેવું છે કે તેમનો તો દસ દસ વર્ષે નંબર નહોતો લાગતો.તમારો  દસ દસ વરસે નંબર નહોતો લાગતો આ તો માત્રને માત્ર આ સરકારમાં સારુ આયોજન  કરીને આ કેપેસિટી આપણે ઉભી કરેલી છે.

ટ્રાન્સમીશન લાઇન જોઇએ. ગુજરાતમાં કેટલી ટ્રાન્સમીશન લાઇન નાખવામાં આવી એવી વાત કરીએ તો જેટકોની હાલની તારીખમાં ૪૧૬૯૫ કિલોમીટર લાઇન છે એની સામે મહારાષ્ટ્ર આપણા કરતાં મોટુ રાજય છે તો પણ ૩૮૦૬૮ કિલોમીટર છે. આંઘ્ર પ્રદેશ ગુજરાત કરતાં મોટુ રાજય છે ત્યાં ૩૦૯૬૯ કિલોમીટર છે.  જયારે આપણે ટ્રાન્સમીશન નેટવર્કમાં ૪૧ હજાર કિલોમીટર  એના લીધે આપણે ત્યાં ગુણવત્તાવાળી વીજળી આપી શકીએ છીએ.

વીજળીના કનેકશનો ૪ લાખ ૬૦ હજાર બાકી છે એમાં છેલ્લા ચાર વર્ષના ૨ લાખ ૫૫ હજાર છે. ૪૯ હજાર ડાર્કઝોનના એટલે મારે સ્પષ્ટ કહેવું છે કે ૧ લાખ ૫૫ હજાર કનેકશનો ચાર વર્ષે ઉપરના બાકી છે. અને આ વરસે અમે ઓછામાં ઓછા ૧ લાખ કનેકશનો આપવા માટે સંમત છીએ. અને ૫૦૦ કરોડ રૂપિયા  પહેલા વહેલા કોઇ સરકારે બજેટમાં મૂકયા હોય નોર્મલ કેટેગરીમાં મૂકયા હોય તો એ આ સરકારે મૂકયા છે.  અમે ૫૦૦ કરોડ રૂપિયા આપવાના છીએ. શું ભાવે કનેકશન આપીએ છીએ એમાં હું અત્યારે પડવા માગતો નથી. પરંતુ માત્ર એટલું જ કહેવા માગું છું કે આ વરસે અત્યાર સુધી અગિયાર મહિનામાં  ૬૧૪૨૫ કનેકશનો રીલીઝ કરી નાખ્યા છે. આ છેલ્લા દસ વરસમાં કે છેલ્લા ૨૦ વરસમાં કે ગુજરાતની સ્થાપના પછી કોઇપણ વરસમાં આપ્યા નહિ હોય કે જેની અંદર આટલી મોટી સંખ્યામાં ખેતીવાડી કનેકશનો  રીલીઝ થયા હોય.

અહીંયા પૂર્વ આદરણીય મુખ્યમંત્રીશ્રી અમરસિંહભાઇ ચૌધરીની ઘણી વાતો થઇ. મારે આદિવાસી સભ્યશ્રીઓને કહેવું છે. ડાંગની અંદર ૧૯૮૮–૮૯માં એક કનેકશન આપ્યું હતું, ૧૯૮૯–૯૦માં ઝીરો, ૧૯૯૦–૯૧માં એક, ૧૯૯૧–૯૨માં ઝીરો, ૧૯૯૨–૯૩માં એક, ૧૯૯૩–૯૪માં ઝીરો, ૧૯૯૪–૯૫માં ૬ અને અમારા સમયમાં તમે જે આદિવાસીભાઇઓની ચિંતા કરો છો એ સ્પષ્ટ દેખાય છે. આની સામે આ સરકારે ૨૦૦૯–૧૦માં ૬૩ કનેકશનો આપ્યા. ૨૦૧૦–૧૧માં ૭૫ કનેકશનો આપ્યા છે. આદિવાસી જિલ્લાનું એગ્રિકલ્ચર ક્ષેત્રે આ પરફોમન્સ છે. હું વધારે વાત કરુ તો વ્યારા તાલુકો કે જયારે માનનીય અમરસિંહભાઇ મુખ્યમંત્રીશ્રી તરીકે હતા એ ૧૯૮૫ –૮૬ થી ૧૯૮૮–૮૯ના ચાર વરસમાં એમના પોતાના મત વિસ્તારમાં ૧૯૨ કનેકશનો આપ્યા જયારે અમારા ચાર વરસમાં ૬૩૮ કનેકશનો આપ્યા છે. આ ખરા અર્થમાં આદિવાસીભાઇઓની ચિંતા કરવાવાળી સરકાર છે ત્યારે જે દિવસે તમે રેકોર્ડ કાઢશો તમારે જયારે ઇચ્છા થાય ત્યારે આદિવાસી વિસ્તારમાં તમારા સમયે કેટલા કનેકશનો આપ્યા એ આંકડા કાઢજો અને અમારા સમયના આંકડા કાઢજો એટલે દુધનું દુધ અને પાણીનું પાણી થઇ જશે.

અહીંયા સભ્યશ્રીઓએ મોંઘી વીજળીની વાત કરી. મોંઘી વીજળી અરે જાણો તો ખરા કે આ મોંઘી થવાના કારણો શું છે? મેં હમણાં બે દિવસ પહેલા હાઉસમાં કહ્યું હતું કે સૌથી મોટો ઝાટકો આપ્યો હોય તો આ ૧–૧–૨૦૧૨ થી આપ્યો છે. તમે વિચાર તો કરો કે કોલસામાં યુ.એચ.બી. માંથી જી.સી.બી. કરી નાખ્યું. એકજ કોલસો આપ્યો એ કોલસામાં ૨૮૩ કરોડનું ભારણ. એક જ રેલવેના ડબ્બામાં જ કોલસો આપે છે. એમાં રૂ.૪૮૩/– કરોડ ખાલી ૧/૧થી ૬–૩–૧૨ સુધીમાં કુલ કોલસામાં રૂ.૨૮૩ કરોડ અને ફ્રેડમાં રૂ.૪૮૩/– કરોડ એમ રૂ.૭૬૬/– કરોડનો બોજો ખાલી કોઇ અને ફ્રેડ ઉપર આપ્યો છે અને યાદ રાખજો પ્રજા માફ નહીં કરે. આનો પડકાર એકેએક રાજયમાંથી તમને મળવાનો છે. મને કહેતાં દુઃખ થાય છે કે, આજે છાપામાં વાંચ્યું, કોલ ઇંડિયાનું સ્ટેટમેન્ટ છે કે, ૧/૪થી પાછો ભાવ વધારો કરે છે. એમની એફિસિયન્સ ન હોય, એમને ચલાવતાં ન આવડતું હોય તો ભારણ પ્રજા ઉપર નાખવાનું? તમે વિચાર તો કરો– તા.૧/૪/૨૦૦૬થી આજ સુધીનું કુલ ભારણ જોઇએ તો રૂ.૨૬૮૫/– કરોડ છે.(અંતરાય) અલ્યા ભાઇ, તમારી તકલીફ અમને ખાલી કોલસામાં નથી કે રેલવે ભાડા બાબતમાં નથી, તમારી તકલીફ તો અમને ગેસમાં પણ છે. આજની તારીખમાં ગેસ બેઇઝ પાવર સ્ટેશનમાં ૩૮૨૧ મેગાવોટ કેપેસીટીછે. આજની તારીખમાં ગુજરાતની સ્થાપનામાં ઇન્સ્ટોલ્ડ કેપેસીટી ગુજરાતની છે એનો ૭૦ ટકા ગેસ આપવાની વાત કરી છે એ ગેસ આપણને મળતો નથી. ૧૦.૫૭ જે આપણી જરૂરિયાત છે, મિલિયન મેટ્રીક સ્ટાન્ડર્ડ કયુબિક મીટર પર ડે. ૨૦૦૯–૧૦માં એની સામે ૭.૯૧ આપ્યો અને અત્યારે ૧૦.૫૭ ની જગ્યાએ ૫.૮૨ આપે છે. એટલે બીજા અર્થમાં ૫૦–૫૫ ટકા વપરાશના આપે છે. એટલે બાકીનો ગેસ બહારથી લઇ આવો તો જ તમને આપવામાં આવશે. તમે કલ્પના તો કરો. પાવર સ્ટેશન બંધ કરીએ છીએ તો એના કારણે રૂ.૩૬૦૦/– કરોડનું વાર્ષિક નુકસાન છે. એટલે આ બધી ચિંતામાં જો કેન્દ્ર સરકાર અમને મદદ કરે તો આપણને વધારે ફાયદો થાય. પણ મોંઘવારીનું ભારણ અમે પ્રજાને નથી આપતા, ખેડૂતો ઉપર નથી નાખતા. આજની તારીખમાં કોલસાનો ભાવ વધ્યો, ગેસનો ભાવ વધ્યો, ફ્રેટનો ભાવ વધ્યો. આ બધા જ ભાવ ફ્યૂલ સરચાર્જ તરીકેરૂ.૧.૫૭ છે જે જૂનો છે. આ છેલ્લે તા.૧–૧–૨૦૧૨ના રોજ સુધીમાં હજુ ઉમેર્યા નથી અને ખેડૂતોને ભારણ આપ્યું નથી અને આ ભારણ રાજય સરકારે લીધું છે, એમને સબસીડી આપીએ છીએ. આજની તારીખમાં આશરે રૂ.૩૦૦૦/– કરોડ જેટલી સબસીડી માત્રને માત્ર ખેડૂતોને આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રૂ.૨૧૦૦/– ની વાત કરી. ૧૯૮૬–૮૭માં અમારી પડતર ૮૭ પૈસા હતી એ વખતે ખેડૂતો પાસેથી અમને ૫૮ પૈસા મળતા હતા આજે એવરેજ રીયલાઇઝેશન રૂ.૪.૪૧ પડતર સામે અમને ૪૯ પૈસા મળે છે. મારે સભ્યશ્રીઓને કહેવું છે કે, આજની તારીખમાં એમણે રૂ.૨૧૦૦/–ની વાત કરી. એમની વાત સાચી છે કે, રેગ્યુલેટરે રૂ.૨૧૦૦/–નું ભાડુ નક્કી કર્યું છે. પણ અમે રૂ.૨૧૦૦/– નથી લેતા. રૂ.૨૧૦૦/–ની જગ્યાએ ૭.૫ હોર્સ પાવર લોડ હોય તો રૂ.૬૬૫/– લઇએ છીએ અને ૭.૫ હોર્સ પાવરથી વધારે હોય તો રૂ.૮૦૭/– લઇએ છીએ. એટલે રૂ.૨૧૦૦/–ની જગ્યાએ બાકીનો ભાગ રાજય સરકાર આપે

છે એટલે ખેડૂતો ઉપર કોઇ ભારણ રહેતું નથી. અને બીજું જે તમે મીટરની વાત કરી , મારી વાત સાંભળો, ૨૦૦૩ ઇલેકટ્રીસીટી એકટની અંદર જે કાયદો કેન્દ્ર સરકારે કર્યો છે એ કાયદાની અંદર ઉદેશની અંદર કોઇપણ રાજય આજની તારીખમાં મીટર વગર વીજળી આપી ન શકે. હું એ કાયદાનો કલોઝ વાંચી સંભળાવું. No licenses shall supply electricity except through installation of a correct meter in accordance with the regulation to be made in behalf of the authority નો લાયસન્સી શેલ સપ્લાય ઇલેકટ્રીસીટી એકસેપ્ટ થ્રુ ઇન્સ્ટોલેશન ઓફ એ કરેકટ મીટર ઇન એકર્ડન્સ વીથ ધ રેગ્યુલેશન ટુ બી મેઇડ ઇન બીહાફ ઓફ ધ ઓથોરીટી.

ડો. અનિલ જોષીયારા : (બેઠા બેઠા )ઃ આ કાયદો જ એમણે કર્યો છે. ૨૦૦૩માં એમની સરકાર હતી.

શ્રી સૌરભભાઇ પટેલ : ( અંતરાય) જે કાયદો છે ને અને એ કાયદાના આધારે હું સ્પષ્ટપણે મારી વાતો મૂકુ છું. એટલે જે તમે ખોટું ખોટું અહીં હાઉસમાં કહો છો કે આ રાજયએ આપ્યું અને આ રાજયએ આપ્યું એની સ્પષ્ટતા કરવા માટે મેં આ વિષય મૂકયો છે. મને યાદ છે હું અહીંયા માગણીઓ લઇને પહેલા આવતો તો તમે બધા શું કહેતા હતા કે વીજળી ખરીદો છો, વીજળી ખરીદો છો, બરાબર, આજે હવે અમે વીજળી વેચીએ છીએ તો કહે છે કે વીજળી વેચો છો, વીજળી વેચો છો. હવે મને સમજાવો ખરીદવી છે કે વેચવી છે? કરવું શું ? તમે નિર્ણય કરો, નકકી કરો કે ખરીદવું છે કે વેચવું છે? આ મારા સભ્યશ્રી, મારા મિત્ર મને યાદ છે ૨૦૦૫ ની અંદર, ૨૦૦૬ની અંદર, ૨૦૦૭ની અંદર આ હાઉસની અંદર કહેતા હતા કે વીજળી ખરીદે છે. એક જમાનો હતો વીજળી ખરીદતા હતા. આજે ગૌરવ સાથે કહીએ છીએ કે ગુજરાત સરપ્લસ રાજય થયું છે. અને આ વર્ષે ૫૧૦૫ મીલીયન યુનિટ વેચી છે. .. અંતરાય .. માનનીય અધ્યક્ષશ્રી .. અંતરાય .. અરે ભાઇ એક શબ્દ પણ હું નથી બોલ્યો, તમારા એક એક સવાલનો જવાબ મળશે. શાંતિથી બેસો.

અધ્યક્ષશ્રી : જોષીયારાજી પ્લીઝ.. તમામ સભ્યશ્રીઓને મંત્રીશ્રીએ સાંભળ્યા છે. .. પ્લીઝ ...અંતરાય .. પ્લીઝ .. આપ બેઠા બેઠા કોમેન્ટ ના કરો. ઇકબાલભાઇ પ્લીઝ ..આપની પાસે સમય ખૂબ ઓછો છે.

શ્રી સૌરભભાઇ પટેલ : પાંચ મિનિટ બોલવાનું વધુ આપજો આપ્યુંને? ..દિલીપભાઇ આપ ઉભા થઇને બોલોને મારું પૂરું થાય ત્યાં સુધી લંબાવવા ખબર પડે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય મંત્રીશ્રી પાસે એમનો સમય પૂરતો છે. આ બધી વાત સમયની મર્યાદામાં રહીને કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : . ૫–૧૫ સુધી ચાલવાનું છે.

શ્રી સૌરભભાઇ પટેલ : ઓ.કે. રાજસ્થાનને વેચીએ છીએ, તામિલનાડુને વેચીએ છીએ. તમારા બધા કોંગ્રેસના રાજયોનું લીસ્ટ છે. એમને કહો ખરીદે નહીં, શેના માટે ખરીદે છે? અંતરાય .. અરે ભઇ એમની પાસે ત્રેવડ નથી કે વીજ ઉત્પાદન કરે એટલે ગુજરાતમાં આવીને ખરીદે છે. એમને પહેલા કહો આ દિલ્હીમાં ૧૦ વર્ષથી બેઠા છે. દિલ્હી ખરીદે છે, મહારાષ્ટ્રમાં ૧૫ વર્ષથી સરકાર ચલાવે છે, એવી તો કેવી સરકાર ચલાવે છે કે ૧૫ વર્ષે પણ ગુજરાત પાસે આવવું પડે? અંતરાય .. માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા સભ્યશ્રીઓને એક સારા સમાચાર આપવા છે. તમારે જેટલી ટીકા કરવી હોય એટલી કરો, તમારી સરકાર દિલ્હીમાં રોજ અમને એવોર્ડ આપે છે. ૧૩મી માર્ચ, ૨૦૧૨, ગઇકાલે , આ ગઇકાલનો કાગળ આવ્યો છે From Government of India, Ministry of Powerઅઅ.. ક્ષ્I am pleased to inform you that Central Electricity Authority has selected MGVCL for Bronze Shield for the year ૨૦૦૯-૨૦૧૦ in Distribution category.ૐ હવે બીજો સંભળાવું આ બોન્ઝ. અને બીજો એ જ કાગળ ત્યાંથી Government of India, Ministry of Powerઅઅ.. ૧૩th March, ૨૦૧૨ અ.ક્ષ્ am pleased to inform you that Central Electricity Authority has selected GETCO for Gold Shield for the year ૨૦૦૯-૨૦૧૦.ૐહવે એવોર્ડ લેવા તમે જશો? હું પ્રતિનિધિ તરીકે મોકલવા તૈયાર છું. ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે અને ખાસ કરીને મારા મિત્ર નટવરસિંહ આવતા હોય તો હું પણ સાથે આવવા તૈયાર છું. અહીં પીપાવાવની વાત કરી. પીપાવાવ ગેસનો પ્રોજેકટ કરવાનો હતો. પરંતુ કમનસીબી એવી હતી કે રાજીવ

ગાંધીએ ભાષણ કર્યું કે હું કરું છું અને પન્ના મુક્તિમાંથી. પન્ના ઇમ્પોર્ટેડ ગેસ નહીં, બાબુભાઇ કહે છે એ વાત સત્ય નથી. પરંતુ કમનસીબે ઇમ્પોર્ટેડ ન હતો. પન્ના મુક્તિ હતો. ગેસ મળ્યો નહીં અને એ જ પ્રોજેક્ટ ગુજરાત સરકારે નાખ્યો અને ત્રણ મહિનામાં એ ચાલુ થશે. એટલે રાજીવ ગાંધીએ આપેલું વચન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પૂરું કરશે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.આ રીતે વાત કરે છે.

અધ્યક્ષશ્રી : કોઇની ટીકા ન કરી શકાય. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું નામંજૂર કરું છું. ટીકા થઇ નથી. ફક્ત માહિતગાર કર્યા છે.

શ્રી સૌરભભાઇ પટેલ : મારે એક બીજા એચીવમેન્ટની વાત કરવી છે કે જી.એસ.પી.સી. ગેસ કંપની લિમિટેડ, ચાર–પાંચ વર્ષ થયા. એના પહેલા મહાનગર ૧૯૯૫માં, ઇન્દ્રપ્રસ્થ, દિલ્હીમાં ૧૯૯૮માં આ બધી કંપનીઓમાં બધાને પાછળ મૂકીને આજની તારીખમાં દેશની સૌથી મોટી ઘેર ઘેર ગેસ આપવા માટેની કંપની હોય તો એ જી.એસ.પી.સી. ગેસ કંપની છે. એનું આ હાઉસે ગૌરવ લેવું જોઇએ. બાકીના બધા પાછળ રહી ગયા. આ કંપનીને કેટલો અન્યાય? ગેસ કયો આપે? ઇમ્પોર્ટેડ, બીજાને કયો આપે? ડોમેસ્ટિક. ડી.૬નો ગેસ બંધ થયો તો મહાનગરને એટલે બોમ્બે અને દિલ્હીને એ લોકોએ હમણાં એલોગેશન વધાર્યું. ડી.૬નું પ્રોડકશન થયું તો એ લોકોએ વધારીને ૧.૪ થી વધારીને ૨ મિલિયન કર્યું. ગુજરાતને કેટલો અન્યાય? વર્ષોથી માગીએ છીએ. સૌથી મોટો વપરાશ ૪.૨૦ છે પણ ૧ ક્યુબિક મીટર આપણને ડોમેસ્ટિક ગેસ આપતા નથી. એના કારણે ગુજરાતની પ્રજાનું ભારણ વધ્યું છે. એના કારણે સી.એન.જી., ઘર વપરાશ અને ઉદ્યોગકારોના ગેસના ભાવ વધાર્યા છે. અનેક વખત મેં કીધું છે કે દિલ્હીમાં જઇ તમે આ ગેસ લઇ આવો. જઇને વિનંતી કરો. પી.એમ.ને વિનંતી કરો. હું તમને જશ આપીશ. તમે ગેસ લઇ આવો તો આજની તારીખમાં રીક્ષાવાળાના ભાડામાં ૩૦ ટકા ફરક પડશે જો તમે ડોમેસ્ટિક ગેસ લઇ આવો. ખાલી બોમ્બેને જે ભાવે પડે છે અને દિલ્હીને જે ભાવે આપે છે એ ભાવે દેશની સૌથી મોટી કંપની ગુજરાતમાં છે એટલે એને મળતું નથી. દિલ્હી અને બોમ્બેને હમણાં જ વધારો કરી આપ્યો. આ અન્યાય છે. હું તો વિનંતી કરું કે આ વિરોધ પક્ષના લોકોએ જો પોઝિટીવ એટેટ્યુડ રાખવો હોય તો એક ડેલીગેશન લઇને જવું જોઇએ. હું પણ જવા તૈયાર છું. અમે વિનંતી કરવા તૈયાર છીએ. પ્રાઇમ મિનિસ્ટરને કહીએ, બધાને કહીએ, પાર્લામેન્ટ હાઉસ ચાલુ છે એટલે એમ.પી.ને સાથે લઇ જઇએ. લીડ લો લીડ

માનનીય અધ્યક્ષશ્રી, ૫–૧૦ મિનિટ ઉદ્યોગની વાત કરી લઉં. એમ.ઓ.યુ. એમ.ઓ.યુ. કરતાં હતા. જાણે વાયબ્રન્ટ ગુજરાત કઇ જાતનો કરન્ટ એમને આપે છે. એમને એક જાતની આ વાયબ્રન્ટ ગુજરાતની એલર્જી થઇ ગઇ છે. આ વાઇબ્રન્ટ ગુજરાત નિષ્ફળ ગયું એવા અનેક અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. મારે આ વિધાનસભામાં કહેવું છે કે ૨003માં ૮૦ એમ.ઓ.યુ. થયા. પ્રોજેકટ કમિશન ૪૨ પ્રોજેકટ, અંડર ઇમ્પ્લીમેન્ટેશન ૫ એટલે કુલ ૪૭ સફળતા ૫૮.૭૫ ટકા, ૨૦૦૫ સફળતા ૬૦.૩૫ ટકા, ૨૦૦૭ – ૪૫૪માંથી ૧૬૩ કમિશન પ્રોજેકટ અંડર ઇમ્પ્લીમેન્ટેશન ૪૩ સફળતા ૬૭.૪૦ એટલે ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ નો કુલ સરવાળો કરીએ તો સફળતા ૬૪.૩૯ છે. મને દેશમાં કોઇ પણ MOU થયું હોય, કોઇ પણ ફાઇલિંગ થયું હોય ગમે ત્યાં ઇન્વેસ્ટમેન્ટ સમિટ થયા હોય ૩૦ ટકાથી વધારે સકસેસ રેશિયો બતાડો. આ ગુજરાતનો સકસેસ રેશિયો ૬૪ પોઇન્ટે છે. મેં ગઇકાલે પણ હાઉસમાં કહ્યું હતું કે ૨૦૦૯ અને ૨૦૧૧ના વાયબ્રન્ટમાં મોટા પ્રોજેકટમાં સમય લાગશે પણ હું નાના પ્રોજેકટની વાત કરું. MSME જે પ્રોજેકટ છે ૨૦૦૯ VBGS માં ૧૯૨૧માંથી ૧૩૮૭ પ્રોજેકટ કમિશન થઇ ગયા છે. ૨૦૦૯ના અને ૨૮૮ પ્રોજેકટ અંડર ઇમ્પ્લીમેન્ટેશન છે એટલે સફળતાનો રેશિયો કુલ ૮૪.૦૭ ટકા નાના ઉદ્યોગોમાં છે. એજ રીતથી ૨૦૧૧માં નાના ઉદ્યોગો ૪૪૧૭ હતા એમાંથી ૨૧૩૫ ચાલુ થઇ ગયા છે અને ૭૧૯માં કામ ચાલે છે. કુલ ૬૪ ટકા કમિશન છે. આ છે સફળતા અમારા વાયબ્રન્ટની અને આ આવનારા દિવસોમાં આપણને રોજગારી આપશે અને એટલે Asochem એ રિપોર્ટ કર્યો અને એ રિપોર્ટમાં શું આવ્યું? સૌથી મોટું મૂડી રોકાણ જો દેશમાં થયું હોય તો ગુજરાત નંબર વન. કેટલું? ૧૬.૨૮, બીજો નંબર મહારાષ્ટ્ર ૧૪.૧૩, આંધ્રપ્રદેશ ૧૨.૦૯ આ છે આપણા વાયબ્રન્ટ ગુજરાતની સફળતા અને આ સફળતા અહીંયા દેખાય કે ના દેખાય પણ કેન્દ્ર સરકાર જુએ

છે. એટલે કેન્દ્ર સરકારે DMIC જે એમનો ગોલ્ડન પ્રોજેક્ટ છે એ ગોલ્ડન પ્રોજેકટની અંદર ગુજરાતને સૌથી વધારે પ્રાધાન્ય આપ્યું છે અને એ લોકો ગુજરાત પાસેથી અપેક્ષા રાખે છે કે તમે આના કારણે આવતા દિવસોની અંદર દેશની અંદર વધારે મૂડીરોકાણ આવશે અને એ ધ્યાનમાં રાખીને ગુજરાતમાં ૧૮ જિલ્લાઓને એટલે ૬૨ ટકા ઓફ ધ એરિયાને આ DMIC એક રીતથી કે બીજી રીતથી ડાયરેકટ ટચિંગ કરે છે અને એના કારણે SIRનું ફોર્મેશન કર્યુ છે એના કારણે અહીંયા પોર્ટ ડેવલપમેન્ટ કરીએ છીએ, એના કારણે કનેકટીવીટી કરીએ છીએ અને પોર્ટ હેન્ડલિંગ કેપેસિટી હું ઘણી વખતે મિટિંગોમાં જઉં છું. પોર્ટ માટેની અને એની અંદર ગુજરાત ઇઝ એ લીડર. માઇનોર પોર્ટમાંય તે લીડર. દેશનો ૫૦ ટકા જેટલો માઇનોર કાર્ગો ગુજરાતમાંથી જાય છે અને એ ગુજરાતનું ગૌરવ છે. અને એ માઇનોર પોર્ટમાં why they develped? because of the policy of the Government. કેમ બધાને દરિયા કાંઠો છે? મહારાષ્ટ્રને, કેરાલા, આંધ્રને અને તામિલનાડુને દરિયાકાંઠો છે. કેમ કોઇ જગ્યાએ આટલું મોટું થઇ શકતું નથી? અને માત્ર ને માત્ર ગુજરાતને થાય છે અને એવીજ રીતથી આ તો ગુજરાતની નીતિના કારણે આજની તારીખમાં GIDCની અંદર પણ તમે જૂઓ તો ક્રિટિકલ ઇન્ફ્રાસ્ટ્રકચર દ્વારા અમે ઘણા બધા ડેવલપમેન્ટ કરીએ છીએ અને એના કારણે ખૂબ મોટા કરોડો રૂપિયા અમે ઉદ્યોગોના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી એ સૌથી મોટી તકલીફ છે અને એના માટે દેશનો સૌથી મોટો ડીસેલીનેસન પ્લાન્ટ દેશ નહિ હું તો કહું છું એશિયાનો ધ બીગેસ્ટ ડીસેલીનેસન પ્લાન્ટ ઓફ એશિયા એ દહેજમાં પ્લાન્ટ કરીએ છીએ અને કોની જોડે કરીએ છીએ? ધ કોન્સોરસીયમ ઓફ જાપાનીઝ એ સિંગાપુર કંપની કે અમને ખબર છે. અમારી પાસે લોકો મળવા આવે છે નર્મદાનું પાણી માગવા. અમે ના પાડી દીધી આ ઓપલ સેન્ટરની ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ છે. સ્પષ્ટપણે કીધું ડીસેલીનેસન પ્લાન્ટમાંથી તમારે પાણી લેવું પડશે. નર્મદાનું પાણી અમે ખેડૂતો માટે રાખવા માગીએ છીએ અને આ નિર્ણય લેવાની શક્તિ આ સરકારમાં છે. ઓપાલના ચેરમેન ચાર વખત આવીને મળી ગયા. ONGC ના ચેરમેન ચાર વખત આવીને મળી ગયા પણ ઓપલ પણ છેલ્લે છેલ્લે એને પણ ડીસેલીનેસન પ્લાન્ટની અંદર પોતે ઇકવિટીદાર છે અને દુનિયાના અને દેશનો અને એશિયાનો સૌથી મોટો ડીસેલીનેસન પ્લાન્ટ આપણે અહીંયા ઊભું કરવા જઇ રહ્યાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી, નાના ઉદ્યોગો, સબસીડી આપીએ છીએ. ૮૧,૮૩૯ પાંચ વર્ષમાં સ્મોલ સ્કેલ એન્ટરપ્રાઇઝ ઉભા થયા અને કુલ રોકાણ ૪૬,૨૭૦ કરોડનું થયું. માનનીય અધ્યક્ષશ્રી, આ નાના ઉદ્યોગોના કારણે રોજગારી મળે છે, ડિસ્ટ્રીબ્યુશન ઓફ ઇન્કમ મળે છે અને જુદા જુદા રિવઝીયનોની અંદર લાભ મળે છે. અને આના માટે શું કરીએ છીએ ? સેન્ટર ઓફ એક્સલન્સ ખોલીએ છીએ. આ સેન્ટર ઓફ એક્સલન્સ એટલે ખોલીએ છીએ કે આવતા દિવસો નોલેજ આપે. નેનો–ટેકનોલોજીનું નોલેજ આપે, બાયોમેડિકલ એન્જીનીયરીંગ માટે આપે. આના માટે સારામાં સારી સંસ્થા સી.આઇ.આઇ., સેપ્ટ, આઇ.આઇ.ટી., અટીરા આ લોકો જોડે આપણે કરીએ છીએ. સરકાર એમને મદદ કરે છે અને એમની ઉભી કરાવે છે, ઓટોનોમશ બોડી બનાવે છે કે કાલ ઉઠીને ફાયનાન્સ બોડી બને. અને એવી જ રીતે સ્કીલ અપગ્રેડેશન સેન્ટર પણ અમે ઉભું કરીએ છીએ. ૩૦૦ સ્કીલ અપગ્રેડેશન સેન્ટર નકકી કર્યા છે અને ૯૦ આવી ગયા છે અને આજની તારીખમાં ૩૦૦ જયારે પૂરા થશે ત્યારે વર્ષે બે લાખ લોકોને, સ્કીલ વર્કર્સને ટ્રેનીંગ મળશે અને અત્યારે ૯૦ થઇ ગયા છે. આ પૂર્ણ કામ બને એટલું જલદી અમે કરવા માગીએ છીએ અને મેન્યુફેકચરીંગ સેકટરમાં અમે જી.એસ.ડી.પી.માં જે ગુજરાતનો હિસ્સો ૨૭ ટકા છે એ અમે ૩૨ ટકા કરવા માગીએ છીએ. દેશની અંદર કેન્દ્ર સરકાર ૧૮ ટકાની વાતો કરે છે મેન્યુફેકચરીંગની અને અમે એની ઉપર ૩૨ ટકા બાય ૨૦૧૭ એ વિઝન સાથે જઇએ છીએ, એ પ્લાન સાથે જઇએ છીએ, એ સ્ટ્રેટેજી સાથે જઇએ છીએ. અને એના કારણે ૨૦૦ કરોડ રૂપિયા આ વર્ષે અમે બજેટની અંદર એની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કપાસની વાત કરીએ, ખેડૂતોને દુઃખી કરી નાખ્યા. માનનીય અધ્યક્ષશ્રી, અમે લોકોએ નકકી કર્યુ છે, આ સરકારે નકકી કર્યુ છે કે, ખેડૂતોને આવતા વર્ષમાં કપાસ બહાર વેચવા ના જવું પડે એવી આપણે કેવી રીતે વ્યવસ્થા કરીએ? આપણે શું કામ, આપણે શું કામ કેન્દ્રની નીતિ

પર ડિપેન્ડ રહીએ? કપાસનું અહીંયા યાર્ન કેમ ના કરીએ, અને યાર્ન કેમ એક્ષપોર્ટ કેમ ના કરીએ ? એ પ્રમાણે નીતિ બનાવવા માગીએ છીએ અને એના કારણે આવતા ત્રણ વર્ષની અંદર ૨૫ લાખ નવા સ્પીન્ડલો આપણે ઉભા કરવા માગીએ છીએ. અને એના કારણે માનનીય અધ્યક્ષશ્રી, ટૂંક સમયમાં અમે નીતિ લઇને આવીએ છીએ અને એ નીતિના કારણે ગુજરાતના ખેડૂતોને એના કપાસના સારામાં સારો ભાવ મળે એ પ્રમાણે થશે. માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતથી વાજપાઇ બેન્કેબલ યોજના, ૩૭,૦૦૦ બેનીફીશરીઓને લાભ આપ્યો અને એવી જ રીતે માનવ કલ્યાણ યોજના આ એક જ વર્ષની અંદર ૫૫,૦૦૦ બહારથી સોઇંગ મશીનો લઇ અમે બહેનોને આપ્યા છે અને આ વખતે ૭૦,૦૦૦ લોકોને અમે આમાં કવર કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ચોરીની વાત કરી, માઇનીંગની વાત કરી. મારે ખાલી સભ્યશ્રીને એટલું જ કહેવું છે કે, ૨૦૦૮–૦૯માં કુલ આવક ૩૫૫ કરોડ હતી, ૨૦૦૯–૧૦માં ૪૭૩ કરોડ થઇ. કેટલો વધારો ? ૧૦૦ કરોડથી ઉપર, ૧૨૦ કરોડ. કેટલા ટકા થયું ? ૪૭૩ થી ૨૦૧૦–૧૧માં કેટલું, ૬૨૬ કરોડ. કેટલા ટકા થયું ? અલ્યા ભાઇ આ ચોરી નથી પકડતા તો શું પકડીએ છીએ ? તમારા સમયમાં કેટલું થયું હતું, કાઢીને બતાવો? અને આ સરકાર, ઇ–ગવર્નન્સ, અત્યારે વાત કરી સભ્યશ્રીએ કે ભાઇ મને રોયલ્ટી પાસ નથી મળતો. અરે સાહેબ એના ઘરે બેઠા બેઠા રોયલ્ટી પાસ લઇ શકે છે પણ એ ઇ–રોયલ્ટી નથી જોઇતી. અરે, માનનીય અધ્યક્ષશ્રી, ઇ–રોયલ્ટીથી માંડીને જે પ્રમાણે સુવિધા આપી છે એ કલ્પના બહારની સુવિધા આપી છે. અને એના કારણે ઇલેકટ્રોનિક્સ કલેકશન મેનેજમેન્ટ સીસ્ટમ થયું છે. ઇ–રોયલ્ટી પાસની સીસ્ટમ કરી છે, ઇ–રિટર્ન ફાઇલીંગની વ્યવસ્થા કરી છે, વેબ બેઇઝ એપ્લીકેશન કર્યા છે, કોમ્પ્યુટરની જોડે કનેકટીવીટી વેબ બ્રીજીસની કરી છે કોમ્પ્યુટરાઇઝ, વ્હીકલ રજીસ્ટ્રેશનનું કામ ચાલે છે ટ્રેકીંગનું, મન્થલી પ્રોગ્રેસ ઇચ એલોનનો ભરાય છે, સાહેબ ઓન લાઇન લીઝ એપ્લીકેશનની વ્યવસ્થા ગોઠવીએ છીએ. આ બધી ટેકનોલોજી લાવીએ છીએ *(xxxxx) (xxxxx) અને આ ચોરી અટકે એટલે આ બધી જે નીચેથી ફરિયાદો આવે છે જે એ ફરિયાદો એટલા માટે આવે છે કે આના કારણે ઘણો બધો ફરક પડે છે અને આજે અમારે ગૌરવ સાથે કહેવું છે કે ગુજરાત નંબર વન છે અને આની અંદર પણ એવોર્ડ લઇ આવ્યા છીએ અમે ઇગવર્નન્સમાં સારામાં સારો જો એવોર્ડ મળ્યો હોયને તો અમને મળ્યો છે.

અધ્યક્ષશ્રી : સૌરભભાઇ, બે મિનિટમાં પૂરું કરો આપ, પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓને મારે એટલી જ વિનંતી કરવાની કે આ દસ વર્ષ હકીકતમાં ગોલ્ડન ઇયર છે અને તમે ન માનો તો દિલ્હીવાળા તો માને છે અને દિલ્હીની કંપની ઓઇલ ઇન્ડીયાથી માંડીને બધી કંપની (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની કંપનીઓ અમારી જોડે જોડાઇ છે અને કેન્દ્ર સરકારની કંપની આજની તારીખમાં ખૂબ સારી રીતથી ઓઇલ ઇન્ડીયા ગણો સાહેબ અહીંયાથી કાશ્મીર સુધીની પાઇપલાઇનો કરીએ છીએ. આંધ્રપ્રદેશથી ભિલવારા સુધીની લાઇનો કરીએ છીએ અને અમારા ભાગીદાર કોણ છે ખબર છે? કેન્દ્ર સરકારની કંપની. કોની નીચે? ગુજરાત સરકારના બાવન ટકા અને ૪૮ ટકા એમના એટલે આપણે ઉપર. કેન્દ્ર સરકારની કંપનીઓ નહીં, આપણે વહીવટ કરવાનો એટલો ભરોસો એમને અમારી ઉપર છે અને એ ભરોસાને કારણે આજે સારામાં સારી વ્યવસ્થા જો ઉર્જા ક્ષેત્રે કરી હોય તો એ ગુજરાતે કરી છે અને જનરેશન જુઓ, ટ્રાન્સમીશન જુઓ, ડીસ્ટ્રીબ્યુશન જુઓ, સેલ ઓફ પાવર જુઓ, લોડ મેનેજમેન્ટ જુઓ, કોલસાની અંદર મેનેજમેન્ટ જુઓ. સાહેબ, ગૌરવ સાથે કહેવું પડે કે આપણા કોલસાને કારણે આખા દેશ નહીં, દુનિયાના પ્લાન્ટો બંધ રહયા હતા એ લોકોએ કોલસો નહોતો આપ્યો ત્યારે આપણો પ્લાન્ટ બંધ નહોતો રહયો એનું કારણ છે એ પ્રમાણે મેનેજમેન્ટ કર્યું હતું .

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે સરકાર પાસે સરપ્લસ વીજળી છે અને બહારના રાજ્યોને વેચવી પડે છે તો આ જે વીજળી છે એ ખેડૂતોને

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

આઠ કલાકથી વધારવા માગો છો કે કેમ? એ અને બીજું, આ રાત્રે જે વીજળી મળે છે એના બદલે દિવસે કમ સે કમ આઠ કલાક વીજળી આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે હું ગામનો એક દાખલો આપું છું કે એક પાણીની ટાંકી હોય (અંતરાય) અરે તમને એવી રીતે સીધો નહીં મળે, તમને જવાબ ક્યારે સમજાશે કે ગામના સરપંચને જેવી રીતે સમજાવુંને એવી રીતે તમને સમજાવું તો સમજણ પડશે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, ટુંકમાં ઝડપથી જવાબ આપો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામમાં પાણીની ટાંકી હોય અને ત્રણ ભાગલા હોય એક પચાસ હજાર લીટરની ટાંકી હોય તો મેં સરપંચને પુછયું એક સાથે બધાને તમે આપી શકો છો? તો કહે ના. વારા કરીએ છીએ. વારા કેવી રીતે કરીએ છીએ કે છ કલાક સવારના, છ કલાક આ શેરીના. આ સબ સ્ટેશનો નહોતા. તમારા લોકોએ સબ સ્ટેશનો નહોતા કર્યા અને એના કારણે આ તકલીફ પડી જે દિવસે સબ સ્ટેશનોની સંખ્યા વધશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો સમય પૂરો થાય છે.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ થી ૩૯ એક સાથે મત ઉપર મૂકવામાં આવી અને નામંજુર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૧૨, ૧૩, ૧૪, ૪૯ અને ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને મંજુર કરવામાં આવી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૧૫ મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૨૫, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંકવાળા બી.પી.એલ.લાભાર્થીઓને મફત પ્લોટ

**૨૮૫૦૦*શ્રી કનુભાઇ ભુ. ડાભી(કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ગરીબી રેખા નીચે જીવતા (બી.પી.એલ.) ૦ થી ૧૬ ગુણાંકવાળા કેટલા લાભાર્થીઓને આવાસ બાંધવા મફત પ્લોટ ફાળવવામાં આવ્યા,

(૨) હવે કેટલા કુટુંબોને પ્લોટ આપવાના બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં સરકાર પ્લોટ આપશે?

**પંચાયત મંત્રીશ્રીઃ-**

| વર્ષ | મફત ફાળવેલ પ્લોટ ૦ થી ૧૬ ગુણાંકવાળા |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૪૪૨ |
| ૨૦૧૧-૧૨ (તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ) | ૫૯ |
| **કુલ...** | **૫૦૧** |

શ્રી કનુભાઇ ભુ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગરીબ કુટુંબોને આવાસ બાંધવા માટે પંચાયત વિભાગ મફત પ્લોટ ફાળવે છે તે ફાળવવા માટેની તાલુકા અને જિલ્લા લેન્ડ કમિટીનું બંધારણ શું છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, પ્લોટ ફાળવવા માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ કમિટીનું ફોર્મ્યુશન સરકારે કરેલું છે અને તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતમાં ફોર્મ્યુશન છે એમાં તાલુકા પંચાયતના પ્રમુખ અધ્યક્ષ હોય છે કમિટીમાં, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને જે તે વિસ્તારના ધારાસભ્યશ્રી હોય છે તે પણ એ કમિટીના મેમ્બર હોય છે. તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ પણ એના મેમ્બર હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ અને ગાંધીનગર જિલ્લો છે એમાં તાલુકા કક્ષા છે એમાં સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ હોય છે એના પ્રથમ અધ્યક્ષ રહે છે તાલુકા કક્ષાએ અને મામલતદાર, ધારાસભ્યશ્રી અને તાલુકા વિકાસ અધિકારી એના સભ્ય હોય છે. આ તાલુકા સમિતિ જે મંજૂરી આપીને જિલ્લા સમિતિમાં મોકલે છે તો જિલ્લાની અંદર જિલ્લા પંચાયતના પ્રમુખ એના અધ્યક્ષ હોય છે. જિલ્લા વિકાસ અધિકારી, આર.ડી.સી., ડેપ્યુટી કલેકટર એના મેમ્બર હોય છે અને જે તે વિસ્તારના ધારાસભ્ય એના મેમ્બર હોય છે અને જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ પણ એમાં મેમ્બર હોય છે. જે ડાંગ અને ગાંધીનગર જિલ્લો છે એ નાનો જિલ્લો હોવાના કારણે જિલ્લા પંચાયતના પ્રમુખ એના અધ્યક્ષ તરીકે બેસે છે, જિલ્લા વિકાસ અધિકારી, આર.ડી.સી., ડેપ્યુટી કલેકટર અને ધારાસભ્યશ્રી અને જિલ્લા ન્યાય સમિતિના અધ્યક્ષ એ પણ એના મેમ્બર હોય છે. આ પ્રમાણે ત્રણ સભ્ય જો એમાં હાજર હોય તો કોરમ થાય અને સમિતિ એનું કામ કરી શકે છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ આંક ધરાવતા તમામ લાભાર્થીઓને આવાસ આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનુ છું. આજે ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ નો આંક ધરાવતા એક પણ ગરીબ પરિવાર ઘર વિહોણું નથી. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ સમગ્ર ખેડા જિલ્લામાંથી તાલુકાવાર ૦ થી ૧૬ કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ, કેટલી પડતર છે? અને કેટલાક ગામોમાં ગામતળ નીમ કરવાની પણ જરૂરિયાત ઉભી થઇ હોય તો કેટલા ગામોમાં ગામતળ નીમ કરવામાં આવ્યું?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં ૧૦ તાલુકા આવેલા છે. તાલુકાવાઇઝ એમણે વિગત માગી છે, આમ તો જવાબ અમે આપ્યો જ છે કે બધા જ તાલુકાને અમે ૦ થી ૧૬ના બધા જ ગરીબ લોકોને આવાસો અને પ્લોટ ફાળવી દેવામાં આવેલ છે. નડિયાદમાં ૨૫ અરજીઓ ૦ થી ૧૬માં મળી હતી ૨૫ મંજૂર કરી, માતરમાં ૪૪ અરજીઓ આવી હતી અને ૪૪ અરજીઓ મંજૂર કરી, ખેડા તાલુકામાં ૧૧૫ અરજીઓ આવી હતી અને ૧૧૫ અરજીઓ મંજૂર કરી, કપડવંજમાં ૧૮૯ અરજીઓ આવી અને ૧૮૯ અરજીઓ મંજૂર કરી અને ઠાસરામાં ૬૯ આવી એ ૬૯ અરજીઓ મંજૂર કરી હતી. આમ કુલ ૪૪૨ અરજીઓ આવી આવી હતી અને એ ૪૪૨ અરજીઓ મંજૂર કરી અને જે તાલુકાના મેં નામ નથી લીધા એ તાલુકાની અંદર બાકી નથી એટલે કે એની કોઇ અરજીઓ નહોતી આવી એટલે એમાં મંજૂર કરવાનો સવાલ નથી. ૦ થી ૧૬માં ૨૦૧૧-૧૨માં માતરમાં આ છેલ્લા વર્ષમાં ૨૭ અરજીઓ આવી હતી અને એ ૨૭ અરજીઓ મંજૂર કરી, મહેમદાવાદમાં ૨૪ અરજીઓ આવી એ ૨૪ અરજીઓ મંજૂર કરી, બાલાસીનોરમાં ૮ અરજીઓ આવી ૮ મંજૂર કરી.૨૦૧૧-૧૨માં ૫૯ અરજીઓ આવી અને ૫૯ અરજીઓ મંજૂર કરી અને જિલ્લાના કોઇપણ તાલુકામાં અરજીઓ બાકી નથી, પેન્ડીંગ નથી અને મંજૂર કરવાની બાકી નથી. ૧૭ થી ૨૦ ગુણાંકનું પણ એમણે પૂછયું એમાં ૨૬૦ અરજીઓ આવી હતી, ૨૬૦ પ્લોટ આપી દીધા છે અને ૨૦૧૧-૧૨માં ૧૫૭ અરજીઓ આવી અને ૧૫૭ પ્લોટ આપી દીધા છે અને કોઇ તાલુકામાં કોઇ અરજી પડતર નથી. એક પ્રશ્ન એમણે પૂછયો છે કે થોડાક ગામોની અંદર સરકારી જમીન અવેઇલેબલ નહોતી ત્યાં ગામતળ નીમ કરવામાં આવ્યા. એમાં માતર તાલુકામાં ત્રણ ગામો છે માતર, ઉઢેડા અને લીમ્બાસી અને ખેડા તાલુકામાં નાયકા ગામ. ૨૦૧૦-૧૧માં ચાર ગામની અંદર જમીન નીમ કરવામાં આવી હતી. ૨૦૧૧-૧૨માં માતર તાલુકામાં ફિરોજા ગામ અને લીમ્બાસી ગામ એમ આ બે ગામોની અંદર જમીન નીમ કરવામાં આવી હતી એમ કુલ છ ગામો ખેડા જિલ્લામાં એવા છે કે જ્યાં જમીન નીમ કરીને પ્લોટ આપવામાં આવ્યા છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે જે ગામોની અંદર ગામતળ નથી અને ગામતળ ના હોય ત્યાં જમીન એકવીઝીશન કરવી પડે. તો દેવુસિંહે પુછ્યું એ પ્રમાણે મારે પણ જાણવું છે કે કેટલા ગામોની અંદર ગામતળ નીમ કરવા માટે કેટલી જમીન એકવીઝીશન કરવામાં આવી છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : મેં કહ્યું એ પ્રમાણે જરૂરિયાત પ્રમાણે આખા જિલ્લામાં છ ગામોની અંદર જ જમીન નીમ કરવાની જરૂરિયાત પડી હતી. સરકારી જમીન અવેઇલેબલ હતી. છ તાલુકામાં માતર તાલુકામાં ૪૪ પ્લોટ છે ૪૪ અરજીઓ આવી હતી અને અમારે ૪૪ લેવા પડેલા છે. ખેડા તાલુકામાં ૧૧૫ અરજીઓ આવી હતી ૧૧૫ પ્લોટ અમારે મેળવવા પડ્યા છે એ જ પ્રમાણે માતર તાલુકામાં ૨૭ પ્લોટ ૨૦૧૧-૧૨માં હતા એ માટે ખૂટતી જમીન હતી એ અમે એકવીઝીશન કરી છે.

શ્રી મણીભાઇ દે. પટેલ : કપડવંજ તાલુકામાં પણ હજી કેટલાક ગામો એવા છે કે જ્યાં ગામતળની જમીન નથી તો એની માગણી કરવામાં આવશે તો એમને જમીન ફાળવી આપવામાં આવશે કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે હમણાં જે કહેવામાં આવ્યું કે જેટલી અરજીઓ આવી એટલી મંજૂર કરવામાં આવી છે. પણ એ સમિતિમાં હું છું કપડવંજમાં ઘણી બધી અરજીઓ અમે નામંજૂર કરી છે. એના કારણો એવા હતા કે એક કુટુંબમાં બે વ્યક્તિ હોય અને માગણી કરી હોય અને બાપના નામે પ્લોટ હોય અને દીકરાએ માગણી કરી હોય, તો આવી અરજીઓ અમે નામંજૂર કરી છે તો આ હકીકતે જવાબમાં મને કંઇક ભુલ દેખાય છે તો તે બાબતે આપનું શું કહેવું છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : સરકારી રેકર્ડ પ્રમાણે કપડવંજમાં ૨૦૧૦-૧૧માં ૧૮૯ અરજીઓ હતી તે મંજૂર કરી છે અને કોઇ પ્લોટ બાકી નથી તે વાત બરાબર છે કે કમિટીને અધિકાર છે જ્યાં આગળ ડૂપ્લીકેશન થતું હોય તો કમિટી સ્ક્રુટીની કરીને ના આપે તે સ્વીકાર્ય છે પણ જ્યાં સુધી સરકારી રેકર્ડને સંબંધ છે ત્યાં સુધી કપડવંજમાં કોઇ પ્લોટ બાકી નથી.

શ્રી શંકરભાઇ દે. વાઘેલા : ખેડા જિલ્લામાં નડિયાદ તાલુકાના પીપળાતા ગામે વ્યક્તિગત સરદાર આવાસો બંધાયા છે પણ એકપણ ઇન્દિરા આવાસ અથવા એકપણ હરિજન આવાસ બંધાયું નથી કારણકે ત્યાં જમીનનો પ્રોબ્લેમ છે આજ સુધી કોઇપણ જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવી નથી તો સરકાર એમાં શું વિચાર કરવા માગે છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : અમારા રેકર્ડ પ્રમાણે નડિયાદમાં કોઇને પ્લોટ આપવાના બાકી નથી અને મકાન બાંધવાની બાબતમાં ચાલુ મકાન હોય એ સભ્યો પોતે બાંધતા હોય છે સભ્ય પોતે જ બાંધતા હોય છે કદાચ બાંધકામ ચાલુ હોય અથવા તો ચાલુ ના કર્યું હોય એવું બની શકે પણ પ્લોટ બધા જ આપી દીધા છે એકપણ પ્લોટ બાકી નથી.

## જુનાગઢ જિલ્લામાં સમરસ ગ્રામપંચાયતો

*__૨૭૯૧૬ શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી__ જણાવવા કૃપા કરશે કેઃ-

(૧)જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૧માં કેટલી ગ્રામ પંચાયતોની ચુંટણીઓ યોજાયેલ,
(૨)તે પૈકી કેટલી સમરસ જાહેર કરવામાં આવી,
(૩)સમરસ ગ્રામપંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું
(૪)કેટલું ચૂકવવાનું બાકી છે, અને
(૫)તે ક્યાંસુધીમાં ચૂકવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧)૭૦૨ (સાતસો બે)
(૨)૧૨૦ (એકસો વીસ)
(૩)અનુદાન ચૂકવવામાં આવેલ નથી.
(૪)અનુદાન ચૂકવવામાં આવેલ નથી.
(૫)બનતી ત્વરાએ.

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડિસેમ્બર ૨૦૧૧માં થયેલ સામાન્ય ચૂંટણીમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ અને તે પૈકી કેટલી મહિલાઓ સરપંચ થઇ? ક્યારે અને કેટલું અનુદાન ચૂકવવામાં આવશે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : આ પ્રશ્ન જુનાગઢ જિલ્લાનો છે જુનાગઢ જિલ્લામાં ડિસેમ્બર ૨૦૧૧માં થયેલી સામાન્ય ચુંટણીઓમાં એમાં જે તાલુકાવાર કેટલી પંચાયતો સમરસ થઇ અને મહિલા અને પુરુષોની સમરસ પંચાયતની સંખ્યા માગી છે આ ૧૪ તાલુકાનો જિલ્લો છે .મારે અભિનંદન આપવા છે જૂનાગઢ જિલ્લાના સભ્યશ્રીઓને કે તેમણે ૧૨૦ સમરસ પંચાયતો કરી. વધુમાં વધુ થઇ છે તે પૈકીનો આ એક જિલ્લો છે. મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૧૧ની જે ચૂંટણી થઇ ઉનામાં ૧૨૫ ગામમાં ચૂંટણી થઇ છે ૧૯ ગામ સમરસ થયા, ૧૭ ગામ સામાન્ય સમરસ થયા અને ૨ મહિલા સમરસ થઇ છે. માણાવદરમાં ૪૧ ગામમાં ચૂંટણી થઇ,૯ સમરસ થયા,૯ સામાન્ય સમરસ છે. જુનાગઢમાં ૫૭ ગામમાં ચૂંટણી થઇ છે, ૧૧ સમરસ થઇ છે, તેમાં સામાન્ય સમરસ છે. મેંદરડામાં ૩૯ ગામમાં ચૂંટણી થઇ છે ૫ સમરસ થઇ, ૫ સામાન્ય સમરસ છે. વંથલીમાં ૪૨ ગામમાં ચૂંટણી થઇ છે ૧૧ સમરસ થઇ, તેમાંથી ૯ સામાન્ય સમરસ, ૨ મહિલા સમરસ થઇ છે. કેશોદમાં ૩૨ ગામમાં ચૂંટણી થઇ, ૪ સમરસ થઇ છે, ૩ સામાન્ય સમરસ છે અને ૧ મહિલા સમરસ થઇ છે. આ પ્રમાણે બધાજ ગામમાં ૪૨ માંગરોળમાં પાંચમાંથી પાંચ સમરસ થઇ છે. ૩૪ કોડિનારમાં ૧ સમરસ થઇ છે સામાન્ય છે, વિસાવદરમાં ૭૨ ગામમાં ચૂંટણીમાંથી ૨૪ સમરસ થઇ છે, ૨૧ સમરસ સામાન્ય છે , ૩

મહિલાઓની સમરસ થઇ છે. માળીયામાં ૮ સમરસ થઇ છે તેમાં ૬ સામાન્ય છે અને ૨ મહિલાની છે. ભેંસાણમાં ૬ સમરસ થઇ તેમાં ૪ સામાન્ય છે અને બે મહિલાની છે. સુત્રાપાડામાં ૭ માંથી ૭ સામાન્ય થઇ છે. તાલાલામાં ૩૪ ગામમાં પંચાયતોની ચૂંટણી થઇ છે ૪ કુલ સમરસ થઇ તેમાંથી ૩ સામાન્ય અને ૧ મહિલાની છે. તે જ પ્રમાણે વેરાવળમાં ૪૭ ગામમાં ચૂંટણી થઇ છે ૬ સમરસ થઇ છે તેમાં ૪ સામાન્ય છે અને ૨ મહિલાની સમરસ છે. ૧૨૦ ગામમાં સમરસ થઇ તેમાંથી ૧૦૫ સામાન્ય સમરસ છે અને ૧૫ મહિલાઓની સમરસ છે. આ વખતે મહિલાઓની જે પંચાયત સમરસ થઇ તેને અમે અનુદાન આપી દીધું છે અને ૪૫ લાખ રૂપિયાની ચુકવણી હમણાં અઠવાડિયા પહેલાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીના હાથે અપાઇ છે.

શ્રી રાજસીભાઇ વિ. જોટવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાનની રકમમાં કેટલો વધારો કરેલ છે ? બીજી અને ત્રીજી વખત સમરસ થવાના પ્રસંગે કેટલી રકમનો વધારો કરવામાં આવેલ છે ? શું વિશેષ સુવિધા રાજય સરકાર તરફથી આપવામાં આવે છે કે કેમ ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, હમણાં જ ૨૦૦૬થી જે પ્રયોગ કરવામાં આવ્યો છે માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી કે આ ગુજરાતમાં સમરસ ગ્રામ પંચાયતો થવી જોઇએ. તેના ખૂબજ ઉત્સાહજનક પરિણામો આવવાના કારણે મને કહેતાં આનંદ થાય છે કે, નવેમ્બર–૨૦૧૧માં જયારે સરપંચોનું સંમેલન મળ્યું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમરસ ગ્રામ પંચાયતોના અનુદાનમાં વધારો કરવાની બાબત જાહેર કરી હતી. અને તેનો પ્રતિભાવ ખૂબ સારો મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જણાવવું છે કે પહેલાં હું શરૂઆતથી કહીશ તો આપને એમ લાગશે કે , જયારે ૧૯૯૨માં સમરસ કરતા હતા ત્યારે ૧ હજાર રૂપિયા આપવામાં આવતા હતા. ૨૦૦૧માં ૬૦ હજાર અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યા. ૨૦૦૮ની સાલમાં ફેરફાર કર્યો હતો પાંચ હજારની વસ્તી સુધીની ગામડામાં જો સમરસ થાય તો એક લાખ રૂપિયા આપવામાં આવતું હતું અનુદાન તેના બદલે ૨૦૧૧માં હવે બે લાખ રૂપિયા કરવામાં આવ્યું છે. મહિલાઓને બે લાખ મળતાં હતા ડબલ આપવામાં આવતું હતું તેના બદલે ૩ લાખ રૂપિયાનું અનુદાન હવે આપવામાં આવે છે. જે ગામડા મોટા છે, ૫ હજારથી વધારે વસ્તી છે, એમાં સામાન્યમાં દોઢ લાખ આપવામાં આવતા હતા તેના બદલે ત્રણ લાખ અને મહિલામાં ૩ લાખ મળતા હતા, એની જગ્યાએ મોટા ગામને ૫ લાખ રૂપિયાનું પ્રોત્સાહન આપવામાં આવે છે. એ પણ જાણવું જરૂરી છે કે પ્રથમ વખતે જો સમરસ થાય તો એને ૮મા ધોરણની એ ગામમાં જરૂરિયાત હોય શિક્ષણ માટે તો, એ ૮ મું ધોરણ એ માગે તો ખોલી આપવા માટેની મંજૂરી મળે છે. સતત બીજી વખત જો એ સમરસ થાય તો પ્રોત્સાહક અનુદાન માટે ૨૫ ટકાનો વધારો કરવામાં આવે છે અને ૨૫ ટકા જે વધારો થાય છે, એની સાથે કોંક્રીટ રોડ એ ગામમાં સી.સી. રોડ આપવા માટેની પણ સરકારે જાહેરાત કરી છે. ત્રીજી વખત જો કોઇ ગામ સમરસ થાય તો બીજી વખતમાં એને જે અનુદાન મળ્યું હોય એનાથી ૨૫ ટકાનો વધારો અને એની સાથે સોલાર લાઇટની વ્યવસ્થા એ ગામને મળે એવી સરકાર તરફથી જાહેરાત કરી છે. શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મને ૨૦૦૬ની પણ અમુક સમરસના પૈસા બાકી રહી ગયા છે. ૨૦૧૧માં જે ગ્રામ પંચાયત સમરસ થઇ છે, જેના પૈસા પણ બાકી રહી ગયા છે, તો એ કેટલા સમયમાં આપવામાં આવશે? અને સાઇટ વધારે પછી જ આપવામાં આવશે? કે એની પહેલા આપવામાં આવશે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગર જો સરકારના રેકર્ડ ઉપર કોઇ કારણ વગર બાકી રહી ગયા હશે, તો ચોકકસ એની તપાસ કરવામાં આવશે અને રહી ગયેલી રકમ આપવા માટે તો અમે સામેથી તમને બોલાવી લઇશું.

શ્રી ભગવાનભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મહિલા સરપંચ અને મહિલા બોડી જે આખી સરપંચની બિનહરીફ જે ગામમાં થઇ છે એને જે અનુદાન ૩ લાખ આપવામાં આવે છે, એમાં સરકાર કોઇ વધારો કરવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન કે જૂનાગઢ જિલ્લાની અંદર એક કરતા વધારે વાર મહિલા સરપંચ અને મહિલા સમરસ જે ગ્રામ પંચાયત થઇ હોય તો એને સરકાર કોઇ વધારાનું અનુદાન આપવા માગે છે કે કેમ? અને જૂનાગઢ જિલ્લામાં પ્રથમ વખત મહિલા સરપંચ કઇ ગ્રામ પંચાયત બની છે એ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, એક તો માનનીય સભ્યશ્રીએ કહ્યું કે જે અનુદાન છે એમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ? તો આ અનુદાન જે છે એ મહિલામાં ૨ લાખ રૂપિયા આપવામાં આવતું હતું, તેમાં હવે ૩ લાખ રૂપિયા આપવામાં આવે છે. અને ૩ લાખ આપવામાં આવતા હતા એને આ વર્ષથી ૫ લાખ આપવામાં આવે છે. અને હવે હજુ વધારો માગે છે, આપ તો એનો વિરોધ કરતા હતા, પહેલા તો એમ કહેતા હતા કે સમરસ થવી જ ન જોઇએ એવું આપ કહેતા હતા. હવે આપ અનુદાન માગો છો, એનો અમને આનંદ છે. વી આર વેરી હેપ્પી. માનનીય અધ્યક્ષશ્રી, મને રેકોર્ડ કહેતા આનંદ થાય છે કે પ્રથમવાર જૂનાગઢ જિલ્લામાં ૨૦૦૧માં ૪૩ ગ્રામ પંચાયતો સમરસ થઇ હતી, ત્યારપછી ૨૦૦૬માં ૪૪ અને ૨૦૧૧માં ૧૨૦ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. એ પછી એ પણ રેકોર્ડ જાણવા જેવો છે કે આ વર્ષે પ્રથમ જૂનાગઢનું છે એટલે જૂનાગઢના ધારાસભ્યશ્રીને મારે જણાવવું જોઇએ કે પ્રથમ વખત સમરસ થઇ છે જૂનાગઢમાં, એવી ૬૧ છે. બીજી વખત સમરસ થઇ છે, એવી ૧૭ ગ્રામ પંચાયતો છે અને એવી જે ત્રીજી વખત થઇ છે, એવી જૂનાગઢની ગ્રામ પંચાયતો ૪૩ છે. જેને ૫ લાખ રૂપિયા સુધીનું અનુદાન મળશે.

**માંડવી અને સોનગઢમાં ટ્રાઈબલ સબપ્લાન નીચે ગ્રાંટની ફાળવણી**

* **૨૯૩૮૫ શ્રી પ્રભુભાઇ ના. વસાવા(સોનગઢ)** :: **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના ટ્રાયબલ સબપ્લાન કચેરી માંડવી અને તાપી જિલ્લાના ટ્રાયબલ સબપ્લાન કચેરી સોનગઢને કયા કયા સદર યોજના પ્રમાણે સને ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષમાં કુલ કેટલી ગ્રાંટ ચુકવવાની થાય છે,

(૨)તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ચુકવવામાં આવી છે,

(૩)કેટલી બાકી છે, અને

(૪)બાકી ગ્રાંટ ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રીઃ**

(૧)સામેલ **પત્રક-૧** મુજબ.

(૨)સામેલ **પત્રક-૨** મુજબ.

(૩)સામેલ **પત્રક-૩** મુજબ.

(૪)ગ્રાંટ ઉપલબ્ધ થયેથી તુરતજ.

**પત્રક-૧** **(` લાખમાં)**

| અ.નં. | સદર | ચુકવવાની થતી ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|
| | | માંડવી | સોનગઢ | કુલ |
| ૧ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ | ૨૪૪.૧૩ | ૨૨૦.૦૧ | ૪૬૪.૧૪ |
| ૨ | ૨૨૦૩-તાંત્રિક શિક્ષણ | ૧૨.૮૮ | ૧૨.૩૪ | ૨૫.૨૨ |
| ૩ | ૨૨૧૦-જાહેર આરોગ્ય | ૨૮૫.૫૯ | ૨૬૮.૪૩ | ૫૫૪.૦૨ |
| ૪ | ૨૨૧૫-પાણી પુવરઠો અને સ્વચ્છતા | ૭૭૮.૩૪ | ૭૨૨.૦૦ | ૧૫૦૦.૩૪ |
| ૫ | ૨૨૧૬-આવાસન | ૧૩૭.૯૭ | ૧૩૨.૬૭ | ૨૭૦.૬૪ |
| ૬ | ૨૨૨૫-પ.વ.ક. નું કલ્યાણ | ૧૨૭૮.૮૪ | ૧૭૨૦.૪૨ | ૨૯૯૯.૨૬ |
| ૭ | ૨૨૩૦-શ્રમ અને રોજગાર | ૨૭.૯૪ | ૨૫.૩૯ | ૫૩.૩૩ |
| ૮ | ૨૨૩૬-પોષણ અને મધ્યાહન ભોજન | ૨૧૭.૦૭ | ૨૦૭.૯૪ | ૪૨૫.૦૧ |
| ૯ | ૨૪૦૧-કૃષિ અને પાક વ્યવસ્થા | ૨૫૦.૫૧ | ૨૩૭.૦૯ | ૪૮૭.૬૦ |
| ૧૦ | ૨૪૦૨-ભૂમિ અને જળ સંરક્ષણ | ૧૦.૩૧ | ૫.૪૦ | ૧૫.૭૧ |
| ૧૧ | ૨૪૦૩-પશુપાલન | ૯૫.૧૩ | ૮૮.૭૬ | ૧૮૩.૮૯ |
| ૧૨ | ૨૪૦૪-ડેરી વિકાસ | ૫.૦૧ | ૪.૭૯ | ૯.૮૦ |
| ૧૩ | ૨૪૦૫-મત્સ્ય ઉદ્યોગ | ૧૧.૧૭ | ૧૦.૧૫ | ૨૧.૩૨ |
| ૧૪ | ૨૪૦૬-વન વિકાસ | ૧૬.૦૪ | ૧૧.૮૯ | ૨૭.૯૩ |
| ૧૫ | ૨૪૨૫-સહકાર | ૪.૭૯ | ૪.૫૮ | ૯.૩૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ૨૫૦૧–ગ્રામ વિકાસ | ૧૦૩.૪૬ | ૮૯.૮૭ | ૧૯૩.૩૩ |
| ૧૭ | ૨૭૦૨–નાની સિંચાઈ | ૫૫૬.૨૧ | ૫૧૭.૬૭ | ૧૦૭૩.૮૮ |
| ૧૮ | ૨૭૦૫–વિસ્તાર વિકાસ કાર્યક્રમ | ૪૧.૪૩ | ૩૯.૬૮ | ૮૧.૧૧ |
| ૧૯ | ૨૮૦૧–વિજળી | ૬૬.૬૭ | ૫૪.૬૩ | ૧૨૧.૩૦ |
| ૨૦ | ૨૮૫૧–નાના ઉદ્યોગો | ૮૮.૮૧ | ૭૯.૩૦ | ૧૬૮.૧૧ |
| ૨૧ | ૩૦૫૪–રસ્તા અને પુલો | ૨૭૮.૨૨ | ૨૫૭.૨૮ | ૫૩૫.૫૦ |
| ૨૨ | ૩૪૫૬–નાગિરક પુરવઠો | ૨.૦૨ | ૧.૯૪ | ૩.૯૬ |
| | **કુલ :–** | **૪૫૧૨.૫૪** | **૪૭૧૨.૨૩** | **૯૨૨૪.૭૭** |

## પત્રક–૨

**(` લાખમાં)**

| અ.નં. | સદર | ચુકવવામાં આવેલ ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|
| | | માંડવી | સોનગઢ | કુલ |
| ૧ | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ | ૧૮૩.૦૯ | ૧૬૫.૦૦ | ૩૪૮.૦૯ |
| ૨ | ૨૨૦૩–તાંત્રિક શિક્ષણ | ૯.૬૬ | ૯.૨૫ | ૧૮.૯૧ |
| ૩ | ૨૨૧૦–જાહેર આરોગ્ય | ૨૧૩.૯૫ | ૨૦૧.૦૭ | ૪૧૫.૦૨ |
| ૪ | ૨૨૧૫–પાણી પુવરઠો અને સ્વચ્છતા | ૫૮૩.૭૬ | ૫૪૧.૮૭ | ૧૧૨૫.૬૩ |
| ૫ | ૨૨૧૬–આવાસન | ૧૦૩.૪૯ | ૯૯.૧૩ | ૨૦૨.૬૨ |
| ૬ | ૨૨૨૫–પ.વ.ક. નું કલ્યાણ | ૮૬૯.૧૨ | ૯૫૩.૭૫ | ૧૮૨૨.૮૭ |
| ૭ | ૨૨૩૦–શ્રમ અને રોજગાર | ૧૩.૯૮ | ૨૪.૮૯ | ૩૮.૮૭ |
| ૮ | ૨૨૩૬–પોષણ અને મધ્યાહન ભોજન | ૧૬૨.૮૦ | ૧૫૫.૯૬ | ૩૧૮.૭૬ |
| ૯ | ૨૪૦૧–કૃષિ અને પાક વ્યવસ્થા | ૧૮૮.૨૯ | ૧૭૭.૮૦ | ૩૬૬.૦૯ |
| ૧૦ | ૨૪૦૨–ભૂમિ અને જળ સંરક્ષણ | ૭.૭૩ | ૪.૦૫ | ૧૧.૭૮ |
| ૧૧ | ૨૪૦૩–પશુપાલન | ૭૧.૩૨ | ૬૬.૫૪ | ૧૩૭.૮૬ |
| ૧૨ | ૨૪૦૪–ડેરી વિકાસ | ૩.૭૨ | ૩.૫૭ | ૭.૨૯ |
| ૧૩ | ૨૪૦૫–મત્સ્ય ઉદ્યોગ | ૮.૩૭ | ૭.૬૨ | ૧૫.૯૯ |
| ૧૪ | ૨૪૦૬–વન વિકાસ | ૧૨.૦૫ | ૮.૯૧ | ૨૦.૯૬ |
| ૧૫ | ૨૪૨૫–સહકાર | ૩.૬૦ | ૩.૪૪ | ૭.૦૪ |
| ૧૬ | ૨૫૦૧–ગ્રામ વિકાસ | ૭૭.૫૯ | ૬૭.૪૧ | ૧૪૫.૦૦ |
| ૧૭ | ૨૭૦૨–નાની સિંચાઈ | ૫૫૬.૨૧ | ૫૧૭.૬૭ | ૧૦૭૩.૮૮ |
| ૧૮ | ૨૭૦૫–વિસ્તાર વિકાસ કાર્યક્રમ | ૩૧.૦૭ | ૨૯.૭૬ | ૬૦.૮૩ |
| ૧૯ | ૨૮૦૧–વિજળી | ૫૦.૦૧ | ૪૦.૯૬ | ૯૦.૯૭ |
| ૨૦ | ૨૮૫૧–નાના ઉદ્યોગો | ૬૫.૧૧ | ૫૯.૪૭ | ૧૨૪.૫૮ |
| ૨૧ | ૩૦૫૪–રસ્તા અને પુલો | ૨૦૮.૬૭ | ૧૯૨.૯૬ | ૪૦૧.૬૩ |
| ૨૨ | ૩૪૫૬–નાગિરક પુરવઠો | ૧.૫૧ | ૧.૪૬ | ૨.૯૭ |
| | **કુલ :–** | **૩૪૨૫.૧૦** | **૩૩૩૨.૫૪** | **૬૭૫૭.૬૪** |

## પત્રક–૩

**(` લાખમાં)**

| અ.નં. | સદર | ચુકવવાની બાકી ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|
| | | માંડવી | સોનગઢ | કુલ |
| ૧ | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ | ૬૧.૦૪ | ૫૫.૦૧ | ૧૧૬.૦૫ |
| ૨ | ૨૨૦૩–તાંત્રિક શિક્ષણ | ૩.૨૨ | ૩.૦૯ | ૬.૩૧ |
| ૩ | ૨૨૧૦–જાહેર આરોગ્ય | ૭૧.૬૪ | ૬૭.૩૬ | ૧૩૯.૦૦ |
| ૪ | ૨૨૧૫–પાણી પુવરઠો અને સ્વચ્છતા | ૧૯૪.૫૮ | ૧૮૦.૧૩ | ૩૭૪.૭૧ |
| ૫ | ૨૨૧૬–આવાસન | ૩૪.૪૮ | ૩૩.૫૪ | ૬૮.૦૨ |
| ૬ | ૨૨૨૫–પ.વ.ક. નું કલ્યાણ | ૪૦૯.૭૨ | ૭૬૬.૬૭ | ૧૧૭૬.૩૯ |
| ૭ | ૨૨૩૦–શ્રમ અને રોજગાર | ૧૩.૯૬ | ૦.૫૦ | ૧૪.૪૬ |
| ૮ | ૨૨૩૬–પોષણ અને મધ્યાહન ભોજન | ૫૪.૨૭ | ૫૧.૯૮ | ૧૦૬.૨૫ |
| ૯ | ૨૪૦૧–કૃષિ અને પાક વ્યવસ્થા | ૬૨.૨૨ | ૫૯.૨૯ | ૧૨૧.૫૧ |
| ૧૦ | ૨૪૦૨–ભૂમિ અને જળ સંરક્ષણ | ૨.૫૮ | ૧.૩૫ | ૩.૯૩ |
| ૧૧ | ૨૪૦૩–પશુપાલન | ૨૩.૮૧ | ૨૨.૨૨ | ૪૬.૦૩ |
| ૧૨ | ૨૪૦૪–ડેરી વિકાસ | ૧.૨૯ | ૧.૨૨ | ૨.૫૧ |
| ૧૩ | ૨૪૦૫–મત્સ્ય ઉદ્યોગ | ૨.૮૦ | ૨.૫૩ | ૫.૩૩ |

| અ.નં. | સદર | ચુકવવાની બાકી ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|
| | | માંડવી | સોનગઢ | કુલ |
| ૧૪ | ૨૪૦૬–વન વિકાસ | ૩.૯૯ | ૨.૯૮ | ૬.૯૭ |
| ૧૫ | ૨૪૨૫–સહકાર | ૧.૧૯ | ૧.૧૪ | ૨.૩૩ |
| ૧૬ | ૨૫૦૧–ગ્રામ વિકાસ | ૨૫.૮૭ | ૨૨.૪૬ | ૪૮.૩૩ |
| ૧૭ | ૨૭૦૨–નાની સિંચાઈ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | ૨૭૦૫–વિસ્તાર વિકાસ કાર્યક્રમ | ૧૦.૩૬ | ૯.૯૨ | ૨૦.૨૮ |
| ૧૯ | ૨૮૦૧–વિજળી | ૧૬.૬૬ | ૧૩.૬૭ | ૩૦.૩૩ |
| ૨૦ | ૨૮૫૧–નાના ઉદ્યોગો | ૨૩.૭૦ | ૧૯.૮૩ | ૪૩.૫૩ |
| ૨૧ | ૩૦૫૪–રસ્તા અને પુલો | ૬૯.૫૫ | ૬૪.૩૨ | ૧૩૩.૮૭ |
| ૨૨ | ૩૪૫૬–નાગિરક પુરવઠો | ૦.૫૧ | ૦.૪૮ | ૦.૯૯ |
| | **કુલ :–** | **૧૦૮૭.૪૪** | **૧૩૭૯.૬૯** | **૨૪૬૭.૧૩** |

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થવાને આરે છે. તેમ છતાં માંડવીની ટ્રાયબલ કચેરીમાં ૧૦,૮૭,૪૪,૦૦૦ અને સોનગઢની ટ્રાયબલ કચેરીમાં ૧૩,૭૯,૬૯,૦૦૦ મળીને કુલ ૨૪,૬૭,૧૩,૦૦૦ જેટલી રકમ બાકી છે. તો આ ગ્રાન્ટ કયારે ચૂકવવામાં આવશે.

શ્રી મંગુભાઇ છ. પટેલ (વન અને પર્યાવરણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખે તમામ ગ્રાન્ટ ચૂકવી દેવામાં આવી છે.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે માડવી પ્રાયોજના કચેરી મારફતે વર્ષ ૨૦૧૧–૧૨ના કામ મંજૂર કરવા માટે માંડવી જિલ્લા આદિવાસી વિકાસ મંડળની બેઠક કયારે મળી હતી અને તે લેઇટ થવાના કારણો શું છે? (અંતરાય) (ઘોંઘાટ) (ભરતભાઇ બોઘરા તરફથી કંઇક પ્રદર્શન કરાતા)

અધ્યક્ષશ્રી : માનનીય ભરતભાઇ, ગૃહમાં કોઇ પણ પ્રદર્શન કરી શકાતું નથી.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માંડવીની જિલ્લાની બેઠક તા. ૧૬–૯–૨૦૧૧ના રોજ મળી હતી. અને ગુજરાત પેટર્ન પોલીસીમાં ફેરફાર કરવાનો હતો તેથી પુનઃ વિચારણા કરવાની હોવાથી આ બેઠક મોડી થઇ હતી.

શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૧–૧૨ માટે માંડવી પ્રાયોજનાવાર ગુજરાત પેટર્ન હેઠળ કુલ કેટલી રકમનું આયોજન કરવામાં આવેલ હતું અને તેમાં કુલ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માંડવી પ્રાયોજના વહીવટદારમાં ૩૨ કરોડ ૬૨ લાખની જોગવાઇ કરવામાં આવી હતી અને ૯૭૪ જેટલા કામો મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે એમણે કહ્યું કે ચુકવી દેવામાં આવી છે. પણ અહીં તો કંઇ લખ્યું નથી. અહીં તો એમ લખ્યું છે કે ગ્રાન્ટ મળ્યાથી ચુકવાશે. તો અમારી મુશ્કેલી એ છે કે અહીં ખાતમૂહુર્ત થઇ ગયા, પેપરમાં આપી દીધું. હવે માનનીય મુખ્ય મંત્રીશ્રી અમારે ત્યાં ૨૬મી જાન્યુઆરીએ આવ્યા તેની ગ્રાન્ટના કોઇ ઠેકાણા નથી.

અધ્યક્ષશ્રી : બીજો પ્રશ્ન આમાંથી ઉપસ્થિત ન કરો, નહીંતર આપનો પૂરક પ્રશ્ન હું નામંજૂર કરીશ. તાપી જિલ્લા પ્રાયોજના વહીવટદારનો પ્રશ્ન છે તેનો જ જવાબ મળશે.

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : અહીં એમણે જવાબ આપ્યો છે કે ગ્રાન્ટ ઉપલબ્ધ થયે તુરત જ ચૂકવવામાં આવશે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : મેં મારા જવાબમાં કહ્યું જ છે કે આજની તારીખે તમામ ગ્રાન્ટ ચૂકવી દેવામાં આવી છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારની ચિંતા કરી અને આ ગુજરાત પેટર્નનું આયોજન કર્યુ છે તે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારની જ દેન છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી

એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૧-૧૨ માં સોનગઢ પ્રાયોજનાવાર ગુજરાત પેટર્ન હેઠળ કેટલી રકમનું આયોજન કરવામાં આવેલ હતું અને કુલ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

શ્રી મંગુભાઇ છ. પટેલ : સોનગઢ પ્રાયોજના વિસ્તારમાં ૩૦ કરોડ ૧૪ લાખ ૯૯ હજારની જોગવાઇ કરવામાં આવી હતી. અને તેના કામો છે તે પણ ૧૧૫૧ કામો મંજૂર કરવામાં આવેલ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ બહાર પડી જાય છે અને ટ્રાયબલ વિસ્તારમાં મુશ્કેલી એ થાય છે કે આખું વર્ષ નીકળી જાય ત્યાં સુધી વહીવટી મંજૂરી મળતી નથી. હવે અહીં કહે છે કે રીલીઝ કરી દીધી છે. તો મારે એ જાણવું છે કે વહીવટી મંજૂરી કયારે આપશો, ટેન્ડર કયારે બહાર પડશે અને કામ કયારે શરૂ થશે અને કયારે પૂર્ણ કરાશે? ગરીબ મેળાઓ સરકાર કરે છે પણ અહીં ૨૨૨૫ હેડ છે એમાં ૧૧ કરોડ ૭૬ લાખ એમને એમ પડયા છે અને ૧૫ દિવસ બાકી છે એટલે આટલી ચિંતા તો કરે કે જેથી ગરીબ માણસો છે તેને લાભ મળે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : મેં જવાબ આપ્યો છે કે જે કંઇ આયોજન થયું છે અને કામો મંજૂર થયા છે અને જે જોગવાઇ કરવામાં આવેલી છે તે તમામે તમામ ગ્રાન્ટ ચુકવી દેવામાં આવી છે હવે ગ્રાન્ટ ચૂકવવાનો પ્રશ્ન રહેતો નથી.

## રાજકોટ જિલ્લામાં વોટર શેડ પ્રોજેકટને મંજૂરી

***૨૮૫૧૩ શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વોટર શેડ યોજના અંતર્ગત કેટલા પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી છે, અને

(૩) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી ઃ**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૬ પ્રોજેકટ અને વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૪ પ્રોજેકટ, એમ કુલ ૧૦ વોટરશેડના પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૯૨૨.૮૩ લાખ રકમ મળી છે, અને

(૩) તેની સામે તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રૂ. ૧૮૬.૮૭ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજકોટ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમિયાન હાથ ધરાયેલ વોટરશેડ પ્રોજેકટ કયા તાલુકામાં કયા કયા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. અને આ વર્ષ દરમિયાન ૯૨૨.૮૩ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપી છે તેની સામે ૧૮૭ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે તો બાકીની રકમનો ખર્ચ કયારે કરવામાં આવશે?

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : રાજકોટ જિલ્લામાં વોટર શેડ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં છ પ્રોજેકટો મંજૂર કરવામાં આવ્યા હતા જેમાં ૩૧ ગામોનો સમાવેશ થાય છે.

રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકાની અંદર સનાળી,જનડા, વેરાવળ, આતસડી, પાટીયાળી, દેવધરી, હાંસલપર, રૂપાવટી, કાનપર, જુના પીપળીયા, જીવાપર, દોલતપર, ડોડીયાળા અને સાણથલી. માળિયા તાલુકામાં જાજાસર, નાની બલા, જસાપર, બગસરા, મોટાવેલા, નાના દહીસરા, મોટા દહીસરા, કણગરી, મોરબી તાલુકામાં પીલુંડી, વાટપર, જુનેઅગ્રવટ, સોખડા, અને ગાળા. ગોંડલ તાલુકાની અંદર શ્રીનાથગઢ, માંડલ, કુંડલા, કમઢીયાળા, કેસવાળા, અને સન ૨૦૧૧-૧૨ની અંદર કોટડા સાંગાણીમાં અરડોઇ, આંબલીયાળા, અનીડા, ભોરડી અને નવી મેંદણી, ગોંડલ તાલુકામાં ધોરસીયા, મોટી ખીલોડી, કાણસકી, દેરડી, મેતા ખંભાળિયા, પાક બીલોરી, વાસાવળ. રાણાવાવ, મોટા સખપર, અનલગઢ, લીંબડી, ગુંદાળા, પીપળીયા, દાડિયા, લુણીવાવ, કોલીથોળ, અને હળમતિયા. જસદણ તાલુકામાં સન ૨૦૧૧-૧૨માં રાણપરડા અને મેઘપરનો સમાવેશ કરવામાં આવ્યો છે.ખર્ચની વાત કરવામાં આવી આ વોટર શેડ

પ્રોજેકટમાં પહેલા વરસમાં વોટર શેડ સમિતિ બનાવવામાં આવે છે એનું માર્ગદર્શન આપવામાં આવે છે. અને એના કામ કરવા માટે સાઇડો નક્કી કરવામાં આવે છે. એટલે પહેલા વર્ષે ખર્ચ ઓછો થતો હોય છે. આ પ્રોજેકટની મર્યાદા પાંચથી સાત વરસની હોય છે આ પૈસા પ્રોજેકટ પૂરો થાય ત્યાં સુધી પૂરો ખર્ચ કરવામાં આવે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : રાજકોટ જિલ્લામાં વોટરશેડ અંતર્ગત જે સબંધિત કામગીરી છે એ કામગીરી માટે કોઇ એવોર્ડ મળ્યા છે કે કેમ? જો મળ્યા હોય તો એની વિગતો આપવા મંત્રીશ્રી કૃપા કરે. અને સાથે એ પણ જાણવા માગું છું કે એવોર્ડની પસંદગી થઇ હોય, એ પસંદગીના ગામો હોય એ ગામોના નામોની ખોટી પસંદગી થઇ છે એવી જો કોઇ ફરિયાદ હોય તો એ ફરિયાદ સામે શું પગલાં લેવામાં આવ્યા છે?

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : આ ગુજરાતની અંદર કેન્દ્રની યુ.પી.એ.ની સરકાર દ્વારા આ એવોર્ડોની ભરમાળા લાગી છે.આ વોટરશેડ યોજનામાં સન ૨૦૧૦-૧૧ કેન્દ્રિય ભૂમિ બોર્ડ દ્વારા દસ લાખનો ઓવોર્ડ આપવામાં આવ્યા છે. સન ૨૦૧૧માં પણ એક લાખનો એવોર્ડ આપવામાં આવ્યો છે. સન ૨૦૧૨માં આજ મહિનામાં પાછો એક લાખનો એવોર્ડ આપવામાં આવ્યો છે. જે ફરિયાદની વાત કરી છે એમાં ખાસ કરીને આ ગુજરાતની અંદર કેન્દ્ર આધારિત યોજનાઓ છે એમાં ગુજરાતનો ફાળો પણ હોય છે. આવી યોજનાઓનું ગુજરાતમાં કામ થતું હોય એ કામોની અંદર ગામોની ખોટી પસંદગી કરવામાં આવી છે આવી ફરિયાદ કરીને ગુજરાતને બદનામ કરવા માટે આપણા આજ ગૃહના વિરોધપક્ષના નેતાશ્રીએ કેન્દ્રના ગ્રામ વિકાસ મંત્રીશ્રીને તા. ૩-૧૧-૧૧ ના રોજ પત્ર લખવામાં આવ્યો જેના આધારે કેન્દ્રિય મંત્રીએ કર્ણાટક રાજયની એક ટીમની રચના કરી અને ક્રોસ ચેકિંગ કરવા માટે કર્ણાટક રાજયની ટીમને ગુજરાતમાં મોકલવામાં આવી. આ ટીમે આ યોજનાની તપાસ કરી, એ તપાસ કર્યા પછી આ આપણા વિરોધપક્ષના નેતાશ્રીને પણ ૧૫-૨-૧૨ના રોજ પત્રથી કેન્દ્ર સરકારના ગ્રામ મંત્રીશ્રીએ જવાબ લખ્યો છે કે આ યોજનામાં કોઇપણ જાતની ગેરરીતિ થઇ નથી. જે પસંદગી કરવામાં આવી છે એ યોગ્ય રીતે કરવામાં આવી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય મંત્રીશ્રીએ એ વાત તો સ્વીકારી કે જે અન્યાય કરે છે અન્યાય કરે છે એની વાતો બહુ થાય છે. પણ તપાસ પણ યોગ્ય રીતે થાય છે કોઇએ ફરિયાદ વિરોધપક્ષના નેતાશ્રીને કરી હોય એ એમણે મોકલી હોય એના સંદર્ભમાં તપાસ થઇ હોય તો એના અનુસંધાનમાં વાજબી તપાસ થઇ છે એ વાત સ્વીકારવામાં આવે છે એ આનંદની વાત છે. અન્યાય કરવામાં આવે છે એવું કહે છે અને આપ જ બીજી બાજુ અમને એવોર્ડો આપે છે એવું કહો છો આમ બે વાત કરે છે એ વાજબી નથી. આ વોટરશેડ પ્રોજેકટ છે એમાં સામાન્ય રીતે એમ.બી. લખાતી નથી. એની મેજરમેન્ટ બૂક મેઇન્ટેઇન થતી નથી એના કારણે જે એસેટ રજિસ્ટર થવી જોઇએ એ એસેટ ટકાઉ બનવી જોઇએ. એ ટકાઉ ન બનવાની પણ ખૂબ મોટા પાયા પર ફરિયાદો છે અને આ યોજનામાં ઘણી જગ્યાએ ભ્રષ્ટાચાર ખૂબ મોટા પાયા પર થાય છે અને એટલા માટે ખૂબ મોટા પાયા પર પૈસા પ્રજા, કેન્દ્ર સરકારના કે રાજ્ય સરકારના જે હોય તે ખૂબ ખર્ચાય છે. તો એની અંદર પૈસાનો બરાબર ઉપયોગ થાય અને જે હેતુ માટે નાણા ફાળવવામાં આવ્યા છે એના માટે વપરાય અને એમાં ભ્રષ્ટાચાર ન થાય એટલા માટે કામ પૂરું થાય ત્યારે આખી યોજનાનું સોશિયલ ઓડિટ છે એ નિષ્ણાત સંસ્થાઓ છે એની પાસે કરાવી જે કામગીરી થાય છે એ કામગીરીનો અહેવાલ તૈયાર કરાવવા માગો છો કે કેમ? અને આ જે એસેટ બને છે એ એસેટ રજિસ્ટરમાં ચડાવી વખતોવખત રિપેરીંગ અને બીજી કામગીરી થાય તે માટે કોઇ તંત્ર ગોઠવવા માગો છો કે કેમ?

શ્રી મોહનભાઇ ક. કુંડારીયા : કેન્દ્ર સરકારની ગાઇડલાઇન મુજબ આ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ કામ ગુણવત્તાસભર થાય, સારા થાય, એના માટે જિલ્લા કક્ષાએ વિજિલન્સ કમિટિ પણ હોય છે. આ કમિટીના ચેરમેન સંસદસભ્ય હોય છે. રાજકોટ જિલ્લાની અંદર આ કમિટિ અવારનવાર મળે છે. તા.૬-૭-૧૦ના રોજ મળી હતી એમાં ૧૭ સભ્યો હાજર હતા, બીજી બેઠક તા.૧૧-૧-૧૧ના રોજ મળી હતી એમાં

૨૦ સભ્યો હાજર હતા, તા.૧૮–૨–૧૧ના રોજ મળી હતી એમાં ૧૬ સભ્યો હાજર હતા, તા.૨૯–૩–૧૧ના રોજ મળી હતી એમાં ૧૬ સભ્યો હાજર હતા, તા.૮–૭–૧૧ના રોજ મળી હતી એમાં ૨૨ સભ્યો હાજર હતા, તા.૭–૧૧–૧૧ના રોજ મળી હતી એમાં ૨૧ સભ્યો હાજર હતા, આવી પાંચેક કમિટિની બેઠકો મળી હતી અને એમાં એકપણ ગેરરીતિનો અહેવાલ આપવામાં આવ્યો નથી. આ યોજના છે એ ગામડાની અંદર ખેડૂતો માટે લાભકારી યોજના છે. આ યોજનાના આધારે જે ગામડા છે એમાં વોટર શેડના કામો કરવામાં આવે છે. આ વર્ષે ૪૫૦૦૦ ઘન મીટરમાં પાણી સંગ્રહવામાં આવ્યું છે. ૨૫૦ હેક્ટર વિસ્તારના ખેડૂતોને સિંચાઇનો લાભ મેળવ્યો છે.

શ્રીમતી જશુબેન સ. કોરાટ : માનનીય અધ્યક્ષશ્રી, વોટર શેડ યોજના હેઠળ પસંદગી કરાતા ગામો માટે પસંદગીના ધોરણો શું છે? અને બીજું જેતપુર તાલુકાના કોઇ ગામનો સમાવેશ થયેલ નથી તો સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી મોહનભાઇ ક. કુંડારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગામડાઓની પસંદગીના તેર માપદંડો છે. દા.ત. ગામની કુલ ગરીબ ઘરની વસ્તી કેટલી? ગામમાં એસ.સી.એસ.ટી.ના ઘર કેટલા? એના દસ ગુણ આપવામાં આવે છે. ગામડામાં વેતન મેળવતા લોકો કેટલા? એના પાંચ ગુણ, નાના સીમાંત ખેડૂતો કેટલા એના દસ ગુણ આપવામાં આવે છે. આ રીતે તેર પેરા મીટર છે એના આધારે ગામડાની પસંદગી કરવામાં આવે છે અને ખાસ કરીને એના પછી ગાંધીનગર દ્વારા સેટેલાઇટથી આ ગામડાની તાલુકાની મોજણી કરવામાં આવે છે અને એના આધારે કઇ જગ્યાએ સ્ટ્રકચર બનાવવું એ નક્કી કરવામાં આવે છે અને આમાં જે ગામ આવતા હોય એમાં જેતપુર તાલુકો આવતોહોય તો એનો પણ સમાવેશ કરવામાં આવશે.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને એ પૂછવું છે કે, વોટર શેડ યોજના હેઠળ હાથ ધરાયેલ કામો વડે જળ સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો , એનો કેટલા હેક્ટર વિસ્તારને લાભ મળ્યો અને રાજકોટ જિલ્લાના વિજિલન્સ અને મોનીટરીંગ કમિટીના ચેરમેન અમારા સંસદસભ્ય છે. મારા મત વિસ્તારમાં ડોડીયાળા અને મોઢૂકા ગામ છે. આ બે ગામોની સમિતિઓ સંસદસભ્યે દબાણ કરીને બનાવી દીધી છે. આ સમિતિઓના ચેરમેન છે એ કોંગ્રેસના સંસદસભ્ય છે એમને મેં ચાર પત્રો લખ્યા છતાં આ અધિકારીઓ ઉપર દબાણ કરીને હમણાં જેમ અર્જુનભાઇએ કહ્યું એમ ખોટું થાય છે એવી બંધ બારણે ચર્ચા થાય છે...

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવી જાઓ..પ્લીઝ..

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : આ વોટર શેડ યોજના હેઠળ જોડાયેલા ગામ છે એમાં સંસદસભ્યે દબાણ કરીને ખોટી સમિતિઓ બનાવી છે. મોઢૂકા અને ડોડીયાળા આ બન્ને ગામ છે એમાં માનનીય મંત્રીશ્રી મને ખાતરી આપે કે અહીંથી જે સ્પેશિયલ તપાસ કરાવીને વ્યવસ્થિત નવેસરથી સમિતિઓ થાય અને ગામડામાં ખરેખર વોટર સંગ્રહનું કામ સારી રીતે કરી શકાય. કારણ કે, ત્યાંના લોકલ અધિકારીઓ આ ચેરમેનશ્રીના દબાણથી આ પ્રકારની એક પરિસ્થિતિ ઉભી થઇ છે. બીજું સાહેબ ગામડાની અંદર જે પ્રકારે કેન્દ્ર પુરસ્કૃતની યોજનાઓ છે વોટર શેડ, નરેગા અને નિર્મળ ગામ આ બધી યોજનાઓનું અમલીકરણ આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ સરપંચશ્રીઓને સીધું માર્ગદર્શન આપે છે. અમારા ધારાસભ્યોને ..

અધ્યક્ષશ્રી : ચર્ચા ઉભી ના કરો પ્લીઝ પ્રશ્ન પૂછો.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : હું એજ પૂછું છું કે આ પ્રકારનું સરસ ગામડામાં કામ થાય અને ગુજરાત સરકાર નામની જાહેરાત કરે અને કેન્દ્રને મોકલે પછી આ પ્રકારની ખોટી ફરિયાદો કરીને ગુજરાતને બદનામ કરે છે તો હું એ જાણવા માગુ છું કે આ મોઢુકા અને ડોડીયાળા બે ગામોની અંદર ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો પૂરક પ્રશ્ન હું નામંજૂર કરીશ પ્લીઝ..

શ્રી મોહનભાઇ ક. કુંડારીયા : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીની જે લાગણી છે એ જસદણ તાલુકાની અંદર બે ગામમાં ખોટી રીતે સમિતિ બનાવવામાં આવી છે. હકીકતમાં અહીંથી એની તપાસ કરવામાં આવશે. અને ખોટી સમિતિ હોય તો એને દૂર કરીને ગામમાં ગ્રામસભા બોલાવીને નવી સમિતિ બનાવવાની પૂરી કાર્યવાહી કરવામાં આવશે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ–ઇ–કનેકટીવીટીનું જોડાણ

*** ૨૭૯૪૭ શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી કૃપા કરશે કેઃ** જણાવવા –

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાઃ૩૧–૧૨–૨૦૧૧ની સિથ્તિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ–ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ–ઇ–કનેકટીવીટીથી જોડવાના બાકી છે, અને

(૩) તેને કયાં સુધીમાં બ્રોડ બેન્ડ–ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧) તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોને ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) હાલ કોઇ ગ્રામ પંચાયત બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ભરતભાઇ વ. ખોરાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જિલ્લાના ઇ–ગ્રામ કેન્દ્ર સારી રીતે ચાલે સારી રીતે કાર્યરત રહે તે માટે થઇને રાજય કક્ષા દ્વારા કયા પ્રકારનું મોનીટરીંગ કરવામાં આવે છે અને તેના થકી બીજી શું વ્યવસ્થા ગોઠવવામાં આવે છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ ઃ માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ઇ–ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા ગુજરાતના ૧૩૬૫૮ ગ્રામ પંચાયતોને ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવ્યા છે. અને એને કોમ્પ્યુટર આનુષાંગિક સાધન સામગ્રી પૂરી પાડી છે. વીજ સેટ આધારીત ઇ કનેકટીવીટી આપી ઇ–ગ્રામ કેન્દ્રો આપણે શરૂ કર્યા છે. આ તમામ કેન્દ્રોને કનેકટીવીટી યોગ્ય રીતે ચાલુ રહે , એમનો પ્રશ્ન બહુ યોગ્ય છે. અને તેનું સતત મોનીટરીંગ થઇ શકે તે માટે ઇ–ગ્રામ કેન્દ્રો ખાતે ઉદ્ ભવતી મુશ્કેલી અંગે ફોન ઉપર ફરિયાદ મેળવી તેનું નિવારણ થઇ શકે તે માટે અહીંયા સચિવાલયમાં નવા સચિવાલય ખાતે નોક નામનું આપણું સેન્ટર બનાવ્યું છે. નેટવર્ક ઓપરેશન સેન્ટર બનાવવામાં આવ્યું છે. આ નેટવર્ક ઓપરેશન સેન્ટર છે એ છ એન્જિનીયરોને હેલ્પ લાઇન ઉપર ત્યાં સતત સેવા આપે છે. ઉકત નેટવર્ક ઓપરેશન સેન્ટર બેગ્લોર હબ સાથે જોડાયેલું છે. એના દ્વારા નિયમીત રીતે કનેકટીવીટી અને બેન્ડ વીથ ના વપરાશનું મોનીટરીંગ કરવામાં આવે છે. ઉકત સેન્ટર ખાતે નોક દ્વારા રાજયની કેટલીક ગ્રામ પંચાયતો નેટવર્ક સાથે મહિનામાં કેટલા દિવસો સુધી જોડાયેલી હતી અને કેટલી ગ્રામ પંચાયતો જોડાયેલ ન હતી તેની પણ માહિતી અહીંયા નોક સેન્ટર ઉપર મળી શકે છે. આ સેન્ટર ખાતેથી ગ્રામ પંચાયત ખાતે પૂરી પાડવામાં આવતી બેન્ડ વીથનું પણ મોનેટરીંગ કરવામાં આવે છે. એટલું જ નહીં સેન્ટર ખાતે ૨૪ કલાકમાં કયા સમયગાળામાં કેટલી બેન્ડવીથનો વપરાશ થયો એની પણ માહિતી અહીંયા બેઠા મેળવી શકાય છે. રાજય તેમજ જિલ્લા કક્ષાએથી ગ્રામ પંચાયત સાથે એક બીજી ગ્રામ પંચાયત વચ્ચે થતા વિડીયો કોન્ફરન્સને પણ મદદરૂપ થાય છે. બાયસેગ દ્વારા પ્રસારિત થતા કાર્યક્રમોની લીંક મેળવી તેનું તમામ ઇ–ગ્રામ કેન્દ્રો ખાતે પ્રસારણ પણ કરવામાં આવે છે. બાવન પંચાયત વાઇડ એરીયા નેટવર્ક નામની અમારી ચેનલ છે એ ચેનલના માધ્યમથી ૨૪ કલાક વિવિધ કાર્યક્રમોનું પણ પ્રસારણ કરવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇ–કનેકટીવીટીથી કયા કયા પ્રકારના કામો થાય છે એની માહિતી તો માનનીય મંત્રીશ્રીએ આપી પરંતુ આ જે કનેકટીવીટી છે એની અંદર સિગ્નલ યોગ્ય રીતે મળતા ન હોવાથી કનેકટીવીટીનો જ અભાવ રહે છે મોટા ભાગના ગામોમાં. ગુજરાતની અંદર જે પ્રશ્ન છે એ આ છે અને એના માટે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે પ્રશ્ન પૂછાયો છે કે બ્રોડ બેન્ડ–ઇ–કનેકટીવીટીનું જોડાણ છે એ કેટલી ગ્રામ પંચાયતોમાં થયેલ છે પણ કનેકટીવીટી બે પ્રકારે હોય છે. એક વી–બેન્ડથી જોડાયેલા છે અને એક બ્રોડ–બેન્ડથી જોડાયેલા છે. તો આ જે ૬૧૫ ગ્રામ પંચાયતો છે.એમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી છે એ કેટલી ગ્રામ પંચાયતો સાથે જોડાયેલી છે અને વી.બેન્ડ કનેક્ટિવિટીથી કેટલી

જોડાયેલી છે. જે વી. બેન્ડથી જોડાયેલ છે એ બ્રોડબેન્ડ સાથે કેટલા સમયમાં જોડવા માગો છો અને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી છે એના માટે કઇ કંપની સાથે આપણે કરારો કરેલા છે?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી સુરેન્દ્રનગર જિલ્લાને પ્રશ્ન લાગુ પડે છે તો ૬૧૫ ગ્રામ પંચાયતો છે એ બધી જ બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડવામાં આવેલ છે. બ્રોડબેન્ડ કનેક્ટિવિટી છે એનો પૂરેપૂરો ખ્યાલ રાખવા માટે અર્જુનભાઇ ધ્યાન દોરું કે દરેક ગામમાં વી.સી.એ. રાખવામાં આવ્યા છે. એ જ રીતે તાલુકા લેવલે એન્ટરપ્રિનિયોર્સ અને જિલ્લા લેવલે ડિસ્ટ્રીક્ટ લેવલ એન્ટરપ્રિનિયોર્સ સાહસિકોને તાલીમ સપોર્ટ આપવા માટે રાખવામાં આવ્યા છે. ભારતી એરટેલ છે એના દ્વારા આ બેન્ડવીડ્થ પૂરી પાડવામાં આવે છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી :** આપના માધ્યમથી પૂછવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લાની તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં વીજ બિલ કલેકશન કરવામાં આવે છે અને બીજો પ્રશ્ન એ છે કે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ કંપનીની કેટલી રકમ ગ્રામ પંચાયતોમાં ઇ–ગ્રામ કેન્દ્રો દ્વારા વસુલ કરવામાં આવી છે અને એનાથી ગ્રામ પંચાયતોને કેટલી આવક થઇ છે?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ :** સુરેન્દ્રનગર જિલ્લાને સંબંધ છે ત્યાં સુધી ૬૧૫ ગામો છે એ બધાની ઇ–કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે આ બધા જ ગામોએ પોતે પ્રયત્નો કરીને વીજ બિલો કલેકશન કરવાના છે એ ૬૧૫ ગામો છે એ ૧૦૦ ટકા ગામોમાં વીજ બિલ મેળવી શકે છે. એમનો બીજો પ્રશ્ન છે કે બે વર્ષમાં કેટલા કેટલા વીજ બિલો કેવી રીતે મેળવ્યા છે. તો બે વર્ષમાં કુલ ૬૮,૭૭૮ વીજ બિલોના કલેકશન થકી જી.ઇ.બી.માટે રૂપિયા ૩૭૪ લાખનું કલેકશન કરવામાં આવ્યું છે. તે થકી ૪,૮૧,૪૪૬ રૂપિયાની ગ્રામ પંચાયતોને આવક થઇ છે. પી.પી.પી. પદ્ધતિથી આનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે એટલે ગ્રામ ઓપરેટર છે એમને એમાંથી રૂપિયા ૩,૮૫,૧૫૭ રૂપિયા મળ્યા છે અને ૯૬,૨૮૯ રૂપિયા ગ્રામ પંચાયતોને સેવા કેન્દ્રમાં આ આવક થઇ છે.

**શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા :** માનનીય અધ્યક્ષશ્રી, *(xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી :** આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બાકી સમયે મંત્રીશ્રીનું ધ્યાન દોરજો.

**શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા :** મારી વાત તો સાંભળો. (xxxx)

**અધ્યક્ષશ્રી :** પૂરક પ્રશ્ન નામંજૂર કરવામાં આવે છે.

## મોન્સાટો કંપની દ્વારા અપાતા મકાઇના બિયારણ ઉપર પ્રતિબંધ મૂકવા બાબત

*** ૨૮૭૯૧શ્રી છનાભાઇ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા. ૧–૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વહેંચવામાં આવતા મોન્સાટો કંપનીના મકાઇના બીજ ઉપર પ્રતિબંધ મૂકવા છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) આ કંપની ઉપર કંપનીના બીજ માણસના સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંનેને ગંભીર અસરો કરે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો સરકાર આ બાબતે શા પગલા ભરવા માગે છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) કુલ ૧ (એક) અરજી મળેલ છે.

(૨) હા, જી.

(૩) મળેલ રજૂઆત બાબતે તાંત્રિક અભિપ્રાય મળ્યેથી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---

*** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી છનાભાઇ કો. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન ક્રમાંક–૬માં મેં મોન્સાટો કંપની દ્વારા અપાતા મકાઇના બિયારણ અંગે ખૂબ જ ફરિયાદો આવી છે અને એ ફરિયાદોમાં એમ જણાવેલ છે કે આ બીજ માણસના સ્વાસ્થ્યને નુકસાન કરે છે અને પર્યાવરણને પણ ગંભીર અસરો કરે છે અને સરકારશ્રીએ જવાબ આપ્યો છે કે હા, જી. આ વાત સાચી છે. જો વાત સાચી હોય તો જે તાંત્રિક અભિપ્રાય આવવાનો બાકી છે એ કેટલા સમયમાં આવશે અને આ બીજ માણસના સ્વાસ્થ્યને નુકસાનકર્તા હોય તો સરકારશ્રી આ બીજનું તાત્કાલિક અસરથી વિતરણ કરવાનું બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઇ છ. પટેલ :** જવાબમાં કહ્યું એ પ્રમાણે એક અરજી અમને મળી છે અને એનાથી અમે માહિતગાર થયા છીએ. પરંતુ ભારત સરકારનું કૃષિ વિભાગનું બીજ સમિતિનું જે નોટિફિકેશન છે એમાં આ બિયારણને મંજૂર કરવામાં આવેલ છે. ખાલી ગુજરાત જ નહીં પણ બીજા રાજ્યો પણ એનો અમલ કરે છે. રાજસ્થાન, ગુજરાત, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ, નેશનલ સીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા કર્ણાટક આટલા સ્ટેટોમાં આ બિયારણ વપરાય છે છતાં પણ અમને માહિતી મળી તેના આધારે અમે કૃષિ યુનિવર્સિટી નવસારી, કૃષિ યુનિવર્સિટી આણંદ અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો અભિપ્રાય મંગાવ્યો છે. અભિપ્રાય મળેથી આગળ અમે ચાલીશું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આમ તો મંત્રીશ્રી આદિવાસીના હિતેચ્છુ છે. ૯મી તારીખે એમ કહ્યું હતું કે, *(xxxx) માં સમજી જાય છે. પરંતુ મોન્સાટો કંપનીનું બિયારણ છે એમાં નિષ્ણાંતોનું એમ કહેવું છે કે આ મરઘાંને ખવડાવવા માટેનું છે, માણસને ખવડાવવા માટે નથી તો એ બંધ કરાવવા માગે છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો જવાબ આપ્યો એ ગૃહના રેકર્ડ પર પડેલું છે એટલે ભૂતકાળમાં કોંગ્રેસે કેવી રીતે રાજ કર્યું છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ વાત અહીંયા ના કરીએ. પ્લીઝ. (અંતરાય) આપણે બીજી ચર્ચા ના કરીએ.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એવું બોલ્યો નથી. (અંતરાય) બીજી વાત આ અભિપ્રાય આવે એની ચકાસણી કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો જે આપશે તેના ઉપરથી અમે આગળની કાર્યવાહી કરીશું.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ પ્રોજેકટમાં બિયારણ ઉપરાંત કઇ કઇ વસ્તુઓ આપવામાં આવે છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બિયારણ ૮ કિલો અમે આપીએ છીએ. ૫૦ કિ.ગ્રામ DAP ખાતર, ૫૦ કિ.ગ્રામ યુરિયા ખાતર, ૫૦ કિ.ગ્રામ પોટાશ આપીએ છીએ.

શ્રી બચુભાઇ ના. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ મકાઇ એકવાર વાવ્યા પછી બીજા વર્ષે એ જમીનમાં કાંઇ ઉત્પાદન થતું નથી. ખાધા પછી એ પચતી તો નથી અને સ્વાદ રહિત છે આ અમારો અખતરો છે અને ખરેખર મનુષ્ય ખાઇ શકે એવી આ મકાઇ છે નહિ અને માત્ર મરઘા માટે જ આ મકાઇ છે. બીજા દેશોમાં આના ઉપર પ્રતિબંધ છે અને આવી મકાઇનો અખતરા માટે આદિવાસી વિસ્તારને આપી છે તો આ મકાઇ આપતા પહેલા ખેતીવાડી ખાતાનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો કે કેમ? અને આ મકાઇ ખોરાક માટે લાંબાગાળે વ્યંઘત્વ આવે છે જેથી આદિવાસીઓનું નામોનિશાન મીટાવી દે તેવી છે તેવું જાણમાં આવ્યું છે તો ખરેખર આની તપાસ કરીને સરકાર આગળ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે અત્યારે કૃષિ યુનિવર્સિટી પાસે અમે રિપોર્ટ પણ મંગાવ્યો છે. આ બિયારણના વિતરણ પહેલા પણ ખેતીવાડી વિભાગને જણાવેલું છે અને એનો અભિપ્રાય મેળવી આગળની કાર્યવાહી અમે કરીશું. આજ સુધી ૫,૨૭,૦૦૦ જેટલા ખેડૂતોને આ બિયારણ આપેલું છે અને એના કારણે જે ખેડૂતો ખાલી એક એકરમાં ૧૮–૨૦ મણ પકવતા હતા એની જગ્યાએ આજે ૩૫–૪૦ મણ અનાજ પકવે છે.

---

* **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ જે પ્રોજેકટમાં ખેડૂતોને કીટ આપવામાં આવે છે તો આ કીટની કિંમત શું છે? અને જે ખેડૂતો છે એમની પાસેથી કોઇ લોકફાળો લેવામાં આવે છે કે શું?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને જે આ કીટ આપવામાં આવે છે એ ૨૬૩૩ રૂપિયાની આ કીટ હોય છે અને ખેડૂતો પાસે ૫૦૦ રૂપિયા લોકફાળો લેવામાં આવે છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે મોન્સાટો કંપનીનું જે મકાઇનું બિયારણ છે એ મકાઇનું બિયારણ પહેલા આપવાની શરૂઆત કરી ત્યારે પણ મેં વિરોધ કરેલો. ભારત સરકારે આ મોન્સાટો કંપનીનું મકાઇનું બિયારણ આપવું નહિ જોઇએ. રીંગણ પણ આપવા માટે ભારત સરકારનો ખેડૂતોએ વિરોધ કરેલો ત્યારે મારે એટલું જ જાણવું છે કે ગુજરાત રાજ્ય બીજ નિગમ અને કેટલીક જે કૃષિ યુનિવર્સિટીઓ આપણી છે એ અદ્યતન પધ્ધતિનું બિયારણ ગુજરાતમાં પેદા કરે છે તો એ કંપનીનું બિયારણ ના વાપરવાના બદલે મોન્સાટો કંપનીનું જે મકાઇનું બિયારણ વાપરવાનું એવું કરીને ખેડૂતો પાસેથી પહેલાં ૫૦૦/-રૂપિયા લીધા, બીજી વખત ખેડૂતો પાસેથી ૧,૧૦૦/- રૂપિયા લીધા. હાલ તમે કહ્યું કે, આમાં યુરિયા, ડી.એ.પી. આ બધું અપાય છે, પણ આ મોન્સાન્ટોના મકાઇના બિયારણ સમગ્ર ગુજરાતમાંથી એકલા આદિવાસીઓને જ મળે છે, બીજા કોઇને મળતું નથી. પંચમહાલ, દાહોદ આજ જિલ્લાઓને મળે છે, સમગ્ર ગુજરાતમાં પણ નથી. તો આ જે તમે નિષ્ણાતનો તાંત્રિક અભિપ્રાય મેળવવા માટે આપે જે જણાવ્યું છે તો એ વહેલામાં વહેલા આ તાંત્રિક અભિપ્રાય મેળવીને આ મોન્સાન્ટો કંપનીનું મકાઇનું બિયારણ બંધ કરવા માગો છો કે કેમ ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વહેલામાં વહેલી તકે આ અભિપ્રાય આવી જાય એવા પ્રયત્નો કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, ખાલી આ જ કંઇ મોન્સાન્ટોની વાત છે, એમાં કેટલીક બીજી કંપનીઓ પણ છે. યુનાઇટેડ ફોસ્ફરસ, શ્રી રામ ભારત સીડ્સ અને પાયોનીયર સીડ્સ આની પાસેથી પણ મકાઇનું બિયારણ લેવામાં આવે છે અને જેમ બને તેમ જલદી એનો અભિપ્રાય આવ્યે તેમાં પછી આગળની કાર્યવાહી કરવા માટે અમે તૈયાર છીએ.

## ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની અરજીઓ.

***૨૭૯૪૫ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૦ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧)

**Table ૯**

| વર્ષ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ગઢડા | ૨ |
| ૨૦૧૧-૧૨<br>તા.૩૧-૧૨-૧૧ અંતિત | ઘોઘા | ૧ |
| | કુલ | ૩ |

(૨) ૩ (ત્રણ)

(૩) પ્રશ્ન નથી.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ગ્રામ પંચાયતોના વિભાજનના ધોરણો શું છે અને વિભાજન કરવા માટેની પ્રક્રિયા શું કરવામાં આવે છે ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના વિભાજનનો પ્રશ્ન છે. ભાવનગર જિલ્લામાં ત્રણ વિભાજન જે અમે કર્યા છે એના અનુસંધાનમાં એમણે પૂછ્યું છે કે, એના ધોરણો શું છે? આ સન્નમાનીય ગૃહનું ધ્યાન દોરવાનું કે, ઘણા બધા સભ્યોને આ બાબત લાગુ પડે છે એટલે સૌ ધ્યાન આપશે તો સારું. વસ્તીનું ધોરણ જે ગામડાઓ છે, ગ્રામ પંચાયતોનું જે વિભાજન કરવાનું હોય તે ગ્રુપ ગ્રામ પંચાયત હોય, પંચાયત પૈકી પેટાપરા હોય, મુવાડા કે કોઇ અલગ મહેસૂલી ગામ હોય અથવા તો ગ્રામ પંચાયત વિસ્તાર આવેલો હોય તો એમાં જો વિભાજન કરવું હોય તો એમાં જે ગામનું વિભાજન થતું હોય એમાં ઓછામાં ઓછી એક હજારની વસ્તી જોઇએ, એનું બે ગામો વચ્ચેનું અંતર બે કિલોમીટરનું હોવું જોઇએ અને એની વાર્ષિક માથાદીઠ આવક ગામની દસ રૂપિયા હોય અને જો કોઇપણ ગામમાં પચીસ રૂપિયાની આવક વ્યક્તિદીઠ હોય તો એને એક કિલોમીટરની છૂટછાટ આપવામાં આવે છે, અંતર બાબતમાં. જો આટલા ધોરણો જળવાતા હોય તો એ ગ્રામ પંચાયતમાં કોઇ ગ્રામ પંચાયત અરજી કરે તાલુકા પંચાયતને વિનંતી કરે અને તાલુકા પંચાયત એ વિનંતીને કહીને એનો ઠરાવ કરે અને એ ઠરાવ કર્યા પછી તાલુકા પંચાયત એને જિલ્લા પંચાયતમાં મોકલી આપે અને જિલ્લા પંચાયતમાં એ ઠરાવ કરી અને વિકાસ કમિશ્નરને મોકલે અને વિકાસ કમિશ્નર એનો પૂરેપૂરો અભ્યાસ કરી હકારાત્મક કે નકારાત્મક દરખાસ્ત કરી અમારા વિભાગને મોકલી આપે અને એ વિભાગ એની ભલામણ કરી અને સરકારમાં મોકલી આપે તો સરકાર દ્વારા, એની સત્તા છે, સરકાર એનું વિભાજન કરે છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ વર્ષે ગુજરાતમાં ૧૬૫ ગામોને જયાં આવા મુવાડાઓ અને જયાં ગામોને તકલીફો હતી એનું વિભાજન કરવામાં આવ્યા છે અને એના કારણે લોકોને શાંતિ થઇ છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે એક તો, ગુજરાતમાં બે થી ત્રણ ગ્રામ પંચાયતોના આવા ગામડાઓની મુશ્કેલીઓ છે જ, માનનીય મંત્રીશ્રીના આ નિર્ણયથી વહીવટનું સરળીકરણ અને ગામડાઓની મુશ્કેલીનું નિરાકરણ થયું છે ત્યારે સરકારના હકારાત્મક જે અભિગમ છે એ અભિગમને આવકારીને મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ભાવનગર જિલ્લામાં કઇ કઇ ગ્રામ પંચાયતોનું વિભાજન થયું છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં બે તાલુકાઓ છે. એક ગઢડા તાલુકો અને બીજો ઘોઘા તાલુકો. એ ગઢડા તાલુકાની અંદર ગઢાડી ગામ છે એ ગઢાડીમાં બે ભાગ પાડવામાં આવ્યા છે. એક મૂળ ગઢાડી ગામ અને બીજું ગઢાડી પૂર્વ, બે ભાગો પડ્યા, તા.૨-૭-૨૦૧૧ના રોજ એનું વિભાજન થયું છે. ગઢડા તાલુકામાં રાજપીપળા ગામ છે. રાજપીપળાના બે ભાગ કર્યા છે. રાજપીપળા -૧ અને રાજપીપળા-૨ એમ વિભાગીકરણ કર્યું છે. તા.૧૧-૭-૧૧ ના રોજ મંજૂર કર્યું છે. ઘોઘા તાલુકામાં લાકડીચણીયારા છે એના પણ ચણીયારા મુળ ગામ રાખ્યું છે અને લાકડી અને ચણીયારા બે ભાગ પાડયા છે. તા.૧૧-૮-૨૦૧૧ ના દિવસે વિભાગીકરણ કર્યું છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતના વિભાજનનો પ્રશ્ન છે એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિભાજનની પ્રક્રિયા શરૂ થાય એટલે ચોકકસ સમયમર્યાદામાં આ પ્રશ્નનો નિકાલ આવે એવી કોઇ કાર્યવાહી કરવા માગો છો કે કેમ? મેં પ્રશ્ન એટલા માટે પુછયો છે કે માનીતા ગામોનું વિભાજન તરત થઇ જાય અને ન કરવું હોય તો એને ઇરાદાપૂર્વક ટલ્લે ચડાવે છે એટલે હું પુછવા માગું છું કે આ પ્રક્રિયાની કોઇ સમયમર્યાદા નકકી કરવા માગો છો કે કેમ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એની સમયમર્યાદા હોય છે. અહીંયા તો એકેએક ફાઇલનું માનનીય મુખ્યમંત્રીશ્રી મોનીટરીંગ કરે છે અને અમારી ફાઇલો ડીલે ન થાય એ પણ અમે જોઇએ છીએ. મારે એમનું ધ્યાન દોરવું છે કે વસ્તી ગણતરી ૨૦૧૦માં ચાલી ત્યારે ૨૦૧૦ ની વસ્તી ગણતરી સમયે આખા વર્ષ દરમિયાન એક પણ ફાઇલનું વિભાજન કરી શકયા નહોતા એટલે એમના ધ્યાનમાં આવ્યું હોય

અને વિલંબ થયો હોય એ બંધબેસતા ગામનું ડીલે થયું હોય એ સિવાય આવો કોઇ મુદ્દો અમારે ત્યાં ઉપસ્થિત થતો નથી.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતના વિભાજન માટેની પ્રક્રિયા થાય છે એમાં જે વિસ્તાર નવી ગ્રામ પંચાયત તરીકે અસ્તિત્વમાં આવવાના હોય એ વિસ્તારના લોકોની સંમતિ લેવામાં આવે છે કે કેમ? અને જેમ રાઘવજીભાઇએ કહ્યું તેમ નિયમોનો સરેઆમ ભંગ કરીને છેલ્લા કેટલા સમયમાં નવી ગ્રામ પંચાયતોનું વિભાજન રાજકીય હેતુ માટે કરવામાં આવ્યું છે? મારા જિલ્લામાં મારા વિસ્તારમાં કંથારીયા ગ્રામ પંચાયત છે. એમાં આંકલવ તાલુકામાં આવતુ હોવા છતાં બોરસદ તાલુકા પંચાયતનો સંમતિ ઠરાવ લઇને મંજૂરી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, એક જ વિનંતી છે કે આપણે નિયમોનું પાલન કરી અને જે રીતે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનો ઠરાવ જરૂરી છે અને જે વિસ્તાર નવો વિસ્તાર ગ્રામ પંચાયત તરીકે બનતી હોય એ વિસ્તારના લોકોની સંમતિ લેવાની જોગવાઇ છે કે કેમ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતની અંદરનું પ્રપોઝલ આવે છે એમણે જેટલા વાંધા કહયા એમાં પૂરેપૂરું ઓબ્ઝર્વેશન કરવામાં આવે છે. એવી કોઇ બાબતો અમારી ફાઇલ ઉપર આવતી નથી જે ગ્રામ પંચાયત એની માગણી કરે છે પણ એનું વિભાજન કરતા હોય અને અચાનક નવી પંચાયતનું બોડી આવી જાય તો જયાં સુધી નવી પંચાયતનું બોડી એની સંમતિ ન આપે ત્યાં સુધી પણ એનું વિભાજન કરવામાં આવતુ નથી એટલે એવો પ્રશ્ન કોઇ ઉપસ્થિત થતો નથી અને આપે જે ગામનું કહ્યું છે. (અંતરાય)

### વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

**શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા(વડોદરા શહેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે ઃ-

(૧) વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રીઃ**

(૧) વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નીચેની વિગતે કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા.

| વર્ષ | જોબકાર્ડની વિગત |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૧૦૧૬ |
| ૨૦૧૧-૧૨ ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ | ૭૪૪૧ |

(૨) તે પૈકી નીચેની વિગતે પુરૂષો અને મહિલાઓને કામ આપવામાં આવ્યું.

| વર્ષ | પુરૂષો | મહિલાઓ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૯૮૨૯ | ૧૩૨૧૯ |
| ૨૦૧૧-૧૨ ૩૧-૧૨-૨૦૧૧ | ૧૮૧૫૬ | ૧૧૬૦૮ |

શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં નરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા કેટલી છે? અને મારો બીજો પ્રશ્ન છે છેલ્લા બે વર્ષમાં ઉત્પન્ન થયેલ માનવ દિનની તાલુકાવાર, વર્ષવાર વિગતો આપશો.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે વિગત માંગી છે કે વડોદરા જિલ્લાની અંદર વડોદરા તાલુકાની અંદર આપેલા કુટુંબોની સંખ્યા ૧૧૯૮, ઉત્પન્ન થયેલા માનવ દિન ૨૩૧૦૦, સાવલી તાલુકામાં ૧૭૩૭ કુટુંબો, ૪૩૧૦૦ માનવદિન, વાઘોડીયા તાલુકામાં ૨૭૩૯ કુટુંબો, માનવદિન ૭૮૨૦૦, પાદરા તાલુકામાં ૧૪૦૪ કુટુંબો, ૧૪૬૦૦ માનવદિન, કરજણ તાલુકામાં ૫૧૧ કુટુંબો, ૨૮૦૦ માનવદિન, સિનોર તાલુકામાં ૪૩૩ કુટુંબો, ૪૧૦૦ માનવદિન, ડભોઇ તાલુકામાં ૭૭૩ કુટુંબો, ૮૩૦૦ માનવદિન, સંખેડામાં ૧૫૭૫ કુટુંબો, ૨૦૬૦૦ માનવદિન.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (અતારાંકિત પ્રશ્નો તારાંકિતમાંથી ફેરવવામાં આવેલ)

### અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ લેવા

૨૯૪૬૬ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અન્વયે વીજળી બીલ ભરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને | (૧) ૫૮૦. |
| (૨) બાકી રહેલી ગ્રામ પંચાયતોમાં આ વ્યવસ્થા ક્યારે ગોઠવવામાં આવશે? | (૨) સત્વરે. |

--------

### વડોદરા અને ભરૂચ જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનોમાં સ્ટોકની તપાસણી

૨૭૮૬૧ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વાજબી ભાવની અનાજની દુકાનોમાં સ્ટોક સ્ટોરની નિયમિત તપાસણી થાય છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને ભરૂચ જિલ્લામાં કેટલી દુકાનોની તપાસ કરવામાં આવી, અને | (૨) વડોદરા જિલ્લાની ૭૮૯ તથા ભરૂચ જિલ્લાની ૪૬૭ દુકાનોની તપાસ કરવામાં આવી. |
| (૩) આ તપાસ દરમ્યાન અનિયમિતતાના કેટલા કિસ્સા પકડાયા અને તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) વડોદરા જિલ્લાના ૨૦૨ અને ભરૂચ જિલ્લાના ૬૪ અનિયમીતતાના કિસ્સાઓ પકડાયેલ છે. તેઓની સામે ક્ષતિઓ/ગેરરીતિઓને અનુલક્ષીને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ-૬એ હેઠળ તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વ્યાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતનો) હુકમ ૨૦૦૪ અન્વયે નીચે મુજબના શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ છે.<br>(૧) ` ૧૪,૦૭,૭૪૯/- ની કિંમતનો આવશ્યક |

ચીજવસ્તુઓનો જથ્થો કબજે લેવામાં આવેલ છે.

(૨) ` ૭,૬૬,૯૫૦/- ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૩) ` ૭,૨૮,૭૨૫/- ની કિંમતની પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી છે.

(૪) ` ૫૦,૨૬,૨૮૩/-ની કિંમતનો દંડ કરવામાં આવેલ છે.

(૫) ૫૯ દુકાનોના પરવાના રદ કરવામાં આવેલ છે.

(૬) ૯૧ દુકાનોના પરવાના મોકુફ રાખવામાં આવેલ છે.

(૭) ૧૩ કોર્ટ કેસ કરવામાં આવેલ છે.

(૮) ૮ કેસમાં ૧૪ ઈસમો સામે પી.બી.એમ. કેસ કરવામાં આવેલ છે.

## આણંદ અને ખેડા જિલ્લામાં વૃક્ષ છેદન

૨૮૯૪૪ **શ્રી જયંતભાઇ ર. પટેલ( સારસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ તથા ખેડા જિલ્લામાં દરરોજ મોટી સંખ્યામાં વૃક્ષ છેદન થાય છે. દરરોજ રાત્રે ટ્રેક્ટરો અને ઉંટલારીઓમાં આ લાકડાની હેરાફેરી થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે સરકારે શાં પગલાં લીધા ? | (૨) જ્યારે પ્રતિબંધિત પ્રજાતિઓના વૃક્ષોના અનઅધિકૃત રીતે કાપવાના કે વાહતુક કરવાના કિસ્સાઓ ધ્યાન ઉપર આવે છે ત્યારે તેના ઉપર પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ મુજબ પગલાં લેવામાં આવે છે. |

---------

## નવસારી જિલ્લામાં કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર

૨૭૯૧૧ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન નવસારી જિલ્લાની ૦૨ ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે. |
| (૨) કેટલી રકમ અનુદાન તરીકે મંજૂર કરવામાં આવી, અને આ રકમ ક્યારે મળશે ? | (૨) નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે પસંદગી પામેલ ગ્રામ પંચાયતોને અનુદાન નહી પરંતુ પુરસ્કારની રકમ તરીકે કુલ ` ૨.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. રાજ્યમાં યોજાનાર ''પુરસ્કાર વિતરણ સમારોહ'' દરમ્યાન પુરસ્કારની રકમ નિયત કરાયેલ ધોરણોનુસાર આપવામાં આવશે. |

---------

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

૨૭૯૦૬ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચેની વિગતે કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યાં.

| વર્ષ | જોબકાર્ડની વિગત |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૧૦૧૬ |
| ૨૦૧૧–૧૨<br>૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ | ૭૪૪૧ |

(૨) તે પૈકી નીચેની વિગતે પુરૂષો અને મહિલાઓને કામ આપવામાં આવ્યું.

| વર્ષ | પુરૂષો | મહિલાઓ |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૯૮૨૯ | ૧૩૨૧૯ |
| ૨૦૧૧–૧૨<br>૩૧/૧૨/૨૦૧૧ | ૧૮૧૫૬ | ૧૧૬૦૮ |

---------

## કચ્છ જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટને મંજૂરી

૨૭૯૫૭ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને

(૪) બાકી કામો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૧૦ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૮ પ્રોજેક્ટ એમ કુલ ૧૮ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી પ્રાથમિક તબક્કાના ૧૧૯ કામો હાથ ધરવામાં આવેલ છે.

(૩) ૧૬ કામો શરૂ કરવાના બાકી છે.

(૪) બાકી પ્રાથમિક તબક્કાના કામો ૩૧ માર્ચ, ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

## સુરત જિલ્લામાં કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર

૨૭૯૩૩ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી રકમનું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં ૨૨ ગ્રામ પંચાયતોને અને વર્ષ ૨૦૧૧–૧૨ માં ૧૩૦ ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે.

(૨) નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે નક્કી કરવામાં આવેલ ગ્રામ પંચાયતોને અનુદાન નહી પરંતુ પુરસ્કાર તરીકે વર્ષ ૨૦૧૦–૧૧માં ૨૨ ગ્રામ પંચાયતોને કુલ ` ૩૧.૫૦ લાખ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૩૦ ગ્રામ પંચાયતોને ` ૧૮૦.૫૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

---------

## મહેસાણા જિલ્લામાં નરેગા યોજનામાં થયેલ ખર્ચ

૨૮૫૧૮ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન
તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | ખર્ચની વિગત (` લાખમાં) |
|---|---|
| ૨૦૧૦–૨૦૧૧ (૧/૪/૧૦ થી ૩૧/૩/૧૧) | ૧૨૧૪.૧૭ |
| ૨૦૧૧–૨૦૧૨ (૧/૪/૧૧ થી ૩૧/૧૨/૨૦૧૧) | ૮૨૧.૦૬ |

(૨) તે પૈકી નીચે મુજબ માનવદિન રોજગારી આપવામાં આવી.

| વર્ષ | રોજગારી આપેલ માનવદિન(લાખમાં) |
|---|---|
| ૨૦૧૦–૨૦૧૧ (૧/૪/૧૦ થી ૩૧/૩/૧૧) | ૫.૦૭ |
| ૨૦૧૧–૨૦૧૨ (૧/૪/૧૧ થી ૩૧/૧૨/૨૦૧૧) | ૩.૧૬ |

---------

## વડોદરા અને નર્મદા જિલ્લામાં ખેડૂતોના ઊભા પાકને ભૂંડ દ્વારા નુકશાન

૨૯૮૪૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા અને નર્મદા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોના ઉભા પાકને ભૂંડ દ્વારા નુકસાન પહોંચાડવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર દ્વારા આ પ્રવૃત્તિને અટકાવવા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં ખેડૂતોના ઉભા પાકને જંગલી ભૂંડ દ્વારા નુકશાન પહોંચાડવામાં આવતું નથી, પરંતુ સામાન્ય ભૂંડ દ્વારા નુકસાન પહોંચાડવામાં આવે છે.

(૨) વન્યપ્રાણી દ્વારા ખેડૂતોના ઉભા પાકને થતું નુકશાન અટકાવવા સરકારશ્રીની નીચે મુજબની યોજના અમલમાં છે.

૧. ખેડુતોના ખેતરની ફરતે કાંટાળા તારની વાડ બનાવવા માટે ખેડૂતોને ૫૦ ટકા સહાય આપવાની યોજના અમલમાં છે.

---------

## અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો

૨૮૪૯૨ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની કેટલી દરખાસ્તો આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | મળેલ દરખાસ્ત |
|---|---|---|
| તા. ૧–૪–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧ | દેત્રોજ | ૧(એક) |
| | સાણંદ | ૪ (ચાર) |
| | બાવળા | ૧ (એક) |
| | વિરમગામ | ૧ (એક) |
| | દસક્રોઈ | ૧ (એક) |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને | (૨) ૧ (એક). |
| (૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ? | (૩) દરખાસ્તો મળ્યેથી ગુણદોષોને આધારે વિચારણા કરવામાં આવશે. |

---------

**અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૭૯૩૮ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ–૨૦૧૧માં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ, | (૧) ૪૬૦. |
| (૨)તે પૈકી કેટલી સમરસ જાહેર કરવામાં આવી, | (૨) ૯૪. |
| (૩) સમરસ ગ્રામ પંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું, | (૩) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૪) કેટલું ચૂકવવાનું બાકી છે, અને | (૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૫) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૫) બનતી ત્વરાએ. |

---------

**જામનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૭૪ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન જામનગર જિલ્લાના ૯૮ ગામોને "સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને | (૨) "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૯૮ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે. |
| (૩) બાકી ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ચાલતી બેંચો**

૨૮૫૩૭ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય કક્ષાએ કેટલી બેંચો ચાલે છે, | (૧) એક મેઈન બેન્ચ તથા બે વધારાની બેન્ચ એમ કુલ ત્રણ (૩) બેંચો ચાલે છે. |
| (૨) તેમાં પ્રમુખ અને સભ્યોની કેટલી જગાઓ મંજૂર થયેલ છે, | (૨) મેઈન બેન્ચમાં એક પ્રમુખ તથા બે સભ્યોની અને વધારાની બે બેન્ચમાં કુલ બે જ્યુડીશીયલ સભ્યો તથા બે સભ્યોની જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) કોઈ જગ્યા ખાલી નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ ખાતેની નાગરિક પુરવઠા કચેરીના વજનકાંટાની ચકાસણી**

૨૭૮૧૮ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આણંદ ખાતે આવેલ સરકારી નાગરિક પુરવઠામાં તોલમાપના વજનકાંટાની ચકાસણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આણંદ ખાતે આવેલ સરકારી નાગરિક પુરવઠામાં તોલમાપના વજનકાંટાની ચકાસણી છેલ્લે તા. ૨૭–૧૨–૨૦૧૧ના રોજ કરવામાં આવી. |
| (૨) તોલમાપના નિયંત્રણના ભંગ બદલ જવાબદાર અધિકારીઓ સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે શાં પગલાં લીધા ? | (૨) છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થિતિએ તોલમાપના નિયંત્રણનો કોઈ ભંગ થયેલ ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં વોટર શેડ પ્રોજેક્ટને મંજૂરી**

૨૮૫૧૪ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વોટર શેડ યોજના અંતર્ગત કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, | (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માં ૬ પ્રોજેક્ટ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ૪ પ્રોજેક્ટ, એમ કુલ ૧૦ વોટરશેડના પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી છે, અને | (૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી ` ૯૨૨.૮૩ લાખ રકમ મળી છે, અને |
| (૩) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) તેની સામે તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ ` ૧૮૬.૮૭ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની અરજીઓ**

૨૭૯૪૬ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| વર્ષ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ગઢડા | ૨ |
| ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૧૧ અંતિત) | ઘોઘા | ૧ |
| | **કુલ** | **૩** |

(૨) ૩ (ત્રણ).

(૩) પ્રશ્ન નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા**

૨૮૧૯૯ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય નગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ પંડિત | (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૩૦૪ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ ની |

દીનદયાળ ગ્રાહક ભંડોરો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

સ્થિતિએ ૩૦ મળી કુલ ૩૩૪ પંડિત દીનયાળ ગ્રાહક ભંડોરોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા.

(૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૨) ૧૫૬.

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

(૩) મોડેલ ફેરપ્રાઈસ શોપ બનાવવા માટે દુકાનદારની તત્પરતા તથા નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

## નર્મદા જિલ્લામાં તલાટી-સહ-મંત્રીની ખાલી જગ્યાઓ

૨૭૯૨૨ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તલાટી-સહ-મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી હતી,

**જવાબ**

(૧) ખાલી જગ્યા

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૩
(૨) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૩૦
**કુલ ૬૩**

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૨) ૧૯.

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

## બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત

૨૭૯૭૮ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' તરીકે જાહેર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં આ યોજના ન હતી. જ્યારે વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાનાં ૧૩૦ ગામોને ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) આ પૈકી કેટલા ગામોને પૂરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૨) ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૦ ગામોને પુરસ્કાર ની રકમ આપવામાં આવેલ છે.

(૩) બાકી ગામોને રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજકોટ જિલ્લામાં સ્વર્ણિમ ગામ જાહેર કરવા બાબત

૨૮૫૨૨ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા ગામોને સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન સ્વર્ણિમ ગ્રામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, ૨૦૧૧-૧૨

| | |
|---|---|
| | દરમ્યાન રાજકોટ જીલ્લાના ૨૦ ગામોને સ્વર્ણિમ ગ્રામ તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા ગામોને અનુદાનની રકમ આપવામાં આવી, અને | (૨) સ્વર્ણિમ ગ્રામ તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ગામોને જરૂરીયાત મુજબ અનુદાનની રકમ આપવામાં આવેલ છે. |
| (૩) બાકીના ગામોને અનુદાનની રકમ કયાં સુધીમાં ચુકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ જિલ્લામાં તલાટી–સહ–મંત્રીની ખાલી જગ્યાઓ**

૨૭૯૨૩ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તલાટી–સહ–મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી હતી, અને | (૧) **ખાલી જગ્યા**<br>(૧) તા. ૩૧–૧૨–૨૦૧૦ ૬૧<br>(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ ૭૪<br>**કુલ ૧૩૫** |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને | (૨) ૩૪. |
| (૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે. |

**આણંદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૭૯૩૯ **શ્રીમતિ જયોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ–૨૦૧૧ માં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ. | (૧) ૧૯૧. |
| (૨) તે પૈકી કેટલી સમરસ જાહેર કરવામાં આવી, | (૨) ૧૯. |
| (૩) સમરસ ગ્રામ પંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું, | (૩) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૪) કેટલું ચૂકવવાનું બાકી છે, અને | (૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૫) તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૫) બનતી ત્વરાએ. |

**મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૭૯૨૭ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ડિસેમ્બર–૧૧માં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી થઈ, | (૧) ૧૫૨. |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોની સમરસ થઈ, | (૨) કુલ : ૭૨. |
| (૩) કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઈ, | (૩) ૧૩ મહિલા સમરસ. |
| (૪) આ સમરસ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી છે કે કેમ, અને | (૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૫) જો હા, તો કેટલી ગ્રામ પંચાયતોને રકમ ચૂકવવામાં આવી ? | (૫) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |

**અમદાવાદ શહેરમાં કેરોસીન, અનાજ અને રાંધણગેસના બાટલાના કાળાબજાર**

૨૯૧૭૦ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેરોસીન/અનાજ અને રાંધણગેસના બાટલાના કાળાબજાર અટકાવવા કેટલીવાર નાગરિક પુરવઠા વિભાગ દ્વારા તપાસણી કરવામાં આવી,

(૨) તે અન્વયે કેટલી કાળાબજારની ગેરરીતી પકડાઈ, અને

(૩) પકડાયેલ ઈસમો સામે સરકારે કઈ કઈ કલમો લગાવી કેસો કરવામાં આવ્યા ?

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એટલે કે તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧ ના સમયગાળામાં અનાજ, કેરોસીન અને રાંધણગેસના બાટલાના કાળાબજાર અટકાવવા નાગરિક પુરવઠા વિભાગ દ્વારા નીચે મુજબની તપાસણી કરવામાં આવી.

| **આવશ્યક ચીજવસ્તુનું નામ** | **તપાસોની સંખ્યા** |
|---|---|
| અનાજ | ૨૩૮ |
| કેરોસીન | ૧૨૧ |
| રાંધણગેસ | ૨૪૦ |
| **કુલ :** | **૫૯૯** |

(૨) આ તપાસો પૈકી ૩ તપાસોમાં કાળાબજારની ગેરરીતિ પકડાઈ.

(૩) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ–૬/એ, ૩ અન્વયે ૭ તેમજ આવશ્યક ચીજવસ્તુના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ–૧૯૮૦ ની કલમ–૩(૨) (એ) હેઠળ કેસો કરવામાં આવ્યા.

**પોરબંદર, જામનગર અને કચ્છ જિલ્લામાં સી.આર. ઝેડની મંજૂરી**

૨૮૦૫૬ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર, જામનગર અને કચ્છ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લા વાર સી.આર.ઝેડ. ની મંજૂરી કોના કોના દ્વારા કયા હેતુ માટે માંગવામાં આવી,

(૨) તે પૈકી કોને કોને કયા હેતુ માટે મંજૂરી આપવામાં આવી, અને

(૩) મંજૂરી આપવામાં આવેલ વિસ્તાર દરિયા કાંઠા થી કેટલા અંતરે આવેલ છે ?

**જવાબ**

(૧) પોરબંદર, જામનગર અને કચ્છ જિલ્લામાં તારીખ ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લા વાર સી.આર.ઝેડ ની કરવામાં આવેલ અરજીઓની વિગતો આ સાથે બીડેલ ***પત્રક–૧** માં દર્શાવેલ છે.

(૨) આપવામાં આવેલ મંજૂરી/કરવામાં આવેલ ભલામણ ની વિગત આ સાથે બીડેલ ***પત્રક–૨** માં દર્શાવેલ છે.

(૩) સી.આર. ઝેડ વિસ્તારમાં પરવાનગી પાત્ર પ્રવૃત્તિઓ માટે આર.સી.ઝેડ નોટીફિકેશનની જોગવાઇઓ હેઠળ નિશ્ચિત થયેલ અંતર ને ધ્યાને રાખીને મંજૂરી આપવામાં આવેલ છે./સક્ષમ અધિકારીને ભલામણ કરવામાં આવે છે.

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે )**

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ–કનેકટીવીટીનું જોડાણ**

૨૭૯૪૮ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ–કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ–કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) તેને ક્યાં સુધીમાં બ્રોડ બેન્ડ ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોને ઈ–કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) હાલ કોઈ ગ્રામ પંચાયત બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં મહિલા જૂથોની રચના**

૨૭૯૬૩ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ. | (૧) ભાવનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં ૮ નવા મહિલા જૂથો મળીને તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ કુલ **૮૪૪૩** મહિલા જૂથોની રચના થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, | (૨) તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ કુલ **૬૦૯૯** મહિલા જૂથોને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કેટલા જૂથને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે, અને | (૩) તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ કુલ **૨૩૪૪**મહિલા જૂથોને રિવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે. |
| (૪) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) માર્ચ–૨૦૧૨ સુધીમાં ચુકવવામાં આવશે. |

**ડાંગ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૮૦૧૧ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ–વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે. | (૨) દુધાળા પશુ ખરીદી, સંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય માવજત, કેટલ શેડ, ઘાસચારા, દૂધ ભરવા માટેની બરણી, ઘાસકાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દુધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનીટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, | (૩) ૧૪૯૯. |
| (૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે કે કેમ ? | (૪) હા,જી. |

**અમદાવાદ જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ જાહેર કરવા બાબત**

૨૮૧૯૭ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડોરો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૩૦૪ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ ૩૦ મળી કુલ ૩૩૪ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા. |
| (૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને | (૨) ૧૫૬. |
| (૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ? | (૩) મોડેલ ફેરપ્રાઈસ શોપ બનાવવા માટે દુકાનદારની તત્પરતા તથા નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી. |

**પંચમહાલ અને ડાંગ જિલ્લામાં બાંધેલ બોરીબંધ**

૨૮૨૫૪ **શ્રી હીરાભાઈ હ. પટેલ( લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ અને ડાંગ જિલ્લામાં તા. ૩૧–૧૨– | (૧) પંચમહાલ અને ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨– |

૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા બોરી બંધ બાંધવામાં આવ્યા,

૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર બાંધવામાં આવેલ બોરીબંધની વિગતો આ સાથે
**પરિશિષ્ટ–૧** માં આપેલ છે.

(૨) બોરી બંધ બાંધવાથી વર્ષ વાર કેટલો પાણીનો સંગ્રહ થયેલ,

(૨) વર્ષ વાર થયેલ પાણીના સંગ્રહ ની વિગતો આ સાથે **પરિશિષ્ટ–૨** માં આપેલ છે.

(૩) બોરીબંધ બાંધવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, તે ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધરાવામાં આવ્યો, અને

(૩) પંચમહાલ જિલ્લામાં બાંધવામાં આવેલ બોરીબંધ પાછળ વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગતો આ સાથે **પરિશિષ્ટ–૩** માં આપેલ છે. તે ખર્ચ મનરેગા અને જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમના હેડ હેઠળ કરવામાં આવેલ છે.

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ કયા કયા વર્ષમાં બાંધેલા કેટલા બોરી બંધ હયાત છે ?

(૪) વિસ્તાર વિકાસ કાર્યક્રમોમાં વરસાદી જળને રોકવા માટીનું ધોવાણ અટકાવવા તથા ભૂગર્ભ જળને વધારવા માટે શ્રી મોહનભાઈ ધારીયા માજી નાયબ ચેરમેનશ્રી પ્લાનીંગ કમિશન ભારત સરકાર દ્વારા બોરીબંધનું નિર્માણ મહારાષ્ટ્ર રાજયમાં કરવામાં આવેલ હવે આ ઓછી ખર્ચાળ અને સરળ ટેકનોલોજીનો ગુજરાતમાં પણ જળસંચયની કામગીરી માટે વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. બોરીબંધનું આયુષ્ય અંદાજે એક વર્ષ જેટલું હોય છે. ઉપરોક્ત બનાવેલ બોરીબંધોને અંદાજી બે વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોવાથી આ બોરીબંધો મુળ સ્થિતિમાં નથી.

**પરિશિષ્ટ–૧**

| **તાલુકા** | **તા. ૧–૧–૦૯ થી તા. ૩૧–૧૨–૦૯** | | **તા. ૧–૧–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦** | | **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | |
|---|---|---|---|---|---|---|
| | **મનરેગા** | **વોટરશેડ** | **મનરેગા** | **વોટરશેડ** | **મનરેગા** | **વોટરશેડ** |
| ગોધરા | ૦ | ૨ | ૮૯૨ | ૦ | ૦ | ૦ |
| સંતરામપુર | ૭૫૪ | ૬ | ૧૩૮૮ | ૦ | ૦ | ૦ |
| કડાણા | ૧૨૮ | ૧૦ | ૧૦૩૧ | ૦ | ૦ | ૦ |
| ખાનપુર | ૧૨૦ | ૯ | ૯૮૯ | ૦ | ૦ | ૦ |
| મોરવા(હ) | ૦ | ૩૩ | ૧૨૮૨ | ૦ | ૦ | ૦ |
| જાંબુઘોડા | ૦ | ૧ | ૩૬૨ | ૦ | ૦ | ૦ |
| શહેરા | ૮૮૧ | ૦ | ૧૧૦ | ૦ | ૦ | ૦ |
| લુણાવાડા | ૨૨૮ | ૦ | ૧૩૬૩ | ૦ | ૦ | ૦ |
| કાલોલ | ૩૨ | ૦ | ૪૨૬ | ૦ | ૦ | ૦ |
| હાલોલ | ૧૦૧ | ૦ | ૩૭૫ | ૦ | ૦ | ૦ |
| ઘોઘંબા | ૪૩૬ | ૦ | ૧૨૮૩ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૨૬૮૦ | ૬૧ | ૯૫૦૧ | ૦ | ૦ | ૦ |

**જિલ્લો : ડાંગ**

| **તાલુકા** | **તા. ૧–૧–૦૯ થી તા. ૩૧–૧૨–૦૯** | | **તા. ૧–૧–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦** | | **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | |
|---|---|---|---|---|---|---|
| | **મનરેગા** | **વોટરશેડ** | **મનરેગા** | **વોટરશેડ** | **મનરેગા** | **વોટરશેડ** |
| આહવા | ૧૧૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પરિશિષ્ટ–૨**

**(ઘન મીટર)**

| **જિલ્લાનું નામ** | **તા.૧–૧–૦૯ થી તા.૩૧–૧૨–૦૯** | | **તા. ૧–૧–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦** | | **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | |
|---|---|---|---|---|---|---|
| | **મનરેગા** | **વોટરશેડ** | **મનરેગા** | **વોટરશેડ** | **મનરેગા** | **વોટરશેડ** |
| પંચમહાલ | ૮૫૧૫૭ | ૧૦૨૫૨ | ૫૯૧૮૦૧ | ૦ | ૦ | ૦ |
| ડાંગ | ૪૫૩૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પરિશિષ્ટ–૩**

| જિલ્લાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા. ૧-૧-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦ | | તા. ૧-૧-૧૧ થી તા. ૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|
| | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| પંચમહાલ | ૩૨૧.૫૬ | ૭.૩૨ | ૯૫૪.૯૫ | ૦ | ૦ | ૦ |
| ડાંગ | ૨૦૦.૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**તહેવારોમાં ગરીબ કુટુંબોને આપવા માટે પામોલીન તેલનો બફર સ્ટોક**

૨૮૧૭૯ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨ માટે તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક તરીકે રાખેલ હતો, | (૧) ૧૧,૯૬૮ મે. ટન. |
| (૨) તે માટે કેટલી સબસીડી સરકારે ચૂકવી હતી, અને | (૨) ` ૨૧.૧૩ કરોડની. |
| (૩) કોઈ જથ્થો બચત રહેવા પામેલ છે કે કેમ ? | (૩) ૧૨૦ મે.ટન પરંતુ આ જથ્થો જાન્યુઆરી, ફેબ્રુઆરી-૨૦૧૨ માં વિતરણ થઈ ગયેલ છે. |

**નવસારી જિલ્લામાં કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર**

૨૭૯૧૩ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન નવસારી જિલ્લાની ૦૨ ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા નક્કી કરવામાં આવેલ છે. |
| (૨) કેટલી રકમ અનુદાન તરીકે મંજૂર કરવામાં આવી, અને આ રકમ ક્યારે મળશે ? | (૨) નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે પસંદગી પામેલ ગ્રામ પંચાયતોને અનુદાન નહી પરંતુ પુરસ્કારની રકમ તરીકે કુલ ` ૨.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. રાજયમાં યોજાનાર પુરસ્કાર વિતરણ સમારોહ દરમ્યાન પુરસ્કારની રકમ નિયત કરાયેલ ધોરણોનુસાર આપવામાં આવશે. |

**જૂનાગઢ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૭૯૫૪ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ-૨૦૧૧માં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ, | (૧) ૭૦૨. |
| (૨) તે પૈકી કેટલી સમરસ જાહેર કરવામાં આવી, | (૨) ૧૨૦. |
| (૩) સમરસ ગ્રામ પંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું, | (૩) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૪) કેટલું ચૂકવવાનું બાકી છે, અને | (૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૫) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૫) બનતી ત્વરાએ. |

**ભાવનગર જિલ્લામાં રોપાનું વાવેતર**

૨૯૪૮૯ **ડૉ. કનુભાઇ વા. કલસરીયા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા કયા રોપાનું વાવેતર કરવામાં આવ્યું,

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબના રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

| **તાલુકાનું નામ** | **વાવેતર કરેલ રોપાની જાતો** |
|---|---|
| ભાવનગર | સીતાફળ, પેન્ડુલા, લીમડા, પીલુ, કાસીદ, અરડુસા, ટેકોમા, બદામ, બોરડી, સેવન, સીરસ, દેશી બાવળ, કરંજ, ગુલમહોર, પેલ્ટો, વડ, પીપળ, સરગવો, ગુંદા, ગોરસ આમલી, દાડમ, રતનજ્યોત, ખાટી આમલી, આમળા, પીપળો, સાગ, આંબા, જાંબુ, ખીજડો, ચરલ, ગુગળ, નીલગીરી. |
| બોટાદ | લીમડા, પીલુ, સીતાફળ, કાસીદ, અરડુસા, ટેકોમા, બદામ, બોરડી, સેવન, સીરસ, દેશી બાવળ, કરંજ, ગુલમહોર, પેલ્ટો, વડ, પીપળ, સરગવો, ગુંદા, ગોરસ આમલી, દાડમ, રતનજ્યોત, ખાટી આમલી, આમળા, પીપળો, સાગ, આંબા, જાંબુ, ખીજડો, ચરલ, નીલગીરી, ગુગળ. |
| તળાજા | લીમડા, પીલુ, સીતાફળ, કાસીદ, અરડુસા, ટેકોમા, બદામ, બોરડી, સેવન, સીરસ, દેશી બાવળ, કરંજ, ગુલમહોર, પેલ્ટો, વડ, પીપળ, સરગવો, ગુંદા, ગોરસ આમલી, દાડમ, રતનજ્યોત, ખાટી આમલી, આમળા, પીપળો, સાગ, આંબા, જાંબુ, ખીજડો, નીલગીરી, લીંમડા, ચરલ, ગુગળ. |
| મહુવા | પેન્ડુલા, લીમડા, પીલુ, સીતાફળ, કાસીદ, અરડુસા, ટેકોમા, બદામ, બોરડી, સેવન, સીરસ, દેશી બાવળ, કરંજ, ગુલમહોર, પેલ્ટો, વડ, પીપળ, સરગવો, ગુંદા, ગોરસ આમલી, દાડમ, રતનજ્યોત, ખાટી આમલી, આમળા, પીપળો, સાગ, આંબા, જાંબુ, ખીજડો, ચરલ, નીલગીરી, લીમડા. |
| પાલીતાણા | કાસીદ, અરડુસા, ટેકોમા, બદામ, બોરડી, સેવન, સીરસ, દેશી બાવળ, કરંજ, ગુલમહોર, પેલ્ટો, વડ, પીપળ, સરગવો, ગુંદા, ગોરસ આમલી, દાડમ, રતનજ્યોત, ખાટી આમલી, આમળા, પીપળો, સાગ, આંબા, જાંબુ, ખીજડો, નીલગીરી, લીમડા, સીતાફળ, ચરલ, ગુગળ. |
| ગારીયાધાર | નીલગીરી, પેન્ડુલા, લીમડા, પીલુ, સીતીફળ, બોરડી, ગોરસ આમલી, ખાટી આમલી. |
| ગઢડા | પીલુ, સીતાફળ, કાસીદ, અરડુસા, ટેકોમા, બદામ, બોરડી, સેવન, સીરસ, દેશી બાવળ, કરંજ, ગુલમહોર, પેલ્ટો, વડ, પીપળ, ગુંદા, ગોરસ આમલી, દાડમ, રતનજ્યોત, ખાટી આમલી, આમળા, પીપળો, સાગ, આંબા, જાંબુ, ખીજડો, ચરલ, ગુગળ, નીલગીરી, પેન્ડુલા, લીમડા. |
| શિહોર | અરડુસા, ખેર, કરંજ, ગુલમહોર, પેલ્ટો, વડ, પીપળ, સરગવો, પેન્ડુલા, બોહાનીયા, સપ્તપર્ણી રૂખડો, આડદ દુધલો, આંબા, આમળા, ખાટી આમલી, પીપળ, વાંસ, ગરમાળો, ગુગળ, સીતાફળ, નીલગીરી, સીમડા. |

| | |
|---|---|
| ઘોઘા | લીમડા, સીતાફળ, કાસીદ, અરડુસા, ખેર, બોરડી, સીરસ, દેશી બાવળ, કરંજ, ગુલમહોર, પીપળ, સરગવો, ગોરસ આમલી, આમળા, પીપળો, વાંસ, ગુગળ, જમરૂખ, લીમડા. |
| વલ્લભીપુર | પીલુ, બોરડી, દેશી બાવળ, પેલ્ટો, વડ, પીપળ, ગોરસ આમલી, દાડમ, ખાટી આમલી, પીપળો, ખીજડો, કટગુંદી, પારસ, પીપળો, લીમડા. |
| ઉમરાળા | પીલુ, સીતાફળ, અરડુસા નીલગીરી, બોરડી, સીરસ, દેશી બાવળ, કરંજ, વડ, પીપળ, સરગવો, આમળા, જાંબુ, ચરલ, ગુગળ, ખાટી આમલી, પીપળો, વાંસ, સુ.બાવળ, લીમડા. |

(૨) આ વાવેતર કરેલ રોપા પાછળ કઈ કઈ બાબતો પર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ વાવેતર કરેલ રોપા પાછળ નીચેની બાબતોએ કુલ **` ૮૪૯.૦૩** લાખ ખર્ચ કરવામાં આવ્યો.

| બાબત | રકમ (` લાખમાં) |
|---|---|
| નર્સરી ઉછેર | ૧૩૪.૭૬ |
| આગોતરા કામો | ૩૪૮.૬૨ |
| વાવેતરનો ખર્ચ | ૨૩૪.૬૮ |
| જાળવણી ખર્ચ | ૧૩૦.૯૭ |
| **કુલ** | **૮૪૯.૦૩** |

(૩) આ વાવેતર કરેલ રોપા પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વૃક્ષો જીવીત છે ?

(૩) આ વાવેતર કરેલ રોપા પૈકી ઉક્ત સ્થિતિએ **૪૦.૫૩** લાખ વૃક્ષો જીવીત છે.

## તહેવારોમાં ગરીબ કુટુંબોને આપવા માટે પામોલીન તેલનો બફર સ્ટોક

૨૮૫૨૬ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે સરકારે કેટલો જથ્થો બફરસ્ટોક તરીકે રાખેલ હતો, | (૧) ૧૧,૯૬૮ મે. ટન. |
| (૨) તે માટે કેટલી સબસીડી સરકારે ચૂકવી હતી, અને | (૨) ` ૨૧.૧૩ કરોડની. |
| (૩) કોઈ જથ્થો બચત રહેવા પામેલ છે કે કેમ ? | (૩) ૧૨૦ મે. ટન, પરંતુ આ જથ્થો જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૧૨માં વિતરણ થઈ ગયેલ છે. |

## જૂનાગઢ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૨૭૯૧૪ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ–૨૦૧૧માં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ, | (૧) ૭૦૨. |
| (૨) તે પૈકી કેટલી સમરસ જાહેર કરવામાં આવી, | (૨) ૧૨૦. |
| (૩) સમરસ ગ્રામ પંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું, | (૩) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૪) કેટલું ચૂકવવાનું બાકી છે, અને | (૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |
| (૫) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૫) બનતી ત્વરાએ. |

## ખેડા જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ યોજના

૨૮૦૫૪ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ યોજના માટે | (૧) ખેડા જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ યોજના માટે |

તાલુકાદીઠ કેટલો ખર્ચ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવ્યો, અને

તાલુકાદીઠ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ ખર્ચની વિગતો પરિશિષ્ટ–૧માં આપેલ છે.

(૨) આ ખર્ચમાં રાજ્ય અને કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો છે ?

(૨) આ ખર્ચમાં રાજ્ય સરકારશ્રીનો ૧૦ ટકા અને કેન્દ્ર સરકારશ્રીનો ૯૦ ટકા હિસ્સો છે.

**પરિશિષ્ટ–૧**

| તાલુકાનું નામ | વર્ષવાર થયેલ ખર્ચ (` લાખમાં) | | |
|---|---|---|---|
| | **તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦** | **તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧** | **તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧** |
| કઠલાલ | ૮૪.૧૩ | ૩૨.૬૯ | ૩૭.૩૯ |
| કપડવંજ | ૭.૩૯ | ૧૬૨.૪૧ | ૫૯.૨૨ |
| બાલાસિનોર | ૦.૦૦ | ૪૧.૫૬ | ૩૮.૮૯ |
| વીરપુર | ૧૦.૧૯ | ૨૨૫.૫૩ | ૩૭.૫૮ |
| **કુલ** | **૧૯૩.૪૩** | **૪૬૨.૧૯** | **૧૭૩.૦૮** |

## વડોદરા જિલ્લામાં તલાટી–સહ–મંત્રીની ખાલી જગ્યાઓ

૨૭૯૨૪ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તલાટી–સહ–મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી હતી,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખાલી જગ્યા.

| | |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ | ૨૩૯ |
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ | ૨૮૧ |
| **કુલ** | **૫૨૦** |

(૨) ૧૫૭.

(૩) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

## ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંકવાળા બી.પી.એલ. લાભાર્થીઓને મફત પ્લોટ

૨૮૪૯૯ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ગરીબી રેખા નીચે જીવતા (બી.પી.એલ.) ૦ થી ૧૬ ગુણાંકવાળા કેટલા લાભાર્થીઓને આવાસ બાંધવા મફત પ્લોટ ફાળવવામાં આવ્યા,

(૨) હવે કેટલા કુટુંબોને પ્લોટ આપવાના બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં સરકાર આ પ્લોટ આપશે ?

**જવાબ**

(૧)

| વર્ષ | મફત ફાળવેલ પ્લોટ (૦ થી ૧૬ ગુણાંકવાળા) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૪૪૨ |
| ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) | ૫૯ |
| **કુલ** | **૫૦૧** |

(૨) એકપણ નહિ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો

૨૭૯૧૭ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | તાલુકો | મળેલ દરખાસ્તો |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૧૧ અંતિત | હિંમતનગર | ૩ |
| | મોડાસા | ૨ |
| | માલપુર | ૧ |

| | | |
|---|---|---|
| | મેઘરજ | ૩ |
| | પ્રાંતિજ | ૧ |
| | ખેડબ્રહ્મા | ૧ |
| | ભિલોડા | ૨ |
| | બાયડ | ૧ |
| | તલોદ | ૧ |
| | કુલ | ૧૫ |
| સને ૨૦૧૦–૧૧માં કોઈ દરખાસ્ત મળેલ નથી. | | |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યુ, અને

(૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

(૨) ૧૧ (અગિયાર) મંજૂર
૪ (ચાર) નામંજૂર.

(૩) પ્રશ્ન નથી.

## તેરમા નાણાપંચમાં કેન્દ્ર સરકારે જિલ્લા પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ

૨૮૦૮૪ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧૩મા નાણાપંચ અન્વયે જિલ્લાવાર જિલ્લા પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

વર્ષ ૨૦૧૦–૧૧માં ૧૩મા નાણાપંચ અંતર્ગત, વર્ષ ૨૦૧૦–૧૧ના પ્રથમ અને બીજા હપ્તા પેટે કુલ ` ૨૩૦૪૩.૦૦ લાખ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૩માં નાણાં પંચ અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨ના પ્રથમ હપ્તા પેટે ` ૧૪૦૬૦.૦૦ લાખ મળેલ છે. જેની જિલ્લાવાર જિલ્લા પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટનુ પત્રક–અ સામેલ છે.

**પત્રક–અ** **(રકમ ` લાખમાં)**

| અ. નં. | જિલ્લાનું નામ | ૧૩ મું નાણાપંચ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૦–૧૧ પ્રથમ અને બીજો હપ્તો | વર્ષ ૨૦૧૧–૧૨ પ્રથમ હપ્તો |
| ૧ | અમદાવાદ | ૭૩૯.૨૧ | ૪૫૯.૭૩ |
| ૨ | અમરેલી | ૬૬૪.૮૧ | ૪૧૨.૪૮ |
| ૩ | આણંદ | ૭૬૬.૭૨ | ૪૭૩.૫૭ |
| ૪ | બનાસકાંઠા | ૧૫૩૦.૮૨ | ૯૪૬.૮૯ |
| ૫ | ભાવનગર | ૮૭૫.૦૭ | ૫૪૦.૬૩ |
| ૬ | ભરૂચ | ૭૪૭.૧૦ | ૪૫૨.૩૬ |
| ૭ | દાહોદ | ૧૬૧૪.૩૩ | ૯૫૬.૭૨ |
| ૮ | ડાંગ | ૨૨૦.૮૬ | ૧૩૦.૩૭ |
| ૯ | ગાંધીનગર | ૪૯૭.૨૬ | ૩૦૭.૩૨ |
| ૧૦ | જામનગર | ૬૪૪.૧૬ | ૩૯૯.૨૯ |
| ૧૧ | જુનાગઢ | ૧૧૧૬.૬૧ | ૬૯૪.૫૩ |
| ૧૨ | ખેડા | ૯૧૪.૦૪ | ૫૬૪.૩૪ |
| ૧૩ | કચ્છ–ભુજ | ૭૨૭.૧૫ | ૪૫૨.૭૮ |
| ૧૪ | મહેસાણા | ૮૬૨.૧૪ | ૫૩૪.૪૬ |
| ૧૫ | નર્મદા | ૫૨૬.૬૩ | ૩૧૧.૫૮ |
| ૧૬ | નવસારી | ૮૩૦.૦૦ | ૪૯૫.૨૨ |
| ૧૭ | પંચમહાલ | ૧૨૮૮.૦૪ | ૭૮૦.૯૬ |
| ૧૮ | પાટણ | ૫૯૦.૬૦ | ૩૬૬.૮૪ |
| ૧૯ | પોરબંદર | ૧૭૪.૦૯ | ૧૦૮.૧૦ |
| ૨૦ | રાજકોટ | ૯૫૨.૫૫ | ૫૯૧.૧૮ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૪૧૩.૯૧ | ૮૬૩.૫૭ |
| ૨૨ | સુરત | ૧૧૯૬.૨૫ | ૭૧૮.૧૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૭૧૮.૦૫ | ૪૪૬.૬૮ |
| ૨૪ | વડોદરા | ૧૫૯૭.૧૪ | ૯૬૪.૩૩ |
| ૨૫ | વલસાડ | ૧૦૭૫.૨૧ | ૬૩૮.૯૫ |
| ૨૬ | તાપી | ૭૬૦.૨૭ | ૪૪૮.૯૬ |
| ૨૭ | ડેટા બેઈઝ | | |
| | **કુલ** | **૨૩૦૪૩.૦૦** | **૧૪૦૬૦.૦૦** |

## કચ્છ જિલ્લામાં સરદાર આવાસોને મંજૂરી

૨૮૪૯૧ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ–૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા સરદાર

**જવાબ**

(૧) રાજ્ય સરકારની નિતિ પ્રમાણે ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા બી.પી.એલ. કુટુંબોના મકાનો પૂર્ણ થવાના

આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા મકાનો બાંધવામાં આવ્યા,

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

કારણે કચ્છ જિલ્લામાં લક્ષ્યાંક ફાળવેલ નથી.

(૨) (૩) અને (૪)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર જિલ્લામાં વન ખાતામાં લાંબા સમયથી કામ કરતા રોજમદારોને કાયમી કરવા બાબત**

૨૯૧૮૧ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વન ખાતામાં પાંચ, દશ કે પંદર વર્ષ કે તેથી વધારે સળંગ કામ કર્યું હોય તેવા રોજમદારોની સંખ્યા કેટલી,

(૨) પાંચ વર્ષથી વધુ સળંગ કામ કરતા રોજમદારોને કાયમી કરવાનું સરકાર વિચારે છે કે,

(૩) જો હા, તો ક્યારે કાયમી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વન ખાતામાં પાંચ, દશ કે પંદર વર્ષ કે તેથી વધારે સળંગ કામ કર્યું હોય તેવા રોજમદારોની સંખ્યા અનુક્રમે ૨૨, ૫૧ તેમજ ૮૨ છે.

(૨) હાલની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ઉપરોક્ત મજુરોને કાયમી કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ નથી. વધુમાં આ બાબત નામદાર અદાલત સમક્ષ ન્યાયાધિન હોવાથી નિર્ણય લઈ શકાશે નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધા**

૨૭૯૪૦ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જિલ્લા કક્ષાની ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ કેટલા ગામોએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર મેળવી પુરસ્કાર મેળવેલ છે.

(૨) આ વિજેતા ગામોને સરકાર તરફથી પુરસ્કારની રકમ આપેલ છે કે કેમ, અને

(૩) જો પુરસ્કારની રકમ આપવાની બાકી હોય તો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબરના પુરસ્કાર મેળવનાર ગામોની વિગત

| ક્રમ | તાલુકા પંચાયતનું નામ | ગ્રામ પંચાયતનું નામ | સ્પર્ધાનો ક્રમ (સામાન્ય કક્ષા) |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ચાટકાબેલી | પ્રથમ |
| ૨ | શહેરા | ગોકુળપુરા | પ્રથમ |
| ૩ | શહેરા | તરસંગ | દ્વિતિય |

જિલ્લાના સાગરખેડુ વિસ્તારના ગામો નથી. તથા વનબંધુ વિસ્તારની ગ્રામ પંચાયત નિયત માપદંડો નહિ જળવાતાં ઈનામને પાત્ર ઠરેલ નથી.

(૨) હા, જી.

(૩) પ્રશ્ન નથી.

**કચ્છ જિલ્લામાં તલાટી–સહ મંત્રીની ખાલી જગ્યાઓ**

૨૭૯૨૧ **શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તલાટી–સહ–મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી હતી, અને

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૯૪

(૨) ૭૦

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

**અમરેલી જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં નામ દાખલ કરવા બાબત**

૨૬૯૫૨ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં નામ દાખલ થવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલા નામ દાખલ થયા અને કેટલી અરજીઓ રદ થઈ ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બી.પી.એલ. યાદીમાં નામ દાખલ થવા માટે છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકો | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૨૬ |
| ૨ | બાબરા | ૪૨ |
| ૩ | બગસરા | ૬૧ |
| ૪ | ધારી | ૬૬ |
| ૫ | જાફરાબાદ | ૧૧૦ |
| ૬ | ખાંભા | ૩૫ |
| ૭ | કુકાવાવ | ૧૦૩ |
| ૮ | લાઠી | ૯૫ |
| ૯ | લીલીયા | ૧૭૩ |
| ૧૦ | રાજુલા | ૬૦ |
| ૧૧ | સાવરકુંડલા | ૧૧ |
| | **કુલ** | **૮૮૨** |

(૨) મળેલ ૮૮૨ અરજીઓ ચકાસણી હેઠળ છે. બી.પી.એલ. લાભાર્થી તરીકે ગણવા સરકારશ્રી દ્વારા નિયત કરેલ માપદંડો મુજબ લાયક પરિવારોને બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા ત્વરિત આયોજન કરવામાં આવશે.

**રાજકોટ જિલ્લામાં બોરી બંધ**

૨૬૯૫૮ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા,

(૨) આ બોરીબંધ બાંધવામાં કેટલી થેલીઓ શા ભાવે ખરીદવામાં આવી, અને

(૩) આ બોરીબંધ બાંધવા પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર એક પણ બોરીબંધ બાંધવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કેન્દ્ર સરકારે આદિજાતિઓના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૨૮૨૨૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ

**જવાબ**

(૧) વર્ષ ગ્રાન્ટની ફાળવણી

વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી આદિજાતિના વિકાસ માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

૨૦૦૯–૧૦ ` ૧૪૨૦૭.૦૯ લાખ
૨૦૧૦–૧૧ ` ૨૬૨૯૪.૬૭ લાખ
૨૦૧૧–૧૨ ` ૨૦૭૭૭.૬૪ લાખ

(૨) આ ફાળવેલ ગ્રાન્ટમાંથી જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી ?

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ નં. | પ્રાયોજના (જિલ્લા)નું નામ | ગ્રાન્ટની ફાળવણી | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ (૩૧/૧૨/૧૧ અંતિત) |
| ૧ | બનાસકાંઠા | ૧૦૬૦.૭૨ | ૧૪૪૮.૩૧ | ૬૨૧.૭૦ |
| ૨ | સાબરકાંઠા | ૧૮૪૧.૯૫ | ૩૧૦૯.૨૭ | ૬૩૪.૧૮ |
| ૩ | વડોદરા | ૯૦૩.૭૧ | ૧૩૬૭.૮૦ | ૧૪૮૮.૫૪ |
| ૪ | પંચમહાલ | ૫૨૮.૨૫ | ૭૦૦.૪૩ | ૬૪૮.૯૮ |
| ૫ | દાહોદ | ૨૬૬૮.૧૩ | ૧૩૫૨.૭૬ | ૧૧૫૪.૭૭ |
| ૬ | ભરૂચ | ૨૪૩.૭૭ | ૫૯૫.૨૨ | ૪૬૩.૧૧ |
| ૭ | નર્મદા | ૮૭૭.૨૨ | ૭૧૫.૬૭ | ૯૪૫.૯૬ |
| ૮ | સુરત | ૭૫૧.૨૦ | ૩૩૩૩.૦૯ | ૧૧૦૮.૧૪ |
| ૯ | નવસારી | ૫૮૫.૧૮ | ૯૪૪.૧૮ | ૬૧૨.૨૨ |
| ૧૦ | વલસાડ | ૧૦૬૨.૧૮ | ૧૦૦૨.૦૦ | ૯૬૬.૦૦ |
| ૧૧ | તાપી | ૩૪૪.૫૨ | ૮૭૨.૫૪ | ૬૩૯.૯૧ |
| ૧૨ | ડાંગ | ૪૦૦.૦૦ | ૧૫૪.૩૦ | ૨૨૬.૭૫ |
| ૧૩ | અમદાવાદ | ૧૫૫૦.૨૪ | ૧૦૨૩.૬૬ | ૧૩૩૨.૩૦ |
| ૧૪ | રાજકોટ | ૭૦૪.૫૮ | ૧૦૨૪.૭૩ | ૫૬૧.૭૫ |
| ૧૫ | કચ્છ–ભૂજ | ૩૧.૫૪ | ૨૯.૫૨ | ૩૧.૪૮ |
| ૧૬ | કાર્યપાલક નિયામકશ્રી, ધી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ એજ્યુકેશનલ રેસીડેન્સીયલ ઈન્સ્ટીટ્યુશન સોસાયટી | ૩૫૦૦.૮૪ | ૫૩૦૫.૮૦ | ૨૪૫૯.૫૦ |
| ૧૭ | મુખ્ય કારોબારી અધિકારી, ડી–સેગ | ૧૪૫૫.૩૬ | ૧૧૩૯.૨૦ | ૧૨૬૫.૬૮ |
| ૧૮ | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય | ૦.૦૦ | ૧૬.૫૦ | ૫૦.૦૦ |
| ૧૯ | એફ. આર.એ. શાખા | ૨.૫૦ | ૧૩.૫૦ | ૦.૦૦ |
| ૨૦ | નિયામકશ્રી, ટ્રાયબલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ | ૩૮૧.૩૦ | ૧૬૩.૭૫ | ૮૩.૮૦ |
| | કુલ | ૧૮૮૯૩.૧૯ | ૨૪૩૧૨.૨૩ | ૧૫૨૯૪.૭૭ |

## સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો

૨૭૯૧૮ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો આવી,

(૧)

| વર્ષ | તાલુકો | મળેલ દરખાસ્તો |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૧૧ અંતિત | હિંમતનગર | ૩ |
| | મોડાસા | ૨ |
| | માલપુર | ૧ |
| | મેઘરજ | ૩ |
| | પ્રાંતિજ | ૧ |
| | ખેડબ્રહ્મા | ૧ |
| | ભિલોડા | ૨ |
| | બાયડ | ૧ |
| | તલોદ | ૧ |
| | કુલ | ૧૫ |
| સને ૨૦૧૦–૧૧માં કોઈ દરખાસ્ત મળેલ નથી. | | |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ૧૧ (અગિયાર) મંજૂર
૪ (ચાર) નામંજૂર

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન નથી. |

## બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના

૨૭૯૮૦ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૭ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને તેનો લાભ આપવામાં આવેલ છે, | (૨) વર્ષ — બાળકોની સંખ્યા<br>૨૦૦૯–૧૦ — ૪૮,૫૦૦<br>૨૦૧૦–૧૧ — ૪૯,૩૩૦<br>કુલ — ૯૭,૮૩૦ |
| (૩) આ યોજનાથી બાળકોમાં કયા પ્રકારના સુધારા જોવા મળેલ છે, અને | (૩) બાળકોની નિયમિત હાજરી, તંદુરસ્તીમાં વધારો, અભ્યાસના સાતત્યમાં સુધારો. |
| (૪) તા. ૩૧–૧૨–૨૦૧૧ અંતિત છેલ્લા બે વર્ષમાં તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૪) વર્ષ — રકમ (રૂપિયા)<br>૨૦૦૯–૧૦ — ૪,૮૦,૦૦,૦૦૦<br>૨૦૧૦–૧૧ — ૩,૨૮,૮૭,૦૦૦<br>કુલ — ૮,૦૮,૮૭,૦૦૦ |

## વડોદરા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી

૨૬૯૪૭ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) છોટા ઉદેપુરમાં ૨ અને વડોદરા, નસવાડી, પાવી જેતપુર અને કવાંટ તાલુકામાં એકેક મળી કુલ ૬ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. |
| (૨) આ શાળાઓમાં તાલુકાવાર કેટલી શાળાઓને કોમ્પ્યુટરો ફાળવવામાં આવ્યા છે, અને | (૨) ખંડ–૧ મુજબની તમામ ૬ શાળાઓને. |
| (૩) તે શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષક દ્વારા કોમ્પ્યુટર શિક્ષણ અપાય છે કે કેમ ? | (૩) હા, જી. |

## વડોદરા જિલ્લામાં સ્વર્ણિમગામ જાહેર કરવા બાબત

૨૭૯૩૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન કેટલા ગામોને સ્વર્ણિમ ગામ તરીકે જાહેર | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન "સ્વર્ણિમ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૧૨ |

કરવામાં આવ્યા,

દરમ્યાન વડોદરા જીલ્લાના ૧૬ ગામોને "સ્વર્ણિમ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) આ પૈકી કેટલા ગામોને અનુદાનની રકમ આપવામાં આવી, અને

(૨) "સ્વર્ણિમ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ ગામોને જરૂરિયાત મુજબ અનુદાનની રકમ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત "સ્વર્ણિમ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ આ તમામ ૧૬ ગામોને રોકડ પુરસ્કાર તરીકે પુરસ્કારની રકમ પણ આપવામાં આવેલ છે.

(૩) બાકીના ગામોને અનુદાનની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૫૯૮૧ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર સરદાર આવાસ યોજના બનાવવા માટે કેટલા અરજદારોએ અરજીઓ કરી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સરદાર આવાસની કેટલી અરજીઓ મળી | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | કુલ |
| ૧ | બાયડ | ૨૩૮ | ૮૮ | ૯૩૫ | ૧૨૬૧ |
| ૨ | ભિલોડા | ૩૯૩ | ૮૫ | ૧૦૯ | ૫૮૭ |
| ૩ | ધનસુરા | ૪૧ | ૦ | ૦ | ૪૧ |
| ૪ | ઈડર | ૧૯૨ | ૧૫૧ | ૪૦ | ૩૮૩ |
| ૫ | હિંમતનગર | ૨૭૩ | ૧૩૩ | ૧૭૪ | ૫૮૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૩૭૪ | ૧૨૨ | ૯૫૨ | ૧૪૪૮ |
| ૭ | મોડાસા | ૧૦૦ | ૦ | ૨૯ | ૧૨૯ |
| ૮ | મેઘરજ | ૧૮૦ | ૦ | ૫૨૧ | ૭૦૧ |
| ૯ | માલપુર | ૧૧૭ | ૨૬ | ૩૦ | ૧૭૩ |
| ૧૦ | પ્રાંતિજ | ૮૮ | ૫ | ૫૦ | ૧૪૩ |
| ૧૧ | તલોદ | ૧૦૪ | ૦ | ૧૯૪ | ૨૯૮ |
| ૧૨ | વડાલી | ૮૭ | ૪૦ | ૭૧ | ૧૯૮ |
| ૧૩ | વિજયનગર | ૫૫ | ૩૨ | ૨૦ | ૧૦૭ |
| | **કુલ** | **૨૨૪૨** | **૬૮૨** | **૩૧૨૫** | **૬૦૪૯** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર અને વર્ષવાર મંજૂર કરવામાં આવી અને કેટલા અરજદારોને પૈસા ચૂકવવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | સરદાર આવાસની મંજૂર અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | કુલ |
| ૧ | બાયડ | ૨૨૬ | ૮૬ | ૮૭૯ | ૧૧૯૧ |
| ૨ | ભિલોડા | ૩૯૩ | ૮૫ | ૯૦ | ૫૬૮ |
| ૩ | ધનસુરા | ૪૧ | ૦ | ૦ | ૪૧ |
| ૪ | ઈડર | ૧૯૨ | ૧૫૧ | ૪૦ | ૩૮૩ |
| ૫ | હિંમતનગર | ૨૫૯ | ૧૩૩ | ૧૭૪ | ૫૬૬ |
| ૬ | ખેડબ્રહ્મા | ૩૭૪ | ૧૨૨ | ૯૫૨ | ૧૪૪૮ |
| ૭ | મોડાસા | ૯૯ | ૦ | ૨૯ | ૧૨૮ |
| ૮ | મેઘરજ | ૧૮૦ | ૦ | ૫૦૧ | ૬૮૧ |
| ૯ | માલપુર | ૧૧૭ | ૨૬ | ૩૦ | ૧૭૩ |
| ૧૦ | પ્રાંતિજ | ૮૮ | ૫ | ૫૦ | ૧૪૩ |
| ૧૧ | તલોદ | ૧૦૪ | ૦ | ૧૫૭ | ૨૬૧ |
| ૧૨ | વડાલી | ૮૭ | ૪૦ | ૭૧ | ૧૯૮ |
| ૧૩ | વિજયનગર | ૫૫ | ૩૨ | ૨૦ | ૧૦૭ |
| | **કુલ** | **૨૨૧૫** | **૬૮૦** | **૨૯૯૩** | **૫૮૮૮** |

| ક્રમ | તાલુકાનું નામ | સહાય ચુકવેલ અરજદારોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | કુલ |
| ૧ | બાયડ | ૨૨૬ | ૮૬ | ૮૭૯ | ૧૧૯૧ |
| ૨ | ભિલોડા | ૩૯૩ | ૮૫ | ૯૦ | ૫૬૮ |
| ૩ | ધનસુરા | ૪૧ | ૦ | ૦ | ૪૧ |
| ૪ | ઈડર | ૧૯૨ | ૧૫૧ | ૪૦ | ૩૮૩ |
| ૫ | હિંમતનગર | ૨૫૯ | ૧૩૩ | ૧૭૪ | ૫૬૬ |
| ૬ | ખેડબ્રહ્મા | ૩૭૪ | ૧૨૨ | ૯૫૨ | ૧૪૪૮ |
| ૭ | મોડાસા | ૯૯ | ૦ | ૨૯ | ૧૨૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | મેઘરજ | ૧૮૦ | ૦ | ૫૦૧ | ૬૮૧ |
| ૯ | માલપુર | ૧૧૭ | ૨૬ | ૩૦ | ૧૭૩ |
| ૧૦ | પ્રાંતિજ | ૮૮ | ૫ | ૫૦ | ૧૪૩ |
| ૧૧ | તલોદ | ૧૦૪ | ૦ | ૧૫૭ | ૨૬૧ |
| ૧૨ | વડાલી | ૮૭ | ૪૦ | ૭૧ | ૧૯૮ |
| ૧૩ | વિજયનગર | ૫૫ | ૩૨ | ૨૦ | ૧૦૭ |
| | **કુલ** | **૨૨૧૫** | **૬૮૦** | **૨૯૯૩** | **૫૮૮૮** |

(૩) બાકીની અરજીઓ ના મંજૂર થવાના કારણો શા છે ?

(૩) લાભાર્થીઓ નિયમોનુસારની પાત્રતા ધરાવતા ન હોવાથી.

**બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૮૦૦૬ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય આદિજાતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, | (૨) દુધાળા પશુ ખરીદી સંકર વાછરડી ઉછેર, પશુ સારવાર, રસીકરણ, કેટલ શેડ, ઘાસ ચારા, દુધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દુધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને | (૩) ૨૨૩૧ |
| (૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે કે કેમ ? | (૪) હા, જી. |

**સુરત જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૮૦૦૪ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, | (૨) દુધાળા પશુ ખરીદી સંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય, ગાય માવજત કેટલ શેડ, ઘાસ ચારા, દુધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દુધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને | (૩) ૧૫૪૧ |
| (૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે કે કેમ ? | (૪) હા, જી. |

**અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ લેવા**

૨૯૪૬૭ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અન્વયે વીજળી બીલ ભરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેલી ગ્રામ પંચાયતોમાં આ વ્યવસ્થા ક્યારે ગોઠવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૯૦

(૨) સત્વરે

**આણંદ જિલ્લામાં બારકોડેડ રેશન કાર્ડ**

૨૮૧૯૪ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ બારકોડેડ રેશનકાર્ડ પાયલોટ પ્રોજેક્ટ તરીકે લીધેલ દુકાનો પૈકી વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન કેટલા નવા બારકોડેડ રેશનીંગ કાર્ડ વિતરણ કરવામાં આવ્યા,

(૨) કેટલા વિતરણ કરવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં વિતરણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ બારકોડેડ રેશનકાર્ડ પાયલોટ પ્રોજેક્ટ તરીકે લીધેલ દુકાનો પૈકી વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૨૦૪૦ નવા બારકોડેડ રેશનકાર્ડ વિતરણ કરવામાં આવેલ છે.

(૨) ૭૫ બારકોડેડ રેશનકાર્ડ વિતરણ કરવાના બાકી છે.

(૩) જરૂરી ચકાસણી અને પુર્તતા થયા બાદ.

**જામનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૬૯ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન જામનગર જીલ્લાના ૯૮ ગામોને "સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૯૮ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા સરકારે કરેલ વ્યવસ્થા**

૨૮૨૦૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૦-૧૧ માટે તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક તરીકે રાખેલ હતો,

(૨) તે પૈકી કેટલો જથ્થો વિતરણ કરવામાં આવેલ

**જવાબ**

(૧) ૧૧,૯૫૦ મે. ટન

(૨) ૧૧,૯૫૦ મે. ટન

હતો, અને

| | |
|---|---|
| (૩) તે કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ? | (૩) એક લીટર પાઉચના ` ૩૨/–ના ભાવે વિતરણ કરવામાં આવેલ હતું. |

**માંડવી ટ્રાયબલ સબપ્લાન કચેરી દ્વારા ખેડૂતોને બિયારણ અને સાધન સામગ્રીની સહાય**

૨૮૮૯૪ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં માંડવી ટ્રાયબલ સબપ્લાન કચેરી દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોને બિયારણો અને સાધનસામગ્રી સહાય અંગેના કેટલા કેસો તૈયાર કરવામાં આવ્યા, | (૧) ટ્રાયબલ સબ પ્લાન પ્લાન વર્ષ / લાભાર્થી (ખેડૂત) સંખ્યા<br>૨૦૦૯–૧૦ ૯૩૫૨<br>૨૦૧૦–૧૧ ૯૯૫૮<br>૨૦૧૧–૧૨ ૭૬૧૫<br>કુલ ૨૬૯૨૫ |
| (૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને સહાય આપી, અને | (૨) વર્ષ<br>૨૦૦૯–૧૦ ૮૯૯૭<br>૨૦૧૦–૧૧ ૮૫૨૧<br>૨૦૧૧–૧૨ ૭૬૧૫<br>**કુલ ૨૫૧૩૩** |
| (૩) કેટલા લોકોને આપવાની બાકી છે ? | (૩) વર્ષ<br>૨૦૦૯–૧૦ ૩૫૫<br>૨૦૧૦–૧૧ ૧૪૩૭<br>૨૦૧૧–૧૨ ૦<br>**કુલ ૧૭૯૨** |

**કમિશ્નર આદિજાતિ વિકાસના નિયંત્રણ નીચે આશ્રમશાળાઓ દ્વારા પ્રાથમિક શિક્ષણ**

૨૯૭૮૭ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરવાળા ફરજિયાત વયજૂથ હેઠળના બાળકોને કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસનાં નિયંત્રણ હેઠળની આશ્રમશાળાઓ દ્વારા પ્રાથમિક શિક્ષણ પુરું પાડવામાં આવે છે એ હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હો, તો તે જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓની જેમ ધો.–૭ની બધી આશ્રમશાળાઓને અપગ્રેડ કરી સરકારનાં આ માટેનાં નિયમો પ્રમાણે ઉચ્ચ પ્રાથમિક શાળાનો દરજ્જો અપાયો છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો ના હોય તો ધો.–૭ સુધીની આવી આશ્રમશાળાઓને ઉચ્ચ પ્રાથમિક શાળાનો દરજજો આપી અપગ્રેડ કરવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૩) આ બાબત નીતિ વિષયક છે. |

**તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલનો બફર સ્ટોક**

૨૮૫૩૦ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં | (૧) વર્ષ ૨૦૧૦–૧૧ માટે ૧૧,૯૫૦ મે. ટન તથા |

| | |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક તરીકે રાખેલ હતો, | વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૧,૯૬૮ મે. ટન |
| (૨) તે પૈકી કેટલો જથ્થો વિતરણ કરવામાં આવેલ હતો, અને | (૨) વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૧,૯૫૦ મે. ટન તથા વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૧,૮૪૮ મે. ટન |
| (૩) તે ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યુ ? | (૩) સને ૨૦૧૦-૧૧માં પ્રતિ લીટર પાઉચના `૩૨/-ના ભાવે તેમજ સને ૨૦૧૧-૧૨માં પ્રતિ લીટરે પાઉચના `૪૦/- ના ભાવે |

## ખેડા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

*૨૮૭૮૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) નીચે જણાવેલ સમયથી ખાલી છે.<br>૧ થી ૩ વર્ષની ખાલી જગ્યાઓ ૯૯<br>૩ વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ ૮૫<br>કુલ ૧૮૪ |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે. |

## બનાસકાંઠા જિલ્લામાં મહિલા જૂથોની રચના

૨૭૯૬૦ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) બનાસકાંઠા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૩૮ મહિલા જુથો મળીને તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કુલ ૧૧૮૨૧ મહિલા જૂથોની રચના થઈ. |
| (૨) તે પૈકી કેટલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, | (૨) વર્ષ ૨૦૧૧-૧૨માં રચાયેલ જુથો પૈકી ૬૯ જુથો મળીને તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ ૧૦૩૩૨ જુથોને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કેટલા જૂથને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે, અને | (૩) વર્ષ ૨૦૧૦-૧૧માં ૬૯ જુથો મળીને તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૧૪૮૯ જુથોને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે. |
| (૪) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે? | (૪) માર્ચ-૨૦૧૨ સુધીમાં ચુકવવામાં આવશે. |

## મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બિલ લેવા બાબત

૨૮૫૦૨ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજના હેઠળ કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ કલેકશન કરવામાં | (૧) ૫૮૯ |

આવે છે, અને

(૨) બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં ક્યાં સુધીમાં આ સુવિધા આપવામાં આવશે?

(૨) ગ્રામ પંચાયત વિભાજનથી અસ્તિત્વમાં આવેલ નવીન ગ્રામ પંચાયતો કુલ–૧૧ને બ્રોડબેન્ડ ઈ–કનેકટીવીટી આપવાની કાર્યવાહી પૂર્ણ થયેથી.

## પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધા

૨૭૯૩૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જિલ્લા કક્ષાની ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ કેટલા ગામોએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર મેળવી પુરસ્કાર મેળવેલ છે,

(૨) આ વિજેતા ગામોને સરકાર તરફથી પુરસ્કારની રકમ આપેલ છે કે કેમ, અને

(૩) જો પુરસ્કારની રકમ આપવાની બાકી હોય તો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર ના પુરસ્કાર મેળવનાર ગામોની વિગત

| ક્રમ | તાલુકા પંચાયતનું નામ | ગ્રામ પંચાયતનું નામ | સ્પર્ધાનો ક્રમ (સામાન્ય કક્ષા) |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ચાટકાબેલી | પ્રથમ |
| ૨ | શહેરા | ગોકુળપુરા | પ્રથમ |
| ૩ | શહેરા | તરસંગ | દ્વિત્રિય |

જિલ્લાના સાગરખેડૂ વિસ્તારના ગામો નથી. તથા વનબંધુ વિસ્તારની ગ્રામ પંચાયત નિયત માપદંડો નહિ જળવાતાં ઈનામને પાત્ર ઠરેલ નથી.

(૨) હા, જી.

(૩) પ્રશ્ન નથી.

## આણંદ જિલ્લામાં વૃક્ષો કાપવાની મંજૂરી

૨૯૪૪૫ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સો મીલમાં જે વૃક્ષો કપાઇને વેચાણ માટે આવે છે તે વૃક્ષોને કાપવા માટેની મંજૂરી આપવામાં આવે છે કે કેમ,

(૨) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વૃક્ષો કાપવાની મંજૂરી તાલુકાવાર આપવામાં આવી,

(૩) તેનું ક્રોસ વેરીફીકેશન કરવાની જવાબદારી કોની છે, અને

(૪) ગેરકાનૂની રીતે કપાઇને સો મીલમાં આવેલ

**જવાબ**

(૧) સો મીલમાં વેચાણ માટે કાપવામાં આવતા વૃક્ષોના કપાણને મંજૂરી જેવી કોઈ હેતુ આધારિત મંજૂરીના અલગ નિયમો નથી.

તમામ વૃક્ષોને કાપવા માટે પણ મંજૂરીની જરૂર નથી, પંરતુ બિન જંગલ વિસ્તારમાં અનામત વૃક્ષો કાપવાની મંજૂરી વન વિભાગ દ્વારા અને પ્રતિબંધિત વૃક્ષોને કાપવાની મંજૂરી મહેસૂલ વિભાગ દ્વારા આપવામાં આવે છે.

(૨) આણંદ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ૯૫૯૨ વૃક્ષો કાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | કલેકટર આણંદ તથા મામલતદાર દ્વારા આપવામાં આવેલ મંજૂરી | વન વિભાગ દ્વારા આપવામાં આવેલ મંજૂરી | કુલ |
|---|---|---|---|
| આણંદ (શહેર) | ૭૧ | ૦૦ | ૭૧ |
| આણંદ (ગ્રામ્ય) | ૮૮૫ | ૩૯૨ | ૧૨૭૭ |
| આંકલાવ | ૧૪૯૯ | ૭૬ | ૧૫૭૫ |
| ઉમરેઠ | ૩૩૮ | ૦૧ | ૩૩૯ |
| સોજીત્રા | ૩૫૦ | ૦૦ | ૩૫૦ |
| પેટલાદ | ૯૩૭ | ૦૧ | ૯૩૮ |
| બોરસદ | ૩૪૬૯ | ૮૯ | ૩૫૫૮ |
| ખંભાત | ૧૪૮૩ | ૦૦ | ૧૪૮૩ |
| તારાપુર | –– | ૦૧ | ૦૧ |
| **કુલ..** | **૯૦૩૨** | **૫૬૦** | **૯૫૯૨** |

(૩) આ જવાબદારી મંજૂરી આપનાર સત્તાધિકારીની છે.

(૪) ગેરકાનૂની રીતે કપાઇને સો મીલમાં આવેલ

લાકડું ખરીદનાર સો મીલના માલિકો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

લાકડું ખરીદનાર સો મીલના માલિકો સામે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ તેમજ સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા–૧૯૫૧ ની જોગવાઈઓ મુજબ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી.

**નવસારી જિલ્લામાં કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર**

૨૭૯૧૨ **શ્રી નરેશભાઈ મ. પટેલ( ચીખલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી રકમ અનુદાન તરીકે મંજૂર કરવામાં આવી, અને

(૩) આ રકમ ક્યારે મળશે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન નવસારી જિલ્લાની ૦૨ ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવે છે.

(૨) અને (૩) નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે પસંદગી પામેલ ગ્રામ પંચાયતોને અનુદાન નહી પરંતુ પુરસ્કારની રકમ તરીકે કુલ ` ૨.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. રાજયમાં યોજાનાર ‘‘પુરસ્કાર વિતરણ સમારોહ ’’ દરમ્યાન પુરસ્કારની રકમ નિયત કરાયેલ ધોરણોનુસાર આપવામાં આવશે.

**બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં માનવ ગરીમા યોજનામાં રોજગારી**

૨૮૧૭૫ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના લોકોને વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારી માટે આર્થિક ઉત્કર્ષની માનવ ગરીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ લાભ આપવામાં આવેલ છે,

(૨) જો હા, તો કઈ કઈ સ્વરોજગારી માટે કેટલી સહાય આપવામાં આવે છે,

(૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પત્રક સામેલ છે.

(૩)

| **વર્ષ** | **ખર્ચ** |
|---|---|
| ૨૦૧૦ | ` ૧૬,૩૨,૬૦૦/– |
| ૨૦૧૧ | ` ૯,૨૨,૩૬૦/– |
| **કુલ ખર્ચ** | ` **૨૫,૫૪,૯૬૦/–** |

**પત્રક**

| ક્રમ | વ્યવસાયનું નામ | ટુલકીટસની કિંમત ` |
|---|---|---|
| ૧ | સીલાઈ મશીન | ૬૦૦૦ |
| ૨ | ધોબીકામ/ઇસ્ત્રીકામ | ૪૦૦૦ |
| ૩ | સાવરણી/સુપડા/ટોપલી બનાવનાર | ૩૭૦૦ |
| ૪ | બ્યુટી પાર્લર | ૨૩૦૦ |
| ૫ | પાપડ ઉદ્યોગ | ૩૧૦૦ |
| ૬ | શાકભાજી ફળ વેચનાર | ૫૧૯૨ |
| ૭ | કાપડફેરી હાથલારી દ્વારા | ૪૯૪૫ |
| ૮ A | કટલરી–હોઝીયરી હાથલારી દ્વારા વેચનાર | ૪૬૯૪ |
| ૮ B | કટલરી–હોઝીયરી હાથલારી દ્વારા વેચનાર | ૩૨૦૦ |
| ૯ | મીઠુ ગોળ, કરીયાણા વેચનાર | ૫૩૫૭ |

| ક્રમ | વ્યવસાયનું નામ | ટુલકીટસની કિંમત ` |
|---|---|---|
| ૧૦ | લારી ખેચનાર | ૪૬૯૪ |
| ૧૧ | ઇંડાની લારી | ૬૩૨૧ |
| ૧૨ | વિવિધ વસ્તુઓની ફેરી માટે ટુલ્સકીટ્સ | ૪૭૭૪ |
| ૧૩ | સાયકલ દ્વારા કાપડ ફેરી | ૩૪૦૦ |
| ૧૪ | ફીશ વેચનાર | ૩૪૦૦ |
| ૧૫ | માછલી પકડવી | ૪૦૦૦ |
| ૧૬ | આઇસ કેન્ડી ફેરી | ૩૫૦૦ |
| ૧૭ | સાયકલ રીપેરીંગ સાયકલ વગર | ૨૦૦૦ |
| ૧૮ | સાયકલ રીપેરીંગ સાયકલ સાથે | ૪૪૦૦ |
| ૧૯ | વાયરમેન | ૨૬૭૦ |
| ૨૦ | પ્લંબીગકામ | ૪૧૦૦ |
| ૨૧ | કડીયાકામ | ૪૨૦૦ |
| ૨૨ | ઇલેકટ્રોનિકસ વસ્તુઓનું રીપેરીંગ કામ | ૪૦૦૦ |
| ૨૩ | પેઇન્ટીંગ/રંગકામ/સાઇનબોર્ડ | ૬૯૮૦ |
| ૨૪ | મોચીકામ | ૪૯૫૮ |
| ૨૫ | ઓટો રીપેરીંગ | ૩૩૦૦ |
| ૨૬ | હેન્ડપંપ રીપેરીંગ | ૪૩૦૦ |
| ૨૭ | ચાના સાધનો | ૫૭૭૬ |
| ૨૮ | દુધ દહીં વેચાણ | ૪૦૦૦ |
| ૨૯ | ઠંડા પીણા વેચનાર | ૫૧૯૫ |
| ૩૦ | અલ્પાહાર વેચાણ | ૫૮૬૫ |
| ૩૧ | કેટરર્સ (રસોઇ કામ) | ૩૧૦૦ |
| ૩૨ | પાન બીડીનું વેચાણ | ૫૪૦૦ |
| ૩૩ | વાણંદકામ | ૨૦૦૦ |
| ૩૪ | ઢોલ–ત્રાંસાના સાધનો | ૩૬૦૦ |
| ૩૫ | લાઇટ ડેકોરેટર્સ | ૩૮૦૦ |
| ૩૬ | લુહારીકામ | ૫૧૦૪ |
| ૩૭ | સુથારીકામ | ૩૭૨૦ |
| ૩૮ | નેતરવાંસકામ | ૨૧૦૦ |
| ૩૯ | સાયકલ | ૨૪૦૦ |
| ૪૦ | કોમ્પ્યુટર રીપેરીંગ | ૨૯૬૨ |

## કચ્છ જિલ્લાથી સુરેન્દ્રનગરને જોડતો પલાંસવા –ટીકર માર્ગ અને ભચાઉની એકલ બાંભણકા માર્ગનું મજબૂતીકરણનું કામ

૨૯૯૨૦ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાથી સુરેન્દ્રનગરને જોડતા પલાંસવા –ટીકર માર્ગ પરંપરાગત માર્ગ હોવા છતાં તેના મજબૂતીકરણ તેમજ ભચાઉના ખડીર મહાલને જોડતા એકલ બાંભણકા માર્ગના વિસ્તૃતીકરણની કામગીરી વન વિભાગ દ્વારા અટકાવવા કે મંજૂર ન કરવાનાં કારણો શાં છે?

**જવાબ**

(૧) (૧) **પલાંસવા–ટીકર માર્ગ**

ઘુડખર અભ્યારણ્યમાંથી પસાર થતા આ પરંપરાગત માર્ગના મજબૂતીકરણની કામગીરીને વન વિભાગ દ્વારા અટકાવવામાં આવી નથી. છેલ્લા ત્રણ વર્ષમાં આ માર્ગને મજબૂતીકરણ કરવા, વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ–૧૯૭૨ હેઠળ મંજૂરી આપવા અંગેની કોઈ દરખાસ્ત વન વિભાગને મળેલ નથી. જેથી મંજુર ન કરવા અંગેના કારણો ઉપસ્થિત થતાં નથી.

(૨) **એકલ–બાંભણકા માર્ગ**

કચ્છ રણ વન્યપ્રાણી અભ્યારણ્યમાંથી પસાર થતા આ માર્ગના વિસ્તૃતીકરણની કામગીરીની દરખાસ્તને કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રીશ્રી (રાજ્ય) ના અધ્યક્ષસ્થાને મળેલ તા. ૧૭–૭–૨૦૦૯ ની નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની સ્થાયી સમિતિએ વન્યજીવો ઉપર થનાર પ્રતિકૂળ અસરો તથા અન્ય વૈકલ્પીક રસ્તો ઉપલબ્ધ હોવાને કારણે માન્ય રાખેલ નથી.

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત**

૨૮૧૯૨ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) કેટલી દુકાનો મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં પંડિત દીનયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરાયેલ નથી. પરંતુ તા. ૩૧–૩–૧૦ પહેલા ૨૮૦ પંડિત દીનયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવી હતી.

(૨) ૭૩

(૩) મોડેલ ફેર પ્રાઈસ શોપ બનાવવા માટે દુકાનદારની તત્પરતા તથા નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**અમરેલી જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવાની અરજીઓ**

૨૮૨૦૬ **શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ સન ૨૦૧૧–૧૨ના વર્ષમાં વાજબી ભાવની અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા અરજદારોને વાજબી ભાવની અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ સન ૨૦૧૧–૧૨ના વર્ષમાં ૭ વાજબી ભાવની દુકાનો ખોલવા માટે ૨૧ અરજીઓ આવેલ છે.

(૨) ૨ (બે) અરજદારોને સસ્તા અનાજની દુકાનના પરવાના આપ્યા, જેમાં ૧૦ અરજીઓનો નિકાલ કરેલ છે. ૩ દુકાનો માટે રજુ થયેલ ૭ અરજીઓમાં ઉમેદવારો જરૂરી લાયકાત ધરાવતા ન હોઈ, અરજીઓ નામંજુર કરી નિકાલ કરેલ છે. આમ કુલ ૫ દુકાનો માટે મળેલ ૧૭ અરજીઓનો નિકાલ કરેલ છે.

(૩) બાકીની ૨ સસ્તા અનાજની દુકાનો માટે મળેલ ૪ અરજીઓનો નિકાલ નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી થઈ શકશે.

**વડોદરા જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓ**

૨૬૯૪૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર–પાવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર ઘરથાળના પ્લોટ મેળવવા માટે કેટલા અરજદારોએ અરજીઓ કરેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકા | ઘરથાળ પ્લોટ મેળવવાની આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૦૮૯ |
| ૨ | વાઘોડીયા | ૧૨૮ |
| ૩ | કરજણ | ૯૬૭ |
| ૪ | ડભોઈ | ૬૬૧ |
| ૫ | જેતપુર પાવી | ૪૮ |
| ૬ | છોટા ઉદેપુર | ૧૭૫ |
| ૭ | સાવલી | ૮૮૨ |
| ૮ | પાદરા | ૨૭૨ |
| ૯ | શિનોર | ૪૨૫ |
| ૧૦ | સંખેડા | ૬૭ |

| | | |
|---|---|---|
| ૧૧ | નસવાડી | ૨૯ |
| ૧૨ | કવાંટ | ૦ |
| | કુલ | ૪૭૪૩ |

(૨) તે પૈકી કેટલા અરજદારોને ૧૦૦ ચોરસવારના પ્લોટ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | તાલુકા | ઘરથાળ પ્લોટ મેળવવાની આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૦૨૧ |
| ૨ | વાઘોડીયા | ૧૧૨ |
| ૩ | કરજણ | ૯૨૨ |
| ૪ | ડભોઈ | ૫૯૩ |
| ૫ | જેતપુર પાવી | ૩૭ |
| ૬ | છોટા ઉદેપુર | ૮૪ |
| ૭ | સાવલી | ૮૮૨ |
| ૮ | પાદરા | ૨૭૨ |
| ૯ | શિનોર | ૪૨૫ |
| ૧૦ | સંખેડા | ૬૭ |
| ૧૧ | નસવાડી | ૨૯ |
| ૧૨ | કવાંટ | ૦ |
| | કુલ | ૪૪૪૪ |

(૩) જે અરજીઓ બાકી રહે છે તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) બાકી ૨૯૯ અરજીઓ નામંજૂર થતાં પ્રશ્ન નથી.

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ યોજનામાં વીજળી બીલ બાબત**

૨૮૫૦૧ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ હેઠળ કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ કલેકશન કરવામાં આવે છે, અને

(૧) ૫૮૯

(૨) બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં ક્યાં સુધીમાં આ સુવિધા આપવામાં આવશે ?

(૨) ગ્રામ પંચાયત વિભાજનથી અસ્તિત્વમાં આવેલ નવીન ગ્રામ પંચાયતો કુલ–૧૧ ને બ્રોડબેન્ડ ઈ–કનેકટીવીટી આપવાની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**જૂનાગઢ, અમરેલી અને પોરબંદર જિલ્લામાં ઝેરી મધમાખી કરડવાથી મૃત્યુ**

૨૭૩૧૦ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જૂનાગઢ, અમરેલી અને પોરબંદર જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઝેરી મધમાખી કરડવાથી તાલુકાવાર કેટલા લોકોનાં મૃત્યુ થયેલ છે,

(૧) જૂનાગઢ, પોરબંદર અને અમરેલી જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઝેરી મધમાખી કરડવાથી નીચે મુજબના ત્રણ વ્યકિતઓના મૃત્યુ થયેલ છે.

| વર્ષ | જિલ્લો | તાલુકો | મૃત્યુ થયેલ સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૯–૧૦ | અમરેલી | સાવરકુંડલા | ૧ |
| ૨૦૧૦–૧૧ | જૂનાગઢ | ઉના | ૧ |
| | | સુત્રાપાડા | ૧ |
| | | કુલ | ૩ |

(૨) ઉકત સ્થિતિએ ઝેરી મધમાખી કરડવાથી મૃત્યુ પામેલ લોકોને સરકાર તરફથી કોઈ વળતર ચૂકવાયેલ છે કે કેમ,

(૨) હા,જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે,

(૩) બે કિસ્સામાં પ્રત્યેકમાં ` ૧ લાખ.

(૪) આ ઝેરી મધમાખીનું કાયમી નિયંત્રણ કરવા સરકાર દ્વારા કોઈ ખાસ ટીમો બનાવી સાધનો અને નાણાં ફાળવવા માટે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૪) આ ઝેરી મધમાખી નિયંત્રણ કરવા માટે અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં ખેતીવાડી, રેવન્યુ, પોલીસ, આરોગ્ય અને વન વિભાગના અધિકારી/કર્મચારીઓની ટીમ બનાવી જરૂરીયાત પ્રમાણે મદદરૂપ થવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે, પરંતુ આ કામગીરી માટે

અલગથી નાણાં અને સાધનો ફાળવવામાં આવેલ નથી.

(૫) જો હા, તો તેની વિગતો શી છે ? (૫) ખંડ–૪ મુજબ.

**ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો**

૨૭૯૪૪ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની કેટલી દરખાસ્તો આવી,

(૧)

| વર્ષ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ગઢડા | ૨ |
| ૨૦૧૧–૧૨ તા.૩૧–૧૨–૧૧ અંતિત | ઘોઘા | ૧ |
| | કુલ | ૩ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ૩ (ત્રણ).

(૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન નથી.

**સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામમાં વીજળી બીલ લેવા બાબત**

૨૭૯૨૫ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧–૧૨ દરમ્યાન કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો દ્વારા વીજળી બીલ કલેકશન કરવામાં આવે છે,

(૧) સુરત જિલ્લાની તમામ ૫૬૭ ગ્રામ પંચાયતોમાં લાઇટ બીલ કલેકશન સોફટવેર ઈન્સ્ટોલ કરીને લાઇટબીલ કલેકશનની જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૨) કેટલી ગ્રામ પંચાયતોમાં તે રીતે વીજળી બીલ કલેકશન કરવામાં આવતું નથી, અને

(૨) ૧૭૧

(૩) બાકી કેન્દ્રોમાં તે રીતથી વીજળી બીલ કલેકશનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) સત્વરે.

**વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં શાકભાજી માટે સ્ટૉરેજ**

૨૭૯૮૬ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનાના જીવિકા પ્રોજેકટ હેઠળ ખેડૂતોને શાકભાજીનું પૂરેપૂરું વળતર મળી શકે તે માટે કોઈ વિશેષ આયોજન કરી સ્ટૉરેજની કોઈ વ્યવસ્થા કરેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા સ્થળે, અને

(૨) નાના પૌંઢા તા.કપરાડા, જિ.વલસાડ.

(૩) આ વ્યવસ્થાથી ખેડૂતોને ક્યા પ્રકારના લાભો મળશે?

(૩) ખેડૂતો દ્વારા ઉત્પાદીત ફળ/શાકભાજીના પાકોનો સંગ્રહ કરી બજારમાં સારા ભાવ હોય ત્યારે વેચાણ કરવાની સુવિધા ખેડૂતોને જરૂરીયાત મુજબના બજાર સાથે સાંકળવાની સુવિધા વ્યકિતગત/છૂટક વેચાણના બદલે જથ્થાબંધ અને જરૂરીયાત મુજબના વેચાણ માટે બજાર

સાથે સાંકળવાની સુવિધા.

**આણંદ જિલ્લામાં લાકડા વહેરવાની સો મીલ શરુ કરવાની અરજીઓ**

૨૮૨૧૮ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા લાકડા વહેરવાની સો મીલ શરૂ કરવા અરજીઓ કરવામાં આવી,

(૨) કેટલા અરજદારોને વર્ષવાર તાલુકાવાર સો મીલના પરવાના આપવામાં આવ્યા,

(૩) કેટલા સો મીલ પરવાનેદારો સામે ગેરકાયદે લાકડા વહેરવા બદલ તાલુકાવાર અને વર્ષવાર કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૪) થયેલ કેસો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ કુલ ૪૭ લાકડા વહેરવાની સો મીલ શરૂ કરવા અરજીઓ મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૧–૧–૨૦૧૦ થી ૩૧–૧૨–૨૦૧૦ | ૧–૧–૨૦૧૧ થી ૩૧–૧૨–૨૦૧૧ |
| ૧ | પેટલાદ | ૧૪ | – |
| ૨ | આણંદ | ૧૬ | – |
| ૩ | ઉમરેઠ | ૦૫ | – |
| ૪ | બોરસદ | ૦૫ | – |
| ૫ | આંકલાવ | ૦૨ | – |
| ૬ | સોજીત્રા | ૦૧ | – |
| ૭ | ખંભાત | ૦૨ | – |
| ૮ | તારાપુર | ૦૨ | – |
| | **કુલ** | **૪૭** | |

(૨) ખંડ–૧ માં દર્શાવેલ કોઈ અરજદારોને આ સમયગાળામાં પરવાના આપવામાં આવેલ નથી. પરંતુ ભારતની સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ રચાયેલી સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટીએ મંજૂર કર્યા અનુસાર નીચે મુજબની સીનીયર સો મીલોને પરવાના આપવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૧–૧–૨૦૧૦ થી ૩૧–૧૨–૨૦૧૦ | ૧–૧–૨૦૧૧ થી ૩૧–૧૨–૨૦૧૧ |
|---|---|---|---|
| ૧ | પેટલાદ | – | ૨ |
| ૨ | આણંદ | – | ૩ |
| ૩ | ઉમરેઠ | – | ૧ |
| ૪ | ખંભાત | – | ૨ |
| ૫ | તારાપુર | – | ૧ |
| | **કુલ** | – | ૯ |

(૩) કોઈ નહીં.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જામનગર જિલ્લામાં ગૌચરના દબાણો**

૨૯૪૯૩ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ગૌચરના કેટલા દબાણો થયેલા છે,

(૨) તે પૈકી કેટલાં દબાણોમાં ગ્રામ પંચાયત નિષ્ફળ જતા તેને ખાલી કરાવવા માટે તાલુકા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવી,

(૩) તાલુકા પંચાયત દબાણો દૂર કરવામાં નિષ્ફળ ગયેલ તેને ખાલી કરાવવા માટે જિલ્લા પંચાયત દ્વારા કેટલા કિસ્સામાં કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) તાલુકા અને જિલ્લા પંચાયત દ્વારા હાથ ધરાવતા ગ્રામ પંચાયતોના ઇન્સ્પેકશનનો દરમ્યાન ધ્યાનમાં

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) ઉકત દબાણ અન્વયે તાલુકા પંચાયત દ્વારા ગ્રામ પંચાયતના અધિકાર પરત્વે કાર્યવાહી કરવા જણાવેલ છે.

(૩) પ્રશ્ન નથી.

(૪) બનતી ત્વરાએ.

આવેલ આવા દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**કચ્છ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં શાળાઓમાં શૌચાલયો બનાવવા બાબત**

૨૭૯૩૧ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ માં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માં ૫૫ શાળા શૌચાલયો મંજૂર કરવામાં આવેલ છે. જ્યારે ૨૦૧૧–૨૦૧૨ માં કોઈ શાળા શૌચાલય મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, | (૨) મંજૂર કરવામાં આવેલ તમામ શાળા શૌચાલયોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલા શૌચાલય બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી કામ છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૦૯ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં આ યોજના ન હતી. જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨ માં "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૩૫ ગામોને "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને | (૨) "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૫ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે. |
| (૩) બાકી ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજકોટ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં શાળાઓમાં શૌચાલયો બનાવવા બાબત**

૨૭૯૭૦ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ એક પણ શાળામાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા શૌચાલય બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી કામ છે તે કયારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ જિલ્લામાં આવેલ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો**

૨૬૫૩૫ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના કેટલા | (૧) ૭ (સાત). |

ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી ?

(૨) ૪ (ચાર) કુમાર અને ૩ (ત્રણ) કન્યા.

## ભરૂચ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કેડરવાર ખાલી જગ્યાઓ

૨૮૮૮૮ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કયા કયા કેડરની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ન ભરવા પાછળના કારણો કયા છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ નીચે મુજબ ખાલી જગ્યાઓ છે.

| વર્ગ | | ખાલી જગ્યા | |
|---|---|---|---|
| | જિલ્લા પંચાયત | તાલુકા પંચાયત | કુલ |
| વર્ગ–૧ | ૦૨ | ૦૨ | ૦૪ |
| વર્ગ–૨ | ૦૨ | ૨૫ | ૨૭ |
| વર્ગ–૩ | ૧૧૦ | ૫૫૪ | ૬૬૪ |
| વર્ગ–૪ | ૪૮ | ૮૯ | ૧૩૭ |
| **કુલ** | **૧૬૨** | **૬૭૦** | **૮૩૨** |

(૨) બનતી ત્વરાએ ખાલી જગ્યા ભરવાનું આયોજન છે.

(૩) આ જગ્યાઓ બઢતી, ફીડર–કેડર ઉપલબ્ધ ન થવાને કારણે તેમજ વય નિવૃત્તિ અને બરતરફીના કારણે ખાલી રહેવા પામેલ છે.

## વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

૨૭૯૦૮ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું.

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચેની વિગતે કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યાં.

| વર્ષ | જોબકાર્ડની વિગત |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૧૦૧૬ |
| ૨૦૧૧–૧૨<br>૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ | ૭૪૪૧ |

(૨) તે પૈકી નીચેની વિગતે પુરૂષો અને મહિલાઓને કામ આપવામાં આવ્યું.

| વર્ષ | પુરૂષો | મહિલાઓ |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૯૮૨૯ | ૧૩૨૧૯ |
| ૨૦૧૧–૧૨<br>૩૧–૧૨–૨૦૧૧ | ૧૮૧૫૬ | ૧૧૬૦૮ |

## અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડ વિભાજનની અરજીઓ

૨૮૦૨૨ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવા રેશનકાર્ડ અને

**જવાબ**

(૧) (૨) અને (૩)

રેશનકાર્ડ વિભાજન માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

એચબી-૮૫૦-૧૨ ...રવાની બાકી છે,

(૪) પડતર અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને

(૫) લાંબા સમયથી અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે ?

તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ માટે ફોર્મ નં.-૨માં ૫૦૬૭ અરજીઓ મળેલ છે. તે પૈકી નિકાલ કરેલ અને બાકી અરજીઓની તાલુકાવાર વિગત પત્રક-૧ મુજબ છે. રેશનકાર્ડ વિભાજન માટે કોઇ અરજી મળેલ નથી.

(૪) ચકાસણી બાદ બનતી ત્વરાએ

(૫) ૯૪ પડતર અરજીઓ સમય મર્યાદામાં છે.

**પત્રક-૧**

| તાલુકાનું નામ | રેશનકાર્ડ વિભાજન માટે મળેલ અરજીઓ | નવાકાર્ડ માટે મળેલ અરજીની સંખ્યા | મંજુર કરેલ અરજીઓ | જુના કાર્ડ પુનઃ જીવિત કર્યા તેવી અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ | દફતરે કરેલ અરજીઓ | કુલ નિકાલ કરેલ અરજીઓ | નિકાલ બાકી અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| દેત્રોજ | ૦ | ૨૫૩ | ૧૨૬ | ૦ | ૧૨૦ | ૦ | ૨૪૬ | ૭ |
| દસ્ક્રોઇ | ૦ | ૨૨૫ | ૧૯૫ | ૦ | ૨૪ | ૦ | ૨૧૯ | ૬ |
| ધંધુકા | ૦ | ૧૦૩૮ | ૬૧૬ | ૦ | ૪૨૨ | ૦ | ૧૦૩૮ | ૦ |
| ધોળકા | ૦ | ૬૩ | ૩૪ | ૦ | ૨૯ | ૦ | ૬૩ | ૦ |
| બરવાળા | ૦ | ૫૨૫ | ૩૭ | ૩૩૭ | ૧૨૩ | ૦ | ૪૯૭ | ૨૮ |
| બાવળા | ૦ | ૧૬૦ | ૧૪૧ | ૦ | ૧૮ | ૦ | ૧૫૯ | ૧ |
| માંડલ | ૦ | ૪૩૭ | ૧૬૦ | ૧૬ | ૨૫૧ | ૦ | ૪૨૭ | ૧૦ |
| રાણપુર | ૦ | ૮૬ | ૨૬ | ૨૦ | ૧૧ | ૦ | ૫૭ | ૨૯ |
| વિરમગામ | ૦ | ૫૭૭ | ૪૩૨ | ૦ | ૧૩૬ | ૦ | ૫૬૮ | ૯ |
| સાણંદ | ૦ | ૧૭૦૩ | ૫૩૩ | ૯૧૧ | ૨૩૮ | ૧૭ | ૧૬૯૯ | ૪ |
| **કુલ** | **૦** | **૫૦૬૭** | **૨૩૦૦** | **૧૨૮૪** | **૧૩૭૨** | **૧૭** | **૪૯૭૩** | **૯૪** |

## રાજકોટ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૨૭૯૫૩ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર કરવામાં આવી, અને સમરસ પૈકી કેટલી મહિલા સમરસ થઇ,

(૩) સમરસ ગ્રામ પંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું,

(૪) કેટલું ચૂકવવાનું બાકી છે, અને

(૫) તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૭૮૧.

(૨) કુલ ૨૭૫ સમરસ.
તે પૈકી ૪૫ મહિલા સમરસ.

(૩) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

(૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

(૫) બનતી ત્વરાએ.

## રાજકોટ જિલ્લામાં વોટર શેડ પ્રોજેકટ મંજૂર કરવા

૨૭૯૫૫ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા વોટરશેડના પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં ૬ પ્રોજેકટ અને વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૪ પ્રોજેકટ એમ કુલ ૧૦ પ્રોજેકટ

મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૨) તે પૈકી પ્રાથમિક તબક્કાના ૧૨૩ કામો હાથ ધરવામાં આવેલ છે.

(૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને

(૩) ૨૩ કામો શરૂ કરવાના બાકી છે.

(૪) બાકી કામો કયાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ?

(૪) બાકી પ્રાથમિક તબક્કાના કામો તા.૩૧-૩-૨૦૧૨ સુધીમાં પુર્ણ કરવામાં આવશે.

**જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૭૨ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩)બાકી ગામોને રકમ કયાં સુધી ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નકકી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન જૂનાગઢ જિલ્લાનાં ૧૩૭ ગામોને "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૭ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૭૩ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી ગામોને રકમ કયાં સુધી ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નકકી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન જૂનાગઢ જિલ્લાનાં ૧૩૭ ગામોને "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૭ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પેસા કાયદા મુજબ આદિવાસીઓને વનોની ગૌણ પેદાશોના નફાની રકમ પંચાયત વિભાગમાં જમા કરવા બાબત**

૨૬૯૨૪ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પેસા કાયદા મુજબ આદિવાસી પંચાયતોને ગૌણ વન પેદાશોના અધિકાર મુજબ આદિવાસી વિસ્તારમાં આવેલ વનોની ગૌણ વન પેદાશોના નફાના ભાગની કુલ કેટલી રકમ રાજ્યના પંચાયત વિભાગમાં જમા છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ છે, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નિગમ દ્ધારા ગૌણ વનપેદાશ કેન્દ્રીય કચેરીને ` ૪૭૨.૯૮ લાખની ચૂકવણી વર્ષવાર નીચે દર્શાવ્યા મુજબ કરેલ છે.

| **ક્રમ** | **સીઝન વર્ષ** | **ચૂકવેલ વર્ષ** | **ચૂકવેલ રકમ ` લાખમાં** |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૩–૦૭ | ૨૦૦૮–૦૯ | ૧૧૦.૮૮ |
| ૨. | ૨૦૦૮ | ૨૦૦૯–૧૦ | ૪૬.૦૬ |
| ૩. | ૨૦૦૯ | ૨૦૧૦–૧૧ | ૩૧૬.૦૪ |
| | | **કુલ :** | **૪૭૨.૯૮** |

(૨) છેલ્લે આ નાણા જે તે ગામ પંચાયતમાં કયારે આપવામાં આવ્યા ?

(૨) ગ્રામ પંચાયતોને છેલ્લે ૨૦૦૩માં નફાની ફાળવણી કરવામાં આવેલ છે.

## પાટણ જિલ્લામાં વોટર શેડ પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત

૨૭૯૦૫ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં વોટર શેડ યોજના અંતર્ગત કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા,

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વોટર શેડ યોજના અંતર્ગત ૧૭ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા.

(૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી છે, અને

(૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી ` ૯૬૯.૫૪ લાખ રકમ મળી છે.

(૩) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) તેની સામે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૩૫૧.૭૯ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

## મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૨૭૯૨૬ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં ડિસેમ્બર–૧૧માં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી થઈ,

(૧) ૧૫૨.

(૨)તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨) કુલ : ૭૨.

(૩) કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઈ,

(૩) ૧૩ મહિલા સમરસ.

(૪) આ સમરસ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

(૫) જો હા, તો કેટલી ગ્રામ પંચાયતોને રકમ ચૂકવવામાં આવી ?

(૫) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

## જામનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત

૨૭૯૬૮ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

| | |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન જામનગર જીલ્લાના ૯૮ ગામોને "સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ ગામો પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને | (૨) "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૯૮ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે. |
| (૩) બાકી ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## પોરબંદર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત

૨૭૯૬૭ **શ્રી કરશનભાઈ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, ૨૦૧૧-૧૨ દરમ્યાન પોરબંદર જીલ્લાના ૩૯ ગામોને "સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ ગામો પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને | (૨) "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૩૯ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે. |
| (૩) બાકી ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## પાટણ જિલ્લામાં વોટર શેડ પ્રોજેક્ટને મંજૂરી

૨૭૯૦૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વોટર શેડ યોજના અંતર્ગત કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, | (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વોટર શેડ યોજના અંતર્ગત ૧૭ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી છે, અને | (૨) આ યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર તરફથી ` ૯૬૯.૫૪ લાખ રકમ મળી છે. |
| (૩) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) તેની સામે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ` ૩૫૧.૭૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## તહેવારોમાં ગરીબ કુટુંબોને આપવા માટે પોમોલીન તેલનો બફર સ્ટોક

૨૮૧૮૦ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨ માટે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક તરીકે રાખેલ હતો, | (૧) ૧૧,૯૬૮ મે. ટન. |
| (૨) તે માટે કેટલી સબસીડી ભોગવી હતી, અને | (૨) ` ૨૧.૧૩ કરોડની. |
| (૩) કોઈ જથ્થો બચત રહેવા પામેલ છે કે કેમ ? | (૩) ૧૨૦ મે. ટન પરંતુ આ જથ્થો જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૨માં વિતરણ થઈ ગયેલ છે. |

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**તાપી જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં એસ. ટી. બસો ભાડે લેવા બાબત**

૨૭૩૧૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા માટે છેલ્લા એક વર્ષમાં એસ. ટી.ની કેટલી બસો ભાડે લેવામાં આવી હતી,

(૨) તે અન્વયે એસ. ટી. બસના એક દિવસના ભાડા પેટે કુલ કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી, અને

(૩) આ ખર્ચ બજેટના કયા હેડે ઉધારવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | તારીખ | એસ.ટી, બસની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ઉચ્છલ | ૩/૧૧/૨૦૧૧ | ૫૦ |
| ૨ | સોનગઢ | ૪/૧૧/૨૦૧૧ | ૫૦ |
| ૩ | વાલોડ | ૫/૧૧/૨૦૧૧ | ૪૦ |
| ૪ | નિઝર | ૧૨/૧૧/૨૦૧૧ | ૫૦ |
| ૫ | વ્યારા | ૧૯/૧૧/૨૦૧૧ | ૫૦ |
| | | કુલ : | ૨૪૦ |

(૨) ચૂકવણી કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ–કનેકટીવીટીનું જોડાણ**

૨૮૫૦૭ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ–કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) બાકી ગ્રામ પંચાયતોને કયાં સુધીમાં બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડવામાં આવશે?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તમામ ૨૮૬ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ–કનેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) હાલ કોઈ ગ્રામ પંચાયત બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજુલા તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા**

૨૭૯૧૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકામાં નિયમિત તાલુકા વિકાસ અધકારીની જગ્યા લાંબા સમયથી ખાલી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે જગા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા પર નિયમિત તાલુકા વિકાસ અધિકારીની નિમણૂક ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૮–૭–૨૦૦૮ થી ખાલી છે.

(૩) વહીવટી અનુકુળતા મુજબ.

**જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૭૧ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન જૂનાગઢ જીલ્લાના ૧૩૭ ગામોને "સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૭ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૩) બાકી ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આણંદ જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ડ્રાય હોસ્ટેલ**

૨૯૨૧૮ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ડ્રાય હોસ્ટેલ ચાલે છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે પૈકી કન્યા અને કુમારના કેટલા, | (૨) કન્યા–એકપણ નહીં.<br>કુમાર–૩ (ત્રણ). |
| (૩) તેમાં રહી અભ્યાસ કરતા કન્યા અને કુમારની સંખ્યા કેટલી, અને | (૩) ૧૦૦ કુમાર. |
| (૪) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) ` ૫૯,૩૭,૬૨૧⁄– |

**સુરેન્દ્રનગર જિલ્લામાં વોટર શેડ પ્રોજેકટને મંજૂરી**

૨૭૯૫૮ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા વોટરશેડના પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માં ૬ પ્રોજેકટ અને વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માં ૩ પ્રોજેકટ એમ કુલ ૯ વોટરશેડના પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, | (૨) તે પૈકી પ્રાથમિક તબક્કાના ૨૦ કામો હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને | (૩) ૬૦ કામો શરૂ કરવાના બાકી છે. |
| (૪) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) બાકી પ્રાથમિક તબક્કાના કામો ૩૦–૬–૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. |

**ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૭૭ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં આ યોજના ન હતી. જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨ માં "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ભાવનગર જિલ્લાનાં ૧૩૧ ગામોને "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને | (૨) "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૧ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે. |
| (૩) બાકી ગામોને રકમ ક્યા સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા શહેરમાં કાનૂની માપ અને વિજ્ઞાન તંત્ર દ્વારા ઈલેકટ્રીક કાંટા અને લોખંડના બાટની તપાસ**

૨૮૧૯૩ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) વડોદરા શહેરમાં કાનૂની માપ અને વિજ્ઞાન તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તોલમાપ ઈલેકટ્રોનિક વજન કાંટા અને લોખંડના વજનના બાટની કેટલી તપાસો કરવામાં આવેલ છે, અને

(૧) વડોદરા શહેરમાં કાનૂની માપ અને વિજ્ઞાન તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તોલમાપ ઈલેકટ્રોનિક વજન કાંટા અને લોખંડના વજનના બાટની સન ૨૦૧૦ માં ૭૭૬૩ અને સન ૨૦૧૧ માં ૧૦૮૩૫ તપાસો કરવામાં આવી.

(૨) કસુરદારો પાસેથી કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો ?

(૨) વર્ષ ૨૦૧૦ માં ` ૧,૩૯,૬૫૦/- અને વર્ષ ૨૦૧૧ માં ` ૧,૨૬,૮૦૦/- દંડ વસૂલ કરવામાં આવ્યો.

## લુપ્ત થતા પક્ષીઓની ગણતરી અને રક્ષણ

૨૭૮૬૨ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં લુપ્ત થતા પક્ષીઓ જેવા કે ગીધ, ઘુવડ, અને અન્ય પક્ષીઓની સંખ્યાની ગણતરી કરવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તેની સંખ્યા છેલ્લી ગણતરી મુજબ કેટલી છે, અને

(૩) લુપ્ત થતા પક્ષીઓના રક્ષણ માટે સરકારે શું વિચારણા કરી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં લુપ્ત થતા પક્ષીઓ જેવા કે ગીધ, સારસ, ઘોરાડ જેવા પક્ષીઓની સંખ્યાની ગણતરી કરવામાં આવે છે. ઘુવડ પક્ષીની ગણતરી કરવામાં આવતી નથી.

(૨) છેલ્લી ગણતરી મુજબ પક્ષીઓની સંખ્યા નીચે મુજબ છે.

| પક્ષી | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| ગીધ | ૨૦૧૦ | ૧૦૬૫ |
| સારસ | ૨૦૧૦ | ૧૫૯૯ |
| ઘોરાડ | ૨૦૦૭ | ૪૮ |

(૩) લુપ્ત થતા પક્ષીઓના રક્ષણ માટે સરકાર તરફથી નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

૧. કચ્છમાં ઘોરાડ અભયારણ્ય જાહેર કરવામાં આવેલ છે.
૨. ગીધના પ્રજનન માટે સક્કર બાગ ઝુ, જૂનાગઢ ખાતે બ્રીડીંગ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.
૩. સારસના માળાને કોઈ નુકસાન ન કરે તે માટે, જે ખેતરમાં માળા હોય તે ખેડૂતને સાચવણી માટે ઉચ્ચક સહાય ચૂકવવામાં આવે છે.
૪. ભારત સરકારના ડ્રગ કન્ટ્રોલ જનરલે તા.૧૧-૫-૨૦૦૬ ના રોજ તમામ રાજ્યોને ડાયકલોફેનેક પશુ ચિકિત્સા માટે બંધ કરવા સૂચન કર્યુ.
૫. ડાયરેકટર, એનિમલ હસબન્ડરીએ પશુ ચિકિત્સકોને ડાયકલોફેનેકનો ઉપયોગ નહીં કરવા સૂચના આપતો પરિપત્ર બહાર પાડ્યો.
૬. વન વિભાગ દ્વારા ખાસ કરીને દરીયાકાંઠે જ્યાં નાળીયેરીના વૃક્ષો ઉપર ગીધ માળા બનાવે છે ત્યાં વૃક્ષ ધરાવનાર વ્યકિતને નાણાકીય સહાય ચૂકવવાની શરૂઆત કરી.
૭. ગીધ, સારસ તથા અન્ય અગત્યના પક્ષીઓના સંરક્ષણ માટેના લોક જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.

## નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ

૨૮૨૧૩ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનામાં ક્યા ક્યા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે,

(૨) દુધાળા પશુ ખરીદી, સંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય માવજત, કેટલશેડ, ઘાસચારા, દૂધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સૂડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે.

(૩) છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ૨૨૬૫.

(૪) લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે ?

(૪) હા, જી.

## વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ વેતનવાળા સભ્યો

૨૭૯૮૯ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય નાગરિક પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ વેતનવાળા સભ્યોની મંજૂર થયેલ સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી કેટલા સભ્યોની નિમણૂંક થયેલ છે, અને

(૩) બાકી નિમણૂંક ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| વડોદરા (મુખ્ય) | વડોદરા (એડીશનલ) |
|---|---|
| ૨(બે) | ૨(બે) |

(૨) ૨(બે) ૧(એક).

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૨૧-૨-૨૦૧૨ના જાહેરનામાથી બાકી રહેતી એક જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવાની અરજીઓ

૨૭૯૯૬ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય નાગરિક પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાજબી ભાવની અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૨ વાજબી ભાવની અનાજની દુકાન ખોલવા માટે ૯૩ અરજીઓ આવેલ છે.

(૨) તે અન્વયે કેટલા અરજદારોને વાજબી ભાવની અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ૫ વાજબી ભાવની દુકાનો મંજૂર કરી ૭ અરજીઓનો નિકાલ કર્યો, જે પૈકી ૨ અરજદારોને વાજબી ભાવની અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, ૩ દુકાનોના સંચાલકો પરવાનો લેવા આવેલ નથી, જ્યારે ૭ દુકાનોની ૧૫ અરજીઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ન હોઈ દફતરે કરેલ છે.

(૩) બાકી રહેલ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) બાકી ૩૦ દુકાનો માટેની ૭૧ અરજીઓનો નિકાલ નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

## સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ વેતનવાળા સભ્યો

૨૭૯૮૮ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય નાગરિક પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ વેતનવાળા સભ્યોની મંજૂર થયેલ સંખ્યા કેટલી છે,

(૧) **મંજૂર થયેલ જગ્યા**

| | |
|---|---|
| સુરત (મુખ્ય) | ૦૨ |
| સુરત (એડીશનલ) | ૦૨ |
| કુલ | ૦૪ |

(૨) તે પૈકી કેટલા સભ્યોની નિમણૂંક થયેલ છે, અને

(૨) કચેરીનું નામ — નિમણૂંક થયેલ જગ્યા

| | |
|---|---|
| સુરત (મુખ્ય) ફોરમ | ૦૨ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૦૧ |
| કુલ | ૦૩ |

(૩) બાકી નિમણૂંક ક્યારે કરવામાં આવશે ?

(૩) તા.૨૧-૨-૨૦૧૨ના જાહેરનામાંથી સુરત (એડી.) ફોરમની જગ્યા ઉપર એક સભ્યની નિમણૂંક કરવામાં આવેલ છે. તેથી હાલમાં કોઈ જગ્યા ખાલી નથી.

## મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ

૨૯૪૬૧ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અન્વયે વીજળી બીલ ભરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેલી ગ્રામ પંચાયતોમાં આ વ્યવસ્થા ક્યારે ગોઠવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૮૯.

(૨) ગ્રામ પંચાયત વિભાજનથી અસ્તિત્વમાં આવેલ નવીન ગ્રામ પંચાયતો કુલ-૧૧ ને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટી આપવાની કાર્યવાહી પૂર્ણ થયેથી.

## વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યાઓ

૨૯૮૪૧ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી હેઠળ કેટલા તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ છેલ્લા ત્રણ વર્ષથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જગ્યાઓ ભરવા સરકારે શા પગલા લીધા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી કોઈ જગ્યા ખાલી ન હતી.

(૨) પ્રશ્ન ખંડ-૧ માં ઉલ્લેખિત જગ્યાઓ મે-જુન, ૨૦૧૧ થી ખાલી પડેલ છે. આ જગ્યાઓ ભરવા માટે જરૂરી વહીવટી પ્રક્રિયા હાથ ધરાયેલ છે.

## કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને મળતો કેરોસીનના જથ્થામાં કાપ

૨૮૫૩૩ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજયને મળતા કેરોસીનના

**જવાબ**

(૧) કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજયને મળતા કેરોસીનના

જથ્થામાં કેટલો કાપ મુકયો, અને

(૨) તે અનુસંધાને રાજય દ્બારા કેન્દ્ર સરકારને કોઈ રજૂઆત કરવામાં આવી છે કે કેમ ?

જથ્થામાં માહે જુન–૧૧ થી માસિક ૨૪,૬૯૦ કિ.લી. નો કેરોસીનના જથ્થામાં કાપ મૂકેલ છે.

(૨) હા, જી. રાજય સરકારે કેન્દ્ર સરકારને તા. ૧–૬–૨૦૧૧, તા. ૨૦–૬–૨૦૧૧, તા. ૧૫–૯–૨૦૧૧, તથા તા. ૧૪–૨–૨૦૧૨ ના પત્રોથી દરખાસ્ત કરેલ છે.

## અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો

૨૯૪૬૯ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની કેટલી દરખાસ્તો આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | મળેલ દરખાસ્ત |
|---|---|---|
| તા. ૧–૪–૧૧ થી | દેત્રોજ | ૧ (એક) |
| તા. ૩૧–૧૨–૧૧ | સાણંદ | ૪ (ચાર) |
| | બાવળા | ૧ (એક) |
| | વિરમગામ | ૧ (એક) |
| | દસક્રોઈ | ૧ (એક) |
| | કુલ | ૮(આઠ) |

(૨) ૧ (એક).

(૩) દરખાસ્તો મળ્યેથી ગુણદોષોને આધારે વિચારણા કરવામાં આવશે.

## જામગનર જિલ્લામાં ઈન્દીરા આવાસને મંજૂરી

૨૮૧૮૭ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામગનર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ઈન્દીરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા અને બાકી આવાસો ક્યાં સુધી પુર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૩૬૬ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૨૫ ઈન્દીરા આવાસ મંજૂર કરવામાં આવ્યા.

(૨) જે પૈકી વર્ષ ૨૦૧૦–૧૧માં ૨૦૦ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૫૦ ઈન્દીરા આવાસ પૂર્ણ કરવામાં આવ્યા. ઈન્દીરા આવાસ યોજનાની ગાઈડ લાઈન મુજબ ઈન્દીરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે આવાસોનું બાંધકામ કરવાનું હોય છે. લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

## કેન્દ્ર સરકાર દ્બારા રાજયને મળતો કેરોસીનના જથ્થામાં કાપ

૨૯૪૭૩ **શ્રી વલ્લભભાઈ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજયને મળતા કેરોસીનના જથ્થામાં કેટલો કાપ મુક્યો, અને

(૨) તે અનુસંધાને રાજય દ્બારા કેન્દ્ર સરકારને કોઈ રજૂઆત કરવામાં આવી છે કે કેમ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજયને મળતા કેરોસીનના જથ્થામાં માહે જુન–૧૧ થી માસિક ૨૪,૬૯૦ કિ.લી. નો કેરોસીનના જથ્થામાં કાપ મૂકેલ છે.

(૨) હા, જી. રાજય સરકારે કેન્દ્ર સરકારને તા. ૧–૬–૨૦૧૧, તા. ૨૦–૬–૨૦૧૧, તા. ૧૫–૯–૨૦૧૧, તથા તા. ૧૪–૨–૨૦૧૨ ના પત્રોથી દરખાસ્ત કરેલ છે.

## આદિજાતિ સલાહકાર સમિતિની બેઠકો

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

૨૭૮૧૯ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૫–૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આદિજાતિ સલાહકાર સમિતિની બેઠકો કેટલી વખત બોલાવવામાં આવી, અને | (૧) બે વખત. |
| (૨) આ બેઠકમાં કયા નિર્ણયો કરવામાં આવ્યા ? | (૨) વન અધિકારી ધારો, ૨૦૦૬ ના અમલીકરણમાં નામંજૂર કરવામાં આવેલ અરજીઓની સમીક્ષા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. |

**આણંદ જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ડ્રાચ હોસ્ટેલ**

૨૯૨૧૭ **શ્રીમતી જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કેટલા ડ્રાચ હોસ્ટેલ ચાલે છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે પૈકી કન્યા અને કુમારના કેટલા, | (૨) કન્યા – એકપણ નહિ.<br>કુમાર–૩ (ત્રણ) |
| (૩) તેમાં રહી અભ્યાસ કરતા કન્યા અને કુમારની સંખ્યા કેટલી, અને | (૩) ૧૦૦ કુમાર. |
| (૪) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) ` ૫૯,૩૭,૬૨૧/–. |

**ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૭૬ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામો, સ્વસ્થ ગામો તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં આ યોજના ન હતી. જ્યારે વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં ‘‘સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ’’ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન ભાવનગર જિલ્લાનાં ૧૩૧ ગામોને ‘‘સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ’’ તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ ગામો પૈકી કેટલા ગામોને પૂરસ્કારની રકમ આપવામાં આવી, અને | (૨) ‘‘સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ’’ તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૧ ગામોને પુરસ્કાર ની રકમ આપવામાં આવેલ છે. |
| (૩) બાકી ગામોને રકમ કયા સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો**

૨૮૪૯૪ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની કેટલી દરખાસ્તો આવી,

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | મળેલ દરખાસ્ત |
|---|---|---|
| તા. ૧–૪–૧૧ થી<br>તા. ૩૧–૧૨–૧૧ | દેત્રોજ | ૧ (એક) |
| | સાણંદ | ૪ (ચાર) |
| | બાવળા | ૧ (એક) |
| | વિરમગામ | ૧ (એક) |
| | દસક્રોઈ | ૧ (એક) |
| | કુલ | ૮(આઠ) |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન

(૨) ૧ (એક).

કરવામાં આવ્યું, અને

(૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

(૩) દરખાસ્તો મળ્યેથી ગુણદોષોને આધારે વિચારણા કરવામાં આવશે.

### ભરૂચ જિલ્લામાં પંચવટી યોજના

૨૭૯૩૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી પંચવટી બનાવવામાં આવી,

(૩) કેટલી પંચવટી બનાવવાની બાકી છે, અને

(૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજુર કરેલ પંચવટી |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૮ |
| ૨૦૧૧–૧૨ તા. ૩૧–૧૨–૧૧ સુધીમા) | ૩ |
| **કુલ** | **૨૧** |

(૨) ૧૫ (પંદર).

(૩) ૬ (છ).

(૪) બનતી ત્વરાએ.

### બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

૨૭૯૯૨ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કામ આપવામાં આવ્યું.

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત નીચેની વિગતે જોબકાર્ડ આપવામાં આવ્યાં.

| વર્ષ | જોબકાર્ડની વિગત |
|---|---|
| ૧–૪–૧૦ થી ૩૧–૩–૧૧ | ૩૫૦૪૨ |
| ૧–૪–૧૧ થી ૩૧–૧૨–૨૦૧૧ | ૨૭૫૯૯ |

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પુરૂષો અને મહિલાઓને કામ આપવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | પુરૂષો | મહિલાઓ |
|---|---|---|
| ૧–૪–૧૦ થી ૩૧–૩–૧૧ | ૧૧૬૧૨ | ૧૫૫૦૦ |
| ૧–૪–૧૧ થી ૩૧–૧૨–૧૧ | ૯૬૮૭ | ૧૩૪૦૨ |

### રાજકોટ જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ

૨૮૫૩૯ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–૧) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડોરોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૧–૪–૨૦૧૦ પહેલા જિલ્લાની ૯૧૩ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડોરોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવી છે, વર્ષ ૨૦૧૦–૧૧માં ૩ દુકાનો મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવી, આમ તમામ દુકાન મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર થયેલ છે, તેથી વર્ષ ૨૦૧૧–૧૨માં કોઈ મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવાની રહેતી નથી.

(૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૨) એકપણ દુકાન મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી નથી.

(૩) તે ક્યા સુધીમાં જાહેર કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૮૦૦૭ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે,

(૨) દુધાળા પશુ ખરીદી કેટલ શેડ પશુ ચિકિત્સા તથા રસીકરણ, કૃમિનાશક દવાઓ, દાણ, ઘાસચારા કિટ, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દુધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે.

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ૩૩૭૫.

(૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે કે કેમ ?

(૪) હા, જી.

**આણંદ જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંકવાળા બી.પી.એલ. લાભાર્થીઓને મફત પ્લોટ**

૨૮૪૯૭ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ગરીબી રેખા નીચે જીવતા (બી.પી.એલ.) ૦ થી ૧૬ ગુણાંકવાળા કેટલા લાભાર્થીઓને આવાસ બાંધવા મફત પ્લોટ ફાળવવામાં આવ્યા,

(૧)

| વર્ષ | ફાળવેલ પ્લોટની સંખ્યા (૦ થી ૧૬ ગુણાંકવાળા) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૮૦૩ |
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ) | ૧૨૩ |
| **કુલ** | **૯૨૬** |

(૨) હવે કેટલા કુટુંબોને પ્લોટ આપવાના બાકી છે, અને

(૨) ૨૨૪.

(૩) ક્યાં સુધીમાં સરકાર આ પ્લોટ આપશે?

(૩) જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ યોજનામાં વીજળી બીલ બાબત**

૨૮૫૦૪ **શ્રી ઋષિકેશભાઈ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ હેઠળ કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ કલેકશન કરવામાં આવેલ છે, અને

(૧) ૫૮૯.

(૨) બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં ક્યાં સુધીમાં આ સુવિધા આપવામાં આવશે ?

(૨) ગ્રામ પંચાયત વિભાજનથી અસ્તિત્વમાં આવેલ નવીન ગ્રામ પંચાયતો કુલ–૧૧ને બ્રોડબેન્ડ ઈ–કનેકટીવીટી આપવાની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો ઉપરથી ખાદ્યતેલ, આટો અને ચોખા ન મળવા બાબતની ફરિયાદો**

૨૯૧૭૧ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની અનાજની દુકાનો ઉપરથી ગરીબ પરિવારોને ખાદ્યતેલ અને ફોર્ટીફાઈડ આટો-ચોખા ન મળવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૧) ૨૮ ફરિયાદો.

(૨)મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા?

(૨) (અ) ૧૯ ફરિયાદો અન્વયે ૧૦ કિસ્સાઓમાં નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(૧) ` ૧૦,૬૫૬/-ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે લઈ તે તમામ જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૨) ` ૭,૬૫૦/-ની કિંમતની પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી છે.

(૩) એક પરવાનો મોકુફ રાખવામાં આવ્યો છે.

(બ) ૯ ફરિયાદોની તપાસમાં કોઈ તથ્ય નહી જણાતાં દફતરે કરવામાં આવેલ છે.

(ક) બાકીની ૯ ફરિયાદો અન્વયે કાર્યવાહી ચાલુમાં છે.

## કચ્છ, જામનગર અને સુરત જિલ્લામાં કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગની મંજૂરી વગર ઔદ્યોગિક ગૃહ દ્વારા થયેલ બાંધકામ

૨૮૦૫૭ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય વન અને પાર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કચ્છ, જામનગર અને સુરત જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રના વન અને પર્યાવરણ ખાતાની મંજૂરી વગર કોઇ ઔદ્યોગિક ગૃહો દ્વારા ગેરકાયદેસર બાંધકામ થયેલ છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો ક્યા ક્યા ઔદ્યોગિક ગૃહ દ્વારા કેટલા વિસ્તારમાં ગેરકાયેદસર બાંધકામ થયેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આવા ઔદ્યોગિક ગૃહો સામે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ કેવા પ્રકારના પગલાંઓ લીધા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સમરસ ગ્રામ પંચાયતોની અનુદાનની રકમમાં વધારો કરવા બાબત

૨૭૯૫૦ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગ્રામ પંચાયતોની સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો છે, અને

(૨) સામાન્ય સમરસ અને મહિલા સમરસ ગ્રામ પંચાયતો માટે અનુદાનની રકમમાં વધારો કરવામાં આવેલ છે.

| ક્રમ | વસ્તી | ૨૦૦૮ના ઠરાવ મુજબ | ૨૦૧૧ના ઠરાવ મુજબ | વધારો ` લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી સામાન્ય સમરસ ગ્રામ પંચાયત | ` ૧.૦૦ લાખ | ` ૨.૦૦ લાખ | ` ૧.૦૦ લાખ |
| ૨ | ૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી મહિલા સમરસ ગ્રામ પંચાયત | ` ૨.૦૦ લાખ | ` ૩.૦૦ લાખ | ` ૧.૦૦ લાખ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી સામાન્ય સમરસ ગ્રામ પંચાયત | ` ૧.૫૦ લાખ | ` ૩.૦૦ લાખ | ` ૧.૫૦ લાખ |
| ૪ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી મહિલા સમરસ ગ્રામ પંચાયત | ` ૩.૦૦ લાખ | ` ૫.૦૦ લાખ | ` ૨.૦૦ લાખ |

(૩) તેનો અમલ ક્યારથી કરવામાં આવનાર છે ?

(૩) તા.૨૯-૧૧-૨૦૧૧ પછીથી થયેલ ચૂંટણીઓથી.

**ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૭૫ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા ગામોને ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ ગામો પૈકી કેટલા ગામોને પૂરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી ગામોને રકમ ક્યા સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨ માં ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ભાવનગર જિલ્લાનાં ૧૩૧ ગામોને ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૧ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો**

૨૮૪૯૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની કેટલી દરખાસ્તો આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૩) બાકી અરજીઓ હોય તો તેવી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | મળેલ દરખાસ્ત |
|---|---|---|
| તા.૧-૪-૧૧ થી | દેત્રોજ | ૧ (એક) |
| તા.૩૧-૧૨-૧૧ | સાણંદ | ૪ (ચાર) |
| | બાવળા | ૧(એક) |
| | વિરમગામ | ૧ (એક) |
| | દસક્રોઇ | ૧ (એક) |
| | **કુલ** | **૮ (આઠ)** |

(૨) ૧ (એક).

(૩) દરખાસ્તો મળ્યેથી ગુણદોષોને આધારે વિચારણા કરવામાં આવશે.

**અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી માટે અરજીઓ**

૨૯૪૭૭ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની

**જવાબ**

(૧) સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી

સ્થિતિએ બળતણના બચાવમાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,

પાડવા માટેની ખાસ યોજના વન વિભાગમાં અમલમાં નથી. પરંતુ સામુહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતોને વિના મૂલ્યે સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. અમદાવાદ જિલ્લામાં પણ આ યોજના અમલમાં છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૩૪ અરજીઓ મંજૂર કરેલ છે.

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કુલ ` ૮.૯૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેકશન**

૨૭૯૯૦ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભર્થીઓને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવ્યા,

(૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવશે, અને

(૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ૨૧૦ લાભર્થીઓને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવ્યા,

(૨) ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષ માટે નિયત કરેલ લક્ષ્યાંક મુજબના પૂરેપૂરા ગેસ કનેક્શનો આપવામાં આવેલ હોઈ પ્રશ્ન રહેતો નથી.

(૩) લાભાર્થી દીઠ ` ૨૨૦૦/- લેખે ` ૪,૬૨,૦૦૦/-સબસીડી આપવામાં આવી.

**જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૬૬ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી ગામોને રકમ ક્યાં સુધી ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન જૂનાગઢ જિલ્લાનાં ૧૩૭ ગામોને "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) "સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ" " તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૭ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં ખેડૂતોને કાંટાની વાડની રાહત**

૨૯૪૯૧ **ડૉ. કનુભાઇ વા. કલસરીયા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાકને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાકને રોઝ

રોઝ દ્વારા થતા નુકશાન અટકાવવા કાંટાળા તારની વાડ કરવાની યોજનામાં કેટલા ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી,

દ્વારા થતા નુકશાન અટકાવવા કાંટાળા તારની વાડ કરવાની યોજના હેઠળ નીચે મુજબ ખેડૂતોને સહાય આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાય (` લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | તળાજા | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | ૩ | ૩.૯૮ |
| ૨ | ગઢડા | -- " -- | ૨૬ | ૧.૯૯ |
| ૩ | તળાજા | ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ | ૨ | ૨.૪૫ |
| ૪ | શિહોર | -- " -- | ૪ | ૨.૧૩ |
| | **કુલ** | | **૩૫** | **૧૦.૫૫** |

(૨) કેટલા ખેડૂતોની અરજીઓ ઉક્ત સ્થિતિએ ક્યારથી પડતર છે, અને

(૨) ભાવનગર જિલ્લામાં ઉક્ત સ્થિતિએ સને ૨૦૦૫-૦૬ થી તા.૩૧-૧૨-૨૦૧૧ સુધી ૩૮૨ અરજીઓ પડતર છે.

(૩) આ પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

(૩) આ પડતર અરજીઓને ઉપલબ્ધ બજેટ અને અગ્રતાક્રમમાં તબક્કાવાર નિકાલ કરવામાં આવે છે.

### રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ચાલતી બેંચો

૨૮૫૩૬ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય કક્ષાએ કેટલી બેંચો ચાલે છે,

(૨) તેમાં પ્રમુખ અને સભ્યોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) તે ક્યા સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) એક મેઇન બેંચ તથા બે વધારાની બેંચ એમ કુલ ત્રણ (૩) બેંચો ચાલે છે.

(૨) મેઇન બેંચમાં એક પ્રમુખ તથા બે સભ્યોની અને વધારાની બે બેંચમાં કુલ બે જ્યુડીશયલ સભ્યો તથા બે સભ્યોની જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૩) કોઇ જગ્યા ખાલી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### જૂનાગઢ જિલ્લામાં વોટર શેડ યોજનામાં મંજૂર કામો

૨૮૪૮૬ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૨૦૧૨ માં વોટર શેડ યોજનામાં કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

**એચબી-૮૫૦-૧૭** તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા કામા પૂણ કરવામાં આવ્યા,

(૩) કેટલા કામો પૂર્ણ કરવાના બાકી છે, અને

(૪) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ૨૦૬ અને ૨૦૧૧-૨૦૧૨ માં ૪૯ કામો, એમ કુલ ૨૫૫ વોટર શેડ યોજનાના કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૧૬૫ કામો પૂર્ણ થયા.

(૩) ૯૦ કામો પૂર્ણ કરવાના બાકી છે.

(૪) પ્રાથમિક તબક્કાનાં બાકી કામો તા.૩૧-૩-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

### કપડવંજ અને કઠલાલ તાલુકામાં રાજીવ ગાંધી ભવન મંજૂર કરવા બાબત

૨૮૦૫૫ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કપડવંજ અને કઠલાલ તાલુકામાં રાજીવ ગાંધી પંચાયત ભવન તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ

**જવાબ**

(૧) કપડવંજ અને કઠલાલ તાલુકામાં રાજીવ ગાંધી પંચાયત ભવન તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ

વર્ષમાં કેટલા મંજૂર કરવામાં આવ્યા,

વર્ષમાં નીચેની વિગતે મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|
| કપડવંજ | ૧૪ |
| કઠલાલ | ૭ |
| કુલઃ | ૨૧ |

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને,

(૨) તે અન્વયે કોઈ કામો પૂર્ણ થયા નથી.

(૩) કેટલા કામ પ્રગતિમાં છે ?

(૩) કપડવંજ તાલુકામાં ૧૪ કામો પ્રગતિમાં છે.
કઠલાલ તાલુકામાં ૩ કામો પ્રગતિમાં છે.

**વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૭૯૭૯ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે,

(૨) દૂધાળા પશુ ખરીદી, શંકર વાછરડી ઉછેર, પશુ સારવાર, રસીકરણ, કૃમિનાશક ડોઝ, ઘાસચારા કીટ, દૂધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સૂડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ૩૩૭૪.

(૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઇ વધારો જોવા મળેલ છે કે કેમ ?

(૪) હા, જી.

**સાબરકાંઠા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૭૯૨૦ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૧માં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ,

(૧) ૪૯૫.

(૨) તે પૈકી કેટલી સમરસ જાહેર કરવામાં આવી,

(૨) ૪૯ સામાન્ય સમરસ.
૫ મહિલા સમરસ.
**કુલઃ ૫૪**

(૩) સમરસ ગ્રામ પંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું,

(૩) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

(૪) કેટલું ચૂકવવાનું બાકી છે, અને

(૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

(૫) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૫) બનતી ત્વરાએ.

**જૂનાગઢ જિલ્લાની તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૮૦૮૬ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| ખાલી જગ્યા | |
|---|---|
| વર્ગ | તાલુકા પંચાયત |
| વર્ગ-૧ | ૦ |
| વર્ગ-૨ | ૨ |
| વર્ગ-૩ | ૩૬૦ |
| વર્ગ-૪ | ૧૫ |
| **કુલઃ** | **૩૭૭** |

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

## કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના

૨૯૨૧૬ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમની કામગીરી હેઠળ ધોળાવીરા કાળોડુંગર, છારીઢંઢ, ધિણોધર તથા ગોધિયાર સ્થળો પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ માં ` ૫૮.૮૪ લાખ અને સને ૨૦૧૧-૧૨ માં ` ૧૨૪.૫૪ લાખનો ખર્ચ થયેલ છે. |

## પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં શાકભાજી માટે સ્ટૉરેજ

૨૭૯૮૪ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનાના જીવિકા પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને શાકભાજીનું પૂરેપૂરૂં વળતર મળી શકે તે માટે કોઈ વિશેષ આયોજન કરી સ્ટૉરેજની કોઈ વ્યવસ્થા કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કયા સ્થળે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)આ વ્યવસ્થાથી ખેડૂતોને કયા પ્રકારના લાભો મળશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સમરસ ગ્રામ પંચાયતોની અનુદાનની રકમમાં વધારો કરવા બાબત

૨૭૯૫૧ **શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર | (૧) હા, જી. |

દ્વારા ગ્રામ પંચાયતોની સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો છે, અને

(૨) સામાન્ય સમરસ અને મહિલા સમરસ ગ્રામ પંચાયતો માટે અનુદાનની રકમમાં વધારો કરવામાં આવેલ છે.

| ક્રમ | વસ્તી | ૨૦૦૮ના ઠરાવ મુજબ | ૨૦૧૧ના ઠરાવ મુજબ | વધારો ` લાખમાં. |
|---|---|---|---|---|
| ૧. | ૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી સામાન્ય સમરસ ગ્રામ પંચાયત. | ` ૧.૦૦ લાખ. | ` ૨.૦૦ લાખ. | ` ૧.૦૦ લાખ. |
| ૨. | ૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી મહિલા સમરસ ગ્રામ પંચાયત. | ` ૨.૦૦ લાખ. | ` ૩.૦૦ લાખ. | ` ૧.૦૦ લાખ. |
| ૩. | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી સામાન્ય સમરસ ગ્રામ પંચાયત. | ` ૧.૫૦ લાખ. | ` ૩.૦૦ લાખ. | ` ૧.૫૦ લાખ. |
| ૪. | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધી વસ્તી ધરાવતી મહિલા સમરસ ગ્રામ પંચાયત. | ` ૩.૦૦ લાખ. | ` ૫.૦૦ લાખ. | ` ૨.૦૦ લાખ. |

(૩) તેનો અમલ કયારથી કરવામાં આવનાર છે ?

(૩) તા.૨૯–૧૧–૨૦૧૧ પછીથી થયેલ ચૂંટણીઓથી.

## રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસોને મંજૂરી

૨૬૯૫૯ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત સન ૨૦૧૧માં કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા આવાસોનું કામ કયારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૧૯૦ આવાસો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તા.૨૯–૦૨–૨૦૧૨ સુધીમાં ૩૧૯ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ઈન્દિરા આવાસ યોજનાની ગાઈડ લાઈન મુજબ ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે આવાસોના બાંધકામ કરવાના હોય છે. લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

## કેન્દ્ર સરકાર તરફથી ગ્રામ વિકાસ માટે મળેલ ગ્રાન્ટ

૨૮૨૨૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર( ભાદરણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ગ્રામ વિકાસ ક્ષેત્રે કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળી,

(૧) ગ્રામ વિકાસ ક્ષેત્રે છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબ ગ્રાન્ટ મળેલ છે.

| વર્ષ | મળેલ રકમ(લાખમાં) |
|---|---|
| ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ` ૧૪૯૩૦૬.૩૮ |
| ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | ` ૧૨૯૨૯૩.૫૩ |
| ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ | ` ૧૧૩૩૦૪.૧૯ |
| **કુલ** | **` ૩૯૧૯૦૪.૧૦** |

(૨) મળેલ ગ્રાન્ટ અન્વયે જિલ્લાવાર કેટલી રકમ ફાળવી ?

(૨) કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની જિલ્લાવાર ફાળવણીની વિગતો પરિશિષ્ટ-અ મુજબ સામેલ છે.

**પરિશિષ્ટ-અ**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | તા.૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૯૭૮.૬૬ | ૨૮૮૮.૦૭ | ૨૧૬૪.૮૦ |
| ૨. | અમરેલી | ૪૫૪૬.૮૯ | ૩૦૬૫.૨૮ | ૨૦૨૨.૯૯ |
| ૩. | આણંદ | ૪૨૮૬.૮૪ | ૬૭૩૧.૧૩ | ૫૩૦.૨૧ |
| ૪. | બનાસકાંઠા | ૯૯૬૮.૯૬ | ૭૨૮૧.૯૭ | ૧૧૯૧૯.૪૮ |
| ૫. | ભરૂચ | ૨૬૦૯.૦૩ | ૩૦૯૨.૧૭ | ૩૦૪૯.૦૯ |
| ૬. | ભાવનગર | ૧૦૩૫.૩૮ | ૨૨૩૫.૩૧ | ૧૪૧૯.૬૬ |
| ૭. | દાહોદ | ૩૨૯૬૬.૨૧ | ૧૧૫૦૮.૮૬ | ૫૫૩૦.૯૭ |
| ૮. | ડાંગ | ૧૮૧૬.૦૦ | ૩૩૧૮.૮૦ | ૧૧૭૦.૦૦ |
| ૯. | ગાંધીનગર | ૭૬૫.૦૫ | ૨૦૬૮.૮૩ | ૮૨૭.૨૮ |
| ૧૦. | જામનગર | ૧૮૩૨.૩૫ | ૩૦૮૬.૬૯ | ૧૫૩૪.૩૪ |
| ૧૧. | જૂનાગઢ | ૬૨૯૯.૦૮ | ૪૭૪૪.૮૬ | ૨૮૮૮.૫૬ |
| ૧૨. | કચ્છ | ૬૬૯૯.૯૦ | ૪૩૦૯.૫૨ | ૪૬૯૭.૯૬ |
| ૧૩. | ખેડા | ૩૦૦૫.૨૧ | ૪૨૨૬.૫૭ | ૭૦૮૪.૬૩ |
| ૧૪. | મહેસાણા | ૨૦૭૨.૨૪ | ૨૫૯૯.૪૩ | ૧૬૨૬.૩૭ |
| ૧૫. | નર્મદા | ૪૬૦૬.૧૫ | ૪૧૫૧.૩૮ | ૮૫૭૪.૭૩ |
| ૧૬. | નવસારી | ૪૫૫૭.૫૦ | ૨૧૪૪.૨૩ | ૨૬૧૩.૨૪ |
| ૧૭. | પંચમહાલ | ૧૨૭૬૫.૪૧ | ૯૯૫૨.૫૩ | ૧૩૨૯૪.૮૭ |
| ૧૮. | પાટણ | ૪૨૪૪.૫૪ | ૨૫૮૩.૪૧ | ૫૯૮૧.૪૯ |
| ૧૯. | પોરબંદર | ૫૬૨.૨૦ | ૨૪૨૦.૩૦ | ૧૮૫૭.૯૬ |
| ૨૦. | રાજકોટ | ૮૧૪૨.૦૮ | ૯૦૩૦.૭૯ | ૧૪૯૯.૬૫ |
| ૨૧. | સાબરકાંઠા | ૪૪૨૫.૩૬ | ૪૬૫૧.૧૫ | ૩૮૩૩.૯૬ |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૫૬૦૬.૪૨ | ૪૮૭૩.૧૬ | ૩૮૪૫.૧૭ |
| ૨૩. | સુરત | ૭૦૨૧.૭૦ | ૮૯૫૦.૫૩ | ૪૪૧૫.૪૧ |
| ૨૪. | વડોદરા | ૯૧૩૪.૬૪ | ૭૮૦૦.૮૨ | ૧૧૧૨૪.૮૧ |
| ૨૫. | વલસાડ | ૫૦૪૦.૨૯ | ૫૮૨૩.૩૨ | ૩૦૮૫.૫૨ |
| ૨૬. | તાપી | ૨૩૧૮.૨૯ | ૫૭૫૪.૪૨ | ૬૫૯૮.૫૪ |
| ૨૭. | જીએલપીસી | -- | -- | ૧૧૨.૫૦ |
| | **કુલ** | **૧૪૯૩૦૬.૩૮** | **૧૨૯૨૯૩.૫૩** | **૧૧૩૩૦૪.૧૯** |

## સાબરકાંઠા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૨૭૯૧૯ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૧૧માં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ.

(૧) ૪૯૫.

(૨) તે પૈકી કેટલી સમરસ જાહેર કરવામાં આવી,

(૨) ૪૯ સામાન્ય સમરસ
૫ (પાંચ) મહિલા સમરસ કુલ : ૫૪.

(૩) સમરસ ગ્રામ પંચાયતોને કેટલું અનુદાન ચૂકવવામાં આવ્યું,

(૩) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

(૪) કેટલું ચૂકવવાનું બાકી છે, અને

(૪) અનુદાન ચૂકવવામાં આવેલ નથી.

(૫) તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૫) બનતી ત્વરાએ.

## બનાસકાંઠા જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવા માટેની અરજીઓ

૨૭૯૮૧ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાજબી ભાવની અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૭ વાજબી ભાવની અનાજની દુકાન ખોલવા માટે ૭૦૪ અરજીઓ આવેલ છે, |
| (૨) તે અન્વયે કેટલા અરજદારોને વાજબી ભાવની અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને | (૨) ૬૬૪ અરજીઓનો નિકાલ કરી ૮૬ અરજદારોને વાજબી ભાવની અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેલ અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવેશે ? | (૩) બાકી રહેલ ૪૦ અરજીઓ પરત્વે નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી. |

## વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ

૨૮૧૮૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ અદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, | (૨) દુધાળા પશુ ખરીદી, સંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય માવજત, કેટલ શેડ, ઘાસચારા, દૂધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દુધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનીટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને | (૩) ૩૩૭૪. |
| (૪) લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે ? | (૪) હા, જી. |

## આદિજાતિ વિકાસ વિભાગમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં ગ્રાન્ટની ફાળવણી

૨૯૫૦૮ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિકાસ વિભાગમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય કક્ષા હસ્તકની કેટલી ગ્રાન્ટ મૂકવામાં આવેલ હતી, | (૧) વર્ષ રાજ્ય કક્ષા હસ્તકની જોગવાઈ<br>૨૦૧૦–૧૧ ` ૬૭૦૪.૩૦ લાખ<br>૨૦૧૧–૧૨ ` ૩૫૧૬.૯૨ લાખ |
| (૨) આ ગ્રાન્ટ રાજ્યના કયા કયા આદિજાતિના જિલ્લાઓમાં વર્ષવાર કેટલી ફાળવણી કરી, અને | (૨) આ સાથે સામેલ પત્રક મુજબ |

**(` લાખમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૦–૧૧ | વર્ષ ૨૦૧૧–૧૨ (તા.૩૧/૧/ ૨૦૧૨ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૮૭૧.૨૫ | ૬૫.૬૦ |
| ૨ | નવસારી | ૮૨૧.૦૦ | ૭૯૪.૦૦ |
| ૩ | દાહોદ | ૨૦૦.૩૮ | ૨૮૫.૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૮૫.૪૪ | ૭૦.૦૦ |
| ૫ | તાપી | ૧૭૨.૧૩ | ૧૧૫૫.૦૦ |
| ૬ | સાબરકાંઠા | ૧૨૮.૦૦ | ૫૫.૦૦ |
| ૭ | ગાંધીનગર | ૪૭.૦૦ | ૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | વલસાડ | ૧૪૬.૭૫ | ૧૮૮.૫૦ |
| ૯ | સુરત | ૪૪૭.૬૦ | ૬૩.૭૮ |
| ૧૦ | ભરૂચ | ૭૫.૦૦ | ૨૫.૦૦ |
| ૧૧ | નર્મદા | ૪૭.૨૫ | ૧૧૫.૭૫ |
| ૧૨ | વડોદરા | ૧૨.૫૦ | ૪૦.૦૦ |
| ૧૩ | આરોગ્ય વિભાગ, ગાંધીનગર | ૫૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર | ૩૫૦૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૬૭૦૪.૩૦** | **૨૮૫૭.૬૩** |

(૩) આ રાજ્ય કક્ષાની ગ્રાન્ટ ફાળવવાના ધોરણો શા છે ?

(૩) રાજ્ય કક્ષાએ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ૧૦ % અનુદાન ફાળવવાની જોગવાઇ છે. જે ૧૦ % રકમના કામે રાજ્ય કક્ષાની સમિતિ મારફતે જિલ્લાઓને જોડતા રસ્તાઓના કામો, પુલો બે કે તેથી વધુ તાલુકાઓને જોડતા રસ્તાઓ, સિંચાઈની સુવિધાઓ, શિક્ષણ તેમજ આજીવિકા તેમજ અન્ય ઉપયોગી પ્રવૃતિઓના કામો વિગેરે કે જે મુખ્યત્વે સ્થાનિક વિસ્તારની જરૂરીયાત અને અગત્યતાને ધ્યાને લેતાં આવશ્યક હોય અને બજેટ જોગવાઈ થયેલ ન હોય તેવા કામોનો સમાવેશ કરવાની જોગવાઈ છે.

**બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

૨૮૧૭૭ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યાસાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧માં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ જિલ્લાની કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૯૦. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) ` ૬,૫૯,૭૫૦/–. |

**સુરત જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

૨૮૦૦૫ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૭ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને તેનો લાભ આપવામાં આવેલ છે, | (૨) સુરત જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં નથી. |
| (૩) આ યોજનાથી બાળકોમાં કયા પ્રકારના સુધારા જોવા મળેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તા. ૩૧–૧૨–૨૦૧૧અંતિત છેલ્લા બે વર્ષમાં તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## આણંદ જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંકવાળા બી.પી.એલ. લાભાર્થીઓને મફત પ્લોટ

૨૮૪૯૮ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ગરીબીની રેખા નીચે જીવતા (બી.પી.એલ.) ૦ થી ૧૬ ગુણાંકવાળા કેટલા લાભાર્થીઓને આવાસ બાંધવા મફત પ્લોટ ફાળવવામાં આવ્યા,

(૨) હવે કેટલા કુટુંબોને પ્લોટ આપવાના બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં સરકાર આ પ્લોટ આપશે?

**જવાબ**

(૧)

| વર્ષ | મફત ફાળવેલ પ્લોટ (૦ થી ૧૬ ગુણાંકવાળા) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૮૦૩ |
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ | ૧૨૩ |
| **કુલ** | **૯૨૬** |

(૨) ૨૨૪.

(૩) જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેથી.

## જામનગર જિલ્લામાં ઈન્દીરા આવાસને મંજુરી

૨૮૧૮૯ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ઈન્દીરા આવાસ મંજુર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી આવાસો ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૩૬૬ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૨૫ ઈન્દીરા આવાસ મંજૂર કરવામાં આવ્યા.

(૨) જે પૈકી વર્ષ ૨૦૧૦–૧૧માં ૨૦૦ અને ૨૦૧૧–૧૨ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૫૦ ઈન્દીરા આવાસ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ઈન્દીરા આવાસ યોજનાની ગાઈડ લાઈન મુજબ ઈન્દીરા આવાસ યોજનાના લાભાર્થીઓ એ જાતે આવાસોનું બાંધકામ કરવાનું હોય છે, લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

## સુરત જિલ્લામાં આદિવાસી ખેડુતોને જંગલની જમીનના વેચાણ દસ્તાવેજો

૨૮૮૯૫ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા આદિવાસી ખેડુતોને જંગલની જમીનના વેચાણના દસ્તાવેજો આપવામાં આવ્યા?

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષમાં વન અધિકાર ધારા–૨૦૦૬ હેઠળ કુલ ૩૭૦૭ આદિવાસી ખેડુતોને જંગલની જમીન માન્ય કરવાના અધિકારપત્ર આપવામાં આવ્યા. આ ધારા હેઠળ વેચાણના દસ્તાવેજો આપવામાં આવતા નથી.

## કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને મળતો કેરોસીનના જથ્થામાં કાપ

૨૯૪૭૧ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજયને મળતા કેરોસીનના જથ્થામાં કેટલો કાપ મુક્યો, અને

**જવાબ**

(૧) કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજયને મળતા કેરોસીનના જથ્થામાં માહે
જુન–૧૧ થી માસિક ૨૪,૬૯૦ કિ.લી. નો કેરોસીનના જથ્થામાં કાપ મૂકેલ છે.

(૨) તે અનુસંધાને રાજય ધ્વારા કેન્દ્ર સરકારને કોઈ રજૂઆત કરવામાં આવી છે કે કેમ?

(૨) હા જી, રાજય સરકારે કેન્દ્ર સરકારને તા. ૧-૬-૨૦૧૧, તા. ૨૦-૬-૨૦૧૧, તા. ૧૫-૯-૨૦૧૧ તથા તા. ૧૪-૨-૨૦૧૨ના પત્રોથી દરખાસ્ત કરેલ છે.

## ખેડા જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો

૨૯૧૬૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજયમાં વાજબી ભાવની અનાજની દુકાનો વસ્તીના ધોરણે ફાળવવામાં આવે છે તે અન્વયે ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી વાજબી ભાવની અનાજની દુકાનો છે, અને

(૨) તેમાં વધારો કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર વાજબી ભાવની દુકાનોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | દુકાનની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ શહેર | ૪૨ |
| ૨ | નડીયાદ ગ્રામ્ય | ૧૧૭ |
| ૩ | માતર | ૬૫ |
| ૪ | ખેડા | ૪૭ |
| ૫ | મહેમદાવાદ | ૮૭ |
| ૬ | મહુધા | ૫૧ |
| ૭ | કઠલાલ | ૭૫ |
| ૮ | કપડવંજ | ૯૨ |
| ૯ | ઠાસરા | ૧૨૬ |
| ૧૦ | બાલાસિનોર | ૫૪ |
| ૧૧ | વિરપુર | ૩૮ |
| | **કુલ** | **૭૯૪** |

(૨) સરકારશ્રીએ નિયત કરેલ વસ્તી તથા અંતરના ધોરણ અનુસાર ખેડા જિલ્લામાં નવી દુકાનો ખોલવાની રહેતી નથી. પરંતુ રાજીનામુ-અવસાન અને ગેરરીતિના કારણોસર ૬૨ દુકાનો બંધ છે, તે દુકાનો પુનઃ ચાલુ કરવા કાર્યવાહી ચાલુ છે, જો કે આ એક સતત પ્રક્રિયા છે. ૬૨ બંધ દુકાનોના રેશનકાર્ડ નજીકની વાજબી ભાવની દુકાન સાથે જોડીને જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત

૨૭૯૬૫ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'' તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પૂરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી ગામોને રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**


(૪) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરશે ?

**જવાબ**

(૧)

| મંજૂર થયેલ જગ્યાઓ | |
|---|---|
| જિલ્લા પંચાયત | ૧૪૩ |
| તાલુકા પંચાયત | ૯૧ |
| **કુલ** | **૨૩૪** |

(૨)

| ભરાયેલ જગ્યાઓ | |
|---|---|
| જિલ્લા પંચાયત | ૧૦૭ |
| તાલુકા પંચાયત | ૭૩ |
| **કુલ** | **૧૮૦** |

(૩)

| ભરવાની બાકી જગ્યાઓ | |
|---|---|
| જિલ્લા પંચાયત | ૩૬ |
| તાલુકા પંચાયત | ૧૮ |
| **કુલ** | **૫૪** |

(૪) બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

## વડોદરા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

૨૭૯૯૧ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર રેશનીંગની દુકાનમાં નવા બારકોડેડ રેશનકાર્ડ આપવામાં છે એ હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨માં કેટલા બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) **(અ)** હયાત રેશનકાર્ડ ધરાવતા અને ફોર્મ નં. ૧ માં અરજી કરેલ હોય તેવા ૭,૪૧,૧૦૨ હયાત રેશનકાર્ડ ધારકો પૈકી ૫૪૦૨ કાર્ડધારકોને બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. ૪ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે. બાકી રહેલ રેશનકાર્ડધારકોને હયાત રેશનકાર્ડ ઉપર રાબેતા મુજબ વાજબી ભાવની દુકાનોએથી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો વિતરણ થાય છે.

**(બ)** જુના રેશનકાર્ડ ધરાવતાં હતા અને ફોર્મ નં. ૨માં અરજી કરેલ હોય તેવા ૧૯૧૯ અરજદારો પૈકી ૩૮ અરજદારોને નવા બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે, ૨ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. જ્યારે બાકી ૧૮૭૯ અરજદારોના જુના રેશનકાર્ડ હાલ પુરતા પુનઃ જીવિત કરવાં આવેલ છે. અને તેઓને રાબેતા મુજબ વાજબી ભાવની દુકાનેથી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો વિતરણ થાય છે.

**(ક)** તદ્દન નવા રેશનકાર્ડ મેળવવા ફોર્મ નં. ૨માં અરજી કરેલ હોય તેવા ૮૪૭૫ અરજદારો પૈકી ૬૮૪૩ અરજદારોને બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. જ્યારે ૧૫૧૨ અરજીઓ નામંજૂર કરેલ છે. અને ૧૦ અરજીઓ દફતરે કરેલ છે.

તાલુકાવાર **પત્રક–૧** સામેલ છે.

(૩) કેટલા ઈસ્યુ કરવાનાં બાકી છે, અને

(૩) **(અ)** હયાત/જૂના રેશનકાર્ડ ધરાવતા ૭,૩૭,૭૫૭ કાર્ડધારકોને બારકોડેડ રેશનકાર્ડ આપવાની કાર્યવાહી ચાલુમાં છે.

**(બ)** તદ્દન નવા બારકોડેડ રેશનકાર્ડ માટે ૧૧૦ બાકી અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

(૪) તે કયાં સુધીમાં ઈસ્યુ કરવામાં આવશે?

(૪) બનતી ત્વરાએ ઈસ્યુ કરવામાં આવશે.

**પત્રક-૧**

| અનું. | તાલુકાનું નામ | હયાત રેશનકાર્ડ ધરાવતા ફોર્મ નં. ૧ પૈકી ઈસ્યુ કરેલ બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા | તદ્દન નવા બારકોડેડ રેશનકાર્ડ પૈકી ઈસ્યુ કરેલ રેશનકાર્ડની સંખ્યા (ફોર્મ નં. ૨) | કુલ ઈસ્યુ કરેલ બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | કરજણ | ૪૩૧ | ૩૪ | ૪૬૫ |
| ૨ | કવાંટ | ૨૬૬ | ૧૧૮ | ૩૮૪ |
| ૩ | છોટા ઉદેપુર | ૩૦૫ | ૩૪૭ | ૬૫૨ |
| ૪ | જેતપુર પાવી | ૩૩૧ | ૪૦ | ૩૭૧ |
| ૫ | ડભોઈ | ૨૪૮ | ૩૮૯ | ૬૩૭ |
| ૬ | નસવાડી | ૨૪૬ | ૬૮ | ૩૧૪ |
| ૭ | પાદરા | ૪૧૧ | ૪૧૫ | ૮૨૬ |
| ૮ | વડોદરા-રૂરલ | ૨૫૫ | ૧૦૧ | ૩૫૬ |
| ૯ | વડોદરા શહેર | ૪૮૭ | ૧૪૧ | ૬૨૮ |
| ૧૦ | વડોદરા ઝોનલ-૧ | ૩૫૯ | ૧૦૪૭ | ૧૪૦૬ |
| ૧૧ | વડોદરા ઝોનલ-૨ | ૨૯૦ | ૮૫૭ | ૧૧૪૭ |
| ૧૨ | વડોદરા ઝોનલ-૩ | ૩૮૮ | ૧૫૯૬ | ૧૯૮૪ |
| ૧૩ | વડોદરા ઝોનલ-૪ | ૪૬૭ | ૬૧૯ | ૧૦૮૬ |
| ૧૪ | વાઘોડીયા | ૨૨૦ | ૫૩૫ | ૭૫૫ |
| ૧૫ | શાવલી | ૩૬૪ | ૩૩૨ | ૬૯૬ |
| ૧૬ | સંખેડા | ૨૦૧ | ૧૯૯ | ૪૦૦ |
| ૧૭ | સિનોર | ૧૩૩ | ૪૩ | ૧૭૬ |
| | **કુલઃ** | **૫૪૦૨** | **૬૮૮૧** | **૧૨૨૮૩** |

## સાબરકાંઠા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનોની મંજૂર જગ્યાઓ

૨૭૯૪૨ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧)

| મંજૂર થયેલ જગ્યાઓ | |
|---|---|
| જિલ્લા પંચાયત | ૬૭ |
| તાલુકા પંચાયત | ૮૯ |
| **કુલ** | **૧૫૬** |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| જિલ્લા પંચાયત | ૫૦ | ૧૭ |
| તાલુકા પંચાયત | ૬૭ | ૨૨ |
| **કુલ** | **૧૧૭** | **૩૯** |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો ક્યાં સુધીમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

(૪) બનતી ત્વરાએ આ જગ્યાઓ ભરવાનું આયોજન છે.

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**વન વિભાગમાં કામ કરતા રોજમદારોને કાયમી કરવા બાબત**

૨૮૦૯૦ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના વન વિભાગમાં કામ કરતા રોજમદારોને કાયમી કરવા માટે રાજ્ય સરકારે તારીખઃ ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરી, અને

(૨) તે અન્વયે કેટલા રોજમદારોને કાયમી કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) રાજ્યના વન વિભાગમાં કામ કરતા રોજમદારોને કાયમી કરવા માટે તારીખઃ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સરકારશ્રી તરફથી કોઈ નિર્ણય લેવાયેલ નથી. વધુમાં આ બાબત નામદાર અદાલત સમક્ષ ન્યાયાધિન હોવાથી નિર્ણય લઈ શકાશે નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કચ્છ જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવાની અરજીઓ**

૨૭૯૯૭ **શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી (માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાજબી ભાવની અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા અરજદારોને વાજબી ભાવની અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૨ વાજબી ભાવની અનાજની દુકાન ખોલવા માટે ૯૩ અરજીઓ આવેલ છે.

(૨) તે અન્વયે ૫ વાજબી ભાવની દુકાનો મંજૂર કરી ૭ અરજીઓનો નિકાલ કર્યો, જે પૈકી ૨ અરજદારોને વાજબી ભાવની અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, ૩ દુકાનોના સંચાલકો પરવાનો લેવા આવેલ નથી, જ્યારે ૭ દુકાનોની ૧૫ અરજીઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ન હોઈ દફતરે કરેલ છે.

(૩) બાકી ૩૦ દુકાનો માટેની ૭૧ અરજીઓનો નિકાલ નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**સાબરકાંઠા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનની મંજૂર જગ્યાઓ**

૨૭૯૪૩ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યાં સુધીમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| મંજૂર થયેલ જગ્યા | |
|---|---|
| જિલ્લા પંચાયત | ૬૭ |
| તાલુકા પંચાયત | ૮૯ |
| **કુલ** | **૧૫૬** |

(૨)

| | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| જિલ્લા પંચાયત | ૫૦ | ૧૭ |
| તાલુકા પંચાયત | ૬૭ | ૨૨ |
| **કુલ** | **૧૧૭** | **૩૯** |

(૩) હા, જી.

(૪) બનતી ત્વરાએ આ જગ્યાઓ ભરવાનું આયોજન છે.

**બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૮૨ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને ''સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ'' તરીકે જાહેર

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં આ યોજના ન હતી. જ્યારે વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં ''સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ'' પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ

કરવામાં આવ્યા,

૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાનાં ૧૩૦ ગામોને ‘‘સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ’’ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) આ પૈકી કેટલા ગામોને પૂરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૨) ‘‘સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ’’ તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૦ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) બાકી ગામોને રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં, વિદ્યા સાધના યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત

૨૮૨૧૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યાસાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧માં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે,

(૨) જો હા, તો આ યોજના હેઠળ જિલ્લાની કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૧૫૪.

(૩) ` ૪૯,૦૦,૩૫૦/–.

## ન્યુ ગુજરાત પેટર્નના આયોજન માટે પ્રભારી મંત્રીઓના અધ્યક્ષ પણા હેઠળ મળેલ મીટીંગો

૨૯૫૦૯ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧–૨૦૧૨ સુધીમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્નનું આયોજન કરવા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની મીટીંગ પ્રભારી મંત્રીશ્રીઓના અધ્યક્ષપણા હેઠળ જિલ્લાવાર કઇ કઇ તારીખે મળી,

(૨) ન્યુ ગુજરાત પેટર્નનું આયોજન મોડું કરવાના કારણો શા હતા, અને

(૩) આ આયોજનના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાના હોય છે ?

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧–૨૦૧૨ સુધીમાં ન્યુ ગુજરાત પેટર્નનું આયોજન કરવા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની મીટીંગ માનનીય પ્રભારી મંત્રીઓના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની પ્રાયોજનાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | પ્રાયોજના (જિલ્લો) | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર (વડોદરા) | તા.૭–૧૦–૨૦૧૧ |
| ૨ | વાંસદા (નવસારી) | તા.૯–૯–૨૦૧૧ |
| ૩ | ગોધરા (પંચમહાલ) | તા.૨૧–૧૦–૨૦૧૧ |
| ૪ | દાહોદ (દાહોદ) | તા.૨૧–૧૦–૨૦૧૧ |
| ૫ | વલસાડ (વલસાડ) | તા.૧–૧૦–૨૦૧૧ |
| ૬ | માંડવી (સુરત) | તા.૧૬–૯–૨૦૧૧ |
| ૭ | રાજપીપળા (નર્મદા) | તા.૫–૧૧–૨૦૧૧ |
| ૮ | સોનગઢ (તાપી) | તા.૩૦–૯–૨૦૧૧ |
| ૯ | ખેડબ્રહ્મા (સાબરકાંઠા) | તા.૧૪–૧૦–૨૦૧૧<br>તા.૨૪–૧૦–૨૦૧૧ |
| ૧૦ | ડાંગ (આહવા) | તા.૧૬–૯–૨૦૧૧ |
| ૧૧ | પાલનપુર (બનાસકાંઠા) | તા.૯–૧–૨૦૧૧ |
| ૧૨ | ભરૂચ (ભરૂચ) | તા.૩૦–૯–૨૦૧૧ |

(૨) વહીવટી પ્રક્રિયાના કારણે.

(૩) સત્વરે.

તા.૧૫મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

## બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ

૨૮૧૮૩ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે,

(૩) છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને

(૪) લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દુધાળા પશુ ખરીદી, સંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય માવજત, કેટલ શેડ, ઘાસચારા, દૂધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે.

(૩) ૨૨૩૧.

(૪) હા, જી.

## આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધા

૨૮૫૦૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ( ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબર મેળવી કયા ગામોએ ઇનામો મેળવેલ છે,

(૨) તેને સરકાર તરફથી ઇનામની કોઇ રકમ આપવામાં આવે છે કે કેમ,

(૩) જો હા, તો કેટલી રકમનું ઇનામ આપવામાં આવ્યું, અને

**જવાબ**

(૧)

**સામાન્ય કક્ષા**

| ક્રમ | તાલુકો | ગામ | નંબર |
|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | થામણા | પ્રથમ |
| ૨ | પેટલાદ | વડદલા | દ્વિતિય |
| ૩ | બોરસદ | ઉનેલી | દ્વિતિય |
| ૪ | બોરસદ | વાસણા(રાસ) | તૃતિય |
| ૫ | સોજીત્રા | મલાતજ | તૃતિય |

**સાગરખેડુ કક્ષા**

| ક્રમ | તાલુકો | ગામ | નંબર |
|---|---|---|---|
| ૧ | ખંભાત | વાડોલા | પ્રથમ |
| ૨ | ખંભાત | આખોલ | દ્વિતિય |

(૨) હા.

(૩)

સામાન્ય કક્ષા

| ક્રમ | તાલુકો | ગામ | નંબર | ઇનામની રકમ ` લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | થામણા | પ્રથમ | ૨૦.૦૦ |
| ૨ | પેટલાદ | વડદલા | દ્વિતિય | ૧૦.૦૦ |
| ૩ | બોરસદ | ઉનેલી | દ્વિતિય | ૧૦.૦૦ |
| ૪ | બોરસદ | વાસણા(રાસ) | તૃતિય | ૫.૦૦ |
| ૫ | સોજીત્રા | મલાતજ | તૃતિય | ૫.૦૦ |

**સાગરખેડુ કક્ષા**

| ક્રમ | તાલુકો | ગામ | નંબર | ઇનામની રકમ ` લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ખંભાત | વાડોલા | પ્રથમ | ૨૦.૦૦ |
| ૨ | ખંભાત | આખોલ | દ્વિતિય | ૧૦.૦૦ |

(૪)જો બાકી હોય તો ક્યાં સુધીમાં આપવામાં આવશે? (૪) ઈનામની રકમ ચૂકવાઇ ગયેલ હોઇ પ્રશ્ન નથી.

**સુરત અને તાપી જિલ્લામાં વાજબી ભાવની દુકાનોમાં પાડેલ દરોડાઓ**

૨૮૮૯૬ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત અને તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા કેટલી વાજબી ભાવની અનાજની દુકાનોમાં તોલમાપ અન્વયે દરોડાઓ પાડવામાં આવ્યા, અને | (૧) સુરત અને તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા વર્ષ–૨૦૧૦માં ૪૮૯ અને વર્ષ ૨૦૧૧ માં ૫૩૨ વાજબી ભાવની અનાજની દુકાનોમાં તોલમાપ અન્વયે દરોડાઓ પાડવામાં આવ્યા. |
| (૨) આ અંગે પકડવામાં આવેલ સંચાલકો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) આ અંગે પકડવામાં આવેલ સંચાલકો સામે વજનમાપ તથા પીસીઆર કાયદાના ભંગ બદલ પ્રોસીક્યુશન કેસ કરી જરૂરી નિયમ અનુસાર માંડવાળ ફી વસુલ કરવામાં આવેલ છે. |

**બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૭૯૯૮ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, | (૨) દુધાળા પશુ ખરીદી, પશુસારવાર, રસીકરણ, કૃમિનાશક ડોઝ, ઘાસચારા કીટ, કેટલ શેડ, ઘાસચારા, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેક્શન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૧ અંતિત છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને | (૩) ૨૨૩૧. |
| (૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે કેમ ? | (૪) હા, જી. |

**પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૮૦૦૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, | (૨) દુધાળા પશુ ખરીદી, કેટલ શેડ, પશુ ચિકિત્સા તથા રસીકરણ, કૃમિનાશક દવાઓ દાણ, ઘાસ ચારા કીટ, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે | (૩) ૪૦૩૭. |

વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને

(૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે કેમ ?

(૪) હા, જી.

**આણંદ જિલ્લામાં ચેરનું વાવેતર**

૨૯૪૪૭ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા સ્થળે કેટલી જમીનમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ચેરના કેટલા વૃક્ષ હયાત છે,

(૩) તેના માટે કેટલી ગ્રાન્ટ, ક્યા પ્રોજેક્ટ કે હેડે ફાળવવામાં આવેલ છે, અને

(૪) તે પૈકી કેટલી રકમનો ક્યાં ક્યાં ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે જણાવેલ વિગતે ચેરનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર સ્થળ | વાવેતર વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ખાજીયાપીર, વડગામ, તળાતળાવ, તા. ખંભાત | ૮૦૦ |
| ૨૦૧૦-૧૧ | અખોલ, ખાજીયાપીર, તળાતળાવ, તા. ખંભાત | ૩૨૦૦ |
| ૨૦૧૧-૧૨ | વડગામ, તળાતળાવ, તા. ખંભાત, દેહવાણ, તા. બોરસદ | ૪૪૦ |
| | **કુલ** | **૪૪૪૦** |

(૨)

| **વર્ષ** | **જીવંત રોપા (લાખમાં)** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૬.૨૫ |
| ૨૦૧૦-૧૧ | ૧૭.૨૫ |
| ૨૦૧૧-૧૨ | ૭.૬૩ |

(૩)

| અ.નં. | યોજનાનું નામ/હેડ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (` લાખમાં) |
|---|---|---|---|
| ૧ | કે.પુ.યો.(૧૭) એકશન પ્લાન ફોર ધ કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ ઓફ મેન્ગ્રુવ એન્ડ કોરલ રીફ્સ ગલ્ફ ઓફ ખંભાત. | ૨૦૦૯-૧૦<br>૨૦૧૦-૧૧<br>૨૦૧૧-૧૨ | ૨૩.૦૬<br>૪૮.૭૩<br>૩.૦૦ |
| | | **કુલ** | **૭૪.૭૯** |
| ૨ | મનરેગા યોજના | ૨૦૦૯-૧૦ | ૫.૧૦ |
| ૩ | ૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણની યોજના (ગુજરાત ઇકોલોજી કમિશન) | ૨૦૦૯-૧૦ | ૧૨.૧૦ |
| ૪ | વળતર વનીકરણ યોજના | ૨૦૧૧-૧૨ | ૧.૨૫ |
| | **એકંદરે** | | **૯૩.૩૪** |

(૪)

| વર્ષ | વાવેતરની કામગીરી | રકમ (` લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | પો. બેગ્સ વાવેતર<br>બીજ વાવેતર<br>જુના વાવેતરની જાળવણી<br>ટ્રેનિંગ | ૨૨.૫૫<br>૫.૧૦<br>૯.૮૧<br>૦.૩૨ |
| | **કુલ** | **૩૭.૭૮** |
| ૨૦૧૦-૧૧ | પો. બેગ્સ વાવેતર<br>બીજ વાવેતર<br>જુના વાવેતરની જાળવણી<br>ટ્રેનિંગ | ૧૭.૫૯<br>૨૯.૯૯<br>૧.૦૦<br>૦.૧૫ |
| | **કુલ** | **૪૮.૭૩** |
| ૨૦૧૧-૧૨ | પો. બેગ્સ વાવેતર<br>બીજ વાવેતર | ૧.૬૦<br>૨.૫૧ |
| | **કુલ** | **૪.૧૧** |

**બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૮૧૮૪ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, | (૨) દુધાળા પશુ ખરીદી, સંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય માવજત, કેટલ શેડ, ઘાસચારા, દૂધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ સ્થિતિએ કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને | (૩) ૨૨૩૧. |
| (૪)લાભાર્થીની આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે? | (૪) હા, જી. |

**ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ–કનેકટીવીટીનું જોડાણ**

૨૮૫૦૮ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૧) ગાંધીનગર જિલ્લામાં તમામ ૨૮૬ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને | (૨) હાલ કોઇ ગ્રામ પંચાયત બાકી નથી. |
| (૩) બાકી ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા જિલ્લામાં ઇન્દીરા આવાસને મંજૂરી**

૨૬૯૭૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર–પાવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા ઇન્દીરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ ઇન્દીરા આવાસોની વિગતો **પરિશિષ્ટ–૧** માં આપેલ છે. |
| (૨) તે પૈકી તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ કેટલા આવાસોનું કામ પૂર્ણ થયુ, અને | (૨) તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ પૂર્ણ કરેલ આવાસોની વિગતો **પરિશિષ્ટ–૨** માં આપેલ છે. |
| (૩) બાકી રહેલા આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ઇન્દીરા આવાસ યોજનાની ગાઇડ લાઇન મુજબ ઇન્દીરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે આવાસોના બાંધકામ કરવાના હોય છે. લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે. |

**પરિશિષ્ટ – ૧**

| તાલુકાનું નામ | મંજૂર થયેલ આવાસો | | |
|---|---|---|---|
| | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ |
| વડોદરા | ૧૧૨૪ | ૨૭૮ | ૦ |
| સાવલી | ૨૦૫૫ | ૨૨૭૦ | ૫૨૩૫ |
| વાઘોડીયા | ૧૦૦૨ | ૯૯૪ | ૦ |
| પાદરા | ૧૦૧૯ | ૭૭૫ | ૧૨૨ |
| કરજણ | ૯૭૦ | ૪૯ | ૦ |

| | | | |
|---|---|---|---|
| શિનોર | ૩૩૫ | ૧૬૪ | ૨૭ |
| ડભોઇ | ૬૨૫ | ૬૩૫ | ૧૫૦ |
| સંખેડા | ૧૨૫૦ | ૧૫૩૬ | ૦ |
| નસવાડી | ૧૫૨૧ | ૨૪૪૭ | ૨૦૩૫ |
| જેતપુર પાવી | ૧૪૦૦ | ૪૧૨૦ | ૧૪૭૦ |
| છોટા ઉદેપુર | ૧૩૦૦ | ૨૭૭૯ | ૩૬૦૦ |
| કવાંટ | ૨૨૫૦ | ૩૦૦૦ | ૧૬૦૨ |
| **કુલ** | **૧૪૮૫૧** | **૧૯૦૪૭** | **૧૪૨૪૧** |

## પરિશિષ્ટ – ૨

| તાલુકાનું નામ | પૂર્ણ થયેલ આવાસો | | |
|---|---|---|---|
| | **૨૦૦૯–૧૦** | **૨૦૧૦–૧૧** | **૨૦૧૧–૧૨** |
| વડોદરા | ૯૭૪ | ૨૭૮ | ૦ |
| સાવલી | ૨૦૫૫ | ૧૯૪૦ | ૪૩૮ |
| વાઘોડીયા | ૧૦૦૨ | ૯૯૦ | ૦ |
| પાદરા | ૧૦૧૯ | ૬૦૮ | ૬ |
| કરજણ | ૯૩૯ | ૪૯ | ૦ |
| શિનોર | ૩૩૫ | ૧૪૫ | ૨૬ |
| ડભોઇ | ૬૨૫ | ૫૪૭ | ૨૦ |
| સંખેડા | ૧૨૧૦ | ૧૩૯૦ | ૦ |
| નસવાડી | ૧૫૨૧ | ૨૪૪૭ | ૨૨૫ |
| જેતપુર પાવી | ૧૪૦૦ | ૨૬૩૫ | ૪૨૮ |
| છોટા ઉદેપુર | ૧૯૮ | ૧૪૯૩ | ૦ |
| કવાંટ | ૨૧૪૮ | ૨૩૦૧ | ૦ |
| **કુલ** | **૧૩૪૨૬** | **૧૪૮૨૩** | **૧૧૪૩** |

### ભાવનગર જિલ્લામાં ફોરમનું મકાન

૨૮૧૮૧ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રાહક તકરાર ફોરમનું મકાન બાંધવાનું મંજૂર કરેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા. |
| **એચબી–૮૫૦–૨૯** તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) ` ૮૩.૦૭ લાખ. |
| (૩) આ મકાનનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ઉક્ત કચેરીના મકાનનું બાંધકામ પૂર્ણ થયેલ છે. તથા તા.૨૪–૧–૨૦૧૨ ના રોજ લોકાર્પણ થયેલ છે અને નવા મકાનમાં કચેરી કાર્યરત છે. |

### વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ

૨૮૦૧૨ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, | (૨) દૂધાળા પશુ ખરીદી, શંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય માવજત, કેટલ શેડ, ઘાસચારા, દૂધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સૂડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે. |

| | |
|---|---|
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને | (૩) ૧૮૭૧ |
| (૪) તેના પરિણામે લાભાર્થીની આવકમાં કોઇ વધારો જોવા મળેલ છે કે કેમ ? | (૪) હા, જી. |

**કચ્છ જિલ્લામાં તલાટી-સહ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૨૭૯૯૫ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તલાટી-સહ-મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી હતી, અને | (૧) ૯૪ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને | (૨) ૭૦ |
| (૩)આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા જૂથોની રચના**

૨૭૯૫૯ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં<br>તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઇ, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં ૫ નવા મહિલા જૂથો મળીને તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ<br>કુલ ૫૯૮૬ મહિલા જૂથોની રચના થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, | (૨) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કુલ ૪૪૩૩ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કેટલા જૂથને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે, અને | (૩) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કુલ ૧૫૫૩ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે. |
| (૪) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) માર્ચ-૨૦૧૨ સુધીમાં ચૂકવવામાં આવશે. |

**દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ કાપવા બદલ ધરપકડ**

૨૬૯૩૫ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જંગલમાંથી ગેરકાયદેસર વૃક્ષો કાપવા સબબ કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, | (૧) કોઇપણ ઇસમની ધરપકડ કરવામાં આવેલ નથી. |
| (૨) કેટલી રકમનું લાકડું જપ્ત કરવામાં આવ્યુ, અને | (૨) ` ૧૧,૮૦,૦૦૦/- નું લાકડું જપ્ત કરવામાં આવ્યું. |
| (૩) આવા ગેરકાયદેસર વૃક્ષ છેદનમાં વન વિભાગના કેટલા કર્મચારીઓ સંડોવાયેલા માલુમ પડ્યા અને તેમની સામે કયા પ્રકારની કાર્યવાહી કરી પગલાં લેવામાં આવ્યાં ? | (૩) આવા ગેરકાયદેસર વૃક્ષ છેદનમાં વન વિભાગનો કોઇ કર્મચારી સંડોવાયેલ માલુમ પડેલ નથી. જેથી કોઈ કર્મચારી સામે કાર્યવાહી કરવાનો કે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૯૯૪ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં દરમ્યાન "સ્વચ્છ ગામ-સ્વસ્થ |

ગામોને "સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવ્યા,

ગામ" પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન વડોદરા જિલ્લાનાં ૧૯૨ ગામોને "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) આ ગામો પૈકી કેટલા ગામોને પૂરસ્કારની રકમ આપવામાં આવી. અને

(૨) "સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ" " તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૯૨ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) બાકી ગામોને રકમ ક્યાં સુધી ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## તહેવારોમાં ગરીબ કુટુંબોને આપવા માટે પામોલીન તેલનો બફર સ્ટોક

૨૮૫૨૮ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક તરીકે રાખેલ હતો,

(૨) તે પૈકી કેટલો જથ્થો વિતરણ કરવામાં આવેલ હતો, અને

(૩) તે કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ માટે ૧૧,૯૫૦ મે.ટન તથા વર્ષ ૨૦૧૧–૧૨ માં ૧૧,૯૬૮ મે.ટન.

(૨) વર્ષ ૨૦૧૦–૧૧ માટે ૧૧,૯૫૦ મે.ટન તથા વર્ષ ૨૦૧૧–૧૨ માં ૧૧,૮૪૮ મે.ટન.

(૩) સને ૨૦૧૦–૧૧માં પ્રતિ લીટર પાઉચના ` ૩૨/–ના ભાવે તેમજ સને ૨૦૧૧–૧૨માં પ્રતિ લીટર પાઉચના ` ૪૦/–ના ભાવે.

## જૂનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનની મંજૂર જગ્યાઓ

૨૮૫૧૧ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે,

(૩) કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરશે ?

**જવાબ**

(૧)

| | મંજૂર થયેલ જગ્યાઓ |
|---|---|
| જિલ્લા પંચાયત | ૧૪૩ |
| તાલુકા પંચાયત | ૯૧ |
| કુલઃ | ૨૩૪ |

(૨)

| | ભરાયેલ જગ્યાઓ |
|---|---|
| જિલ્લા પંચાયત | ૧૦૭ |
| તાલુકા પંચાયત | ૭૩ |
| કુલઃ | ૧૮૦ |

(૩)

| | ભરવાની બાકી જગ્યાઓ |
|---|---|
| જિલ્લા પંચાયત | ૩૬ |
| તાલુકા પંચાયત | ૧૮ |
| કુલઃ | ૫૪ |

(૪) બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

**પાટણ જિલ્લામાં સ્વર્ણિમ ગામ જાહેર કરવા બાબત**

૨૮૪૮૯ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકીના ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્વર્ણિમ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, ૨૦૧૧–૧૨ દરમ્યાન ૧૨ સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ પાટણ જિલ્લાના તમામ ૧૨ ગામોને જરૂરીયાત મુજબ અનુદાનની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મહેસાણા જિલ્લામાં નરેગા યોજનામાં થયેલ ખર્ચ**

૨૮૫૧૯ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | ખર્ચની વિગત (` લાખમાં) |
|---|---|
| ૨૦૧૦–૧૧ (૧–૪–૧૦ થી ૩૧–૩–૧૧) | ૧૨૧૪.૧૭ |
| ૨૦૧૧–૧૨ (૧–૪–૧૧ થી ૩૧–૧૨–૧૧) | ૮૨૧.૦૬ |

(૨) તે પૈકી નીચે મુજબ માનવદિન રોજગારી આપવામાં આવી.

| વર્ષ | રોજગારી આપેલ માનવદિન (લાખમાં) |
|---|---|
| ૨૦૧૦–૧૧ (૧–૪–૧૦ થી ૩૧–૩–૧૧) | ૫.૦૭ |
| ૨૦૧૧–૧૨ (૧–૪–૧૧ થી ૩૧–૧૨–૧૧) | ૩.૧૬ |

**જામનગર જિલ્લામાં મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવા બાબત**

૨૮૨૦૩ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય નગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ પંડીત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) કેટલા ભંડારો મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૧૧ દુકાનો અને વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં ૮ મળી કુલ ૧૯ દુકાનોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરેલ છે.

તા. ૧–૪–૨૦૧૦ પહેલા ૪૯ પંડીત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) ૭૪.

(૩) મોડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવા માટે

દુકાનદારની તત્પરતા તથા નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ યોજનામાં વીજળી બીલ ભરવા**

૨૯૪૬૦ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અન્વયે વીજળી બીલ ભરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેલી ગ્રામ પંચાયતોમાં આ વ્યવસ્થા ક્યારે ગોઠવવામાં આવશે ?

**જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાની તમામ ૧૫૦ ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ કલેકશન માટેનું સોફ્ટવેર ઇન્સ્ટોલ કરીને વીજબીલ કલેકશનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાટણ જિલ્લામાં નરેગા યોજનામાં થયેલ ખર્ચ**

૨૮૧૮૬ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન
તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા કરોડનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કેટલા નાણાં બચત રહેવા પામેલ છે?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો

| **વર્ષ** | **ખર્ચની વિગત (` કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૦–૨૦૧૧ (૧–૪–૧૦ થી ૩૧–૩–૧૧) | ૨૫.૦૦ |
| ૨૦૧૧–૨૦૧૨ (૧–૪–૧૧ થી ૩૧–૧૨–૧૧) | ૧૨.૧૩ |

(૨) મહાત્મા ગાંધીરાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના માંગ આધારીત હોઇ માંગણી મુજબ રોજગારી પુરી પાડવામાં આવે છે. તેથી રક્મ બચત રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

૨૮૧૯૬ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૧ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર હતાં,

(૨) તા. ૧–૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા કેસો નવા દાખલ થતાં કુલ કેટલા કેસો થયા, અને

(૩) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા કેસોનો નિકાલ થયો અને કેટલા બાકી છે?

**જવાબ**

(૧) સુરત(મુખ્ય) ૧૯૦૮
સુરત (એડીશનલ) ૧૦૫૯
**કુલ** **૨૯૬૭**

(૨)

| **કચેરીનું નામ** | **નવા દાખલ કેસો** | **તા. ૧–૧–૨૦૧૧ના બાકી કેસો** | **કુલ બાકી કેસો** |
|---|---|---|---|
| સુરત (મુખ્ય)ફોરમ | ૪૭૦ | ૧૯૦૮ | ૨૩૭૮ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૯૨૫ | ૧૦૫૯ | ૧૯૮૪ |
| કુલ | ૧૩૯૫ | ૨૯૬૭ | ૪૩૬૨ |

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં નિકાલ થયેલ કેસો તથા બાકી કેસોની વિગતો નીચે પ્રમાણે છે.

| **કચેરીનું નામ** | **નિકાલ કેસો** | **બાકી કેસો** |
|---|---|---|
| સુરત (મુખ્ય)ફોરમ | ૯૧૩ | ૧૪૬૫ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૭૪૬ | ૧૨૩૮ |
| કુલ | ૧૬૫૯ | ૨૭૦૩ |

---------

**અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી માટે અરજીઓ**

૨૯૨૨૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બળતણના બચાવ સારૂ અમરેલી જિલ્લામાં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની ખાસ યોજના વન વિભાગમાં અમલમાં નથી. પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતને વિના મૂલ્યે સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. **અમરેલી** જિલ્લામાં પણ આ યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ **૭૯** અરજીઓ મંજૂર કરેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કુલ ` **૨૦.૧૭** લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

--------

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

## શિક્ષણ વિભાગ

### માગણી ક્રમાંકઃ ૯

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૨૮,૫૬,૩૨,૧૪,૦૦૦/– ની અમે મૂડી ખર્ચ માટેની રૂ. ૬,૫૮,૭૭,૫૦,૦૦૦/– ની માગણી ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ કુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરસિંહ ક. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી હરીલાલ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી કિરણકુમાર લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીભાઇ દે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી જોધાજી ગુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૧૦**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતી અન્ય ખર્ચ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૯૧,૨૧,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૧,૫૦,૧૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૧૦ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા. ૧૫ માર્ચ, ૨૦૧૨ (ત્રીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિતત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | માગણી નં–૯ | | |
| ૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૪,૧૦,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૬ થી ૧૯ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણના કથળેલા સ્તરને સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨. | — " — | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શ્રી અશ્વિન કોટવાલ |
| ૩. | — " — | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને સંગીન બનાવવા અને બદલીઓ કરી સ્વચ્છ વહીવટ પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજનભાઇ પટેલ |
| ૪. | — " — | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીમાં બદલીઓમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૫. | — " — | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના જર્જરીત ઓરડાઓનું મરામત કામ સત્વરે કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હરીલાલ પટેલ |
| ૬. | — " — | ૧૦૦ | રાજયની ૧૩ હજાર પ્રાથમિક શાળાઓને વિલીનીકરણના નામે બંધ કરવાના સરકારી નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારોના બાળકોને શિક્ષણથી વંચિત થતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જયેશભાઇ રાદડીયા |
| ૭. | — " — | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ જ જાહેર કરેલ આંકડાઓ મુજબ પ્રવેશોત્સવ / ગુણોત્સવ જેવા કાર્યક્રમો ઉજવવા છતાં છેલ્લા દસ વર્ષમાં ૨૧ લાખ જેટલા વિદ્યોર્થીઓની સંખ્યા ઘટી છે, તેથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રભુભાઇ વસાવા |
| ૮. | —"— | ૧૦૦ | પ્રાથમિક શાળઅઓનું ઉચ્ચ કક્ષાએથી દર માસે નિયમિત ચેકીંગ કરી સુવિધાઓ વધારવામાં અને અભ્યાસ તથા શિક્ષકોની હાજરીની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમા મકવાણા |
| ૯. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૪,૧૦,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૬ થી ૧૯ | ૧૦૦ | શિક્ષકો દ્વારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ઉપર ખોટી રીતે થતી મારપીટથી શારિરીક નુકશાન કરનાર શિક્ષક સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ શાહ |
| ૧૦. | — " — | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં અપાયેલા કોમ્પ્યુટરોનો યોગ્ય માર્ગદર્શન અને અનુભવી શિક્ષકોના અભાવે ઉપયોગ | શ્રી રામસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૧. | — " — | ૧૦૦ | એજયુકેશન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષમાં ગુજરાત રાજય ૯માં ક્રમેથી ૧૩માં ક્રમે પહોંચ્યું છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૨. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–માધ્યમિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૭,૧૧,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૩૨ થી ૩૬ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષઓ વખતે વિદ્યાર્થીઓ વખતે વિદ્યાર્થીઓને નજીકના સ્થળે પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૧૩. | — " — | ૧૦૦ | નિયમો વિરુધ્ધ સ્કુલોને મંજૂરીઓ અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૧૪. | — " — | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અપાતી માર્કશીટ–પરીક્ષ સ્લીપમાં થતી ભૂલો કાયમી ધોરણે અટકાવવાનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૫. | — " — | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કેસ જીતી ગયેલ કર્મચારીઓને લાભ આપવાને બદલે પુનઃ હાઇકોર્ટમાં અપીલ કરી થતો નાણાનોં દુર્વ્યય અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજીભાઇલ પટેલ |
| ૧૬. | — " — | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૧૭. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–યુનિવર્સિટી.. શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૮૮,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૫૩ થી ૫૫ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં થતી રાજકીય દખલગીરી બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૮. | — " — | ૧૦૦ | યુનિવર્સિટીઓના કુલપતિઓ સામે થયેલ ગંભીર આક્ષેપો અંગે યોગ્ય પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૧૯. | — " — | ૧૦૦ | યુનિવર્સિટીઓ દ્વારા યુ.જી.સી.ની. ગ્રાન્ટમાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇકબાલ પટેલ |
| ૨૦. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૮૦,૬૮,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૭૩ થી ૭૯ | ૧૦૦ | ઉચ્ચ શિક્ષણમાં ફાયનાન્સ સ્કૂલોને મંજૂરીઓ આપી તગડી ફી વસુલ કરાય છે તેથી ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ ન કરી શકે તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે તે અટકાવવામાં તેમજ વધુ સરકારી સ્કૂસો ખોલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૮૦,૬૮,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૭૩ થી ૭૯ | ૧૦૦ | ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી અરાજકતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૨. | ૨૨૩૬–પોષણ<br>૦૨–પોષણયુકત.. વિતરણ<br>૧૦૨–મધ્યાહન ભોજન<br>રૂ. ૫,૩૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૨૬ થી ૧૨૭ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામં કુકીંગ કોસ્ટનો દર જાહેર કરાતાં મધ્યાહન ભોજન યોજનાનાના સંચાલકોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૨૩. | — " — | ૧૦૦ | ધોરપ–૫ સુધી ૩.૬૩ રૂપિયા અને ધોરણ–૮ સુધીના બાળક દીઠ ૫.૧૫ રૂપિયામાં મધ્યાહન ભોજન આપવાનું નકકી કરતાં ઘણી ઓછી માત્રામાં ભોજન | શ્રી જોધાજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અપાય છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૪. | — " — | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન એન.જી.ઓને અપાતાં ભોજનમાં વાસી ખોરાક અને અનાજની ચોરી જેવી ગેરરીતિ થતી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંઘાડ |
| ૨૫. | — " — | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાની કામગીરી સંચાલક મંડળોને બદલે રાજકીય ઓથ ધરાવતી એન.જી.ઓને આપી દેવાના નિર્ણયમાં થયેલ ગેરરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૨૬. | — "— | ૧૦૦ | ન્યુટ્રી કેન્ડી પેટે ૦૩ પૈસાની ખર્ચ મર્યાદા મૂકી છે જે યોજનાનો ભાગ ન હોવા છતાં બાળક દીઠ કુલ ખર્ચમાં ઉમેરાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| | | **માગણી નં.૧૦** | | |
| ૨૭. | ૨૨૦૫–કલા અને સાંસ્કૃતિ ૧૦૧–લલિત... શિક્ષણ રૂ. ૪૪,૪૧,૦૦૦ અં.પ્ર.નં. ૪ પા.નં. ૧૨૦ | ૧૦૦ | સંગીત નાટ્ય ભારતીની અનુદાનની રકમમાં વધારો કરી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૮. | — " — | ૧૦૦ | સંગીત નાટ્ય ભારતીને સુર્દઢ બનાવી તેનો પૂરતો લાભ મેળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમિતકુમાર ચાવડા |

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે શિક્ષણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, એના ઉપર હું મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ભૂતકાળની અંદર આપણા મા–બાપ એમ કહેતા આપણે દીકરા–દીકરીને પેટે પાટા બાંધીને પણ ભણાવવા જોઇએ અને ભણે દીકરા–દીકરીઓ તો એને ચાર આંખો આવે. અત્યારની સ્થિતિ શું છે? એના ઉપર દ્રષ્ટિપાત કરતા પહેલા જયંત પાઠકે વર્ષો પહેલાં જે ૪ લીટી લખી હતી તે હું સભાગૃહમાં રજૂ કરું છું.

**જૂઠના આ દ્રશ્ય ચાલે કયાં સુધી? સાચનો પડદો પડે ના ત્યાં સુધી,**
**આયનાઓ સાથ આપે કયાં સુધી? ઘટ્ટ અંધારુ ઢળે ના ત્યાં સુધી,**
**શબ્દના સૌ ખેલ ચાલે કયાં સુધી? મૌન ન મૂકે મલાજો ત્યાં સુધી.**

માનનીય અધ્યક્ષશ્રી, આ જે દ્રશ્યો છે તેમાં સાચું દ્રશ્ય શું છે? તેની થોડીક વાત કરવા માગું છું. જે વખતે ગુણોત્સવ નહોતો, પ્રવેશોત્સવ નહોતો, વાંચે ગુજરાત નહોતું તે વખતે ૧૯૯૯–૨૦૦૦ની સાલની અંદર સરકારી શાળાઓની અંદર ગુજરાતમાં ૮૧ લાખ ૩૪ હજાર વિદ્યાર્થીઓ ભણતા હતા. રાજય સરકારે જે આંકડા આપ્યા છે તેમાં ૨૦૧૦–૧૧માં સરકારી શાળાઓ છે તેમાં ૬૦ લાખ ૩૨ હજાર ૭૪૨ વિદ્યાર્થીઓ ભણે છે. ૨૧ લાખ વિદ્યાર્થીઓ સરકારી પ્રાથમિક શાળામાં ઘટયા છે. આ ગુણોત્સવ, પ્રવેશોત્સવ, વાંચે ગુજરાત તેના પછી ગુજરાતના વાલી અને બાળકોની શ્રદ્ધા આ સરકાર જે શિક્ષણ આપે છે તેની અંદરથી ઓછી થઇ. બાળકોની સંખ્યા વધી પરંતુ નિશાળોમાં ભણતા બાળકો છે, સરકારી શાળાઓમાં તેની સંખ્યા ઘટી. સાક્ષરતાનો દર છે તે સૌથી મહત્વનું માપદંડ છે. સરકાર તો દસ વર્ષથી રાજ કરે છે. સાક્ષરતાના દરની અંદર આપણે પાછળ છીએ. બીજી અનેક બાબતોની અંદર આપણે પાછળ છીએ. તેનું કારણ એ છે કે રાજયનું જે

બજેટ છે, આખું બજેટ. તે ઉદ્યોગ વિભાગ માટે કેટલું અપાયું, રાહતો કેટલી અપાય. તેની વારંવાર વાત કરી છે તે હું રીપીટ નહીં કરું. પરંતુ રાજ્યના કુલ બજેટનો ૧૩.૦૯ ટકા ખર્ચ શિક્ષણ પાછળ થાય છે. ૨૦૧૦-૧૧ના બજેટના સાપેક્ષમાં હું વાત કરું છું. મહારાષ્ટ્ર સૌથી વધારે ખર્ચ ૨૧ ટકા કરે છે. પહેલા નંબરે છે. છત્તીસગઢ ૧૯.૦૫ ટકા, રાજસ્થાન ૧૯.૦૧ ટકા, ઓરિસ્સા ૧૮.૦૫ ટકા, પશ્ચિમ બંગાળ ૧૮.૦૩ ટકા, બિહાર સૌથી છેવાડાનું રાજય ૧૮.૦૦ ટકા ખર્ચ કરે છે. હરિયાણા ૧૭.૦૭ ટકા, કેરાલા ૧૬.૦૪ ટકા, ઝારખંડ ૧૬.૦૦ ટકા, ઉત્તરપ્રદેશ ૧૫.૦૯ ટકા, કર્ણાટક ૧૫.૦૬ ટકા, તામિલનાડું ૧૪.૦૭ ટકા, ગોવા ૧૪.૦૬ ટકા અને ૧૪મા નંબરે ગુજરાત ૧૩.૦૯ ટકા. આટલું ઓછું ખર્ચ કરવાને કારણે શું સ્થિતિ થઇ છે આપણી? ડ્રોપ આઉટ રેશીયોની વાત થાય છે. શિક્ષકોને એમ કહેવામાં આવે કે તમે નામ કાઢી ન નાંખતા એટલે ડ્રોપ આઉટ રેશીયો અમારો મેઇન્ટેઇન થાય. સાચી સ્થિતિ જયારે બાળક છે તે દસમા ધોરણમાં આવે ત્યારે ખબર પડે કે આપણો ડ્રોપ આઉટ રેશીયો સાચો કયો છે? ધોરણ ૧ થી ૧૦ એટલે કે ૬ વર્ષથી૧૬ વર્ષના બાળકો છે તેમાં ૨૦૦૭-૦૮ના આંકડા મારી પાસે છે. તે પ્રમાણે ડ્રોપ આઉટની અંદર ગુજરાત સૌથી છેવાડાનું એટલે કે ૧૪મા નંબરનું રાજય છે. કેરાલાની અંદર જે ડ્રોપ આઉટ રેશીયો છે તે અડધા ટકાનો છે. પાંડિચરીમાં ૧૯ ટકા, ઉત્તરપ્રદેશમાં ૨૬.૧૮, હિમાચલ પ્રદેશ ૩૦.૨૧ દિલ્હી ૩૬.૦૪, હરિયાણા ૩૬.૪૩, તામિલનાડું ૩૭.૭૩, ગોવા ૩૮.૮૬ પછી બીજા રાજયો છે અને ગુજરાત ૧૪મા ક્રમે છે. અડધા કરતાં વધારે બાળકો એટલે ૫૯.૧૧ ટકા બાળકો દસમા ધોરણ પછી ડ્રોપ આઉટ થઇ જાય છે. જે બાળકો છે તે ઇંગ્લીશનું એક વાકય વાંચી શકે છે તેમાં પાંચમા ધોરણના બાળકો ઇંગ્લીશના વાકયો કેટલા વાંચી શકે છે તે બાબતે જે રિપોર્ટ તેમાં ગોવાના ૮૭ ટકા બાળકો વાકયો વાંચી શકે છે. સિક્કીમના ૮૦ ટકા બાળકો વાકયો વાંચી શકે છે. એ પછી તો એટલા બધા રાજયો છે. ૨૮મા ક્રમે ગુજરાતની અંદર પાંચમા ધોરણમાં ભણતા બાળકો છે તેમાં ૭.૯ ટકા બાળકો અંગ્રેજીના વાકયો વાંચી શકે છે. લીટરસી રેટ જે સૌથી મહત્વનું માપદંડ છે તેમાં ગુજરાત પહેલાં નવમા ક્રમે, પછી અગિયારમા ક્રમે, અને ૨૦૧૧ની અંદર ગુજરાત બારમા ક્રમે છે. કેરાલાની અંદર ૯૩.૯ ટકા સાક્ષર લોકો છે, મિઝોરમમાં ૯૧.૬ ટકા, ત્રિપુરામાં ૮૭.૮ ટકા, ગોવામાં ૮૭.૪ ટકા, હિમાચલ પ્રદેશમાં ૮૩.૮ ટકા, મહારાષ્ટ્રમાં ૮૨.૯ ટકા, સિક્કીમમાં ૮૨.૨ ટકા, તામીલનાડુમાં ૮૦.૩ ટકા, નાગાલેન્ડ ૮૦.૧ ટકા, મણિપુર ૭૯.૮ ટકા, ઉત્તરાખંડ ૭૯.૬ ટકા અને ગુજરાત બારમા ક્રમે ૭૯.૩ ટકા, આજની તારીખે આપણા ૨૧ ટકા બાળકો હજીયે શાળાએ જઇ શકતા નથી અથવા વાંચી શકતા નથી. આ બધા આંકડાઓ મેં આપ્યા એ રાજય સરકારે આપેલી બુકમાંથી અથવા તો ભારત સરકારે જે સ્ટડી કરાવ્યો છે એ જે યુનિવર્સિટી છે એની પાસેથી આપેલા છે. એજયુકેશનલ ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ એની અંદર આખા ગુજરાત દેશની અંદર જે જુદા જુદા માપદંડો નકકી કરી અને એના ઇન્ડેક્ષ નકકી કરવામાં આવે છે. કે બાળકોની પહોંચ કેટલી છે, માળખાકીય સગવડો કેટલી છે, શિક્ષકો કેટલા છે, અને એનું પરફોરમન્સ કેટલું છે, એને આધારે ભારત સરકારની જે નેશનલ યુનિવર્સિટી ઓફ એજયુકેશનલ પ્લાનિંગ એન્ડ અને એડમિનિસ્ટ્રેશન સંસ્થા છે. એણે જે ક્રમ આપ્યો છે, એમાં આપણે દર વર્ષે બે ક્રમાંક પાછળ જઇએ છીએ. ૨૦૦૭-૦૮માં તેરમા ક્રમે હતા, ૯-૧૦ની અંદર આ વાયબ્રન્ટ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી, વાયબ્રન્ટ મુખ્ય મંત્રીશ્રીની આગેવાનીમાં પંદરમા ક્રમે આપણે પાછળ ગયા છીએ. રાષ્ટ્રીય કક્ષાએ પ્રાથમિક શાળામાં, રાષ્ટ્રીય કક્ષાએ, બીજાં મહત્વનાં રાજયોની વાત નથી કરતો, એમાં ૪૮.૬૮ ટકા કન્યાઓ ભણે છે, જયારે ગુજરાતમાં રાષ્ટ્રીય એવરેજથી ઓછી ૪૭.૧૩ ટકા કન્યાઓ ભણે છે. ગુણોત્સવ, પ્રવેશોત્સવ, વાંચે ગુજરાત, આ દ્વારા મુખ્ય મંત્રીશ્રીના ફોટાઓ આપ જરૂર મોકલી શકો, પણ બાળકોનું કલ્યાણ એમાં થયું નથી. એ આપણી સરકારના આંકડાઓ ઉપરથી પ્રતિપાદિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક શિક્ષણની મારે વાત કરવી છે કે, સરકારી માધ્યમિક શાળાઓ છે, એમાં આચાર્યની ૧૮૭માંથી ૧૨૫ જગ્યાઓ ખાલી છે, મદદનીશ શિક્ષકની ૧૬૮૦માંથી ૩૪૨ જગ્યાઓ ખાલી, મદદનીશ શિક્ષક ઉચ્ચ માધ્યમિકની ૧૪૫૯માંથી ૩૨૬ જગ્યાઓ ખાલી છે, ઓડિટર ગૃપમાં ૫૫માંથી ૪૧ જગ્યાઓ ખાલી, અને જુનીયર કારકુનમાં ૪૧૯માંથી ૩૩૪ જગ્યાઓ ખાલી, અને વર્ગ એકની ૭૦૪માંથી ૨૬૬ જગ્યાઓ ખાલી છે. આ સ્થિતિ છે અને એમાં પણ જે વિજ્ઞાન પ્રવાહ છે એમાં તો જે કુલ વિદ્યાર્થીઓ

આપણા છે એ ૯ લાખ ૫૫ હજાર વિદ્યાર્થીઓ દસમા ધોરણ ભણે છે એમાંથી માત્ર ૯૧૬૦૦ છે એ એમાં ભણી શકે છે, એ સ્થિતિમાં માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એક જ વાત કરવી છે કે ટેકનીકલ શિક્ષણ છે, એની અંદર જે આપણા પરિણામો આવે છે એ પરિણામો મારે બતાવવાના છે, જીટીયુનું પરિણામ આવ્યું, ઇજનેરીમાં ૩૮ ટકા, ફાર્મસીમાં ૩૯ ટકા, ડિપ્લોમામાં ૨૭ ટકા, એમબીએમાં ૩૮ ટકા, એટલે આપણા જી.ટી.યુ.ની અંદર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી છે એમાં ૬૦ ટકા વિદ્યાર્થીઓ દર વર્ષે નાપાસ થાય છે. આપણે કેવું શિક્ષણ આપીએ છીએ એ આના ઉપરથી પ્રતીતિ થાય છે. માત્ર આપણે એક જ બાબતમાં પ્રગતિ કરી છે અને એ પ્રગતિ છે એ માત્રને માત્ર જે ફી વધારવાની છે કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજો છે એ વધારવામાં આપણે પ્રગતિ કરી છે. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આપણે એમાંથી બહાર નીકળી અને સાચે સાચ જે આપણા બાળકો છે,(અંતરાય) સાહેબ, એક જ મિનિટમાં, એક અર્ધી મિનિટમાં હું પૂરૂં કરું છું. અર્ધી મિનિટમાં હું મારી વાત પૂરી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, એટલે હું કહેવા એમ જતો હતો કે, મા સરસ્વતીની આપણે જે પૂજા કરવાની વાત થતી હતી, એની જગ્યા કવિ કલાપીએ એ વખતે જે કવિતા લખી હતી એ આજે પણ લાગું પડે છે. એણે કહ્યું હતું કેઃ—

**ક્કમારી પાંસળીઓના હાડકાં ગણાવવા**
**રહયાંસહ્યાં ચામડાં ખેંચશો મા !**
**વેચશો મા, મને વેચશો મા !**
**તમે લોકોના સેવકો, વેચશો મા ! ક**

મા સરસ્વતીની આ વેદના આપના મુખ્ય મંત્રીશ્રી સાથે પહોંચે, અને ઉદ્યોગોનો અવાજ સાંભળો છો, એટલો જ વાલીઓનો, વિદ્યાર્થીઓનો, મા—બાપોનો અવાજ આપના સુધી પહોંચે, અને વધારેમાં વધારે એના માટે એલોકેશન થાય અને ગુજરાત સમગ્ર દેશમાં શિક્ષણનું એક હબ બને એ વાત કરીને મારૂં વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર(પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય શિક્ષણ મંત્રીશ્રી માગણી નં.૯ અને માગણી નં.૧૦ લઇને આવ્યા છે એના સમર્થનમાં અને તેને અનુમોદન આપવા માટે હું મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણી નં.૧૦ અને માગણી નં.૯ જે માગણીઓ લાવ્યા છે તે એ પ્રકારની છે, હમણાં સામેના વક્તા બજેટમાં પૈસા ઓછા ફાળવ્યાની વાતો કરતા હતા પરંતુ ૨૦૧૦—૨૦૧૧ કરતાં આ વર્ષે ૧૧.૪૩ ટકાનો વધારો થયો છે માગણી નં.૯માં અને માગણી નં.૧૦ની અંદર કુલ ૧૧.૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજયપાલશ્રીના સંબોધનમાં પણ આપણે વિચારવા જેવું છે. આજે એક સભ્યશ્રીએ વાંધો ઉઠાવ્યો છે અને કહ્યું છે કે, પ્રવર્તતી અરાજકતા નિવારવા માટે તંત્રની નિષ્ફળતાને કારણે તેમાં કાપ માગ્યો છે. આજે ઉચ્ચ શિક્ષણની અંદર ચોઇસ બેઇઝ ક્રેડીટ સિસ્ટમનો અમલ થયો છે. વિદ્યાર્થી પોતાનો વિષય પસંદગી કરી શકે તેના માટેની વિશાળ તકો ઉભી કરવામાં આવી છે આ એમ કહે છે કે તેને આપણે ટૂપવામાં આવી રહ્યા છે. રાજયમાં તાંત્રિક શિક્ષણ અને પ્રોફેશનલ વગેરે કોલેજોની સંખ્યા ૧૩૪ ૨૦૦૧—૨૦૦૨માં હતી, આજે કોલેજોની સંખ્યા ૬૧૮ એટલે કે ૩૬૨ ટકાનો વધારો છે. આ પ્રોફેશનલ કોલેજ સંખ્યામાં બેઠક સંખ્યા ૨૩૩૦૦ હતી ૨૦૦૧—૨૦૦૨માં એ સંખ્યા વધીને ૧,૩૧૦૦૦ થઈ છે એટલે કે ૪૬૦ ટકાનો વધારો થયો છે. માનનીય અદ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, આખું રાજકીય વિઝન, પોલિટિકલ વિઝન જો હોય તો આ રાજય સરકારમાં છે એટલું જ નહીં પરંતુ અમારા માનનીય મુખ્યમંત્રીને પણ આ જ નજરમાં આવ્યું છે. જયારે જયારે સરકાર ઉદ્યોગોને અહીંયા બોલાવી રહી છે તો અહીંયાના વિદ્યાર્થીઓ કરતાં બહારના વિદ્યર્થીઓને નોકરીઓ ન મળે પણ અહીંના વિદ્યાર્થીઓને રોજગાર મળે એટલા માટે શાળાઓ વધારવી પડશે. દલીલ એમ કરવામાં આવે છે કે જમીનો ઉદ્યોગોને આપી દેવામાં આવે છે, મિત્રો જે વિઝન છે તેને પણ વિચારતા શીખવું પડશે આપણે ઉદ્યોગોને જે જમીન આપીએ છીએ પરંતુ જે કૃષિની જમીન રહે છે તેમાં ઉત્પાદનમાં વધારો કરવાની ક્ષમતા આ રાજય સરકારની અંદર છે. એ ક્ષમતાના આધાર ઉપર એમ કહી શકાય કે આ રાજય સરકાર જે કામ કરી રહી છે તે ઉચિત છે અને તેમાં કાંઇ જ ખોટું નથી. એમ કહે છે કે

તાંત્રિક શિક્ષણની અંદર હું ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણની બાબતમાં જ બોલવા માગુ છું. ગત વર્ષ દરમ્યાન ૧૦૦૦ જેટલા તાંત્રિક લેક્ચરર્સની નિમણૂક કરવામાં આવી કયાં નિષ્ફળતા દેખાય છે એ અમને સમજ નથી પડતી. કોલેજોની ફી ની વાત કરે છે કે સરકારી કોલેજો કરતા ખાનગી કોલેજોમાં જાય છે ત્યાં ફી ખૂબ વધારે હોય છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની અંદર ટોટલ ફી વિવર યોજના હેઠળ ફી વગર પ્રવેશ આપવામાં આવ્યો છે અને અહીંયા માનનીય શ્રી માનસિંહભાઇ ચૌહાણ એના પર બજેટમાં કાપ દરખાસ્ત લાવ્યા છે. ૫૦૦૦ જેટલા ગરીબ વિદ્યાર્થીઓને ટોટલ ફી વિવર યોજના હેઠળ તેઓને કોઇ પણ પ્રકારની ફી લીધા વગર પ્રવેશ આપવામાં આવ્યો છે. હું એ પણ માહિતી આપીશ કે સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાત રાજયએ દેશમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ૮ ધોરણ પાસ કે ધોરણ ૧૦ પછી બે વર્ષ સુધી તાલીમ લીધી હોય તેવી વ્યકિતઓને અનુક્રમે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સમકક્ષ જાહેર કરવમાં આવેલ છે. યુનિવર્સિટીઓમાં  થતી રાજકીય દખલગીરી બાબતમાં પણ વાંધો ઉઠાવવામાં આવ્યો માનનીય શ્રી રાજેન્દ્રસિંહ પરમારે. મારે વધારે તો કંઇ કહેવું નથી.  પણ આજના જ સુરતના એક પેપરની અંદર એક સમાચાર આવ્યા છે શિક્ષણજગતની અંદર થતી રાજકીય દખલગીરી હોવી જોઇએ નહિ એની સાથે રાજય સરકાર સંમત છે અને આ રાજય સરકાર આવી કોઇપણ દખલગીરીને સહન નહિ કરી લે. નામ બોલીશ તો પાછું ખેંચાવશે. આ હાઉસમાં બેઠેલ વ્યક્તિ જ છે. કહેવાનો ભાવાર્થ શું છે. વિદ્યાર્થી સુરક્ષા વીમા યોજના, ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ શિક્ષણની અંદર અભ્યાસ કરતાં ૫.૧૫ લાખ વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસક્રમ દરમ્યાન જો તેઓને અકસ્માતના કારણે ઇજાગ્રસ્ત થાય તો એક લાખ રૂપિયાનું વીમા કવચ પણ આ સરકાર પૂરું પાડે છે. ખાસ અગત્યની બાબત કે આદિજાતિને કોઇપણ જાતની સહાય આપવામાં આવતી નથી. આ બજેટની અંદર નવી બાબતોની અંદર નવી જગ્યાઓ ઉભી કરવા માટે તાપી જિલ્લામાં ૧૦ લાખ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. પાલનપુર, દાહોદ અને અમરેલી ખાતે ત્રણ આર્મી યુનિટ્સ સ્થાપવા માટે રૂપિયા ૨,૯૩,૭૪,૦૦૦ની જોગવાઇ કરવામાં આવેલી છે.

સંસ્કૃત યુનિવર્સિટી માટે ૨૦૧૨–૧૩માં રૂપિયા ૩૯૯ લાખની જોગવાઇ કરવામાં આવેલી છે અને સંસ્કૃત પાઠશાળા માટે પુસ્તકોની ખરીદી કરવા માટે રૂપિયા એક લાખની જોગવાઇ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિની અંદર પણ બે લાખ છોંતેર હજાર રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. આ જે બાબતો છે એમાં આયોજન હેઠળની પણ એક નવી બાબત ઉમેરવામાં આવેલી છે. જેમાં હાલની અને નવી પોલીટિકનિકમાં યંત્રસામગ્રી ખરીદવા માટે બે કરોડ છન્નું લાખ રૂપિયાની પણ જોગવાઇ કરવામાં આવેલી છે.

નાણાંકીય જરૂરિયાત આદિજાતિ વિસ્તાર માટે સરકારી કોલેજ હોસ્ટેલ અને વિકાસ બાંધકામ એડીએમ–૨૯ હેઠળ રૂપિયા ૪૦૦ લાખ જાહેર કરવામાં આવ્યાં છે. એટલું જ નહિ પરંતુ સરકારી કોલેજ માટે ડાંગ અને આહવા માટે ૨૦ લાખ રૂપિયાની નવી જોગવાઇ કરવામાં આવેલી છે.  આમ કરીને કુલ્લે આયોજન સદરે ૧૧૫૭ લાખ મહેસૂલ ખાતે અને ૪૦૦ લાખ મૂડી ખાતે આદિજાતિ વિકાસ માટે જાહેર કરવામાં આવેલ છે.

યુનિવર્સિટીને ગ્રાન્ટની પણ ચર્ચા કરવી જોઇએ. ગુજરાતની સાત યુનિવર્સિટીને ૨૦૧૧–૧૨માં રૂપિયા ૧૮૭૩૩.૧૮ લાખની ગ્રાન્ટ આપવામાં આવી હતી. ૨૦૧૨–૧૩માં રૂપિયા ૩૩૬૦૭.૮૮ લાખની જોગવાઇ કરવામાં આવી એમ કુલ આ ગ્રાન્ટની જોગવાઇમાં ૭૯.૭૨ ટકાનો વધારો આ કોલેજોની ગ્રાન્ટમાં કરવામાં આવ્યો છે. ઘણી વખત અમારા મિત્રો એવી વાત કરતા હોય છે કે ૨૦૧૪–૧૫માં માનવ સંશાધન વિકાસ માટેની જે જોગવાઇ છે સર્વ શિક્ષા અભિયાનની, સર્વ શિક્ષા અભિયાનમાં પણ આપણે ૬૫ઃ૩૫ની ભાગીદારી કરી છે. કોઇપણ સંજોગોમાં સાક્ષરતા દર જે બતાવવામાં આવે છે કે એ બહુ ઓછો છે. મારું સ્પષ્ટપણે માનવું છે કે સાક્ષરતા દર  ઓછો છે એનું કારણ એ છે કે અગાઉની સરકારોએ જે ભુલો કરી છે શિક્ષણ નથી આપ્યું તેને કારણે સાક્ષરતાનો દર ઘટ્યો છે.આપણે પરિણામલક્ષી થવું હશે તો ૧૦ વર્ષ પછીની આ ગુજરાતની સાક્ષરતાનો આપ વિચાર કરશો તો ખ્યાલ આવશે. કેમ કે આજે જે જનરેશન છે. જે ડ્રોપ

આઉટ રેશિયો ૨.૦ ઉપર પહોંચ્યો છે એ બધા ભણીને દસ પંદર વર્ષ પછી જયારે કોલેજમાં જશે ત્યારે આપ જ કહેશો કે જે ૧૫ છે એ પછી ૫, ૩ અને ૨ ઉપર આવી જશે એમાં કોઇ શંકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને બદનામ કરવામાં આવે છે, વાયબ્રન્ટની વાત કે લાંબા ગાળાની વાત કોઇ ના સમજી શકયું હોય તો તેમાં આ સરકારને કોઇ લેવા દેવા નહીં. એ માટે ફકત એટલું જ કહીશ કે અમે જે રીતે અમારી લાઇન ઉપર આગળ વધીએ છીએ એ જ રીતે આગળ વધવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સૌને ખ્યાલ હશે કે પહેલા ગામડામાં ગ્રામ પંચાયતની ઓફિસ નહોતી. લાઇટના પોલ ઉભા કરવા હતા. ઇ–કનેકટીવિટી આપવી હતી. તો સૌ પહેલા ગ્રામ પંચાયતના મકાન બાંધવા પડે. એટલે એ મકાન બાંધ્યા. ઓફિસ ખોલી. પછી એમને ફર્નિચર આપવામાં આવ્યું. લાઇટ આપી. ગામે–ગામે લાઇટ આપ્યા પછી જે ઇ–કનેકટીવિટી આપી. એના માટે ઓપરેટર મૂકયા. એમને કોમ્પ્યુટરની ટ્રેનિંગ આપી અને ત્યારબાદ એ જગ્યાએ ૮–૧૦ વર્ષનો ગાળો છે, એના આપણે એમાં પરિણામો જોઇ શકયા છીએ.

**શ્રી ચંદુભાઇ મો. ડાભી(કરજણ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી માગણી નંબર ૯ અને ૧૦ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા કેટલાક વિચારો પ્રદર્શિત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૧–૧૨માં સુધારેલા અંદાજ પ્રમાણે ૩૪૧૫ કરોડ ૫૫ લાખ અને ૯૯ હજાર અને ૨૦૧૨–૧૩માં ૩૩૧૫ કરોડ ૮ લાખ અને ૩૩ હજારની રકમ એમણે અંદાજી હતી. તો આ વર્ષે ૧૪૩.૨૫ કરોડનો ઘટાડો થયો છે. હકીકતમાં તો જયાં આરોગ્ય અને શિક્ષણ હોય ત્યાં આગળ આ રકમ ખરેખર વધારવી જોઇએ અને અહીંયા મંત્રીશ્રીએ એ ઉપરાંત જે શિક્ષકોનો પ્રતિબંધ ખુલે એ માટે તેમના જે ગ્રાન્ટેડ વર્ગો થાય છે એમાં પણ એમણે ઘટાડેલા છે. હું સાબરકાંઠા જિલ્લાની વાત કરું તો સાબરકાંઠા જિલ્લામાંથી ૨, ૨ શિક્ષણમંત્રી આવે છે. માજી શિક્ષણમંત્રી ત્યાં એક સ્કૂલમાં ગયેલા અને તેમણે ૮માં ધોરણના એક વિદ્યાર્થીને ઉભો કરીને પૂછયું તો એને છગન અને મગન પણ વાંચતા નહોતું આવડતું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવની વાત આપણે કરીએ. ૨૦૧૦–૧૧માં ગુણોત્સવમાં ૩૩૯૨૨ સ્કૂલોમાંથી ૧૦ ગુણાંકમાંથી એનું મૂલ્યાંકન કરવામાં આવ્યું, ત્યારે ૦ થી ૨ માં ૭૫૬, ૨થી ૪માં ૩૩૨૯, ૪થી ૬ ગુણાંકમાં ૧૫૦૪૧ શાળાઓ હતી. આના ઉપરથી ખ્યાલ આવશે કે વિદ્યાર્થીઓમાં લેખન, વાંચન અને ગણનમાં કેટલી ઓટ આવેલી છે. માનનીય નીતિનભાઇ જે જિલ્લામાંથી આવે છે એ જિલ્લો હંમેશા શિક્ષણમાં અગ્રેસર રહ્યો છે. એના ઉપર હું એમને એક વાત કરવા માગું છું કે પહેલા મહેસાણા જિલ્લામાં એકપણ શાળા એ ગ્રેડમાં આવી નહોતી. તેમાં ૨ થી ૮માં ધોરણમાં અભ્યાસ કરતા બાળકો છે એમાંથી ૧૪૨૦૩ બાળકોને વાંચનમાં, ૧૬૧૭૦ બાળકોને લેખનમાં અને ૧૫૪૩૧ બાળકોને ગણનમાં ૪થી ઓછા ગુણ મળ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ વધીએ તો ૯૧૨ લેખનમાં, ૮૫૨ ગણનમાં અને ૭૫૬ બાળકો એ શૂન્ય ગુણવાળા હતા. સૌથી મોટો સવાલ એ છે કે કેટલી ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ છે? રાજયમાં ૬૨૫ એવી શાળાઓ છે. અને તેમાં ૧થી ૭ અને ૫થી ૮ ધોરણ સુધી ચાલતા હોય છે. ૮માં ધોરણને પ્રાથમિકમાં આપવાનું થયું ત્યારે આજદિન સુધી આ શિક્ષણ વિભાગ તરફથી એમને કોઇપણ પ્રકારની સૂચના આપવામાં આવી નથી. ગુજરાત સરકારે શિક્ષણની સુવિધાના ભાગરૂપે એક જાહેરાત કરી કે એમને કુલ ૧૦ શાળાઓ સુવિધાવાળી પછાત વિસ્તારમાં અને આંતરિયાળ વિસ્તારમાં ચાલુ કરવી છે. એ સ્કૂલો ચાલુ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી ૪૭ કરોડની એને ફાળવણી કરવામાં આવી. આજદિન સુધી એનું કાગળ ઉપર પણ આયોજન થયું નથી. જમીનનો તો સવાલ જ નથી. કયાં શાળા ખોલવી એ પણ હજુ નકકી કરી શકાયુ નથી. પહેલા વાત થઇ ત્યારે કહેવાતું હતું કે દસે દસ શાળાઓ આદિવાસી, આંતરિયાળ કે પછાત વિસ્તારમાં કરવામાં આવશે, પણ અધિકારીઓના સૂત્રો દ્વારા જાણવા મળ્યું કે ૫ આદિજાતિ અને ૫ બિન આદિજાતિ વિસ્તારમાં કરવામાં આવશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ટેકનિકલ યુનિવર્સિટીની વાત કરવી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો છે. માનનીય હીરાભાઇ.

**શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જે માગણી નંબર ૯ અને ૧૦ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ સમગ્ર દેશમાં શિક્ષણની બાબતમાં ખર્ચની બાબતમાં સરેરાશ શિક્ષણના પ્રમાણની બાબતમાં અને બીજુ ગુણાંકની બાબતમાં જે ચર્ચા કરી એ હું કરતો નથી, પણ આપણે પાછળ હોવા અંગેના જે તારણો છે એના પૈકી કોઇ ક્ષતિ હોય તો ૧૦માં ધોરણ પછી જે ડ્રોપઆઉટ રેસિયો છે એ વધવાનું કારણ એ છે કે ૧૧ અને ૧૨માં ધોરણની પરમિશન અંતરિયાળ વિસ્તારોમાં જે આપવી જોઇએ એ સરકાર આપતી નથી. કેટલીક વખત ૮માં ધોરણની અંદર વિદ્યાર્થીની સંખ્યા વધે તો નવા વર્ગોની મંજૂરી પણ આપવામાં આવતી નથી. કેટલીક વખત ૧૧ અને ૧૨માં ધોરણમાં બાળકોની સંખ્યા વધે તો એને નવા વર્ગોની મંજૂરી આપવામાં આવતી નથી. કહેવામાં એમ આવે છે કે સેલ્ફ ફાયનાન્સ વર્ગ શરુ કરો. એક જ સંસ્થામાં સેલ્ફ ફાયનાન્સ વર્ગ શરુ કરવો એ કોઇપણ સંસ્થા માટે અઘરું કામ હોય છે. આદિવાસી અને પછાત વિસ્તારોમાં જયારે મફત શિક્ષણ આપવાની વાત કરવી જોઇએ, એની જગ્યાએ આ સેલ્ફ ફાયનાન્સની વાત કરવામાં આવે છે, ત્યાં પણ મોટી સમસ્યા ઉભી થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિસ્તારની વાત કરું તો કાનપુર તાલુકામાં સાણી વિસ્તાર છે. ત્યાં ૧૦ ધોરણ સુધીની ગ્રાન્ટેડ માધ્યમિક શાળા છે. ૧૧ અને ૧૨માં ધોરણની શાળા છેલ્લા કેટલાક વર્ષોથી સેલ્ફ ફાયનાન્સ તરીકે ચલાવે છે. એણે માગણી કર્યા છતાં એને ગ્રાન્ટેડ બનાવવામાં આવતી નથી. એ વિસ્તારમાં બહેનોને ફી ભરીને ભણાવવી હોય તો કોઇ ભણાવતુ નથી. દસેક કિલોમીટર દૂર બીજી ગ્રાન્ટેડ સ્કૂલ છે, તો એની પોતાની સ્કૂલના બાળકોનું પ્રમાણ એટલું હોય છે કે નવા વર્ગોની મંજૂરી નહીં મળવાના કારણે તે બહેનોને એડમિશન આપતા નથી. સરકારની આવી નીતિના કારણે આ પ્રશ્ન ઉભો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું કે કોલેજોની અંદર ભૂતકાળમાં કોઇપણ વર્ગના વિદ્યાર્થીની સંખ્યા વધે તો નવા વર્ગોની મંજૂરી આપવામાં આવતી હતી. સાથોસાથ તાસનું પ્રમાણ વધે કે ૪ તાસ વધે તો એના માટે પણ પાર્ટ ટાઇમ માટે ખંડ સમયના અધ્યાપકોની મંજૂરી આપવામાં આવતી હતી. આ સરકારે આ કામ બંધ કર્યુ. જે લોકો ભૂતકાળમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કામ કરે છે, એ સંસ્થામાં પૂર્ણ સમયના વ્યાખ્યાતાની જરૂર ઉભી થઇ છે, તો એમને પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂક આપવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં આવા ૩૦૦ શિક્ષકો છેલ્લા કેટલાક વર્ષથી ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કામ કરે છે. એમની જરૂર છે. એકલા મધ્ય ગુજરાતમાં નોન ટીચીંગના સ્ટાફની જગ્યાઓ ખાલી છે અને ટીચીંગની પણ ૩૦૦ જગ્યાઓ ખાલી છે.

**શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આજે સામાજિક સેવાઓ પૈકી માનવ વિકાસમાં અગત્યનો ફાળો આપનાર શિક્ષણ વિભાગની વિવિધ સેવાઓને લગતી માગણી ક્રમાંક ૯ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

આજનું શિક્ષણ અને શિક્ષણ માટેની કાર્યવાહી માટે મારા પૂર્વ વકતાઓએ પ્રકાશ પાડયો છે, ત્યારે આંકડાની માયાજાળની વાત આ ગૃહમાં થતી હતી ત્યારે હું બરાબર એ વાત સાંભળતો હતો. પરંતુ મારા સાથી મિત્ર શ્રી કિશોરભાઇએ ઉચ્ચ શિક્ષણની વાત કરી છે એટલે હું એમાં નહીં પડું. પરંતુ હું પ્રાથમિક શિક્ષણને પ્રાધાન્ય આપીશ. એટલા માટે કે માનનીય અર્જુનભાઇએ જે વાત કરી છે એમાં પ્રાથમિક શિક્ષણ આજે કઇ જગ્યાએ છે અને ભૂતકાળમાં કેવું હતું તે પણ આ ગૃહમાં બેઠેલા આપણે સૌ જાણીએ છીએ. છતાં પણ આપણે બીજી વાત કરીએ છીએ એટલા માટે મારે આપને કહેવું છે કે ગુજરાતની અંદર પ્રાથમિક શિક્ષણનો સેટઅપ કેટલો હતો? હું ૧૯૯૭ની વાત કરું છું. તો ૧ લાખ ૮૨ હજાર જેવું ત્યારે સેટઅપ હતું. એમાં એ વખતે પ્રાથમિક શાળાઓના શિક્ષકો કેટલું ભણાવતા હતા તે પણ આપણે જોવું પડશે. એમાં લગભગ ૯૨ હજાર જેટલી જગ્યાઓ તો એ વખતે ખાલી હતી. ૧ લાખ ૮૨ હજારમાંથી ૯૨ હજાર જગ્યાઓ ખાલી હોય અને પછી આપણે અપેક્ષા રાખીએ કે અમારા બાળકોને સારું શિક્ષણ મળે તો કેવી રીતે શકય બને? અને અહીં આપણે વાત જુદી કરીએ તો એ વાત અસ્થાને છે. આજની વાસ્તવિકતા હું એટલા માટે કહેવા માગું છું કે આજે અમારા

ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીના પ્રયત્નોથી ગામડાંથી લઇ અને શહેરો સુધીનું જે પ્રાથમિક શિક્ષણ છે તે જોવા જઇએ તો એ પ્રાથમિક શિક્ષણ મજબૂત બની રહ્યું છે અને બાળકો સારી રીતે અભ્યાસ કરી રહ્યા છે. ૯૨ હજાર જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી હોય, રૂમના ઠેકાણા ન હોય, પ્રાથમિક શાળાના ઓરડાઓ ન હોય, ત્યારે મારે હું જયાં ભણતો હતો તે પ્રાથમિક શાળાની વાત કરવી છે. અમે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે સવારે અમને રૂમમાં બેસાડે, બીજો કલાસ આવે એટલે અમને પીપળા નીચે કે લીમડાં નીચે અભ્યાસ કરવા જવું પડે, તાપમાં બેસીને અભ્યાસ કરતા હતા એ દિવસો અમે જોયા છે. આજે સ્થિતિ બદલાઇ ગઇ છે. આ પ્રાથમિક શિક્ષણ ૧૦ વર્ષથી નથી આવ્યું. ૧૦ વર્ષની ભૂલો કાઢવાની આ વાત નથી. પણ હું જે ગામમાંથી આવું છું તે ગામમાં ૧૨૯ વર્ષ જૂની પ્રાથમિક શાળા છે. અને પ્રવેશોત્સવ વખતે મુરબ્બી શ્રી વજુભાઇ વાળા મારા ગામમાં આવ્યા હતા અને રાજયના ૯૨ વર્ષના એક બૂઝર્ગ વડીલ કે જેઓ આ શાળામાં ભણ્યા હતા તેઓને બોલાવી અને તેમનું સન્માન કરવામાં આવ્યું. અને એમને પૂછ્યું કે તમે કેવા સંજોગોમાં અભ્યાસ કર્યો હતો ત્યારે એમણે વાત કરી હતી કે અમે રૂમમાં નહીં પણ બહાર બેસીને વરસાદ, તડકો અને ઠંડીમાં બેસીને અભ્યાસ કર્યો છે. એટલે કહેવાનો અર્થ એ છે કે શિક્ષણ તો વર્ષોથી ચાલ્યું આવે છે. પણ એમાં સુધારા કયારથી કરવામાં આવ્યા? આ સુધારા એટલા માટે થયા છે કે આજનો જાગૃત વાલી છે તેને પોતાના બાળકોની ચિંતા થાય છે અને એમાં સરકાર પૂરક બની અને એ કામ પૂર્ણ કરવા માગે છે. હું વિદ્યા સહાયકની વાત કરું તો ૧ લાખની આસપાસ એટલે લગભગ ૯૨ હજાર જેટલી જગ્યાઓ ખાલી હતી. તેમાં ભરતી કેટલી થઇ એ વિગત જોઇએ તો ૧ લાખ ૩૨ હજાર જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી છે. એમાંથી ૮૫ હજાર જેટલા વિદ્યા સહાયકોનો પૂરા પગારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મારે એ વાત યાદ કરાવડાવવી છે કે સન ૧૯૯૭માં જે તે વખતના મુખ્યમંત્રીશ્રી શંકરસિંહજી વાઘેલા હતા એમણે આ યોજના બાલગુરુના નામથી શરૂ કરી હતી અને એમાં ફિકસ પગાર આપવાનું તમે નક્કી કર્યું હતું. તેમ છતાં આજે તમે શા માટે ફિકસ પગારની વાતો કરો છો ? જે તે વખતે કોંગ્રેસ સમર્થિત સરકાર ચાલતી હતી ત્યારે આ ફિકસ પગારની યોજના શરૂ કરવામાં આવી હતી એની વિગતમાં હું પડવા માગતો નથી. એ વખતની સરકારે કેટલો પગાર આપવો એ નક્કી કર્યુ હતું અત્યારે આ સરકારને એમ કહે છે કે તમે આ ફિકસ પગાર આપો છો અમે તો ૮૫ હજાર જેટલા વિદ્યા સહાયકોને પૂરા પગારમાં લઇ લીધા છે.

ત્યારબાદ મારે શાળાના ઓરડાઓની વાત કરવી છે. જે તે વખતે જયારે એમની સરકાર ચાલતી હતી ત્યારે શાળાના ઓરડાઓની સંખ્યા ૬૦ હજાર જેટલી હતી. જયારે આજે ૨ લાખ ૪૧ હજાર જેટલા શાળાના ઓરડાઓની સંખ્યા છે. એમાં બાળકો અભ્યાસ કરે છે. માનનીય ચંદુભાઇએ માનનીય શિક્ષણમંત્રીશ્રીના વિસ્તારની વાત કરી. મારે તો મારા વિસ્તારની વાત કરવી છે. સન ૧૯૯૭-૯૮માં મારા વિસ્તારની અંદર કોંગ્રેસના ધારાસભ્યશ્રી આવ્યા. મેં એમને કહ્યું કે ચાલો આપણે શાળાની મુલાકાત લઇએ. અહીંયા ખોટું બોલવાની વાત નથી. અમારા વેરાવળની બાજુમાં મોચીનગર નામની સ્કૂલ હતી. અમે ત્યાં ગયા, હું સરપંચ હતો, આ શાળાની હાલત તો જૂઓ, મારી સાથે ધારાસભ્યશ્રી આવ્યા હતા. ત્યાં રૂમમાં એક બાંકોરું હતું તો એમણે કહ્યું કે આ કેમ તૂટેલો રૂમ છે. ત્યારે ત્યાં એમને કહેવામાં આવ્યું કે અહીંયા રાત્રે આ બાંકોરા દ્વારા કૂતરા અને ભૂંડ બેસે છે અને દિવસે બાળકો ભણે છે. તમારા વખતે આ સ્થિતિ હતી. મેં આ ધારાસભ્યશ્રીને બતાવ્યું ત્યારે એમને એમ થયું કે આ હકીકત વાસ્તવિક છે. ગયા વરસે આ શાળાની અંદર રાજય સરકારના એક આઇ.એ. એસ. અધિકારી પ્રવેશોત્સવ, ગુણોત્સવ વખતે આવ્યા હતા. એમણે આ શાળાની મુલાકાત લીધી ત્યાં આજે દસ રૂમનું એમ મોટું બિલ્ડીંગ ઉભું છે. ચારેબાજુ ઝાડ ઉભા છે, આજુબાજુ લીલીછમ્મ હરિયાળી છે અને ત્યાં આજે બાળકો ભણી રહ્યા છે. છેલ્લા દસ વર્ષમાં આ સ્કૂલ સાવ બદલાઇ ગઇ છે. આ સરકારે આ કામગીરી કરી છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીની નેમ છે એમણે નક્કી કર્યુ છે કે છેવાડાનો માનવી ઝૂંપડામાં રહેતો માણસ એના દીકરાને સારુ શિક્ષણ મળે એની ચિંતા કરી છે. સાથે સાથે અમારી સરકારના મંત્રીઓ, ધારાસભ્યો અને સરકારી અધિકારીઓ પણ ગામડે ગામડે જાય છે. છેવાડાના

માનવીના બાળકને સારું શિક્ષણ મળે એવી આ સરકારની નેમ છે. અત્યારે સો ટકા નામાંકન થાય છે. તમે જઇને સ્કૂલના આચાર્યને પૂછો તો એ કહેશે કે આ ગામમાં આટલા બાળકોનું એડમીશન થઇ ગયું છે. અત્યારે અમારા શિક્ષકો પણ કર્મયોગી બની ગયા છે. શિક્ષકો સારી કામગીરી કરે છે. સરકાર સારી કામગીરી કરી રહી છે ત્યારે આજે સો ટકા નામાંકન થઇ રહ્યું છે. સાથેસાથે મારે એ વાત પણ કહેવી છે કે અમે જયારે પ્રવેશોત્સવ કે ગુણોત્સવમાં જતાં ત્યારે અમારા મિત્રો કહેતા કે તમે ધોરણ-૮ પ્રાથમિક શાળામાં શરૂ કરવાના છો તો એનો અભ્યાસ કોણ કરાવશે. સાયન્સના શિક્ષકો કોણ આપશે. પણ મિત્રો મારે તમને એ કહેવું છે કે, ધોરણ આઠ માટે ૫૦૦૦ રૂમ બનાવ્યા છે અને ૧૩૦૦૦ એમ.એસ.સી., બી.એડ., બી.એ. બી.એડ થયેલા શિક્ષકો ધોરણ આઠની અંદર સેવાઓ આપે છે અને આ કામ યાદ કરતા નથી. જયારે ભૂતકાળની અંદર શાળાની અંદર કોઇપણ સુવિધા ન મળે અને એની અંદર આપણા બાળકો ભણવા જાય અને શિક્ષકો ન હોય. મેં કહ્યું તેમ ૮૦૦૦૦ જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી હોય ત્યારે મારે મારા જુનાગઢ જિલ્લાની વાત કરવી છે. મારા જૂનાગઢ જિલ્લાની અંદર ૧૩૨૬ પ્રાથમિક શાળાઓ આવેલી છે તે આજે નવી નથી. ભૂતકાળથી ચાલી આવે છે. એની સુવિધા માટેની વાત કરવા માગું છું. ૧૩૨૬માંથી ૧૩૧૮માં આજે સેનિટરીની સુવિધા ઉપલબ્ધ થયેલ છે. કેમ કોઇ દિવસ પહેલાં હતી નહીં? આ ૧૩૧૮ શાળાઓમાં મોટા ભાગનું વીજળીકરણનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને વીજળીથી ઉપર પંખા ફરતા હોય અને બાળકો નીચે બેસીને અભ્યાસ કરે છે. ત્યારે આજે ૯૨૫૧ શિક્ષકો પોતાની ફરજ બજાવી રહ્યા છે. ભૂતકાળમાં ૬૦૦૦ શિક્ષકો કામ કરતા હતા. તા.૩૦-૯-૧૧ની સ્થિતિની વાત કરું તો આજે ૯૧૧૩ શિક્ષકો કામ કરે છે. ફકત કેટલી જગ્યાઓ ખાલી છે? ૧૩૮ જેટલી જ જગ્યાઓ ખાલી છે. ત્યારે માનનીય શિક્ષણમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. શિક્ષણ એક એવી બાબત છે કે જે માણસને સંપૂર્ણ માનવી બનાવી શકે છે. દેશ અને દુનિયાનો ખ્યાલ આવે ખબર પડે એ કાર્ય શિક્ષણ દ્વારા થતું હોય છે. શિક્ષણ વિભાગ આજે ત્રણ મંત્રીઓ સંભાળે છે. પ્રાથમિક શિક્ષણને મજબૂત કરવા માટેની વાત હોય, આ સરકારે અહીંયાં ભરતીની વાત કરી, વિદ્યા સહાયકોની ભરતી કરી. સમયાંતરે જેમ જરૂર પડે એમ શિક્ષકોની ભરતી થતી હોય છે. જે તે વખતે બાલગુરૂ યોજના શરૂ કરેલ. હજારો પીટીસી થયેલા બેરોજગાર અને બેકાર યુવાન-યુવતીઓ હતા એમને શાળાઓમાં શિક્ષકો તરીકે રૂ.૨૫૦૦/-ના ફિક્સ પગારથી ભરતી કરેલી છે. જેમ જેમ રજૂઆતો થતી ગઇ, જરૂરિયાત ઉભી થતી ગઇ તેમ તેમ શિક્ષકોની ભરતી કરતા ગયા અને એમના પગારમાં રૂ.૨૫૦૦/-થી રૂ.૪૫૦૦/- અને આજે રૂ.૫૫૦૦/- આપવામાં આવે છે. વિદ્યાસહાયકોની ભરતીમાં આજે આપણે જોઇએ તો ખોટા સર્ટિફિકેટ મૂકીને ભરતી થયેલ છે. એવી હજારો શાળાઓમાં ખોટા સર્ટિફિકેટ મૂકીને ભરતી થયેલા શિક્ષકો નોકરી કરે છે અને સાચા પીટીસી થયેલા લોકો બેકાર છે એમને અન્યાય થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ગુણોત્સવની વાત કરીએ છીએ. ગુણોત્સવ કેમ કરવો પડે છે? એમાં આઇ.એ.એસ,, આઇ.પી.એસ. કે અન્ય અધિકારીઓને ગુણોત્સવના કાર્યક્રમમાં મોકલીએ છીએ. શિક્ષકો છે એ ક્ષમા, શિસ્ત, સેવા અને કલાના ગુરૂ છે. ગુરૂ જ જ્ઞાન આપી શકે. ગુરૂ બિન જ્ઞાન નહીં. આજે શિક્ષકોને જે જવાબદારીઓ સોંપવામાં આવે છે એ જવાબદારીઓમાંથી મુકત કરવા જોઇએ. શિક્ષકોને બીજી જવાબદારી આપવી જોઇએ નહીં. આજે શિક્ષકોને વસ્તી ગણતરીમાં મોકલવામાં આવે છે, શિક્ષકોને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવે છે, શિક્ષકોને આજે ગરીબ કલ્યાણ મેળાઓમાં જોડવામાં આવે છે. શિક્ષકોને શિક્ષણનું કામ કરવા દો તો ગુણોત્સવ જેવા કાર્યક્રમની જરૂર ન પડે. અહીંયાં એ પણ વાત કરવામાં આવી કે, પ્રવેશોત્સવ કરવામાં આવે છે. પ્રવેશ ઉત્સવો પહેલા પણ કરવામાં આવતા પરંતુ અત્યારે જે કરવામાં આવે છે એનાથી થોડીક જે નામાંકન છે એ વધતા હોય છે એ સારી બાબત છે. અહીંયા એ પણ વાત કરી છે કે પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યા. મારા જ ગામની જ, મારા પે-

સેન્ટરની વાત કરીશ તો એમાં આઠ સાત ધોરણની શાળા છે એમાં ફકત એક જ ગણિત વિજ્ઞાનનો શિક્ષક છે. સાત શાળાઓની અંદર ગણિત વિજ્ઞાનનો શિક્ષક નથી. અને આને લીધે બાળકોમાં બીજી અસરો પડતી હોય છે. અહીં વાત થઇ સર્વશિક્ષા અભિયાનની. આજે ગામડાઓની અંદર આપણે જોઇશું તો કેન્દ્ર સરકાર એ ગુજરાત રાજયને ૬૫ ટકા પ્રમાણે અને રાજયના ૩૫ ટકા પ્રમાણે એવા નોમર્સ નકકી થયેલા છે. અને એના ભાગરુપે આજે રાજયની અંદર પ્રાથમિક શાળાના જે ઓરડા છે એ ઓરડા સારા અને આધુનિક ઢબના અને વિદ્યાર્થીઓને સારું શિક્ષણ અને સારું વાતાવરણ મળી રહે એ પ્રકારના સર્વશિક્ષા અભિયાન દ્વારા સાર્વત્રિક શિક્ષણ સ્થાયી શિક્ષણ અને ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે આવા ઓરડાઓની વાત કરી છે.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રી ૯ અને ૧૦ની માગણીઓ લઇને આવ્યા છે. એમાં અમૂક મારા વિચારો રજૂ કરુ છું. આજે ગુજરાતની અંદર પ્રી-મેટ્રીક સ્કોલરશીપ એ કેન્દ્ર સરકાર ૮૦ ટકા આપે છે. અને એના અંદર ૨૦ ટકા રાજય સરકાર આપે છે. તો એ પાછી અહીંયાથી મોકલે છે. અને કોઇ વિદ્યાર્થીઓને લાભ થતો નથી. બીજું મારે સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ અને કોલેજોની વાત કરવી છે. એની અંદર નિયમ છે કે ૨૫ ટકા ગરીબ વિદ્યાર્થીઓને લેવા જોઇએ. તો એમાં કોઇ રેકોર્ડ જ નથી હોતો. એ લોકો ખાલી ભ્રષ્ટાચાર સિવાય કશું કરતા જ નથી. કેમ કે જેટલી સ્કૂલો છે, જી.એલ.એસ છે કે લોયેલા છે કે પછી માઉન્ટ કાર્મેલ છે એની અંદર જાવ એક ગરીબ વિદ્યાર્થી મળશે નહીં. અને એના ફંડો તો એટલા બધા લેવામાં આવે છે કે ના પૂછો વાત. બિલ્ડીંગ ફંડ, આ ફંડ, પેલુ ફંડ, દુનિયાભરના ફંડ વાલી તો બિચારો એમાંને એમાં જ શહીદ થઇ જાય. એટલે આ સરકાર શિક્ષણ પાછળ કશું ધ્યાન આપવા માગતી જ નથી. એટલે મારે ખાસ કહેવું છે શિક્ષણ મંત્રીને કે તમે કંઇ કરો. અરે ધારાસભ્ય જાય તો એને બેસવાની ખુરશી નથી આપતા. ધારાસભ્ય ગુજરાતનો ગમે તે સ્કૂલમાં જાય તો એને એક એડમીશન નથી આપતા. એનું શું કારણ? અહીંયા બેસીને આપણે ચર્ચા કરીએ એ સાવ નકામી છે. બીજું સાહેબ, આ ગુજરાત રાજય વકફ બોર્ડ, જે અમે લોકો વકફ બોર્ડમાં હતા ત્યારે જે ૮૦ ટકા માર્ક લાવનાર વિદ્યાર્થીને ૧૦મા અને ૧૨માના વિદ્યાર્થીને અમે ૫ હજાર રૂપીયા ઇનામ તરીકે આપતા હતા. આજે છેલ્લા ૨ વર્ષથી એ બંધ કરવામાં આવ્યા છે, શું કારણ છે એ ખબર નથી પણ એ પૈસા કયાંથી આવતા હતા, એ પૈસા મસ્જિદ અને દરગાહોના ફંડમાંથી એ પૈસા આવતા હતા. સરકારના એ પૈસા નહોતા તોય એ પૈસા નથી આપતા એટલે ફંડમાંથી તો પૈસા આપવા જ જોઇએ. શિક્ષણ વધારવું હોય આપણે તો આદિવાસી, મુસ્લિમ અને દલિત પ્રત્યે ધ્યાન આપવું જોઇએ. મ્યુનિસિપલ સ્કૂલોમાં અત્યારે બિલકુલ સંખ્યા ઓછી છે. શિક્ષકો સાવ બેકાર થઇ ગયા છે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીમાં સાત જેટલા માનનીય સદસ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. સારા સજેશન્સ પણ આપ્યા છે. ભાઇશ્રી અર્જુનભાઇએ જયંતભાઇની, જૂઠના દ્રશ્યો કયાં સુધી ચાલે એની કવિતાની ચાર પંકિતઓ પણ કહી છે. મારે ચાર પંકિતથી મારા વિષયની શરૂઆત કરવી છે.

કિતના સુંદર દેશ થા મેરા બદરંગ કીયા ગોચાલોને
નોચ નોચ કર ઇસકો ખાયા કમિશનખોર દલાલોને.

શિક્ષણ વિભાગની અંદર આ કમિશનખોરોએ અને દલાલખોરોએ આખા શિક્ષણ વિભાગને બદનામ કરવાનું કામ દિલ્હીથી ગાંધીનગર સુધી કરવાના પ્રયાસો કર્યા છે. એની થોડીક ઝલક હું પાછળથી આપીશ, પહેલા તો મારા વિભાગની જે કામગીરી થઇ છે અને થવાની છે એ વિશેની થોડીક વિગતો આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકું છું. આપણે બધા જાણીએ છીએ તેમ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળ છેલ્લા ૯ વર્ષથી કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેશ ઉત્સવનો કાર્યક્રમ ચાલે છે.
માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીમંડળના તમામ સાથીઓ, તમામ અધિકારીઓ ત્રણ દિવસ સુધી ધોમ ધખતા તડકામાં આ દલિત, આદિવાસી, બક્ષીપંચ અને છેવાડાના બાળકો શાળા સુધી પહોંચે એના માટેનું જનજાગૃતિ અભિયાન આ રાજય સરકાર ચલાવી રહી છે. એના પરિપાકરૂપે આજે જે સ્થિતિ નિર્માણ થઇ છે,

અર્જુનભાઇએ ઘણા આંકડા આપ્યા છે પણ આ કેન્દ્ર સરકારના આંકડા હું રજૂ કરી રહ્યો છું. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે સ્ત્રી સાક્ષરતા દર ૨૦૦૧માં ૫૭.૮૦ ટકા હતો તે વધીને ૭૦.૭૩ ટકા એટલે કે ૧૨.૯૩ ટકાનો વધારો ગુજરાતમાં થયો છે. સમગ્ર દેશનો સ્ત્રી સાક્ષરતાનો દર ૬૫.૪૬ ટકા છે એના કરતાં વધારે આપણો ૭૦.૭૩ ટકા થયો છે. એ જ પ્રમાણે સમગ્ર સાક્ષરતા દર ૬૯.૧૪ ટકાથી વધીને ૭૯.૩૧ ટકા એટલે કે ૧૦.૧૭ ટકાનો વધારો થયો છે. અર્જુનભાઇ, આ કેન્દ્ર સરકારના આંકડા પ્રમાણે સાક્ષરતા દરમાં ગુજરાતમાં એનો ફાયદો થયો છે. કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેશોત્સવ એ આ સરકારનો કાર્યક્રમ નથી, આદરણીય મુખ્યમંત્રીશ્રીનો કાર્યક્રમ નથી, ગુજરાતમાં વસતા તમામ નાગરિકની આ મુળભૂત ફરજ છે અને જે રાજ્ય સરકાર છેલ્લા ૯ વર્ષથી કરી રહી છે. એના થોડા આંકડાઓની અંદર પણ હું આપને લઇ જવા માગું છું. જ્યાં સુધી કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ થયો ન હતો ત્યારે ગુજરાતમાં નામાંકન ૭૫.૭ ટકા હતું એ વધીને ૨૦૧૦-૧૧માં ૯૮.૬૪ ટકા સુધી પહોંચ્યું છે. એ જ પ્રમાણે શાળામાં જતા બાળકોનો શાળામાંથી ઊઠી જવાનો ડ્રોપ આઉટ રેશિયો ધોરણ ૧ થી ૫નો ૨૦૦૧માં ૨૦.૯૩ ટકા હતો તે ઘટીને માત્ર ૨.૦૭ ટકા થયો છે. ધોરણ ૧ થી ૭નો ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૩૨ ટકાથી ઘટીને ૭.૫૬ ટકા થયો છે. આ કન્યા કેળવણી રથયાત્રાના કારણે સીધેસીધો ફાયદો થયો છે. ગુણોત્સવની અહીં ઘણી બધી વાતો થઇ છે. મારે સામી પાટલીના મિત્રોને પૂછવું છે કે તમારી સરકારના કોઇ રાજ્યમાં ગુણોત્સવ નામનો શબ્દપ્રયોગ છે ખરો? આઝાદીના ૬૫ વર્ષમાં ક્યારેય ગુણોત્સવ શું કહેવાય એની ચિંતા કરી હતી? માત્ર ''અહો રૂપમ અહો ધ્વનિ'' નહીં ચાલે. ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય એટલે માત્ર અમે વખાણ કરીએ એ ન ચાલે. અમારે અમારી ખામીઓ શોધવી પડે. સારું કરીએ છીએ એમાંથી આપણે વધારે સારું શું કરીએ એના માટેના સંશોધનો આ સરકારે કર્યા છે અને એ ગુણોત્સવના કાર્યક્રમના કારણે અમારી કઇ ખામી છે, શાળાના ઓરડા પૂરતા છે, વીજળીકરણ થયું છે, કમ્પાઉન્ડ વોલ છે, ભૌતિક સુવિધાઓ ૩૦ ટકાની છે, બાળકોના લખવા-વાંચવાની પ્રવૃતિમાં સ્થિતિ શું છે, શિક્ષકો પોતે એનું મૂલ્યાંકન કરે, અહીંથી ગયેલા અધિકારીઓ મૂલ્યાંકન કરે. અમારો મૂળ આશય સારું છે એમાં વધારે સારું કેવી રીતે થઇ શકે અને એના માટેના પ્રમાણિકતાપૂર્વક અમે આંકડા બહાર પાડીએ છીએ. ગુજરાત સિવાય અન્ય કોઇ રાજયમાં કરતા નથી. શિક્ષકોને ગ્રેડ આપીએ છીએ, શાળાને ગ્રેડ આપીએ છીએ એની પાછળનો આશય એટલો છે કે અગાઉ શાળાને અને શિક્ષકને જે ગ્રેડ અપાયો હતો એ ફરી જઇએ ત્યારે એમાં સુધારો થવો જોઇએ. જો આ કાર્યક્રમ ન કર્યો હોત તો બાબા આદમના વખતનું શિક્ષણ ચાલતું હતું એમાં શું સુધારો કરવો, શું વધારો કરવો, શું અપેક્ષા છે એ કયારેય કોઇના ધ્યાને આવે નહીં. એટલા માટે કહ્યું કે આ રાજ્ય સરકાર સારું કરી રહી છે અને વધારે સારું કરવા માટેનો અમારો ગુણોત્સવનો પ્રયાસ છે અને એટલા માટે આખા દેશમાં મેં અગાઉ કહ્યું એ પ્રમાણે શિક્ષકો અને શાળાઓની ગ્રેડ પદ્ધતિ આ ગુજરાત રાજ્યમાં થઇ છે. આની ભૌતિક સુવિધાની બાબતની અંદર પણ અમારે ઘણું બધું આના કારણે કરવું પડે છે. **'વાંચે ગુજરાત'**ના કાર્યક્રમ પહેલા શાળાઓમાં લાઇબ્રેરી હતી એ ઠીક પ્રમાણમાં નહોતી. ઘણાં બધા દાતાઓએ એમાં પુસ્તકો આપવાનો પ્રયાસ કર્યો છે. આ તબક્કે બધાનો હું આભારની લાગણી વ્યકત કરું છું. પરંતુ અમારે આ લાઇબ્રેરીઓને વધારે સારી બનાવવા માટે આ ૨૦૧૨-૧૩ના બજેટમાં ૩૪ કરોડ રૂપિયાનું આયોજન આ રાજ્ય સરકારે કર્યુ છે. શૈક્ષણિક સાધનો બાળકો માટે જોઇએ. ૩૨૮૦૦ કરતા વધારે શાળાઓની અંદર પ્રત્યેક શાળા દીઠ ૧૦,૦૦૦ રૂપિયાના શૈક્ષણિક સાધનો આપીને એની ગુણવત્તા સુધારવાનું કામ અમે કરીએ છીએ. સેનીટેશનની વ્યવસ્થા રાજ્યની તમામ શાળાઓમાં કરી છે. માત્ર સેનીટેશનની વ્યવસ્થા નહિ. માત્ર સેનીટેશન કર્યા પછી એની સફાઇ પણ થવી જોઇએ. આ સેનીટેશનની સફાઇ માટે અત્યાર સુધી માત્ર ૨૪૦૦ રૂપિયા આપતા હતા એના બદલે ૩૨૮૦૦ શાળામાં ૪૮૦૦ રૂપિયા લેખે એની સ્વચ્છતા માટેની કાર્યવાહી આ રાજ્ય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આખા હિન્દુસ્તાનભરમાં એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે જેમાં ધોરણ ૧ થી ૭ ના બાળકોને કોઇપણ પ્રકારના મફત પાઠ્યપુસ્તકો આપવામાં આવતા નથી અને એના કારણે ગુજરાત સરકાર પોતાના બજેટમાંથી આ મફત પાઠ્યપુસ્તકો આપે છે અને એના માટે

આ વર્ષે ૪૪.૭૦ લાખની જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે. આપણે બધા જાણીએ છીએ તેમ બાળકનું અકાળે અવસાન થાય તો તેના વાલી વારસો માટે વિદ્યાદીપની યોજના આ રાજ્ય સરકારે અમલમાં મૂકી છે અને વિદ્યાદીપ યોજના માટે ૮૫ લાખ વિદ્યાર્થીઓ માટે ૩ કરોડ રૂપિયાની જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે. કન્યા કેળવણી રથયાત્રા સમયે ૩૫ ટકા સાક્ષરતાનો દર નીચો હોય એ ગામમાં જે પણ કન્યાઓ શાળામાં પ્રવેશ કરે તેને અત્યાર સુધીમાં અમે ૧૦૦૦ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપતા હતા. આ ૨૦૧૨ના વર્ષથી આ તમામ વિદ્યાર્થીઓને ૧૦૦૦થી બમણા કરીને ૨૦૦૦ સુધી એમને વિદ્યાલક્ષ્મી બોન્ડ આ રાજ્ય સરકાર આપવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરના વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર ભણે. ગામડાના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરની સુવિધા ના મળે અને મિત્રો આ કોમ્પ્યુટરની સુવિધા સમગ્ર દેશમાં એકલું ગુજરાત રાજ્ય આપી શકે એટલા માટે કે આખા દેશમાં જ્યોતિગ્રામ યોજનાના કારણે ગુજરાતના ૧૮૬૦૦ ગામોમાં વીજળી છે અને એ વીજળીના કારણે અત્યાર સુધીમાં તમામ શાળામાં કોમ્પ્યુટર આપવાનો પ્રયાસ કર્યો છે. બાકી રહેતી શાળાઓ માટે ૭૮ કરોડ રૂપિયાની જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોને હું ૧૯૯૫માં પહેલી વખત જ્યારે ચૂંટાયેલો ત્યારે શાળામાં ઓરડા નહોતા, શિક્ષકો નહોતા આ બધી જ વાતો આપણે જાણીએ છીએ. હમણાં અમારા પરમ મિત્ર વાતા કરતા હતા માનસિંગભાઇ કે એના કારણે પ્રોબ્લેમ હતો અને જરૂરિયાત હતી એટલા માટે શિક્ષકોની ભરતી કરી. આ રાજ્ય સરકારે ૧,૩૨,૯૩૮ વિદ્યાસહાયકોની ભરતી કરી છે. છેલ્લા બે વર્ષમાં ગણિત-વિજ્ઞાન-અંગ્રેજીના ૨૧૬૦૭ સ્નાતક વિદ્યાસહાયકોની આ સરકારે ભરતી કરી છે. આગામી વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષમાં આ રાજ્ય સરકાર બીજા ૧૫૦૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવા માટે જઇ રહી છે, જેમાં એના રેશિયા પ્રમાણે જ્યાં જરૂરિયાત ઊભી થશે ત્યાં PTC શિક્ષકોની ભરતી પણ કરવામાં આવશે. આ રાજ્ય સરકારે કેન્દ્રીયકૃત ભરતી કરવાનો પ્રયાસ કર્યો છે. પારદર્શક રીતે ઓન લાઇન ભરતી પ્રક્રિયા કરવાના કારણે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી એક પણ વિદ્યાસહાયકની ભરતીમાં કયારેય ભ્રષ્ટાચાર ના થાય આ રાજ્ય સરકારની નેમ સાથે કેન્દ્રીયકૃત ભરતી કરવાનો પ્રયાસ આ રાજ્ય સરકારે કર્યો છે એમાં એને સફળતા મળી છે.માનનીય અધ્યક્ષશ્રી, રાઇટ ટુ એજ્યુકેશન એકટના કારણે આ રાજ્ય સરકારે જ્યાં ધોરણ-૭મું હતું ત્યાં ધોરણ-૮નો સમાવેશ કર્યો છે. રાજયની ૧૦,૨૪૩ જેટલી શાળાઓમાં ધોરણ-૮મું શરૂ કર્યું છે. જુન,૨૦૧૨થી બીજી ૫,૭૪૦ શાળાઓની અંદર ધોરણ-૮મું શરૂ કરવામાં આવશે. બાકીની રહેલી જે શાળાઓ હશે એ ૨૦૧૩-૧૪ના વર્ષમાં સંપૂર્ણપણે એને પૂરી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓના ઓરડા અત્યાર સુધીમાં ૮૦,૭૫૦ બનાવ્યા છે. આગામી વર્ષે ૧૬,૬૭૬ બનાવીશું. કમ્પાઉન્ડ વોલ ૨૨,૨૦૪ બનાવેલી છે, આવતા વર્ષે બીજી ૨,૪૦૦ બનાવીશું. શિક્ષકો માટે અંતરિયાળ વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં શિક્ષકો સમયસર પહોંચે, બાળકોને સારું જ્ઞાન આપી શકે એટલા માટે એના કલસ્ટર બનાવીને એજ બ્લોકમાં સામૂહિક રીતે શિક્ષકો રહી શકે એના માટે સ્ટાફ કવાટર્સની જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે. અત્યાર સુધીમાં ૧,૦૧૮ સ્ટાફ કવાટર્સ બાંધવામાં આવ્યા છે, બીજા નવા ૨૫૨ સ્ટાફ કવાટર્સ બાંધવાની રાજ્ય સરકારની નેમ છે. એ સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર બેન્ચીસ માટેની પણ પૂરતી જોગવાઇ આ બજેટની અંદર આ રાજ્ય સરકારે કરી છે. આ સાથે સાથે રાઇટ ટુ એજ્યુકેશન એકટ કેન્દ્ર સરકારે દાખલ કર્યો છે અને એ એકટના અન્વયે ૬૫ ટકા એસ.એસ.સી.માં જેમ અગાઉ કહ્યું તે પ્રમાણે એમ ૮૦ ટકા રાઇટ ટુ એજ્યુકેશન એકટમાં કેન્દ્ર સરકાર, ૨૦ ટકા રાજ્ય સરકાર અને એમાં પણ ૬૫:૩૫ના રેશિયા પ્રમાણે રાજ્ય સરકારે કામગીરી કરવાની છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, છાપાઓમાં પણ સમાચારો આવતા હોય છે, અહીંયા પણ આપણે વાત વ્યકત કરતા હોઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓમાં કેટલી ગ્રાન્ટ મંજૂર થઇ, એ ગ્રાન્ટ પૈકી કેટલી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, જયારે હું આ વાત કરું છું ત્યારે હું એમાં ત્રીજા વિષયનો ઉમેરો કરું છું કે, ગ્રાન્ટ કેટલી મંજૂર કરવામાં આવી એની સાથે કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી અને એ ફાળવણી કરવાની ગ્રાન્ટ પૈકીમાં કેટલી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી,

મારે આ તબક્કે કહેવું જોઇએ કે, આખા દેશમાં રાઇટ ટુ એજ્યુકેશન એકટના અનુસંધાનમાં આખા દેશમાં સૌથી ઓછામાં ઓછી ગ્રાન્ટની ફાળવણી ૨૩ ટકા ફાળવણી માત્ર ગુજરાતમાં કેન્દ્રની સરકારે કરી છે. ગુજરાતને વ્યક્તિ દીઠ માત્ર ૩૦૮ રૂપિયા, સમગ્ર દેશમાં ૬૩૧ થી માંડીને ૩૯૦ રૂપિયાની ગ્રાન્ટ આ કેન્દ્ર સરકારે ફાળવી છે. આ અન્વયે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ, વડાપ્રધાનશ્રીને પત્ર લખ્યો છે, કેન્દ્રીય માનવ સંસાધન મંત્રીશ્રીને પત્ર લખ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજ દિન સુધી આનો કોઇ પણ હકારાત્મક અભિગમ અથવા હકારાત્મક જવાબ હજુ સુધી મળ્યો નથી. સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, જે રાઇટ ટુ એજ્યુકેશન એકટ પ્રમાણે શાળાઓના ઓરડાઓ બનાવવાના હોય છે, કમ્પાઉન્ડ વોલ, પીવાનું પાણી, શૌચાલયોની વ્યવસ્થા, માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબક્કે એવું કહેવું છે કે, કેન્દ્ર સરકારે ૬,૩૬૪ કરોડની દરખાસ્ત ગુજરાત સરકારે રજૂ કરી તેમાંથી માત્ર ૫૦ ટકા રકમ કેન્દ્ર તરફથી અમને ફાળવવામાં આવી છે ૨,૫૫૧ જેટલી. બાંધકામ પ્રવૃત્તિમાં ગ્રાન્ટ ક્યારેય ચૂકવવામાં નહીં આવે એ પ્રકારની વ્યવસ્થા આ દિલ્હીની સરકારે કરી છે. મારે આ તબક્કે માત્ર એટલું જ કહેવું છે કે, રાઇટ ટુ એજ્યુકેશન એકટની જયારે વાત કરતા હોઇએ ત્યારે, ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવાની વાતો કરતા હોઇએ ત્યારે, કેન્દ્ર સરકારે પાર્લામેન્ટમાં જે પ્રકારનું સમગ્ર રાજયોને વચન આપ્યું છે એ વચન પ્રમાણે માત્ર ને માત્ર ગુજરાતને જે પ્રકારનો અન્યાય થઇ રહ્યો છે એના પ્રત્યે મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઇ મશરૂ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે અમારે ૧૯૭૮૦ શિક્ષકોની જરૂરિયાત છે. કેન્દ્ર સરકારે જયારે રાઇટ ટુ ઇન્ફર્મેશન એકટ દાખલ કર્યો એ વખતે એણે સંપૂર્ણ પગાર આપવાની વાત કરી હતી. આજે કેન્દ્ર સરકાર માત્ર ૧૪૦૦૦ શિક્ષકોને પગાર આપવા માગે છે કે એનો મતલબ સીધો એટલો કે આગામી વર્ષે સમગ્ર ગુજરાત રાજયમાં ૫૦૦૦ શિક્ષકોની ઘટ રહેશે. હવે જો ગુજરાતની અંદર ૫૦૦૦ શિક્ષકોની ઘટ રહે તો શિક્ષણ કેવું ચાલી શકે એ આપણે બધા સારી રીતે સમજી શકીએ છીએ. સાથેસાથે મુખ્ય શિક્ષકોની ભરતી કરવાનું ગઇ વખતે અમને કહેવામાં આવ્યું. એનો સંપૂર્ણ પગાર આપવાની વાત કરી. રાજય સરકારે એની ભરતી કરી. હવે કેન્દ્ર સરકાર એમ કહે છે કે અમે મુખ્ય શિક્ષકનો પગાર નહીં આપીએ, અમે સામાન્ય શિક્ષકનો પગાર આપીશું એટલે બાકીના નાણા તમારે રાજય સરકારે ભોગવવાના રહેશે. દિલ્હીની પાર્લામેન્ટમાં ગરીબોની વાત કરવાની, શિક્ષણની વાત કરવાની અને બધું જ કામ સરકારો ઉપર નાખી દેવાનું અને આના કારણે રાજય સરકાર પર જે નાખવામાં આવેલી છે એમાં મારે એટલું જ કહેવું છે કે રાઇટ ટુ એજયુકેશન એકટની અમલવારીમાં અમે માગેલી ૨૦૧ નવી શાળાઓ અને ૪૯ જેટલા નિવાસી છાત્રાલયો દિલ્હીની સરકારે નામંજુર કરેલા છે. ગર્લ્સ એજયુકેશન, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, લઘુમતિ આ બજેટમાં ૮,૫૦,૦૦,૦૦૦નો સીધેસીધો ૩૧ મી માર્ચ પહેલા દિલ્હીની સરકારે ઘટાડો કર્યો છે. આ બધી વાતો ઉપરથી રાઇટ ટુ એજયુકેશન એકટ અને કેન્દ્ર સરકાર શિક્ષણ માટે કેટલી ગંભીર છે એ આપણે સમજી શકીએ છીએ. કારણકે અહીંયા અર્જુનભાઇએ ઘણીબધી વાતો કરી છે. તમારો નંબર આટલા મો અને તમારો નંબર ફલાણા મો હવે પાંચ હજાર શિક્ષકોની ઘટ, જાહેરાત કરવી અને પછી રાજય સરકાર પર નાખવું અને અહીંયા પછી કહેવું કે કેમ તમારો નંબર પાછળ રહયો આ પ્રકારની *(**xxxx**) વાત ચાલી શકે નહીં. મારે માધ્યમિક શિક્ષણની થોડી વાત કરવી છે. (અંતરાય) (**xxxx**) પાછું આપણે એક જ મોઢાનું રાખીએ કાંઇ વાંધો નહીં. ૨૦૦૧માં ૧૨૭ સરકારી શાળાઓ ગુજરાતમાં હતી. આજે ૭૫૦ શાળાઓ છે. ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ ૩૯૧૦ હતી. આજે ૫૫૨૨ છે. સ્વનિર્ભર ૩૭૪ હતી. એ ૩૭૭૧ થઇ છે અને એની સાથે વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪લાખના બદલે ૩૦ લાખ થઇ છે. હમણા અર્જુનભાઇ આંકડા આપતા હતાને. પ્રાથમિક શાળાનો આંકડો અર્જુનભાઇનો જરા પહેલા આપી દઉં ૮૧,૩૪,૦૦૦ ના એમના જે પણ કોઇ અહેવાલ હશે એ અહેવાલને જરા વેરીફાઇ કરી દે. રાજય સરકારના ૨૦૧૧-૧૨ ના પ્રાથમિક શાળાના ૮૭લાખ વિદ્યાર્થીઓ છે. એમણે ૮૧

---

* (xxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

કહ્યા હતા. માધ્યમિક શાળામાં ૨૪લાખ શિક્ષકો પહેલા હતા અત્યારે ૩૦લાખ શિક્ષકો રાજય સરકાર કરી રહી છે. ૪૦ જેટલા તાલુકામાં સો ટકા વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આ રાજય સરકારે આપી. આની અંદર પણ (અંતરાય)

# પોઇન્ટ ઓફ વેરીફીકેશન

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઇન્ટ ઓફ વેરીફીકેશન છે. પ્રાથમિક શાળાના આંકડા આપેલા છે. આપ ખાનગી અને બંને સાથે ગણીને કરતા હશો તો જુદી વાત છે. મેં સરકારી પ્રાથમિક શાળાના કહ્યા છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : તમે જે કહ્યું છે એ ૮૧.૩૪ ટકા વિદ્યાર્થીઓ ૧૯૯૮–૯૯ માં હતા. (અંતરાય) આ તમારું મેં બરાબર અક્ષરસઃ લખ્યું છે. (અંતરાય) હું ફરીથી તમને કહું. ૨૦૧૧–૧૨માં ૮૭ લાખ વિદ્યાર્થીઓ રાજય સરકારના આંકડા પ્રમાણે છે. કંઇ જુદું હોય તો આપણે વેરી ફાઇ કરી લઇશું. મને કોઇ વાંધો નથી. મારે માત્ર એટલું કહેવું છે ઉચ્ચ શિક્ષણની વાત હમણા અમારા પ્રોફેસર સાહેબ કહેતા હતા. આ વાત કરી દઉં પહેલા એક વાત કહું. ધોરણ–૧૦ અને ૧૨ ની પરીક્ષા પાસ કર્યા પછી આખા હિન્દુસ્તાનભરમાં ૧૦૦ માંથી માત્ર ૧૧ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે છે. માત્ર ૧૧ ટકા વિદ્યાર્થીઓ. ગુજરાત એક માત્ર રાજ્ય એવું છે કે ૧૨ માં ધોરણની પરીક્ષા પછી ૧૫ ટકા એટલે ૧૫ વિદ્યાર્થીઓ હાયર એજ્યુકેશન ભણી રહ્યા છે. આખા દેશમાં ૧૦૦ એ માત્ર ૧૧, પ્રોફેસર સાહેબ. તમે ડ્રોપ આઉટ રેશિયાની વાત કરતા હતા. વધારે નામાંકનની વાત કરતા હતા. હું એ ફિગરની વાત કરી રહ્યો છું. માધ્યમિક શિક્ષણની વાત રહી ગઇ.(અંતરાય) **(xxxx)** (અંતરાય) **(xxxx)** ખબર નથી તમને. આજના અહેવાલો પણ છે. માધ્યમિક શિક્ષણ બોર્ડના પણ છે. અર્જુનભાઇ, આ એમની ટીકા માટે નથી કહેતો. તમારા ધ્યાનમાં નથી, એટલે માધ્યમિક શિક્ષણ બોર્ડના અહેવાલો છે. સમાચાર પત્રોમાં પણ છે. * **(xxxx)** **(xxxx)** (અંતરાય) હું માત્ર તમને..

### પોઇન્ટ ઓફ ઓર્ડર
### શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. કોઇ સભ્ય કે કોઇપણ મંત્રીશ્રી ઉપર આક્ષેપ કરવો હોય તો એણે અગાઉથી જાણ કરી આપની પરવાનગી લઇને કરવો પડે. કરવા હોય એના ઉપર તો આપ જરૂરથી નોટિસ આપીને કરજો. અમે પણ એવી રીતે કરીશું.

સભાપતિશ્રી : એવી આપણી પ્રણાલિ છે, એટલે પ્રવચન ઉપર આપ આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આ શબ્દ રદ થવા જોઇએ.(અંતરાય)

સભાપતિશ્રી : આ શબ્દ રેકર્ડ ઉપરથી રદ કરું છું.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય કોંગ્રેસ પક્ષના અધ્યક્ષે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને કોઇ સભ્ય ઉપર આક્ષેપ કરરવાની વાત કરી છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ આક્ષેપ નથી કર્યો. એમણે અહેવાલ આવ્યો છે અખબારમાં. એ અહેવાલ ટેબલ ઉપર મુકાવી દો. વધુમાં વધુ એ અહેવાલ ટેબલ ઉપર મૂકી દે.

સભાપતિશ્રી : રમણભાઇ, આપનું પ્રવચન ચાલુ કરો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં માત્ર એટલી વાત કરી. અર્જુનભાઇ જરા ધ્યાનથી. **(xxxx)** તમારી મારી વાત થઇ છે એટલે મેં ગુડફેઇથમાં તમને એવું કહ્યું કે શું સમાચાર છે? હવે હું ઓન રેકર્ડ કહેવા માગું છું. અમારા માધ્યમિક શિક્ષણ બોર્ડની જે પરીક્ષાઓ ચાલી રહી છે એ પરીક્ષાઓ સૂચારુરૂપે ચાલે અહીયા બેઠેલા ગૃહના તમામ સભ્યોની જવાબદારી છે. આ પરીક્ષાઓ સારી રીતે ચાલે ત્યારે ગૃહના તમામ સભ્યોની જવાબદારી હોય ત્યારે મારા શિક્ષણના અધિકારીઓ સામે કોઇ ધાકધમકી આપશે તો

* **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

એની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હું ઓન રેકર્ડ કહેવા માગું છું.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇનું નામ દીધું નથી.

સભાપતિશ્રી : કુંવરજીભાઇ પ્લીઝ, બેસી જાઓ. નામ નથી આપ્યું. કોઇનું નામ નથી આપ્યું.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇનું નામ નથી દીધું. મેં એવું કહ્યું છે કે..

સભાપતિશ્રી : એમનું કહેવાનું એટલું છે કે મંત્રીશ્રીનું પરીક્ષાઓ બરાબર વ્યવસ્થિત ચાલવી જોઇએ. એમાં કોઇ દખલગીરી સહન નથી કરવાની. વાત સાચી. સરકાર ન કરે. આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણમાં અમે કેન્દ્રીયકૃત ભરતીની પ્રથા દાખલ કરી છે. અમારો પ્રશ્ન માત્ર એટલો છે કે આ કેન્દ્રીય કૃત ભરતી થવાના કારણે બધા જ શિક્ષકોને ઠીક પ્રમાણમાં ન્યાય મળે, સારા શિક્ષકો અમને મળે અને એના કારણે કેન્દ્રીયકૃત ભરતી કરવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ. મારે સંસ્કૃત પાઠશાળાઓ માટેની એક વાત કરવી છે. સંસ્કૃત પાઠશાળા વિદ્યાર્થીઓને અત્યાર સુધીમાં એમને શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. આ શિષ્યવૃત્તિ ૧૯૮૪ માં ૨૦૧૨ સુધી આ શિષ્યવૃત્તિમાં વધારો થયો નથી, એટલા માટે મધ્યમ કક્ષાની ૨૫ ના બદલે ૧૫૦ રૂપિયા એટલે ૬ ગણો વધારો. અને શાસ્ત્રીય કક્ષામાં ૩૫ રૂપિયના બદલે ૨૦૦ એટલે ૬ ગણો વધારો. માનનીય અધ્યક્ષશ્રી, આચાર્ય કક્ષાની શિષ્યવૃત્તિમાં ૫૦થી વધારીને ૪૦૦ રૂપિયા એટલે આઠગણો વધારો આ રાજય સરકાર કરવા માગે છે. ૨૦૧૧-૧૨માં ૩૨૬ નવી સરકારી શાળાઓ આ રાજય સરકાર કરવા માગે છે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે ઉચ્ચ શિક્ષણની અંદર રાજય સરકાર જયારે આગળ વધી રહી છે ત્યારે મારે માત્ર એટલું કહેવું છે કોલેજોની સંખ્યા ૨૦૦૧માં ૧૧ હતી આજે ૪૯ સુધી પહોંચી છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૧માં ૩ લાખ હતી તે વધીને ૧૦ લાખ સુધી પહોંચી છે અને જયારે ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધ્યો છે ત્યારે ૧૫ જેટલી નવી કોલેજો નવા શૈક્ષણિક સત્રથી અમે શરૂ કરવા માટે જઇ રહ્યા છીએ. અમરેલી જિલ્લાના જાફરાબાદ ખાતે સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખેડા જિલ્લાના કઠલાલ ખાતે વાણિજય અને વિનયન કોલેજ, જુનાગઢના ભેંસાણ ખાતે વિનયન કોલેજ, પોરબંદર જિલ્લાના રાણાવાવ ખાતે વિનયન કોલેજ, રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી ખાતે વિનયન કોલેજ, રાજકોટના પડધરી ખાતે વાણિજય અને વિનયન કોલેજ, સુરેન્દ્રનગરના ચોટીલા ખાતે વિનયન કોલેજ, દાહોદના ધાનપુર ખાતે વિનયન કોલેજ, નર્મદાના સાગબારા ખાતે વિનયન કોલેજ, વડનગર ખાતે વિજ્ઞાન કોલેજ, માંગરોળ ખાતે વિજ્ઞાન કોલેજ, ભાવનગરના ગઢડા ખાતે વિનયન અને વાણિજય કોલેજ, વલસાડના કપરાડા ખાતે સરકારી વિનયન કોલેજ, ડાંગ આહવા ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ અને બનાસકાંઠાના વાવ ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ શરૂ કરવા માટે જઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ વર્ષમાં ૩૬ અને બીજી ૧૫ એટલે ૫૧ કોલેજો આ રાજય સરકાર શરૂ કરવા જઇ રહી છે. મારા ટેકનિકલ શિક્ષણની વાત કરું તો ડિપ્લોમા, ડિગ્રી અને અન્યની અંદર અનેકગણો સીટોનો વધારો થયો છે તે આપણે બધા જાણીએ છીએ. મારે આ તબક્કે કહેવું છે કે માત્ર સેલ્ફ ફાઇનાન્સની અંદર સીટોનો વધારો થાય છે તે કહેવું ઠીક નથી. જેટલી સેલ્ફ ફાઇનાન્સમાં સીટોનો વધારો થાય એટલી જ બેઠકો સરકારી બેઠકોમાં પણ વધે તે રાજય સરકારનો અભિગમ છે. તેની પાછળનો આશય માત્ર એટલો છે કે ગરીબ વિદ્યાર્થીઓ ઓછી ફીમાં વધારેમાં વધારે ભણી શકે અને એટલા માટે અત્યાર સુધીમાં જેની ૨ લાખ ૫૦ કરતાં ઓછી આવક છે તેવા ૨૦૦૭ થી માંડીને અત્યાર સુધીમાં ૨૪૭૮૯ વિદ્યાર્થીઓને મફત એન્જિનિયરીંગ, ટેકનિકલ શિક્ષણમાં અમે ભણાવી રહ્યા છીએ. જે બાળક અને અત્યાર સુધીનું આપણું બી.પી.એલ.નું ધોરણ અથવા આવકની મર્યાદા ૨૫ હજારથી વધારે ન હતી. પહેલી વખત અઢી લાખથી ઓછી આવકવાળા ગરીબ લોકો માટે પણ આ ટેકનિકલ શિક્ષણની વ્યવસ્થા આ રાજય સરકારે કરી છે. મેં અગાઉ કહ્યું છે અને આપણે બિલ પણ પસાર કર્યુ છે, આપણે બધા જાણીએ છીએ તેમ ગુજરાતનો વિદ્યાર્થી પરપ્રાંતમાં જતો હતો, અન્ય દેશોમાં જતો હતો. હવેની સ્થિતિ સીટોની એ નિર્માણ થઇ છે કે બીજા રાજયના લોકો, અન્ય દેશના લોકો ગુજરાતમાં ભણવા આવે છે. જયારે ગુજરાતમાં ભણવા આવી રહયા છે ત્યારે અમારા શિક્ષણની અંદર, અમારી ફેકલ્ટીની અંદર અથવા અન્ય જે પણ કંઇ ખામી અથવા નબળાઇ હશે તે સંપૂર્ણ કરીને ટેકનિકલ શિક્ષણ ઠીક

દિશામાં આપવાનો પ્રયાસ આ રાજય સરકાર કરવા માગે છે. જી.ટી.યુ માટેની ઘણીબધી વાત થઇ છે. જી.ટી.યુ.ને સાઉથ એશિયાનો ૨૦૦૯નો મંથન એવોર્ડ મળ્યો છે. ૨૦૦૯નો ઇ–ઇન્ડિયા જયુરી એવોર્ડ મળ્યો છે. ૨૦૧૧નો જયુરી એવોર્ડ મળ્યો છે. જી.ટી.યુ. માટે માનનીય અર્જુનભાઇ કહેતા હતા કે તેનુ પરિણામ ઓછું છે. અમે પ્રમાણિકતામાં માનીએ છીએ. સેલ્ફ ફાઇનાન્સમાં પોતાની રીતે ત્યાં આવતા વિદ્યાર્થીઓ ગમે તેમ એ રીતે ન કરે પરંતુ તેની પાસે જેટલું જ્ઞાન હોય એટલું જ પરિણામ આવે. માત્ર પરિણામ વધારીને સેલ્ફ ફાઇનાન્સના અન્ય લોકોને અમે પ્રોત્સાહન આપવા માગતા નથી. પ્રમાણિકતા અને નિષ્ઠાથી, પરિણામ ભલે ઓછું આવે પણ સારા ગુણવત્તાસભર શિક્ષકો બહાર નીકળે તે રાજય સરકારની અપેક્ષા છે. મારા વિભાગની મેં માગણીઓ રજૂ કરી છે. હું સર્વે સભાગૃહના સભ્યોને વિનંતી કરું છું કે તેમની કાપ દરખાસ્તો પાછી ખેંચે અને મારી માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે.

ચંદુભાઇ મો. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે બે નાના પ્રશ્નો પૂછવા છે એમાં એક પ્રશ્ન એ છે કે, રાઇટ ટુ એજયુકેશન આવ્યું ત્યાર પહેલાં રાજયના શિક્ષણનો ખર્ચ કોણ ઉઠાવતા હતા, અને બીજો મારો નાનો પ્રશ્ન છે કે, પહેલાં દર વર્ષે આપણે શાળામાં કેળવણી નિરીક્ષકો એનું ઇન્સ્પેકશન કરતા હતા, અને છેલ્લા ચાર પાંચ વર્ષની આ ઇન્સ્પેકશન પ્રથા જ બંધ થઇ ગઇ છે, માંડ સીલેક્ટેડ થોડી શાળાઓમાં, તો આ પ્રથા ફરીથી ચાલુ કરવા માગો છો કે નહીં?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના બે વિષયો છે, મેં પહેલાં કહ્યું એ પ્રમાણે ધોરણ એકથી શાળાના બાળકોના સમગ્ર દેશમાં મફત પાઠ્યપુસ્તકોની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે છે, માત્ર ગુજરાતમાં આપતી નથી, એ જ પ્રમાણે ધોરણ એક થી સાતના તમામ શિક્ષકોનો પગાર આખા દેશમાં કેન્દ્ર સરકાર આપે છે, માત્ર ગુજરાત રાજયમાં આપતી નથી, જયારે રાઇટ ટુ એજયુકેશન એકટ આવવાના કારણે ધોરણ આઠમું થયું, એ વખતે કેન્દ્ર સરકારે પ્રોમીસ કર્યું હતું, પાર્લામેન્ટમાં વચન આપ્યું હતું કે ધોરણ આઠના જે શિક્ષકોની ભરતી થશે એનો ખર્ચો કેન્દ્ર સરકાર આપશે એ જ પ્રમાણે સર્વ શિક્ષણ અભિયાનની અંદર પણ અન્ય રાજયોને જે ફાળવણી થાય છે એ ફાળવણી પ્રમાણે તમને આપીશું એમાં ઘટાડો થાય છે, કેળવણી નિરીક્ષકોની જે છે એ પ્રથા ચાલુ છે, ક્યાંક ઢીલાશ હશે તો ઠીક કરવાનો પ્રયાસ અમે કરીશું અને ગુણોત્સવના કાર્યક્રમની અંદર એના ઉપર ભાર દઇ ગુણવત્તાસભર શિક્ષણ મળે એના માટેના રાજય સરકારના પ્રયાસો રહેશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી થોડીક સાચી માહિતી આપે એટલી વિનંતી સાથે, મારી પાસે માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક આંકડાકીય માહિતી પ્રાથમિક શિક્ષણ વર્ષ ૧૯૯૯–૨૦૦૦ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી એના આંકડા મુજબ ૧૯૯૯–૨૦૦૦માં ૮૧,૩૪,૦૦૪ વિદ્યાર્થીઓ સરકારી પ્રાથમિક શાળામાં ભણતા હતા, અને માનનીય અધ્યક્ષશ્રી, ફરી પાછી મને બીજી જે માહિતી રાજય સરકારે આપી છે એમાં કુલ ૬૦ લાખ જેટલા પ્રાથમિક શિક્ષણના બાળકો અત્યારે સરકારી પ્રાથમિક શાળામાં ભણે છે..

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જવાબ આપે અને મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તો(અંતરાય )આ સાચી માહિતી છે કે કેમ? તો માનનીય અધ્યક્ષશ્રી, મારો આટલો જ પ્રશ્ન છે. (અંતરાય)

ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,(અંતરરાય) અમે કયાં ના પાડીએ છીએ, મંત્રીશ્રી પ્રશ્નનો જવાબ તો આપશેને!

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ૮૧.૩૪ના આંકડા આપ્યા છે, એ અને ૨૦૧૧–૧૨ના ૮૭ લાખ વિદ્યાર્થીઓના મારા આંકડાને હું વળગી રહું છું અને ક્યારેય ૬૦ લાખ વિદ્યાર્થીઓનો આ રાજય સરકારમાં આટલો મોટો ઘટાડો માનનીય અર્જુનભાઇ, ક્યારેય હોઇ શકે નહીં.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૯ અને ૧૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**વિરામઃ ૨–૨૯ થી ૩–૧૫ કલાક**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઇ મશરૂ અધ્યક્ષ સ્થાને**

# બિન સરકારી વિધેયક

**સભાપતિશ્રી** :માનનીય અર્જુનભાઇ,(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** :માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

( આ તબક્કે માનનીય સભ્યશ્રી કુંવરજીભાઇ હળપતિએ સુત્રોચાર કર્યા)

**સભાપતિશ્રી** :માનનીય અર્જુનભાઇ, (અંતરાય) પ્લીઝ, કુંવરજીભાઇ પ્લીઝ. કુંવરજીભાઇ પ્લીઝ. (અંતરાય) પ્લીઝ. અર્જુનભાઇ, એક મિનિટ હું એમને સમજી લઉં જરા, આપ બેસો હું સમજી લઉં. મને સમજી લેવા દો કે તેઓ શું કહેવા માગે છે? માનનીય કુંવરજીભાઇ શું કહેવા માગો છો આપ?

**શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ :** અધ્યક્ષશ્રીની સ્ટાફ કેન્ટીનની અંદર તારો દિકરો કેમ પાસ થાય છે તે જોઇ લેવા અને તમને પણ જોઇ લેવા, ઘુંટણિયે પડી જશે એવી ધમકી ખુલ્લેઆમ આપી છે. તો રમણભાઇએ માફી માગવી જોઇએ. (અંતરાય)

**સભાપતિશ્રી** : આ હાઉસનો કોઇ પ્રશ્ન હોય તો કહો.(અંતરાય)

**શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ** : નહીં, નહીં. આપણી ગેલેરીની અંદર બનાવ બન્યો છે.

**સભાપતિશ્રી** : આ હાઉસનો કોઇ પ્રશ્ન નથી આપ બેસી જાવ. પ્લીઝ બેસી જાવ. માનનીય પ્રદિપસિંહજી આપ શું કહેવા માગો છો? અત્યારે બિન સરકારી વિધેયક છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**બિન સરકારી વિધેયકના પ્રભારી સભ્ય આ ગૃહના સભ્ય ન હોવા અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** માનીય અધ્યક્ષશ્રી, આ બિનસરકારી વિધેયક પર જ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

**સભાપતિશ્રી :** બિન સરકારી વિધેયકના સંદર્ભમાં છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** હાજી. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનનીય સભાગૃહ સમક્ષ જે આજના ઓર્ડર ઓફ ધ ડેમાં બતાવ્યું છે તે પ્રમાણે ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયક ૨૦૦૮ જે મને આપવામાં આવ્યું છે એ બિલમાં જે તે વખતના આ હાઉસના સદસ્ય શ્રી કુંવરજીભાઇ બાવળિયા ૮ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ એમણે વિધાનસભાની અંદર આ બિન સરકારી વિધેયક દાખલ કર્યું હતું અને આ દાખલ કર્યા પછી આ બિલના પ્રભારી એ છે. માનનીય અર્જુનભાઇ એ વિધેયકના પ્રભારી નથી. આ વિધેયકનું એમણે પહેલું, બીજું અને ત્રીજા વાચન માટેના પ્રસ્તાવો એમણે મુવર્ તરીકે દર્શાવેલ છે પણ સાચા અર્થમાં આ બિલના પ્રભારી તરીકે એ પોતે નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ કુંવરજીભાઇએ ૨૦૦૮માં દાખલ કર્યું પછી એ સંસદમાં ચૂંટાઇ ગયા પછી એમણે વિધાનસભાના સભ્ય તરીકે રાજીનામુ આપ્યું એટલે હવે તેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય રહેતા નથી એટલે આ બિલના સંબંધમાં આગળના પહેલા, બીજા અને ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી શકે તેમ નથી. અને આપણા વિધાનસભાના જે નિયમો પ્રમાણે આપણે ચાલીએ છીએ અને એ નિયમોમાં જે જુદા જુદા નિયમો છે અને એમાં નિયમોના નિયમ ૧૪૦ અને ૧૪૦ (ક)માં વિધેયકના સંબંધમાં પ્રસ્તાવ રજૂ કરવાની

સત્તા આમાં લખ્યું છે કે નિયમો ૧૩૦, ૧૩૨,૧૩૩,૧૩૬ અને ૧૪૦માં ગમે તે મજકૂર હોય તેમ છતાં વિધેયક દાખલ કરવામાં આવે ત્યાર પછી જો વિધેયકના પ્રભારી સભ્ય અધ્યક્ષને યોગ્ય લાગે તેવા કારણોસર વિધેયકના સંબંધમાં કોઇ અનુગામી પ્રસ્તાવ રજૂ કરવા અસમર્થ હોય તો તેઓ અધ્યક્ષશ્રીની અનુમતિ લઇને અન્ય સભ્યને તેઓ પ્રસ્તાવ રજૂ કરવાની લેખિત સત્તા આપી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા સંજોગોમાં જ્યારે વિધાનસભાની સમક્ષ આજે બિલ, બિન સરકારી વિધેયક આવ્યું છે અને એ બિન સરકારી વિધેયકની અંદર આ પ્રમાણે માનનીય અર્જુનભાઇનો ઉલ્લેખ પણ કરવામાં નથી આવ્યો અને એવા સંજોગોમાં આ બિલમાં કુંવરજીભાઇનું નામ દર્શાવવામાં આવ્યું છે એટલે એ બાબતમાં માનનીય અધ્યક્ષશ્રી હું આપનું માર્ગદર્શન માગું છું કે આના સંદર્ભમાં, આ એક વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિ સભાગૃહ સમક્ષ ઉભી થઇ છે અને જ્યારે ૧૪૦(ક) એ બહુ સ્પષ્ટ નિયમ છે અને પ્રભારી સભ્ય દ્વારા જ્યારે પોતાનું બિલ અન્યને ટ્રાન્સફર કરવામાં આવે અને જ્યારે પ્રભારી સભ્ય પોતે આ સન્માનનીય ગૃહના સભ્ય નથી એવા સંજોગોમાં મને લાગે છે કે આપના તરફથી મળતું માર્ગદર્શન આ ગૃહને હરહંમેશ માટે ઉપયોગી રહેશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ બિલ જે છે એ મેં વિધાનસભાના સચિવાલયમાં રજૂ કરેલું અને તે વખતે મને એ પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવેલું કે આ પ્રકારનું બિલ વિધાનસભામાં રજૂ થયેલું છે અને એ સભ્યશ્રીએ રાજીનામુ આપેલું છે એટલે આપનું નવું બિલ આ પ્રકારનું રજૂ થઇ શકે નહિ. પરંતુ આ બિલ આપ મૂવ કરી શકશો. એ સંદર્ભમાં આપના તરફથી જે માર્ગદર્શન આપવામાં આવેલું એ સંદર્ભે જ બિલ રજૂ થયેલું છે અને એમાં આ નિર્ણય મારો નથી આપનો જ છે અહીંયા આ પ્રકારે બિલ એજન્ડામાં લેવાનો, રજૂ કરવાનો અને એના પ્રભારી સભ્ય તરીકે રહેવાનો આપનો નિર્ણય છે અને આપના નિર્ણયને મેં માથે ચડાવીનેજ આગળ કાર્યવાહી કરેલી છે એટલે હું માનું છું કે આપનો નિર્ણય છે અને એ ચકાસીને જ આપે કર્યો હશે આમાં. એટલે મારે એથી વિશેષ કશું કહેવાનું નથી માત્ર એની પૂર્વભૂમિકાજ મારે તો આપને બતાવવાની છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ સન્માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય કર્યો છે અધ્યક્ષશ્રીના નિર્ણયના સંદર્ભમાં અમારે કંઇ જ કહેવાનું રહેતું નથી. માત્ર એવુંજ કે અમને જે આપવામાં આવેલું બિલ છે એમાં જે સભ્યશ્રી અત્યારે આ બિલ મૂવ કરી રહ્યા છે એ સભ્યના નામનો કોઇ ઉલ્લેખ નથી. એટલે અમે આપનું ધ્યાન દોર્યુ છે અને ભવિષ્યમાં આ પ્રમાણેની ઘટનામાં આપનું માર્ગદર્શન માગ્યું છે.

**શ્રી દિલીપભાઇ સંઘાણી** : સવાલ એટલો છે કે સચિવાલયે જ્યારે આ બિલ દાખલ કર્યુ છે ત્યારે નિયમો ચકાસ્યા હશે. ભવિષ્ય માટે પણ એક માર્ગદર્શક થાય એવો આ પ્રશ્ન ઉભો થયો છે. જ્યારે મૂવર સભ્ય, ગૃહના સભ્ય ના હોય એક વખત આ બિલની એમણે કરેલી રજૂઆત અથવા તો મૂવ જે કર્યુ હોય ત્યારે એ મેમ્બર ના હોય ત્યારે એમણે રજૂ કરેલા બિલની ચર્ચા થઇ શકે કે કેમ? આવા પ્રસંગો જવલ્લે જ બનતા હોય છે બિલ મૂવ થયાં પછી હાઉસ પૂર્ણ થઇ જાય, નવી ચુંટણી આવે એ નિયમો તો છે જ કે ઓટોમેટિક આ બધું લેપ્સ જાય ત્યારે ભવિષ્યમાં માર્ગદર્શન મળી રહે એટલા પૂરતું ખૂબ જરૂરી લાંબાગાળાનો આ નિર્ણય કરવો પડે તેમ છે અને એટલા માટે ઇકબાલભાઇ હું આમાંથી રસ્તો નીકળે એટલે ચર્ચા કરવા દઇએ પરંતુ આનો નિર્ણય અનામત રાખીને લાંબાગાળે થાય આજની ચર્ચા આગળ વધવા દઇએ જેથી કરીને નિર્ણય ભવિષ્ય માટે લાંબાગાળે થાય સંયુક્તપણે થાય એવો કંઇક નિર્ણય લઇએ એટલે પ્રાઇવેટ મેમ્બર બિલ છે એમાં સમય વ્યર્થ ન જાય અને ચર્ચા થાય અને આ નિર્ણય અનામત રાખીને સંયુક્તપણે લાંબાગાળે અસર થાય એવો કંઇક નિર્ણય આપની કક્ષાએથી લેવાય.

સભાપતિશ્રી : આ બાબતમાં અગાઉ કોઇ નિર્ણય થયેલા છે ખરા કોઇને ખ્યાલ છે ખરા?

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી જ્યારે સંસદીય મંત્રીશ્રીએ સંમતિ દર્શાવી છે ત્યારે અમે પણ ખાસ કરીને ગૃહ આપની પાસે અપેક્ષા રાખીએ છીએ કે આપ એનો અભ્યાસ કરીને ચકાસણી કરીને અને સામાન્ય રીતે ભવિષ્યના નિર્ણય પર અસરકર્તા જે નિયમોની મર્યાદામાં હોય તે પ્રમાણે લઇ શકો. પરંતુ મારું સ્પષ્ટપણે માનવું છે કે, અધ્યક્ષશ્રીના અગાઉના નિયમો, અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયો, અને તે નિર્ણયની ઉપર વાત કરેલી છે તેમાં સામાન્ય રીતે ગૃહમાં જે ઓર્ડરમાં આપણે એક વખત કામકાજની સૂચિ તૈયાર કરીએ

છીએ તે વખતે આ નિયમો ચકાસી અને તે ઓર્ડરની સૂચિમાં દાખલ થતું હોય છે. વિધાનસભાના નિયમોમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ છે કે જયારે એક વખત આ કાર્યસૂચિમાં સામેલ થાય છે ત્યારે સચિવશ્રી અને આ કક્ષાએ જયારે સંપૂર્ણ ચકાસીને મૂકે છે. ત્યાર પછી અધ્યક્ષની મર્યાદામાં રહીને મંજૂરી આપવાની આપણી સંસદીય પ્રથા છે. અધ્યક્ષશ્રીના અગાઉના આ અંગેના નિર્ણયો પણ છે. તેના ઉપર કામકાજમાં કોઇ ફેરફાર કરવા માટેના પણ આપના સિવાય આમાં કોઇ અધિકારો કોઇને પહોંચતો નથી. અત્યાર સુધીના કોઇ પણ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં આ અંગેનો કોઇ જજમેન્ટમાં પણ ઉલ્લેખ નથી. માત્ર એટલું જ છે સાહેબ, કે વન્સ ઓર્ડર ઓફ ધ ડે તૈયાર થાય અને તે તૈયાર થયા પછી તૈયાર થતાં પહેલાં સંપૂર્ણ કાયદાકીય ચકાસણી પછી જ વિધાનસભાના નિયમોને લાગુ પડે તે જ રીતે સચિવશ્રી તૈયાર કરી અને આપ સમક્ષ મૂકે અને ત્યાર પછી જ ઓર્ડર ઓફ ધ ડે વન્સ પબ્લિશ થાય અને પબ્લિશ થયા પછી as per the order of the day we have to work એવા આપણા અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયો પણ છે. સ્પષ્ટ રીતે કાયદાના માર્ગદર્શનમાં પણ છે છતાં પણ સંસદીય મંત્રીશ્રીએ જે રીતે વાત કરેલી છે ત્યાર પછી પણ અમે અમારી વાત મૂકી અને આની કોઇ પશ્ચાદ્ અસરો કે ભવિષ્યની એવી અસરો ના થાય અને સંસદીય પ્રણાલિકાઓ જળવાય રહે અને તેના જે અત્યાર સુધીના ઇતિહાસમાં જે વિધાનસભાએ કાર્યવાહી કરેલી છે તેની ગરિમા જળવાય રહે એ રીતે નિર્ણય લેવાય એવી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ એજન્ડાની આઇટમમાં ત્રીજા નંબરમાં પ્રભારી સભ્યશ્રી કુંવરજી બાવળિયા, પણ બિલ મેં રજૂ કરેલું છે. આ બાબત આપે ચકાસી લીધેલી છે. ચકાસણી કર્યા વગરનું અહીંયા આવ્યું છે તે વાતમાં તથ્ય નથી. આપે જે નિયમો પ્રમાણે, પરંપરાઓ પ્રમાણે લઇને અહીંયા આપની સમક્ષ મૂકેલું છે. મારે તો મારા નામથી જ બિલ મૂકવાનું હતુ પરંતુ હું મારા નામથી એક બિલ જયારે ગૃહની પ્રોપર્ટી બની ચૂકેલું હોય ત્યારે બીજુ આ જ પ્રકારનું બિલ આવી શકે નહીં. એટલે આપે જ મને માર્ગદર્શન આપેલુ હતુ કે આ બિલ જે છે તે પ્રભારી સભ્ય ગમે તે હોય પણ તેની ગેરહાજરીમાં બીજા સભ્ય એ બિલને મુવ કરી શકે આ પ્રકારની આપની સૂચના અન્વયે જ મેં આ બિલ રજૂ કરવાની આપની પરવાનગી માગી હતી અને આપે આપી હતી અને તે સંદર્ભમાં આ બિલ આવ્યું છે તેથી વિશેષ મારે કશું કહેવાનું નથી.

**સભાપતિશ્રી** : હું નિર્ણય આપું છું. નિયમ ૧૪૦–ક સ્પષ્ટ છે માનનીય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ, માનનીય સભ્યશ્રી ઇકબાલ ભાઇએ તથા માનનીય મંત્રીશ્રી દિલીપભાઇએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. તેમના મંતવ્યો મેં સાંભળ્યા પણ છે અને વિધાનસભાના નિયમોના નિયમ ૧૪૦–ક પણ મેં વાંચ્યો છે. માનનીય સભ્યશ્રી કુંવરજીભાઇ બાવળિયાના નામે ગૃહમાં આ વિધેયક દાખલ થઇ ગયેલ હોવાથી બંધારણની કલમ–૧૯૬(૩) હેઠળ વિધેયક સભાગૃહની પ્રોપર્ટી બને છે. વિધેયક સભાગૃહની પ્રોપર્ટી બનતું હોવાથી સભ્યશ્રી કુંવરજીભાઇ બાવળિયા ગૃહના સભ્ય તરીકે મટી ગયા હોવા છતાં પણ તેમના નામે નિયમ ૧૪૦– ક હેઠળની જોગવાઇના મુજબ આ વિધેયક ચાલુ રહે છે અને તેને કારણે કામકાજની યાદીમાં આ વિધેયકને તેમના નામે ચાલુ રાખવામાં આવ્યું છે. માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ આ જ વિષયની વસ્તુતઃ સમાન સૂચના વિધાનસભા સચિવાલયને આપી હતી. વિધાનસભાના નિયમોની જોગવાઇ અનુસાર આ જ વિષય અંગેનું સભ્યશ્રી કુંવરજીભાઇ બાવળિયાનું વિધેયક ગૃહ સમક્ષ પડતર હોવાથી સભ્યશ્રી અર્જુનભાઇની આ જ નિયમ હેઠળના વિધેયકની સૂચના દાખલ કરવામાં આવી ન હતી. પરંતુ ત્યારબાદ માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ આ વિધેયક સંબંધી પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરવા માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ માગણી કરી હતી અને અનુમતિ માગી હતી. જેનો માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ ૧૪૦–ક હેઠળની જોગવાઇના ભાવાર્થ મુજબ અનુમતિ આપી છે. આમ બંધારણની જોગવાઇ હેઠળ વિધેયક ગૃહમાં દાખલ થઇ ગયું હોવાથી અને તે વિધાનસભા ગૃહની પ્રોપર્ટી બની ગયેલ હોવાથી બંધારણની જોગવાઇ હેઠળ તેના પ્રભારી સભ્ય તરીકે મટી ગયા હોવા છતાં પણ વિધેયક ગૃહ સમક્ષ તેમના નામે પડતર હોવાથી તેના કારણે સભ્યશ્રી અર્જુનભાઇને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરવા માનનીય અધ્યક્ષશ્રીએ અનુમતિ આપી છે, ત્યારે માનનીય

સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે લાગણી વ્યકત કરી છે અને માનનીય પ્રદિપસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તે મુદ્દાનો હું અસ્વીકાર કરું છું. માનનીય અર્જુનભાઇને પહેલાં વાંચીને પ્રસ્તાવ રજૂ કરવાની અનુમતિ આપું છું.

# બિન સરકારી વિધેયકો (ક્રમશઃ)

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક–૫
### ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનું નિર્મૂલન
### કરવા બાબત વિધેયક, ૨૦૦૮

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૦૮ના ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અર્જુનભાઇ દે. મોઢવાડીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબતનું વિધેયક હું આ સભાગૃહ સમક્ષ લઇ આવ્યો છું. આ પ્રકારનો કાયદો થોડા વખત પહેલા મહારાષ્ટ્ર વિધાનસભાએ પસાર કર્યો. બીજા પણ અનેક રાજયોએ એમાં સૂર પૂરાવ્યો છે. આ જે કાળા જાદુ છે, એનો ભોગ સામાન્ય રીતે સમાજનો જે શોષિત વર્ગ છે એ બનતો હોય છે. જે લેભાગુ તત્વો છે એ જાદુના નામે અથવા તો બીજા મંત્ર–તંત્ર એવું બતાવીને કોઇ ચમત્કારિક શકિત પોતાનામાં છે, એવો પ્રભાવ પાથરીને સામેની વ્યકિતઓનો માનસિક કબજો લઇને એનું અનેક પ્રકારનું શોષણ થાય છે. એનો સૌથી વધારે ભોગ જે કોઇ બને છે તે સમાજનો ગરીબ વર્ગ, શોષિત વર્ગ, મહિલાઓ અને બાળકો બને છે. એનું એટલી હદ સુધી શોષણ કરવામાં આવે છે કે ઘણી વખત તો સમાજમાં બાળકોનો બલિ આપવાના દાખલા પણ બને છે. અને એમાં મા–બાપોનો માનસિક કબજો પણ ત્યાં સુધી લેવાય છે કે મા–બાપો પણ આ પ્રકારની પ્રવૃત્તિમાં કંચાક– કંચાક, કોઇક કોઇક જગ્યાએ જોડાતા હોય એવી સ્થિતિનું નિર્માણ થાય છે. આ બાબતની જાગૃતિ લાવવાની પણ એટલી જરૂર છે અને કાનૂન માટેની પણ એટલી જ જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બાળકો ઉપર આવા તંત્ર–મંત્રના પ્રયોગો થાય, એટલે એ બાળકોને કોઇને કોઇ પ્રકારે શારીરિક ઇજાઓ કરવામાં આવે, એ શારીરિક રીતે અપંગ થાય અને જીંદગીભર એ પ્રકારની અપંગતા સાથે એને જીવવું પડે. અને અપંગતાનું પ્રમાણ પણ તેના કારણે ખૂબ વધારે છે અને એ લોકો આજે આવા હજારેક અપંગ લોકો જે હતા તેમની કમનસીબે આજે ધરપકડ થઇ છે તે ખૂબ જ દુઃખદ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એ લોકોને મળવું જોઇતું હતું તે એમને મળ્યા નહીં તે પણ દુઃખદ છે. માનનીય અધ્યક્ષશ્રી, કેવા કેવા પ્રયોગો થાય છે. *(**xxxx**) (**xxxx**) (અંતરાય)

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### સબજયુડિસ હોવાથી રદ કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે આ બિલ અને બિલમાં તેના જે ઉદેશો આપેલા છે તે મેં વાંચ્યા છે. આખા ઉદેશો હું અહીં વાંચતો નથી. પરંતુ એમાં કાળા જાદુનું અનિષ્ટ અને અઘોરીના વ્યવસાય નિર્મૂલન થાય અને સમાજમાં આ પ્રમાણેની ઘટનાઓ બનતી હોય તો એના માટે આ સન્માનનીય સભાગૃહ તેની ચિંતા કરે તે છે. પરંતુ એવા કિસ્સા કે જે રાજય સરકાર દ્વારા જેનું કમિશન બનાવ્યું હોય અને કમિશન ઓફ ઇન્કવાયરી એકટ

---

* (xxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

હેઠળ સાબરમતિ આશ્રમ પાસે બનેલ ઘટનાની તપાસ ચાલુ હોય, અને તપાસ હેઠળ છે તેવા સંજોગોને સાંકળી અને તેની ચર્ચા કરે તે યોગ્ય નથી. આ સબ જયુડીશીયલ મેટર છે.

શ્રી સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, જે તપાસ આધીન વસ્તુ હોય તે ન બોલાય, એ સિવાય આપ ચાલુ કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે ઉલ્લેખ કર્યો તે * **(xxxx)** મેં કોઇ જગ્યાએ ઉલ્લેખ જ કર્યો નથી.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, એમ કહી અને એમનું નામ પણ લે છે. (અંતરાય–ઘોંઘાટ)

શ્રી સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી આપના આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય અર્જુનભાઈ તમે હળવાશથી લો છો પણ આ બિલ ઉપર આવી જાઓ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાત યાદ જ નહોતી, અને મને યાદ કરાવ્યું, સાબરમતિના કાંઠે તો ૫૦ આશ્રમ આવેલા છે. કયાંક એકાદ જગ્યાએ બાળકનો બલી દેવાયો છે.એટલે આ પ્રકારની પ્રવૃત્તિ કરનારા છે તેને આપણે રાજકીય માણસોએ પણ ટેકો નહીં કરવો જોઇએ. આવા લોકો મહિલાઓનું પણ શોષણ કરતા હોય છે, જમીનોનું દબાણ કરતા હોય છે, વડોદરામાં એક ભગવા કપડા પહેરેલ સાધુના વેશમાં માણસ આવ્યો અને તેની પાસે અનેક રાજકીય લોકો ગયા, અને આપણા સાહેબ પણ ગયા હતા અને ૩ કલાક સત્સંગ કરી આવ્યા હતા.

શ્રી વજુભાઇ રૂ. વાળા : આપણા સાહેબ એટલે કોણ? નામ લઇને કહો ને.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એ સાધુ, * **(xxxx)**

શ્રી સભાપતિશ્રી : માનનીય અર્જુનભાઇ આપણા ગૃહની પ્રણાલી રહી છે અને આપ પણ ઘણી વાર કહો છો કે જે સભ્યશ્રી ગૃહમાં હાજર ન હોય તેની સામે આપણે આક્ષેપ કરવા હોય તો કરી શકાતા નથી. આપ જ કહો છો, અને પછી આપ બોલો છો. આ જે આપે ઉલ્લેખ કર્યા છે તે નામના ઉલ્લેખ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં નામ આપ્યું જ નહોતું. એ ઉભા થઇ અને દર વખતે મને બોલાવે છે.

શ્રી વજુભાઇ વાળા : તમે આપણા સાહેબ કહ્યું હતું એટલે તમારા કયા સાહેબ હતા એ કહો ને.

## બિન સરકારી વિધેયકો (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મારા તો કોઇ છે જ નહીં, આપના સાહેબ હોય તો મને ખબર નથી. પણ માનનીય અધ્યક્ષશ્રી, આવા લોકો જે છે તે મહિલાઓનું શોષણ કરે છે. અને સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે જુદા જુદા રૂપમાં આવે છે. અને સમાજની અંદર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે એ જુદા જુદા રૂપમાં આવે છે. આ બિલનો હેતુ એવો છે કે આવા લોકોને કાયદા મુજબ જો કાયદો અસ્તિત્વમાં હોય તો તમામ લોકોને કાયદાનો ડર લાગે. સમાજના પ્રતિષ્ઠિત લોકો આવા લોકો પાસે જાય નહિ અને એના કારણે એ અટકે. (અંતરાય) સાહેબ પહેલી હરોળમાં કહો કે શાંતિ રાખે.

સભાપતિશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ ચાલુ રાખો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સૌથી વધારે આની અંદર કોઇનો દુરુપયોગ થતો હોય તો એ બાળકોનો થાય છે અને એના કારણે છેલ્લા ચાર વરસમાં ૩૫૦૦ જેટલા બાળકો ગૂમ થયા છે. એમનો પણ દુરુપયોગ આ વ્યવસાય સાથે સંકળાયેલા જે આ પ્રકારના લોકો છે એ કરતાં હોય છે. જો

---

* આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

આ કાયદો આવે તો એનાથી આ પ્રકારની પ્રવૃત્તિ અટકે અને આ પ્રવૃત્તિ કરનાર લોકો છે એને આપણે કોઇ પણ હિસાબે એને ડિસ્કરેજ કરવા જોઇએ એને રેકેગ્નાઇઝેશન મળે છે એ ન મળવું જોઇએ એને કારણે સોસાયટીની અંદર આવનાર લોકો છે. (અંતરાય) હું આ ગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે આ બિલને ટેકો આપે. આ બિલ આપણે પસાર કરીએ અને આ પ્રકારની પ્રવૃત્તિ કરનારા છે એ અટકે એ આ બિલ પાછળનો હેતુ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ જે વિધેયક લઇને આવ્યા છે. એ વિધેયકમાં જણાવેલી વિગતોનો આઇ.પી.સી.ના તમામ કાયદાઓમાં સમાવેશ છે એટલે એ માટે અલગ કાયદો બનાવવાની જરૂર નથી. મુશ્કેલી એ છે માનનીય અર્જુનભાઇ હવે સાંભળો, અમે કયાંય કોઇ દિવસ કહ્યું છે કે ચંદ્રાસ્વામીની આજુબાજુ કોણ ફરતુ હતું, કોણ એની સાથે આખો દિવસ રહેતા હતા. અમે કયાંક કહ્યું નથી. તેમ છતાં તમે કહેતા હો તો અમે નામ આપીએ. ધિરેન્દ્ર બ્રહ્મચારી આ બધા સાથે કોણ રહેતુ હતું. કાળાજાદુની વાત આવે છે ત્યારે હું ગઇકાલનો દાખલો આપું. પહેલા રેલ્વે એન્જિનને જોતા એટલે લોકો એને ભૂત સમજતા. ગઇકાલે એવું થયું કે બજેટ આવ્યું, બજેટ આવ્યા પછી શું જાદુ થયો એની ખબર નહિ. જેણે બજેટ રજૂ કર્યુ એણે કહ્યું કે હું આવતી કાલે રાજીનામું આપી દઇશ. પાછો રાતોરાત કાળોજાદુ થયો પાછી ગાડી પાટા ઉપર આવી ગઇ કે હું ચાલુ રહીશ. સાહેબ આની કયાં ફરિયાદ કરવી. આની ફરિયાદ કરવાની કોઇ જોગવાઇ છે?એટલા માટે અમે કહીએ છીએ કે there is sufficient provision in the IPC અને એટલા માટે બીજા કોઇ વિધેયક મારફતે કાયદા કાનૂન આ હાઉસમાં લાવવાની જરૂર નથી. માનનીય અર્જુનભાઇ પોતાને એમ માનતા હોય કે સારા અભ્યાસુ છે અમે પણ માનીએ છીએ. આઇ.પી.સી. આપ જાણો જ છો અને આઇ.પી.સી.ની તમામ કલમોમાં આ છળકપટ છેતરપીંડી અને મહાવ્યથાના ગુનાઓ અને તમામ પ્રકારનો સમાવેશ છે એટલે માનનીય સભ્યશ્રી આ બિલ પરત ખેંચી લે એટલી અમે વિનંતી કરીએ છીએ. બાકી કાળા જાદુની ફરિયાદ દિલ્હીમાં કરી નથી રાતોરાત જાદુ થઇ ગયો છે.

શ્રી સભાપતિશ્રી : ૩.૫૫એ પૂરું કરવાનું છે.. પ્લીઝ અર્જુનભાઇ..

**ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. કાલા જાદુ તો જે કોઇ નાખતા હોય એને ખબર પડે. આ વિષય ખૂબ ગંભીર છે. પછાત વિસ્તારોમાં સરકાર તરફથી કાળા જાદુ નાખવામાં આવતો હોય છે. મારે એ કહેવું છે કે, પછાત વિસ્તારોમાં એવા જે ઊંટ વૈદ્ય જેવા હોય છે એ લોકોને એટલો બધો માનસિક ત્રાસ આપતા હોય છે. જેનાથી ગરીબ માણસોને માનસિક નુકસાન થાય છે અને ઘરમાં ઘણી વખત એટલો બધો માનસિક કબજો મેળવી લે છે કે એના લીધે પરિસ્થિતિ એ થાય છે કે, ઘર-ઘરમાં વિખવાદ પેદા થાય છે. ઘરમાં ઘણી વખત કોઇ માણસ બિમાર પડે તો તેઓ કહે છે કે તમારા ઘરનો થાંભલો પોલો છે. ઘરનો થાંભલો એટલે ઘરના ધણીની મુશ્કેલી છે. ઘણી વખત એમ કહે છે કે, તમારી મા ડાકણ છે. પરિસ્થિતિ એ થાય છે કે, એના કારણે એમાં ખૂન થઇ ગયેલાના દાખલા છે. પોતાના છોકરા જ પોતાની માનું ખૂન કરી નાખે છે. કારણ કે, કાળા જાદુવાળા એમને એ રીતે સમજાવે છે. એવો એક બીજો કેસ પણ બનેલો કે, એમાં તમારી પત્ની ડાકણ છે. એનાથી એના ઘરવાળાને હેરાન થવું પડ્યુ. પછી પરિસ્થિતિ એ થાય છે કે, ખરેખર તો પેલીની હોજરીમાં કાણું પડી ગયેલુ. એનો એક્સ-રે પડાવ્યો ત્યારે ખબર પડી કે ખરેખર એની હોજરીમાં કાણું છે. આ રીતે આ લોકો એના ઉપર કબજો મેળવી લેતા હોય છે. ઘણી વખત એમાં નાના છોકરાઓના અપહરણ થતા હોય છે, એ ખૂબ મોટી બાબત છે, એ આપણે સમજવાની જરૂર છે. આ તો બધા હસી મજાકમાં લઇ લે છે. એ તો જેના છોકરા ગયા હોય એને જ ખબર પડે. રોજે રોજ આપણે જોઇએ છીએ કે, બે-બે છોકરાઓના અપહરણ થાય છે, આ શાના લીધે થાય છે? કયાંકને ક્યાંક આ કાળા જાદુ જેવું હોય છે. આ માણસોને....

શ્રી સભાપતિશ્રી : પ્લીઝ.. સભ્યશ્રી... (અંતરાય)... માનનીય મંત્રીશ્રી... નહીં ટાઇમ નથી..

**શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ જે બિલ લઇને આવ્યા છે એમાં માનનીય આત્મારામભાઇ અને માનનીય જોષીયારાજીએ પોતાના વિચારો રજૂ કર્યા છે.

શ્રી સભાપતિશ્રી : બન્ને બાજુથી એક-એક સભ્યશ્રીને બોલવા દીધા છે... નો.. પ્લીઝ..

શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે વાત કરી એ મહદઅંશે એ પ્રકારની અંધશ્રદ્ધાના કારણે, અનિષ્ટના કારણે મોટા ભાગે જે વર્ગને સહન કરવું પડે છે એ કાં તો મહિલા છે, કાં તો બાળકો છે અને કાં તો ગરીબો છે. એવા વર્ગના લોકો જ એનો ભોગ બનતા હોય છે. આ વાતનો એમણે ઉલ્લેખ કરેલ છે. એમણે બિલની અંદર એક સ્પષ્ટતા કરી ઊંટ વૈદ્યો અને આ બધા દૂષણો છે એ દૂષણને દૂર કરવા માટે આ બિલ લઇને આવ્યા છે. માનનીય જોષીયારાજીએ વાત કરી કે, એમના વિસ્તારમાં કેટલીક ડાકણોના કિસ્સા ટાંક્યા છે. આવી ઘટનાઓના કારણે ક્યાંક હત્યાઓ પણ થતી હોય છે. મારે એક વાત કરવી છે કે આ દેશને આઝાદી મળ્યા પછી, આ રાજ્યની સ્થાપના થયા પછી વર્ષો સુધી આ રાજ્યના નાગરિકોને શિક્ષણથી વંચિત રાખી, એને આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાથી વંચિત રાખી, આટલા વર્ષો સુધી લોકોની અવેરનેસ કરવી જોઇતી હતી એ અવેરનેસ ન થઇ શકવાના કારણે આ દૂષણો દાખલ થયા છે. આ એટલા માટે કહું છું કે, ડો. જોષીયારા સાહેબ, આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થઇને એમ કહે છે કે, પોતે ક્વોલીફાઇડ ડોક્ટર છે અને પોતાના સમાજની પીડા રજૂ કરે છે. જો આજ ડોકટર તરીકે એમને આ વિષયની સભાનતા છે, કે આ દુષણ દૂર કરવા. જો ૪૦ વર્ષ સુધી તમે આ ચિંતા કરી હોત, ડોકટર સાહેબ તમે જો ૪૦ વર્ષ સુધી આ વિસ્તારની ચિંતા કરી હોત તો અર્જુનભાઇને આ બિલ લઇને આવવાની જરૂર ના પડી હોત. અને કદાચ ડો.જોષીયારા સાહેબ આ એક કો-ઇન્સીડેન્સ છે કે મહારાષ્ટ્રમાં આવો કાયદો લાવવો પડયો. તમારી જ સરકાર ત્યાં છે. અને તમારે કાયદા લાવવા પડે છે. હજીએ ૪૦ વર્ષ પછી પણ અંધશ્રદ્ધા વહેમ અને ઉંટવૈદામાં જ જીવો છો. આ આજે જે બિલ લઇને આવ્યા છે અર્જુનભાઇ, મારે એટલું જ કહેવું છે કે આ એમના બિલની જે જોગવાઇઓ છે એ જોગવાઇઓ કરતા પણ વર્તમાન જે કાયદાઓ છે, જે આઇ.પી.સી. છે અને આઇ.પી.સી. સિવાય પણ સેન્ટ્રલના જેટલા કાયદા છે એની ડીફરન્ટ ડીફરન્ટ જે સેકશન છે એની આઇ.પી.સી. સેકશન ૧૦૯, ૧૧૫, ૧૧૭, ૨૦૮, ૨૦૯, આઇ.પી.સી.૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૪૨, ૩૫૪, ૫૦૦, ૫૦૬ અને ૫૦૮ આ આઇ.પી.સી. અલગ અલગ સેકશનોમાં અલગ અલગ જે પ્રમાણેનું કૃત્ય છે એ રીતની જોગવાઇઓ પણ છે. એટલે આના માટે વિશેષ કોઇ નવા કાયદા ઘડવાની મારી દૃષ્ટિએ આવશ્યકતા કોઇ રહેતી નથી. આ સાથે સેન્ટ્રલ ગવર્નમેન્ટનો ધ ડ્રગ્સ એન્ડ મેજીક રેમીડીસ એકટ ૧૯૫૪ એ પણ અસ્તિત્વમાં છે. એટલે આમાં વિશેષ બીજા કોઇ નવા કાયદાઓ કરવાની આવશ્યકતા નથી. સાથેસાથે માનનીય અર્જુનભાઇએ જે એમના વિધેયકની અંદર સૂચન કર્યુ છે કે સૂચિત કાયદામાં દરેક પોલીસ સ્ટેશનમાં વીજીલન્સ ઓફીસરની જગ્યાઓ ઉભી કરવા માટે એમણે રજૂઆત કરી. આ સી.આર.પી.સી.ની જે જોગવાઇ છે ૧૫૪માં એમાં દરેક થાણા અમલદાર તેની ઉપરની કક્ષાના અધિકારીને ગુનાની તપાસનો નિકાલ કરવાની સંપૂર્ણ સત્તા છે. એટલે એમાં વીજીલન્સ ઓફીસરની નિમણૂક કરવાની મારી દષ્ટિએ વિશેષ કોઇ આવશ્યકતા પણ નથી. આ સમાજમાં કયાંય કદાચ કોઇ છૂટક મૂટક અથવા તો રીમોટ એરીયામાં અથવા તો અંતરિયાળ વિસ્તારની અંદર આવા કોઇપણ જગ્યાએ કદાચ નાની મોટી આવી અંધશ્રદ્ધા, વહેમ કે ઉંટવૈદાનું જો કંઇ ચાલતું હશે તો એના માટે અવેરનેસ પ્રોગ્રામ જાથા અથવા તો અન્ય બીજી એન.જી.ઓ. સંસ્થા મારફતે અને રાજય સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ મારફતે પણ આ પ્રકારના અવેરનેસના કાર્યક્રમ પણ વખતોવખત કરવામાં આવતા જ હોય છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ લઇને અર્જુનભાઇ આવ્યા છે અને જે મિત્રોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. સન્માનનીય ગૃહને અને માનનીય સદસ્યને મારે વિનંતી કરવી છે કે આ બિલના હાર્દ સાથે કોઇપણ સંજોગોમાં સંમત થઇ શકાય એવું નથી. અને માનનીય સદસ્યશ્રીને વિનંતી કરુ છું કે આ બિલ પોતે પાછું ખેંચે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલ ઉપર માનનીય આત્મારામભાઇ, ડો. જોષીયારા અને માનનીય મંત્રીશ્રીએ પણ જવાબ આપ્યો. હું એમનો આભાર માનુ છું. પણ માનનીય મંત્રીશ્રી આ બિલના હાર્દ સાથે સંમત થયા હોત તો સારું હતું. એટલા માટે કે રાજકીય પ્રવચનો ઘણા કરી શકાય પણ ખરેખર આ મુશ્કેલીઓ છે એ પછી અંતરિયાળ વિસ્તારોમાં આ ઘટનાઓ બનતી નથી. અમદાવાદ જેવામાં અશોક જાડેજા હોય કે સંસદમાં જેમનું નામ લેતા આપ મને વારંવાર રોકો છો એ કહેવાતા સંત હોય કે અમારા સી.કે. રાઉલજી જેમનો ઉલ્લેખ કરતા હતા એ કાળી કામળીવાળા બાપુ હોય ત્યાં. એ બધા જ લોકો અબજો રુપીયા પ્રજાના લઇ ગયા. આવા કાળા જાદુઓ કરીને અને આને કારણે અસંખ્ય મહિલાઓ, અસંખ્ય કુટુંબો, અસંખ્ય બાળકો આ બધા જ લોકોને સહન કરવું પડયું છે અને જે ડો.જોષીયારા વાત કરતા હતા એ ઘટનાઓ લગભગ ગામની અંદર જે પછાત ગામો છે એની અંદર આવી ઘટનાઓ બનતી હોય છે. એટલે આપે જો એવી ખાતરી આપી હોત કે આ હાર્દ સાથે સંમત છું અને અમે નવું બિલ આવું લઇ આવીશું. તો ચોકકસપણે અમે પાછું ખેંચી લીધું હોત. પરંતુ આ ઘટનાને ઉલટાના એમ કહો છો કે આ છૂટક છૂટક છે. અશોક જાડેજા આખા અમદાવાદની અંદર કેટલા લોકોને લઇ ગયા અને આખા પંચમહાલ જિલ્લામાંથી કેટલાને લઇ ગયા એ છૂટક છૂટક બાબત નથી.અને અમુક લોકો છે એ બાળકોના બલિ આપે એ રાષ્ટ્રવ્યાપી પ્રશ્ન બની ગયો છે. એટલે આ પ્રશ્નને ગંભીરતાથી આપે લીધો હોત તો સારું હતું. આપે ગંભીરતાથી લીધો નથી એનું મને દુઃખ છે. એના હાર્દ સાથે સંમત નથી થતા એટલે હું મારું બિલ પાછું ખેંચતો નથી. હું મુવ કરવાનો આગ્રહ રાખું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી : વિધેયક નામૂજંર કરવામાં આવે છે.**

**સચિવશ્રી :** સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક– ૩૮ ૬ સન ૨૦૧૧નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક... શ્રી શંકરભાઇ ચૌધરી(થોડી વાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સચિવશ્રી :** સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક– ૧૯ ૬ સન ૨૦૧૦નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક... શ્રી ગોવિંદભાઇ પટેલ (થોડી વાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સચિવશ્રી :** સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક– ૧૮ ૬ સન ૨૦૧૦નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક... શ્રી ભૂપેન્દ્રભાઇ લાખાવાળા (થોડી વાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૩–૫૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૨ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

પુસ્તક. ૧૬૬) વિષયસૂચિ ત્રીજી શ્રેણી


| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષીયારા | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૭૨ |
| | બિન સરકારી વિધેયકો | ૫૧૫ |
| અનિલકુમાર અ. માળી | નર્મદા યોજનાની મડકાશાખાનું કામ | ૧૩૯ |
| | પાટણ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર | ૧૧૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો | ૩૦૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત | ૪૫૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ | ૪૨૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ | ૪૮૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૬૫ |
| અનિલકુમાર ત્રિ. પટેલ | આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઇવીંગ લાયસન્સના અરજદારો માટે સુધારા | ૨૭૭ |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૫૩ |
| | મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં ખેડૂતોને રાહત | ૭૫ |
| | મહેસાણા જિલ્લામાં કાર્યરત સરકારી આઇ.ટી.આઇ. | ૩૦૭ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ બાબત | ૪૨૯ |
| | મહેસાણા જિલ્લામાં નરેગા યોજનામાં થયેલ ખર્ચ | ૪૬૨ |
| | રાજ્યમાં ગ્રંથાલયો માટે ભવનોનું નિર્માણ | ૩૩૪ |
| | વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ સમિટમાં ભાગ લેનાર દેશો | ૧૧૯ |
| અનિલભાઇ જોષીયારા | આદિજાતિ વિકાસ વિભાગમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં ગ્રાન્ટની ફાળવણી | ૪૫૫ |
| | ન્યુ ગુજરાત પેટર્નના આયોજન માટે પ્રભારી મંત્રીઓના અધ્યક્ષ પણા હેઠળ મળેલ મીટીંગો | ૪૮૦ |
| | ભિલોડા તાલુકાના (મોટા સામેરા) છાપરા ગામમાં જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવાયેલ ગામો | ૪૮ |
| | રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા હેતુઓ માટે વપરાતી વીજળીના ભાવમાં વધારો | ૯૮ |
| | રાજ્યના બજેટમાં વિકાસલક્ષી અને વહીવટલક્ષી ખર્ચ | ૨૮૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે મળેલ અરજીઓ | ૧૩૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૨૦ |
| અભેસિંહ મો. તડવી | ઉકાઈ વીજ મથકને પૂરો પાડવામાં આવેલ કોલસાનો પૂરવઠો | ૧૨૧ |
| | ગેસ આધારિત વીજ મથકો માટે ફાળવવામાં આવેલ ગેસ પુરવઠો | ૭૯ |
| | નર્મદા જિલ્લામાં કાર્યરત સરકારી આઇ.ટી.આઈ. | ૩૧૭ |
| | વડોદરા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૨૫૯ |
| | વડોદરા જિલ્લામાં તલાટી-સહ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૪૧૪ |
| | વડોદરા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ | ૪૭૮ |
| | વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ | ૪૫૧ |
| | વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૯૦ |
| અમરસિંહ રા. વસાવા | આદિજાતિઓના વિકાસ માટે મુખ્ય મંત્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમમાં અંદાજપત્રમાં ફાળવેલ રકમ | ૪૬૮ |
| | નર્મદા અને ભરુચ જિલ્લામાં ખનીજ ચોરી | ૭૭ |
| | નર્મદા અને ભરૂચ જિલ્લામાંથી પકડાયેલ દારૂનો જથ્થો | ૧૨૧ |
| | પેસા કાયદા મુજબ આદિવાસીઓને વનોની ગૌણ પેદાશોના નફાની રકમ પંચાયત વિભાગમાં જમા કરવા બાબત | ૪૩૬ |
| | રાજ્યમાં બંધ કરવામાં આવેલ પેટા તિજોરીઓ | ૨૭૦ |
| અમિતકુમાર અ. ચાવડા | આણંદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૨૯૬ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | આણંદ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના ઘરથાળના પ્લોટ | ૪૫૯ |
| | આણંદ જિલ્લામાં એપ્રેન્ટીસશીપ એક્ટ હેઠળ આવરી લેવાયેલ એકમો | ૩૨૧ |
| | આણંદ જિલ્લામાં ચેરનું વાવેતર | ૪૮૪ |
| | આણંદ જિલ્લામાં વૃક્ષો કાપવાની મંજૂરી | ૪૨૫ |
| | આણંદ, ખેડા અને વડોદરા જિલ્લામાં બોન્ડેડ લેબરના ધ્યાન પર આવેલ કિસ્સા | ૨૬૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૨૮ |
| અર્જુનભાઇ દે. મોઢવાડીયા | અન્ન, નાગરિક પુરવઠા અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૧૫૪ |
| | કચ્છ, જામનગર અને સુરત જિલ્લામાં કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગની મંજૂરી વગર ઔદ્યોગિક ગૃહ દ્વારા થયેલ બાંધકામ | ૪૪૭ |
| | કેન્દ્રના આદિજાતિ મંત્રાલયે આદિવાસીઓના ઉત્થાન માટે આપેલ ગ્રાન્ટ | ૪૭૬ |
| | જામનગર, કચ્છ અને પોરબંદર જિલ્લામાં વિજ બિલ ન ચુકવનાર ડીફોલ્ટર ઔદ્યોગિક એકમો | ૬૬ |
| | તેરમાં નાણાપંચ અન્વયે કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ | ૨૭૬ |
| | નોટિસ દાખલ થવા અંગે | ૩૪૧ |
| | પાણી પુરવઠા પ્રભાગ અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૧૮૪ |
| | પોરબંદર, જામનગર અને કચ્છ જિલ્લામાં સી.આર. ઝેડની મંજૂરી | ૪૦૮ |
| | પોરબંદર, જામનગર અને જુનાગઢ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | ૩૦૬ |
| | બિન સરકારી વિધેયકો | ૫૧૩ |
| | બિન સરકારી વિધેયકો | ૫૧૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૪૯૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૧૪ |
| | રાજ્યની વીજ કંપનીઓ દ્વારા વીજ દરમાં વધારો | ૧૧૧ |
| | સબજ્યુડિસ હોવાથી રદ કરવા અંગે | ૫૧૪ |
| | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૧૯૬ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | દાહોદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાથીઓ | ૧૩૫ |
| | પંચમહાલ અને દાહોદ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ રહેણાંકના મકાનોની કામગીરી | ૧૦૧ |
| | પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધા | ૪૨૫ |
| | પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૫૨ |
| | પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૪૫૯ |
| | પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ | ૪૮૩ |
| | પંચમહાલ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૬૪ |
| | પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૯૫ |
| અશ્વિનકુમાર કોટવાલ | કચ્છમાં આવેલ આક્રીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૩૫ |
| અશ્વિનકુમાર કોટવાલ | ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૫૬ |
| અશ્વિનકુમાર કોટવાલ | રાજ્યમાં મરીન કમાન્ડો ટાસ્ક ફોર્સની રચના | ૧૦૩ |
| આત્મારામ મ. પરમાર | બિન સરકારી વિધેયકો | ૫૧૫ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો | ૪૭૭ |
| | ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૧ |
| | ભાવનગર જિલ્લામાં મહિલા જૂથોની રચના | ૪૦૯ |
| | ભાવનગર જિલ્લામાં વેટની આવક | ૩૨૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓએ સાયકલ મેળવવા કરેલ અરજીઓ | ૩૦૨ |
| | ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત | ૪૪૮ |
| | ભાવનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો | ૮૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૧૮ |
| | માજી સૈનિકોનો રાજ્ય પોલીસ સેવામાં સમાવેશ | ૧૨૨ |
| આર. સી. પટેલ | નર્મદા અને નવસારી જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો | ૬૦ |
| | નવસારી જિલ્લામાં કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર | ૪૦૧ |
| | નવસારી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૩૩૬ |
| | નવસારી જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૩૧૨ |
| | નવસારી જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ | ૧૦૭ |
| | નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ | ૪૪૧ |
| | નવસારી જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ ચુકવાયેલ સહાય | ૨૮૩ |
| ઇકબાલ પટેલ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૭૫ |
| | બિન સરકારી વિધેયક | ૫૧૧ |
| | ભરૂચ જિલ્લામાં પેટ્રોલિયમ કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ રીજીયન અંતર્ગત સંપાદન કરેલ જમીન | ૪૮ |
| ઇશ્વરભાઇ ન. વહીઆ | | |
| | અમરેલી જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૧૩૮ |
| | ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૧૦૯ |
| | ડાંગ જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૬૩ |
| | રાજ્યનું કુલ દેવું | ૩૧૩ |
| | રાજયમાં ડીઝલ ઉપર કરનો દર | ૨૮૫ |
| | સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારમાં શરૂ કરેલ નવી માધ્યમિક શાળાઓ | ૧૫૩ |
| ઉદેસિંહ પું. ઝાલા | શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક | ૨૬૧ |
| | સાબરકાંઠા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનોની મંજૂર જગ્યાઓ | ૪૭૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૨૯૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો | ૪૧૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં ટયુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૧૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર | ૫૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૫૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો | ૧૩૪ |
| | સાબરકાંઠા જીલ્લામાં પોલીસ રહેણાંક/બિનરહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી | ૧૦૧ |
| ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ | નર્મદા જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ. | ૩૨૯ |
| | નર્મદા જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો | ૧૦૧ |
| | રાજ્ય અનામત પોલીસદળ જૂથ-૧૪ માટે પૂર્ણ કરાયેલ રહેણાંક/બિનરહેણાંકના મકાનોના કામો | ૫૧ |
| | વડોદરા જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો | ૩૦૨ |
| | વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ | ૪૫૫ |
| | વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં, વિદ્યા સાધના યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત | ૪૮૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | વડોદરા જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે મળેલ અરજીઓ | ૧૩૪ |
| | વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૧ |
| | વડોદરા જિલ્લામાં સ્વર્ણિમગામ જાહેર કરવા બાબત | ૪૨૦ |
| ઋષિકેશભાઇ ગ. પટેલ | મહેસાણા જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ. | ૩૩૨ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ બાબત | ૪૪૬ |
| | મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજ કરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૪૪ |
| | મહેસાણા જિલ્લામાં નરેગા યોજનામાં થયેલ ખર્ચ | ૪૭૫ |
| | મહેસાણા જિલ્લામાં વેટની આવક | ૨૭૪ |
| | મહેસાણા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૦૫ |
| | મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૦૭ |
| | વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ સમિટ દરમિયાન યોજાયેલ સેમિનાર | ૯૫ |
| કનુભાઇ ભુ. ડાભી | | |
| | કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને માઇનોર કેનાલનું કામ | ૨૪ |
| | ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંકવાળા બી.પી.એલ.લાભાર્થીઓને મફત પ્લોટ | ૩૮૪ |
| | ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૮૩ |
| | ખેડા જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૩૩૫ |
| | ખેડા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૧૧ |
| | ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ ચુકવાયેલ સહાય | ૨૮૧ |
| કનુભાઇ વા. કલસરીયા | ભાવનગર જિલ્લામાં ખેડૂતોને કાંટાની વાડની રાહત | ૪૫૦ |
| | ભાવનગર જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલ સહાય આપવા પાછળ થયેલ ખર્ચ | ૩૧૩ |
| | ભાવનગર જિલ્લામાં બાળ મજૂરોનું શોષણ અટકાવવા કાર્યવાહી | ૩૩૭ |
| | ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૨૮૪ |
| | ભાવનગર જિલ્લામાં રોપાનું વાવેતર | ૪૧૨ |
| કમાભાઇ ગ. રાઠોડ | અમદાવાદ જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૩૦ |
| | અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો | ૪૦૩ |
| | અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો | ૪૭૩ |
| | અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૪૨ |
| | અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૩૦૩ |
| | અમદાવાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૨ |
| | અમદાવાદ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો | ૯૪ |
| | કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને મળતો કેરોસીનના જથ્થામાં કાપ | ૪૪૩ |
| કરશનભાઇ દુ. ઓડેદરા | કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને મળતો કેરોસીનનો જથ્થો | ૪૬૯ |
| | પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ ભરવા | ૪૯૦ |
| | પોરબંદર જિલ્લામાં નોંધાયેલ વાહનો | ૩૧૪ |
| | પોરબંદર જિલ્લામાં પોલીસ દળના આરોગ્ય ચકાસણી | ૬૨ |
| | પોરબંદર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત | ૪૩૭ |
| | પોરબંદર જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૮૫ |
| | પોરબંદર જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો | ૧૦૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કલ્યાણસિંહ દે. ચૌહાણ | ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-કનેકટીવીટીનું જોડાણ | ૪૮૫ |
| | ગાંધીનગર જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૨૮૩ |
| | ગાંધીનગર જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૩૩૬ |
| | ગાંધીનગર જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત | ૪૨૮ |
| | ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૧૨ |
| | ગાંધીનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૬૧ |
| | ગાંધીનગર વીજ મથકને પૂરો પાડવામાં આવેલ કોલસાનો પૂરવઠો | ૧૧૬ |
| | વીજ ઉત્પાદનના કોલસામાં ભાવ વધારાને કારણે ગાંધીનગર વીજ મથક પર આર્થિક બોજો | ૭૨ |
| કુંવરજીભાઇ ન. હળપતિ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૭૩ |
| | કચ્છમાં આવેલ આક્રીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૩૭ |
| | જુવેનાઇલ જસ્ટીસ એક્ટનું પાલન | ૨૭૭ |
| | જામનગર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૬૦ |
| | ભાવનગર જિલ્લામાં વેટની આવક | ૩૦૭ |
| | મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૧૦૭ |
| | માંડવી ટ્રાયબલ સબપ્લાન કચેરી દ્વારા ખેડૂતોને બિયારણ અને સાધન સામગ્રીની સહાય | ૪૨૩ |
| | રાજ્યનું કુલ દેવું | ૩૩૩ |
| | રાજ્યમાં ડીઝલ ઉપર કરનો દર | ૩૦૭ |
| | સુરત અને તાપી જિલ્લામાં વાજબી ભાવની દુકાનોમાં પાડેલ દરોડાઓ | ૪૮૩ |
| | સુરત જિલ્લામાં આદિવાસી ખેડુતોને જંગલની જમીનના વેચાણ દસ્તાવેજો | ૪૫૭ |
| કેશુભાઇ હી. નાકરાણી | ગેસ આધારિત વીજ મથકો માટે ગેસની ફાળવણી | ૫૨ |
| | ભાવનગર આર.ટી.ઓ. કચેરીની આવક | ૩૦૨ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની અરજીઓ. | ૩૯૭ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રાહક ફોરમનું મકાન | ૪૭૨ |
| | ભાવનગર જિલ્લામાં વેટની આવક | ૨૭૧ |
| | ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત | ૪૩૯ |
| | ભાવનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો | ૧૦૧ |
| | ભાવનગર જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ બિન રહેણાંકના મકાનોની કામગીરી | ૧૩૫ |
| | શેત્રુંજી નદીમાં રેતીની લીઝના પરવાના | ૧૮૧ |
| કાંતિભાઇ રા. પટેલ | નવી ઔદ્યોગિક નીતી અન્વયે મહેસાણા જિલ્લાના એકમોને વ્યાજ સહાય | ૧૪૦ |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૬૨ |
| | મહેસાણા જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ. | ૩૧૯ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ બાબત | ૪૬૯ |
| | મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૬૯ |
| | મહેસાણા જિલ્લામાં નરેગા યોજનામાં થયેલ ખર્ચ | ૪૮૯ |
| | મહેસાણા જિલ્લામાં પૂર્ણ કરાવેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો | ૧૧૪ |
| | મહેસાણા જિલ્લામાં વેટની આવક | ૨૯૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૩૬ |
| કાંતિલાલ રા. લકુમ | | |
| | અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૯૧ |
| કાંતિલાલ રા. લકુમ | અમદાવાદ જિલ્લામાં ટ્યુશન સહાય હેઠળ મળેલ અરજીઓ | ૩૩૩ |
| કાંતિલાલ રા. લકુમ | અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૫ |
| | અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૩૦૫ |
| | વીજ ઉત્પાદનના કોલસામાં ભાવ વધારાને કારણે ગાંધીનગર વીજ મથક પર આર્થિક બોજો | ૪૦ |
| કાંતિલાલ શી. અમૃતિયા | માળિયા શાખા તથા નર્મદા નહેરના સાયફનમાં થતા સીલ્ટીંગની સમસ્યા | ૧૪૦ |
| | રાજકોટ જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો | ૨૯૫ |
| | રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક શ્રમયોગીઓ માટે યોજવામાં આવેલ જાગૃતિ શિબિરો | ૩૨૧ |
| | રાજકોટ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં શાળાઓમાં શૌચાલયો બનાવવા બાબત | ૪૩૨ |
| | રાજકોટ જિલ્લામાં પોલીસ રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત અને જાળવણી | ૬૮ |
| | રાજકોટ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૬૫ |
| | રાજકોટ જિલ્લામાં વોટર શેડ પ્રોજેકટને મંજૂરી | ૪૬૫ |
| | રાજકોટ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ બિન રહેણાંકના મકાનોની કામગીરી | ૧૧૩ |
| કાનજીભાઇ રા. તળપદા | | |
| | કચ્છમાં આવેલ આકીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૨૫ |
| | રાજ્યનું કુલ દેવું | ૨૮૬ |
| | રાજ્યમાં ખનીજ ચોરી અટકાવવા ટાસ્ક ફોર્સની રચના | ૮૬ |
| | સને ૨૦૦૯ તથા ૨૦૧૧ના વાયબ્રન્ટ ગુજરાત દરમ્યાન પાવર પ્રોજેકટ પર થયેલા એમ.ઓ.યુ. | ૩૩ |
| કાળુભાઇ ચ. રાઠોડ | | |
| | જુનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૪ |
| કાળુભાઇ ચ. રાઠોડ | જૂનાગઢ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં ખેડૂતોને રાહત | ૧૪૩ |
| | જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૦૫ |
| | જૂનાગઢ જિલ્લામાં વોટર શેડ યોજનામાં કામ | ૪૭૧ |
| | જુનાગઢ જિલ્લામાં સમરસ ગ્રામપંચાયતો | ૩૮૬ |
| | જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત | ૪૩૮ |
| | જુનાગઢ જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો | ૭૬ |
| | જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો | ૧૨૦ |
| | દલિત સમાજની મહિલાઓને વિશિષ્ટ યોગદાન માટે એવોર્ડ | ૩૩૨ |
| કાળુભાઇ વિ. વિરાણી | અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ લેવા | ૪૨૨ |
| | અમરેલી જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૩૦૯ |
| | અમરેલી જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૮૦ |
| | અમરેલી જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો | ૧૦૦ |
| | અમરેલી જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો | ૧૩૨ |
| | સિક્કા વીજ મથકને પૂરો પાડવામાં આવેલ કોલસાનો પૂરવઠો | ૫૦ |
| કિરણકુમાર લ. મકવાણા | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૭૧ |
| | ગુજરાત રાજ્યમાં લિગ્નાઇટની ખાણો | ૧૧૫ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં આવેલ આશ્રમશાળાઓ | ૩૩૭ |
| | ભરૂચ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કેડરવાર ખાલી જગ્યાઓ | ૪૩૩ |

| | વિષયસૂચિ<br>વિષય | ત્રીજી શ્રેણી<br>પાના નંબર |
|---|---|---|
| | ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર માઈનીંગ માટે વસૂલ કરાયેલો દંડ | ૧૪૦ |
| | ભરૂચ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો | ૩૧૨ |
| | ભરૂચ જિલ્લામાં લોન માટે મળેલ અરજીઓ | ૭૧ |
| | ભરૂચ જી.આઇ.ડી.સી. માં ઓછા વેતનદર ચૂકવી કરાતું શોષણ | ૨૮૪ |
| કિરીટભાઇ ગં. પટેલ | અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૬૨ |
| | નવી ઔદ્યોગિક નીતિ અન્વયે સુરત જિલ્લાના એકમોને વ્યાજ સહાય | ૧૪૪ |
| | વીજ ઉત્પાદનના કોલસામાં ભાવ વધારાને કારણે ઉકાઇ વીજ મથક પર આર્થિક બોજો | ૮૦ |
| | સુરત જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૪૫૬ |
| | સુરત જિલ્લામાં પોલીસ દળના આરોગ્ય ચકાસણી | ૧૨૩ |
| | સુરત જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ | ૪૨૧ |
| | સુરત જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૩૧૮ |
| કિશોર વાંકાવાલા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૪૯૭ |
| | તહેવારોમાં ગરીબ કુટુંબોને આપવા માટે પોમોલીન તેલનો બફર સ્ટોક | ૪૩૭ |
| | રાજ્યમાં નવી આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી શરૂ કરવા આયોજન | ૨૮૧ |
| | વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ સમિટ દરમિયાન યોજવામાં આવેલ પ્રદર્શન | ૧૪૪ |
| | સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો | ૪૯૦ |
| | સુરત જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ જાહેર કરવા | ૪૭૦ |
| | સુરત જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વિના મુલ્યે આપવામાં આવતા વિજળીના જોડાણો | ૮૧ |
| | સુરત જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૩૧૦ |
| | સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પૂર્ણ કરાયેલ પોલીસ રહેણાંકના મકાનો | ૧૨૩ |
| ખુમાનસિંહ રા. ચૌહાણ | કેન્દ્ર સરકારની યોજનાઓ અંગે કેન્દ્ર સરકારે ફાળવેલ નાણા | ૨૮૭ |
| | વડોદરા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી | ૪૧૯ |
| ગ્યાસુદીન હ. શેખ | અમદાવાદ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળના લાભાથીઓ | ૨૪૬ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં નશાબંધી ભંગના કેસો | ૭૪ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોને બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા બાબત | ૪૭૬ |
| | અમદાવાદ શહેરમાં કેરોસીન, અનાજ અને રાંધણગેસના બાટલાના કાળાબજાર | ૪૦૮ |
| | અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો ઉપરથી ખાદ્યતેલ, આટો અને ચોખા ન મળવા બાબતની ફરિયાદો | ૪૪૭ |
| | રાજ્યમાં વીજ ઉપલબ્ધ | ૧૧૮ |
| | રાજ્યમાં સોલાર પાવર એકમો | ૧૪૨ |
| ગુલસીંગભાઇ રં. રાઠવા | ઉકાઇ વીજ મથકને પૂરો પાડવામાં આવેલ કોલસાનો પૂરવઠો | ૧૧૪ |
| | નર્મદા જિલ્લામાં કાર્યરત સરકારી આઇ.ટી.આઇ. | ૨૭૮ |
| | વડોદરા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૩૦૮ |
| | વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ | ૪૩૩ |
| | વડોદરા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત | ૪૮૭ |
| | વડોદરા જિલ્લામાં સ્વર્ણિમ ગામ જાહેર કરવા બાબત | ૪૬૬ |
| | વીજ ઉત્પાદનના ગેસમાં ભાવ વધારાને કારણે ઉતરાણ વીજ મથક પર પડેલ આર્થિક બોજો | ૬૯ |
| ગોવિંદભાઇ ઉ. પટેલ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૬૧ |
| | યોગ પ્રચાર અને પ્રચાર માટે અમલમાં મૂકાયેલ યોજના | ૩૩૮ |
| | રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવક | ૩૧૪ |
| | રાજકોટ જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ | ૪૪૫ |
| | રાજકોટ જિલ્લામાં સ્વર્ણિમ ગામ જાહેર કરવા બાબત | ૪૦૭ |

| પુસ્તક. ૧૬૬) | વિષયસૂચિ<br>વિષય | ત્રીજી શ્રેણી<br>પાના નંબર |
|---|---|---|
| | રાજકોટ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો | ૧૨૯ |
| | રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પૂર્ણ કરાયેલ પોલીસ રહેણાંકના મકાનો | ૯૬ |
| | રાજ્યમાં નવી આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ કચેરી શરૂ કરવા બાબત | ૨૮૫ |
| | સિક્કા વીજ મથકને પૂરો પાડવામાં આવેલ કોલસાનો પૂરવઠો | ૪૫ |
| ગોવિંદભાઇ મા. પ્રજાપતિ | ગેસ આધારિત વીજ મથકો માટે ગેસની ફાળવણી | ૩૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૪૧૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવા માટેની અરજીઓ | ૪૫૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૬૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૯૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત | ૪૮૦ |
| | રાજ્યના ગેસ આધારિત વીજ મથકોને કેન્દ્ર સરકાર દ્વારા પૂરો પાડવામાં આવેલ ગેસનો જથ્થો | ૮૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજ કરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૧૨૬ |
| ચંદુભાઇ મો. ડાભી | નોન ક્રિમીલેયરની આવક મર્યાદામાં સુધારો | ૨૯૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૪૯૯ |
| | લુપ્ત થતા પક્ષીઓની ગણતરી અને રક્ષણ | ૪૪૦ |
| | વડોદરા અને ભરૂચ જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનોમાં સ્ટોકની તપાસણી | ૪૦૦ |
| | વડોદરા જિલ્લામાં ગેરકાયદેસર રીતે વહન કરતા વાહન માલિકો સામે લીધેલ પગલાં | ૨૬૨ |
| | વડોદરા શહેર અને જિલ્લામાં કેદીઓના પેરોલ/જામીન | ૪૨ |
| | વડોદરા, અમદાવાદ અને સુરતમાં સરકારી પ્રેસોમાં ખાલી પડેલ જગ્યાઓ | ૯૩ |
| ચંદ્રિકાબેન છ. બારીયા | દાહોદ જિલ્લામાં ૦ થી ૧૬ ક્રમાંકના લોકોને ઈન્દિરા આવાસની ફાળવણી | ૪૬૬ |
| | દાહોદ જિલ્લામાં આવેલ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો | ૪૩૩ |
| | દાહોદ જિલ્લામાં કાર્યરત સરકારી આઈ.ટી.આઈ. | ૩૩૯ |
| | દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ કાપવા બદલ ધરપકડ | ૪૮૭ |
| | દાહોદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનુ આયોજન | ૩૧૫ |
| | દાહોદ શહેર અને જિલ્લામાં ગેરકાયદે પશુઓની હેરાફેરી | ૩૨ |
| | દાહોદ શહેર અને જિલ્લામાં મુક્ત કરાયેલ બાળ મજૂરો | ૨૮૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૩૨ |
| છનાભાઇ કો. ચૌધરી | પ્યુજોટ કંપનીને ઉદ્યોગ સ્થાપવા જમીન આપવા બાબત | ૪૬ |
| | મોન્સાટો કંપની દ્વારા અપાતા મકાઇના બિયારણ ઉપર પ્રતિબંધ મૂકવા બાબત | ૩૯૫ |
| | વલસાડ જિલ્લામાં બંધ પડેલ ઉદ્યોગો | ૯૭ |
| | વલસાડ, નવસારી અને પંચમહાલ જિલ્લામાં કાર્યરત કૌશલ્ય વર્ધન કેન્દ્રો | ૨૭૫ |
| જેઠાભાઇ ઘે. ભરવાડ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૫ |
| | પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પૂર્ણ કરાવેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો | ૧૩૩ |
| | પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધા | ૪૧૬ |
| | પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૮૭ |
| | પંચમહાલ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૩૧૪ |
| | પંચમહાલ જિલ્લામાં પોલીસ રહેણાંક/બિનરહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી | ૧૦૦ |
| | પંચમહાલ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર | ૫૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં શાકભાજી માટે સ્ટોરેજ | ૪૫૨ |
| જયંતભાઇ ર. પટેલ | આણંદ અને ખેડા જિલ્લામાં વૃક્ષ છેદન | ૪૦૧ |
| | આણંદ જિલ્લામાં ગેરકાયદેસર ખોદકામ અને માટીવહન | ૫૩ |
| જયંતિલાલ પ. ભાનુશાળી | કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના | ૪૫૨ |
| | કચ્છ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો બદલવા માટે મળેલ અરજીઓ | ૧૨૬ |
| | કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલો તથા સબ કેનાલોના કામો | ૩૭ |
| | કચ્છ જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે મળેલ અરજીઓ | ૮૮ |
| | કચ્છ જિલ્લામાં સરદાર આવાસોને મંજૂરી | ૪૧૬ |
| | રાજ્યમાં વન-ઔષધિઓના વિકાસ માટે ફાળવેલ રકમ | ૧૬૨ |
| જયનારાયણ ન. વ્યાસ | નોટિસ દાખલ થવા અંગે | ૩૪૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૧૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૧૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૧૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૩૭ |
| જયેશભાઇ વિ. રાદડીયા | | |
| | કચ્છમાં આવેલ આક્રીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૨૭ |
| | જુવેનાઇલ જસ્ટીસ એક્ટનું પાલન | ૨૮૪ |
| | પોરબંદર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ | ૩૯ |
| | ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ | ૯૦ |
| | રાજ્યનું કુલ દેવું | ૩૩૭ |
| | રાજ્યમાં ડીઝલ ઉપર કરનો દર | ૩૧૩ |
| જવાહરભાઇ પે. ચાવડા | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૫૭ |
| | કચ્છમાં આવેલ આક્રીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૩૫ |
| | જૂનાગઢ અને જામનગર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૫૫ |
| | પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૧૦૩ |
| | રાજ્યનું કુલ દેવું | ૩૧૩ |
| | રાજયમાં ડીઝલ ઉપર કરનો દર | ૨૮૪ |
| જશુબેન સ. કોરાટ | આણંદ જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ડ્રાય હોસ્ટેલ | ૪૪૪ |
| જીતુભાઇ હ. ચૌધરી | ડાંગ જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૭૩ |
| | તાપી જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૧૪૧ |
| | વલસાડ જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૧૧૭ |
| જોધાજી ગુ. ઠાકોર | | |
| | કચ્છમાં આવેલ આક્રીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૨૬ |
| | જુવેનાઇલ જસ્ટીસ એક્ટનું પાલન | ૨૭૬ |
| | પાટણ જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ | ૮૭ |
| | મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ | ૩૫ |
| | રાજ્યનું કુલ દેવું | ૩૩૩ |
| | રાજ્યમાં ડીઝલ ઉપર કરનો દર | ૩૦૭ |
| દેવજીભાઇ ગો. ફતેપરા | | |
| | કચ્છમાં આવેલ આક્રીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૭૬ |
| દેવુસિંહ જે. ચૌહાણ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૫૬ |
| | ખેડા જિલ્લાની મહેમદાવાદ બ્રાન્ચમાંથી નીકળતી કેનાલોની કામગીરી | ૧૩૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંકવાળા બી.પી.એલ. લાભાર્થીઓને મફત પ્લોટ | ૪૧૪ |
| | ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૬૫ |
| | ખેડા જિલ્લામાં પોલીસ કોમ્યુનિટી હોલ | ૧૧૦ |
| | ખેડા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૯૫ |
| | ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૨૬૫ |
| | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કચેરીઓમાં વર્ગ-૧ ની મંજૂર થયેલ જગ્યાઓ | ૩૨૧ |
| દુષ્યંતભાઇ ર. પટેલ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૭૦ |
| | નર્મદા જિલ્લામાં તલાટી-સહ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૪૦૬ |
| | ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૦ |
| | ભરૂચ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૩૦૧ |
| | ભરૂચ જિલ્લામાં પંચવટી યોજના | ૪૪૫ |
| | ભરૂચ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ગરીબી રેખા હેઠળના કુટુંબોને મફત વિજ જોડાણો | ૧૪૩ |
| | ભરુચ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં શાકભાજી માટે સ્ટોરેજ | ૪૭૫ |
| | ભરૂચ જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે બેરોજગારોની અરજીઓ | ૭૬ |
| | ભરૂચ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોનું બાંધકામ | ૧૨૦ |
| | રાજય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા કલાકારોને અપાતી સુવિધા | ૩૨૯ |
| દિતાભાઇ ભી. મછાર | રાજ્યમાં ડીઝલ ઉપર કરનો દર | ૨૭૧ |
| | કચ્છમાં આવેલ આક્રીમોટા પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા | ૬૩ |
| દિલીપભાઇ ન. સંઘાણી | પ્રવચન કરી રહેલા સભ્યશ્રીને રક્ષણ આપવા બાબત | ૧૦ |
| | નોટિસ દાખલ થવા અંગે | ૩૪૦ |
| | બિન સરકારી વિધેયક | ૫૧૧ |
| દિલીપસિંહજી વ. પરમાર | શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક | ૨૫૮ |
| | સાબરકાંઠા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનની મંજૂર જગ્યાઓ | ૪૮૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૨૮૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો | ૪૧૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૧૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં પોલીસ દળના આરોગ્ય ચકાસણી | ૪૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૫૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતામાં રહેણાંકના મકાનોની કામગીરી | ૯૮ |
| ધનજીભાઇ ગો. સેંધાણી | કચ્છ જિલ્લામાં ચાલતી સરકારી નિવાસી શાળાઓ | ૩૦૯ |
| | કચ્છ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૧૧૦ |
| | કચ્છ જિલ્લામાં તલાટી-સહ મંત્રીની ખાલી જગ્યાઓ | ૪૧૭ |
| | કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલો તથા સબ કેનાલોના કામો | ૧૩૮ |
| | કચ્છ જિલ્લામાં વેટની આવક | ૩૩૫ |
| | કચ્છ જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવાની અરજીઓ | ૪૮૦ |
| | કચ્છ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓએ સાયકલો મેળવવા કરેલ અરજીઓ | ૨૮૦ |
| | વીજ ઉત્પાદનના કોલસામાં ભાવ વધારાને કારણે રાજ્ય પર આર્થિક બોજો | ૬૪ |
| | સમરસ ગ્રામ પંચાયતોની અનુદાનની રકમમાં વધારો કરવા બાબત | ૪૫૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ધીરૂભાઇ ચુ. ભીલ | કેન્દ્ર પુરસ્કૃત યોજના અન્વયે પ્રાયોજના વિસ્તારમાં વ્યવસાય લક્ષી તાલીમ કેન્દ્રોના કર્મચારીઓના વેતનમાં વધારો | ૪૭૩ |
| | જામનગર જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ | ૧૩૬ |
| | ડાંગ જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૧૦૬ |
| | નર્મદા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ | ૫૯ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં ખેડૂતોના ઊભા પાકને ભૂંડ દ્વારા નુકશાન | ૪૦૩ |
| | વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યાઓ | ૪૪૨ |
| ધીરસિંહ ક. બારડ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૬૨ |
| | કૃષિ મહોત્સવ-૨૦૧૧નો ખર્ચ | ૧૪૬ |
| | કોડીનાર તાલુકામાં સહકારી દેવા માફ કરવા બાબત | ૧૪૫ |
| | ખાંભા તાલુકામાં આયોજન મંડળ હસ્તકની વિવેકાધીન ગ્રાન્ટની ફાળવણી | ૧૪૫ |
| | જુનાગઠ જિલ્લામાં સ્વજલધારા કાર્યક્રમ નીચે મંજૂર કામ | ૧૮૮ |
| | જુનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ | ૩૩૧ |
